પિશાચ-મંદિર.

ભાગ ૨ જો.

[રેનૉલ્ડ્ઝના "ધી બ્રૉંઝ સ્ટેચ્યુ"ને આધારે લખેલી
મનોરંજક નવલકથા]

પ્રયોજક
ચુનીલાલ વર્ધમાન શાહ
વઢવાણનિવાસી.
સારંગપુર, તળીયાની પોળ—અમદાવાદ.

પ્રકાશક
બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
ત્રણ દરવાજા—અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૦૦૦.

વિ. સં. ૧૯૭૩. ઇ. સ. ૧૯૧૭.

અમદાવાદ-સલાપોસ રોડ,
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

મૂલ્ય રૂ. ૨.

ખૂન કે જાદૂ?

અનુવાદક—મણિલાલ જેઠાલાલ વ્યાસ.

આ ડિટેક્ટીવ નવલકથા એટલી અદ્‌ભુત છે કે વાચક તેના પ્રવાહમાં ખેંચાતાં સમજી શકશે નહિ કે પોતે જે બનાવ વાંચે છે તે ખરેખરો બનાવ હશે કે જાદૂનો કોઈ પ્રયોગ હશે? લગ્નને દિવસે જ એક કુમારિકા બાળા ગુમ થાય છે અને તેની પથારી લોહીલોહાણ થયેલી જોવામાં આવે છે. એ બનાવ ઘણો ભેદભર્યો હોઇને સંજીવચંદ્ર નામનો ડિટેક્ટીવ તેની પાછળ પડીને જીવને જોખમે જે તપાસ ચલાવે છે અને ગુન્હો કરનારાઓને શોધી કાઢે છે, તે વાંચતાં તમારાં રૂંવાડાં ઉભાં થયા વિના રહેશે નહિ! લગભગ ૨૦૦ પૃષ્ઠ. ફોટોગ્રાફિક ચિત્રો સાથે પાકું પૂંઠું. મૂલ્ય રૂ. ૧.

રાક્ષસોની રતિક્રીડા અથવા પીશાચોની પાપલીલા.

સતી સ્ત્રીઓ પોતાના અમૂલ્ય શિયળધનનું અનેક સંકટો આવી પડવા છતાં કેવી રીતે સંરક્ષણ કરે છે, ચાલાક ખેલાડીઓ અને બહાદુર બહારવટીઆઓ પણ કેવા ધર્મચુસ્ત હોઇ શકે છે, માયાવિની માનિનીના ભેદ કેવા ભયંકર હોય છે, તથા તિલસ્માતીથી કેવા અવનવા ચમત્કારો બની શકે છે એ વગેરે વિષયો વાંચતા રસના સાગરમાં જાણે કે સ્નાન કરતા હોઈએ એવોજ ભાસ થાય તેમ છે. પૃષ્ઠ સંખ્યા ૩૨૫ ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, લાયબ્રેરીને શોભાવે એવું મનહર પૂંઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ પોષ્ટેજ માફ.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
બુકસેલર એન્ડ પબ્લીશર.
ત્રણ દરવાજા-અમદાવાદ.

ચુનીલાલ વર્ધમાન શાહનાં પુસ્તકો.

ગુજરાતની ગર્જના	(ઐતિહાસિક નવલકથા)...	રૂ. ૧॥
વસઇનો ઘેરો	,, ...	રૂ. ૧॥
પાટણની પડતીનો પ્રારંભ	,, ...	રૂ. ૧॥
સોમનાથનું શિવલિંગ	,, ...	રૂ. ૧॥
સિંધ ઉપર સ્વારી	,, ...	રૂ. ૧॥
ધારાનગરીનો મુંજ*	,, ...	રૂ. ૧॥
અઢારમી સદીનું મહારાષ્ટ્ર	,, ...	રૂ. ૧॥
કાશ્મીર અને કેસરી	,, ...	રૂ. ૧
પ્રમોદા યાને દિલેર દિલારામ*	,, ...	રૂ. ૦॥।
વિમળા	(સામાજિક નવલકથા) ...	રૂ. ૧
ભાગ્યચક્રનો મહામંત્ર	,, (સચિત્ર)	રૂ. ૧॥
પિશાચ-મંદિર ભાગ ૧-૨	,, (સચિત્ર)	રૂ. ૪
સુધરેલી સંગીતા	,, ...	રૂ. ૧॥
લતા અને લલિતા ભા. ૧-૨-૩-૪	,, (સચિત્ર)	રૂ. ૩
વિદ્યાસાગર ભાગ ૧ તથા ૨	,, ...	રૂ. ૦॥।
બાદશાહ બારેબાદર*	,, ...	રૂ. ૦)=
ચાંપરાજ હાડો અને સોનરાણી* (નાટક).	...	રૂ. ૦॥।
બંગજાગૃતિ (નાટક).	... ...	રૂ. ૦।=
કાન્તા (નાટક)*	... ...	રૂ. ૦)=
કામરૂ દેશની કામિની*	(ડિટેક્ટીવ વાર્તા)...	રૂ. ૧
ભક્તામર-મંત્ર-માહાત્મ્ય	(જૈન સ્તોત્ર) ...	રૂ. ૧
નવ-દંપતીને શિખામણ	(આરોગ્યનો ગ્રંથ)...	રૂ. ૧॥
કર્ત્તવ્ય-કૌમુદી (નીતિબોધક)*	... ...	રૂ. ૦॥
ભૂતળ વિદ્યા (શાળોપયોગી)*	... ...	રૂ. ૦)=
સુબોધક કથાપંચક (નીતિબોધક)...	...	રૂ. ૦।-

*આ પુસ્તકો સીલીકમાં નથી. સગવડે નવી આવૃત્તિઓ છપાશે.

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા-અમદાવાદ.

સંતપ્ત શયતાન અથવા કામાંધનાં કાળાં કામ.

કામાંધ મનુષ્યો આ જગતમાં કેવાં ભીષણુ અને કુટિલ કાર્યો કરી જગતને બાહ્યાડંબરથી ઠગી ધર્મના નામે અધર્મનો આશ્રય સ્વીકારે છે, લક્ષ્મીનો લોભ ઉત્પન્ન થતાં જગતમાં પાપાચારી મનુષ્યો કેવાં કમકમાટી ઉપજાવે એવાં પાપકાર્યો કરે છે, સતીની પતિવ્રતપરાયણુતા, વિશુદ્ધ સ્નેહ આદિ અનેકવિધ બોધક, રસિક અને ચિત્તાકર્ષક ઘટનાઓનું આ નવલકથામાં સુંદર ચિત્ર અંકિત થયેલું છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૪૦૦, ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, લાયબ્રેરીને શોભાવે એવું પાકું રૂપેરી કપડાનું પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૨-૦-૦ પોષ્ટેજ માફ.

રત્ન કંકણુ અથવા દશલાખનો દલ્લો.

પ્રયોજક:-દલપતરામ ભાઈશંકર રાવળ.

સુપ્રસિદ્ધ 'મિલિયન ડૉલર મિસ્ટરી' અથવા દશલાખનો દલ્લો નામક વસ્તુ ઉપરથી આ નવલકથા રચવામાં આવી છે. લક્ષ્મીના લોભથી લુચ્ચાં માણુસો આ જગતમાં નિર્દોષ મનુષ્યો ઉપર પણુ કેવો હૃદયભેદક જુલ્મ ગુજારે છે, ભાગ્યચક્રના અદ્‌ભુત પરિવર્ત્તનના પરિણામે નિર્દોષ માણુસને પણુ કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે, એક અબળા પણુ દ્રવ્યલોભની લાલસાથી પ્રબળા બની કેવાં રોમાંચ ઉપજાવે એવાં કારસ્થાનો કરે છે, શુદ્ધ સ્નેહનું સ્વરૂપ કેવું હોય છે, વર્તમાન પત્રોના સંવાદદાતાઓમાં કિંવા રિપોર્ટરોમાં કેવી કાર્યકુશળતા હોવી જોઈએ, ધર્મીનો જય અને પાપીઓનો પરાજય કેવી રીતે થાય છે આદિ અનેકવિધ રસિક, બોધક, અને ચિત્તાકર્ષક વિષયોનું શાબ્દિક ચિત્ર જોવું હોય, રસના અનંત સાગરમાં સ્નાન કરી આનંદમગ્ન બનવું હોય તથા કપટીઓનાં કારસ્થાનોથી આત્મરક્ષણુ કરતાં શિખવું હોય તો આ નવલકથા અવશ્ય વાંચો. ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, ઉંચા ગ્લેજ કાગળ, પાકું રૂપેરી નામનું પૂઠું. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૫. છતાં કિમ્મત માત્ર રૂ. ૧-૮-૦

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
બુકસેલર અને પબ્લીશર.
ત્રણુ દરવાજા-અમદાવાદ.

પ્રસ્તાવના.

'પિશાચ–મંદિર' નો દ્વિતીય ભાગ વાચકોના કરકમળમાં મૂકતાં બહુ વક્તવ્ય રહેતું નથી. એના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં જે કાંઇ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આ આખી નવલકથાના સમ્બન્ધમાં હોઇને અત્ર તેના આ અનુવાદ સંબંધે જ મારે થોડુંએક કહેવાનું અવશેષ રહે છે.

રેનૉલ્ડ્ઝે પોતાની મૂળ 'ફ્રૅાઝ સ્ટેગ્યુ' નામક નવલકથા મધ્ય યુરોપનાં કેટલાંક સ્થળોમાં પ્રાચીન સમયથી ચાલી આવતી દંતકથાઓને આધારે લખી છે. નવલકથાના નાયકને ઓસ્ટ્રીયાનો રાજકુમાર જણાવેલો છે અને જે વિભાગમાં કારથુઝીયન લોકો પ્રજા ઉપર જુલ્મ કરતા હતા તે વિભાગને બોહિમિયાનો પ્રદેશ જણાવેલો છે. યુરોપમાં હજીસુધી કારથુઝીયનોના જુલ્મની વાતો લોકમુખે સંભળાતી રહી છે. એ નવલકથાનું ભાષાન્તર કરવા કરતાં તેનું જો હિંદુસ્તાનના જીવનને લાગુ પાડીને રૂપાંતર કરવામાં આવે તો તે વાચકોને રૂચિકર થઇ પડે તેવી મિત્રો તથા બીજાઓની સૂચનાને અનુસરીને આ રૂપાંતર કર્યું છે. મરાઠી અને બંગાળી ભાષામાં પણ એ કથાનાં રૂપાંતરો થયાં છે અને તે વાચકોને પસંદ પડયાં છે. "પિશાચ–મંદિર" લખવાની શરૂઆત કર્યા પહેલાં એ રૂપાંતરોનું અવલોકન કરવાથી તે શૈલી કેવળ ભાષાંતર કરતાં મને વધારે પસંદ પડી હતી. મરાઠી ભાષાની નવલકથામાં મુખ્ય નાયકને મહારાષ્ટ્ર દેશનો કલ્પવામાં આવ્યો છે અને કાલિકાના ભકતોનો પ્રદેશ કર્ણાટકનો જણાવેલો છે. બંગાળી નવલકથામાં મુખ્ય નાયક બંગાળાનો અને કાલિકાભકતોનો પ્રદેશ રાજપૂતસ્થાનનો કલ્પવામાં આવ્યો છે. ગુજરાતી ભાષાની નવલકથાને માટે મુખ્ય નાયકને ગુજરાતનો કલ્પીને કાલિકાભકતોનો પ્રદેશ રાજપૂતસ્થાનનો ઠરાવવાનું મને યોગ્ય લાગ્યું છે. શંકરાચાર્યના સમય પછી આર્યાવર્તમાં વામમાર્ગનું જે ભયાનક જોર ચાલ્યું હતું તે જોતાં મધ્ય કાળમાં રાજપૂતસ્થાનને કાલિકાભકતોના ત્રાસથી ઘેરાઈ ગએલો માનવાની કલ્પના અનુચિત નથી અને તેથી 'ફ્રૅાઝ સ્ટેગ્યુ'નું આ રૂપાંતર હિંદુસ્તાનના પ્રદેશને અનુસરતી નવલકથારૂપે કર્યું છે.

કથાનો સમય સોલંકી વંશના અંતનો અને વાઘેલા વંશના પ્રારંભનો લીધો છે. એ વખતે પાટણમાં સોલંકી વંશનો રાજા ભોળો ભીમદેવ રાજ્ય કરતો હતો અને ધોળકામાં વીરધવળ પોતાનું બળ

જમાવી રહ્યો હતો. ભોળા **ભીમદેવની** છેવટની કારકીર્દી કેવળ નિર્માલ્ય બની ગઇ હતી અને તેથી વસ્તુતઃ **વીરધવળ** જ ગુર્જરેશ્વર હોઇને આખા ગુજરાતમાં તેની આણ ફરતી હતી, છતાં **ભીમદેવના** સમયમાં **પાટણના** રાજ્યદરબારમાં **વીરધવળ** 'યુવરાજ' કહેવાતો હતો અને **ભીમદેવના** જીવનકાળમાં જ **વીરધવળનો** અંત થવાથી યુવરાજ **વિસલદેવ** થયો હતો. **વીરધવળનો** મોટો પુત્ર **વીરમદેવ** હતો, પણ તે **વીરમગામ** વસાવીને ત્યાં રાજ્ય કરતો હોવાથી **વિસલદેવને** જ યુવરાજપદ મળ્યું હતું અને કેટલાક વખત પછી તે જ **પાટણની** ગાદી પર પણ આવ્યો હતો. એ પ્રમાણે વાઘેલા વંશની સ્થાપના ગુજરાતમાં થવા પામી હતી. એ ઐતિહાસિક પાત્રોની સાથે કથાનો સંબંધ જોડવા માટે કાળમાનમાં કિંચિત્ શિથિલતા જોવામાં આવશે ખરી, પરન્તુ તે અનિવાર્ય જણાવાથી ચલાવી લેવી પડી છે.

રેનૉલ્ડ્ઝે પોતાની નવલકથાઓ તે સમયના પોતાની માતૃભૂમિના લોકોનું કલ્યાણ કરી નાંખવાના હેતુથી લખી હોય કિંવા ગમે તેવા બીજા કોઇ હેતુથી લખી હોય, પરન્તુ તે સઘળી નવલકથાઓ આર્યાવર્તના લોકોને હાલનાં સમય તથા સ્થિતિમાં લાભદાયક થઇ પડે તેવી માન્યતા ધરાવનારાઓમાંનો હું એક નથી. એક નવલકથાકાર તરીકેના સર્વ ગુણો રેનોલ્ડ્ઝમાં હોવાનું અને તેની લેખનશક્તિમાં અદ્વિતીયતા હોવાનું કબૂલ રાખવા છતાં તેની કેટલીક કથાઓ એવી છે કે જે હિંદની માતૃભાષાઓમાં ફેલાય તો તે જનસમાજની નીતિને નુકસાનકારક થઇ પડે એવી મારી પોતાની માન્યતા છે; છતાં એટલું કહેવું જોઇએ કે તેની એ પ્રકારની નવલકથાઓને માટે રેનોલ્ડ્ઝની બીજી કેટલીક સારી કૃતિઓને વખોડવી–રેનોલ્ડ્ઝના નામની જ વગોવણી કરવી એ દુનિયાના એક મોટા લેખકને અન્યાય આપવા બરાબર છે. સાહિત્યસેવાને માટે લેખકની વ્યક્તિગત પ્રશંસા કરવા કરતાં તેની યોગ્ય કૃતિની પ્રશંસા અને અયોગ્ય કૃતિની નિંદા કરવી એ જ એ લેખકને અને તેની કૃતિનો ઉપભોગ કરનારા વાચક વર્ગને ન્યાય આપેલો ગણાય.

સારંગપુર. **અમદાવાદ.**
તા. ૧–૮–૧૯૧૭.

ચુનીલાલ વર્દ્ધમાન શાહ.

અનુક્રમણિકા.

પિશાચ-મંદિર.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

ધર્મશાળામાં.

સૂર્યદેવ અસ્તાચળ—ગામી થઇ રહ્યા છે. સંધ્યાનાં પગલાં સંભળાવા લાગ્યાં છે. પક્ષીઓ વૃક્ષાવલિઓ તરફ દોડી આવે છે. આ વખતે સરદાર બળવંતસિંહ અને તેની સાથેનું બધું મંડળ એક ધર્મશાળા પાસે આવી પહોચ્યું. આજની મુસાફરી હવે એટલેથી જ અટકાવીને વિશ્રાન્તિ લેવાનો આખા મંડળનો વિચાર હતો.

ધર્મશાળાનો રક્ષક અત્યંત આનંદથી તેમની સમક્ષ જઇને ઉભો રહ્યો, કારણકે બળવંતસિંહ અને લતિકાદેવીના ઉમદા શણગારેલા ઘોડા, તેમની સાથેની બે દાસીઓ, મોટા અરબ્બી ઘોડાઓપર બેઠેલા બે સેવકો અને તે સેવકો કરતાં સ્વલ્પ ઉંચા દરજ્જાનો દેખાતો ઉમેદ અને બખ્તરવાળો વીર નર, એ સઘળો સ્વારીનો ઠાઠ જોતાં જ ધર્મશાળાના રક્ષકે અનુમાન કર્યું હતું કે તેમના તરફથી પોતાને સારી પેઠે લાભ મળ્યા વિના રહેશે નહિ.

જે ધર્મશાળામાં આ સઘળા મંડળે ઉતારો કર્યો તે ધર્મશાળા મોટા રાહદારી માર્ગની બાજુએ આવેલી હતી અને પ્રવાસીઓની આવજા સારી હોવાથી તેમાંની વ્યવસ્થા પણ સારી જોવામાં આવતી હતી. ધર્મશાળાનો રક્ષક ચતુર હોવાથી ઉતારૂઓની બરદાસ સારી રીતે કરતો હતો. નાનાથી મોટા સુધી ગમે તે દરજ્જાનો માણસ એ ધર્મશાળામાં આવે, પણ તેની બરદાસ્ત તેના દરજ્જા પ્રમાણે કરવામાં તે

હમેશાં કાળજીવાળો રહેતો અને તેથી તેને લાભ પણ સારો થતો. એ સઘળું મંડળ ધર્મશાળાની પાસે આવી પહોંચતાં જ તેણે તેમના ઘોડાઓ માટે ચારા–પાણીની વ્યવસ્થા કરી દીધી. એટલામાં તેની સ્ત્રી પણ ત્યાં આવી પહોંચી અને તેણે સ્ત્રીવર્ગને ધર્મશાળાના અંદરના ભાગમાં લઇ જઈને એક ઓરડામાં બેસાડયો. એ પ્રમાણે સ્ત્રીવર્ગ અને પુરૂષવર્ગની ગોઠવણ અલગ અલગ કરવામાં આવવાથી બખ્તરવાળી અલકકુમારી પુરૂષોના ભાગમાં જ રહી. બળવંતસિંહે કેટલાક વખતથી તેની સાથે વાતચિત કરી નહોતી, તેથી તે હવે પોતાનો પોશાક ઉતારતાં ઉતારતાં બોલ્યો: " મારા શૂરવીર મિત્ર ! આ આપણી સંગિની તને કેવી લાગે છે, કહે જોઇએ વારૂ ? "

" મહારાજ ! તે બહુ જ સ્વરૂપવતી છે. " અલકકુમારી બોલી; પરંતુ એ શબ્દો ઉચ્ચાર્યા પહેલાં તેણે જે ઉંડો શ્વાસ છોડયો હતો તે તેનાં મ્હોંપરના બુરખાને લીધે બળવંતસિંહના સાંભળવામાં આવી શકયો નહોતો.

"કોઇ સ્ત્રીને માટે પૂજ્ય ભાવ ઉત્પન્ન થવાને માટે કેવળ તેનું સ્વરૂપ જ બહુ ઉપયોગી લેખાતું નથી." બળવંતસિંહ બોલ્યો: " આ મહીનામાં મેં એકંદર ત્રણ સ્ત્રીઓ જોઈ, અને તેમાંની પ્રત્યેક સ્ત્રી પોતપોતાના સ્વરૂપથી આખા જગતને ચકરડી–ભમરડી રમાડે એટલી મોહક છે. પણ તેમના સ્વભાવમાં વિલક્ષણ અંતર રહેલું છે. પહેલી જમની—"

" તે તો લતિકાદેવીની બહેન જ ! " અલક બોલી: " મેં એક બે વાર તેનું નામ સાંભળેલું છે ખરૂં. "

" હા, તે જ. " બળવંતસિંહ બોલ્યો: " હું તેનું ગમે તેટલું વર્ણન કરૂં, પરન્તુ તેના કૃષ્ણ વર્ણનું સ્વરૂપ તારા ધ્યાનમાં બરાબર રીતે આવી શકશે નહિ; તે ઉપરાંત રૂપમાં, ઘાટમાં અને બીજી બધી રીતે તે બરાબર લતિકાદેવીના જેવી જ છે. એ બે સ્ત્રીઓ ઉપરાંત એક ત્રીજી તરૂણ બાળા પણ મારા જોવામાં આવી છે. તેનું નામ અલકકુમારી છે. સ્હવારે મેં લતિકાદેવીની સાથે વાતચીત કરતી વેળાએ તેનું નામ લીધું હતું, તે કદાચ તને સાંભરતું હશે. "

એ પ્રમાણે સંભાષણનો પ્રવાહ એકાએક પોતા તરફ જ વળેલો જોઇને અલકકુમારી ચકિત થઇ ગઇ. તેના મુખમાંથી ઉત્તર નીકળી શકયો નહિ. તેના મનની સ્થિતિ બળવંતસિંહના ધ્યાનમાં આવે એ શકય નહોતું. તે આગળ બોલ્યો: "તે ત્રણે સ્ત્રીઓ સુંદર છે ખરી,

પરન્તુ તેમના સ્વભાવમાં બહુ જ અંતર રહેલું છે. જમનીનો કૃષ્ણ વર્ણ, ચંચળ તથા તેજસ્વી નેત્રો અને મોહકતાના પાશમાં બદ્ધ ન થાય તેવો પુરૂષ ભાગ્યે જ દુનિયામાં કોઇ હશે. લતિકાદેવી પણ તેના જેટલી જ સુંદર છે!" એમ કહીને તે સ્તબ્ધ રહી ગયો.

એ જોઇને અલકકુમારી બોલી: "કેમ વારૂ અટકી ગયા? આપનું વર્ણન ચાલવા દો."

"હું કાંઇ અટકી ગયો નથી." તે હસતો હસતો બોલ્યો: "મારે હજી તેનું વર્ણન કરવાનું છે. જમની અને લતિકાદેવીએ ઘણા મુલકોમાં પ્રવાસ કર્યો હોવાથી અને ઘણા માણસોના પરિચયમાં આવવાથી તેમનામાં કૃત્રિમ હાવભાવો બહુ જોવામાં આવે છે; પરન્તુ ત્રીજી અલકકુમારી કેવળ અરણ્યમાં જ ઉછરી હોવાથી શકુંતલાની પેઠે તેનું સૌંદર્ય નૈસર્ગિક છે. તે ત્રણેને જો એકત્ર રાખી હોય તો વિચારશીલ પુરુષને તે બન્ને બહેનો કરતાં અલકકુમારી જ વધારે પસંદ પડે. હું કેવળ ખુલ્લા મનથી કહું છું કે જો મેં જમનીને જોઇ ન હોત, તો મારૂં મન એ અલકકુમારી ઉપર જ બેસી ગયું હોત, અને તે ખેડૂતની પુત્રી તથા અરણ્યમાં ઉછરેલી કન્યા છે એ બાબતની જરા પણ પરવાહ નહિ કરતાં દુષ્યન્તની પેઠે મેં તેનું પાણિગ્રહણ પણ કર્યું હોત. પણ મિત્રવર્ય! તને એટલામાં આ શું થઇ ગયું? તારૂં શરીર આમ શાથી કંપી રહ્યું છે વારૂ?"

એમ કહીને બળવંતસિંહ એકદમ આગળ વધ્યો અને તેણે તેને પોતાના હાથમાં ઝાલી લીધી. જો તેણે એ વખતે ચપળતા ન વાપરી હોત તો અલકકુમારીને એકદમ ચકરી આવત અને તે ભોંયે પડી જાત! બળવંતસિંહના શબ્દોથી અને સ્પર્શથી તે સત્વર ભાનમાં આવી અને બોલી: "મને જરા ચકરી આવવા જેવું થઇ ગયું; પણ હવે કાંઇ નથી. હું બરાબર ભાનમાં છું."

"મારી તરફથી જો કાંઇ અવિનય થયો હોય, તો મને ક્ષમા કરજે." આશ્ચર્યચકિત થઇને બળવંતસિંહ બોલ્યો.

"એટલે આપ શું કહેવા માંગો છો?" અલકકુમારીએ અધીરતાથી પૂછ્યું, કારણકે તેને એવું લાગ્યું કે કદાચ બળવંતસિંહ પોતાને ઓળખી ગયો હશે.

બળવંતસિંહ બોલ્યો: "હું તારી ક્ષમા માંગું છું. મારા શબ્દોથી તારા હૃદયને ધક્કો લાગ્યો એ ઉપરથી હું તારા મનની ગુપ્ત વાત જાણી ગયો છું."

"મારા મનની ગુપ્ત વાત વળી કઈ ?" પાસેના થાંભલાને સારી રીતે અઢેલીને અલકકુમારી પુનઃ બોલીઃ "મારા મનની ગુપ્ત વાત વળી શું ?"

બળવંતસિંહ બોલ્યોઃ "હા, તારા મનની જ ગુપ્ત વાત હું જાણી ગયો છું. તારા મનની આ વિકળતા, આ તારી અધીરાઇ, તારા શબ્દો અને બીજી અનેક વાતો ઉપરથી તે વાત મારા જાણવામાં આવી ગઇ છે."

"પણ તે વાત કઈ એટલું તો કહો!" અલકકુમારીએ અધીરાઇથી પૂછ્યું.

"અલકકુમારીને તું ઓળખે છે અને તું તેના ઉપર પ્રેમ ધરાવે છે!" બળવંતસિંહ બોલ્યો.

"હા, હું તેને મારા પ્રાણથી પણ અધિક માનું છું." પોતાની ખરી ગુપ્ત વાત બળવંતસિંહના સમજવામાં આવી નથી, એમ જાણવાથી અલકકુમારીના મનનું સારી પેઠે સમાધાન થયું.:

"વારૂ, ત્યારે ! તારી ઇચ્છા પૂર્ણ થાઓ !" બળવંતસિંહ બોલ્યોઃ "અલકકુમારીમાં એવા ઉત્તમ ગુણો છે કે તેનો હાથ મેળવવા માટે મોટા મોટા રાજાઓ પણ તેને પગે પડયા વિના રહે નહિ ! અહો, તેની લાયકીની હું શી વાત કહું ?"

"તેના સંબંધે આપનો આવો અભિપ્રાય જાણીને મને બહુ જ આનંદ થાય છે." અલકકુમારી ગદ્ગદ્ કંઠે બોલી.

એટલામાં એક ચાકરે આવીને ભોજન તૈયાર થયું હોવાની ખબર આપી, એટલે અલકકુમારી બળવંતસિંહની પાસે આવીને બોલીઃ "જમતી વેળાએ હું જૂદો પડી જવાથી આપને ખરાબ લાગશે કારણકે હું મારો બુરખો ઉતારવા ઇચ્છતો નથી; તેટલામાટે મારી એટલી વિનંતિ છે કે મારૂં ભાણું અહીં જ મોકલજો, એટલે હું કોણ છું તે કોઈના જાણવામાં આવશે નહિ અને હું એકાંતમાં જમી લઇશ."

"બહુ સારૂં." બળવંતસિંહ બોલ્યોઃ "આ બાજુની ઓરડીમાં તારૂં ભાણું લાવવાનું હું ચાકરને કહું છું."

પછી અલકકુમારી તે ઓરડીમાં ગઇ અને ત્યાં જ તેણે જમી લીધું. તેનો ચહેરો કોઇ જોવા પામ્યું નહિ.

લતિકાદેવી પણ પોતાના ભોજનકાર્યથી પરવારીને બળવંતસિંહને મળવાને ધર્મશાળાની ઓસરીપર આવતી હતી, એટલામાં માર્ગમાં તેને ઉમેદ મળ્યો. તે પણ લતિકાને જોઇને તેની પાસે ઉભો

રહ્યો. તેને લતિકાએ કહ્યું: "આ તક આપણુને ઠીક મળી ગઇ. મારે પણુ તારી સાથે કેટલીક વાતચીત કરવાની છે. જરા મારા ઓરડા તરફ ચાલ."

"રમણી!" ઉમેદ બોલ્યો: "ત્યારે ચાલ આગળ."

"ધીમે ધીમે બોલ." લતિકા આમ તેમ નજર ફેરવતી બોલી: "મને એ નામથી અહીં કોઇ પણુ ઓળખતું નથી. માટે તું મને આમ મોટે સ્વરે બોલાવતો નહિ."

એટલી વારમાં તે બન્ને જણાં ધર્મશાળાના પાછળના ઓરડાના દ્વાર પાસે આવી પહોંચ્યાં. પોતાના મનનો આનંદ સ્પષ્ટ ન દર્શાવતાં ઉમેદ બોલ્યો: "મને શા કામ માટે તેં બોલાવ્યો છે વારૂ?"

"રહે, આપણે એકસંપીથી એક બીજાની સાથે મૈત્રી કરી વાળીએ." લતિકા બોલી.

"પણુ રમણી! મારી મૈત્રી તને શા કામની?" તેની તરફ આશાયુક્ત નજરથી જોતાં ઉમેદ બોલ્યો.

"જે નામ મને ગમતું નથી, તે જ નામથી તું મને કેમ બોલાવે છે?" લતિકાદેવી ઓશિયાળું મ્હોં કરીને બોલી: "તું મારો મિત્ર બનીશ કે શત્રુ બનીશ?"

"હું તારો મિત્ર બનું કિંવા શત્રુ બનું, પણુ તેથી તને શો લાભ થવાનો હતો? જ્યારે તું ત્યાં હતી–" ઉમેદ બોલ્યો.

"બસ, તારૂં સઘળું કહેવું મારા ધ્યાનમાં આવી ગયું. તે સ્થળનું નામ અહીં લેવામાં કાંઇ ફાયદો નથી. તને ખબર નથી કે દિવાલને પણુ કાન હોય છે?" લતિકા આમ તેમ નજર ફેરવતી બોલી.

"વારૂ, ત્યારે તે સ્થળનું નામ હું હવે નહિ લઉં." ઉમેદ બોલ્યો: "પણુ જ્યારે તું ત્યાં હતી, ત્યારે હું એક ગરીબ ચાકર હતો, અને તું એક અપ્સરાની પેઠે ત્યાં રહેતી હતી. તે વખતથી જ મારો પ્રેમ તારા ઉપર જડાયો છે. ખરેખર, હું તારાપર આશક થયો છું."

"પણુ અત્યારે તો તું મને વિસરી ગયો હોઇશ." લતિકાદેવી ઉમેદ માટેનો પોતાના અંતરનો દ્વેષ ખુલ્લો નહિ કરતાં બોલી.

"નહિ, નહિ, હું તને વિસરી ગયો નથી; એટલું જ નહિ પણુ હું જ્યાંસુધી જીવીશ, ત્યાંસુધી તને વિસરીશ નહિ! પણુ અત્યારે મારા મનમાં પ્રેમને બદલે બીજો જ એક વિકાર જાગૃત થયો છે." ઉમેદ બોલ્યો.

"એ વિકાર વળી કયો છે?" લતિકાદેવીએ પૂછ્યું.

"વૈર લેવાનો." ઉમેદ જોરથી બોલ્યો.

"પણ વૈર લેવું, એ તો ઘણું ખરાબ કામ છે." લતિકા બોલી.

"એ કામ ખરાબ હોય કે સારૂં હોય, મને તું ખરાબ કહે કે સારો કહે, પાષાણુ હૃદયનો કહે કે ગમે તેવો કહે, પણ એટલું તું નક્કી માનજે કે હું તારા જેટલો નિષ્ઠુર હૃદયનો નથી. હું તારાપર મોહિત થયો હતો અને તેથી હું તારે પગે પડ્યો, મારા મનની સઘળી વાત મેં તને કહી, પણ તે વખતે તું મારા તરફ જોઇને હસી અને મારો ભારે તિરસ્કાર કર્યો, એટલું જ નહિ પણ મને લાત મારીને ચાલતી થઇ!"

ભયથી ગભરાઇ જઇને લતિકાદેવી બોલીઃ "મને ક્ષમા કર, ઉમેદ! મને ક્ષમા કર!"

તેની તરફ તિરસ્કારપૂર્વક જોઇને ઉમેદ બોલ્યોઃ "ક્ષમા? હવે હું બિલકુલ ક્ષમા કરનાર નથી!"

થોડો વિચાર કરીને લતિકા બોલીઃ "પણ તું એ વૈર કેવી રીતે વાળીશ? મને શિક્ષા કરીશ?"

જરા શાન્ત થઇને ઉમેદ બોલ્યોઃ "હું ક્યારનોએ જાણી ગયો છું કે તું બળવંતસિંહ ઉપર પ્રેમ ધરાવે છે."

લતિકા બોલીઃ "ઉમેદ! તું ભૂલે છે! તારી સમજ ભૂલભરેલી છે."

"છટ્ છટ્! મારી પાસે કાંઇ એ બનાવટ ચાલવાની નથી! આજ સ્હવારે તું બળવંતસિંહ તરફ પ્રેમથી જોતી હતી, છાની છાની વાત કરતી હતી, તે સઘળું મેં બરાબર જોયું છે અને સાંભળ્યું છે."

"વારૂ, વારૂ, તું કહે છે એ ખરી વાત છે. બળવંતસિંહ ઉપર મારો પ્રેમ છે. પણ આગળ તું શું કહેવા માંગે છે?" લતિકાએ કેવળ ગરીબ બની જઇને પૂછ્યું.

"એ સરદાર મારી સાથે બહુ જ સારી રીતે વર્તે છે. જે સ્થળથી હું કંટાળી ગયો હતો, જે સ્થળને હું ધિક્કારતો હતો, તે સ્થળેથી હું તેની જ કૃપાથી મુક્ત થઇ શક્યો છું." ઉમેદે ઉત્તર આપ્યો.

"હા, હું સમજી." લતિકા બોલીઃ "કાલના પ્રસંગમાં તેં સરદાર સાહેબને સારી રીતે મદદ કરી હતી. પણ ઉમેદ! તેં લીધેલા સોગંદ ધ્યાનમાં રાખજે. એ સોગંદને લીધે તું 'પુણ્ય–મંદિર' માંની એક પણ વાત ખુલ્લી પાડી શકે નહિ."

"હું સોગંદ ભાંગવાનો નથી." ઉમેદ બોલ્યો: "સોગંદ ભાંગ્યા વિના કહી શકાય તેવી સઘળી વાત કહીને સરદાર બળવંતસિંહને–"

કેવળ દીન બની જઇને અને બન્ને હાથ જોડીને લતિકા બોલી: "ઉમેદ! ઉમેદ! પ્રભુની ખાતર તું એવું કરતો નહિ! તું એમ કરીશ તો મારૂં ગળું કપાઇ ગયા જેવું બનશે. જેના ઉપર હું પ્રેમ ધરાવું છું, તેની નજરમાં હું હલકી પડી જઉં, એવું તું કરીશ નહિ. તને શું મારી દયા નથી આવતી? તું શું તારો વિચાર બદલાવીશ નહિ?"

તે સુંદરી તરફ જોઇને ઉમેદ બોલ્યો: "ફક્ત એક શરતે હું તારૂં કહેવું સાંભળીશ."

ઉમેદ કઇ શરત કરવા માંગે છે તે લતિકા તેના મ્હોંપરથી જાણી ગઇ હતી; પણ તેવું નહિ દર્શાવતાં તેણે પૂછ્યું: "તું કઇ શરત કરવા માંગે છે?"

ઉમેદ ધીમેથી બોલ્યો: "એ શરત તારા જેવી ચાણાક્ષ સુંદરીએ તો કહ્યા વિના જ સમજી જવી જોઇએ."

જાણે કે હવે જ ઉમેદનું મન તે જાણી શકી હોયની, એવું મ્હોં કરીને લતિકા બોલી: "હાં, હાં, હવે મારા સમજવામાં આવ્યું."

ઉમેદ આનંદથી બોલ્યો: "ત્યારે હવે તે શરત તારે કબુલ છે ને?"

લતિકા નીચું માથું ઘાલીને ધીમેથી બોલી: "જ્યારે બીજો કાંઈ ઇલાજ નથી, ત્યારે નાકબૂલ કેમ કરી શકાય?"

પોતાનો પ્રેમ ખુલ્લો કરતાં ઉમેદ આનંદથી બોલ્યો: "અત્યારસુધી હું તારો તિરસ્કાર કરતો હતો, પણ હવેથી હું તારાપર પૂર્ણ પ્રેમ રાખીશ. અત્યારથી આ બંદો તારો ગુલામ છે એમ સમજી લેજે. આજ રાત્રે સર્વત્ર શાંતિ વ્યાપી જાય, અને સૌ ઉંઘી જાય, એટલે–"

"પણ રાત્રે તું કયે સ્થળે સૂઇ રહેવાનો છે?" લતિકાએ પૂછ્યું.

"પેલા તારા ઓરડાની સામેના જ ઓરડામાં." ઉમેદ આનંદથી મુગ્ધ થઈ જતો બોલ્યો: "પણ આવે ત્યારે આમ ગુસ્સે થઇને આવતી નહિ. તારી આ ખુનસભરેલી આંખો જોઇને મને બહુ જ ભય લાગે છે!"

તે વખતે લતિકાદેવીની આંખો ખરેખર ખુનસભરેલી જ દેખાતી હતી, પણ ઉમેદે કરેલી ટીકા ઉપરથી તે ભાનમાં આવી અને શાન્ત દેખાવા લાગી. જોકે ઉમેદે તેની આંખોમાંની ખુનસ જોઇ હતી, તોપણ હવે તે તેના કટાક્ષથી કેવળ મુગ્ધ બની ગયો. તેની તરફ પ્રેમપૂર્વક જોઇને લતિકા બોલી: "ઉમેદ! તું બ્હીશ નહિ. મારા મનમાં

પણ તારે માટે પ્રેમના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા છે.”

એ વખતે બળવંતસિંહ ભોજનકાર્યથી પરવારીને ધર્મશાળાના રખેવાળ સાથે ઇશ્વરતીશ્વરની વાતો કરતો બેઠો હતો. એ જોઇને લતિકા આગળ નહિ આવતાં એમ ને એમ પાછી વળી ગઇ. ધર્મશાળામાં ઘણી ઓરડીઓ આવેલી હતી. ઘણે ભાગે એ ઓરડીઓ ખાલી જ હોવાથી બળવંતસિંહ સાથેના માણસોએ પોતપોતાની મરજી પ્રમાણે ઓરડીઓ પસંદ કરી લીધી હતી. એક પ્રહર રાત્રિ વીતી ગયા બાદ સૌ કોઇ પોતપોતાની ઓરડીમાં સૂવાને ચાલ્યાં ગયાં. આખા દિવસનો પ્રવાસનો શ્રમ હોવા છતાં બળવંતસિંહને રાત્રે બિલકુલ નિદ્રા આવી નહિ, તેથી તે પોતાની ઓરડીના બારણામાં ઉભો રહીને આસપાસની શોભા જોવા લાગ્યો.

તે સંગમપુરમાંથી આટલો વહેલો નીકળી જવાને ખુશી નહોતો, પોતાના વિશ્વાસુ સેવકોની કશી ખબર તેને મળી શકી નહોતી, તેમજ રાજકન્યા ચંદ્રપ્રભાને તે પોતાને હાથે કશી મદદ કરી શકયો નહિ, એ જોઇને પણ તેને ખેદ થતો હતો.

આટલો બધો વખત ઉમેદ જોકે તેની સાથે રહ્યો હતો, તોપણ ‘પુણ્ય-મંદિર’ સંબંધે તેના મુખમાંથી એક પણ શબ્દ બળવંતસિંહે સાંભળ્યો નહોતો. ‘પુણ્ય-મંદિર’ સંબંધી વિગત મેળવવાને તે બહુ ઉત્સુક હતો. સરોજિની સાથેના ભાષણ ઉપરથી તે મકાન કોઇ જાતના વિલક્ષણ સુખની ખાણ હોવી જોઇએ, એવી તેની માન્યતા થઇ હતી, પણ તે સુખ કયું હશે, તેની જ માત્ર તેને માહિતી નહોતી. ઉમેદના કથન ઉપરથી તો ‘પુણ્ય-મંદિર’ એક અનિષ્ટ સ્થળ છે, એવું તેના જાણવામાં આવ્યું હતું, પણ તેની પોતાની તો એટલી ખાત્રી હતી કે કોઇ ભયંકર મંડળીનું મુખ્ય સ્થાન એ ‘પુણ્ય-મંદિર’ હોવું જોઇએ. આ કારણથી તેમાંનો ખરો પ્રકાર જાણવાની તેની ઇચ્છા વૃદ્ધિંગત થઇ હતી, અને એ જ વિચારમાં તેની ઉંઘ ઉડી ગઇ હતી. એક વાર ઉમેદને મળીને સઘળી વાતનો ખુલાસો કરી લેવો એવો તેણે પોતાના મનથી વિચાર કર્યો. એ સમયે સર્વત્ર શાન્તિ વ્યાપી રહી હતી, તે જોઇને બળવંતસિંહ ઉમેદ પાસે જવાને નીકળ્યો. પોતાની ઓરડીમાંથી બહાર નીકળ્યા પછી બીજાની ઉંઘમાં ખલેલ નહિ પહોંચાડવાને પગલાંનો જરા પણ અવાજ થવા દીધા વિના બળવંતસિંહ ઉમેદની ઓરડી તરફ જવા લાગ્યો. બહાર સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો, પરન્તુ ઉમેદની ઓરડીમાં દીવાનો પ્રકાશ તેના જોવામાં આવ્યો,



તે ક્ષણે “ સસુર ! સસુર ! ” બોલતો બળવંતસિંહ ઓરડીની અંદર દોડ્યો. (પૃષ્ઠ ૯).

તેથી તે તેવા જ ધીમા પગલાથી ઓરડીના ઉંબરાની પાસે જઇને ઉભો રહ્યો.

પણ આ વખતે ઉમેદની ઓરડીમાં જે ભયંકર પ્રકાર બન્યો, તે દૃષ્ટિએ પડતાં જ બળવંતસિંહને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થયું.

ઉમેદના બિછાના પાસે લતિકા ડાબા હાથમાં દીવો પકડીને ઉભી હતી. તેના વદનપર દીવાનો પ્રકાશ પડતો હોવાથી તેનો ચહેરો સ્પષ્ટ જોવામાં આવતો હતો. તે અત્યંત ક્રુદ્ધ થએલી દેખાતી હતી. આટલી મોડી રાત્રે તેને ત્યાં જોઇને બળવંતસિંહને બહુ જ આશ્ચર્ય લાગ્યું. તે હવે શું કરે છે તે જોવાને માટે તે ત્યાં જ ઉભો રહ્યો.

ઉમેદને ભરનિદ્રામાં પડેલો જોતાં જ લતિકાને કિંચિત્ આનંદ થએલો જણાયો, પણ તે આનંદ માત્ર એક જ ક્ષણમાં ઉડી ગયો. પુનઃ ચ્હીડાએલી વાઘણની પેઠે તે ક્રૂર દેખાવા લાગી. આ પ્રકાર જોતાં જ બળવંતસિંહે અનુમાન કર્યું કે તેના મનમાં કાંઇ પણ ભયંકર હેતુ રહેલો હોવો જોઇએ. એટલામાં તેણે પોતાનો જમણો હાથ ઉંચો કર્યો. તે હાથમાં તીક્ષ્ણ ધારનું ખંજર હતું. તેના ઉપર બળવંતસિંહની નજર પડી, પણ એટલામાં તો લતિકાનો હાથ જોરથી નીચે વળ્યો અને તેમાંનું ખંજર ઉમેદના કાળજામાં પેસી ગયું !

તે ક્ષણે "સબુર ! સબુર !" બોલતો બળવંતસિંહ ઓરડીની અંદર દોડ્યો, પણ તે શા કામનું ? જે બનવાનું હતું તે તો બની જ ગયું હતું !

પ્રકરણ ૨ જું.

ખૂની સ્ત્રી.

એકાએક બળવંતસિંહનો સ્વર સાંભળીને લતિકા ગભરાઇ ગઇ. તે એક પત્થરની પૂતળીની પેઠે એક ને એક સ્થળે સ્થિર ઉભી રહી. તેના હાથમાંથી દીવો નીચે પડી ગયો. તે બળવંતસિંહ તરફ જોઇ રહી હતી ખરી, પરન્તુ તેની આંખોનું સઘળું તેજ નાશ પામી ગયું હતું ! બળવંતસિંહ પણ તેની તરફ જોતો ઉભો રહ્યો હતો. એ સ્થિતિમાં તે બન્ને જણ ચાર–પાંચ પળ રહ્યાં હશે, એટલામાં બળવંતસિંહને વિચાર આવ્યો કે ઉમેદને જો કાંઇ ફાયદો થઇ શકે તેમ હોય તો વેળાસર તેની મદદે પહોંચી જવું જોઇએ, અને તેથી તે તેની

પાસે ગયો, પરન્તુ તે બિચારાનો જીવ તો ક્યારનોએ ઉડી ગયો હતો! લતિકાના ખંજરે તેનો ક્યારનોએ છૂટકો કરી નાંખ્યો હતો! લતિકાએ આ ખૂન શામાટે કર્યું, તેનો તે વિચાર કરતો હતો. થોડી વાર સુધી વિચાર કરીને તેણે તેને પૂછ્યું: "લતિકા! આ ખૂન તેં શામાટે–શા કારણથી કર્યું છે?"

એ જ સમયે લતિકા પૂર્ણ રીતે ભાનમાં આવી. તે રડતી રડતી બોલી: "ઓ પ્રભુ! મારાપર દયા કર!" એ વખતે લતિકાનું હૃદય તેને પોતાને જ દંશ દેતું હતું એ વાત પૂર્ણ રીતે બળવંતસિંહના ધ્યાનમાં આવી.

તે ગંભીર સ્વરે બોલ્યો: "આ બનાવ બહુ જ ભયંકર કહેવાય. તેનું ખૂન કરવાનું કારણ તને શું મળ્યું હતું?"

ગભરાએલી લતિકાદેવી બોલી: "સરદાર સાહેબ! તેવું જ કાંઇ કારણ થયું હતું. કારણ વિના કાંઇ પણ કાર્ય થતું નથી. મારા દુર્દૈવથી આપની પાસે મારી બેઆબરૂ થવાનો વખત આવ્યો હતો!"

"સંગમપુરના નદીકિનારાપર તેં પહેલું ખૂન કર્યું અને આજે તેં બીજું ખૂન કર્યું! એ ઉપરથી હવે મારે સમજવું શું?" બળવંતસિંહે પૂછ્યું.

હાથ જોડીને અત્યંત દુઃખિત થતી લતિકાદેવી બોલી: "હા, મારે હાથે બે ખૂન થયાં ખરાં! પણ પહેલાં હું જે કહું તે આપ સાંભળી લો, અને પછી મને જે દોષ દેવો ઘટે તે આપ ખુશીથી દેજો. હું ખરી વાત કહીશ, એટલે આપ મારી સોબત છોડી દેશો, એ હું સારી પેઠે સમજું છું. એક વાર હું અહીંથી દૂર ગયા પછી આપનો અને મારો પુનઃ મેળાપ થશે નહિ; પણ હવે હું એટલું જ કહું છું કે આ જુવાને જ મારા પર એવો પ્રસંગ આણ્યો હતો કે ઉંઘમાં ને ઉંઘમાં જ તેનો જીવ લેવાની મને જરૂર પડી! તેણે મારો એવડો મોટો અપરાધ કર્યો છે કે બીજા કોઇનો જો એણે એટલો અપરાધ કર્યો હોત, તો તેણે એકને બદલે દસ ખૂન કર્યાં હોત!"

બળવંતસિંહે ઉત્સુકતાથી પૂછ્યું: "પણ એવો તે કેવો અપરાધ તેણે કર્યો હતો? એવું તે કેવું દુઃખ તેણે તને દીધું હતું? મને એક વાર ખુલાસેથી વાત તો કહે!"

લતિકા બોલી: "તે બહુ જ લાંબી હકીકત છે. થોડી વારમાં તે કહી શકાય તેમ નથી. મારે હાથે જે કૃત્ય આજે થયું છે, તેથી હવે પછી હું આપની પાસે રહી શકું એ બનવાજોગ નથી. હવે હું આપને હમેશને માટે છોડી જઇશ!"

એ છેવટના શબ્દો તે અતિદુઃખપૂર્વક બોલી. તેણે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો. તેને ભયંકર માનસિક વેદના થતી હતી, એવું બળવંતસિંહના સમજવામાં આવ્યું. તે બોલ્યોઃ "તું મને છોડી જવાનું કહે છે પરન્તુ મેં જમદેવને એવું વચન આપ્યું છે કે હું તને સાથે ને સાથે લઈ જઇશ, તેનું કેમ? વળી આ મુડદું અહીં પડેલું છે એનો હવે શો રસ્તો કરવો? સ્હવારે આ વાત જ્યારે પ્રકટ થશે, ત્યારે અમારા ચહેરાપરથી સૌને અમારા ઉપર જ વહેમ આવશે. પછી એ વખતે અમારે શું કરવું? મારા પર આ કેવડું મોટું સંકટ આવી પડેલું લેખાય તેનો વિચાર તેં કર્યો છે કે નહિ?" દુઃખથી નિઃશ્વાસ નાંખીને બળવંતસિંહ બોલ્યોઃ "જમની! જમની! આ સઘળું તારે માટે જ મારે સહન કરવું પડે છે!" એમ બોલીને બન્ને હાથ-વડે પોતાનું મ્હોં ઢાંકીને દુઃખના ઉભરામાં બળવંતસિંહ ઉમેદના ખાટલા ઉપર બેસી ગયો.

તેની એ અવસ્થા જોઇને દીન બની ગએલી લતિકા બોલીઃ "જમનીને માટે આપે તેની બ્હેનપર જે દયા કરી, તે દયાને માટે આપને શું માઠું લાગે છે? સરદાર સાહેબ! આપ જ મારો ન્યાય કરો. મારી સ્થિતિનો વિચાર કરો. જમની કેવળ નિર્દોષ છે અને મારા હાથ લોહીવાળા થયા છે. મારે હાથે જેવા ઘોર અપરાધો થયા છે, તેવા અપરાધો તેની તરફથી કોઇ પણ વખતે થયા નથી કિંવા ભવિષ્ય-માં થવાનો સંભવ પણ નથી. પણ કૃપા કરીને મને એટલું કહેશો કે મારા આ અપરાધથી જમની ઉપરનો આપનો પ્રેમ તો ઓછો થયો નથી ને? આપને તે તુચ્છ જણાતી નથી ને?"

બળવંતસિંહ બોલ્યોઃ "તેવું કાંઇ જ નથી. તોપણ તે અહીં નથી, એટલે હું તેના સંબંધમાં કશું વધારે બોલી શકતો નથી." તોપણ એ શબ્દો બોલતી વેળાએ બળવંતસિંહનો ચહેરો જરા પ્રફુ-લ્લિત થયો હતો, એ જોઇને લતિકાદેવીને બહુ આનંદ થયો.

તે બોલ્યોઃ "વખત નકામો વહી જાય છે. હવે શી ગોઠવણ કરવી ધારી છે, તે મને જણાવ. એ બાબત વિષે જેમ જેમ હું વધારે વિચાર કરૂં છું, તેમ તેમ હું વધારે ગુંચવણમાં પડતો જાઉં છું. લતિકા! તારા નસીબમાં શું લખ્યું હશે તેની મને કાંઇ સમજ પડતી નથી. તારી બ્હેનનું નામ જમની છે ખરૂં, પણ તે નામ તો તને વધારે શોભત. જમનાં કાર્યો તું બહુ જ સારી રીતે કરી જાણે છે!"

"હાજી! મારે પણ કેટલીક ગુપ્ત વાતો—પણ હવે એ વાત

જવા દો; અત્યારે એ વખત નથી. પહેલાં આપણે આપણી સામે આવી પડેલી બાબતનો જ નિકાલ કરી નાંખીએ. આ મુડદાની વ્યવસ્થા હું કરીશ. આપ ખુશીથી આપની ઓરડીમાં જઇને સૂઇ રહો. આપને બહુ શ્રમ લાગ્યો હશે, તેથી આપે વિશ્રાન્તિ લેવાની જરૂર છે. મારૂં કામ હું મારી જાતે સંભાળી લઇશ." લતિકાદેવી બોલી.

બળવંતસિંહ બોલ્યો: " એમ કેવી રીતે થઇ શકે ? હું તને અહીં એકલી છોડી જઉં ? આ ખૂનનો વહેમ તારા ઉપર ન આવે, એવી કાંઇ તજવીજ મારે કરવી જ જોઇએ."

લતિકા બોલી: " અહા ! મહારાજ ! આપ કેટલા બધા ઉદાર છો ? ઇશ્વર આપનું રક્ષણ કરો ! આપના ઉપર ખૂનનો આરોપ કેવી રીતે આવી શકે વારૂ ? જો કદાચ આ ખૂન આપને હાથે થયું હોત, તોપણ મેં આગળ આવીને આપના પર વહેમ આવવા દીધો ન હોત! પછી જો આ ખૂન મેં પોતે જ કર્યું છે, તો તે માટેની સજા પણ મારે જ ભોગવવી જોઈએ."

લતિકાદેવીના અંતઃકરણમાં બળવંતસિંહ માટેનો કેટલો બધો પ્રેમ હતો, તે આ વખતે સ્પષ્ટ થયો. તે બળવંતસિંહ ઉપર પ્રેમ ધરાવતી હતી. તેની મૂર્તિ લતિકાના અંતઃકરણમાં વાસ કરી રહી હતી. તેનું આ ભાષણ સાંભળીને તો તે કેવળ ચકિત થઈ ગયો. તેના મનમાં લતિકાને માટે દયા ઉત્પન્ન થઇ. તે મનમાં બોલ્યો: " આવા ઉદાર હૃદયની સ્ત્રીના મનમાં આવી ખૂન કરવા જેવી બુદ્ધિ ક્યાંથી આવી હશે ? "

થોડી વાર રહીને લતિકા બોલી: " આપને મારી દયા આવે છે, તે ઉપરથી જણાય છે કે આપ મારો તિરસ્કાર કરતા નથી. "

" દુર્ભાગિની ! હું તારો તિરસ્કાર કરતો નથી ! " તે બોલ્યો: " પણ તારો આ ભયંકર અપરાધ જોઇને મને બહુ જ ખરાબ લાગે છે. હજી એક વાર ફરીથી હું તને કહું છું કે વખત નકામો ચાલ્યો જાય છે, અને આપણે ભવિષ્યની કાંઇ પણ તજવીજ કરી નથી."

" પણ મેં તો મારો વિચાર આપને જણાવ્યો જ છે."

" એ તો ઠીક નહિ. આ ખૂન કરવા જેવું કાંઇ પણ મોટું કારણ બની આવ્યું હશે એમ હું માનું છું. ઘણું કરીને આ માણસે તારો કાંઇ પણ મોટો અપરાધ કર્યો હશે. તું આ કરતાં વધારે દુઃખમાં પડે એ મને ઠીક લાગતું નથી. સરદાર વીરોત્તમની તારાપર મમતા છે, તારી બ્હેનને તું બહુ વ્હાલી છે અને અત્યારે તું મારી સાથે પ્રવાસ

કરે છે, એટલે તને આ સંકટમાંથી છોડાવવાને બની શકે એટલી મદદ કરવી એ મારી ફરજ છે. આવા યૌવનમાં જ તને મરણ પ્રાપ્ત થાય એ મને વાજબી લાગતું નથી. ફાંસીની દોરી કિંવા જલ્લાદનો કોહાડો તારા ગળા ઉપર પડે નહિ એવી મારી ઇચ્છા છે. લતિકા! તારી તરફ જોઇને મને તારી દયા જ આવે છે; એવો તે કેવો જાદૂ તારી પાસે છે, તેની મને સમજણ પડતી નથી!" બળવંતસિંહે પોતાના હૃદયનો મર્મ જણાવ્યો.

લતિકા બળવંતસિંહ તરફ જોઇને બોલી: "મહારાજ! આપ મારાપર આટલી દયા કરો છો, એ આપનો મારાપર અત્યંત ઉપકાર થયો છે. આપને માટે મારા મનમાં કેટલી પૂજ્યબુદ્ધિ છે, એ તો ઇશ્વર જ જાણે છે! પણ હવે સ્વસ્થ ચિત્તથી મારૂં કથન શ્રવણ કરો. આજના ખેદજનક પ્રસંગથી મારા મનમાં બે વિચારો ઉત્પન્ન થયા છે. આપે મને પાટણ લઈ જવાનું જે વચન આપ્યું હતું તે સંબંધી મને ઉત્પન્ન થએલો વિચાર એ મારો પહેલો વિચાર છે; અને બીજો વિચાર મને સરકારને સ્વાધીન કરીને ન્યાયના કામમાં હરકત ન આવવા દેવા સંબંધી છે. હવે હું શું કરવાની છું તે કહું છું. જો હું નાસી જાઉં, તો આ ખૂનનું તહોમત બીજા કોઇના શિર ઉપર આવ્યા વિના રહે નહિ; એમ કરીને વળી મારા પાપના બોજામાં વધારો કરવાની મારી ઇચ્છા નથી. વારૂ, હવે આ મુડદાને અદૃશ્ય કરવાનો વિચાર કરીએ, તોપણ તે કામ ઘણું કઠણ છે. તે એકાએક રાત્રે ને રાત્રે અદૃશ્ય થઇ જવાથી લોકોને સંશય આવશે, અને આ લોહીથી ખરડાએલા બિછાના ઉપરથી તેનું ખૂન થયું હોવાની સાબીતી સહજ મળી આવશે. તેટલા માટે ઉત્તમ માર્ગ એ જ છે કે આ ખૂનની વાત જાહેર કરવી અને તે પણ મારે જ જાહેર કરવી. એ સિવાય બીજો કશો ઉપાય નથી."

"પણ આમ કરવાથી પરિણામ શું આવશે એનો તેં વિચાર કર્યો છે?" બળવંતસિંહે પ્રશ્ન કર્યો.

"તે માટે આપે ચિંતા રાખવાનું કારણ નથી." લતિકા બોલી: "કોઇ પણ મુશ્કેલ પ્રસંગમાંથી હું પાર પડી જઇશ, એ માટે હું આપને ખાત્રી આપું છું. જે દુષ્કૃત્ય મેં અંધારામાં કર્યું છે, તે મારે જ પ્રકાશમાં આણવું જોઇએ."

"પણ મારો બચાવ કરવાને તું પોતે જ શું દુઃખમાં પડીશ?" બળવંતસિંહે આશ્ચર્યથી ચકિત થઇને પૂછ્યું.

"જે કામ મેં પોતે કર્યું તે માટેનું પ્રાયશ્ચિત્ત પણ મારે પોતે જ કરવું જોઇએ." લતિકાદેવી શાન્તિથી બોલી.

તેની એ હિંમત જોઇને બળવંતસિંહ બોલ્યોઃ "તારૂં એ બોલવું બરાબર છે, પણ આ સંકટમાંથી તું સુરક્ષિતપણે પાર પડીશ એવી તું ખાત્રી ધરાવે છે શું ?"

તેણે ઉત્તર આપ્યોઃ "હા, મારી ખાત્રી છે. પણ કદાચ મારી યુક્તિ નિષ્ફળ જશે, તોપણ મારો બચાવ કરવાનું સામર્થ્ય આપના અંગમાં રહેલું છે. વીરોત્તમ મહારાજના નામથી આપ મારા છુટકારાનો હુકમ કરી શકશો."

બળવંતસિંહ આશ્ચર્યચકિત થઇને બોલ્યોઃ "શું ? તારા છુટકારાનો હુકમ હું કરી શકું ? પણ મારી પાસે એવું શું—"

લતિકા તેની તદ્દન નજીક આવીને વચમાં બોલીઃ "સાંભળો. હમણાં જ શહેરમાંથી સરકારી માણસો અહીં આવી પહોંચશે અને આ ખૂનની તપાસ કરવા લાગશે. પછી હું તેમને શરણે જઇશ. હાલમાં દેશના આ ભાગ ઉપર વીરોત્તમ મહારાજનો અમલ ચાલે છે. તેમના જ સિપાઇઓ મારા પર પહેરો રાખશે. તેમને જો કેદખાનાનો દરવાજો ઉઘાડીને મને છોડી મૂકવાનો આપ હુકમ કરશો, તો તેઓ આપનો હુકમ સાંભળશે."

"મારો હુકમ તેઓ કેવી રીતે માનશે ? મને હુકમ કરવાનો અધિકાર કોણે આપ્યો છે ?"

બળવંતસિંહની આંગળીપર ચમકતી વીંટી તરફ આંગળી કરીને લતિકા બોલીઃ "આ વીંટીએ."

બળવંતસિંહને વીરોત્તમે આપેલી વીંટીનું આ વખતે સ્મરણ થયું. તે બોલ્યોઃ "લતિકા ! બહુ જ સારી વાત તેં સંભારી આપી ! હું તો કેવળ વિસરી ગયો હતો. પણ આપણે ગુજરાત તરફ જવાનું છે તેનું—"

નિશ્ચયદર્શક સ્વરે લતિકા બોલીઃ "હવે પછી આપણે એક બીજાની સાથે પ્રવાસ કરી શકીશું નહિ. આપ આપના વચનમાંથી હવે મુક્ત થયા છો, કારણકે જે હેતુથી જામદેવે આપને મને સાથે લઇ જવાનું કહ્યું હતું, તે હેતુ હવે સિદ્ધ થઇ શકે તેમ નથી."

એ વખતે લતિકાના સ્વરૂપમાં બહુ જ ફરક પડી ગયો હતો. તે એક જંગલી પશુના જેવી ક્રૂર દેખાતી હતી ! તેનું એવું સ્વરૂપ જોઇને બળવંતસિંહને બહુ આશ્ચર્ય લાગ્યું, પણ તે એવી દેખાવાનું કારણ

તેના ધ્યાનમાં આવ્યું નહિ. તેના છેવટના શબ્દોનું રહસ્ય તેના સમજવામાં આવ્યું નહિ; પણ એટલામાં તેનો ચહેરો પહેલાંની પેઠે જ શાન્ત થયો. બળવંતસિંહે તેને કહ્યું: " પણ હવે તું મારી સાથે શામાટે નહિ આવે ? "

"આજે બનેલો બનાવ એટલો બધો વિલક્ષણ છે કે હવે પછી હું આપની સાથે રહું એ બિલકુલ શકય નથી ? હું ખૂની છું એ આપ જાણો છો. હું આપની સાથે હોવાથી આપની કીર્તિને કલંક લાગવાનો સંભવ છે; આજે કદાચ હું સરકારી અધિકારીઓના હાથમાંથી છૂટી શકીશ, પરન્તુ વીરોત્તમ મહારાજ મને ક્ષમા આપશે નહિ. તે મને આપની પાસેથી પણ કેદ કરીને પકડી જશે ! "

બળવંતસિંહને એ દીનમુખી સુંદરીની બહુ જ દયા આવી. આવી સુંદરીને પોતાની ખરી યુવાવસ્થામાં છુપાઇને દિવસ કાઢવા પડે એ તેને યોગ્ય લાગ્યું નહિ. તે બોલ્યો: " પણ આ એકંદર બાબતનો તેં પૂર્ણ રીતે વિચાર કર્યો છે કે ? "

" હા; તે વિષે મેં પાકો નિશ્ચય કર્યો છે. હવે આપ ચાલો, અને મને મારી ઇચ્છા પ્રમાણે વર્તવા દો. " એ શબ્દો ઉચ્ચારતાં તેણે પ્રેમસૂચક દૃષ્ટિ બળવંતસિંહ તરફ કરી કે તેને તેની બહુ જ દયા આવી.

તે ગળગળો થઇ જતો બોલ્યો: " પણ આવી સ્થિતિમાં તને છોડી જવાં મારો જીવ ચાલતો નથી. "

તે બોલી: "આપ મારે માટે જરા પણ ચિંતા કરશો નહિ. હવે આપ ચાલો, ઘણું કરીને આપની અને મારી આ છેવટની જ મુલાકાત છે ! "

" પણ તું હવે અહીં જ રહીશ કે શું ? " બળવંતસિંહે પૂછ્યું.

" ના. અહીંથી હું આપની સાથે જ નીકળીશ; પછી હું અહીંના માણસોને જગાડીને મેં આ ખૂન કર્યું છે એમ કહીને તેમની દયા ચાહીશ. " લતિકા નિશ્ચયપૂર્વક બોલી.

બળવંતસિંહ બોલ્યો: "પણ તું નાસી ગઇ હોત, તો વધારે ઠીક હતું."

" તો પછી ખૂનનું જોખમ આપના ઉપર ન આવે શું ? નહિ, નહિ, એવી વાત કદાપિ બને નહિ. મેં એ વિષે પૂરો વિચાર કર્યો છે. હવે આપ ચાલો. " એમ કહીને તેણે બળવંતસિંહનો હાથ પકડ્યો, અને તેને બારણા તરફ લઇ ચાલી. બળવંતસિંહ તેના તરફ દયાપૂર્વક દૃષ્ટિ કરતો અત્યંત દુ:ખથી ત્યાંથી બહાર નીકળ્યો. લતિકા એકલી ત્યાં જ ઉભી રહી.

પ્રકરણ ૩ જું.

બંદીખાનામાં.

એક ઘટિકા ચાલી ગઇ. હજી તે સ્થળે સર્વત્ર શાન્તતા જ હતી, પણ પછી એકાએક ધર્મશાળાના રખેવાળનું બારણું કોઇએ હડસેલ્યું એટલે માંહેથી "કોણ છે ?" એવો સ્વર સંભળાયો. એટલામાં તેને જણાયું કે કોઈ સ્ત્રી પોતાને બોલાવી રહી છે, તેથી તેણે પોતાની સ્ત્રીને બારણું ઉઘાડવાની સૂચના કરી.

પતિની આજ્ઞા પ્રમાણે એ રખેવાળની સ્ત્રીએ બારણું ઉઘાડ્યું તો હાથમાં દીવો લઇને બારણા પાસે ઉભેલી લતિકાદેવી તેના જોવામાં આવી. તે બહુ જ ગભરાએલી દેખાતી હતી. તેનાં કપડાં ચુંથાએલાં હતાં અને કેશ વીખરાઇ ગએલા હતા. એવી સ્થિતિમાં તેને જોઇને રખેવાળની સ્ત્રી બ્હી ગઇ. તેણે પૂછ્યું: "કેમ, કેમ, શું થયું છે ?"

ગંભીર અવાજે લતિકા બોલી: "આપના પતિને જરા મારી સાથે આવવાનું કહો, અને તમે પણ મારી સાથે ચાલો."

એ સાંભળતાં જ રખેવાળ ઉઠ્યો અને તેણે ગભરાઇને પોતાની સ્ત્રી તરફ જોયું. સ્ત્રી પણ પોતાના પતિના મ્હોં સામે જોઇ રહી. એ જોઇને લતિકા બોલી: "ચાલો, જલ્દી કરો !"

રખેવાળ બોલ્યો: "હા, હું આવું છું, પણ શું થયું છે તે જરા કહેશો ? ધાડપાડુઓએ હલ્લો કર્યો છે, કે ક્યાંય આગ લાગી છે, કે શું થયું છે ?"

લતિકા બોલી: "તેવું કાંઇ જ થયું નથી, પણ તમે જલ્દી મારી સાથે ચાલો."

પછી તે તેમને પોતાની સાથે લઇને ઉમેદ જે ઓરડીમાં સૂતો હતો તે ઓરડી પાસે આવી અને દ્વાર ઉઘાડીને પહેલાં તે અંદર ગઇ. પોતાની પાછળ એ બન્ને જણ આવે છે એવી ખાત્રી થયા પછી તે ઠેઠ બિછાના પાસે ગઈ અને ઉમેદના મુડદા તરફ આંગળી કરીને બોલી: "આ ખૂન મેં પોતે કર્યું છે !"

"શું ! તેં ?" રખેવાળે આશ્ચર્યથી પૂછ્યું: "ના, ના, એમ તો કેવી રીતે બને ?"

"હાય ! હાય ! શું આપણી ધર્મશાળામાં ખૂન !" રખેવાળની સ્ત્રી ગભરાઇને બોલી: "ઓ ભગવાન્ ! હવે અમારૂં શું થશે ?"

એમ બોલીને તે ભયથી મોટી ચીસ પાડતી બારણાની બહાર જતી રહી. એ ચીસ સાંભળીને ધર્મશાળામાંના સઘળા માણસો જાગી ગયા. ક્યાંય પણ આગ લાગી હોવી જોઇએ, એવો ભય પહેલાં સર્વેના મગજમાં ઉત્પન્ન થયો, પણ જ્યારે ખૂનની ખબર સૌના સાંભળવામાં આવી, ત્યારે તેઓને વધારે ભય લાગ્યો. એ સઘળાનો ઘોંઘાટ એટલો બધો વધી પડયો કે ધર્મશાળાની આસપાસનાં ઘરના લોકો પણ જાગી ઉઠયા અને દોડતા દોડતા ધર્મશાળામાં આવ્યા. તે સઘળાને " એ ખૂન મેં કર્યું છે " એમ સ્પષ્ટ રીતે લતિકા કહેતી હતી. એ સાંભળીને કેટલાક લોકો ક્રોધથી અને કેટલાક લોકો દયાથી તેના તરફ જોવા લાગ્યા. છેવટે તેને ત્યાંથી લઈ જઇને એક ઓરડીમાં પૂરી મેલવી એવું સર્વાનુમતે ઠર્યું અને કેટલાક માણસો તેના ઉપર પહેરો ભરવાને તૈયાર થયા.

આ વાત જ્યારે રેવા અને રાધાના જાણવામાં આવી ત્યારે તેમને અત્યંત દુઃખ થયું. પહેલાં તો તેમને એ વાત ખોટી જ લાગી, પણ જ્યારે તે બન્ને જણીઓએ પોતાની આંખોએ જોયું કે લતિકાને એક ઓરડીમાં પૂરી મેલવામાં આવી છે અને તેના પોતાના મુખથી સાંભળ્યું કે એ ખૂન તેણે પોતે જ કર્યું છે, ત્યારે તેમની તે વિષે ખાત્રી થઈ અને તેઓ દુઃખસમુદ્રમાં ડુબકાં ખાવા લાગી !

પછી રખેવાળે બે માણસોને ઓરડીના આગળના બારણાપર અને એક માણસને ઓરડીની પાછળની બારીપર પહેરેગીર તરીકે રાખ્યા અને તે બળવંતસિંહની ઓરડીમાં ગયો. જાણેકે હમણાં જ પોતે આ બૂમ સાંભળી એવું દર્શાવતો બળવંતસિંહ બિછાનામાંથી ઉઠીને બહાર આવ્યો. તેણે કાંઇ વિશેષ પૂછગાછ નહિ કરતાં રખેવાળનું કહેવું સાંભળી લીધું અને પછી રખેવાળ અલકકુમારીની ઓરડીમાં ગયો. તેને પણ એ સઘળી હકીકત કહીને પછી તેણે ન્યાયના અધિકારીઓને આ ખબર પહોંચાડવા માટે પોતાના માણસને નજીકના શહેરમાં મોકલ્યો.

આજસુધી આ ગામમાં આવી રીતે કદાપિ ખૂન થયું નહોતું, તેથી આ ખૂનથી લોકોના મનમાં બહુ જ ભીતિ ઉત્પન્ન થવા લાગી. ધર્મશાળાની આજુબાજુના લોકો પાછા પોતપોતાને ઠેકાણે ગયા. ધર્મશાળામાંના માણસો માત્ર જાગતા અને અનેક તર્કવિતર્ક કરતા બેઠા હતા.

આજે બનેલા આ બનાવથી બળવંતસિંહને અત્યંત દુઃખ થયું હતું. લતિકાથી છૂટા પડ્યા પછી પ્રત્યેક ક્ષણે એને એવું થયાં કરતું હતું કે 'હમણાં એ ખૂનની ખબર મારે કાને પડશે !' આ હકીકત સાંભળ્યા પહેલાં જે એક ઘટિકા વીતી ગઇ હતી તે તેને એક દિવ-

સના જેટલી લાંબી થઇ પડી હતી. હવે આનું છેવટનું પરિણામ શું આવશે એ વિચારમાં તે નિમગ્ન થયો હતો. લતિકા પોતાની સાથે હોવાથી પોતાના નામને તો કલંક નહિ લાગે ? એવું તેના મનમાં આવતું હતું અને બનેલા બનાવ માટે તેને અત્યંત ખેદ થતો હતો. જમનીને માટે પોતે જમદેવની સાથે લડાઇ કરવા ગયો હતો, તે વખતે, જમનીને છોડીને જમદેવ પોતાને તો વળગ્યો નહિ હોય ? લતિકાને સાથે લઇ જવાની જે શરત જમદેવે કરી હતી તેમાં તેને શું લાભ થવાનો હશે ? એવા એવા અનેક વિચારો તેના મનમાં આવ્યા, પણ તેમાંથી એકેને માટે તે નિર્ણય કરી શક્યો નહિ.

આ ખૂનની ખબર સાંભળવાથી અલકકુમારીને કેવી લાગણી થઇ તે હવે આપણે જોઇએ. તેણે ઓરડીમાં ગયા પછી થોડોએક આહાર કર્યો હતો અને પોતાનું બખ્તર તથા બુરખો કાઢી નાંખ્યાં હતાં. પોતા સંબંધે બળવંતસિંહનો ઉત્તમ અભિપ્રાય છે એવું જાણીને તેને બહુ આનંદ થયો હતો. સ્વપ્નમાં પણ તેને બળવંતસિંહ જ જેવામાં આવતો હતો. એ પ્રમાણે બળવંતસિંહના સમાગમસુખનો અનુભવ લેતી તે બહારની ગરબડથી જાગૃત થઇ અને તેણે પણ ખૂનની વાત સાંભળી. પહેલાં જ્યારે રખેવાળે ઓરડીની બહારથી બૂમ મારીને આ હકીકત કહી હતી, ત્યારે પોતે સ્વપ્નમાં છે એવો અલકકુમારીને ભ્રમ થયો હતો પરન્તુ પછીથી પ્રત્યક્ષ ખૂન થયું છે અને તે લતિકાએ જ કર્યું છે એવી તેની ખાત્રી થઇ. પોતે જાગૃત થઇ છે એવી ખાત્રી થતાં જ જાણે કે પોતાની સામે જ એકાદ મુડદું પડ્યું હોય એવું તેને લાગ્યું અને પોતાને હાથે તેણે મ્હોં ઢાંકી દીધું. લતિકા જાણેકે પોતાની નજીકની સગી હોય અને તેને હાથે આ દુષ્ટ કૃત્ય થયું તે બહુ જ ખરાબ થયું એવું તેને પોતાનું અંતઃકરણ કહી રહ્યું હોય તેવી રીતે તેને અત્યંત ખેદ થયો.

પ્રભાત થતાં અધિકારીઓ ધર્મશાળામાં એક પછી એક આવવા લાગ્યા. એક લશ્કરી અધિકારી પોતાની સાથે બાર સિપાઇઓ લઇને ત્યાં આવી પહોંચ્યો, અને તેની સાથે એક વૃદ્ધ ન્યાયાધીશ પણ આવ્યો. ધર્મશાળામાં એકઠા થએલા લોકો અત્યારસુધી તેની જ વાટ જોઇ રહ્યા હતા. અત્યારસુધી લતિકાદેવી ઉપર એકસરખો પહેરો રાખવામાં આવ્યો હતો. ફક્ત તેની બે સખીઓ વિના બીજા કોઇને પણ પહેરેગીરોએ અંદર જવા દીધી નહોતી. લતિકા આ વખતે ગમગીન દેખાતી હતી. બીજી બાજુએ બળવંતસિંહ અને અલકકુમારી

ધર્મશાળાના મધ્ય ભાગમાં એ જ વાત સંબંધે વિચાર કરતાં ઉભાં હતાં. પહેલાંની પેઠે જ અલકકુમારીએ બખ્તર અને બુરખો ધારણ કરેલાં હતાં અને પોતાનું મ્હોં કોઇ પણ જોઈ જાય નહિ એવી ખબરદારી પહેલેથી જ તેણે રાખી હતી.

ન્યાયાધીશ ત્યાં આવતાં જ પહેલાં તો તેણે રખેવાળના રાખેલા પહેરીગીરોને રજા આપી અને પોતાનાં માણુસોને પહેરા ઉપર રાખ્યાં. પછી ખૂન થએલી જગ્યાએ જઇને ત્યાંનો સર્વ પ્રકાર તેણે બારીકાઇથી તપાસ્યો. પછી લતિકાને પૂરી હતી તે ઓરડી પાસે તે આવ્યો. આસપાસ એકઠા થએલા લોકોને તેણે કહ્યું: "તમે સઘળા બહાર જતા રહો. હું એકલો જ અંદર જાઉં છું, કારણકે અપરાધી એક સ્ત્રી છે. તે આટલા બધા લોકોને જોશે તો એકદમ ગભરાઇ જશે અને તે મારા સવાલોના બરાબર જવાબ આપી શકશે નહિ."

ન્યાયાધીશ સાથેનો લશ્કરી અમલદાર, પહેરેગીરો વગેરે સઘળા માણુસો બહાર રહ્યાં અને તે એકલો જ અંદર ગયો. લતિકા તદ્દન શાન્ત ચિત્તે બેઠેલી ત્યાં તેની નજરે પડી. જોકે બહારથી તે શાન્ત દેખાતી હતી, તોપણુ અંતરમાં તે કાંઇ ઉંડા વિચારમાં પડી હતી, એમ તેના તરફ બારીકાઇથી જોનારના ધ્યાનમાં તુરત આવતું હતું. હવે શો ઉપાય કરવો તેનો તે વિચાર કરતી હતી. પોતાની પાસે ઓરડીમાં આવનાર વૃદ્ધ પુરૂષ ન્યાયાધીશ જ હોવો જોઇએ એમ તેણે અનુમાનથી જાણી લીધું અને પોતાની સખીઓને તે વૃદ્ધ નરને આસન આપવા માટે આજ્ઞા કરી. ન્યાયાધીશ પણુ લતિકાનું સૌંદર્ય જોઇને આશ્ચર્ય પામી ગયો. આવી મનોરમ સુંદરીને હાથે ખૂન જેવો ભયંકર અપરાધ થયો હોય એની કલ્પના પણુ તે કરી શકયો નહિ. તે શોકાતુર સ્વરે બોલ્યો: "બાઇ ! તારા જેવી સ્ત્રીએ ખૂન કરવું એ શું શક્ય છે ?"

પોતાનો જમણો હાથ આગળ કરીને લતિકા બોલી: "સાહેબ ! આ જમણા હાથે એ કામ કર્યું છે. કોઇ નિર્દોષ માણુસ ઉપર વિના કારણે વહેમ આવે નહિ, તેટલા માટે હું મારી મેળે જ મારો વાંક કબુલ કરૂં છું. જો ખૂન કરીને નાસી જવાનો મારો વિચાર હોત, તો તેમ હું કયારનીએ કરી ચૂકી હોત."

ન્યાયાધીશ ગંભીરતાથી બોલ્યો: "તારા જેવી નાજુક સ્ત્રી આવું ઘોર કૃત્ય કરે, ત્યારે કાંઇ પણ મોટું કારણુ બન્યું હોવું જોઈએ."

લતિકા નિશ્ચયપૂર્વક બોલી: "હા સાહેબ ! તેવું એક મોટું કારણુ બન્યું હતું. તેણે બહુ જ નીચપણે મારૂં અપમાન કર્યું હતું."

રેવા આંખોમાં આંસુ લાવીને બોલી: "સાહેબ ! મારાં બાઇ-સાહેબનું કાંઇ ભારે અપમાન તેણે કર્યું હોવું જોઇએ. તેમ બન્યા વિના તેને હાથે આવું કાર્ય બને જ નહિ."

રાધા પણ રડતી રડતી બોલી: "સાહેબ ! મારાં બાઇસાહે-બને કૃપા કરીને બચાવો."

ન્યાયાધીશ બોલ્યો: "આ બાઇને છોડી દેવી કિંવા તેને શિક્ષા કરવી, એ કાંઇ મારા એકલાના હાથમાં રહેલું નથી. મારા ઉપરાન્ત બીજા પણ કેટલાક અધિકારીઓ છે, તેઓ આ બનાવનો બહુ જ ડહા-પણથી ન્યાય કરશે. વારૂ, બાઇસાહેબ ! આપ હવે મારી સાથે ચાલો."

લતિકા આશ્ચર્યથી બોલી: "શું એટલી થોડી વારમાં જ જવાનું છે ? મહેરબાની કરીને મને અહીં થોડીએક વાર રહેવા દો."

"શામાટે વારૂ ?" ન્યાયાધીશે પૂછ્યું: "તેવું કાંઇ યોગ્ય કારણ હોવા વિના હું તેમ કરી શકીશ નહિ."

લતિકા નિશ્ચયદર્શક સ્વરે બોલી: "સાહેબ ! મારે આ સંસા-રમાં માત્ર એકની એક બહેન છે. તેના વિના મારે બીજું કોઇ આપ્ત-જન નથી. તેને મેં આજ અહીં મળવાનું વચન આપ્યું છે. તેનો અને મારો મેળાપ જો આજ નહિ થાય તો પછી ભવિષ્યમાં અમે કદાપિ મળી શકીશું નહિ."

"ત્યારે તો તારે એક બ્હેન પણ છે, એમ કે ?" ન્યાયા-ધીશે પૂછ્યું.

"હા સાહેબ ! મારે એક બહેન છે." લતિકા બોલી.

ન્યાયાધીશે કહ્યું: "ત્યારે કાયદા પ્રમાણે તેનું નામ-ગામ વગેરે સઘળું લખી લેવું જોઇએ."

"તેનું નામ **જમની** !" લતિકા બોલી.

"કોણ ? જમની ?!" ન્યાયાધીશે પૂછ્યું: "**વીરોત્તમ** મહા-રાજની છાવણીમાં જે એક વિલક્ષણ સ્ત્રી છે તે શું તારી બ્હેન થાય ? તેનું તો મહારાજની પાસે બહુ વજન છે અને તેમનાં સઘળાં માણસો તેની આજ્ઞા ઉઠાવવાને હમેશાં તત્પર રહે છે એવું મારા સાંભળવામાં આવ્યું છે !"

"હા સાહેબ !" તે બોલી: "તે જ **જમની**ની દુર્દૈવી બહેન હું છું."

"મને તારા ઉપર બહુ દયા આવે છે." વૃદ્ધ ન્યાયાધીશ બોલ્યો: "અત્યારસુધી મને જે દયા આવતી હતી તેમાં હવે વધારો થયો છે. અમારા લશ્કરી રીવાજ પ્રમાણે મારે તે **જમની**ને માન આપવું

જ જોઇએ; અને તેને જ ખાતર હું તને અહીં થોડી વધારે વાર-સુધી રહેવાની પરવાનગી આપું છું."

"મહારાજ! આપની એ ઉદારતાને માટે હું આપની અત્યંત આભારી છું. જો પહોર—દોઢ પહોર સુધી મને અહીં રહેવા દેશો તો મારી અને મારી બહેનની છેવટની મુલાકાત થઈ શકશે." એમ કહીને લતિકા ડુસકાં ભરીને રડવા લાગી.

"ઠીક છે. હું તને અહીં બપોરસુધી રહેવાની પરવાનગી આપું છું. વળી તારે જો બીજા કોઇને મળવાનું હોય, તો હું તે માટે પહેરે-ગીરને હુકમ કરતો જઉં છું." એમ કહીને ન્યાયાધીશ ત્યાંથી ચાલ્યો ગયો.

તે બહાર નીકળતાં જ લતિકાની ઓરડીનાં દ્વાર બંધ થયાં અને તેના ચહેરાપર પુનઃ ઉત્સાહ ચમકવા લાગ્યો. તે આનંદપૂર્વક પોતાની સખીઓની સામે જોઇને બોલી: "હું તમને જે કાંઇ હવે ટુંકામાં કહું છું, તે બરાબર ધ્યાન આપીને સાંભળી લ્યો."

પ્રકરણ ૪ થું.

પહેલો પહેરેગીર.

લતિકા અને તેની સખીઓ વચ્ચે જે કાંઈ વાતચીત થઇ, તે હમણાં અહીં આગળ જણાવવાની જરૂર નથી. ટુંકામાં એટલું જ કહેવું બસ છે કે તેણે જે યુક્તિ રચી હતી, તે તેની સખીઓને બહુ જ પસંદ પડી, એટલું જ નહિ, પણ તે પ્રમાણે કરવાને તેઓ મોટી ખુશાથી તૈયાર થઈ. તેમની વાતચીત પૂરી થયા પછી રેવા બારણા પાસે આવી. બારણું બહારથી બંધ હતું, તેથી તેણે પહેરેગીરને હાક મારી. પહેરેગીરે બારણું ઉઘાડીને કહ્યું: "કેમ રેવાબાઇ! શું છે? સારૂં છે ને?"

"એટલે, શું તું મને ઓળખે છે?" રેવાએ પૂછ્યું: "મારૂં નામ રેવા છે એની તને ક્યાંથી ખબર?"

"જેણે આપનો સુંદર ચહેરો એક વાર જોયો હોય, તે આપને કદાપિ વિસરી શકે જ નહિ." પહેરેગીર હસીને બોલ્યો: "આપ અહીં એકલાં જ છો કે શું? આપની સાથે રાધાબાઇ પણ હતાં તેની મને ખબર છે. પણ તમે આજે આ બાઈની પાસે ક્યાંથી?"

"શું તું આ બાઇને ઓળખતો નથી ?" રેવા બોલી: "એ બાઇ જમનીની બહેન થાય !"

"હા, એવું કાંઇક ન્યાયાધીશે મારા ઉપરીને કહ્યું હતું ખરું, પણ તે બરાબર મારા સાંભળવામાં આવ્યું નહોતું. જમનીને બહેન છે એવું આજસુધી મારા સાંભળવામાં આવ્યું નહોતું."

રેવા આશ્ચર્યથી બોલી: "એમ કે ? લતિકાદેવી જમનીની બહેન જ છે. વારુ, પણ મારી અને તારી ઓળખાણ ક્યાં થએલી ?"

"જ્યારે અહીંથી થોડે દૂર વીરોત્તમ મહારાજની છાવણી હતી, ત્યારે ત્યાં જમનીની સાથે મેં તમને બન્નેને ઘણી વાર જોઇ હતી. પછી એકાએક ત્યાંથી છાવણી ઉપડી ગઇ અને બધું સૈન્ય સંગમપુર ગયું. તે વખતે મારી નીમણુક આ પાસેના ગામના પહેરેગીર તરીકે થઇ હતી. ત્યારથી હું અહીં જ રહ્યો છું." પેહેરેગીરે પોતાનો ટૂંક વૃત્તાંત કહ્યો અને છેવટે પૂછ્યું: "પણ બાઇ ! આજનો ભયંકર પ્રસંગ કેવી રીતે બન્યો તે તો મને જરા કહે."

"એ સંબંધે તુંએ સઘળું જાણે છે, પછી મારે કહેવા જેવું શું છે ? એ ઉમેદે અમારાં બાઇસાહેબનું ભારે અપમાન કર્યું હતું."

પહેરેગીરે પૂછ્યું: "તું લતિકાદેવીને 'બાઇસાહેબ' કહે છે, એટલે જમનીની નોકરી શું તમે છોડી દીધી છે ?"

"હા, કેટલેક અંશે એમ પણ ખરું." રેવા બોલી: "હાલમાં અમે લતિકાદેવીની સાથે છીએ એટલે અમને આ બનાવથી બહુ જ ખરાબ લાગે છે."

"તમને બહુ દુઃખ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક જ છે; પણ એ લતિકાદેવી શું જમનીનાં જેવાં જ છે કે ?" પહેરેગીરે પૂછ્યું.

"તેમને જોવાની તારી ઇચ્છા હોય તો જોઇ લે." રેવા તેની ચેષ્ટા કરતી બોલી: "તું તેમને જોવાને બહુ ઉત્સુક હોય, તો હું અંદર જઇને થોડી વાર બારણું ખુલ્લું મૂકું છું, તે દર્મિયાન તું તેમને ધરાઇ ધરાઇને જોઇ લેજે !"

"મારે તેમને જોવાની બહુ જ જરૂર છે, કારણકે મારા ઉપરીએ મને એવો હુકમ કર્યો છે કે લતિકાદેવી વિના બીજું કોઇ ઓરડીમાંથી બહાર આવજા કરે તો તેને હરકત કરવી નહિ." પહેરેગીર બોલ્યો: "એટલે જો તેમને એક વાર જોઇ લીધાં હોય તો વાંધો આવે નહિ."

"શું, એ દયાળુ ન્યાયાધીશે એવો હુકમ કર્યો છે ?" રેવા બોલી: "પણ તું હવે તૈયાર રહેજે. હું બારણું ઉઘાડીને અંદર જઇ

છું." એમ બોલીને તેણે બારણું ઉઘાડયું અને તે અંદર ગઇ. એટલામાં લતિકાદેવી અને રેવાની દૃષ્ટિનો મેળાપ થયો, પણ તેની નજર પહેરેગીર તરફ ગઈ નહિ. રેવાએ અમસ્થી એકાદ ચીજ ઉંચકીને બાજુએ મેલી અને પછી થોડી વાર ઓરડીમાં આમથી તેમ જઇને પાછી તે બહાર આવી અને બારણું બંધ કરી વાળ્યું.

આ સઘળું માત્ર ચારપાંચ પળમાં જ બની ગયું. પહેરેગીરને માટે એટલો વખત બસ હતો. પેહેરેગીરે અંદર જોયું, ત્યારે લતિકાદેવી બેઠી હતી અને શાધા તેનો ચોટલો વાળતી હતી. રેવાએ બહાર આવીને પહેરેગીરને પૂછ્યું: "કેમ, તેમને બરાબર જોઇ લીધાં કે નહિ?"

"હા; અહા ! કેવી રમણીય નારી છે ? એવી સ્ત્રીએ ખૂન કર્યું એમ કોઇએ ખરૂં માની શકે નહિ." પહેરેગીરે કહ્યું.

રેવા બોલી: "થવાની વાત થઇ ગઇ ! પણ મને કહે જોઇએ, એ બન્ને બ્હેનોમાં તને કાંઇ ફેરફાર દેખાયો કે ?"

પહેરેગીર આશ્ચર્યથી બોલ્યો: "કેટલીક બાબતોમાં તેઓ સરખી છે, પણ કેટલીક બાબતોમાં તેમની વચ્ચે જમીન આસમાન જેટલો તફાવત છે! સાધારણ રૂપ, શરીરનો બાંધો, ઉંચાઇ વગેરે બન્નેમાં સરખું છે, પરન્તુ રંગમાં બન્ને જૂદી પડે છે. એક દૂધ જેવી ધોળી અને બીજી કાજળ જેવી કાળી !"

રેવા ગંભીર અવાજે બોલી: "જમની એટલે 'જમ'ની પુત્રી, અને લતિકા એટલે ફુલની વેલ જેવી સુંદર અને સુકોમળ !"

"હા, એ બાઇ ખરેખર સુંદર અને સુકોમળ જ છે." પહેરેગીર બોલ્યો: "પણ આજે તેણે કરેલું કૃત્ય તો 'જમ'ની પુત્રીને શોભે તેવું છે !"

રેવા તેના તરફ કિંચિત્ રોષભરી આંખે જોઇને બોલી: "પણ સઘળી હકીકત પૂરેપૂરી જાણ્યા વિના એમ બોલવું એ બરાબર નથી."

"એ તો ખરી વાત." પહેરેગીર બોલ્યો: "પણ મને તો જે ખુલ્લું દેખાયું તે જ મેં કહ્યું છે."

"વારૂ, એ વાત હવે જવા દે." રેવા બોલી: "પણ તારો પહેરો હવે ક્યાંસુધી ચાલશે ?"

"બબ્બે ઘડીએ પહેરો બદલવાનો ઠરાવ થએલો છે. હવે થોડી જ વાર પછી બીજો પહેરેગીર અહીં આવશે અને મને બે ઘડી સુધી આરામ મળશે. વારૂ, પણ એવી ચોકસી કરવાનું કારણ શું છે?"

"કારણ તો કાંઇ નથી; માત્ર સહજ મેં તને પૂછ્યું. પણ હવે

જે નવો પહેરેગીર આવે, તેને લતિકાદેવી અને જમનીના રંગમાં રહેલો ફેરફાર બરાબર સમજાવી દેજે. નહિતો દરેક પહેરેગીરને હું બારણું ઉઘાડીને લતિકાદેવીને જોવા દેવાની નથી, એ સાફ-સાફ કહું છું !" રેવાએ કાંઇક રોષ દર્શાવતાં પહેરેગીરને કહ્યું.

પહેરેગીર બોલ્યો: "હા, એ વાત ખરી છે. લતિકાને તો નહિ, પણ જમનીને તો હું બરાબર ઓળખું છું. તેને ખાતર તું કહે છે તેમ હું કરીશ. હમણાં મારો સોબતી બીજો પહેરેગીર આવશે, તેને હું કહીશ કે આવા આવા સ્વરૂપની સ્ત્રી સિવાય બીજી કોઇને પણ ખુશીથી આવવા-જવા દેવી. જમનીની ઓળખાણ તો મારા સઘળા સોબતીઓને જલ્દી પડી જશે, કારણકે તેમણે તેને પૂર્વે ઘણીએ વાર જોએલી છે."

"પણ લતિકાની ઓળખાણ તું તેને કેવી રીતે આપીશ ?" રેવાએ પૂછ્યું.

પહેરેગીર બોલ્યો: "લતિકાદેવી ગોરા રંગની છે અને તેના વાળ પીળા-સોનેરી છે, પણ જમની કાળા રંગની છે અને તેના વાળ કાળા ભ્રમર જેવા છે !"

"બરાબર, બરાબર ! પણ બીજા પહેરેગીરને એટલું કહેવાનું ભૂલી જતો નહિ હોં કે !" એમ કહીને રેવા રાત્રે જે ઓરડીમાં સૂતી હતી તે ઓરડીમાં ગઇ અને ત્યાંથી કાંઇક વસ્તુ હાથમાં લઇને તે પાછી આવી. પુનઃ પહેરેગીરની સાથે થોડીએક વાતચીત કરીને તે લતિકાદેવીની ઓરડીમાં ગઇ અને તુરત જ દ્વાર બંધ કરી વાળ્યું.

પ્રકરણ ૫ મું.

બીજો પહેરેગીર.

બે ઘડી વ્યતીત થઇ ગઇ અને પહેરેગીર બદલાયો. જાણે કે એક મોટા કિલ્લામાં પહેરો બદલવામાં આવતો હોય, તે પ્રકારની ક્રિયા થઇ. બીજો પહેરેગીર હજી લતિકાની ઓરડીના દ્વાર પાસે ઉભો પણ નહોતો, એટલી વારમાં રેવા એકદમ ઓરડીમાંથી બહાર આવી અને તુરત જ તેણે ઓરડીનું દ્વાર બંધ કરી વાળ્યું.

એ નવો પહેરેગીર રેવાને ઓળખીતો જણાયો. અરસ્પરસ ઓળખીતા હોય તેવી રીતે તે બોલ્યો: "કેમ રેવાબાઇ ! ખુશી મજાહમાં છોને ?"

"અહો! ગુમાનસીંગ! તું અહીં ક્યાંથી?" નવા પહેરેગીરને તત્ક્ષણ ઓળખી કાઢતાં રેવા બોલીઃ "આપણે છેલ્લાં મળ્યાં ત્યારે વીરોત્તમ મહારાજની છાવણીમાં તું જમનીના તંબૂ ઉપર પહેરેગીર હતો, નહિ વારૂ?" રેવાનું અંતર્ એ ઓળખીતા પહેરેગીરને જોઇને આનંદ અને સંતોષથી પુલકિત થવા લાગ્યું.

"અને તે વખતથી હું પાસેના શહેરમાં સિપાઇ તરીકે નોકરીએ રહ્યો છું." ગુમાનસીંગે જણાવ્યુંઃ "પણ રેવા! જોકે હું તને મળવાથી આનંદ પામ્યો છું તોપણ આવા કારણસર આપણો મેલાપ થયો છે એ મને દુઃખદાયક લાગે છે. જમનીને વળી બહેન પણ છે એ તો મેં આજે પહેલવહેલું જ જાણ્યું!"

"ઠીક ઠીક, પણ પહેલા પહેરેગીરે તને કેટલીક વાત કહી હોવી જોઇએ. હા, તે તારી સાથે કાંઇ ધીમી વાતચીત તો કરતો જ હતો તો!" રેવા બોલી.

"હા, તેણે મને સૂચના આપી છે અને તેવી સૂચનાની જરૂર હતી, કારણકે કેદી કેવો છે તે વિષે જ્યાંસુધી પહેરેગીર બીજા પહેરેગીરને સમજુતી ન આપે, ત્યાંસુધી જો કેદી નાસી જતો હોય તો તેને તે ઓળખ્યા વિના અટકાવી શકે પણ નહિ."

"ખરી વાત કહી." રેવા બોલીઃ "ત્યારે તો પહેલા પહેરેગીરે તને એ વાત પણ કહી દીધી હશે કે અત્યારે લતિકાદેવીની પાસે તેની બહેન જમની પણ છે!"

"શું? જમની અહીં છે?" અત્યંત આશ્ચર્યપૂર્વક ગુમાનસીંગ બોલ્યોઃ "ના, જમની પણ અંદર છે એવી વાત તો તેણે મને કહી નથી; પણ એટલું ખરૂં કે જમની બપોરે અહીં તેની બહેનને મળવા આવવાની છે અને તે મેળાપને માટે જ લતિકાને અહીં થોડી વધુ વાર રહેવા દેવાની ન્યાયાધીશે પરવાનગી આપી છે."

"હા, એ પરવાનગીનો હેતુ એ જ છે; પરન્તુ જમની વહેલી આવી પહોંચી છે, એટલે લતિકાદેવીને હવે અહીં બપોરસુધી રોકાવાની પણ જરૂર પડશે નહિ. પહેલાં તો અમે સૌ એમ ધારતાં હતાં કે જમનીને આવતાં બપોર થઈ જશે, પણ અમારી એ ધારણામાં ફેરફાર થયો અને તે વહેલી આવી."

"ત્યારે શું જમની અત્યારે અહીં જ છે કે?" ગુમાનસીંગે ટાંચીને પ્રશ્ન કર્યો.

"હા, મેં હમણાં તને એ જ કહ્યુંને?" રેવાએ ઉત્તર આપ્યો.

“ પહેલા પહેરેગીરે મને એ વાત ન કહી એ નવાઇ જેવું છે, અને વળી બીજા કોઇએ પણ મને તે કહ્યું નથી. હશે, તે મને કહેતાં ભૂલી ગયો હશે, અને હું મારા ઘોડાને ખરેરો કરતો હતો, તે વખતે તે આવી હશે એટલે મારા જોવામાં નહિ આવી હોય.”

રેવા બોલી: “ કદાચ એમ જ બન્યું હશે. પણ જમની આવી ત્યારે પહેરેગીરને તેની ખબર હોવી જોઇએ, છતાં જમનીના આગમનની વાત તેણે તને કહી નહિ, એ તો બહુ જ નવાઇની વાત કહેવાય ! ”

“ શી ખબર ત્યારે ! તેણે મને કહ્યું હશે અને મારૂં ધ્યાન નહિ રહ્યું હોય ! હવે જ્યારે તું કહે છે કે જમની આવી ગઇ છે, ત્યારે હું તેમ માની લઉં છું.” ગુમાનસીંગ બોલ્યો.

“ અત્યારે તો બન્ને બહેનો આંસુનો વર્ષાદ વર્ષાવતી દુઃખના ઉભરા કાઢી રહી છે.” એટલું બોલતાં રેવાની આંખોમાં આંસુ આવી ગયાં. તે આગળ બોલી: “ તું જાણે છે કે બન્ને બહેનોની આ કેવી દુઃખભરી મુલાકાત કહેવાય ? કેવો શોકભર્યો પ્રસંગ ? ”

ગુમાનસીંગ બોલ્યો : “ હા, હું તે જાણું છું. લતિકાદેવીએ બહુ મોટી મોટી આફત વ્હોરી લીધી છે, અને વીરોત્તમ એવો ન્યાયી અને કરડો માણસ છે કે જમની ગમે તેટલી લાગવગ ચલાવશે, તોપણ તે પોતાની બહેનને ખૂનની સજામાંથી બચાવી શકશે નહિ.”

“ પણ મારાં બાઇસાહેબને વીરોત્તમની દયાની આશા છે અને પોતે ખૂન કર્યું હોવા છતાં બચાવના મજબૂત પુરાવા તેમની પાસે છે.”

“ ઇશ્વર કરે ને તે બિચારી બચવા પામે ! એવી તરૂણ કુમારિકાનો સુકોમળ દેહ ફાંસીને લાકડે ચડે એ તે કેમ જોયું જાય ? ” ગુમાનસીંગનું શરીર થરથરી ગયું. તે આગળ બોલ્યો : “ પણ રેવા! લતિકાદેવી જમનીની નાની બહેન થાય કે મોટી બહેન ?

“ તે બન્ને સાથે જન્મેલી છે.” રેવાએ જવાબ આપ્યો.

“ એમકે ? છતાં બન્ને બ્હેનોના સૌંદર્યમાં એટલો બધો તફાવત શાથી ? ”

“ તું તો જમનીને બહેન છે એવું જાણુતો નથી, ને કેવી રીતે જાણ્યું કે બન્નેના સૌંદર્યમાં તફાવત છે ?” રેવાએ સવાલ કર્યો.

“ પહેલા પહેરેગીરે મને બધી વાત કહી છે, અને બન્નેમાં રહેલો તફાવત સમજાવ્યો છે. વળી તેણે પોતે લતિકાને જોવાની તક મેળવી હતી એવું પણ કહ્યું છે. ” ગુમાનસીંગ બોલ્યો.

"હું સમજી. જે કેદી ઉપર પહેરો ભરવાનું તને સોંપવામાં આવ્યું છે તેને જોઇને તારે તેને ઓળખી લેવી જોઈએ. એ મારા ધ્યાનમાં રહ્યું નહિ, પણ લતિકાદેવીએ તો પોતાની મેળે જ પોતાનો ગુન્હો કબુલ કરીને કેદમાં પુરાવાનું પસંદ કર્યું છે, એટલે તે નાસી છૂટવાની કલ્પના પણ ન કરે એ તો તું સમજતો હોઇશ." રેવા બોલી.

"અરે રેવાબાઇ! એ બધી વાત ખરી. હું પણ માનું છું કે પોતાની મેળે કેદમાં પુરાયા પછી લતિકાદેવી નાસી જવાનો વિચાર કરે નહિ, પણ અહીંઆ હું મારી ફરજ બજાવવા આવ્યો છું–પહેરો ભરવા આવ્યો છું, કાંઈ અનુમાનો અને કલ્પનાઓ કરવી એ મારૂં કામ નથી. તેથી કેદી મારા પહેરામાંથી નાસી ન છૂટે તેટલામાટે મારે કેદીના ચહેરાની પિછાણ કરી લેવી જોઇએ. જો પહેલા પહેરેગીરે મને વર્ણન કરીને લતિકાદેવીના ચહેરાની ઓળખાણ ના આપી હોત, તો ઓરડીની અંદર પેસીને લતિકાદેવીને સંપૂર્ણ રીતે નિહાળી લેવાની દુઃખદાયક ફરજ મારે વિનાછૂટકે બજાવવી પડત. અને રેવા! પહેલા પહેરેગીરે મારી સાથે વાતચીત કરવામાં જે વખત ગાળ્યો હતો, તે નકામાં ગપ્પાં સપ્પાં માર્યાં હતાં, એમ શું તું સમજે છે?"

રેવા કાંઇક ઓશિયાળું મ્હોં કરીને બોલીઃ "મને માફ કર, ગુમાનસીંગ! તારા વર્તન વિષે મારાથી જરા પણ અપમાનની લાગણી દર્શાવી જવાઇ હોય, તો હું તારી ક્ષમાની પ્રાર્થના કરૂં છું. મારાં બાઈ-સાહેબ તરફથી હું તારી અને તારા મિત્ર પહેલા પહેરેગીરની વર્તણુકની પ્રશંસા કરૂં છું. તમારી આ પ્રશંસાપાત્ર વર્તણુક વિષે હું જમનીને પણ કહીશ કે જેથી જ્યારે તેને વીરોત્તમ મહારાજની મુલાકાત લે-વાનો પ્રસંગ આવે ત્યારે તે વિષે તે તેમને કહી શકે. પરન્તુ હવે જ્યારે તું વર્ણનવડે લતિકાને ઓળખી શકયો છે, ત્યારે તો લતિકા અને જમની વચ્ચે જે મુખ્ય વિરોધયુક્ત તફાવત રહેલો છે તે વિષેની તારી ટીકાથી હું જરા પણ આશ્ચર્ય પામીશ નહિ."

"પહેલા ચોકીદારે મને લતિકાનું કવિત્વયુક્ત વર્ણન કરી બતા-વ્યું છે. તેણે મને કહ્યું છે કે ખુદ જમનીના કાળા વર્ણ અને કાળા વાળને બદલે જો સુંદર ગૌર વર્ણ અને સોનેરી વાળની કલ્પના કર-વામાં આવે, તો તે જ લતિકા પોતે છે એમ સમજી લેવું."

રેવા પોતાના સ્મિતને દબાવીને બોલીઃ "વાહ! એ તો ખરે-ખરૂં વર્ણન છે અને વળી ટુંકું મજેનું વર્ણન છે!"

એ જ ક્ષણે ઓરડીનું દ્વાર થોડું ઉઘડયું અને રાધાનું વદન દેખાયું. રાધાએ રેવાને કહ્યું: " રેવા! ચાલ અંદર આવ. જમનીબાઇ હવે અહીંથી પ્રસ્થાન કરીને સંગમપુર જવાની તૈયારી કરે છે. તેમનો વિચાર ત્યાં જઇને વીરોત્તમ મહારાજ પાસે લતિકાદેવીને માટે ક્ષમા માંગવાનો છે, પરન્તુ અહીંથી નીકળ્યા પહેલાં તેમનો ઇરાદો તને કેટલીક સૂચનાઓ આપવાનો છે."

રેવા એકદમ અંદર ગઇ અને થોડી વાર રહીને તે તથા રાધા રડતી રડતી પાછી બહાર આવી. ગુમાનસીંગે તેમને રડતી જોઇને પૂછ્યું: " કેમ રડો છો? રડવા જેવો શું કાંઈ નવો પ્રસંગ બન્યો છે?"

રેવા આંખો લૂછતી બોલી: " અહા! એ બન્ને બહેનોનાં આંસુ જોઇને અમારાથી ધીરજ રાખી શકાતી નથી. જમનીબાઈ જવાને તૈયાર થયાં છે અને બન્ને બહેનો એક બીજીને ભેટીને ઝાર ઝાર રડે છે!"

ગુમાનસીંગ બોલ્યો: " આવે પ્રસંગે તો બન્ને બહેનોને છૂટાં પડતાં રડવું આવ્યા વિના કેમ રહે? હવે વીરોત્તમ મહારાજ તરફથી લતિકાદેવીને ક્ષમા મળે એટલું જ ઇચ્છવાનું છે! પ્રભુ તેના પર દયા કરો!"

એ જ ક્ષણે જમની ઓરડીમાંથી બહાર નીકળી. ખરેખર, પૂર્વપરિચિત કૃષ્ણવર્ણીય રમણી જ તે પોતે હતી. તેના વદન ઉપર ઊંડી ગમગીનીની છાપ પડેલી હતી, પરન્તુ આંસુની નિશાનીઓ દેખાતી નહોતી. તે ઓરડીમાંથી બહાર નીકળી કે તુરત જ તેણે પોતાની મેળે દ્વાર બંધ કરી વાળ્યું અને અત્યંત માયાળુતાથી તેણે ગુમાનસીંગના નમનનો સ્વીકાર કર્યો. જરા આગળ જઇને તેણે રેવા તથા રાધાને કહ્યું: " હવે હું અહીંથી સંગમપુર જઉં છું, અને ત્યાં લતિકાદેવીને માટે મહારાજા વીરોત્તમ પાસે હું ક્ષમાની પ્રાર્થના કરીશ. એ ઉદાર અને કૃપાળુ મહારાજા ક્ષમા આપશે એવો મને ભરોસો છે, માટે તમે શોક કરશો નહિ અને લતિકાને શોક કરવા દેશો નહિ. હવે તમે લતિકાની પાસે જઇને બેસો અને તેને આશ્વાસન આપો."

રેવા અને રાધા જમનીને નમન કરીને તેની આજ્ઞા શિરે ચડાવી પાછી ઓરડીમાં ગઇ. જમનીની નજર જતાં જતાં ગુમાનસીંગપર પડી અને તે બોલી: " ગુમાનસીંગ! રેવાએ મારી પાસે તારી પ્રશંસા કરી છે અને તારા ઉચ્ચ વર્તનનાં વખાણ કર્યાં છે. હું તારી તે ઉદારતાને ભૂલીશ નહિ અને તે વિષે મહારાજા વીરોત્તમને કહીશ."

ગુમાનસીંગે ઉપકારવશ થઇને પુનઃ નમન કર્યું અને કહ્યું: "આપની કૃપા છે તો મારે મન ઘણું છે. હવે પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે કે તમારો સંગમપુરના પ્રવાસનો હેતુ સફળ થાય અને લલિતિકાદેવીને ક્ષમા મળે!"

"પ્રભુ તારી તે પ્રાર્થના સાંભળો!" એમ કહી જમની ચાલતી થઇ. જતાં જતાં તેણે પોતાનાં તેજસ્વી નેત્રોમાંથી ગુમાનસીંગ ઉપર સ્નેહની ધારા વર્ષાવી અને ગુમાનસીંગ તેથી સ્તબ્ધ થઇને ચિત્રવત્ ઉભો રહ્યો. જમનીની કૃપાળુતાથી તેના સંતોષ અને આનંદનો અતિરેક થઇ ગયો હતે

પ્રકરણ ૬ ઠું.

ધર્મશાળાની પરશાળમાં.

જે વખતે ધર્મશાળાની પાછળના ભાગમાં આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે બનાવ બની રહ્યો હતો, તે વખતે તેના આગળના ભાગમાં એક પરશાળમાં કાંઇ જૂદો જ પ્રકાર ચાલી રહ્યો હતો. ન્યાયાધીશ અને તેની સાથેના લશ્કરી અધિકારીઓ પોતાના ઘોડાને માટે દાણાપાણીની વ્યવસ્થા કરીને તે પરશાળમાં આવ્યા. ત્યાં બળવંતસિંહ અને અલકકુમારી બેઠાં હતાં. ન્યાયાધીશને બળવંતસિંહે સન્માન આપ્યું અને બેસવા માટે એક આસન લાવી આપ્યું. ન્યાયાધીશે બળવંતસિંહને કહ્યું: "સાહેબ! આપને પ્રવાસમાં આવું વિઘ્ન નડયું એ જોઇને મને બહુ જ ખરાબ લાગે છે. કાયદા પ્રમાણે આપને મારે કેટલુંક પૂછવાનું છે, તો હું પૂછું તેનો આપ કૃપા કરીને ઉત્તર આપશો?"

"હા ઘણી જ ખુશીથી ઉત્તર આપીશ. આપ ખુશીથી પૂછો." બળવંતસિંહે કહ્યું.

કાગળ, ખડીઓ, કલમ વગેરેની સઘળી તૈયારી કરીને ન્યાયાધીશે પૂછયું: "તમારૂં નામ સરદાર બળવંતસિંહ અને તમે ગુજરાતના એક મોટા સરદાર છો, નહિ વારૂ?"

"જી હા." બળવંતસિંહે ઉત્તર આપ્યો.

"આપનું નામ મને આપના સેવકોએ કહ્યું છે. પણ આપની સાથેના બખ્તરવાળા ગૃહસ્થનું નામ તેઓ જાણતા નથી, તો આપ કૃપા કરીને તેનું નામ મને કહેશો?" ન્યાયાધીશે પૂછયું.

"સાહેબ! ગઈ કાલે રાત્રે બનેલા ભયંકર બનાવ સાથે એ બખ્તરવાળા ગૃહસ્થનો કાંઇ જ સંબંધ નથી, એવું હું ખાત્રીથી કહું છું. કેટલાંક મહત્ત્વનાં કારણોથી મારા એ મિત્રને અજ્ઞાતવાસમાં જ રહેવું પડે છે તેથી આપ તેનું નામ ગામ વગેરે ન પૂછો તો ઘણું સારૂં."

"પણ એવી રીતે સરકારી કામમાં વચ્ચે આવીને હરકત કરવાનો જે કોઇ પ્રયત્ન કરે, તેને પણ અપરાધી સમજવાનો કાયદાનો કાનૂન છે એ તો આપ જાણતા જ હશો." ન્યાયાધીશ બોલ્યો: "હું આપને વિશ્વાસપૂર્વક કહું છું કે હું આપના સોબતીનું નામ કોઇને પણ કહી દઇશ નહિ. તમારી અને તેમની વચ્ચે જ્યારે ઓળખાણ છે, ત્યારે તેમનું નામ માત્ર મને કહો, એટલે બસ."

બળવંતસિંહ બોલ્યો: "મારા એ સોબતીનો ચહેરો મેં પણ હજીસુધી જોયો નથી. મારૂં આ કથન કદાચ આપને ચમત્કારિક જણાશે, પરન્તુ હું એટલું તો ખાત્રીથી કહું છું કે તે અત્યંત ઉદાર અંતઃકરણનો અને અત્યુત્તમ લડવૈયો છે."

"એ સઘળું ખરૂં હશે!" ન્યાયાધીશ બોલ્યો: "પણ મારે મારૂં કામ રીતસર કરવું જ જોઇએ. તેનું નામ, ગામ, ધંધો વગેરે સર્વ વાત મારે જાણવી જ જોઇએ."

"પણ જે પ્રવાસીનો એક બનાવ સાથે જરા પણ સંબંધ નથી, તેને માટે નિષ્કારણ આટલી બધી ચોકસી કરવાનું વળી કયા કાયદામાં કહ્યું છે?" બળવંતસિંહે પૂછ્યું.

"સરદાર સાહેબ! આ ધર્મશાળામાં ખૂન થયું છે. તે ખૂન કરનારી સ્ત્રી તમારી અને તમારા સોબતીની સંગાથે આવી છે. રાત્રે ખૂન શામાટે અને કેવી રીતે થયું તે શોધી કાઢવાનું મારૂં કામ છે. કદાચ આ તમારા સોબતીને જ કાંઇક વિશેષ માહિતી હોય એ શું બનવાજોગ નથી? તેટલામાટે હું એક વાર ફરીથી આપને કહું છું કે એ આપના બખ્તરવાળા મિત્રનું નામઠામ મારે સંપૂર્ણ રીતે જાણવું જોઇએ."

અલકકુમારી અત્યારસુધી કેવળ સ્તબ્ધ બેસી રહી હતી. બળવંતસિંહ પોતાના સંબંધમાં કાંઇ પણ હકીકત કહી શકશે નહિ, એવું જાણીને તેણે પોતે જ ન્યાયાધીશને કહ્યું: "મહારાજ! મને આજના બનાવ સંબંધે કાંઇ પણ ખબર નથી. તોપણ લતિકાદેવીના કૃત્યને માટે સ્વાભાવિક રીતે જ કોઇને પણ દયા આવ્યા વિના રહે નહિ. મને પોતાને તો તેની બહુ જ દયા આવે છે. કાંઇ પણ ગંભીર પ્રસંગ

ઉભો થયા વિના તેણે આવું ભયંકર કામ કર્યું ન હોય, એવી મારી પુર્ણ ખાત્રી છે.”

“આપના અવાજ ઉપરથી આપ નવજુવાન હો એવું સ્પષ્ટ જણાય છે.” ન્યાયાધીશ બોલ્યોઃ “ પણ જો આપનું નામ–ઠામ આ સરદાર સાહેબથી પણ છૂપું રાખવાની આપની ઇચ્છા હોય, તો તે મને એકલાને જ કહો, નહિતો આ કાગળ ઉપર લખી આપો.”

“ઠીક છે.” અલકકુમારી બોલીઃ “તેમ કરવાને તો મને કાંઇ જ હરકત નથી.”

તેના આ શબ્દો સાંભળીને બળવંતસિંહને બહુ જ આશ્ચર્ય લાગ્યું. જે વાત તે બખ્તરવાળો વીર પુરૂષ પોતાને કહેવા ઇચ્છતો નથી, તે જ વાત તે એ ન્યાયાધીશને શામાટે કહે છે? એ વિષે તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. એટલામાં પહેલા પહેરેગીરે ન્યાયાધીશના કાનમાં કાંઇકિ વાત કહી. તે સાંભળતાં જ તે ઉભો થયો અને બોલ્યોઃ “ જરા થોભો, હું જરા ત્યાં જઈ આવું.”

ન્યાયાધીશ ગયો એટલે અલકકુમારી બોલીઃ “ ઘણુંકરીને વીરોત્તમના જાસૂસો મારી શોધમાં નીકળ્યા હોવા જોઇએ. કાંતો તે ત્રણ કેદીઓ નાસી ગયાની બાતમી અહીં આવી હશે એમ હું ધારૂં છું.”

બળવંતસિંહ ધૈર્યપૂર્વક બોલ્યોઃ “ ગમે તેવો પ્રસંગ આવે, પરન્તુ તું મારી મૈત્રી ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખજે.”

અલકકુમારી બોલીઃ “ આપના ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે; તથાપિ મારૂં નામ–ઠામ આપને નહિ કહેતાં હું તે ન્યાયાધીશને કહેવાને તૈયાર થયો, તેનું કારણ કેવળ જૂદું જ છે. તે માટે આપ આપના મનમાં જરા પણ સંશય લાવશો નહિ. હવે બહુ થોડો વખત બાકી રહ્યો છે. સ્વલ્પ સમય પછી હું આપની પાસે સઘળો ખુલાસો કરીશ.”

“ના, ના, તારા સંબંધે મારા મનમાં જરા પણ ગેરવિશ્વાસ ઉત્પન્ન થયો નથી. તારે માટે મારા અંતઃકરણમાં સ્વલ્પ પણ વિષમતા નથી.” બળવંતસિંહ બોલ્યો.

એટલામાં ન્યાયાધીશ અને તેની સાથેનો લશ્કરી અધિકારી એમ બે જણા ત્યાં આવી પહોંચ્યા. તેમની સાથે પુષ્કળ સિપાઇઓ આવેલા હતા, પરન્તુ તેઓ પરશાળની બહાર જરા દૂર ઉભા હતા. અલકકુમારી અને બળવંતસિંહના ધ્યાનમાં એ સઘળું તુરત આવી ગયું. ન્યાયાધીશે અલકકુમારી તરફ આંગળી કરીને કહ્યુંઃ “ જુઓ, આ રહ્યો તમારો કેદી!”

એ શબ્દો ન્યાયાધીશના મુખમાંથી બહાર પડયા–ન પડયા એટલામાં તો અલકકુમારીએ પોતાની તલવારપર હાથ નાંખ્યો; પરન્તુ તે પહેલાં તો બળવંતસિંહની તલવાર મ્યાન બહાર નીકળી ચૂકી હતી.

ન્યાયાધીશ બોલ્યો: "તમારા સોબતીને કેદ કરવાની મને જરૂર છે, અને જો તમે કાંઇ ગરબડ કરશો તો મારી પાસે પણ દશ–વીશ હથિયારબંધ સિપાઇઓ છે."

"ખરી વાત! ન્યાયાધીશ સાહેબ! હું આપને સ્વાધીન છું." એમ કહીને અલકકુમારીએ પોતાની તલવાર ન્યાયાધીશની સામે ધરી.

"પણ તેને પકડવાનું તમને શું કારણ મળ્યું છે, તે મારે સૌથી પહેલાં જાણવું જોઇએ." બળવંતસિંહે ગર્જના કરતાં પૂછયું. તે વખતે સ્પષ્ટ જોઈ શકાતું હતું કે બળવંતસિંહ એ હથિયારબંધ સિપાઇઓથી જરા પણ બ્હીતો નહોતો.

"જો આપની તેવી જ ઇચ્છા હોય તો સાંભળો." એક કાગળ તરફ જોઇ રહીને ન્યાયાધીશ બોલ્યો: "ત્રણ રાજકીય કેદી સંગમપુરથી નાસી ગયા છે, તેમને નાસી જવામાં મદદ કરનાર કોઇ બખ્તરવાળો પુરૂષ હતો. તેણે તે બખ્તર પણ તે કિલ્લામાંથી જ ચોરી લીધું હતું. તે વખતે એ કેદીઓ ઉપર જે પહેરેગીર હતો, તેણે તે બખ્તરનું બરાબર વર્ણન કર્યું છે. તે માણસને શોધવાને ચારે દિશાએ જાસૂસો ફરતા રહ્યા છે, અને તેમાંનો એક અત્યારે અહીં આવી પહોંચ્યો છે. આ પત્રમાં લખ્યા પ્રમાણે આ બખ્તરનું વર્ણન અક્ષરશઃ મળી રહે છે. તેટલામાટે મારૂં કામ બજાવતાં તમે અડચણ કરશો નહિ, એવી મને ખાત્રી છે."

અલકકુમારીની આગળ ઉભો રહીને બળવંતસિંહ બોલ્યો: "જ્યાંસુધી હું જીવતો છું, ત્યાંસુધી એ પુરૂષને હું તમને પકડવા દઇશ નહિ! ચાહે તો મારી સાથે લડો અને મને મારીને તમે તેને પકડી જૂઓ!"

ન્યાયાધીશે પોતાની સાથેના લશ્કરી અમલદાર તરફ જોઇને કહ્યું: "જો એમ હોય, તો આપણા માણસોને અહીં બોલાવો."

પણ તે વખતે એ લશ્કરી અમલદારનું ધ્યાન કોઇ બીજી દિશાએ વળેલું હતું. તે અત્યારે એકીટસે બળવંતસિંહ તરફ જોઇ રહ્યો હતો. ન્યાયાધીશના આ શબ્દો સાંભળીને તે બોલ્યો: "જરા થોભો!" પછી તે ન્યાયાધીશનો હાથ પકડીને તેને એક બાજુએ લઇ ગયો.

તેના આવા ચમત્કારિક વર્તનથી આશ્ચર્ય પામીને ન્યાયાધીશે પૂછયું: "સરકારી કામમાં તમે આમ શામાટે કરો છો?"

બળવંતસિંહના હાથ તરફ આંગળી કરીને તે લશ્કરી અધિકારીએ ન્યાયાધીશને કહ્યું: "પેલી વીંટી જોઇ કે?"

ન્યાયાધીશની નજર પણ હવે તે વીંટી ઉપર ગઇ અને તે બોલ્યો: "હા, એ તો ખરૂં!"

એમ બન્ને જણાના વર્તનમાં એકાએક શાથી ફેરફાર થઇ ગયો એ બળવંતસિંહના લક્ષમાં તુરત આવી ગયું. તેણે ખાસ પોતાની તલવારવાળો હાથ એવી રીતે રાખ્યો હતો કે તેથી હાથમાંની વીંટી તે બન્ને જણની નજરે પડયા વિના રહે નહિ. એ વીંટી જોતાં જ તે બન્ને જણને વિચાર થઈ પડયો કે હવે શું કરવુ? લશ્કરી અમલદારે ન્યાયાધીશને ધીમેથી પૂછ્યું: "હવે આગળ શું કરવું?"

"હવે આપણાથી કાંઇ જ કરી શકાશે નહિ. આ વીંટીની આગળ દરેક હુકમ રદ બાતલ થઇ જાય છે." ન્યાયાધીશ બોલ્યો.

લશ્કરી અમલદાર બોલ્યો: "મારો પણ એવો જ અભિપ્રાય છે."

બળવંતસિંહ પાસે કાંઇ પણ ચમત્કારિક પદાર્થ રહેલો છે અને તેથી કરીને તે બન્ને ઉપર જાદૂની પેઠે કાંઇક વિલક્ષણ અસર થવા પામી છે એવું અલકકુમારીના જાણવામાં આવી ગયું. હવે પોતા ઉપરનું સંકટ દૂર થઇ ગયું એવું જોઇને તેનું ચિત્ત શાન્ત થયું.

ન્યાયાધીશ પુનઃ બળવંતસિંહની પાસે આવીને બોલ્યો: "સરદાર સાહેબ! જે અજાણ્યા માણસે વીરોત્તમ મહારાજનો અપરાધ કર્યો છે, તેને અમારે કેદ કરવો નહિ એવી શું આપની ઇચ્છા છે?"

"જેના રક્ષણને અર્થે હાથમાં શસ્ત્ર લઇને હું ઉભો રહ્યો હોઉં તેને તમારાથી કેદ કરી શકાશે જ નહિ." બળવંતસિંહ બોલ્યો.

"પણ આપ જે માર્ગ સ્વીકારો છો તે બરાબર છે કે નહિ, તે સંબંધે આપે સંપૂર્ણ વિચાર તો કર્યો છે ને?" લશ્કરી અમલદારે પૂછ્યું.

"મેં એક વાર કરેલો નિશ્ચય કદાપિ ફરતો જ નથી." બળવંતસિંહે નિશ્ચયપૂર્વક જણાવ્યું.

"ઠીક છે!" ન્યાયાધીશ બોલ્યો: "મારા શિરપરથી એટલો બોજો ઓછો થયો, તે જ ઠીક થયું. જમાદાર સાહેબ! આપ આપના માણસોને હવે ચાલ્યા જવાનું કહો."

જમાદાર બોલ્યો: "બહુ સારૂં. હું આપની આજ્ઞા પ્રમાણે જ વર્તું છું."

પછી ન્યાયાધીશે અલકકુમારી તરફ જોઇને બળવંતસિંહને કહ્યું:

" સરદાર સાહેબ ! મારૂં માનો તો આપ હવે ઉતાવળે આપને માર્ગે પડો ! કારણકે ન્યાયના કામમાં આપે હરકત કરી એ વાત કાને પડતાં જ વીરોત્તમ મહારાજ અત્યંત ક્રોધાતુર થઇ જશે. "

બળવંતસિંહ કાંઇ ઉત્તર આપવા જતો હતો, એટલામાં તો પેલો લશ્કરી અમલદાર પાછો ત્યાં આવ્યો અને ન્યાયાધીશને કહેવા લાગ્યોઃ " જમની પોતાની બ્હેનને મળીને હમણાં જ પાછી ગઈ. હવે હું પણ મારા કેદીને લઇને જઉં ને ? "

" હા, ભાઇ ! જાઓ. હવે તે લતિકાદેવીને અહીં રાખવાની બિલકુલ જરૂર નથી." ન્યાયાધીશે કહ્યું.

" કોણ ? જમની અહીં આવી છે ? " બળવંતસિંહે આશ્ચર્યથી પૂછ્યું.

" હા. " લશ્કરી અમલદાર બોલ્યોઃ " તે અહીં આવીને ગઇ, તેને હજી થોડો જ વખત થયો છે. "

" ત્યારે મારે લતિકાદેવીને જરા એકાન્તમાં મળવું છે, જમાદાર સાહેબ ! તે જો મને મળવાને ખુશી હોય તો તે વિષે તપાસ કરીને કૃપા કરીને મને જણાવો. " બળવંતસિંહ બોલ્યો.

ન્યાયાધીશ બોલ્યોઃ " હું પોતે જ તે માટે તપાસ કરીને તમને જણાવું છું. "

ન્યાયાધીશ એટલું કહીને બહાર ગયો. જમાદાર ત્યાં જ હતો. બળવંતસિંહ અત્યંત ગૂઢ વિચારમાં નિમગ્ન થયો હતો. જમનીનું નામ સાંભળતાં જ બળવંતસિંહને થયેલો આનંદ અલકકુમારીએ જોયો હતો.

થોડી જ વારમાં ન્યાયાધીશ અત્યંત ગભરાએલી સ્થિતિમાં ત્યાં પાછો આવ્યો. તેણે રેવા અને રાધાને પોતાની આગળ ખેંચી આણી હતી. તે બન્ને દાસીઓના ચહેરા ઉત્સાહથી ભરેલા દેખાતા હતા. પોતા ઉપર કેવું સંકટ આવ્યું છે તેની તેમને બિલકુલ ફીકર જણાતી નહોતી ન્યાયાધીશને ગભરાએલો જોઇને જમાદારે પૂછ્યુંઃ " કેમ, વળી કાંઇ નવીન પ્રકરણ ઉપસ્થિત થયું છે કે શું ? "

ક્રોધથી થરથરતો ન્યાયાધીશ બોલ્યોઃ " લતિકા નાસી ગઇ ! આપણો ખૂની કેદી છટકી ગયો ! ! "

પ્રકરણ ૭ મું.

રેવા અને રાધા–આગળ પ્રવાસ.

એ સાંભળતાં જ અલકકુમારી અને જમાદાર એ બન્ને જણ આશ્ચર્યથી ચમકી ગયાં. પણ બળવંતસિંહને કાંઇ આશ્ચર્ય લાગ્યું નહિ, જાણેકે એવો કાંઇ બનાવ બનશે એવું તે અગાઉથી જાણતો હોયની! ન્યાયાધીશ ક્રોધપૂર્વક બોલ્યોઃ "પણ એથી શું થઇ ગયું? ખૂનીને મદદ કરનારાઓને પણ પ્રત્યક્ષ ખુન કરનારા પ્રમાણે જ શિક્ષા ભોગવવી પડશે!"

જમાદારે પૂછ્યુંઃ "પણ નાસી ગએલી સ્ત્રીને પકડવા માટે આપે કાંઇ પ્રયત્ન કર્યો કે નહિ?"

"હું એટલા બધા ગભરાટમાં પડી ગયો છું કે અત્યારે મને કાંઇ સુજતું જ નથી." ન્યાયાધીશે જણાવ્યું.

જમાદાર બોલ્યોઃ "ત્યારે પછી હું મારાં લશ્કરી માણસોને આસપાસમાં તપાસમાટે મોકલી દઉં છું અને તેને હમણાં પકડાવી મંગાવું છું."

"જરા ઉભા રહો!" ન્યાયાધીશ બોલ્યોઃ "પણ પહેલાં લતિકાદેવી ઉપર જે સિપાઇઓ પહેરો ભરતા હતા તે સઘળાને મારી પાસે મોકલો."

"એ પણ ખરી વાત. હું હમણાં તેમને તમારી પાસે મોકલું છું." એમ કહીને જમાદાર બહાર ગયો. ત્યારપછી કેટલીક વાર-સુધી સર્વ કોઇ શાન્ત બેસી રહ્યા. પછી ન્યાયાધીશે રેવા અને રાધાને કહ્યુંઃ "છોકરીઓ! તમારી બાઇ કેવી રીતે નાસી ગઇ એની ખરે-ખરી વાત કહી દો, નહિતો તેનું શું પરિણામ આવશે તે તમે જાણો છો કે?"

દૃઢ નિશ્ચયપૂર્વક રેવા બોલીઃ "સાહેબ! આપનું અપમાન કરવાની અમારી ઇચ્છા નથી. પરન્તુ અમે સાફ–સાફ કહીએ છીએ કે અમે તે વિષે એક અક્ષર પણ કોઇને કહીશું નહિ!"

રાધા બોલીઃ "જો ખરી વાત આપના જાણવામાં આવે, તો તેથી અમારાં બાઇસાહેબને અત્યંત નુકસાન થવાનો સંભવ છે. આજના આ એકંદર પ્રકરણથી જોકે અમને અત્યંત ખરાબ લાગે છે, તોપણ અમે તે વિષે કાંઇ પણ જવાબ આપીશું નહિ!"

ન્યાયાધીશે પૂછ્યુંઃ "પણ આ ખૂન સંબંધે તમને કાંઇ ખબર છે?"

"ના; એ ખૂન શામાટે થયું તે વિષે અમને જરા પણ ખબર નથી." રેવા બોલી: "પણ અમારાં બાઇસાહેબને કાંઈ અગત્યનું કારણ મળ્યા સિવાય તે આવું ખૂન કરે નહિ, એવી અમારી પક્કી ખાત્રી છે."

એટલામાં જમાદાર ચાર સિપાઇઓને લઇને ત્યાં આવ્યો. એ ચાર જણાએ તેના ઉપર સ્હવારથી પહેરો ભરવા માંડયો હતો. તેમાંના બે સિપાઇઓએ આગલે બારણે અને બે સિપાઇઓએ પાછલે બારણે પહેરો ભર્યો હતો. તેઓને આવેલા જોતાંજ ન્યાયાધીશે તપાસની શરૂઆત કરી. પાછલે બારણે પહેરો ભરનારને તો કાંઇ જ ખબર નહોતી, તે વિષે ન્યાયાધીશની ખાત્રી થતાંજ તેણે આગલે બારણે પહેરો ભરનારા પહેલા ચોકીદારને સવાલો પૂછવા માંડયા અને તેના જવાબોમાં તેણે કહ્યું: "રેવાની સાથે મેં લતિકાદેવી સંબંધી કેટલીક વાતચીત કરી હતી એ વાત ખરી; તે વખતે તેણે ખાસ ઓરડીનું બારણું ઉઘાડીને લતિકાદેવી કેવી છે એ મને બતાવ્યું હતું; પણ જ્યાંસુધી હું પહેરાપર હતો, ત્યાંસુધી જમનીને મેં ત્યાં આવેલી જોઇ નહોતી. પરંતુ એવું હું સોગંદપૂર્વક કહીશ નહિ, કારણકે હું રેવાની સાથે વાતચીત કરતો હતો, તે વખતે જો કદાચ મારી નજર ચુકાવીને તે અંદર ગઇ હોય, તો તેની મને ખબર નથી."

બીજો પહેરેગીર બોલ્યો: "મારે પણ રેવાની સાથે એ બન્ને બહેનો સંબંધે વાતચીત થઇ હતી, ત્યારે રેવાએ મને કહ્યું હતું કે 'અંદર બન્ને બહેનો વાતચીત કરી રહી છે.' જમની ક્યારે આવી તેની મને જરા પણ ખબર નહોતી એવું સાંભળીને રેવાને બહુ જ આશ્ચર્ય થયું હતું. જમની ઓરડીમાંથી બહાર નીકળી હતી એ મેં બરાબર જોયું હતું, અને મેં તેની સાથે વાતચીત પણ કરી હતી! પણ લતિકાદેવીને ઓરડીમાંથી બહાર નીકળતી મેં કોઇ વાર પણ જોઇ નહોતી."

પછી ધર્મશાળાના રખેવાળને અને તેની સ્ત્રીને ન્યાયાધીશે અનેક આડાતેડા સવાલો પૂછયા, પણ તેઓ પણ કાંઇ સ્પષ્ટ ખુલાસો કરી શક્યાં નહિ. રખેવાળે કહ્યું: "જમનીને અમે ઓળખીએ છીએ. પોતાની બહેનને મળીને તે પાછી ફરતી હતી, ત્યારે અમે તેના ખુશીખબર પૂછયા હતા. તેણે હસતાં હસતાં આનંદપૂર્વક જવાબ આપ્યો હતો અને પછી તે તુરત ચાલી ગઇ હતી."

રખેવાળની સ્ત્રી બોલી: "મેં જે તપાસ કરી છે, તે ઉપરથી મને એવું માલૂમ પડયું છે કે જમનીને કોઇએ આવતાં જોઈ નથી પણ જતાં તો ઘણાએ જોઈ છે."

એ પ્રમાણે સૌની જબાની લીધા પછી ન્યાયાધીશ બોલ્યોઃ "જર્મનીને આવતાં કોઇએ જોઈ નથી તેનું કારણ એ હશે કે તે ઘણું કરીને ગુપચુપ આવી હશે. તેનો વિચાર એવો હશે કે પાછા જતી વખતે પણ ગુપચુપ ચાલ્યા જવું, પરન્તુ આ રખેવાળે તેને મળીને ખુશીખબર પૂછ્યા હશે એટલે બીજાઓનું પણ તેના તરફ ધ્યાન ગયું હશે. ઘણુંકરીને તે પગે ચાલતી આવી હશે!"

"જો તે ઘોડા ઉપર આવી હોત તો કદાચ તેનો ઘોડો પાસેની ઝાડીમાં બાંધેલો હશે." રખેવાળ બોલ્યો.

"કદાચ લતિકાદેવીને માટે તેણે આણેલો બીજો ઘોડો પણ ત્યાં જ બાંધેલો હશે." રખેવાળની સ્ત્રી બોલી.

"પણ તે ઉપરથી આપણી તપાસને શો ફાયદો થવાનો છે?" જમાદાર બોલ્યો.

ન્યાયાધીશ બોલ્યોઃ "હું પણ તે જ કહું છું ને! પણ છોકરીઓ! હું પુનઃ કહું છું કે તમે તમારી હઠ છોડી દો. તમારી આ હઠથી બીજાઓ ઉપર સંકટ આવી પડશે. મને લાગે છે કે આ બન્ને પહેરેગીરોમાંથી કોઈ પણ એક જણે લાંચ ખાઇને લતિકાદેવીને નાસી જવા દીધી હોવી જોઇએ."

પહેલો પહેરેગીર બોલ્યોઃ "કેમ રેવા! હું નિર્દોષ છું. તે તો તું જાણે છે જ ને?!"

બીજો પહેરેગીર ગભરાઇને બોલ્યોઃ "અને હું તદ્દન નિર્દોષ છું, તે માટે તું શું ખાત્રી નહિ આપે?"

રેવા દૃઢતાથી બોલીઃ "ન્યાયાધીશ સાહેબ! આ બન્ને પહેરેગીરો બિચારા નિર્દોષ છે. આ બન્ને જણની સાથે વાતચીત કરવામાં વખત ગાળવાનો મારો હેતુ એવો જ હતો કે જેથી મારાં બાઇસાહેબને નાસી છુટવાની યોગ્ય તક મળવા પામે. તેટલામાટે આ બાબતમાં હું એકલી જ માત્ર ગુન્હેગાર છું."

"નહિ, નહિ, બ્હેન! તું શામાટે? મેં પણ તારી યુક્તિને મદદ કરી છે, માટે તારી સાથે હું શિક્ષા ભોગવવાને તૈયાર છું." રાધાએ કહ્યું. એમ કહીને એ બન્ને જણીઓ એક બીજીને વળગી પડીને રડવા લાગી. તેમની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી.

કેટલીક વાર સુધી કોઇ કાંઇ બોલ્યું નહિ. છેવટે બળવંતસિંહ બોલ્યોઃ "ન્યાયાધીશ સાહેબ! આ બન્ને જણીઓએ આ પ્રમાણે પોતાની બાઇની સેવા ઉત્તમ રીતે બજાવી છે, તેને માટે તેમને શિક્ષા થશે કે શું?"

ન્યાયાધીશ બોલ્યો: "આ વખતે મને નિર્દય થયા વિના ચાલવાનું નથી, કારણકે તેમનો આ ગુન્હો કાંઇ નાનો સૂનો નથી. મારે કાયદા પ્રમાણે વર્તવું જ જોઇએ-"

પરન્તુ એમ બોલતાં બોલતાં વચમાં ન્યાયાધીશ અટકી ગયો, કારણકે બળવંતસિંહ જાણીજોઇને પોતાના હાથમાંહેની વીંટીની સાથે રમત કરી રહ્યો હતો એ બાબત તરફ તેનું લક્ષ ગયું. તેમ કરવાનો તેનો ઉદ્દેશ સમજીને ન્યાયાધીશ બોલ્યો: " સરદાર સાહેબ ! એમના સંબંધમાં પણ આપને વચ્ચે આવવાની મરજી છે કે શું ? "

"હા." બળવંતસિંહ આજ્ઞાદર્શક સ્વરે તે વીંટી તરફ જોઇને બોલ્યો: " આ બન્ને જુવાન છોકરીઓ ઉપર દયા કરીને તેમના ગુન્હાની તેમને માફી આપો એવી મારી ઇચ્છા છે. "

ન્યાયાધીશ અને લશ્કરી અમલદારે એક બીજા તરફ જોઇ રહીને કાંઇ નેત્રસંકેત કર્યો. બળવંતસિંહ વીંટીના જોર ઉપર ન્યાયના કામમાં ખલેલ કરતો હતો એ વાત જોકે તેમના ધ્યાનમાં આવી હતી, તોપણ વીંટીના કારણથી બળવંતસિંહની ઇચ્છા પ્રમાણે વર્તવું એ તેઓની ફરજ હતી; તોપણ પોતા ઉપર એ વીંટીનું પરિણામ કાંઇ થયું નથી એવો દેખાવ કરીને ન્યાયાધીશે રેવા અને શાખાને કહ્યું: "જોકે તમારો આ અપરાધ ઘણો ભયંકર છે, તોપણ તમારી ઉંમર તદ્દન નાની છે, તેથી હું તમને કેદની શિક્ષા ફરમાવતો નથી. પણ તમને તમારા વાંકનું સ્મરણ રહ્યા કરે તેટલા માટે હું તમને દરેકને દશ-દશ સોના મહોરોના દંડની સજા કરૂં છું."

બળવંતસિંહે પોતાના ગજવામાંથી સોના મહોરોની એક મૂઠી ભરીને કાઢી અને તે ન્યાયાધીશના હાથમાં મૂકી. ન્યાયાધીશે તેમાંથી વીસ સોનામહોરો ગણી લીધી અને બીજી બળવંતસિંહને પાછી આપવા માંડી. બળવંતસિંહ બોલ્યો: "આપે કરેલો ન્યાય બરાબર છે. આપની પાસે બાકી જે સોનામહોરો વધી છે તે કોઇ ધર્માદાના કામમાં વાપરી નાંખજો." એમ કહી પોતાની ઉદારતા દર્શાવતાં તેણે એ વધેલી સોનામહોરો પાછી લીધી નહિ.

પોતાનો છૂટકારો કોને લીધે થયો એ બે બાળાઓ તુરત સમજી ગઇ. ન્યાયાધીશની દયાળુતાને માટે અને બળવંતસિંહની ઉદારતાને માટે તે બન્ને જણીઓએ તેમનો અત્યંત આભાર માન્યો. પછી ન્યાયાધીશ, જમાદાર, સિપાઇઓ વગેરે સઘળા ચાલ્યા ગયા, અને બળવંતસિંહ, અલકકુમારી તથા રેવા અને શાખા એટલાં જણ માત્ર ત્યાં રહ્યાં. પછી બળવંતસિંહે તે છોકરીઓને પૂછ્યું: " તમે હવે ક્યાં જશો ?

તમારી બાઇ તમને શું કહી ગઇ છે ?"

રેવા બોલી: "અમારો વિચાર આપની સાથે સાથે જ આગળ આવવાનો છે. અમને થોડી જ વારમાં અમારાં બાઇસાહેબ તરફનો સંદેશો મળશે એવી આશા છે. તોપણ આપ કાંઇ બીજી સૂચના કરતા હો, તો અમે તે પ્રમાણે વર્તીએ."

બળવંતસિંહે ઉત્તર આપ્યો: "પેલા બિચારા ઉમેદના મુડદાની વ્યવસ્થા કરીને પછી આપણે માર્ગે પડીએ, એવો મારો વિચાર છે."

પછી બળવંતસિંહે ધર્મશાળાના રખેવાળની સાહાય્યથી તે પ્રમાણે સઘળી વ્યવસ્થા કરી અને ત્રીજે પ્રહર થતાં તેઓએ પોતાનો પ્રવાસ આગળ લંબાવ્યો. એક પહોર રાત્રિ વીતી જતાં તેઓ એક ગામમાં જઇ પહોંચ્યાં. ત્યાં પોતાની સઘળી વ્યવસ્થા કરીને, સ્હવારે વહેલા જાગૃત થવાની સૌને સૂચના કરીને, બળવંતસિંહ સુઇ ગયો.

પરન્તુ તેને બિલકુલ નિદ્રા આવી નહિ. તેના મગજમાં વિચાર-પરંપરા ચાલી રહી હતી. જોકે તે બહુ થાકી ગયો હતો, તોપણ ઉંઘ નહિ આવવાથી તેને જાગતાં પડી રહેવું પડયું. લતિકાદેવીએ કરેલા ખૂનનું હજી તેને વિસ્મરણ થયું નહોતું. તેવી જ રીતે બીજા પણ પુષ્કળ વિચારો તેના મગજમાં આવ્યા કરતા હતા. તેની જમદેવ સાથે થએલી લડાઇ, લડાઇ પછી જમનીની થએલી મુલાકાત, તેણે દૂરના દેશમાં જવાનો કરેલો વિચાર, ઉમેદનું ખૂન, તે સ્થળે અકસ્માત્ જમનીનું આગમન, ઇત્યાદિ બનાવો સાંભરતાં તેને બહુ જ આશ્ચર્ય લાગ્યું. જમની તરફથી આઠ દિવસથી કશી ખબર આવી નથી એવું તેને લતિકાદેવીએ કહ્યું હતું, તો પછી એ બન્ને બહેનોનો આજે જ ખાસ મેળાપ થયો એનું શું કારણ હશે, તે સંબંધે બળવંતસિંહ વિચાર કરતો હતો. કદાચ સંગમપુરમાં તેઓએ એ પ્રમાણે સંકેત કરી રાખ્યો હશે, પણ લતિકાદેવીએ એ વાત તેને શામાટે અગાઉથી જણાવી નહિ ? કે પછી લતિકાદેવીનો બળવંતસિંહ ઉપર પ્રેમ હોવાથી તે પોતાની બ્હેન ઉપર દ્વેષ કરતી હશે ? જેમ જેમ બળવંતસિંહના મગજમાં વધારે વિચારો આવવા લાગ્યા, તેમ તેમ તે વધારે વધારે ગુંચવણમાં ગુંચાતો ગયો.

એવી જ રીતે કેટલીક વારસુધી વિચાર કરતાં બિછાનામાં પડી રહ્યા પછી તેને કિંચિત્ ઉંઘ આવવા લાગી, પરન્તુ એટલામાં તેને કાને માણસનાં પગલાંનો ધ્વનિ આવ્યો અને તેણે આંખો ઉઘાડી, તો ખુદ જમની જ તેના બિછાનાની પાસે ઉભી હતી !

પ્રકરણ ૮ મું.

કૃષ્ણવર્ણીય કામિનીનું પુનર્મિલન.

દીવાના અજવાળામાં બળવંતસિંહે તેને તુરત જ ઓળખી લીધી કે તે જમની હતી. સંગમપુરમાં જે વસ્ત્રાલંકારોમાં સજ્જ થઇને તે તેને મળી હતી તે જ વસ્ત્રાલંકારો અત્યારે તેના શરીરપર હતા. તેનાં નેત્રો એવાં તો ચમકતાં હતા કે તેની તરફ જોવાની હિંમત સામાન્ય મનુષ્ય તો ચલાવી શકે જ નહિ! તેના એક કટાક્ષ માત્રથી હરકોઇ પુરૂષ મોહમુગ્ધ બની જાય!

બળવંતસિંહ તેની તરફ એકસરખી દૃષ્ટિ કરી રહ્યો હતો. જમની પણ બળવંતસિંહ તરફ જોઇ રહી હતી. બન્નેમાંથી એકે જણ થોડી વાર સુધી કાંઇ પણ બોલ્યું નહિ. બળવંતસિંહ પોતાની સાથે બોલતો નથી એમ જોઇને જમની જ પહેલાં બોલી: “ સાહેબ! મારા રક્ષક! મારા જીવનદાતા આપ જ છો. હું ખાસ આપને મળવાને જ અહીં આવી છું. ”

બળવંતસિંહને અત્યારસુધી એમ જ લાગતું હતું કે આ સઘળું જાણે સ્વપ્ન જ ન હોય! તે બોલ્યો: “ કોણ? જમની! તું જ છે કે? હું સ્વપ્નમાં તો નથી ને? હા! બરાબર તું જમની જ છે! પણ મને કહે કે તું અત્યારે અહીં ક્યાંથી? જમદેવના હાથમાંથી તું મુક્ત થઇ છે કે નહિ?”

“ સરદાર સાહેબ! આપની સાથે હજી મારે ઘણી વાતચીત કરવાની છે. ” તે બોલી: “ પણ હું એકાએક ઓચિંતી અહીં આપના દર્શનાર્થે આવી છું, તેથી આપને માઠું તો નથી લાગ્યું ને?”

બળવંતસિંહ પ્રેમપૂર્વક બોલ્યો: “ મને લાગે? નહિ, નહિ; તું આમ એકાએક અહીં મારી પાસે આવી, તેથી તો ઉલટો મને અત્યંત આનંદ થાય છે! ”

“ આપ મારા પર હમેશાં પ્રેમ જ ધરાવો છો! ” તે બોલી: “ પણ જમદેવની સાથેની લડાઇ પછી આપે શું કહ્યું હતું તે આપને સાંભરે છે ને? ”

“ તેમાંનો એક પણ શબ્દ હું વિસર્યો નથી અને હવે પછી વિસરનાર નથી. ”

“ તો પછી—” તે જરા અચકાઇને આગળ બોલી: “ આપ મારા પર પ્રેમ રાખો છો? ”

“ એટલે? ” બળવંતસિંહે પૂછ્યું: “ હજી પણ તને શંકા

આવે છે કે શું ? હજી પણ શું તારી ખાત્રી થતી નથી ?"

તે બોલીઃ "શી ખબર, મને શાથી એવી શંકા આવતી હશે ? ખરૂં જોતાં એવું કશું કારણ તો જણાતું નથી."

એ વખતે બળવંતસિંહે તેનો હાથ પકડયો હતો. તેણે પોતાનો હાથ છોડાવી લેવાનો બિલકુલ યત્ન કર્યો નહિ. થોડી વાર સ્તબ્ધ રહીને તે બોલીઃ "આ મારા કૃષ્ણવર્ણીય કુંતલથી અને શરીરના કૃષ્ણવર્ણથી આપનો મારા પરનો પ્રેમ વજ્રલેપ થયો છે, એવું જાણું છું–"

તે વચમાં જ સ્તબ્ધ બનીને ઉભી રહી. તેના મુખમાંથી આગળ એક પણ શબ્દ નીકળ્યો નહિ. તેને ઉદ્દેશીને બળવંતસિંહ બોલ્યોઃ "સુંદરી ! તું એમ શામાટે કરે છે વારૂ ? શું તને કાંઇ દુઃખ થાય છે ? જરૂર, તને કાંઇક પણ દુઃખ થતું હોય તેમ લાગે છે."

આંખોમાંથી આંસુ સારતી જમની બોલીઃ "નહિ–હું દુઃખી નથી. હું તદ્દન સુખી છું."

"જમની ! શું તું રડે છે ?" બળવંતસિંહ ઉભો થઇને બોલ્યોઃ "છાની રહે, એમ રડ નહિ. તારી આંખોમાં આંસુ જોઇને મારૂં હૃદય ચીરાય છે !"

"હા ! આવો ભયંકર બનાવ બન્યો અને શું હું રડું નહિ ?" તે બોલીઃ" સરદાર સાહેબ ! હું દુઃખથી તરફડી રહી છું. મારા ઉપર આપનો પ્રેમ છે, એટલો જ ફક્ત મને આધાર છે. બાકી આ જગતમાં મારૂં આપ્તજન કોઇ પણ નથી !"

"હા, હું સમજ્યો." તે બોલીઃ "તારી બ્હેનને માટે તું આટલી દુઃખી થાય છે. તેને માટે તને બહુ દુઃખ વેઠવું પડે છે, એ વાત ખરી છે."

"કહો વારૂ, હવે હું રડું નહિ ?" આંખો લૂછતી તે બોલીઃ "હવે મને સુખ ક્યાંથી થાય ? હજીસુધી હું જમદેવના હાથમાંથી મુક્ત થઇ નથી. પણ મને લાગે છે કે જેમ જેમ જમદેવનો પાશ મારી બ્હેન ઉપર વધારે ને વધારે બેસતો જશે, તેમ તેમ હું મુક્ત થતી જઇશ ! મારી બ્હેન સુંદર છે ખરી, પરન્તુ તે પરમેશ્વરનો માર્ગ છોડીને પાપનો માર્ગ ગ્રહણ કરવા લાગી છે, એ બહુ જ ખરાબ થયું. તે કારણથી જ તેના ઉપર જમદેવનો પાશ વધારે ને વધારે બેસતો જાય છે ! મારે બદલે હવે તે જમદેવની સેવા બજાવી રહી છે. પણ સરદાર સાહેબ ! મારી બ્હેનના હાથે ઘોર અપરાધ થયો છે, તેથી આપ મારો તિરસ્કાર કરતા નથી ને ?"

"ના, ના !" બળવંતસિંહ બોલ્યોઃ "તારો તિરસ્કાર હું

શામાટે કરૂં? તારા સંબંધે મારૂં મન કેવું છે, તે માટે તો મેં લતિકાદેવીની ક્યારનીએ ખાત્રી કરી આપી છે."

તેની તરફ પ્રેમપૂર્વક જોતી જમની બોલી: "હા, લતિકાદેવીએ તે મને કહ્યું છે; પણ એક વાર ફરીથી એ જ શબ્દો આપના મુખેથી સાંભળવાની મને બહુ જ ઇચ્છા હતી. અહા! સરદાર સાહેબ! આપ અત્યંત ઉદાર છો—શૂરા છો હોં! આપ મારા પર પ્રેમ દર્શાવો છો તેનો બદલો હું કેવી રીતે વાળી શકીશ?"

"જમની! અત્યારથી હું તારો અને તું મારી છે." બળવંતસિંહ બોલ્યો.

કંપિત સ્વરે તે બોલી: "સરદાર સાહેબ! પણ આપના શબ્દોનો અર્થ શું સમજવો?"

તેના સુંદર વદન તરફ જોઇને બળવંતસિંહ બોલ્યો: "જમની! હું તારા પર પ્રેમ રાખું છું અને તું મારાપર પ્રેમ રાખે છે. હા! પ્રિયતમે! હું તારા પર પ્રેમ રાખું છું, તેથી જ હું જમદેવને જીતી શક્યો નહિ, પણ જમની! તું આજ ક્યાંથી આવી? જમદેવે તને મુક્ત કરી કે તે હવે મારા પર પોતાનો અમલ ચલાવશે?"

તેની તદ્દન નિકટમાં જઇને તે બોલી: "લડાઈ પછી હું આપની પાસે આવી, ત્યારે આપને શું કહ્યું હતું તે સાંભરે છે કે? તે જમદેવ ઉપર પણ ઇશ્વરની સત્તા રહેલી છે. તે ઇશ્વરી પ્રેરણાથી જ હું લડાઇનું પરિણામ સમજી ચૂકી હતી. તે જ પરમેશ્વરની કૃપાથી મારી ઇચ્છા પ્રમાણે વર્તવાનું સામર્થ્ય મારામાં આવ્યું છે. તે જ પરમેશ્વરની કૃપાથી આપે જમદેવની સાથે કરેલી ચાર શરતોમાંની બે શરતોમાંથી આપ મુક્ત થયા છો, અને તે જ પરમેશ્વરની કૃપાથી હું આજે આપના દર્શનાર્થે આવી છું!"

કિંચિત્ વિચાર કરીને બળવંતસિંહ બોલ્યો: "તે બે શરતો કઇ?"

"તે બન્ને આપના લાભની જ શરતો છે." જમની બોલી: "એક તો આપની સાથે લતિકાદેવીને લઇ જવાની અને બીજી મારી મુલાકાત ફરીથી નહિ લેવા વિષેની."

"શું કહે છે?" તે ઉત્સાહથી બોલ્યો: "શું હું એ બન્ને શરતોમાંથી મુક્ત થયો? અહા! ઇશ્વર! એ તારો કેવડો મોટો ઉપકાર થયો છે?"

"હા! આપ એ બન્ને શરતોમાંથી મુક્ત થયા છો." તે બોલી: "હવે પછી હું આપને ગમે ત્યારે પણ મળી શકીશ. પણ વારૂ, મારો છુટકોએ એક શરતે જ થયો છે."

"તે શરત શી છે?" બળવંતસિંહે ઉત્સુકતાથી પૂછ્યું.

" તમારે હાથે પૂર્ણ થવા જેવી તે નહોતી, તોપણ તે આપને જણાવ્યા પહેલાં જ આપે તે પૂર્ણ કરેલી છે !" જમની બોલી.

" શું ? મેં તે શરત પૂર્ણ કરી છે?" બળવંતસિંહે પૂછ્યું: " વારૂ, એ શરત કઇ ?"

કિંચિત્ લજ્જિત થઇને તે બોલી: " હા, તે શરત આપે પૂર્ણ કરી છે. આપ મારા ઉપર પ્રેમ દર્શાવો છો એમાં જ સઘળું સમાઈ રહેલું છે. જાણે કે પરમેશ્વરે આપણ ઉભયને એક બીજાને માટે જ ઉત્પન્ન કર્યાં ન હોય, એવું મને લાગે છે. પણ આપ મારી તરફ આમ આશ્ચર્યથી કેમ જુઓ છો વારૂ ?"

" ના, હું તારા તરફ આશ્ચર્યથી જોતો નથી, પણ તારૂં આ ભાષણ સાંભળીને મને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે." તે ગુંચવાઇ જતો બોલ્યો.

કિંચિત્ અટકીને તે બોલી: " મને તે વખતે જમદેવે કહ્યું હતું કે 'જે શૂરવીર પુરૂષનું ચિત્ત બીજી કોઇ પણ સ્ત્રી ઉપર લાગેલું ન હોય એવો વીર જો પોતાનો પ્રેમ તને અર્પણ કરશે, તો તું મારા હાથમાંથી સંપૂર્ણ રીતે મુક્ત થઇશ.' તો હવે મને કહો કે આપ મારાપર ખરેખરી પ્રીતિ ધરાવો છો ને ?"

" હા, હા !" તે આનંદિત થઇને બોલ્યો: " જમની ! હું તારો જ છું !"

" કેટલીક વારસુધી બળવંતસિંહના શોભાયમાન શરીર તરફ અને સુંદર વદન તરફ જમની એકસરખી રીતે જોઈ રહી. બળવંતસિંહ પણ તેની તરફ તેવી જ રીતે જોઇ રહ્યો હતો, પરન્તુ છેવટે તે બોલ્યો: "પ્રિયા-જમની ! તું મારી ધર્મપત્ની થઇશ કે ? મારા સુખદુઃખની વિભાગિની-મારી સહધર્મિણી તું થઇશ કે ?" એ વખતે બળવંતસિંહનાં નેત્રોમાં આનંદાશ્રુ આવ્યાં હતાં, અને તેનો કંઠ ભરાઇ આવ્યો હતો. બીજા કોઈ પણ પ્રસંગે તેની સ્થિતિ અત્યારના જેવી થઇ નહોતી.

તેના મનની આવી સ્થિતિ જમનીએ જાણી લીધી. તે ધીમેથી બોલી: " સરદાર સાહેબ ! આપ એ શું કહો છો? હું શું આપની ધર્મપત્ની થઉં ?"

" હા, તું મારી પત્ની થા !" બળવંતસિંહે તેને કહ્યું: "પણ વીરોત્તમ મહારાજે મારા સંબંધમાં તને કાંઈ કહ્યું છે કે ?"

" તેમણે આપના વિષે મને ઘણી વાતો કહી છે, પણ આપ

તેમાંની કઇ વાત મારા મુખથી શ્રવણ કરવાને ઇચ્છો છો એવું હું કેવી રીતે સમજી શકું વારૂ?"

તે બોલ્યો: "કાંઇ નહિ! જમની! હું તને અંતઃકરણપૂર્વક કહું છું કે હું તારાપર ખરેખર પ્રેમ કરૂં છું. હું જેવી રીતે તારાપર પ્રેમ રાખું છું, તેવી રીતે તું મારા પર પ્રેમ રાખીશ ને?"

જમની પ્રેમથી બોલી: "મહારાજ! આપ રાજા હો તો હું આપના ઉપર જેવો પ્રેમ રાખીશ, તેવો જ પ્રેમ આપ ભિખારી હશો તો પણ હું આપના ઉપર રાખીશ. મારા પ્રેમમાં બિલકુલ ફેરફાર થવાનો નહિ!"

"જમની! હું પુનઃ તને એક વાર પૂછું છું કે તું મારી ધર્મ-પત્ની થઇશ કે?" બળવંતસિંહે પૂછ્યું.

"હા, થઇશ! પણ મહારાજ! આપ ગુજરાતના એક બલાઢ્ય સરદાર છો, અને હું અતિ દૂરના દેશની એક વિપત્તિગ્રસ્ત સ્ત્રી છું! આ-પનાં આપ્ત જનો અત્યંત મહાન્ હશે, અને મારી એકની એક બહેન પણ ખૂની છે! આપનાં સગાં અને સંબંધીઓ શું કહેશે, તેનો આપે વિચાર કર્યો છે કે?" જમની બોલી.

બળવંતસિંહ બોલ્યો: "તે સંબંધે બહુ વિચાર કરવાનો નથી, કારણકે ગુજરાતમાં ગયા પછી હું જ મારો મુખત્યાર છું. જો તારી બહેન મારી સાથે આવશે, તો હું તેને મારી જાગીરમાંથી થોડી જાગીર કાઢી આપીશ અને ત્યાં તે એકાન્તમાં દિવસો કાઢી શકશે."

"અહાહા! મહારાજ! આપ ખરેખર અત્યંત ઉદાર સ્વભાવના છો! આપની હું કેટલી સ્તુતિ કરૂં? પણ લતિકાદેવીને માટે હવે બહુ ચિંતા કરવાની નથી. તે હવે પોતાની જન્મભૂમિ તરફ જાય છે. ત્યાં તે હમેશાં રહેશે અને પુનઃ આ બાજુએ કદાપિ આવશે જ નહિ. અમે બન્ને બહેનો એક બીજીથી કાયમને માટે વિખૂટી પડી!"

"તે પણ એક રીતે સારૂં જ થયું!" બળવંતસિંહ બોલ્યો: "હવે તેને માટે તારે જરા પણ ચિંતા રાખવી પડશે નહિ. પણ તું મારી સ્ત્રી થશે, એટલે-પણ અત્યારે એ વાત જવા દો! વધારે બો-લવાની કાંઇ જરૂર નથી, સઘળી વાત વખત આવ્યે બની રહેશે."

એ વખતે દીવામાંનું તેલ પૂરૂં થવા આવ્યું હોવાથી દીવો હો-લવાઇ જવાની અણી ઉપર હતો. એ જોઇને જમની ત્યાંથી જતી રહેવાની તૈયારી કરતી બોલી: "પ્રાણનાથ! હવે હું આપની રજા લઉં છું. રેવા અને રાધાને મારા અહીંઆ આવવાની વાતની ખબર

છે; તેમણે જ મને આ સ્થળ બતાવ્યું છે. અત્યારે હું તેમની પાસે જઉં છું. સ્હવારમાં હું આપની સાથે આગળ પ્રવાસ કરવાને તૈયાર છું."

"તારા સમાગમથી આજ મને જેટલો આનંદ થાય છે, તેટલો આખી જીંદગીમાં મને કોઇ પણ વખતે થયો નથી. સ્વદેશમાં પહોંચતાં પહેલવહેલો તો હું આપણા લગ્નની ગોઠવણ કરીશ." તે બોલ્યો.

"અને ત્યારે જ મને પૂર્ણ સુખ થશે." તે બોલી.

એમ કહીને જમની ઓરડામાંથી બહાર નીકળી અને દીવો પણ હોલવાઇ ગયો.

પ્રકરણ ૯ મું.

બિચારી અલક.

પ્રભાત થયું. પક્ષીઓનો કલરવ શરૂ થયો. અલકકુમારી જાગૃત થઇ. એટલામાં પોતાના ઓરડામાં કોઇ આવ્યું હોય એવું તેને જણાયું, અને તે બિછાનાપર બેઠી થઇ. કોઇ પણ સ્ત્રી પોતાની પાસે ઉભી છે, એવો તેને ભાસ થયો. તેથી તે તીવ્ર દૃષ્ટિથી જોવા લાગી, તો તે લતિકાદેવી છે એવું તેના સમજવામાં આવ્યું. અલકકુમારી ચકિત થઇ અને હવે તે મોટા સ્વરે કાંઇ પણ બોલશે એવું લતિકાના ધ્યાનમાં આવતાં જ તે બોલી: "ચૂપ રહે, ઉતાવળે કાંઇ પણ બોલીશ નહિ!" પછી તે બખ્તર તરફ જોઇને બોલી: "એકંદર રીતે મારી કલ્પના કાંઇ ભૂલભરેલી નથી. હું કાંઇ ફસાઇ નથી."

લતિકાદેવીના આ શબ્દો સાંભળીને અલકકુમારી બ્હી ગઇ. તેણે માન્યું કે પોતે રાજકેદીને છૂટા કર્યા, તે માટે તે પોતાને ઠપકો દેવાને આવી હશે; એવી સમજૂતીથી તેણે પૂછ્યું: "બાઇ! તને કઇ બાબતની ખાત્રી થઇ? શાના સંબંધમાં તું ફસાઇ નથી?"

તેની તરફ જોઇને લતિકા બોલી: "બળવંતસિંહની સાથે પ્રવાસ કરનારો અજાણ્યો મિત્ર તું જ છે તે બાબતની મારી ખાત્રી થઇ; પણ હવે વચમાં કાંઇ ગરબડ નહિ કરતાં હું જે કહું છું તે તું બરાબર સાંભળી લે. જ્યારે તું નદીમાં ડુબતી હતી, ત્યારે મેં તને મારા તંબૂમાં આણી હતી. પછી ત્યાંથી હું કિલ્લામાં રહેવા ગઈ, ત્યાં પણ મેં તને સાથે રાખી હતી. કિલ્લામાં તું પાંચ-છ દિવસ રહી હતી, ત્યાંસુધી હું તારી સાથે મિત્રતાથી વર્તી હતી કે શત્રુતાથી?"

અલકકુમારી ગંભીરતાથી બોલીઃ " બાઇ ! તે વખતે તું મારી સાથે અત્યંત પ્રેમથી વર્તતી હતી. તે તારા પ્રેમનો મેં દુરૂપયોગ કર્યો, તે માટે તું આજે મને ઠપકો દેવાનો જ અહીં આવી હોઇશ ! "

" હા; હું જો તને ઠપકો દઉં તો તેમાં શું હું કાંઇ ગુન્હો કરૂં છું ? અલકકુમારી ! તેં આવી કૃતઘ્નતા કેમ બતાવી વારૂ ? " લતિકાદેવીએ પૂછ્યું.

અલક ગભરાઇ હતી ખરી, તોપણ તે ધૈર્ય રાખીને બોલીઃ " હું જે કહું છું તે હવે તું બરાબર સાંભળી લે. કાંઇ અતિશય ગૂઢ કારણથી મેં આ મોટા જોખમનું કામ માથે લીધું હતું. ત્રણ રાજકેદીને છોડાવવાને માટે હું પુષ્કળ કષ્ટ અને હેરાનગતી વેઠીને એક વાર સંગમપુર આવી પહોંચી. આવતાં વેંત જ સ્હવારે હું કિલ્લો જોવાને નીકળી, તે વખતે કિલ્લામાં જવાને નદીની બાજુએ એક રસ્તો આવેલો છે એવું તુરત મારા જાણવામાં આવ્યું. તે રસ્તા સંબંધે લોકોમાં કાંઇ કાંઈ ભયંકર વાતો ચાલતી હતી; તોપણ મેં તે જ રસ્તે થઇને કિલ્લામાં પ્રવેશ કરવાનો વિચાર નક્કી કર્યો, કારણકે તે વાત મારા ફાયદાની જ હતી. નદીમાં પાણી બહુ નહોતું, તેથી હું કિલ્લાની દિવાલ નીચે આવેલા પત્થર ઉપર ધીમે ધીમે પગ મેલતી સંભાળી સંભાળીને ચાલતી હતી, પણ દુર્દૈવે મારો પગ એક પત્થર ઉપરથી લપસી ગયો અને હું નદીમાં પડી. તે સંકટમાંથી મને આ સરદાર સાહેબે બચાવી. પછી મને તારી ઓળખાણનો લાભ મળ્યો. તારી સાથે જ્યારે હું કિલ્લામાં ગઇ, ત્યારે કાંઇ પણ કપટ કરવાનો મારો વિચાર નહોતો; તેમ જ કિલ્લાની અંદરની બાજુની મને જે માહિતી મળી હતી, તેનો ઉપયોગ પણ મેં કેદીઓને છોડાવવાના કામમાં કર્યો નથી; તોપણ હું કબૂલ કરૂં છું કે હું-"

લતિકા વચમાં બોલી ઉઠીઃ " પણ અલક ! જ્યારે તું કિલ્લામાં મારી સાથે રહેવા આવી ત્યારે તારા મનમાં તે જ હેતુ હતો. વીરોત્તમ મહારાજ મારા પાલક છે, એ વાત શું તું નહોતી જાણતી ? "

અલકકુમારી બોલીઃ " બાઇ ! પહેલેથી મારી ઇચ્છા તેવી નહોતી, એ તો હું તને એક વાર કહી ચૂકી છું. પણ મારા સદ્‌ભાગ્યે મને આગળ જતાં ઠીક લાગ મળ્યો અને કેદીઓને ક્યાં રાખવામાં આવતા હતા એ મેં જાણ્યું. તે દિવસે તેં રેવાને સંકેતશબ્દ કહ્યો હતો તે પણ મારા સાંભળવામાં આવ્યો હતો. વળી જે દિવસે હું બહાર ગઇ હતી, તે દિવસનો સંકેતશબ્દ પણ મેં તારે મ્હોંએથી

જાણ્યો હતો. રોજ સંકેતશબ્દ બદલાતો હતો એ હું જાણતી હતી અને તેથી મારે નીકળવાનું હતું તે દિવસનો સંકેતશબ્દ મેં બરાબર યાદ રાખી લીધો હતો. ખરી રીતે આ બધી સગવડો મને મળી ગઇ તેમાં ઇશ્વરે જ મને મદદ કરી છે. પછી હું પુનઃ નદીના માર્ગે થઇને કિલ્લામાં પેઠી અને તે રાજકેદીઓને છૂટા કરવામાં ફત્તેહ પામી.

લતિકાદેવી બોલીઃ "આ તારા સત્યવાદિત્વ માટે મને અત્યંત આનંદ થાય છે; પણ હું જે એક વાત તને કહું તે જો તું કબૂલ કરીશ, તો મને તેથી પણ વધારે આનંદ થશે!"

"કહે, કહે, તારા માટે હું કાંઇ પણ કરીશ!" અલક બોલીઃ "તેં તો મારા પર અનેક ઉપકારો કર્યા છે!"

લતિકા બોલીઃ "કાલે રાત્રે મારા હાથે જે કાંઇ કાર્ય થયું છે, તેમાં મારો કાંઇ વાંક હોય એમ તને લાગે છે કે?"

"નહિ, નહિ," અલક બોલીઃ "કોઇ પણ બનાવ યોગ્ય કારણ વિના બનતો જ નથી, એમ હું નિશ્ચયપૂર્વક માનું છું. કાંઇ પણ યોગ્ય કારણ મળ્યા વિના તેં એવું કામ કર્યું ન હોય એવી મારી ખાત્રી છે. પણ બાઇ! તું અહીં આવી છે ખરી, પરન્તુ અહીં તને કોઇ જોઇ જશે તો તારાપર કેવડું મોટું સંકટ આવી પડશે તેનો તેં વિચાર કર્યો છે કે?"

"મારે માટે તું જરા પણ ચિન્તા રાખીશ નહિ. કોઇ એક ગુપ્ત શક્તિ મને મદદ કરી રહી છે. પણ હું જે અહીં આવી છું તે ખાસ તારી મુલાકાત લેવાને જ આવી છું. તે ગુપ્ત વાત—" એમ અર્ધું બોલીને લતિકા તેના વદન તરફ જોવા લાગી.

"બાઇ! તું જરા પણ બ્હીશ નહિ." અલક બોલીઃ "હું તને ફસાવીશ નહિ. તારે મારી પાસે જે કાંઇ કબૂલ કરાવી લેવાનું હતું–"

"તે કાંઇ બહુ કઠણ નથી." લતિકા વચમાં બોલી ઉઠીઃ "મેં તારા ઉપર જે કાંઇ ઉપકારો કર્યા છે, તેના બદલામાં તું તે કબૂલ કરીશ જ; પણ કદાચ નાકબૂલ કરે તો?"

અલક બોલીઃ "કહે, કહે, જે હોય તે ખુશીથી કહે. હું જરૂર કબૂલ કરીશ. હવે જલ્દી બોલ, હમણાં દિવસ ઉગશે. મારે હજી ફરીથી મારૂં બખ્તર પહેરવાનું છે."

તેની તરફ તાકી રહીને લતિકા બોલીઃ "તારે આજ બળવંતસિંહની સાથે આવવું નહિ; તારી મરજીમાં આવે ત્યાં તું એકલી ચાલી જા!"

અલક આશ્ચર્ય પામીને બોલી: "શું? આજે જ-હમણાં જ-અત્યારે ને અત્યારે હું ચાલી જઉં?"

લતિકા બોલી; "હા; આજ-અત્યારે ને અત્યારે જ તું ચાલી જા! તું તેમની રજા લઇ લે અને તારે માર્ગે પડ."

અલકકુમારી નિરાશાથી બોલી: "બાઇ! તેં મારા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે, એટલે તારૂં આ કથન પણ મારે કબૂલ કરવું જોઇએ!"

તેનો હાથ પકડીને લતિકા બોલી: "અલક! તેં મારાપર એ ઘણો મોટો ઉપકાર કર્યો છે! પણ હું તને અહીં જે મળવાને આવી છું, તે તદ્દન ગુપ્ત રીતે આવી છું તેથી તું એ વાત કોઇને કહીશ નહિ. મારા કહેવા ઉપરથી તું બળવંતસિંહથી જૂદી પડે છે, એ વાત પણ તેમના જાણવામાં આવવી જોઇએ નહિ."

"બહુ સારૂં." અલકકુમારી બોલી: "એ વાત પણ મને કબૂલ છે."

"સાબાશ! અલકકુમારી! સાબાશ!" લતિકા બોલી: "મેં તારા પર જે ઉપકારો કર્યા છે તેનો તેં બહુ સારી રીતે બદલો વાળ્યો છે. વારૂ, હવે હું જઉં છું."

એમ કહીને લતિકા ત્યાંથી ચાલી ગઇ. અલકકુમારી તદ્દન હતાશ થઇને બિછાનાપરથી ઉઠી. તેના શરીરમાંથી સઘળું બળ નષ્ટ થઈ ગયું હતું. જે પુરૂષની ઉપર તેનો પ્રેમ હતો, અને જેને માટે પોતે પ્રાણની પણ પરવા કર્યા વિના લડી હતી, તેને છોડીને ચાલ્યા જતાં તેના હૃદયને બહુ જ દુઃખ થવા લાગ્યું. તેણે બખ્તર ધારણ કર્યું અને તે વિચારમાં લીન બની ગઇ. તેને છોડી જવાથી અલકને આટલું માઠું શા કારણથી લાગતું હશે? શ્યામગઢની પાસે જઇ પહોંચ્યા પછી તો તેને છોડી જવાની તેને જરૂર જ પડત. શ્યામગઢ માત્ર એક દિવસની મુસાફરી જેટલું જ દૂર હતું; એ એક દિવસના વિયોગને માટે તેને આટલું ખરાબ કેમ લાગતું હશે વારૂ?

તે બખ્તર પહેરીને ઓરડાની બહાર નીકળી. બળવંતસિંહ એ વખતે ઘોડાવાળાની સાથે કાંઇ વાતચીત કરતો હતો. અલકકુમારીને પોતાની તરફ આવતી જોઇને તે તેની તરફ ફર્યો અને બોલ્યો: "આવ! મારા ગુપ્ત મિત્ર! તને આ બખ્તરનો બોજો શું નથી લાગતો? પણ હવે તે તને ફક્ત થોડી વાર સુધી જ આ પ્રમાણે ધારણ કરી રાખવું પડશે, નહિ વારૂ?"

તદ્દન નાઇલાજ થઇને અલકકુમારી બોલી: “ પણ હવે તે વખત નજીક આવી પહોંચ્યો છે. હું હમણાં જ આપને મારૂં નામ કહીને અને ચહેરો બતાવીને આપની રજા લેવાનો છું!”

આ સાંભળીને બળવંતસિંહ આશ્ચર્ય પામ્યો. તે બોલ્યો: “ શું તું રજા લેવાનો છે? એટલે? શું તું મને પુનઃ મળીશ જ નહિ? પણ એમ કરવાનું કારણ શું છે? મારી સોબતથી તને શું કંટાળો આવ્યો છે?”

અલક બોલી: “ સરદાર સાહેબ! એ બાબત સંબંધે આપ મને કાંઈ પણ પૂછો જ નહિ. હું તેનો ઉત્તર આપી શકીશ નહિ!”

“ નહિ, નહિ!” બળવંતસિંહ બોલ્યો: “ તું એમ જાય કેવી રીતે? તું તારૂં નામ કહે, તેથી શું થઈ ગયું? તારો ચહેરો જોઇને જ હું તને જવા દેવાનો નથી!”

“પણ હવે હું તમારી સાથે રહી શકું તેમ જ નથી!” અલકકુમારી બોલી.

તેની આવી હઠ જોઇને બળવંતસિંહ લાચાર બની ગયો. તે બોલ્યો: “ પણ મારા ભલા મિત્ર! તારે માટે હું શું કરૂં, તે તું મને કહીશ? હું ઘણો શ્રીમંત સરદાર છું. ગુજરાતમાં મારૂં બહુ જ વજન છે–”

તેની સાથે વાતચીત કરતાં અલકકુમારીનો અવાજ કંપવા લાગ્યો હતો. તે કંપિત સ્વરે બોલી: “જે ઘોડાપર બેસીને હું તમારી સાથે આવ્યો છું, તે એક ઘોડો જ માત્ર મને આપો. તે આપનો ઘોડો જોઈને મને વારંવાર આપનું સ્મરણ થયાં કરશે.”

બળવંતસિંહ બોલ્યો: “ જ્યારે પહેલાં તું તે ઘોડાપર બેઠો ત્યારથી હું તને એ ઘોડો આપી ચૂક્યો છું. પણ એ સિવાય બીજું કાંઇ તું માંગ. તને કાંઇ પણ આપવું એવી મને અત્યંત ઉત્કટ ઇચ્છા થઇ આવી છે.”

અલકકુમારી દુઃખિત થઇને બોલી: “મારે બીજું કાંઇ પણ જોઇતું નથી!” પછી તેણે ઘોડાવાળાને પોતાનો ઘોડો તૈયાર કરવાનું ફરમાવ્યું.

“ તારા આ વિચિત્ર વર્તનથી મને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે.” બળવંતસિંહ બોલ્યો: “ તારા મનમાં કાંઈ પણ મોટું દુઃખ હોવું જોઇએ એવું મને લાગે છે. તને આવી રીતે તદ્દન એકલો છોડી દેવો, એ મને બિલકુલ સારૂં લાગતું નથી.”

એટલામાં રેવા અને રાધા તથા તેમની સાથે જમની પણ ત્યાં આવી પહોંચી. તેને જોઇને અલકકુમારીને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન

થયું. તેણે એકવાર બળવંતસિંહ તરફ દૃષ્ટિ ફેરવી, તો તેના જોવામાં આવ્યું કે તે આનંદિત વદને જમની તરફ જોઇ રહ્યો હતો. જમનીને જોતાં જ તેની સ્થિતિ આવી થઇ ગઇ તે જોઇને અલકને ખરાબ લાગ્યું, પણ તેણે પોતાનો એ મનોભાવ કોઇના જાણવામાં આવવા દીધો નહિ.

તેણે પૂછ્યું: "આ લતિકાદેવીની બ્હેન જમની તો નહિ?"

જમની તરફ જોઇ રહેતાં બળવંતસિંહ બોલ્યો: "હા, તે જ એ! તેના દેખતાં જ તું કોણ છે, તે મને કહે, એટલે એ પણ મારી પેઠે જ તને હમેશાં સંભારતી રહેશે!"

"નહિ, નહિ, એમ બનશે જ નહિ!" એમ બોલીને સત્વર ઘોડાપર બેસી તેને એડી મારીને અલકકુમારી ત્યાંથી ઉતાવળે ચાલી ગઈ!

પ્રકરણ ૧૦ મું.

પ્રેતયાત્રા.

હવે આપણે પાટણ તરફ જતા બળવંતસિંહને તેને માર્ગે જવા દઇને જે સ્થળે ઉમેદનું ખૂન થયું હતું, ત્યાં કેવો બનાવ બની રહ્યો છે તે આપણે જોઇએ.

ઉમેદનું ખૂન થયા પછી બીજે દિવસે સ્હવારે, એટલે આ તરફ અલકકુમારી બળવંતસિંહને છોડીને ચાલી ગઇ તે જ વખતે, ધર્મશાળાનો રખેવાળ પોતાની સ્ત્રી સાથે ગઇ કાલે બનેલા બનાવ સંબંધે કાંઇ વાતચીત કરતો બેઠો હતો, એટલામાં એક ઘોડેસ્વાર ઘોડો દોડાવતો ધર્મશાળાના આંગણામાં દાખલ થયો.

તે ઘોડેસ્વાર સંગમપુરને માર્ગે આવ્યો હતો. તેણે માર્ગમાં ઘોડાને બહુ દોડાવ્યો હોવો જોઇએ એવું તે ઘોડાના શરીરે ચાલી રહેલા પરસેવાના રેલા ઉપરથી અનુમાન કરી શકાતું હતું. તેના શરીરપરનાં કપડાં ધૂળથી ખરાબ થયાં હતાં. તે સ્વાર ધર્મશાળાની પાસે આવતાં જ સત્વર ઘોડાપરથી નીચે ઉતર્યો અને સૌથી પહેલાં તેણે ધર્મશાળાના રખેવાળ પાસે હાથ પગ ધોવાને પાણી માંગ્યું. તે બોલ્યો: "આજ કેટલાક સરદારોનું એક મંડળ આ રસ્તે થઇને જવાનું છે. એક મોટો સરદાર થોડી વાર પહેલાં મરણ પામ્યો છે, તેનું મુડદું લઇને એ મંડળ પોતાને ગામ જાય છે. તે આજ આ ધર્મશાળામાં ઉતરશે. તેટલામાટે તેમને સારૂ ભોજનની તૈયારી કર. આખું મંડળ તુરત જ

આગળ પ્રવાસ કરવાનું છે, માટે સઘળી તૈયારી સત્વર થઇ જવી જોઇએ. હું ખાસ વરધી આપવાને અગાઉથી ઉતાવળો આવ્યો છું. ”

“ પણ મંડળમાં માણસો કેટલાં છે એ તો મારે જાણવું જોઇએને ? ” રખેવાળ બોલ્યો.

“ લગભગ પચીસ માણસો છે. તેઓ સઘળા એકાદ પહોરમાં અહીં દાખલ થઇ જશે. ” ઘોડેસ્વારે ઉત્તર આપ્યો.

“ શું માત્ર એક જ પહોરમાં ? ” રખેવાળ બોલ્યો: “ એટલા બધા માણસોને માટે એટલી ઉતાવળથી કેવી રીતે રસોઇ થશે ? વળી આવનારા પણ મોટા મોટા સરદાર સાહેબો ! તેઓને માટે જોઇતી ચીજો તો આ આખા ગામમાંથી પણ મળી શકે નહિ ! ”

“ અમારા માલેક બહુ મોટા માણસો છે, પરન્તુ અત્યારે તેઓ ગુપ્ત રીતે પ્રવાસ કરી રહ્યા છે. બહુ ઉંચા ઉંચા ખાવાના પદાર્થો નહિ તૈયાર થાય તોપણ ચાલશે. વળી સાથે મુડદું છે એટલે તેઓ મિષ્ટાન્ન તો જમવાના જ નથી. ખર્ચ માટે લે આ પચીસ સોનૈયા આપું છું. હવે જેમ બને તેમ ઉતાવળ કર. અહીંથી ઉપડતી વખતે વળી તને કાંઇક ઇનામ પણ અપાવીશ. ”

પચીસ માણસોની રસોઇના ખર્ચ માટે પચીસ સોનૈયા જોઇને રખેવાળનું મ્હોં ભરાઇ ગયું. તેનું વદન પ્રફુલ્લિત થયું. તે બોલ્યો : “ મારાથી બનશે તેટલી ઉતાવળે રસોઇ કરાવી નાંખું છું. ” પોતાની સ્ત્રીની સામે જોઇને તે બોલ્યો: “ અરે ઓ ! જા, જા, જલ્દી ! જોઇ શું રહી છે ? જલ્દી ચુલો સળગાવ ! ભાત રાંધ, હું તરકારી લાવું છું પણ, પણ—સાથે વળી કોઈ બૈરાં–છૈરાં છે કે ? ”

“ હા, સાથે એક બાઇ અને તેની ચાર દાસીઓ છે. પણ તે સઘળું પૂછવાનું તારે શું કામ છે ? ” ઘોડેસ્વારે પૂછ્યું.

“ હં; શું કામ છે કેમ વળી ? સ્ત્રીઓની ગોઠવણ જૂદી નહિ કરવી પડે ? ” રખેવાળ બોલ્યો: “ જમીને થોડી વાર આરામ લીધા પછી તેઓ બધા આગળ પ્રવાસ કરવાના છે કે રાત્રિ પણ અહીં જ ગાળવાના છે ? ”

“અરે નહિ રે ! સાંજ પડતાંસુધીમાં તો કેટલેએ દૂર જઇ પહોંચવાનું છે ! પણ હવે વાત કરવામાં વખત ન ગાળ; જા જલ્દી રસોઇની તૈયાર કર. હું પણ મારા ઘોડાની જરા ચાકરી કરૂં. ” સ્વાર બોલ્યો.

દિવસનો છેલ્લો પ્રહર થતાં સંગમપુરને માર્ગેથી કેટલાક લોકો તે ધર્મશાળા તરફ આવવા લાગ્યા. તે સઘળા ઘોડાપર બેઠા હતા.

સૌની વચમાં એક સ્ત્રી હતી. તેની બાજુએ બખ્તરવાળા ઘોડેસ્વારો ચાલતા હતા. ઘોડા ઉપરનો સામાન ઘણો મૂલ્યવાન્ હતો, તે ઉપરથી એ સઘળું મંડળ કોઇ રાજા લોકોના જેવું હોય એમ સ્પષ્ટ માલૂમ પડતું હતું. તે મુખ્ય સ્ત્રીની પાછળ કેટલીક દાસીઓ હતી. તેમની પાછળ કેટલાક નોકરો હતા. મુખ્ય સ્ત્રીની બાજુએ ચાલતો કોઇ એક સાધુ હોવો જોઇએ એમ તેણે માથે વીંટાળેલી ભગવી શાલ ઉપરથી માલૂમ પડતું હતું. તેણે ગળામાં રૂદ્રાક્ષની માળા ઘાલેલી હતી; પરન્તુ માથે બાંધેલી શાલનો એક છેડો તેણે પોતાના મ્હોં ઉપર નાંખ્યો હોવાથી તેનો ચહેરો સ્પષ્ટ રીતે ઓળખાઇ આવતો નહોતો. તેની પાછળ એક રથ ચાલતો હતો અને તે રથની આજુબાજુએ આઠ હથિયારબંધ સ્વારો પહેરો ભરતા હતા. તે જ રથમાં પેલા ઘોડેસ્વારે કહેલું કોઇ સરદારનું મુડદું હશે. રથ ઉપર સફેદ ચાદર નાંખેલી હતી અને તેના ઉપર સુવાસિત પુષ્પો પડેલાં હતાં.

એ સર્વ મંડળ તે ધર્મશાળાના દ્વાર પાસે આવીને ઉભું રહ્યું. રખેવાળે ખાસ તૈયાર રાખેલી ઓરડીમાં સ્ત્રીમંડળ ચાલ્યું ગયું. મુખ્ય સ્ત્રી અંદર જતાં જ તેણે પોતાના અંગપરની શાલ ફેંકી દીધી, અને તે નિરાશાપૂર્વક એક ગાદીપર આડી પડી. એટલામાં રખેવાળની સ્ત્રી ત્યાં આવી પહોંચી અને તેણે તેઓને શું જોઇતું કરતું હતું તેની પૂછગાછ કરી. પરંતુ એક દાસીએ તેની પાસે આવીને તેને કહ્યું: “અમારાં બાઇસાહેબ બહુ જ થાકી ગયાં છે. તેમને આજ ન્હાવાની પણ ઇચ્છા નથી. તે કહે છે કે અમારાં ભાણું પણ અહીં જ લાવજો, અમે બીજાઓની સાથે બેસીને જમીશું નહિ.”

રખેવાળની સ્ત્રી અત્યંત નમ્રતાથી “વારૂ બાઇ” કરીને ચાલી ગઇ. ગાદીપર પડેલી સ્ત્રી તદ્દન હતાશ બની ગએલી દેખાતી હતી. તેના મનમાં કાંઇ પણ ગુંચવણ—ગભરામણ ચાલી રહેલી હતી. તેણે પોતાની આંખો મીંચેલી હતી, તે ઉપરથી કોઇ નવા જોનારને તો એમ જ લાગે કે બહુ થાક લાગવાથી ઉંઘી ગઇ હશે; પરંતુ તેના મનમાં કાંઇ જૂદા જ વિચારો ચાલી રહ્યા હતા.

આ બાજુએ પુરૂષવર્ગમાંના સૌએ પોતપોતાના પોષાક ઉતારી નાંખ્યા. સાધુએ પેહેરેલો ફેંટો કાઢી નાંખ્યો. જેમણે પોતાનાં બખ્તરો ઉતારી નાંખ્યાં તેઓ વિજયસિંહ અને ભભૂતમલ એ બે જણ હતા. એ ફેંટાવાળો સાધુ કાલિકાપ્રસાદ પોતે હતો, એટલું તો ચતુર વાચકના સમજવામાં તુરત જ આવી ગયું હશે.

આખા મંડળની બરાબર વ્યવસ્થા થઇ ગયા પછી કાલિકાપ્રસાદ તે બન્ને સરદારોની પાસે આવ્યો. તેને જોતાં જ ભભૂતમલે પૂછ્યું: "ગુરૂરાજ ! રાજકન્યા પોતાની ઓરડીમાં ગઇ કે ?"

"હા. હું પોતે તેને ત્યાં પહોંચાડીને આવ્યો. તેની એક દાસીને તેની સઘળી હીલચાલ ઉપર બરાબર નજર રાખવાનું મેં કહ્યું છે. તે નાસી જાય નહિ એવો મેં પક્કો બંદોબસ્ત કર્યો છે." કાલિકાપ્રસાદ બોલ્યો.

વિજયસિંહ બોલ્યો: "તે આપણા સૌનો દ્વેષ કરે છે. પુણ્યમંદિરમાં રહીને તે બહુ કંટાળી ગએલી હોવી જોઇએ, એમ હું ધારૂં છું."

કાલિકાપ્રસાદ બોલ્યો: "એ બાબત વિષે વાતચીત કરવામાં વખત ગાળવો એ હવે તદ્દન નકામું છે. ગમે તેમ હોય, આપણે તેને રાજ્યગાદીએ બેસાડવી જ જોઇએ. તે આપણા હાથમાં એક પૂતળી પેઠે જ રહે અને આપણે જેમ તેને નચાવીએ તેમ નાચે તેની હવે આપણે તજવીજ કરવી જોઇએ."

વિજયસિંહ બોલ્યો: "એ વાત ખરી છે. જો રાજકન્યા હાથમાંથી છટકી, તો આપણી સઘળી બાજી વ્યર્થ જવાની અને આપણા મનના વિચાર મનમાં જ રહી જવાના !"

કાલિકાપ્રસાદ બોલ્યો: "તેની સાથેની દાસીઓ મારી સંપૂર્ણ વિશ્વાસપાત્ર છે. તેઓ તેના પર સખ્ત પહેરો રાખશે. વળી જ્યાંસુધી શ્યામગઢમાં પહોંચીએ ત્યાંસુધી બીજા કોઇની પણ સાથે તે વાતચીત કરી શકે નહિ, એવી મેં ખાસ ગોઠવણ કરી છે !"

ભભૂતમલ બોલ્યો: "એક વાર આપણે કિલ્લામાં જઈ પહોંચ્યા એટલે તુરત જ રાજકન્યાના નામની દુહાઇ ફેરવીને વીરોત્તમની સાથે લડાઇ કરવાને બધા ઠાકોરો અને સરદારોને આમંત્રણ કરીશું !"

"એ કામ મારે પોતાને માથે ! આ પ્રાંતમાંના સઘળા ઠાકોરો અને સરદારોને જાતે મળીને તેમનાં મન હું આપણા પક્ષમાં મેળવી લઇશ." કાલિકાપ્રસાદ અભિમાનપૂર્વક બોલ્યો.

"ઠીક ! ઠીક !" વિજયસિંહ બોલ્યો: "મારી ખાત્રી છે કે હવે માત્ર થોડા દિવસની અંદર રાજકન્યા પોતાના પિતાના સિંહાસનપર આરૂઢ થશે. પરંતુ તમે તે વીરોત્તમને સહેલાઇથી જીતી લઈ શકો એવું તમે સમજશો નહિ. મારી કલ્પના એવી છે કે એ લડાઇ બહુ ભયંકર થશે. હજારો મનુષ્યો મૃત્યુના મ્હોંમાં પડશે. સંગમપુરનો કિલ્લો સર કરતાં શું થશે, તેની તો કલ્પના પણ કરી શકાતી નથી !"

" એવું તો થશે જ ને ! " કાલિકાપ્રસાદ બોલ્યો: " પણ ગરીબ પ્રજાનું શું થશે ? "

વિજયસિંહ બોલ્યો: " રૈયતની ચિન્તા કરવાનું આપણુને કાંઇ કારણુ નથી, કારણુકે જેઓ લડાઇમાં મરશે તેઓને પગાર મળશે. પણુ એકલા પગારદાર સૈન્ય ઉપર મને વિશ્વાસ નથી. આપણે પોતે પણ હાથમાં હથિયાર લેવાં જોઇએ. આપણે આગળ થઇશું એટલે આપણે આશ્રયે રહેનારા મધ્યમ સ્થિતિના લોકો પોતાની મેળે લડાઇમાં આગળ આવશે. પછી બિચારી ગરીબ રૈયત શું કરવાની છે ? તેને પણ આપણા હુકમ પ્રમાણે વર્તવાની ફરજ પડશે. "

ભભૂતમલ બોલ્યો: " પણુ મને એમ લાગે છે કે આપણો વિજય બહુ વહેલો થઇ જશે; કારણુકે વિજયની કુંચી આપણા હાથમાં છે ? "

વિજયસિંહ બોલ્યો: " તે કુંચી કઇ ? "

" પૈસા ! " ભભૂતમલ બોલ્યો: " વીરોત્તમને હાલમાં પૈસાનો તોટો પડવા લાગ્યો છે. તે મહારાજનો ખજાનો શોધવાની તૈયારીમાં છે. મહારાજનો ખજાનો મેળવી લઇને તેના બળથી સૈન્ય વધારવાનો તેનો વિચાર હોય એમ લાગે છે. "

કાલિકાપ્રસાદ બોલ્યો: " મને લાગે છે કે આપણે હવે આ વાતચીત બંધ રાખવી. ઘણું કરીને કુમાર વિષયમલ આજ કિલ્લામાં જ હશે. તેની અને શૂરસેનની મુલાકાત જરૂર થશે. "

ભભૂતમલ બોલ્યો: "તે કિલ્લામાં જ હશે, કારણુકે તેને કિલ્લો છોડીને બહાર જવાની બિલકુલ જરૂર નથી. આપણે કેદમાં પડ્યા છીએ એવું સાંભળ્યા છતાં પણ તે કિલ્લાની બહાર નીકળશે નહિ. તેણે છેવટસુધી કિલ્લામાં રહીને લડવાનો જ નિશ્ચય કરેલો છે. જો કદાચ વીરોત્તમ આજે ને આજે જ શ્યામગઢને ઘેરો ઘાલે, તોપણ તે એકલો તેનું રક્ષણુ કરશે. "

વિજયસિંહ બોલ્યો: " વીરોત્તમે હજીસુધી શ્યામગઢને ઘેરો ઘાલવાનો યત્ન કર્યો નથી એવું જણાય છે. "

" ના. " ભભૂતમલ બોલ્યો: " અત્યારસુધી તે તરફ વીરોત્તમની નજર ગઇ નથી, એમ હું ધારૂં છું, પણ ધારો કે થોડી જ વારમાં મારા કિલ્લાપર હલ્લો કરવાનો તેનો વિચાર હોય, તો તે આપણે કેવી રીતે જાણી શકીએ ? "

" ઘણું કરીને આજ સાંજે શૂરસેન શ્યામગઢમાં જઇને દાખલ થશે. " વિજયસિંહ બોલ્યો.

કાલિકાપ્રસાદ બોલ્યો: " કુમાર વિષયમલને સૈન્યની તૈયારી માટેની સૂચના—"

ભભૂતમલ બોલ્યો: " રાજકન્યાની સામે આવવાની અને લશ્કર તૈયાર કરી રાખવાની સૂચના વિષયમલને વેળાસર પહોંચાડવાની બહુ જ જરૂર હતી. શૂરસેને પોતે એ સંદેશો પહોંચાડવાનું કામ માથે લીધું, એ બહુ જ સારૂં થયું."

કાલિકાપ્રસાદ બોલ્યો: " પોતાના કિલ્લાના બંદોબસ્તને માટે શૂરસેનને પાછા જવાની બહુ ઉતાવળ હતી, કારણકે વીરોત્તમ પોતાના કિલ્લાપર હલ્લો કરશે એવી ધાસ્તી તેના મનમાં હોય એ સ્વાભાવિક છે! તેથી કરીને જ તે એટલી ત્વરાથી ચાલ્યો ગયો."

"એ પણ ખરૂં છે." ભભૂતમલ બોલ્યો: "આજે સાંજે શૂરસેન અમારા કિલ્લામાં જઈને સંદેશો પહોંચાડશે અને પછી રાતોરાત પોતાના કિલ્લામાં પાછો જશે. તેણે પોતાનો વેશ એવી બેમાલૂમ રીતે બદલાવી નાંખ્યો છે કે તેને કોઇ પણ ઓળખી શકશે નહિ. વળી તેનો ઘોડો પણ ઘણો તેજ છે. આપણે બે દિવસ પછી પહોંચીશું—"

કાલિકાપ્રસાદ બોલ્યો: " આપણે ગોઠવેલી યુક્તિ જો નિર્વિઘ્નપણે પાર ઉતરી તો—"

ભભૂતમલ બોલ્યો: " હું સમજી ગયો. હું કાંઈ વધારે બોલતો નથી. વીરોત્તમનો કોઇ જાસૂસ અહીં હશે તો તે આપણને ઓળખી જશે, કિંવા આપણી સાથે ખજાનો છે—"

" સરદાર સાહેબ! કૃપા કરીને છાના રહો." કાલિકાપ્રસાદ બોલ્યો: " દિવાલને પણ કાન હોય છે! આવી ગુપ્ત વાત ધર્મશાળા જેવા સ્થળે ખુલ્લી રીતે બોલવી એ ઠીક નથી. અત્યારસુધી તો આપણને કાંઇ વિઘ્ન નડયું નહિ એ ખરૂં. કાલે પેલા નામધારી સરદાર બળવંતસિંહની સાથે જરા ચકમક ઝરી એટલું જ માત્ર. ત્યારપછી કાંઇ વધુ ઓછું થયું નહિ તે સારૂં થયું."

વિજયસિંહે પૂછયું: "પણ ગુરૂરાજ! આપને હાથે હવે કેમ છે?"

પોતાના હાથનો પાટો છોડીને જખમ બતાવતાં કાલિકાપ્રસાદ બોલ્યો: " એ ગુજરાતીની તલવારનો જખમ મને બહુ વાગ્યો હતો, પણ આજે કાંઇ એટલી બધી પીડા થતી નથી. પણ એ ઝપાઝપીથી મને કાંઇ લાભ થયો નહિ. મને તલવાર વાગેલી જોતાં જ મારા સોબતીઓ લડવાનું કામ છોડીને મારી પાસે આવ્યા અને મને પાછો લઇ ચાલ્યા. જો એ ઘા મને વાગ્યો ન હોત, તો મેં તેને પકડયો જ

હોત. પેલો સાલો ઉમેદ મારા હાથમાંથી નાસી છૂટયો તેથી મને બહુ જ લાગી આવે છે. હશે, વળી જોઇ લેવાશે. તે છોકરાને ગમે ત્યારે પણ પકડીને કાલિકાને તેનું બલિદાન દીધા વિના હું રહેવાનો જ નથી!"

ભભૂતમલ બોલ્યો: "પુણ્યમંદિરમાં ગરબડ થએલી સાંભળતાં જ શૂરસેન તો તદ્દન ગભરાઇ ગયો. તેને કાંઇક સંશય આવ્યો હોવો જોઇએ એવું તુરત મારા સમજવામાં આવ્યું; તેમ જ પેલો બખ્તરવાળો પણ એકદમ અદૃશ્ય થઇ ગયો તે ઉપરથી પણ તેને શંકા આવી; તે દિવસે આપણને એ કિલ્લામાંથી છોડાવીને દિવાનખાનામાં પૂરી રાખવામાં તે વીરપુરૂષનો શો હેતુ હશે, તે માટે તે આખો દિવસ વિચાર કર્યા કરતો હતો! પછી તમે જ્યારે શૂરસેનને બળવંતસિંહની અને એ બખ્તરવાળાની હકીકત કહી, ત્યારે પણ તેને તે બરાબર લાગી નહિ, એમ હું ધારૂં છું. આ સઘળા બનાવમાં કાંઇ પણ ગુપ્તતા રહેલી છે એવું તેને લાગ્યું હોવું જોઇએ."

વિજયસિંહ બોલ્યો: "શૂરસેને શ્યામગઢમાં જવાની પોતાની મરજી દર્શાવતાં જ મને બહુ આનંદ થયો."

ભભૂતમલ બોલ્યો: "પણ તે એટલો ઉતાવળો ગયો ન હોત તો કાંઇ હરકત ન હતી. પુણ્યમંદિરના નિવાસીઓ સંબંધે તેના મનમાં કાંઇ પણ શંકા આવી હોવી જોઇએ. પણ ગુરૂમહારાજ! આપ પેલા બખ્તરવાળા સંબંધે જે કાંઇ કહેવાના હતા તે હવે કહો જોઇએ!"

કાલિકાપ્રસાદ બોલ્યો: "પણ જુઓ, કોઇ અહીં આવે છે. હમણાં એ વાત કરવાનું રહેવા દો!"

એટલામાં ધર્મશાળાનો રખેવાળ ત્યાં આવ્યો અને તેણે કહ્યું કે જમવાનું તૈયાર થઇ ગયું છે. જવાબમાં તેમણે પોતાનાં ભાણાં એક ઓરડીમાં પીરસવાનું જણાવ્યું કારણકે વીરોત્તમના જાસૂસો પોતાને શોધવાને ચોતરફ ફરી રહ્યા હતા એવો ભય તેમના ચિત્તમાં નિવાસ કરી રહ્યો હતો.

જમવા બેઠા પછી ભભૂતમલ બોલ્યો: "કાલ રાત્રે બનેલા બનાવની બહુ ચિંતા મને થયા કરે છે. મને લાગે છે કે પેલા ઉમેદે બળવંતસિંહને પુણ્યમંદિરની સઘળી ખાનગી વાતો કહી દીધી હશે. જો એમ બન્યું હશે તો—"

"નારે ના!" કાલિકાપ્રસાદ બોલ્યો: "એ છોકરો પોતાના સોગંદ ભાંગે એમ મને લાગતું નથી. હું ધારૂં છું કે તેના મનમાં માત્ર નાસી જવાનું જ હતું અને તેથી જ તેણે બળવંતસિંહને

મદદ કરી; કારણકે તેની સાથે એ નિર્ભય રીતે જઇ શકે તેમ હતું. પુણ્યમંદિરમાંથી આજસુધી કોઇ નાસી ગયું નથી એમ કાંઇ નથી. પણ તેથી કાંઇ બ્હીવાનું કારણ નથી. તેણે લીધેલા સોગંદ જ એટલા ભયંકર છે કે તેનું પરિણામ તેના હૃદયમાં ચોંટી ગએલું હોવું જોઇએ. ગમે તેવો મજબૂત હૃદયનો પુરૂષ હોય, તોપણ તે સોગંદ ભાંગી શકે નહિ; આજસુધીમાં કોઇએ પણ એ સોગંદનો ભંગ કર્યો હોય એવું કોઇને સાંભરે છે ખરૂં ?"

"પણ ધારો કે તમારી કલ્પના ખોટી પડી—એ લુચ્ચાએ પોતાના સોગંદ ભાંગ્યા હશે તો ?" ભભૂતમલે પૂછ્યું.

"તો પછી વિકટ પ્રસંગ આવી પડે ! બળવંતસિંહ વીરોત્તમનો મિત્ર છે. તે તેને બધી હકીકત કહ્યા વિના રહેશે નહિ. પછી તો વીરોત્તમ પુણ્યમંદિરનું ખેદાનમેદાન કરી નાંખે !" કાલિકાપ્રસાદ બોલ્યો.

"પુણ્યમંદિરનું પોકળ ખુલ્લું થાય ત્યાંસુધી કાંઇ ફીકર નથી !" વિજયસિંહ બોલ્યો: "પણ હું એમ ધારૂં છું કે બળવંતસિંહને આપણા સંબંધે ઘણી માહિતી મળી હોવી જોઇએ. ખાસ કરીને બહારથી મોટી સાધ્વી દેખાનારી સરોજિની અંદરથી બદચાલની છે, એટલું જ નહિ, પણ તે ખૂની છે, એવું પણ તેના જાણવામાં આવ્યું હોવું જોઇએ."

આ સાંભળીને ભભૂતમલ અને કાલિકાપ્રસાદ વિજયસિંહના મ્હોં તરફ જોઇ રહ્યા. છેવટે કાલિકાપ્રસાદ બોલ્યો: "આપ તો ખુદ આપની પ્રિયતમા સંબંધે જ આવા કઠોર શબ્દો બોલો છો !"

"નહિ, નહિ ! હું તો એમ કહું છું કે બળવંતસિંહના મનમાં તે વખતે એવા વિચારો આવ્યા હશે !" વિજયસિંહ બોલ્યો: "પણ મને એ વાતનું મોટું આશ્ચર્ય થાય છે કે પુણ્યમંદિરમાં થએલી એ ગરબડને બીજે જ દિવસે તે સંગમપુર છોડીને ચાલતો કેમ થઇ ગયો ? જો ત્યાંથી ચાલ્યા જવાનો જ તેનો વિચાર હતો, તો આટલી હિંમત કરીને પુણ્યમંદિરમાં આવવાનું તેને શું કારણ હતું ? પણ કેમ ગુરૂરાજ ! તે સંગમપુર છોડી ગયો છે એ વિષે તો આપની પક્કી ખાત્રી છે કે ?"

"સંગમપુરમાં તે જ્યાં ઉતર્યો હતો, ત્યાં મેં એક ખાસ માણસ મોકલીને તપાસ કરી, તો તે ઘરવાળાએ એવું કહ્યું કે તે સ્હવારે જ શહેર છોડીને ચાલ્યો ગયો." કાલિકાપ્રસાદ બોલ્યો: "મને લાગે છે કે પુણ્યમંદિર સંબંધે તેના મનમાં કાંઇ પણ સંશય નહિ આવ્યો હોય. તેને

માત્ર એટલું જ માલૂમ પડયું હશે કે પુણ્યમંદિરમાં કેટલાંક ભોંયરાં છે અને તેમાં થઇને દૂર આવેલી બીજી એક ઇમારતમાં જઇ શકાય છે. સરોજિની પાસે હથિયારબંધ માણસો છે. બહારથી બહુ જ સભ્ય અને ધાર્મિક દેખાનારી એ સ્ત્રી અત્યંત વિલાસી હોવી જોઇએ એટલો જ સંશય માત્ર તેને આવ્યો હશે. વળી તેના જેવો વીર પુરૂષ કોઇની પાસે કદાપિ એમ પણ કહી શકશે નહિ કે પોતે એ સ્થળે કાંઇ અનિષ્ટ હેતુથી ગયો હતો. તે સિવાય પુણ્યમંદિર સંબંધે વીરોત્તમને બાતમી નહિ દેવામાં તેનો એક બીજો હેતુ હોવાનો પણ સંભવ છે, એટલે રાજકન્યા પુણ્યમંદિરમાં છે એ વાત તે જાણે છે, પરંતુ તે વાત વીરોત્તમને નહિ જણાવવામાં જ તેનો પણ લાભ સમાએલો છે. અનેક કારણોને લીધે રાજકન્યા વીરોત્તમના હાથમાં જવા પામે એ તેને ઇષ્ટ નથી."

"હા, એ વાત પણ ખરી જ !" ભભૂતમલ બોલ્યો: "પણ કદાચ તેના નોકરોનું શું થયું તે જો તે જાણશે, તો તે તેમને શોધવા માટે–"

"ભલેને એની મરજીમાં આવે એટલી શોધ કરે !" કાલિકાપ્રસાદ બોલ્યો: "જેવી રીતે નદીનો પ્રવાહ ભૂમિની અંદર ગુમ થાય છે એટલે તેનો પત્તો લાગી શકતો નથી–

"પણ ધારો કે કદાચ તે તેજ પ્રવાહને આધારે મારા કિલ્લા સુધી આવીને અટક્યો, તો ?" ભભૂતમલે પૂછ્યું.

"શું ? તમને એમ લાગે છે કે તે બળવંતસિંહ એક વાર સ્વદેશ પહોંચ્યા પછી પોતાના ક્ષુદ્ર નોકરોને શોધવા માટે પાછો આવીને તમારા શ્યામગઢને ઘેરો ઘાલશે ? છટ્ ? એવું કદાપિ બને નહિ !" કાલિકાપ્રસાદ બોલ્યો: "હવે થોડી જ વારમાં શ્યામગઢ ઉપર રાજકન્યાના નામનું રાજ્યચિહ્ન ઉભું કરીશું."

થોડી વાર વિચાર કરીને વિજયસિંહ બોલ્યો: "મને લાગે છે કે બળવંતસિંહ ઘણું કરીને આ જ રસ્તે થઇને ગયો હશે. કદાચ તે અહીં ઉતર્યો પણ હશે. આપણે રખેવાળને પૂછી જોઇએ તો ખરા ! તેની સાથે બીજું કોણ કોણ હતું તેની બાતમી પણ કદાચ આપણને તેની પાસેથી મળી શકશે ! વળી પેલો ઉમેદ તેની સાથે હતો કે નહિ એ જાણવું બહુ જ જરૂરનું છે."

"તેમ જ પેલી અલકકુમારીની ખબર લાગવાની પણ જરૂર છે !" કાલિકાપ્રસાદ ધીમેથી બરબડયો. ચંડિકા ડોસી સાથે કાલિકાપ્રસાદને જે વાતચીત થઇ હતી તે અલકકુમારીએ સાંભળી હોવી જોઇએ એવો

તેને સંશય હતો, અને તેથી તે પોતાના હાથમાં આવે એવી કાલિકાપ્રસાદની ઉત્કટ ઇચ્છા હતી.

તે કાંઇક ધીમેથી બોલ્યો, એવું જોઇને ભભૂતમલે પૂછ્યું: "બીજું આપ શું કહો છો, ગુરુરાજ?"

"તે કાંઇ બહુ મહત્ત્વની વાત નથી." કાલિકાપ્રસાદ બોલ્યો: "હું પોતે જ જઇને ધર્મશાળાના રખેવાળને સઘળી વાત પૂછું છું." એમ બોલતો બોલતો તે ત્યાંથી ઉઠીને ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૧ મું.

કાલિકાપ્રસાદ, રખેવાળ અને તેની સ્ત્રી.

સંગમપુરથી શ્યામગઢ સુધી કાલિકાપ્રસાદને સેંકડો વાર આવજા કરવી પડતી હતી, તેથી એ માર્ગપરના પ્રત્યેક ગામડામાં તેને સારી ઓળખાણો હતી; એટલે રસ્તાપર આવતી એક મોટી ધર્મશાળાના રખેવાળ સાથે તેને ઘણો સારો પરિચય હોય એમાં કાંઇ આશ્ચર્ય લેખાય નહિ. જ્યારે કાલિકાપ્રસાદ રખેવાળની પાસે ગયો ત્યારે તે તેની સ્ત્રીની સાથે આજે કરેલી કમાણીનો હિસાબ કરતો બેઠો હતો. કાલિકાપ્રસાદને બારણા પાસે આવેલો જોતાં જ રખવાળને બહુ આનંદ આનંદ થયો અને તેણે તુરત જ તેને બેસવાને માટે એક બાજઠ આણી આપ્યો. કાલિકાપ્રસાદે પૂછ્યું: "કેમ? આજનો હિસાબ કરો છો કે શું?" જવાબમાં રખેવાળે લંબાણથી બધું ખર્ચ ગણાવવા માંડયું પણ કાલિકાપ્રસાદનું ચિત્ત તેમાં નહોતું. તે સમજી ગયો કે રખેવાળને હજી બીજા પૈસાની આશા છે, એટલે તેણે તુરત પાંચ સોનૈયા કાઢીને તેના હાથમાં મેલ્યા. તેનું આ ઔદાર્ય જોઇને રખેવાળ તથા તેની સ્ત્રી બહુ આશ્ચર્ય પામ્યાં. પછી કાલિકાપ્રસાદે પૂછ્યું: "હાલમાં તમારો ધંધો કેમ ચાલે છે? હમણાં મુસાફરો બહુ આવતા હશે!"

"ના, ના. મુસાફરો ગમે તેટલા આવે પણ અમને ખટાવનારા બહુ થોડા હોય છે. માત્ર પરમ દિવસે એક પ્રવાસી મંડળ આવેલું અને તેથી મને સારી કમાણી થઇ. પણ તેણે તો મોટો અનર્થ કર્યો!" રખેવાળ બોલ્યો.

કાલિકાપ્રસાદે અત્યંત ઉત્સુકતાથી પૂછ્યું: "અનર્થ? શાનો અનર્થ વળી?"

"એટલે? શું એ ખબર હજી સંગમપુર પહોંચી નથી?" રખેવાળે સામો પ્રશ્ન કર્યો.

" પણ એ ખબર કઇ વારૂ ? " કાલિકાપ્રસાદે પૂછ્યું.

" આ ધર્મશાળામાં પરમ દિવસે રાત્રે ખૂન થયાની ખબર ! "

" શું ! ખૂન ? અને તે આ ધર્મશાળામાં ? કોનું ખૂન ? કોણે કર્યું ? " કાલિકાપ્રસાદે અધીરાઇથી એકી સામટા પ્રશ્નો કરવા માંડયા.

" એક જુવાન છોકરાનું ખૂન એક અતિશય સુંદર સ્ત્રીએ કર્યું." રખેવાળ બોલ્યો.

" ત્યારે તો એ સ્ત્રી અત્યારે કેદમાં જ હશે ! " કાલિકાપ્રસાદે પૂછ્યું.

" નારે ના ! કાંઈ વિલક્ષણ રીતે એકાએક અદૃશ્ય બની ગઇ !" રખેવાળની સ્ત્રીએ કહ્યું.

રખેવાળ બોલ્યો: " ગુરૂરાજ ! સાંભળો. હું સઘળી વાત કહું છું. પરમ દિવસે ઉંચા પોશાક પહેરેલું એક પ્રવાસી મંડળ અહીં ઉતર્યું હતું. તેમાંનો મુખ્ય પુરૂષ કોઇ એક સરદાર હતો. બીજો એક બખ્તરવાળો જુવાન તેમની સાથે હતો. તેણે છેવટસુધી કોઇને પણ પોતાનો ચહેરો બતાવ્યો નહોતો–"

" પણ તેનું કારણ પાછળથી સમજાઇ ગયું. " રખેવાળની સ્ત્રી બોલી: " એ જ બખ્તરવાળાએ સંગમપુરના કિલ્લામાંથી ત્રણ કેદી રાજાઓને નસાડી મેલ્યા હતા ! "

" એમ કે ? ત્યારે એ સરદારનું નામ તમે જાણો છો કે ?" કાલિકાપ્રસાદે પૂછ્યું.

" હા, હા, તેનું નામ સરદાર બળવંતસિંહ ! " તે બોલી.

" પણ જેનું ખૂન થયું, તે પણ તેમની સાથે જ હતો કે ? " કાલિકાપ્રસાદે પૂછ્યું.

" હા, તે તો એક જુવાન છોકરો જ બિચારો હતો–લગભગ વીશેક વર્ષનો હશે. " રખેવાળની સ્ત્રી બોલી.

અતિશય આતુરતાથી કાલિકાપ્રસાદે પ્રશ્ન કર્યો: " તેનું નામ શું વારૂ ? "

" ઉમેદ ! " રખેવાળ બોલ્યો.

" જય કાલિકા મા ! " કાલિકાપ્રસાદ આનંદથી બોલ્યો: " તારી શક્તિ અગાધ છે. " તેનો તે આનંદ લક્ષમાં નહિ આવવાથી રખેવાળે તેને પૂછ્યું. " તે ઉમેદ તમારો ઓળખીતો હતો કે શું ?"

" હા, તે જરા મારી ઓળખાણવાળો હતો; પણ જે સુંદર સ્ત્રીએ તેનુ ખૂન કર્યું, તે–" કાલિકાપ્રસાદે પૂછ્યું.

રખેવાળની સ્ત્રી વચમાં જ બોલી ઉઠી: "તે તો ક્યારનીએ અહીંથી અગીયારા ગણી ગઇ !"

"પણ તે કોણ હતી વારૂ? તેનું નામ શું?" કાલિકાપ્રસાદે પૂછ્યું.

"તેનું નામ લતિકાદેવી. પેલી કાળી જમનીની બ્હેન !" રખેવાળ બોલ્યો.

અત્યંત આશ્ચર્યથી કાલિકાપ્રસાદ બોલ્યો: "કોણ લતિકાદેવી? જમનીની બ્હેન!! તે શું બળવંતસિંહની સાથે હતી? વારૂ, તેને પહેલાં સરકારી માણુંસોએ પકડી અને પછી તે નાસી ગઇ, એમ તમે હમણાં કહ્યું, નહિ વારૂ?"

"હા; પણ ગુરૂમહારાજ! આ ખબર સાંભળીને આપને બહુ આશ્ચર્ય થતું લાગે છે." રખેવાળ બોલ્યો: "આપની આ આનંદસૂચક મુખમુદ્રાપરથી લાગે છે કે એ લતિકાદેવી આપની કાંઇક સગી થતી હોવી જોઇએ."

"ના રે ના! તેવું કાંઇ જ નથી." કાલિકાપ્રસાદ ઉતાવળે બોલ્યો: "તેનો અને મારો કાંઇ જ સંબંધ નથી. માત્ર હું તેના સંબંધમાં કેટલીક વાત જાણુતો હતો, તેથી આ વાત મને જરા ચમત્કારિક લાગી, એટલું જ. પણ આ પ્રકાર કેવી રીતે બન્યો, તે હવે સ્પષ્ટ રીતે કહી સંભળાવો."

"કહું છું, સાંભળો." રખેવાળ બોલ્યો: "બળવંતસિંહ, લતિકાદેવી, પેલો બખ્તરવાળો અને ઉમેદ એ સર્વ મંડળ અહીં સાંજે આવી પહોંચ્યું. મધરાત્રે લતિકાએ મારી પાસે આવીને બારણાંને ધક્કો માર્યો, એટલે અમે બન્ને માણુસ ગભરાતાં જાગી ઉઠયાં. પછી અમને સાથે લઇને તે પેલી બાજુની ઓરડીમાં–જ્યાં ઉમેદ સૂતો હતો ત્યાં ગઇ. અમે ત્યાં જઇને જોઇએ છીએ તો તે બિચારો મરણ પામેલો પડયો હતો! પહેલાં તો અમે બહુ જ ગભરાયાં, પણ જ્યારે તે જ બાઇએ એમ કહ્યું કે મેં પોતે જ ખુન કર્યું છે, ત્યારે તો અમને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું. પછી અમે પાસેના ગામમાંથી સરકારી માણુસોને બોલાવ્યાં. તેમણે તેના ઉપર પહેરો બેસાડયો. તેની બન્ને દાસીઓ તેની સાથે જ હતી. પછી ન્યાયાધીશે કેટલીક તપાસ ચલાવી, એટલે લતિકાદેવીએ પોતાની બહેન પોતાને મળવા આવનાર છે એમ કહીને તે માટે એક પહોરની મુદત માંગી. જમનીને અહીં સઘળાં ઓળખે છે તે પ્રમાણે હું પણ તેને ઓળખું છું પણ તેને વળી એક બહેન

છે, એ વાતની તો મને આજસુધી બિલકુલ ખબર નહોતી.”

“ તેને એક બહેન છે, એ હું જાણું છું. ” કાલિકાપ્રસાદ બોલ્યો.

“ પછી તે દયાળુ ન્યાયાધીશે તેને બે પહોરસુધી એટલે મધ્યાહ્ન થતાંસુધી ત્યાં જ રાખવાનું ઠરાવ્યું. તેની ઓરડીના આગળના બારણાપર એક અને પાછળની બારી પાસે એક એ પ્રમાણે બે પહેરેગીરો બેસાડચા હતા. તોપણ થોડી જ વારમાં તે નાસી ગયાની ખબર એકાએક સાંભળવામાં આવી ! ”

કાલિકાપ્રસાદ બોલ્યોઃ “ તેણે કદાચ પહેરેગીરોને લાંચ આપી હશે. ”

“ તેમ નહિ બન્યું હોય, એમ હું કાંઈ કહી શકતો નથી.” રખેવાળ બોલ્યોઃ “ પણ તેને માટે ન્યાયાધીશની ખાત્રી હતી.”

“ વારૂ, પણ ન્યાયાધીશની તપાસનું છેવટ શું આવ્યું ? ” કાલિકાપ્રસાદે વચમાં પૂછ્યું.

“ કાંઈજ નહિ. ” રખેવાળ બોલ્યોઃ “ જમની અહીં આવી. તેને અહીંથી જતી મેં મારી આંખોએ જોઇ હતી. તેને પાસેના જંગલ તરફ જતી પણ મેં જોએલી. પહેરેગીરોએ પણ તેને ઓરડીમાંથી ખુલ્લી રીતે બહાર નીકળતી જોઇ હતી. તે બહાર ગઇ એ તો સૌએ જોયું હતું; પણ આશ્ચર્યની વાત એ હતી કે કોઇએ તેને અંદર આવતી જોઇ જ નહોતી. ”

કિંચિત્ વિચાર કરીને કાલિકાપ્રસાદ બોલ્યોઃ “ એ તો બહુ જ ચમત્કારિક વાત ! ”

એ વખતે જો તે રખેવાળે કાલિકાપ્રસાદ તરફ જોયું હોત, તો તેના જોવામાં આવ્યું હોત કે કોઇ પણ વાતની ગોઠવણ તેના મગજમાં ચાલી રહી છે. પોતાની વિચારમાળામાં હજી કાંઇક અપૂર્ણતા છે એવું લાગવાથી કાલિકાપ્રસાદે પૂછ્યું : “ મને સઘળી હકીકત પહેલેથી છેલ્લેસુધી બરાબર ગોઠવીને કહે જોઇએ ! ”

રખેવાળે તેને સઘળી હકીકત બરાબર ગોઠવીને પુનઃ કહી સંભળાવી. ન્યાયાધીશે લખેલી જબાનીઓ પણ તે જાણતો હતો, એટલે તેણે તે પણ કહી. કાલિકાપ્રસાદ વચમાં વચમાં કાંઇક પ્રશ્નો તેને પૂછતો જતો હતો. છેવટે તેનો વિચાર નક્કી થયાબાદ તે બોલ્યોઃ “ હા; તે એમ જ હોવું જોઇએ ! સઘળી વાત હવે સ્પષ્ટ રીતે સમજી શકાય છે. તે બન્ને બહેનોની ગુપ્ત વાત તે એ જ ! અહો ! હું કેટલો મોટો ગાંડો ? !

અત્યારસુધી એ વાત મારા ધ્યાનમાં બિલકુલ આવી નહિ! રાંડ લુચ્ચી રમણી! હવે તારી સઘળી યુક્તિઓ મારા સમજવામાં આવી ગઇ! હવે તું મારા પંજામાંથી કેવી રીતે છૂટી શકે છે તે જોઉં છું!" એમ હળવે હળવે પોતાના મનની સાથે બરબડતો તે ઘણી વાર સુધી આશ્ચર્યમાં લીન બની ગયો. તેની એ સ્થિતિ જોઇને ધર્મશાળાવાળાં ધણીધણીઆણીને પણ બહુ નવાઇ લાગી. છેવટે ભાનમાં આવીને કાલિકાપ્રસાદ બોલ્યો: "એ બધું મંડળ મારા પરિચયવાળું છે, એથી જ મને આ વાત સાંભળીને બહુ આશ્ચર્ય લાગે છે!"

"પણ મહારાજ! પેલા બખ્તરવાળાને પકડવાની હકીકત મેં આપને હજી કહી નથી." રખેવાળે એક રહી ગએલી વાત વળી સંભારી આપી.

"તે કેદમાં છે કે શું?" કાલિકાપ્રસાદે પૂછ્યું.

આ વખતે રખેવાળની સ્ત્રીને બહુ ઉત્સાહ આવી ગયો તેથી તે જ બોલવા લાગી: "તે કાંઈ કેદમાં નથી. ન્યાયાધીશને કાંઇક શંકા આવી, તેથી તેણે થોડીએક તપાસ કરી પણ કાંઇ મજબૂત પુરાવો મળ્યો નહિ, એટલે તેણે તેને માત્ર થોડો નામનો જ દંડ કરીને છોડી દીધો. પછી એ બખ્તરવાળો પણ બળવંતસિંહની સાથે ચાલ્યો ગયો."

"પણ તે કોણ હતો, એ તે સરદારને ખબર હતી કે નહિ?" કાલિકાપ્રસાદે પૂછ્યું.

"હું ધારૂં છું કે એ કોણ છે તે તે સરદારને બિલકુલ ખબર નહોતી. પોતાની સાથે સિપાઇઓ લઇને અહીં જે સરદાર આવ્યો હતો તેણે એવું કહ્યું હતું કે તે બખ્તરવાળો પોતાનું નામ કહેતો હતો નહિ, તેથી બળવંતસિંહને તેનું નામ પૂછ્યું, પણ તેણેએ એવો જવાબ આપ્યો કે તેનું નામ પોતે પણ જાણતો નહોતો! ફક્ત તેણે એ બખ્તરવાળાના શૌર્ય અને સૌજન્યની જ તારીફ કરી હતી. વળી મરણ પામેલો ઉમેદ સાંજે આવ્યો ત્યારે અહીં વાતચીત કરતો બેઠો હતો, તે પણ એવું જ કહેતો હતો કે એ બખ્તરવાળો કોણ છે તે પોતાને કિંવા પોતાના માલેકને બિલકુલ ખબર નહોતી!"

"એટલે એમ જ હોવું જોઇએ!" એમ કાલિકાપ્રસાદ પોતાના મનમાં બોલ્યો અને પછી તેણે રખેવાળને કહ્યું: "આપણને અહીં વાતચીત કરવામાં બહુ જ મોડું થયું! વારુ, પણ અમારી મંડળી તૈયાર થઇ કે નહિ? અમારે સત્વર આગળ જવાનું છે. જરા બહાર જોતો ખરો!" રખેવાળ બહાર ગયા પછી કાલિકાપ્રસાદે તેની સ્ત્રીને પૂછ્યું:

"લતિકાની પેલી બે દાસીઓનું શું થયું?"

"તેઓ તો પછી બળવંતસિંહની સાથે જ જતી રહી." તે બોલી.

પછી તે ત્યાંથી બહાર નીકળતાં પોતાના મન સાથે બોલ્યોઃ "હાં! હવે સઘળી વાત બરાબર મળતી આવી રહી! રમણી! હવે વીરોત્તમ તારૂં ગમે તેટલું રક્ષણ કરશે, તોપણ હું તો મારૂં વૈર લઇશ જ લઇશ!" પછી સઘળું મંડળ આગળ ચાલવાને તૈયાર થયું કે નહિ તે જોવાને તે ધર્મશાળાના આંગણામાં આવીને ઉભો, તો ત્યાં એક વિલક્ષણ જ પ્રકાર તેના જોવામાં આવ્યો. ત્યાં કોઇ એક સ્વાર આવ્યો હતો અને સઘળા ચાકરો તેની આસપાસ એકઠા થયા હતા. એટલામાં રખેવાળને પોતાના ઓરડા તરફ પાછો જતો કાલિકાપ્રસાદે જોયો. તેને તેણે પૂછ્યું: "આ સઘળા માણસો ત્યાં કેમ એકઠા થયા છે? કાંઇ નવો ગોટાળો ઉભો થયો છે કે શું?"

રખેવાળ બોલ્યોઃ "આ સ્વાર સંગમપુરથી કાંઇ મહત્ત્વની ખબર લઇને આવ્યો છે. આ દેશમાંના સરદારો અને રાજાઓ સાથે લડાઇ કરવાનો પોતાનો નિશ્ચય વીરોત્તમે જાહેર કર્યો છે!"

કાલિકાપ્રસાદ બૂમ મારી ઉઠ્યોઃ "શું કહે છે? વીરોત્તમમાં લડાઈ કરવાનું સામર્થ્ય—"

"મહારાજ! કૃપા કરીને ઉતાવળે બોલો નહિ. આ એકઠા થએલા માણસોમાં વીરોત્તમના પક્ષના ઘણા માણસો છે." રખેવાળ બ્હીતો બ્હીતો બોલ્યો.

"એ પણ ખરૂં!" કાલિકાપ્રસાદ બોલ્યોઃ "પણ સંગમપુરની બીજી કાંઇ ખબર છે?"

"વીરોત્તમે કાલે પોતાનું સઘળું સૈન્ય મેદાનમાં એકઠું કર્યું હતું અને તેમણે પોતાનો યુદ્ધ કરવાનો નિશ્ચય તે જ વખતે જાહેર કર્યો હતો." રખેવાળ બોલ્યો.

કાલિકાપ્રસાદ ગંભીર સ્વરે બોલ્યોઃ "ત્યારે પછી કાલે સ્હવારે જ લડાઇની શરૂઆત કરવી!"

"ગુરૂરાજ! આપ એ શું બોલ્યા?" રખેવાળે આશ્ચર્યથી પૂછ્યું.

"કાંઇ નહિ! હવે શું થશે તે તને તુરત જ ખબર પડશે; પણ અમારૂં મંડળ તૈયાર થયું કે?"

"નાજી." રખેવાળ બોલ્યોઃ "પણ હવે થોડી જ વારમાં તૈયાર થશે."

કાલિકાપ્રસાદ ધર્મશાળામાં ગયો. ત્યાં તેને સૌથી પહેલો ભભૂત-

મલ મળ્યો. તે બોલ્યોઃ "ગુરૂરાજ ! આપ તો ત્યાં બહુ વખત રોકાયા ! કેમ કાંઇ વિશેષ બાતમી મળી ?"

"આપણા ઉપયોગની ઘણી ખબર મને મળી છે. પહેલી વાત એ કે ઉમેદ તરફની બ્હીક રાખવાનું હવે કાંઇ કારણ નથી કેમકે હવે તે જીવતો નથી. બીજી વાત અહીંથી એક દિવસની મુસાફરી જેટલે દૂર બળવંતસિંહ છે; તે અહીં ગઇ કાલે ઉતર્યો હતો. ત્રીજી વાત પેલી રમણી તુરત જ આપણા હાથમાં આવશે અને થોડી જ વારમાં આપણે તેનું બળિદાન આપીશું; અને ચોથી વાત વીરોત્તમે આ પ્રદેશના સરદારો સાથે લડાઈ કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો છે !"

ભભૂતમલ બોલ્યોઃ "આ સઘળી વાત બહુ જ મહત્ત્વની છે. પણ આટલી થોડી વારમાં આ સઘળી બાતમી આપને મળી કેવી રીતે ?"

"તે સઘળું હું પછીથી જણાવીશ. અત્યારે તો આપણે ઉતાવળે ઘોડાપર બેસીને શ્યામગઢનો રસ્તો પકડવો જોઇએ." કાલિકાપ્રસાદે જણાવ્યું.

ભભૂતમલ બોલ્યોઃ "આપનું એ કથન બરાબર છે."

થોડી જ વારમાં તેઓ ઘોડાપર સ્વાર થઇને પોતાના પ્રવાસમાં પુનઃ આગળ વધ્યા.

પ્રકરણ ૧૨ મું.

વીરોત્તમનું સૈન્ય.

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે કાલિકાપ્રસાદે સાંભળેલી સઘળી હકીકત ખરી હતી. પ્રતાપી વીરોત્તમે પોતાનું સઘળું સૈન્ય એક મોટા મેદાનમાં એકઠું કરીને તેની કવાયત તપાસી હતી અને તે જ વખતે સૈન્યના સઘળા સિપાઇઓને ઉત્સાહ સ્ફુરે તેવો ઉપદેશ કરીને તુરત જ લડાઇનો પ્રારંભ કરવાનો પોતાનો વિચાર જાહેર કર્યો હતો.

પહેલાં તો તેણે પોતાના બધા સૈન્યને મેદાનમાં એકત્ર થવાનો હુકમ કર્યો હતો, તે પ્રમાણે સઘળા સિપાઇઓ ત્યાં આવ્યા હતા. શહેરમાંથી પુષ્કળ માણસો લશ્કરની કવાયત જોવાને માટે ગયા હતા, કારણકે વીરોત્તમની રાજ્યપદ્ધતિ શહેરમાંના લોકોને ધીમે ધીમે પસંદ પડવા લાગી હતી. વીરોત્તમે પહેલાં તો લોકો ઉપર જે કેટલેક જુલ્મી કર હતો તે ઓછો કર્યો. પહેલાં સરકારને નામે ગમે તે અધિકારી રૈયતને લુંટવા માંડતો, એ જ પ્રમાણે રાજ્યકારભાર ચાલી રહ્યો હતો.

પણ હવે વીરોત્તમે એવું જાહેરનામું બહાર પાડ્યું કે લોકોએ રોકડા પૈસા હાથમાં લીધા વિના સરકારને નામે કોઇને કાંઇ પણ ચીજ વેચાતી આપવી નહિ. આથી લોકોને અત્યંત આનંદ થયો.

શહેરની બહાર સૈન્યને એકત્ર થએલું જોઇને તે સંબંધે લોકોના મનમાં હજારો કલ્પનાઓ આવવા લાગી, અને તે સંબંધે જ જ્યાં ત્યાં ચર્ચા ચાલવા લાગી. પણ વીરોત્તમના મનમાં શું હતું એ સામાન્ય લોકોના ધ્યાનમાં કેવી રીતે આવી શકે ? પહેલાંના રાજાના લશ્કરમાં અને આ વીરોત્તમના લશ્કરમાં જમીન-આસમાન જેટલો વિશાળ તફાવત હતો. પહેલાંના લશ્કરના સિપાઇઓ દુર્બળ અને ઉદાસ હતા. વખતસર પગાર નહિ મળવાથી તેઓ રાજાપર બિલકુલ પ્રેમ ધરાવતા નહોતા. પણ વીરોત્તમ બરાબર વખતે પગાર આપતો હતો તેથી તેના માણસો પોતાનો જાન કુરબાન કરીને લડતા હતા. વીરોત્તમ પોતે તદ્દન સાદી રીતે વર્તતો હતો અને તેથી તેના લશ્કરમાં પણ બહુ ઢોંગ-સોંગ જોવામાં આવતા નહિ.

સાંજે અસ્ત થતા સૂર્યના આછા તડકામાં એકસરખો પોશાક પહેરીને વીસ હજાર સૈનિકો જ્યારે સફ સમારીને ઉભા રહ્યા હતા, ત્યારે તે સૈન્યની શોભા બહુ જ સુંદર દેખાતી હતી. જ્યાં ત્યાં ચકચકિત તલવારો વિજળીની પેઠે ચમકી રહી હતી. ઘોડાના દાબડાથી અને હણહણાટથી મેઘગર્જનાની પેઠે ગડગડાટ થઈ રહ્યો હતો. સઘળું સૈન્ય એકત્ર થઇને વીરોત્તમની રાહ જોઇ રહ્યું હતું. થોડી જ વારમાં તદ્દન સાદા પોશાકમાં સજ્જ થએલો, મજબૂત શરીરનો પરંતુ એક આંખે આંધળો એવો વીરોત્તમ ફક્ત બે જ અંગરક્ષકોની સાથે આવીને દાખલ થયો.

વીરોત્તમનો પોશાક તદ્દન સાદો હતો. તેના શરીર ઉપર બિલકુલ અલંકારો નહોતા. સોનાની એક કકડી પણ તેના શરીર ઉપર નહોતી. માત્ર તેના હાથની એક આંગળીમાં એક મૂલ્યવાન વીંટી જ હતી. એ વીંટી પણ તેની પોતાની નહોતી. એક વીર નરે તે તેને ભેટ આપી હતી અને તેથી જ તે તેણે પોતાની આંગળીમાં ધારણ કરી હતી. એ વીર નર પણ સરદાર બળવંતસિંહ પોતે જ હતો. તેઓની પહેલવહેલી મુલાકાત વખતે તેમણે પોતાની વીંટીની અદલાબદલી કરી હતી તે વાચકના સ્મરણમાં જ હશે.

વીરોત્તમના મુખ્ય અલંકારો તેનાં શસ્ત્રો જ માત્ર હતાં. તેની વ્હાલી તલવાર તેના હાથમાં હતી અને પીઠપર તેણે ઢાલ બાંધી હતી.

તે મેદાનમાં આવતાં જ તેને સલામી દેવાને એકદમ વીસ હજાર તલવારો મ્યાનમાંથી બહાર નીકળી, જાણે કે પોતાના દરમાંથી ફુંફાડા મારતી નાગિણીઓ એકદમ ડોકાં ઉંચાં કરતી હોયની ! પછી બન્ને બાજુએ ગોઠવાએલા સૈન્યમાંના કોઇની સાથે વાતચીત કરતાં, કોઇની પીઠ થાબડતાં, તો કોઇને નેત્રસંકેતથી સામું નમન કરતાં તે એક વાર આખા સૈન્યની પાસે થઇને ચાલી ગયો. પછી આખું સૈન્ય પોતાનું મ્હોં જોઇ શકે એવા ઉંચા સ્થળે ઉભા રહીને અને વીસ હજાર માણુસો બરાબર સાંભળી શકે એવા અવાજથી તેણે સૈનિકોને સંબોધીને નીચે પ્રમાણે ભાષણ કર્યું:

“ મારા મિત્રો ! તમે સઘળા મારાપર પ્રેમ ધરાવો છો, એ જોઇને મને બહુ જ આનંદ થાય છે. તમે મારા એક શબ્દની સાથે જ અહીં એકત્ર થયા છો, એ જોઇને તમારો મારા ઉપરનો પ્રેમ સ્પષ્ટ રીતે મારા જોવામાં આવે છે. મારો વિચાર તમને પસંદ પડશે એવી મને ખાત્રી છે. મિત્રો ! આ પ્રદેશમાંના કેટલાક રાજાઓ અને સરદારો ગર્વિષ્ઠ બનીને પ્રજા ઉપર કેવો જુલમ કરી રહ્યા છે એ તમે સઘળા જાણો છો. તેઓમાંના કેટલાકના જુલમનો તો તમે અંત આણ્યો છે. કેટલાક સરદારો આપણને અનુકૂળ બની ગયા છે. હજી જે કેટલાક થોડા રૈયત ઉપર જુલમ કરી રહ્યા છે, તેમનો પણ આપણે થોડા જ વખતમાં નાશ કરીશું. તેઓના જુલમમાંથી લાખો માણુસ મુક્ત થઇને તમને આનંદપૂર્વક દુવા દેશે. કેટલાક લુચ્ચા લોકોએ પોતાને ધર્મગુરૂ કહાવીને કેટલાક સરદારોની મદદથી નવાં ધત્તીંગો ઉભાં કર્યાં છે. ધર્મને નામે પુષ્કળ કુટુંબોની ખાનાખરાબી કરી નાંખી છે. માત્ર તલ્વારની અણીથી જ તે સઘળાઓની ખો ભૂલાવી દેવી જોઇએ ! અત્યારસુધી તેઓનાં એ સઘળાં તોફાનો વિનાહરકતે ચાલુ રહેવાથી તેઓ માનતા હતા કે પોતાને શિક્ષા કરનાર કોઇ છે જ નહિ ! રૈયતને તો તેઓ ગુલામના જેવી માને છે ! તેટલામાટે, મિત્રો ! તેમની બરાબર ખબર લેવી એ આપણી ફરજ છે ! ઇશ્વરે આપણને સૌને તેમના નાશના કામમાં જ પ્રવૃત્ત કર્યા છે. આપણે સૌએ ગરીબ પ્રજાના કલ્યાણને માટે યત્ન કરવો જોઇએ. આપણે ઇશ્વરથી ડરીને દુષ્ટોનો વિનાશ કરવા માટે એકત્ર થયા છીએ, તેથી પરમેશ્વર આપણને આ વખતે સહાય કરશે, એમાં બિલકુલ શંકા રાખવા જેવું નથી ! ”

એટલું ભાષણ કરીને વીરોત્તમે મૌન્ય ધારણ કર્યું. પોતાના સૈનિકોનો વિચાર પોતાના વિચારને મળતો જ છે કે કેમ, માટે તે થોભ્યો.

સૌએ મોટો આનંદસૂચક ધ્વનિ કરીને એકમતે પોતાની અનુકૂળતા દર્શાવી. સઘળા માણુસો શાન્ત થયા પછી પ્રતાપી વીરોત્તમે પુનઃ પોતાનું ભાષણ શરૂ કર્યું. તે બોલ્યો: " પ્રિય મિત્રો ! આજે તમારા મુખમાંથી નીકળેલા આ આનંદોદ્‌ગાર શ્રવણ કરીને મને પણુ અત્યંત આનંદ થાય છે. મારૂં હૃદય પ્રેમથી ગળગળું બની જાય છે. હવે તમારૂં પરાક્રમ જોવાનો સમય નજીક આવતો જાય છે. મિત્રો ! જુઓ, હું મારી તલ્વાર મ્યાનમાંથી બહાર કાઢું છું; કેટલાક જુલ્મી સરદારોએ આ પ્રાંતમાં તોફાનો મચાવવા માંડયાં છે તેમનું નિકંદન થાય, ત્યાંસુધી હું આ તલ્વાર પુનઃ મ્યાનમાં ઘાલવાનો નથી, એવી તમારા સઘળાના પરાક્રમ તથા બળ ઉપર વિશ્વાસ રાખીને હું પ્રતિજ્ઞા કરૂં છું. "

એ વખતે વીસ હજાર તલ્વારો મ્યાનમાંથી બહાર નીકળીને ચમકવા લાગી. જે લોકો કવાયત જોવાને ત્યાં એકત્ર થયા હતા, તેઓને પણ વીરોત્તમના એ વીરશ્રીયુક્ત ભાષણના શ્રવણથી શૂરાતન ચઢયું. તે લોકોએ પણ આનંદથી બમો પાડીને તેના ભાષણ પ્રત્યે પોતાની સંમતિ દર્શાવી.

કિંચિત્ શાન્તિ વ્યાપ્યા પછી વીરોત્તમ પુનઃ બોલ્યો: "મિત્રો ! આપણે એક વાતમાં બે કામો કરવાનાં છે. એક ધર્મને નામે ધત્તીંગ ચલાવનારા લોકોને શિક્ષા કરવાનું અને બીજું રાજાઓ-સરદારો પ્રજા ઉપર જુલમ કરે છે, તમને કહીશું તો કદાચ સાચું પણ નહિ જણાય કે તેઓ સ્ત્રીઓ અને પુત્રીઓ ઉપર પણ જુલમ કરે છે-તેઓને ભ્રષ્ટ કરે છે, તેમને માટે પણ આપણે બંદોબસ્ત કરવાનો છે! આપણે કાંઇ નાસ્તિક કે શાક્તધર્માવલંબી નથી. આપણે સઘળા સનાતન ધર્માવલંબી છીએ. માટે મિત્રો ! તૈયાર થાઓ ! આ પ્રદેશમાંના પ્રત્યેક કિલ્લા ઉપર આપણી પતાકા ફરકી રહેવી જોઇએ. "

વીરોત્તમ પુનઃ જરા થોભ્યો. આખું મેદાન આનંદગર્જનાથી ગાજી રહ્યું હતું. સઘળા લોકોએ જાન કુરબાન કરીને પણ લડવાનું સ્વીકાર્યું હતું. થોડી વારે સર્વત્ર શાંતિ વ્યાપ્યા પછી સૌને છાવણીમાં પાછા ફરવાનો તેણે હુકમ કર્યો.

બધા માણુસો પુનઃ એકસરખી ગોઠવણથી વીરોત્તમને નમન કરીને પોતપોતાને ઠેકાણે ગયા. શહેરમાં જ્યાં ત્યાં લડાઇની જ વાતો શરૂ થઇ ગઇ. જે જે સરદારોના સેવકો અથવા ગુપ્ત જાસૂસો સંગમપુરમાં હતા, તેઓએ પોતપોતાના માલેકો પાસે જઇને ખબર પહોંચાડવાની વ્યવસ્થા કરી. એ જ પ્રમાણે એક જાસૂસે ધર્મશાળામાં

આવીને કાલિકાપ્રસાદને એ ખબર પહોંચાડયા હતા. કોઇ વીરોત્તમની બાજુએ રહીને તો કોઇ સરદારોની બાજુએ રહીને હવે શું કરવું તે સંબંધી માંહોમાંહો વિચાર ચલાવવા લાગ્યા.

પ્રકરણ ૧૩ મું.

વીરોત્તમ અને સરોજિની.

તે જ દિવસે સાંજે વીરોત્તમ પોતાના દિવાનખાનામાં બેઠો હતો; તે વખતે તેની આસપાસ કાગળોનો મોટો ઢગલો પડેલો હતો અને તેમાંના કાગળો તે વિચારપૂર્વક વાંચતો જતો હતો. તે વખતે તે ત્યાં એકલો જ હતો. દિવાનખાનામાં એક ઝાંખો દીવો બળી રહ્યો હતો. તેને એવી સ્થિતિમાં કોઇ જુએ, તો તે જોનારને એમ જ માલૂમ પડે કે તે કાંઇ ઉંડા વિચારમાં નિમગ્ન બેઠો છે. તે એક કાગળ હાથમાં લેતો, તેને બરાબર વાંચતો, પછી તે ઉપર કાંઇ લખતો, અને તે કાગળ નીચે મૂકીને બીજો હાથમાં લેતો, એ પ્રમાણે ક્રમ ચાલી રહ્યો હતો. પછી તે પોતાના મન સાથે બોલવા લાગ્યો: " હા, હવે નક્કી થયું. હવે એમ કર્યા સિવાય બીજો ઉપાય જ નથી. જ્યાંસુધી જીવમાં જીવ છે, ત્યાંસુધી લડાઈ તો કરવી જ. મારૂં બધું સૈન્ય મારી આજ્ઞા બરાબર પાળશે તે વિષે તો કાંઇ જ સંશય નથી. હમણાં તો ગુર્જરાધિપતિ કાંઇ ગરબડ કરે તેવો સંભવ નથી. જો તે દિવસે પેલો બનાવ ન બન્યો હોત, તો આજે મને ઘણો ત્રાસ પડયો હોત. તોપણુ તે અંધકારમાં કરેલી વાતને પ્રકાશમાં લાવવાની હવે આપણને કાંઇ જ જરૂર નથી. બરાબર એકવર્ષ સુધી તો તે આ દિશા તરફ જોનાર નથી, કારણકે તેની સાથે એવી શરત કરેલી છે. તે પોતાનું વચન પાળશે તે માટે તો મારા મનમાં જરા પણ શંકાને સ્થાન રહેલું નથી. હે ઇશ્વર! આ સઘળો તારો જ ઉપકાર છે. તારી કૃપાથી હું આ પ્રદેશનું રાજ્ય સંપાદન કરીશ. "

એમ બોલીને કેટલીક વારસુધી તે સ્વસ્થ રહ્યો. પછી તે એક કાગળ હાથમાં લઇને બોલ્યો: " મારા તદ્દન નિકટના આપ્તજનનું આવું અપમાન! ઠીક છે, લુચ્ચાઓ! શાકતો! તમારૂં નિકંદન કર્યા વિના હું રહેવાનો જ નથી! પણ અત્યારે એ વિચાર મારા મનમાં કેમ આવતો હશે વારૂ? હા! પ્રિયે! આજે ઘણે વર્ષે મને તારૂં સ્મરણ કેમ થતું હશે વારૂ? "

વીરોત્તમ એક મહાન્ વીર નર હતો ખરો, પણ એ વખતે તેની આંખમાંથી અશ્રુધારા વહન કરવા લાગી! તે એક છોકરાની પેઠે રડવા લાગ્યો! જ્યારે તેનું મન થોડું સ્વસ્થ થયું, ત્યારે તે પુનઃ પોતાના મન સાથે બોલવા લાગ્યોઃ "ઠીક! અત્યારે એ વિચાર બાજુએ મેલીને પહેલાં શું કરવું તેનો વિચાર નક્કી કરવો જોઇએ. મારી પાસેના આ કાગળોનો મારે વિચાર કરવાનો છે. એટલા બધા કિલ્લાઓને એક સામટો ઘેરો ઘાલવાને કેટલું લશ્કર જોઇએ એ પહેલાં નક્કી કરવું જોઇએ. સઘળા કિલ્લા મારા હાથમાં આવવાને હજી ઘણો વખત જોઇશે. તેટલામાટે પહેલાં સંગમપુરની આસપાસ જ નજર ફેરવીને પગને મજબૂત જમાવવો જોઇએ. સંગમપુરની ઉત્તરે આ વિજયસિંહનો કિલ્લો આવેલો છે. તે કિલ્લો પહેલાં તો બહુ મજબૂત હતો, પણ અત્યારે તે પડી ગએલો છે. એ કિલ્લો કબ્જે કરવાને બહુ મુશ્કેલી પડવાની નથી. શહેરની બહાર સરોજિનીના મહાલય વિના બીજો એકકે મજબૂત કિલ્લો કે કોટ નથી. એ સરોજિની અત્યંત પરોપકારી સ્ત્રી છે એમ કહેવાય છે, પણ મને તે માટે પૂરતો સંશય છે. એક દિવસ લતિકાની પાસે એ બાઇનું નામ બોલતાંજ તે બહુ ગભરાઇ ગઇ હતી. તે ઉપરથી મેં તેને કેટલુંક પૂછ્યું, પણ નીચું માથું ઘાલીને તેણે એવું કહ્યું કે 'મને તે વિષે કશી ખબર નથી.' પરન્તુ તેનું એ કથન માત્ર ઉપલકીઉં જ હોવું જોઇએ એવું તે વખતે મને જણાઇ આવ્યું હતું. એ સરોજિની સંબંધે લતિકાને કાંઈ પણ છાંની વાતની ખબર હોવી જોઇએ એમ હું ધારૂં છું. લતિકાએ મને પોતાની સઘળી હકીકત કહી છે, પણ તેણે એ સરોજિની સંબંધે શું ગુપ્ત વાત છે તે મને જાણવા દીધું નથી. પણ એ સંબંધે અત્યારે બહુ વિચાર કરવાની જરૂર નથી. આ પુણ્યમંદિર ઉપર ચોકી પહેરો બેસાડવાની પણ મને કાંઇ જરૂર જણાતી નથી. સરોજિનીનો જૂનો મહેલ જે શહેરની બહાર અગ્નિકોણમાં આવેલો છે, તે સંબંધે વિચાર કરવો જરૂરનો છે. તે સંબંધે મારી પાસે શું લખેલું છે, જરા જોઉં તો ખરો." એમ બોલીને એ કાગળના ઢગલામાંથી તેણે એક કાગળ શોધી કાઢ્યો અને પછી તે બોલ્યોઃ "હા, આ જ તે કાગળ. આ મહેલ પહેલાં સરોજિનીનો વંશપરંપરાગત રહેવાનો મહેલ હતો. તે બહુ જ મજબૂત છે. કેટલાક દિવસો પહેલાં તેને વધારે મજબૂત કરવાને માટે સરોજિનીએ કેટલાંક માણસોને કામે લગાડયાં હતાં. એ મહેલમાં કેટલાંક ભોંયરાં છે. તેમાં કેટલાક જુવાન સાધુઓ રહે છે અને

તેઓની ઉપર તેમના એક ગુરુની દેખરેખ છે. એ મહેલની આજુ-બાજુએ પુષ્કળ સ્વારો ફરી રહેલા છે. તેઓના મ્હોં ઉપર કોઇ કોઇ વાર કાળા કપડાના બુરખા પણ જોવામાં આવે છે. એ સ્વારો પોતાનાં મ્હોં ઢાંકીને ફરે છે, તે લોકોને ત્રાસ દેવાને ફરે છે કે કાંઇ બીજા કારણને માટે ફરે છે, એ હજીસુધી નક્કી થએલું નથી. મારા વિશ્વાસુ જાસૂસોએ તે સંબંધે આટલી માહિતી મેળવી છે. એમાંનું એકંદર તાત્પર્ય શું છે, તે હવે સરોજિની પાસેથી જ સાંભળવું જોઇએ! કાલે સ્હવારમાં જ એ મહેલને ઘેરો ઘાલવાને પાંચસો માણસો મોકલી દેવાં. એવી રીતે એક વાર યુદ્ધનો પ્રારંભ તો કરી વાળવો!"

એ પ્રમાણે તેની વિચારમાળા ચાલી રહી હતી, એટલામાં એક પહેરેગીર અંદર આવ્યો અને વીરોત્તમને કહ્યું: "કોઈ બાઇસાહેબ આપની મુલાકાતે આવ્યાં છે."

વીરોત્તમ બોલ્યો: "અત્યારે હું મારા કામકાજમાં ગુંચાએલો છું, માટે તેને મારા ખાનગી કારભારી પાસે લઇ જા."

પહેરેગીર બોલ્યો: "મહારાજ! મેં તેમને એ પ્રમાણે તો કયારનુંએ કહી દીધું છે, પણ તે કહે છે કે એમને ખુદ આપને જ મળવું છે."

"તો જા, એને અહીં તેડી લાવ." વીરોત્તમે પરવાનગી આપી.

પછી થોડી વારે એક ઉંચા કદની સુંદર સ્ત્રી અંદર આવી. તેણે શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં હતાં અને હાથમાં સૌભાગ્યચિહ્નો નહોતાં, તે ઉપરથી તે વિધવા હતી એમ તુરત જ વીરોત્તમ સમજી ગયો. પછી તેણે વીરોત્તમને કહ્યું: "મહારાજ! આપના મહત્ત્વના કામને વખતે હું આપનો અમૂલ્ય સમય ગાળવા આવી છું, તે માટે હું દિલગીર છું પણ"—

વીરોત્તમ તેની તરફ મ્હોં ફેરવીને તેને નિરખી રહ્યો. તે વખતે તે સ્ત્રી ભય પામ્યા જેવી દેખાતી હતી. પછી વીરોત્તમે તેને પોતાની સમીપ એક આસન ઉપર બેસવાનું કહ્યું, પણ નહિ બેસતાં તે મર્યાદાપૂર્વક ભીંતને અઠીંગીને ઉભી રહી. પછી પુનઃ તે બોલી: "મહારાજ! જોકે હું આપના વિરુદ્ધ પક્ષની છું, તોપણ હું આપની પાસે આપની કરૂણાની ભિક્ષા માંગવાને અત્યારે આવી છું. જોકે હું એક સરદારની સ્ત્રી હોઇને આપની શત્રુ છું, તોપણ આપણી વચ્ચે મૈત્રીસધાન થાય એવી મારી ઇચ્છા છે. મારૂં નામ કદાચિત્ આપે સાંભળ્યું હશે."

"આપનું નામ શું વારૂ!" વીરોત્તમે પ્રશ્ન કર્યો.

અંતરૂમાં ગભરાએલી પરંતુ બહારથી શાન્ત દેખાતી સરોજિની બોલી: "મારૂં નામ સરોજિની!"

"કોણ સરોજિની !" વીરોત્તમ આશ્ચર્યથી બોલ્યો: "તમે આવ્યાં તે પહેલાં થોડી જ વારે તમે મને સાંભર્યાં હતાં."

"શું ? હું આપને સાંભરી હતી ?" સરોજિની આશ્ચર્યથી બોલી. પણ અત્યારે તે મનમાં એટલી બધી ગભરાએલી હતી કે તેનો પ્રભુ જ તે જાણતો ભલો હતો !

તેની એ સ્થિતિ વીરોત્તમ જાણી ગયો હતો, પરન્તુ તે બહારથી નહિ દર્શાવતાં તે બોલ્યો: "હા બાઇસાહેબ ! હું તમારા સંબંધે જ વિચાર કરતો હતો. કાલે સ્હવારે જ આપના મહેલવાળો કિલ્લો માંગવાને માટે હું આપની પાસે કેટલાંક માણુસોને મોકલવાનો હતો !"

એ સાંભળતાં જ તેના મનને કિંચિત્ શાંતિ ઉત્પન્ન થઇ. તે મનમાં બોલી: "તો પછી પેલી રમણીએ કિંવા લતિકાદેવીએ પોતાના સોગંદ ભાંગ્યા નથી એમ જણાય છે !"

વીરોત્તમ બોલ્યો: "બાઇ ! આપ ભય પામશો નહિ. મારાં માણુસો આપના મહેલમાં રહેશે તો તેથી આપને જરા પણ ઇજા થવા પામશે નહિ. જેવી રીતે તમે અત્યારે તમારા મહેલમાં રહો છો, તેવી જ રીતે રહી શકશો."

તેણે પૂછ્યું: "પણ આપ આપનું સૈન્ય મારા મહેલમાં શામાટે મોકલો છો ! મારા જેવી અબળા આપને શું નુકસાન કરવાની છે ?"

"બાઇ ! મેં એકવાર તમને કહ્યું છે કે હું તમને જરા પણ નુકસાન કે ઇજા કરીશ નહિ. તેવી જ રીતે મારા લશ્કરના પોષણનું ખર્ચ પણ હું તમારે શિરે મૂકીશ નહિ." વીરોત્તમ બોલ્યો.

"તોપણ એમ ન થાય તો સારૂં, એવી મારી ઇચ્છા છે અને તેટલા માટે જ હું આપની પાસે આવી છું. મારા શબ્દોપર આપ વિશ્વાસ રાખી શકો ?" સરોજિનીએ પૂછ્યું.

"મને દિલગીરી સાથે કહેવું પડે છે કે એમ બની શકશે નહિ." વીરોત્તમ બોલ્યો: "મારે મારૂં કર્તવ્ય કરવું જ જોઇએ. તમે પૂર્વના રાજાના સરદારો માંહેનાં છો, એટલે તમારી અને અમારી વચ્ચે શત્રુતા રહેલી છે. વળી તમારો કિલ્લો મજબૂત છે, તેમાં ભોંયરાં છે અને તેની આસપાસ ઘોડેસ્વારો બુરખો પહેરીને ફરતા વારંવાર જોવામાં આવે છે."

આ શબ્દો સાંભળતાં સરોજિનીને પોતાપર વિજળી પડયા જેવું થયું. તેના આખા શરીર ઉપર ગભરામણુને લીધે પરસેવો છૂટયો. વીરોત્તમે એ શબ્દો એક કાગળના ટુકડા તરફ જોઇને કહ્યા હતા.

હવે તેણે તેમાંથી નજર ઉપાડીને સરોજિનીના મ્હોં સામે જોયું, તો તે પોતાની ગભરામણ છુપાવવાને યત્ન કરી રહી હતી. તે ઉપરથી તેને માટે પૂર્ણ સંશયયુક્ત થઇને વીરોત્તમ બોલ્યોઃ "બાઇ ! મારો નિશ્ચય જરા પણ બદલાશે નહિ. જેમ બને તેમ ઉતાવળે મારે આપનો કિલ્લો સર કરવો છે !"

તદ્દન ગર્ભગલિત બની જઇને સરોજિની બોલીઃ "મહારાજ ! આપનું સૈન્ય જો એકદમ મારા કિલ્લામાં પેસશે, તો મારા જાનમાલનું ઘણું નુકસાન થશે !"

વીરોત્તમ બોલ્યોઃ "નહિ ! તે તમારી એક પણ ચીજને કે એક પણ માણુસને હાથ અડકાડશે નહિ. ફક્ત મારૂં લશ્કર ત્યાં રહેશે. તમે તો પુણ્યમંદિરમાં જ રહો છો, એટલે મારા સૈન્યથી તમને કશી હરકત થવાની નથી."

સરોજિની અતિશય ગભરાઇને બોલીઃ "મહારાજ! આપનો એ નિશ્ચય શું કોઇ પણ રીતે બદલાશે નહિ ?"

વીરોત્તમ બોલ્યોઃ "તમારા મનમાં શું છે તે હું જાણી ગયો છું. પણ મને કહો જોઇએ વારૂ, હું તમારાપર વિશ્વાસ ધરાવું, તે માટે તમે મને શી ખાત્રી આપી શકશો ?"

સરોજિનીના મનમાં કાંઇક નવો જ વિચાર ઉત્પન્ન થયો અને તે બોલીઃ "આપ શું કહો છો ? હું આપની સાથે શત્રુતાથી નહિ વર્તતાં મિત્રતાથી વર્તું, તે માટે આપને કાંઇ પ્રમાણ જોઇએ છે શું ?"

તેના એ શબ્દો ઉપરથી વીરોત્તમની ખાત્રી થઇ કે આત્મરક્ષણને માટે તે અત્યારે પોતાની કોઇ પણ તરેહની શરત માન્ય કરશે ! તે બોલ્યોઃ "હા, હું મારૂં સૈન્ય તૈયાર કરીને યુદ્ધનો નિશ્ચય કરી બેઠો છું; તેવે વખતે શત્રુ તરફથી પૂર્ણ ખાત્રી મળ્યા વિના તેના ઉપર વિશ્વાસ રાખવો એ મોટા જોખમનું કામ છે !"

"પણ મારા જેવી સ્ત્રી તરફથી આપને કોઇ પણ જાતનું નુકસાન થવાનો સંભવ નહિ હોય, છતાં આપને કાંઇ પ્રમાણ જોઇએ છે, તે માટે મને—" સરોજિની બોલી.

"તે ગમે તેમ હો. મેં લડાઇનો આરંભ કર્યો છે એટલે હવે મારાથી શત્રુના પક્ષનાં માણુસો ઉપર બિલકુલ વિશ્વાસ રાખી શકાય નહિ." વીરોત્તમ બોલ્યો.

"હા, આપે લડાઇનો પ્રારંભ કર્યો છે, એ હું જાણું છું, અને તેથી જ હું આપને શરણે આવી છું. જોકે એક પક્ષને છોડીને બીજા

પક્ષનો સ્વીકાર કરવો લાંછનપ્રદ છે, તોપણ આ પ્રસંગે તે મેં સ્વીકાર્યું છે." સરોજિની પોતાને ખરાબ લાગ્યું હોય એવું મ્હોં કરીને બોલી.

"વારૂ, તમે કાંઇ પ્રમાણ આપવાને તૈયાર નથી શું ?" વીરોત્તમે પૂછ્યું.

"જ્યારે હું સ્વપક્ષ છોડીને પરપક્ષમાં મળવાને તૈયાર થઇ છું, ત્યારે પછી મારે આપને બની શકતી મદદ કરવી જ જોઇએ. પરન્તુ હું જે મદદ કરીશ, તેનો યોગ્ય બદલો માંગવાનો મને અધિકાર છે." સરોજિનીએ જરા માનમાં ખેંચાતાં કહ્યું.

"એ તો ઠીક, પણ તમે મને શી મદદ કરશો અને મારે તમને તેનો શો બદલો આપવો, તેનો ખુલાસો તમે કરો, એટલે પછી હું 'હા'કે 'ના'નો જવાબ આપીશ." વીરોત્તમે જવાબ આપ્યો.

"વારૂ." સરોજિની બોલી: "પણ મારી સાહાય્યની જરૂર આપને ન જણાય, તો આપ આજની વાતચીત ગુપ્ત રાખશો, એવી રીતે કે જાણે એ વાત આપને કાને જ આવી નહોતી, એવી રીતે આપ વર્તશો, એવું મને વચન મળવું જોઇએ."

"એવું હું વચન આપું છું." વીરોત્તમ બોલ્યો.

"તો પછી પહેલાં હું મારી શરતો જણાવું છું. તે જો આપને કબુલ હોય તો હું આપને કેવી મદદ કરીશ તે હું આપને કહીશ. નહિતો આપને કાંઇ પણ વાત કહેવાની જરૂર નથી." સરોજિની બોલી.

"તોપણ ચાલશે !" વીરોત્તમ બોલ્યો: "તમારી શરતો કેવી છે તે કહો."

"કહું છું, સાંભળો. પહેલી શરત એ કે–આપે મારા કિલ્લામાં અગર મહેલમાં આપનાં માણસોને મોકલવાં નહિ, કિંવા ત્યાં કોણ રહે છે તેની તપાસ કરવી નહિ. બીજી શરત એ કે–મારી પોતાની જે મિલ્કતો છે તે ઉપર આપે આપનો હક્ક લગાડવો નહિ. ત્રીજી શરત એ કે–આજસુધીમાં મારે હાથે કોઇ પણ રીતે જે કાંઇ અપરાધો થયા હોય તેની ક્ષમા કરવી, અને છેવટની શરત એ કે–હું જે એક સરદારનું નામ આપું તેને પણ આપે ક્ષમા કરવી અને તેને કશી હરકત કરવી નહિ. એ મુજબ મારી શરતો છે." સરોજિની બોલી.

"બાઇ! તમારી આ શરતો એવી છે કે તેના બદલામાં મને કાંઈ પણ મોટો લાભ થવો જોઇએ. જો મને સારી પેઠે ફાયદો થતો હશે, તો હું એ વાત કબુલ કરીશ."

સરોજિની આનંદિત થઇને બોલી: "હું આપને જે મદદ કર-

વાની છું, તેની આપે સ્વપ્નમાં પણ કલ્પના કરી હશે નહિ. મારી મદદના બદલામાં એ શરતો કાંઇ જ હિસાબમાં નથી!"

"પણ તે મદદ કેવી છે તે તો એક વાર મને જણાવો!" વીરોત્તમે કહ્યું.

સરોજિની ગંભીરતાથી બોલી: "રાજકન્યા ચંદ્રપ્રભા અને તેનો સઘળો ખજાનો આપને આપવાનું સામર્થ્ય મારામાં રહેલું છે!"

"તો પછી આપના તે કિલ્લામાંનાં ભોંયરાંનો આપે બહુ સારો ઉપયોગ કર્યો લેખાશે!" વીરોત્તમ આશ્ચર્યથી બોલ્યો.

"મહારાજ! હું સોગંદ લઇને કહું છું કે રાજકન્યા કિંવા તેનો ખજાનો અત્યારે મારા કિલ્લામાં કે મારા મહેલમાં નથી. ઇચ્છા હોય તો તે બન્ને સ્થળની જડતી લ્યો. જો મારાપર આપનો વિશ્વાસ હોય તો રાજકન્યા અને ખજાનો અત્યારે ક્યાં છે તે હું કહું. પણ મારા મહેલની જડતી લેવાની જ આપની ઇચ્છા હોય, તો પછી આપણી વાતચીત પૂરી થઇ!" સરોજિની બોલી.

કિંચિત્ વિચાર કરીને વીરોત્તમ બોલ્યો: "વારૂ, તમારી શરતો હું કબૂલ કરૂં છું."

"તો પછી મને તે માટેનો આપનો હસ્તલેખ મળવો જોઇએ." સરોજિનીને લાગ્યું કે એથી વીરોત્તમ ગુંચવાય છે, એટલે તે આગળ બોલી: "આ વાત મારો જીવ વેચવા જેટલી ગંભીર છે, એટલે મારે સઘળી ચોકસી તો કરવી જ જોઇએ."

એ પ્રમાણે તેના નિશ્ચયપૂર્વક શબ્દો સાંભળીને વીરોત્તમ બોલ્યો: "એ તમારી વાત ખરી છે, બાઈ!"

પછી એક કાગળનો ટુકડો લઇને વીરોત્તમે સરોજિનીની તે ચારે શરતો તે ઉપર લખી અને પછી તે કાગળ સરોજિનીએ વાંચ્યો. તેણે તે માટે પોતાની પસંદગી દર્શાવ્યા પછી વીરોત્તમે તેના ઉપર પોતાની સહી કરી.

"આજથી આઠ દિવસની અંદર રાજકન્યા અને તેનો ખજાનો આપના હાથમાં લાવી આપીશ." તે કાગળ બરાબર જાળવીને સરોજિની બોલી: "ત્યાંસુધી આપણી આ વાતચીત ગુપ્ત જ રાખજો."

એક કાગળ તરફ જોતાં વીરોત્તમ બોલ્યો: "તે માટે તમે હવે કાંઇ ચિંતા રાખશો નહિ."

"ત્યારે હવે હું જઉં છું." એમ કહીને આડી આંખે વીરોત્તમ તરફ જોતી સરોજિની ત્યાંથી ચાલી ગઇ.

મધરાત થતાંસુધી વીરોત્તમ એકલો જ બેઠો હતો. પછી ઉંઘી જવાના વિચારથી તેણે પોતાની પાસેના સઘળા કાગળો એકઠા કર્યા, અને હવે તે પલંગઉપર સૂવા જતો હતો, એટલામાં પહેરેગીરે ખબર આપ્યા કે ‘ એક જાસૂસ આવ્યો છે. ’ એ જાસૂસ ઉમેદનું ખૂન કરનારની તપાસ ચલાવનારા ન્યાયાધીશ તરફથી આવ્યો હતો. તેની સાથેના પત્રમાં ઉમેદના ખૂનની અને લતિકાદેવીના પલાયનની હકીકત લખેલી હતી. તેમ જ રાજકેદીને છોડાવનાર બખ્તરવાળો માણુસ પકડાયો હતો, પરંતુ બળવંતસિંહે પોતાની વીંટીના બળથી તેને મુક્ત કરાવ્યો, એ સંબંધી હકીકત પણુ તે પત્રમાં લખેલી હતી. આ ઉપસ્થિત થએલા તદ્દન નવા પ્રકરણુ ઉપરથી વીરોત્તમને બહુ જ આશ્ચર્ય લાગ્યું. તેને લતિકાદેવીને માટે બહુ જ ખરાબ લાગ્યું. તેનું મન ગુંચવાઇ જવાથી તેણે પોતાના નાના દિવાનખાનામાં આમથી તેમ ફેરા મારવા માંડયા. તેના વદન ઉપરથી કઠોરતા નાશ પામી ગઇ, અને તે તદ્દન ઉદાસીન દેખાવા લાગ્યો. પછી તેણે પોતાના મન સાથે કાંઇ નિશ્ચય કર્યો. તેણે એક લશ્કરી જમાદારને હાક મારી અને હુકમ ફર્માવ્યો કે “ બાર સ્વાર સાથે લઇને તું અત્યારે ને અત્યારે નીકળી પડ. શ્યામગઢની નજીકમાં જ ક્યાંક બળવંતસિંહ હશે તેને મળજે અને તેની સાથે જમની પ્રવાસ કરી રહી છે તેને એકદમ કેદ કરીને મારી પાસે લઇ આવ. જા, સંભાળજે, જોખમનું કામ છે. તે કાંઇ કાંઇ ધમકીએ આપશે, પગે પડશે, દયા માંગશે, પરન્તુ તેનું જરાએ સાંભળ્યા વિના તેને અહીં જ પકડી લાવજે. જા, જલ્દી કર; તે આપણી હદમાંથી છટકી જાય નહિ!”

પછી તે જમાદાર નમન કરીને ત્યાંથી જવાને નીકળ્યો, પરંતુ એટલામાં કાંઈ વિચાર મનમાં આવવાથી વીરોત્તમે તેને પાછો બોલાવ્યો અને કહ્યું: “ જરા થોભ, હું કહું છું તે બરાબર સાંભળી લે. સરદાર બળવંતસિંહ બહુ પરાક્રમી છે. જમનીને પકડી જવાનો તને શો અધિકાર, એમ તે પૂછશે. તે સિંહના જેવો બળવાન છે. તે પોતાની જાતનો પણુ વિચાર નહિ કરતાં તારી સામો થશે. જો તે લડવાને માટે તારી સામે થાય અને હાથમાં તલવાર લે, તો પછી માત્ર એક ચિઠ્ઠી હું તને આપું છું તે તેને બતલાવજે.” એમ કહીને વીરોત્તમે એક નાની ચિઠ્ઠી લખી અને તેને એક નાની રેશમી થેલીમાં નાંખીને તેના ઉપર પોતાના નામની મહોર મારી. પછી તે જમાદાર એ થેલી લઇને બહાર નીકળ્યો અને આ બાજુએ વીરોત્તમ બિછાનામાં પડયો.

પ્રકરણ ૧૪ મું.

બળવંતસિંહનો પ્રવાસ આગળ ચાલુ.

બળવંતસિંહ અને જમનીને છોડીને અલકકુમારી એકદમ ચાલી ગઇ એ તો આપણે જોઇ ગયા છીએ. બળવંતસિંહે તેને આપેલો ઘોડો ઘણો તેજ હતો. તેને પગની એડી મારતાંની સાથે જ તે વાયુ-વેગે દોડવા લાગ્યો. પોતાને એકાએક ચાલ્યા જવાનું શું કારણ ઉપ-સ્થિત થયું હતું તે તેણે બળવંતસિંહને કે જમનીને બિલકુલ જાણવા દીધું નહિ.

તે બળવંતસિંહ ઉપર પ્રેમ ધરાવતી હતી તે આપણે જાણીએ છીએ. તે બળવંતસિંહને છોડીને ત્યાંથી ચાલી ગઇ, એ બહુ સારૂં થયું, કારણકે જમનીને માટે તેના મનમાં ઈર્ષા ઉત્પન્ન થઇ હતી, તેથી તેના દેખતાં પોતાનું સ્ત્રીત્વ ખુલ્લું કરવું એ તેને સારૂં લાગ્યું નહિ. તેટલા માટે જ તે બળવંતસિંહને પોતાનું નામ—ઠામ કહ્યા વિના એકદમ ચાલી ગઈ. પોતાને મદદ કરનાર વીર એક સ્ત્રી હતી અને તે અલકકુમારી જ હતી, એવી બળવંતસિંહને શંકા પણ આવી નહોતી. પણ આ વખતે તે પોતાની ઓળખાણ આપ્યા વિના ચાલી ગઇ, તેથી બળવંતસિંહને બહુ જ આશ્ચર્ય લાગ્યું અને તેને જરા ખોટું પણ લાગ્યું.

જમનીએ બળવંતસિંહને કહ્યું: "મહારાજ! આપનો એ વીર મિત્ર આપને છોડીને આટલી ઉતાવળથી કેમ ચાલ્યો ગયો વારૂ?"

બળવંતસિંહે ઉત્તર આપ્યો: "મને તેની કાંઇ ખબર નથી. હું તે માટે કાંઇ કલ્પના જ કરી શકતો નથી. એ જુવાનની સઘળી હકીકત બહુ જ વિચિત્ર છે. મને ભય છે કે–"

તેને વિચારમાં પડેલો જોઇને જમની તેના ખભાપર પોતાનો નાજુક હાથ મૂકીને બોલી:" મહારાજ! આપને શેનો ભય લાગે છે?"

પોતાના ખભા ઉપરથી તેનો હાથ ધીમેથી દૂર કરીને બળવં-સિંહ બોલ્યો: "મને લાગે છે કે તેને કાંઇ પણ માનસિક દુઃખ હોવું જોઇએ. કદાચ તે ઘેલો બની ગએલો હોવો જોઇએ. હું એવી કલ્પના કરૂં છું કે તેનું મન પ્રેમાકુળ થએલું હોવું જોઇએ. કાલે મારે તેની સાથે વાતચીત થઇ હતી, ત્યારે અલકકુમારીનું નામ નીકળ્યું હતું. તે ઉપરથી તે તેના ઉપર પ્રેમ ધરાવતો હોવો જોઇએ એવી મારી ખાત્રી છે. એ અલકકુમારી અને લતિકાદેવી વચ્ચે બહુ સારી ઓળખાણ છે."

જમની દીર્ઘ નિઃશ્વાસ મૂકીને બોલી: "ગરીબ બિચારો!"

બળવંતસિંહ ગંભીર સ્વરે બોલ્યો: " પ્રિયે ! તારૂં હૃદય અત્યંત કોમળ છે ! બીજાનું દુ:ખ જોઇને તને બહુ દુ:ખ થાય છે. તે જુવાને મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેને માટે કોઇ પણ વખતે હું તેને ઉત્તમ બદલો આપ્યા વિના રહીશ નહિ. તે કોણ હતો અને આટલા દિવસ તે મારાથી ગુપ્ત શામાટે રહ્યો હતો, તે મને હવે પછીની મુલાકાત વખતે તે કહેવાનો છે. "

એ પ્રમાણે વાતચીત કરતાં બેઉ જણ ધર્મશાળામાં આવીને દાખલ થયાં. થોડી વારમાં તેમના ઘોડાને તૈયાર કરવામાં આવ્યા અને આગળ પ્રવાસ ચાલુ કરવાની બીજી તૈયારીઓ પણ થવા લાગી. સંગમપુરમાંથી બળવંતસિંહની સાથે નીકળેલી મંડળીમાંથી બે માણસો અત્યારસુધીમાં ઓછાં થયાં હતાં. બિચારો ઉમેદ મરણ પામ્યો હતો અને અલકકુમારી ચાલી ગઇ હતી. લતિકાને બદલે હવે જમની તેમાં શામેલ થઇ હતી. પ્રવાસના પ્રારંભમાં બળવંતસિંહ અને જમનીએ પોતાના ઘોડા સૌની આગળ પાસે પાસે ચલાવવા માંડ્યા.

જમનીના સૌંદર્યથી બળવંતસિંહ અત્યંત મોહમુગ્ધ બની ગયો હતો. તે પોતાની ભવિષ્યની સ્ત્રી તરફ વારંવાર નિહાળીને જોતો હતો તથા આનંદિત થતો જતો હતો.

તેમણે પ્રવાસનો આરંભ કર્યા પછીનો આજનો ત્રીજો દિવસ હતો. બપોરસુધી તો તેમનો પ્રવાસ જરા પણ હરકત વિના ચાલુ રહ્યો. બપોર પછી તેઓ જે સ્થળે આવી પહોંચ્યાં ત્યાં જ વીરોત્તમનું સૈન્ય પૂર્વે પડેલું હતું. અત્યારે ત્યાં સૈન્ય વગેરે કશું નહોતું પણ ફક્ત ખુલ્લું મેદાન હતું. તે સ્થળ જોતાં જ બળવંતસિંહને બહુ આનંદ થયો, કારણકે પોતાના પ્રેમના મુખ્ય વિષયરૂપ જમનીની પહેલી મુલાકાત એ જ સ્થળે તેને થઇ હતી, એ બાબતનું તેને અત્યારે સ્મરણ થયું.

જંગલમાં પ્રવાસ કરતાં સૂર્યાસ્તનો સમય થવા આવ્યો, તોપણ હજી દિવસની ઉષ્ણતા ઓછી થઇ નહોતી. કેટલેક આગળ જતાં બે માર્ગો આવ્યા, તે જોઇને બળવંતસિંહ બોલ્યો: " આ જમણા હાથ તરફ જતો રસ્તો ઠેઠ શ્યામગઢ સુધી જાય છે અને તે ટુંકો રસ્તો છે, તથા આ ડાબા હાથે જતો રસ્તો જરા લાંબો છે. "

કિંચિત્ ભયભીત થઇને જમની બોલી: " આપણે એ ડાબા હાથને રસ્તે થઇને જ જઇએ. આ ટેકરીની પેલી મેર એક કિલ્લાનું ખંડેર છે ત્યાં આપણે થોડી વાર આરામ લઇને પછી આગળ જઇશું. ત્યાં કેટલુંક જોવા જેવું છે તે પણ જોઇશું. "

"ચાલો ત્યારે." બળવંતસિંહ બોલ્યોઃ "આપણે તે જ રસ્તે થઇને આગળ ચાલીશું."

થોડી વાર પછી તેઓ પડીને ખંડેર થએલા કિલ્લાની પાસે જઇ પહોંચ્યાં. ઘોડાપરથી નીચે ઉતરીને બળવંતસિંહ તથા જમની એ ખંડેરમાં પેઠાં. રેવા અને રાધા અંદર નહિ જતાં બહાર જ ઉભી રહી, કારણકે તેઓ બહુ જ થાકી ગઇ હતી. કિલ્લો જોતાં જોતાં તેઓ બન્ને એક ઉંચા બૂરજ ઉપર જઇ પહોંચ્યાં.

પ્રકરણ ૧૫ મું.

કિલ્લાનું ખંડેર.

બળવંતસિંહ જમનીની સાથે જ્યાં ઉભો હતો, ત્યાં બૂરજ ઉપરથી આસપાસનો પ્રદેશ સ્પષ્ટ રીતે જોવામાં આવતો હતો. તે કિલ્લાની દિવાલો પડી ગએલી હતી, તથાપિ કિલ્લાનો મુખ્ય ભાગ સારી સ્થિતિમાં ઉભો હતો અને ઘણો મજબૂત પણ હતો. એ કિલ્લો પડી ગયાને બહુ વર્ષો થયાં નહોતાં. આગે અને મનુષ્યોએ તેનો નાશ થોડાં વર્ષો પૂર્વે જ કર્યો હોય એમ સ્પષ્ટ માલૂમ પડતું હતું. આગના દાહથી પત્થર કાળા પડી ગએલા હતા અને લાકડકામ તો તદ્દન બળીને ખાખ થઇ ગએલું હતું! ભાગ્યાં-તૂટયાં હથિયારો, માણસનાં હાડકાં ઈત્યાદિ પદાર્થો ઉપરથી ત્યાં લડાઇ થઈ હોવી જોઇએ એવું તુરત જ ધ્યાનમાં આવી જતું હતું. સંગેમરમરના પત્થર, લોખંડનો સામાન વગેરે સામાન ભાંગી-તૂટીને ધૂળ ખાતો પડયો હતો. એવા પ્રકારના તે કિલ્લા ઉપર બળવંતસિંહ અને જમની કદાચ કાંઈ તૂટી ન પડે તેની સંભાળ રાખતાં રાખતાં ચડતાં હતાં.

એ વખતે જમનીનું વર્તન બહુ જ ચમત્કારિક જણાતું હતું. તેણે તે કિલ્લાના દરવાજામાં પગ મૂકયો, તે વખતથી જ તેના મનમાં કોઇ પણ જાતનો ભય ઉત્પન્ન થયો હોવો જોઇએ. તે ચાલતાં ચાલતાં વારંવાર વચમાં જ અટકી જતી, તો કેટલીક વાર તે કેવળ એક જ સ્થળે જડાઇ ગઇ હોય તેવી રીતે સ્થિર ઉભી રહેતી! તેના એવા વર્તનનું કારણ બળવંતસિંહ તેને વારંવાર પૂછતો હતો. જેમ બને તેમ ઉતાવળે તે કિલ્લામાંથી બહાર નીકળી જવું એવું તેના મનમાં થયા કરતું હતું, તોપણ પોતાને ભય લાગે છે એવું

તેનાથી સ્પષ્ટ રીતે કહી શકાતું નહોતું. બહારથી જોકે તે એમ દર્શાવતી હતી કે પોતે ભય પામી નથી, તોપણ અંદરથી તે ખરેખર ગભરાઇ ગએલી જ હતી. પોતાની ભયભીતતાને છુપાવવાને તેણે પુષ્કળ યત્ન કર્યો પણ તે વ્યર્થ ગયો.

જમનીની આ સ્થિતિ બળવંતસિંહના ધ્યાનમાં સંપૂર્ણ રીતે આવી નહોતી, કારણકે પોતાના ચહેરાપર થતા ફેરફારને તે સ્પષ્ટ રીતે બળવંતસિંહના જોવામાં આવવા દેતી નહોતી. એથી તેને એમ લાગતું હતું કે જમનીને કંઇ જ દુઃખ થતું નથી.

તે બન્ને જણ ધીમે ધીમે કિલ્લાના બરાબર મધ્ય ભાગમાં જઇ પહોંચ્યાં. જેમ જેમ તેઓ આગળ ચાલતાં જતાં હતાં, તેમ તેમ કિલ્લાના વૈભવની કલ્પના તેમને વધારે ને વધારે આવતી જતી હતી. એ કિલ્લો બાંધનારે દ્રવ્ય ખર્ચવામાં જરા પણ કસર કરી નહોતી. એવા એ સુંદર કિલ્લાનો વિધ્વંસ કરનારનું કાળજું કેટલું કઠણ હોવું જોઇએ તે મનમાં આવતાં તે બન્ને જણને બહુ જ ખરાબ લાગ્યું. એ કિલ્લાને કેટલાક બૂરજ હતા અને તેમાંના કેટલાક બે માળવાળા તથા કેટલાક ત્રણ માળવાળા હતા. એમાંના એક બૂરજ પાસે તેઓ જઇ પહોંચ્યાં. તે બૂરજના ઉપરના માળમાં જવા માટે પત્થરની બાંધેલી બે સીડીઓ હતી. તેમાંની એક સીડી પડી ગઇ હતી અને બીજી જરા સારી હતી. એ સીડીવડે તે બન્ને જણ ઉપર ચડી ગયાં. બૂરજના એ ઉપરના ભાગમાં પણ ભાંગેલાં હથિયારો, તૂટી–ફૂટી ગએલાં બખ્તરો, મનુષ્યનાં હાડકાં, વગેરે પદાર્થો પડેલા હતા. તે ઉપરથી જણાતું હતું કે કિલ્લાના એ ભાગમાં પણ ભયંકર કત્લ ચાલી હોવી જોઇએ. એ સ્થળ જોઇને જમની મ્હોંમાંને મ્હોમાં કાંઇક બરબડી, પણ તે બળવંતસિંહના સમજવામાં આવ્યું નહિ. તોપણ તેણે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો, તે ઉપરથી તેને દુઃખ થતું હોવું જોઇએ એવું હવે બળવંતસિંહના ધ્યાનમાં આવ્યું, અને તે તેને ત્યાંથી બીજી બાજુએ લઇ ગયો.

પછી તેઓ જે દિવાનખાનામાં ગયાં, તે દિવાનખાનું પૂર્વે બહુ જ ઉત્તમ હોવું જોઇએ પરન્તુ અત્યારે તેની સ્થિતિ કિલ્લાના બીજા ભાગોના જેવી જ થઈ ગઇ હતી. તોપણ તેમાંની કેટલીક બારીઓ હજી સારી સ્થિતિમાં હતી. તેમાંની કારીગીરી જોઇને જોનારાંઓનાં મનને બહુ જ આશ્ચર્ય લાગતું હતું. તે ભાગ જોતાં જોતાં બન્ને જણ એક બારણા પાસે આવ્યાં. એ એક બારણું પણ હજીસુધી



"જમની ! પેલું જો ! ત્યાં પણ એકાદ બીજો કિલ્લો દેખાય છે."

(પૃષ્ઠ ૮૧).

જેવું ને તેવું જ સારૂં રહ્યું હતું. તે બારણું બળવંતસિંહે પોતાને હાથે ઉઘાડયું. પછી જે ઓરડી તેમના જોવામાં આવી તે નાની હતી. પૂર્વે ઘણું કરીને તે દેવમંદિરની ઓરડી હશે એમ જણાતું હતું. એકલી તે ઓરડી જ આગના સપાટામાંથી બચી ગએલી જણાતી હતી. તેમાં કાંઇ પણ ઇશ્વરી ચમત્કાર હોવો જોઇએ એવું શ્રદ્ધાળુ મનુષ્યોનાં મનમાં આવે એ તદ્દન સંભવિત હતું. આખા કિલ્લાનો નાશ થયો હતો, પરંતુ એટલી જ જગ્યા માત્ર સારી સ્થિતિમાં રહી હતી એ જોઇને બળવંતસિંહને પણ પહેલાં લાગ્યું કે તેમાં કાંઇ ઇશ્વરી ચમત્કાર હોવો જોઇએ; પરન્તુ બરાબર ધ્યાનપૂર્વક જોવાથી જણાઇ આવ્યું કે તે ઓરડી એકલા પત્થરની બનાવેલી હતી અને તેમાં જરા પણ લાકડું વાપરવામાં આવ્યું નહોતું. તોપણ ત્યાં કોઇ પણ દેવની મૂર્તિ નહોતી. બીજા ભાગોની પેઠે ત્યાં પણ કેટલાક ભાગોમાં તૂટેલા પદાર્થો અહીંતહીં વિખરાએલા પડયા હતા.

બળવંતસિંહ તે દેવમંદિરને લક્ષ્યપૂર્વક જોવા લાગ્યો, તે વખતે જમની તદ્દન ભયભીત બની જઇને બળવંતસિંહની સોડમાં ભરાવા લાગી. તે કિલ્લાના ખંડેરમાંનો એકંદર પ્રકાર જોવાથી તેને ભય લાગે છે, એમ સમજીને બળવંતસિંહ તેને લઇને ત્યાંથી બહાર નીકળ્યો અને બારણા પાસે આવ્યો. તે બારણું એક જીનાનું હતું અને તેવડે એક બૂરજપર જઇ શકાતું હતું. એ બૂરજપર જઇને આસપાસનો પ્રદેશ જોવાની ઇચ્છા બળવંતસિંહે પ્રદર્શિત કરી. જમનીને તેનો એ વિચાર પસંદ પડવાથી બન્ને જણુ ઉપર ચડવા લાગ્યાં.

બૂરજ ઉપર ચડતાં તે બન્ને જણુ માર્ગમાંથી દેખાતો કિલ્લાનો દેખાવ પણ જોતાં હતાં. એ બૂરજને એકંદર ત્રણ માળ હતા. તેમાંની જગ્યા બહુ સુંદર હતી. ત્રીજા માળ ઉપરનું છાપરૂં આગના સપાટામાંથી બૂરજની ઉંચાઇને લીધે બચી ગયું હતું. ત્યાંથી કિલ્લાની આસપાસનો ભાગ ઉત્તમ રીતે દેખાતો હતો. વર્ષા ઋતુ સંપૂર્ણ થવાને થોડો જ સમય ગયો હોવાથી બાજુની ઝાડી લીલીછમ દેખાતી હતી. બળવંતસિંહે દૂરસુધી આસપાસ જોયું, તો તેને કેટલેક દૂર એક મોટો ઢગલો નજરે આવ્યો. તે પણ એકાદ કિલ્લાનું ખંડેર હોવું જોઇએ એવો તેને ભાસ થયો. પોતાનો હાથ તે તરફ લંબાવીને બળવંતસિંહ બોલ્યોઃ " જમની ! પણે જો ! ત્યાં પણ એકાદ બીજો કિલ્લો દેખાય છે. "

પોતાના હૃદયમાંનો ભય દબાવી રાખીને જમની બોલીઃ "હા, મારા જોવામાં પણ તે આવે છે ખરો."

બળવંતસિંહ વળી એક બીજી બાજુએ હાથ કરીને બોલ્યોઃ "પણ જો, ત્યાંએ વળી એક કિલ્લો છે!"

અત્યંત પ્રયત્નપૂર્વક પોતાનો દુઃખનિઃશ્વાસ દાબી રાખીને તે બોલીઃ "હા, તે પણ મેં જોયો."

બળવંતસિંહ બોલ્યોઃ "પણ આ ત્રણે કિલ્લા આટલા નજીક નજીક કેમ આવ્યા હશે? તે બન્ને કિલ્લાઓ તો ઘણું કરીને સારી સ્થિતિમાં હોવા જોઈએ!"

"ના! ના!" જમની બોલીઃ "તેમની સ્થિતિ પણ આ કિલ્લાના જેવી જ છે!"

એ સાંભળીને તો બળવંતસિંહને બહુ જ આશ્ચર્ય લાગ્યું. તે બોલ્યોઃ "ત્રણ કિલ્લાઓ આટલા એક બીજાની નજીક છે અને એ ત્રણેની શું આવી ખરાબ સ્થિતિ છે? ત્રણે શું ખંડેર થએલા છે? વારૂ, આ તો એક વિલક્ષણ પ્રકાર લેખાય! પ્રિયે! જમની! તને એ કિલ્લા સંબંધે કાંઇક વિશેષ માહિતી હોય તેમ જણાય છે! હું ધારૂં છું કે આ ત્રણે કિલ્લાઓનો પરસ્પર નિકટ સંબંધ હોવો જોઇએ, અને એક જ કારણથી તથા એક જ સમયે એ ત્રણેની આવી દુર્દશા થઇ હોવી જોઇએ!"

અતિદુઃખિત થઇને જમની બોલીઃ "મહારાજ! ચાલો, હવે આપણે અહીંથી જતાં રહીએ! મારાથી આ બધું જોયું જતું નથી!"

એ વખતે તેનો ગભરાટ સ્પષ્ટ રીતે જોવામાં આવતો હતો. બળવંતસિંહે તેને કહ્યુંઃ "પ્રિયે! શું તને ભય લાગે છે?"

જમની વધારે ગભરાઇને ગંભીર સ્વરે બોલીઃ "હા, મહારાજ! મને બહુ જ ભય લાગે છે! હું અહીં આવી તે મેં બહુ જ મોટી મૂર્ખતા કરી! આ કિલ્લાનું ખંડેર જોઇને મને આટલી બધી ભીતિ લાગશે, એવું પહેલાં હું બિલકુલ માનતી નહોતી!"

તેના તરફ પ્રેમપૂર્વક જોઇને બળવંતસિંહ બોલ્યોઃ "આ ખંડેરો જોઇને તને કાંઇ પણ જુની વાતનું સ્મરણ થયું હોવું જોઇએ! પણ જરા શાન્ત થા! થોડી વિશ્રાન્તિ લે, તારી ઇચ્છા હોય તો તને બરાબર સંભાળીને નીચે ઉતારૂં."

જમની નીચે બેસી જઇને બોલીઃ "હું અહીં જ બેસીને જરા વિશ્રાન્તિ લઉં છું." પછી તેણે બન્ને હાથે પોતાનું મ્હોં ઢાંકી લીધું, તેથી તેના મનમાં શા શા વિચારો ચાલી રહ્યા હશે તે બળવંતસિંહના જાણવામાં બિલકુલ આવ્યું નહિ. તે આંસુ સારીને પોતાનું દુઃખ ઓછું કરતી હતી, કે સામેનો દેખાવ આંખો આગળથી દૂર કરીને શાન્ત

બનતી હતી, તે તેના સમજવામાં આવ્યું નહિ!

આ સ્થળની સાથે જમનીનો કાંઈ પણ સંબંધ હતો કે કેમ? અત્યંત દૂરના દેશમાં પોતાનો જન્મ થયો છે, એવું જમનીએ પહેલાં તેને કહ્યું હતું. તો પછી આ પ્રદેશની સાથે તેનો શો સંબંધ હશે વારૂ? એવો વિચાર બળવંતસિંહના મગજમાં આવવા લાગ્યો. એક વાર તેના મનમાં આવ્યું કે તેને તેના ભયનું કારણ ખુલ્લી રીતે પૂછવું; પરન્તુ કદાચ તેથી તેને વધારે ભય લાગશે, એવી શંકાથી તે ચૂપ રહ્યો. પણ તેની એ શાંતતા બહુ વખત ટકી નહિ, કારણકે કોઇ માણસ પોતાના તરફ આવી રહ્યું છે એવી તેને શંકા આવી. કોણ આવ્યું હશે, એ જોવા માટે બળવંતસિંહ પાછળ જોવા લાગ્યો, અને જમનીએ પણ પોતાના વદન પર ઢાંકેલા હાથ દૂર કર્યા.

પ્રકરણ ૧૬ મું.

ત્રણ ખંડેરો.

તેમની તરફ કોઇ એક વૃદ્ધ ગૃહસ્થ આવતો હતો. તેના મસ્તકપરનો એકકે એક વાળ સફેદ થઇ ગએલો હતો. તે કમરમાંથી તદ્દન વાંકો વળી ગએલો હતો. તેનું વય ઘણું કરીને સીતેર વર્ષથી વધારે થયું હશે એમ અનુમાન કરી શકાતું હતું. તે અત્યારે તદ્દન અશક્ત જણાતો હતો ખરો, તથાપિ જુવાનીના વખતમાં તે સારી પેઠે બળવાન હોવો જોઇએ, એવું તેના શરીર ઉપરથી સ્પષ્ટ માલૂમ પડતું હતું. તેના હાથમાં એક લાકડી હતી, તેનો ટેકો રાખીને તે ધીમે ધીમે ચાલતો હતો. તેણે શરીરપર તદ્દન સાદાં અને સફેદ વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

એ વૃદ્ધ પુરૂષ ક્યાંથી આવ્યો હશે, તે જોવા માટે તે બન્ને જણાંએ એક વાર ચારે તરફ નજર ફેરવી, કારણકે તે બન્ને જણ જે જીનાવડે ઉપર આવ્યાં હતાં તે જીનાના મ્હોં ઉપર જ જમની બેઠી હતી, અને તેના તરફ મ્હોં કરીને બળવંતસિંહ ઉભો હતો. એટલે તેમની પાછળની ઓરડીમાંથી તે વૃદ્ધ નર આવ્યો હોવો જોઇએ, એ સ્પષ્ટ જણાતું હતું. જે ઓરડીમાંથી તે આવ્યો, તેનું દ્વાર અત્યારસુધી બંધ હોવાથી તે ઓરડી પૂર્વે તે બન્નેના જોવામાં આવી નહોતી. હવે દ્વાર ઉઘાડું હોવાથી તેમનું ધ્યાન તે તરફ ગયું; પછી

બળવંતસિંહે તે વૃદ્ધ ગૃહસ્થને નમન કરીને કહ્યુંઃ "કેમ, કાકા! તમે આ જ સ્થળે રહો છો કે શું?"

તે વૃદ્ધ પુરૂષ બોલ્યોઃ "હા, હું આ જ સ્થળે ઘણાં વર્ષોથી રહું છું અને મરણસુધી અહીં જ રહેવાનો છું. પણ આપની સાથેની આ બાઇ બહુ જ દુઃખી માલૂમ પડે છે. સરદાર સાહેબ! જો કાંઇ હરકત ન હોય તો એને આ ઓરડીની અંદર લઇ જાઓ અને ત્યાં બેસીને તેને જરા શાન્ત થવા દો! એ જ હું ગરીબનું ઘર છે!"

"તને કાંઇ ખાવાની ઇચ્છા છે?" એવો પ્રશ્ન જમનીને પૂછવાનો બળવંતસિંહને વિચાર થયો, પરન્તુ તે સમયે તેની જે સ્થિતિ થઇ હતી, તે જોઇને તેના મુખમાંથી તે શબ્દો બહાર નીકળી શકયા નહિ! તે પહેલાંની જગ્યાએ જ બેસી રહી હતી. પોતાના હાથ ઉપર માથું રાખીને તે વૃદ્ધ ગૃહસ્થ તરફ તે અત્યંત તીક્ષ્ણ દૃષ્ટિથી જોતી હતી. તેને જોઇને જમનીને બહુ જ આશ્ચર્ય થતું હોય તેમ દેખાતું હતું. કેટલીક વારસુધી તેના તરફ જોઇ રહીને બળવંતસિંહે તેને કહ્યુંઃ "પ્રિયે! આ વૃદ્ધ શું કહે છે તે તેં સાંભળ્યું કે?"

જમની એ સમયે બરાબર શુદ્ધિમાં નહોતી. બળવંતસિંહનું એ ભાષણ તેણે બરાબર સાંભળ્યું નહોતું. થોડી વાર થોભીને તે બોલીઃ "મહારાજ! ચાલો, આપણે અહીંથી જલ્દી વિદાય થઇએ!"

પોતાની ભવિષ્યની સ્ત્રીનો હસ્ત ગ્રહણ કરીને બળવંતસિંહ બોલ્યોઃ "પણ પ્રિયે! તારા જીવને કાંઇ બરાબર ઠીક દેખાતું નથી. હું ધારૂં છું કે તું બહુ જ ગભરાઇ ગઇ છે. વળી મને એવું પણ લાગે છે કે આ કિલ્લાના ખંડેરની હકીકતનું સ્મરણ થવાથી તને–"

પેલો વૃદ્ધ પુરૂષ વચમાં બોલ્યોઃ "દાનવીરરાય મહારાજની કીર્તિ, તેમની ભલમનસાઇ, તેમનું સ્વરૂપ, એ સર્વેનું સ્મરણ કોને થયા વિના રહે? પણ બાઇ! તું તો બહુ જ નાની જણાય છે, બહુ તો તને સત્તરેક વર્ષ થયાં હશે. આ કિલ્લાની દુર્દશા થઇ ત્યારે તો તું બહુ જ નાની હોઇશ. તે સમયે અહીં રહેનારાંઓની ઓળખાણ તને કેવી રીતે હોઇ શકે?"

જમની ભયથી કંપતી જ હતી. પણ તે હિંમત ધરીને બોલીઃ "ત્યારે કાકાસાહેબ! આપ કોણ છો?"

"બાઇ! મારૂં નામ ધર્મવીર. હું પહેલાં અહીંના રાજાની જ નોકરીમાં હતો." તે વૃદ્ધ પુરૂષ બોલ્યો.

જમની ધીમેથી બોલી: "તમે લાંબા વખતસુધી દાનવીરરાય મહારાજના કારભારી હતા, નહિ વારૂ?"

તે સાંભળીને બળવંતસિંહ બોલ્યો: "પ્રિયે! તને શું દુઃખ થાય છે વારૂ? આપણે આ કિલ્લામાં પગ મેલ્યો, ત્યારથી તું ગભરાઇ ગએલી લાગે છે! તારૂં મન ઉંચું થઇ ગયું હોય તેમ લાગે છે! તારી ચિત્તવૃત્તિ કેવળ—"

જમની હાથ જોડીને ઓશિયાળું મ્હોં કરતી બોલી: "પ્રિયતમ! કૃપા કરીને મને હવે કાંઇ પણ પૂછશો નહિ. થોડી જ વારમાં હું શાન્ત બની જઇશ. મારી ભીતિ પોતાની મેળે જ ઓછી થઇ જશે!"

તે થોડી વાર એકલી રહેશે તો સારૂં થઇ જશે, એમ વિચારીને બળવંતસિંહ તે વૃદ્ધ પુરૂષની સાથે તેની ઓરડી તરફ ગયો. તે વખતે તે વૃદ્ધ પુરૂષ એક બારીમાંથી તે કિલ્લાના ખંડેર તરફ ઉત્સુકતાથી જોતો હતો. બળવંતસિંહે તેને કહ્યું: "કાકાસાહેબ! મારા મનમાં કાંઇક શંકા આવે છે તેનું આપ નિરસન કરી શકશો એમ હું ધારૂં છું."

બળવંતસિંહ શું પૂછવા માંગતો હશે તેની કલ્પના નહિ આવવાથી તે વૃદ્ધ પુરૂષ બોલ્યો: "આપને શેની શંકા આવે છે વારૂ?"

બળવંતસિંહ બોલ્યો: "આપ આ કિલ્લાનાં ખંડેરોની હકીકત મને કહેશો વારૂ? આ કિલ્લાઓ કોના હતા અને તેનો નાશ શાથી થયો?"

વૃદ્ધ પુરૂષ બોલ્યો: "મહારાજ! આપ આ દેશમાં તદ્દન નવા-સવા આવ્યા હો, તેમ જણાય છે. આ કિલ્લાઓ સંબંધે આપે આજસુધીમાં કાંઇ જ સાંભળ્યું નથી શું? અત્યારે આપ જે કિલ્લામાં છો તે કિલ્લો દાનવીરરાય મહારાજનો હતો. પેલો જમણી બાજુનો કિલ્લો સજ્જનસિંહ ચહુઆણનો અને તેની પાછળનો ત્રીજો કિલ્લો સરદાર શાન્તિસિંહનો હતો. એ ત્રણે રાજાઓના જેવા બળવાળા રાજાઓ આ પ્રાન્તમાં બીજા કોઇ નહોતા. મારા માલીક દાનવીરરાય તો શૌર્યની સાક્ષાત્ મૂર્તિરૂપ જ હતા. તેમના શૌર્યનાં લોકગીત તો હજી પણ આ પ્રદેશમાં સાંભળવામાં આવે છે." નદીકાંઠેના એક મોટા વડના ઝાડ તરફ આંગળી કરીને તે વૃદ્ધ પુરૂષ બોલ્યો: "પેલું વડનું ઝાડ આપે જોયું કે?"

એ ઝાડ બતાવતી વખતે તે ડોસાનું શરીર કમ્પી ઉઠ્યું. તે જોઇ બળવંતસિંહ બોલ્યો: "હા, મેં તે જોયું. આ કિલ્લાના નાશ સાથે એ વૃક્ષનો કાંઇ સંબંધ છે કે શું?"

કિંચિત્ કંપાયમાન થઇને તે વૃદ્ધ બોલ્યોઃ "તે જ વૃક્ષની નીચે–તે જ ઠેકાણે ખૂન થએલા તે શ્રીપતિશંકર—"

એટલામાં જમની મોટેથી ત્રાડ મારીને બોલીઃ "ઓ મૂર્ખા! ચૂપ રહે!"

બળવંતસિંહ અને તે વૃદ્ધ ગૃહસ્થ મોટા આશ્ચર્યથી તેની તરફ જોવા લાગ્યા! જમની દોડતી જઇને બળવંતસિંહને વળગી પડી. તેના હૃદયમાં કાંઇ પણ પીડા થતી હતી, એમ હવે સ્પષ્ટ જણાતું હતું. તે કેવળ ગભરાઇ ગએલી હતી. તેના મુખમાંથી એક શબ્દ પણ બહાર નીકળતો નહોતો. છેવટે તે જરા ધૈર્ય રાખીને બોલીઃ "પ્રિયતમ! જો તમે મારા પર ખરો પ્રેમ ધરાવતા હો, તો તમે મને અહીંથી લઇને ચાલો! આપણે અહીંથી દૂર જતાં રહીએ!"

તે વૃદ્ધ તરફ જોઇને બળવંતસિંહ આદરપૂર્વક બોલ્યોઃ "કાકા-સાહેબ! ત્યારે અમે જઇએ છીએ. હવે અમારે જવું જ જોઇએ."

જમનીના એ ચમત્કારિક વર્તનથી તે વૃદ્ધ પુરૂષ બહુ જ વિચારમાં પડી ગયો. તેની એ સ્થિતિનું કારણ તે સમજ્યો નહિ. બળવંતસિંહ સંબંધે તો તેના મનમાં બહુ જ આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી. તેણે તેને કહ્યુંઃ "આ સામેના દરવાજાસુધી હું તમને પહોંચાડવા આવું છું."

બળવંતસિંહ તેને જવાબ દેવા જતો હતો, પણ તે પહેલાં જ જમનીએ નકારસૂચક ડોકું હલાવીને તેને ના કહી અને તે જીનો ઉતરવા લાગી. તેણે ધીમેથી બળવંતસિંહને કહ્યુંઃ "મહારાજ, એ ડોસાને અહીં જ મૂકીને ચાલો આપણે સત્વર નીચે જતાં રહીએ!"

"પણ એ ડોસા આપણને માર્ગ બતાવવા આવે, તેથી શું થઇ ગયું? તે ભલે આપણી સાથે આવે!" બળવંતસિંહ બોલ્યો.

જમનીએ તે ઉપર કાંઇ જ જવાબ આપ્યો નહિ. પછી તે ડોસો આગળ ચાલવા લાગ્યો અને બળવંતસિંહ તથા જમની તેની પાછળ ચાલવા લાગ્યાં. દરવાજા પાસે આવતાં વૃદ્ધ પુરૂષે બળવંતસિંહને કહ્યુંઃ "આની પેલી મેરના કિલ્લાનો દેખાવ જોવા જેવો છે. જો સગવડ હોય તો આપે તે એક વાર અવશ્ય જોવો જોઇએ; કેમ, આવો છો કે?"

જમની ઓશિયાળું મ્હોં કરીને બોલીઃ "મહારાજ! અત્યારસુધી આપણે પુષ્કળ જોયું છે. હવે અહીં આપણે જોવા જેવું કાંઇ જ રહ્યું નથી. આ વૃદ્ધ ગૃહસ્થને આપણી સાથે લાંબે સુધી લઇ જઇને

વધારે તસ્દી આપવાની કશી જરૂર નથી. તેમને હવે પાછા વળવાનું કહો અને આપણે આપણા મુકામપર જઈએ!"

જમનીના મુખમાંથી એટલા શબ્દો બહાર નીકળ્યા—ન નીકળ્યા એટલામાં તો તે દરવાજાની બાજુએથી કેટલાક હથિયારબંધ માણસો એકાએક આગળ આવ્યા. તે સૌના મોખરામાં કાલિકાપ્રસાદ હતો. તેને જોતાં જ જમનીએ ગભરાઇને મોટેથી બૂમ પાડી.

કાલિકાપ્રસાદના જમણા હાથને ઘા વાગ્યો હોવાથી તેણે ડાબા હાથમાં ખંજર લીધું હતું, તે તેણે જમની ઉપર ઉગામીને કહ્યું: "દુષ્ટા! તારૂં કપટ હું જાણી ગયો છું! હવે મારા હાથે મરી જા એટલે મારા મનનું સમાધાન થાય!"

પોતાના કમરપટામાં છુપાવેલું ખંજર બહાર કાઢીને જમની બોલી: "નહિ, ઓ રાક્ષસ! તું જ હવે મરી જવાનો થયો છે!"

જમની ખંજર લઇને તેના તરફ ધાઇ, એટલામાં કાલિકાપ્રસાદનું ખંજર તેના શરીરપર આવવા લાગ્યું; પરન્તુ બરાબર સાવધાનીથી તે તુરત નીચે બેસી ગઇ અને કાલિકાપ્રસાદના ખંજરનો ઘા તેના હાથને જરા ઘસારો કરીને ચાલ્યો ગયો! જો તે નીચે બેસી ગઇ ન હોત, તો તે અવશ્ય મરણ પામી હોત! પણ તેથી તેના હાથે માત્ર એક નાનો ઘા વાગ્યો અને તેમાંથી લોહીની ધાર વહેવા લાગી.

બળવંતસિંહની તલ્વાર મ્યાનમાંથી બહાર નીકળ્યા પૂર્વે જ આ બનાવ બની ગયો. પણ હવે તેની તલ્વાર બહાર નીકળેલી જોતાં જ કાલિકાપ્રસાદ અને તેનાં સઘળાં માણસો જમનીને છોડીને એકદમ તેના ઉપર હલ્લો લઇ આવ્યાં. તેમની લડાઈ શરૂ થઇ હોત, એટલામાં તો બખ્તરવાળી અનસૂયા હાથમાં નાગી તલ્વાર લઇને દોડતી ત્યાં આવી અને બળવંતસિંહ પાસે ઉભી રહી!

પ્રકરણ ૧૭ મું

દાનવીરરાયનો કિલ્લો.

અલકકુમારીને એકાએક આવેલી જોતાં જ હલ્લો કરનારાઓ ચમકી જઇને જરા પાછળ હઠયા. જખમી થએલી જમનીને પોતાના દુર્બળ હસ્તથી સંભાળીને વૃદ્ધ ધર્મવીર જરા બાજુએ ખસી ગયો. તે

જોઈને કાલિકાપ્રસાદ બોલ્યો: "મારા શૂરા સિપાઈઓ! પહેલાં આ રંડાને પકડી લો; તમે લીધેલા સોગંદનું સ્મરણ કરો!"

એ શબ્દો બોલીને તે જમની તરફ જવા લાગ્યો, પણ બળવંતસિંહ અને અલકુમારીએ તેને તે તરફ જતો અટકાવ્યો. બળવંતસિંહ પોતાના શત્ર ઉપર પૂર્ણ દૃષ્ટિ રાખીને અલકકુમારી પ્રત્યે બોલ્યો: "મારા શૂરવીર મિત્ર! બાહુમાં બાહુ ભેરવીને લડવાનો આ પ્રસંગ પુન: આવી પહોંચ્યો છે. આપણી સામે સાત શત્રુઓ આવીને ઉભા છે અને આપણે માત્ર બે જ જણા છીએ. પરન્તુ ઈશ્વરની કૃપાથી આપણે એ સઘળાની ખબર લઈ નાંખીશું. હું તને અન્તઃકરણપૂર્વક અભિનંદન આપું છું!"

પોતાની તલવારને ઉંચી કરીને અલકકુમારી બોલી: "એ સાત હશે, તોપણ આપણે બે જણ કાંઈ નિર્બળ નથી!" એ શબ્દો બોલતાં તેણે કાલિકાપ્રસાદના હાથમાંના જમનીના રક્તથી ખરડાએલા ખંજરપર પોતાની તલ્વારનો એવો એક મજબૂત ફટકો માર્યો કે, તે સાથે જ તે ખંજર ખણખણાટ કરતું દૂર જઈને પડ્યું! કાલિકાપ્રસાદ નિઃશસ્ત્ર થઇ જવાથી એક બાજુએ જઈને ઉભો રહ્યો અને ત્યાં ઉભો ઉભો તે પોતાના સિપાઈઓને ઉત્તેજન આપવા લાગ્યો.

આ પ્રસંગ ખરેખરો કટાકટીનો હતો. કાલિકાના ભક્તોએ એ બન્ને જણાઓને ઘેરી લીધા હતા. તેઓને ચારે દિશાએથી પોતાનો બચાવ કરવો પડતો હતો. બળવંતસિંહ પોતાના હસ્તકૌશલ્યથી જ પોતાનું રક્ષણ કરી રહ્યો હતો. અલકકુમારીના શરીરપર ભારે બખ્તર હોવાથી શત્રુના શસ્ત્રોનો સ્પર્શ તેના દેહને થતો નહોતો. સામા પક્ષના પ્રહારોને બળવંતસિંહ પોતાની પ્રચંડ તલવારપર સંભાળી લેતો હતો, ત્યારે અલકકુમારી ઉપરના ઘા તેના શરીરપરના બખ્તરને લીધે નષ્ફળ જતા હતા.

ખરેખરો મુશ્કેલીનો પ્રસંગ આવ્યો હતો. શત્રુઓ કાંઈ જેવા તેવા અને નિર્બળ નહોતા. કાલિકાપ્રસાદને ખાત્રી હતી કે જય પોતાને જ મળશે!

પરન્તુ થોડા જ સમયમાં યુદ્ધનો રંગ બદલાઈ ગયો! બળવંતસિંહના પ્રહારથી શત્રુપક્ષના બે વીરો મરણ પામ્યા અને તેમનાં મુડદાં ભોંયે પડ્યાં. અલકકુમારીએ ત્રીજાને જખમી કરીને નીચે પછાડ્યો!! તોપણ હજી ત્રણ જણ બાકી રહ્યા હતા. તે ત્રણે ખરેખર દૈત્યના અવતાર જેવા જ દેખાતા હતા! તેઓ મૃત્યુની જરા પણ દરકાર નહિ

કરતાં લડતા હતા. પણ એટલામાં આણાક્ષ બળવંતસિંહને એક ચમત્કારિક બનાવ નજરે પડયો. વૃદ્ધ ધર્મવીર જખમી થએલી જમનીને હળવે હળવે બૂરજ તરફ લઇ જતો હતો, અને કાલિકાપ્રસાદ તે બન્નેની પાછળ લાગ્યો હતો! એ જોઇને બળવંતસિંહ ગુંચવાડામાં પડયો. જો એ તે તરફ જાય, તો પેલા ત્રણ રાક્ષસો એકીસાથે તેના પર તૂટી પડીને તેનો જીવ લે અને જો ન જાય, તો કાલિકાપ્રસાદ જમનીનો જીવ લીધા વિના રહે તેમ નહોતું!

એવો વિચાર કરતો બળવંતસિંહ લડી રહ્યો હતો, એટલામાં કાલિકાપ્રસાદ તરફ જવાની તક તેને મળવા પામી! બીજા એક શત્રુને અલકકુમારીએ જમીનદોસ્ત કરી નાંખ્યો, અને બીજી જ ક્ષણે બળવંતસિંહની તલ્વારનો ભોગ બીજો માણસ થઇ પડયો. હવે ફક્ત એક માણસ બાકી રહ્યો હતો. તેણે પોતે એકલો હવે ટકી શકશે નહિ એવું જોઇને પોતાની તલ્વાર ફેંકી દીધી અને તે પલાયન કરવા લાગ્યો.

એ જોતાં જ બળવંતસિંહ બૂરજના જીના તરફ દોડયો. કાલિકાપ્રસાદ એ જીનાના પહેલા પગથીયાસુધી જઇ પહોંચ્યો હતો. તેણે પાછું વાળીને જોયું તો સઘળી વસ્તુસ્થિતિ બદલાઈ ગએલી તેની નજરે પડી. તેની સાથેના ૭ જણામાંના પાંચ જમીનપર તરફડીયાં મારતા પડયા હતા અને છઠ્ઠો નાસી જતો હતો! જમીનપર પડેલાઓ જીવે છે કે મરી ગયા છે એ અલકકુમારી જોઇ રહી હતી અને બળવંતસિંહ હાથમાં તલવાર લઇને તે તરફ દોડયો આવતો હતો!

અહીં ચાલતો હથિયારોનો ખણખણાટ સાંભળીને કિલ્લાની બહાર પણ નિકટમાં જ થોભેલા બળવિંતસિંહના ઘોડેસ્વારો પણ હાથમાં હથિયારો સાથે સજ્જ થઇને અંદર આવતા હતા. તેઓની પાછળ તદ્દન ગભરાઇ ગએલી સ્થિતિમાં રેવા અને રાધા આવતી હતી.

આ એકંદર પ્રકાર જોઇને કાલિકાપ્રસાદે વિચાર્યું કે હવે નાસી જવા સિવાય બીજો એકે હિતકર માર્ગ નથી. તેથી તેણે પાછળ ડગલું ભર્યું અને એક ભાંગીતૂટી ગએલા ઓરડામાં પેસીને તે ક્યાંક અદૃશ્ય થઇ ગયો!

બળવંતસિંહનો વિચાર પહેલાં તો તેની પૂંઠ પકડવાનો હતો, પરન્તુ જમની જખમી થએલી છે એ વાતનું સ્મરણ થતાં જ તેણે પૂંઠ પકડવાનો વિચાર માંડી વાળ્યો અને તે એકદમ જીનો ચડવા લાગ્યો.

આ બાજુએ જમીનપર પડેલા પાંચ શત્રુઓમાંના ચાર જણ

તદ્દન ઠાર થઇ ચૂક્યા હતા અને પાંચમો મોટો જખમ વાગવાથી તરફડી રહ્યો હતો. એ જોઇને અલકકુમારીને અત્યંત દુઃખ થયું. તેણે તેના જખમને બાંધી લેવાનો વિચાર કર્યો પરન્તુ તે વિચાર નકામો ગયો. તેણે બિચારાએ ચાર પાંચ વાર આમથી તેમ અને તેમથી આમ પાસાં બદલાવીને છેવટે દેહત્યાગ કર્યો !

આ જોઇને તે સુંદર તરૂણીને અત્યંત દુઃખ લાગ્યું. તે એક બાજુએ મ્હોં કરીને મનમાં બોલીઃ

“ અમે મનુષ્યો આમ એક બીજાનો જીવ શામાટે લેતાં હોઇશું વારૂ ? મેં પોતે આજે બે મનુષ્યોના પ્રાણ લીધા ! મારી તલ્વાર લોહીથી ખરડાએલી છે. જેઓ આપણો જીવ લેવાને આવે તેમનો પ્રાણ લેવો તેમાં કાંઈ હરકત નથી; એટલેકે આ કાંઈ ખૂન નથી. રક્તપાત કરવો એ કાંઇ સ્ત્રીધર્મ નથી; પણ મને આ કામ કરવાની જરૂર પડી ! ઠીક થયું કે હું આ જ રસ્તે આવી ! આ કિલ્લાનું ખંડેર જોવાની ઇચ્છા થવાથી જ હું ખાસ આ તરફ આવી. જો હું આવી ન હોત, તો આ બિચારા ગુજરાતી વીર નરને બહુ જ ત્રાસ પડયો હોત ! ”

એટલામાં રેવા, રાધા અને ઘોડાવાળાઓ બધા ત્યાં આવ્યાં. અલકકુમારીએ તેમને ટૂંકામાં લડાઇની હકીકત કહી અને જમની જખમી થયાના ખબર આપ્યા.

“ શું જખમ લાગ્યો છે ? ” એમ તે બન્ને જણીઓએ અત્યંત આશ્ચર્યપૂર્વક એકીસાથે પૂછયું અને પછી તેઓ ગભરાઇને એકમેકની સામે જોવા લાગી !

તેમના મનનું સમાધાન કરતાં અલક બોલીઃ “ બ્હેનો ! શાન્ત થાઓ ! ગભરાશો નહિ. તમારાં બાઇસાહેબના હાથને જખમ લાગ્યો છે ખરો, પણ તે જખમ કાંઇ બહુ મોટો નથી. ડરશો નહિ. કોઇ એક વૃદ્ધ પુરૂષ તેને સાથે લઇને બૂરજ તરફ ગયો છે ! ”

“ પણ અત્યારે તે ક્યાં છે ? ” બન્નેએ આસપાસ જોતાં પ્રશ્ન કર્યોઃ “ તે બૂરજ કયો ? ”

“ પણે રહ્યો જુઓ ! ” જીના તરફ આંગળી કરીને અલક બોલીઃ “ તે જીનાવડે તે વૃદ્ધ પુરૂષ ઉપર ગયો છે. ”

“ ચાલ ત્યારે બ્હેન, આપણે ત્યાં જઇએ. ” એમ કહેતાં રેવાએ રાધાનો હાથ પકડયો અને તે તેને બૂરજ તરફ લઇ ચાલી. જીનાનાં પગથીયાં ઉપર તાજા લોહીનાં બિંદુઓ પડેલાં હતાં તે જોતાં જ

રેવા બોલીઃ " આ જો, લોહી પડ્યું છે ! બાઇસાહેબ જખમી થયાં છે! હાય હાય ! હવે તેમનું શું થશે ? "

રાધા બોલીઃ " બાઇસાહેબને કેટલું બધું દુઃખ થશે? તે બેશુદ્ધ– "

રેવા બોલીઃ " વળી તે પારકાના હાથમાં ! હાય, હાય, આ દુઃખના અંતમાં હવે શું થશે ? તેમને જખમ લાગ્યો, એ તો બહુ જ ખોટું થયું ! "

રાધા બોલીઃ " બળવંતસિંહ અહીં આવ્યા, તે વખતે પેલો મૂઓ કાલિકાપ્રસાદ નાસી ગયો, એ મેં જોયું. "

રેવા બોલીઃ " તો પછી સરદાર સાહેબ અત્યારે બાઇસાહેબની પાસે જ હશે ! ચાલો, આ રક્તબિંદુઓના અનુરોધે આપણે પણ ઉપર જઇએ અને સત્વર બાઇસાહેબને મળીએ ! "

રાધા બોલીઃ " આપણે કેવી મૂર્ખી છીએ ? અહીં ઉભી રહીને વાતો કરીએ છીએ; ત્યારે એકદમ ઉપર ગઇ હોત તો કેવું સારૂં હતું ? હવે જલ્દી ચાલ, આપણે તેમને મળીએ. " એમ કહીને લોહીનાં ટીપાંના અનુરોધથી તે બન્ને જણીઓ ઉપર ચાલી.

હવે આપણે જમની તરફ વળીશું. હાથને જખમ લાગતાં જ તે બેશુદ્ધ થવા લાગી હતી અને તેથી તેને તે વૃદ્ધે તુરત સંભાળીને ઝીલી લીધી હતી. પોતાની સ્થિતિ કેવી થશે તેનું તેને ભાન નહોતું. તે બિચારા વૃદ્ધે પોતાની સઘળી શક્તિ એકઠી કરીને તેને ઉંચકી અને અત્યંત કષ્ટપૂર્વક તે જીનો ચડવા લાગ્યો; પણ થોડાં પગથીયાં ચડતાં જ તે તદ્દન હાંફી ગયો ! જમનીના જખમમાંથી હજી રક્ત વહન કરી રહ્યું છે, એ જોઇને તે વૃદ્ધે પોતાના કપડાનો એક છેડો ફાડીને તુરત જ તે તેના હાથ ઉપર બાંધી વાળ્યો. એ કામ થઈ રહ્યા પછી પુનઃ તે ઉભો થયો. તે પુનઃ જમનીને ઉંચકીને ઉપર ચાલ્યો પરન્તુ જીનો ચડી રહેતાં તે તદ્દન થાકી ગયો અને જોરથી હાંફવા લાગ્યો.

તે પુનઃ નીચે બેસી ગયો અને ત્યાંથી બળવંતસિંહ લડતો હતો તે તરફ જોવા લાગ્યો. થોડી જ વારમાં પાંચમો માણુસ મૂઓ અને છઠ્ઠો નાસી ગયો, એ જોઇને તેને બહુ આનંદ થયો. પહેલા માળ કરતાં બીજા માળ ઉપર જગ્યા સારી હોવાથી અત્યંત પ્રયત્નપૂર્વક તે વૃદ્ધે જમનીને પુનઃ ઉંચકી અને તેને બીજે માળે લઈ ગયો. ત્યાં તેને ભોંયપર બરાબર સુવાડીને તાજી હવા આવવા માટે એક બારી ઉઘાડી. એટલામાં જીના ઉપર કોઇનો પાદપ્રહાર થતો સાંભળવામાં આવ્યો. કોઈ શત્રુ પોતા તરફ આવે છે કે શું, એવી તે વૃદ્ધને શંકા આવ-

વાથી તે સત્વર આગળ આવ્યો; પરન્તુ બળવંતસિંહને ઉપર આવેલો જોતાંજ તે ડોસાને બહુ આનંદ થયો. તે ડોસાએ જમનીની બરદાસ્ત આટલી બધી કાળજીથી કરી તે જોઇને બળવંતસિંહને આનંદ થયો અને તે બોલ્યોઃ " કાકા સાહેબ ! આપે મારાપર બહુ મોટો ઉપકાર કર્યો છે. આપના તે ઉપકારનો હું પુરતો બદલો વાળીશ, ત્યારેજ મારા મનનું સમાધાન થશે. તેના જખમ ઉપર તો આપે પાટો બાંધેલો છે. રક્ત પણ બંધ થયું છે. પણ તે જો આમ ને આમ વધારે વખત બેશુદ્ધ રહેશે તો કદાચ મરણ—"

એ શબ્દો ઉચ્ચારતાં બળવંતસિંહને શરીરે કંપ છૂટયો. એ જોતાંજ ડોસો બોલ્યોઃ " થોડી ખુલ્લી હવા ખાશે એટલે તે તુરત સાવધ થઇ જશે. રહો, હું મારી ઓરડીમાં જઇને જરા પાણી લઈ આવું."

" ત્યારે જલ્દી જાઓ, અને પાણી લાવો. " બળવંતસિંહ ઉતાવળે બોલ્યો.

વૃદ્ધ ઉપર ગયો. બળવંતસિંહ અત્યંત આતુરતાથી તે બેશુદ્ધ પડેલી સુંદરી તરફ જોવા લાગ્યો. તે એટલો બધો વ્યાકુળ બની ગયો હતો કે ભાન પણ ભૂલી ગયો હતો. તુરત જ જમનીએ પોતાનાં નેત્રો ઉઘાડયાં અને એક વાર ચારે તરફ નજર કરી. તે જોઇને બળવંતસિંહ આનંદથી બોલ્યોઃ " અહાહા ! તે હજી જીવે છે ! "

એટલામાં વૃદ્ધ ધર્મવીર પણ પાણી લઇને આવી પહોંચ્યો. બળવંતસિંહે તેના મ્હોંપર પાણી છાંટયું. આંખો અને માથાપર પણ થોડી છાલકો મારી. તે સાથે જ તે સાવધ થવા લાગી. તેણે એક વાર પણ પોતાની આસપાસ નજર ફેરવી, તે જોતાં જ બળવંતસિંહે તેને કહ્યુંઃ " પ્રિયે ! ભય પામીશ નહિ. તારા શત્રુઓનો નાશ થયો છે. પેલો દુષ્ટ કાલિકાપ્રસાદ પણ નાસી ગયો છે. "

જમનીએ ગંભીર સ્વરે પૂછ્યુંઃ " અને પેલો બખ્તરવાળો વીર ? તે તમારો મિત્ર–તમારી સખી–નહિ–તમારા સખાનું શું થયું ? તે તો સહીસલામત છે ને ? "

બળવંતસિંહ બોલ્યોઃ " તે સુખરૂપ છે. મારી પેઠે તેને પણ જરાએ ઇજા થઇ નથી. પણ હવે એ વાત વિસરી જા. તેને માટે તું હવે બહુ વિચાર કરીશ નહિ. " જમની હજી બરાબર શુદ્ધિમાં આવી નહોતી, એવું તેને જણાતું હતું. પોતાના બખ્તરવાળા મિત્રને પ્રથમ તેણે ' સખી ' અને 'સખા ' એમ કહ્યું, એ ઉપરથી જમની હજી

ભ્રમમાં રહેલી છે એમ તેને જણાયું. પરન્તુ તે વીરના સ્ત્રીત્વ વિષે તેના મનમાં જરા પણ શંકા આવી નહોતી!

પછી તેના તરફ પ્રેમપૂર્વક જોઇને જમની બોલી: "હું હવે સાવધ થઇ છું. મારી તબીયત હવે સારી છે." પણ એટલામાં તેને પોતાને જખમ લાગ્યો હોવાનું સ્મરણ થયું. તેણે જોયું તો તે ઉપર કપડું વીંટેલું તેના જોવામાં આવ્યું. તે બોલી: "પણ મને આ પાટો કોણે બાંધ્યો?" તે જ વખતે તેની નજર તે વૃદ્ધ ધર્મવીર તરફ ગઇ અને તે તદ્દન ગભરાઇ ગઇ.

તે દયાળુ ડોસો જરા નજીક આવીને બોલ્યો: "તમને જીના ઉપર ચડીને ઉપર લાવતાં તમારા હાથમાંથી બહુ લોહી વહેવા લાગ્યું તેથી જ મેં એ પાટો બાંધી દીધો હતો. પણ તે સ્થળે જરા અંધકાર હોવાથી મારે હાથેથી બરાબર પાટો બાંધી શકાયો નથી."

જમની મનમાં બોલી: "જીનામાં જરા અંધકાર હતો, એ બહુ જ સારૂં થયું." પછી તે ડોસાને અને બળવંતસિંહને ઉદ્દેશીને તે બોલી: "કાકાસાહેબ! આપે અને એમણે મારા પર અત્યંત ઉપકાર કર્યો છે. હું તેનો બદલો કેવી રીતે વાળી શકીશ?"

બળવંતસિંહ બોલ્યો: "પ્રિયે! મેં તો મારૂં કર્તવ્ય જ કર્યું છે; પણ જમની! ખરેખર કહે, તું મારાપર પ્રીતિ રાખે છે ને?"

તેના તરફ સપ્રેમ દૃષ્ટિ કરીને જમની બોલી: "પ્રિયતમ! તમે તો મને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છો!"

એટલામાં રેવા અને રાધા ત્યાં આવી પહોંચી. પોતાની બાઇ સુખરૂપ છે, એ જોઇને તેને બહુ જ આનંદ થયો. તેમને ત્યાં આવેલી જોતાં જ બળવંતસિંહ બોલ્યો: "પ્રિયે! હવે આ તારી દાસીઓ તારી પાસે રહેશે. હું હવે પેલા મારા મિત્રની પાસે નીચે જઉં છું. તેણે ખરેખરા પ્રસંગે મને મદદ કરી છે!"

જમની બોલી: "મહારાજ! મને હવે બહુ જ સારૂં છે, તેથી એ તમારી સાથે આવું છું."

બળવંતસિંહ બોલ્યો: "પણ આપણે આપણો પ્રવાસ પુનઃ આગળ ચાલુ કરીએ તે પહેલાં તારે કેટલાક વખતસુધી વિશ્રાન્તિ લેવી જોઇએ. રાત્રિ પડવાને હજી થોડી વાર છે. આજે તું અહીંજ વિશ્રાન્તિ લે. રાત્રી જશે એટલે પછી આપણે નજીકના કોઇ સારા સ્થાનપર જઇ પહોંચીશું."

રેવા બોલી: "બાઇસાહેબ! મહારાજ ખરૂં કહે છે; આપ અહીં રહો તો બહુ સારૂં."

પણ તેનું કથન જમનીએ માન્યું નહિ. તેણે બળવંતસિંહનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલી: "નહિ, પ્રિયતમ ! હું તમને છોડવાની નથી ! મને છોડીને આપ અહીંથી જશો નહિ. આ ધર્મ-વીર અહીં છે અને અલ—

તે અલકકુમારીનું નામ લેવા જતી હતી, પણ તે તેના મુખમાં-થી બહાર નીકળ્યું નહિ. મનોવિકારના ત્વરિત પ્રવાહથી તે પુનઃ બેશુદ્ધ બની ગઇ ! તે જોઇને બળવંતસિંહ બોલ્યો: "અરે પ્રભુ ! એ તો પુનઃ બેશુદ્ધ બની ગઇ ! રેવા, રાધા ! તમે સત્વર અહીં આવો !"

તે બન્ને જણીઓ જલ્દીથી આગળ આવી. આ બનાવ બન્યો ત્યાંસુધીમાં તે બિચારા ડોસાએ અંદરની ઓરડીમાં એક બિછાનું પા-થરી દીધું હતું. તે ત્યાં આવીને બોલ્યો: "તેને અંદરની ઓરડીમાં લઇને ચાલો. ત્યાં તેને કામમાં આવે તેવા અનેક ઉપયોગી પદાર્થો મેં એકત્ર કર્યા છે. ગભરાશો નહિ. તેનામાં બહુ જ અશક્તિ આવી છે. આજની રાત તમે અહીં જ રહો. કાલે તે સારી પેઠે શુદ્ધિમાં આવ્યા પછી તમે ખુશીથી આગળ પ્રવાસ કરજો."

ડોસાનો એ વિચાર બળવંતસિંહને પસંદ આવી ગયો. પછી તેણે તેને અંદર લઇ જઇને બિછાનાપર સુવાડી. ધર્મવીર કાંઈ કામ માટે ત્યાંથી ચાલ્યો ગયો. હવે તેની તબીયત સારી છે, એમ જોઇને બળવંતસિંહ પણ નીચે જવાને તૈયાર થયો.

તે જીનાના પહેલા પગથીઆપર આવ્યો, તો તેનો એક ઘોડે-સ્વાર જીનો ચડીને ઉપર આવતો તેના જોવામાં આવ્યો. તેણે બળ-વંતસિંહને કહ્યું: "મહારાજ ! આપનો બખ્તરવાળો મિત્ર હમણાં જ ચાલ્યો ગયો અને તેણે મને એ બાબતની આપને ખબર આપવાનું કહ્યું છે."

"શું ? શું તે જતો રહ્યો ?" બળવંતસિંહ આશ્ચર્યથી બોલ્યો: "કેમ વારુ ?"

ઘોડેસ્વાર બોલ્યો: "પોતાને કેટલુંક જરૂરી કામ હોવાનું કહીને તે ગયો. તેણે ત્યાં નદીકાંઠે જ પોતાના ઘોડાને ચરવા મેલ્યો હતો, તે ઉપર જીન બાંધીને તે એકદમ ચાલતો થયો. તે આ સામેના રસ્તે થઇને જ ગયો."

ઘોડેસ્વારે દર્શાવેલી દિશા તરફ જોતાં વૃદ્ધ ધર્મવીર બોલ્યો: "આ રસ્તો તો શ્યામગઢ તરફ જાય છે. વારુ, સરદારસાહેબ ! આ-જની રાતે આપ મારા પરોણા છો. હું આપને માટે સઘળી વ્યવસ્થા કરીશ. આ ઉપરની ઓરડી મેં ખાસ આપને માટે તૈયાર—"

બળવંતસિંહ સહાસ્ય મુખમુદ્રાથી બોલ્યોઃ "મારે માટે આપે વિશેષ તસ્દી લેવાની જરૂર નથી. ગુજરાતમાં લડાઇના વખતમાં મેં ઘણી વાર અનેક રાતો જંગલમાં જ કાઢી છે, એટલે ખુલ્લું મેદાન કે બાંધેલું મકાન મને તો સરખાં જ છે. મને તો ટાઢો-ઉનો રોટલો અને એક પાણીનો પ્યાલો મળ્યો એટલે બીજું કાંઇ જોઇતું નથી. મારા ઘોડાપર જીન બાંધેલું છે તે બિછાવીને ગમે ત્યાં હું પડી રહીશ !"

ધર્મવીર બોલ્યોઃ "મારે આપને માટે કાંઈ નવો સામાન લાવવાનો નથી. મારી પાસે જે કાંઇ છે તે હું આપની સેવામાં સાદર કરૂં છું. પહેલાં તમારા ઘોડાવાળાને હું તબેલો બતાવું છું, એટલે તે બિચારા મુંગા જાનવરને કાંઇક આરામ મળે."

તેના એ ઉમદા સ્વભાવથી આનંદિત થઇને બળવંતસિંહ બોલ્યોઃ "ઠીક છે ત્યારે ! જેવી આપની મરજી. આપ સત્વર પાછા આવજો. મારે આ ત્રણુ કિલ્લાઓની હકીકત આપને મ્હોંએ હજી સાંભળવાની છે."

તે વૃદ્ધ દિલગીર થઇને બોલ્યોઃ "આપની ઇચ્છા હશે તો હું તે આપને કહીશ. પણુ તે કહેતાં મને કાંઇ આનંદ થવાનો નથી."

એમ કહીને ધર્મવીર એ ઘોડાવાળાની સાથે નીચે ગયો. પછી રેવાને બોલાવીને બળવંતસિંહે જમનીની તબીયતની તપાસ કરી. અત્યારે તે સારી રીતે ભાનમાં છે અને હવે સુખે નિદ્રા લે છે, એવું સાંભળીને તેના મનનું સમાધાન થયું.

જ્યાંથી સામેના બન્ને કિલ્લાઓ બરાબર રીતે જોવામાં આવતા હતા, એવે સ્થળે બળવતંસિંહ બેઠો અને તે કિલ્લા તરફ જોવા લાગ્યો. તેની આંખો એક પછી બીજો એમ બન્ને કિલ્લાઓ તરફ જોતી હતી. પછી તેની નજર નદી તરફ ગઇ. વડના ઝાડ નીચે કોઇનું ખૂન થયું હતું એવું વૃદ્ધ ધર્મવીર તેને કહેતો હતો તે તેને સાંભર્યું. એ સઘળી વાત ધ્યાનમાં આવતાં જ તેને વળી બીજી એક વાતનું સ્મરણુ થયું. જ્યારે ધર્મવીરે એ વાત કાઢી હતી, ત્યારે જમની એટલી બધી ગભરાઇ શામાટે હશે ? તે કિલ્લામાં આવી, ત્યારથી જ તેની વૃત્તિમાં ફેરફાર થયો હતો, તેમ જ ધર્મવીર જ્યારે એ હકીકત કહેવાને તૈયાર થયો, ત્યારે તેણે ત્યાંથી સત્વર ચાલ્યા જવાની ઇચ્છા દર્શાવી હતી. પણુ તેમ કરવામાં તેને શો હેતુ હશે એ બળવંતસિંહના સમજવામાં આવ્યું નહોતું.

એ વૃદ્ધ પુરૂષના ભાષણુ ઉપરથી પોતાને કાને કાંઈ પણુ ભયંકર વાત આવશે, એવું તે કળી ગઇ હશે. એજ વિચાર તેના મનમાં પણુ આવ્યો અને તેથી તેને કિંચિત્ ભય ઉત્પન્ન થયો.

પણ એ ભીતિ તેના મનમાં એક ક્ષણસુધી પણ રહી નહિ. થોડી જ વારમાં ધર્મવીર ઘોડાની બરાબર વ્યવસ્થા કરીને ઉપર આવ્યો અને પોતે કરેલી સઘળી વ્યવસ્થાની વાત તેણે બળવંતસિંહને કહી. પછી બળવંતસિંહે પુનઃ વિનતિ કરવાથી વૃદ્ધ ધર્મવીરે તે ત્રણ કિલ્લાનો ખેદજનક ઇતિહાસ કહેવાનો પ્રારંભ કર્યો.

પ્રકરણ ૧૮ મું.

દાનવીરરાયના કથાનકનો પ્રારંભ.

ધર્મવીરે દાનવીરરાયના કથાનકનો પ્રારંભ કરતાં કહ્યું: “ આ દાનવીરરાય ઠાકોરના કિલ્લા જેવો મજબૂત કિલ્લો આ આખા રાજપૂતસ્થાનમાં બીજો નહિ હોય એમ કહીએ તો ચાલે. તેવી જ રીતે એમના તાબામાં મુલક પણ ઘણો જ હતો. આ સામેનો બગીચો અત્યારે તો કેવળ વેરાન જેવો દેખાય છે, પરન્તુ હું કહું છું તે વખતે તે ફળફૂલથી કેવળ ભરાઈ ગએલો દેખાતો હતો. આ નદીનું જ પાણી એ બાગમાંનાં વૃક્ષો અને છોડવાઓને માટે એક નહેરદ્વારા વાળવામાં આવ્યું હતું. તેવી જ રીતે એ નદીના ઉત્તર તટપર આવેલાં સઘળાં ગામો મારા માલેકનાં હતાં; અને આ જ બૂરજ ઉપર તેમના કુળદેવતાની ધ્વજા ફરકી રહી હતી.

આ કિલ્લાના છેલ્લા માલેકનું નામ દાનવીરરાય હતું. તેના પિતા બહુ જ ગર્વિષ્ઠ, તામસી અને સાચાબોલા માણસ હતા. દાનવીરરાયનો જન્મ એના પિતાના લગ્ન પછી ત્રણ વર્ષે એટલે કે તેના માતાપિતાના ખીલતા તારૂણ્યમાં અને ભારે ઉત્સાહની વચ્ચે થયો હતો, પરન્તુ તેનો જન્મ થતાં જ તેની માતા મરણ પામી. દાનવીરરાયના પિતા પત્નીના મરણથી વધારે તામસી બન્યા, તોપણ તેમણે ફરીથી લગ્ન કર્યું નહિ. તે સિંહના જેવા પરાક્રમી હતા, તે પોતાનું અપમાન બિલકુલ સહન કરી શકતા નહિ. તેમના શત્રુઓ તેમનાથી બ્હીતા હતા, તોપણ નોકર-ચાકર તેમના પર સંપૂર્ણ પ્રેમ ધરાવતા હતા. પોતાની પત્નીના મરણ પછી તેમણે પોતાના નાના પુત્રને તેમના નોકરોને સોંપ્યો હતો. તેમણે રાજમહાલયમાંની દાસીઓને રજા આપી દીધી, એટલું જ નહિ પણ કુંવરની દાયણને પણ તેમણે કાઢી મેલી. તેમણે દાનવીરને કેવળ કેદીના જેટલી સખ્તાઇથી મહેલમાં રાખવા

માંડયો. તેના ઉપર બરાબર બારીક નજર રાખીને, શારીર સામર્થ્ય વધારનારાં મર્દાની કામો કરવાની તેને ટેવ પાડવામાં આવી. તેવી જ રીતે યુદ્ધવિષયક શિક્ષણ પણ તેને આપવામાં આવ્યું. તેની પ્રત્યે બહુ જ સખ્તાઇથી વર્તવામાં આવતું હતું. શ્રીમંતનાં છોકરાંઓને સહજ રીતે જે એશઆરામ મળી શકે છે તે સુદ્ધાં દાનવીરને મળ્યાં નહિ. તેનું પરિણામ એ થયું કે, દાનવીરને પોતાના પિતાને માટે જરા પણ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ નહિ, તેથી ઉલટું તે તેમને માટે બેપરવા બન્યો હતો એમ કહીએ તોપણ ચાલે. પિતાનું મરણ થયાની ખબર જ્યારે તેને મળી, ત્યારે તે બિલકુલ રડયો નહિ; પરન્તુ પોતાને સ્વતંત્રતા મળી તેથી તેને ઘણો જ આનંદ પ્રાપ્ત થયો !

તે સમયનું મને બરાબર સ્મરણ છે. તે વખતે રાજ્યમાં મોહનસિંગ નામનો એક મુખ્ય કારભારી હતો. દાનવીરના પિતા મરણ પામ્યા ત્યારે વૈદ્યરાજ, હું અને તે કારભારી એટલા ત્રણ જણ તેમની પાસે હતા. તે વખતે મેં તેમને પૂછ્યું: “ હું દાનવીરને લઇ આવું?” ત્યારે તેમણે તેમ કરવાની ના કહી હતી. તે મરણ પામ્યા પછી હું કારભારીની સાથે દાનવીરની પાસે ગયો. દાનવીરની વય તે વખતે અઢારેક વર્ષની હતી. મર્દાનગીના શિક્ષણથી તેનું શરીર પુષ્ટ થએલું હતું. તે ઘાટમાં સુંદર હતો અને તેનો અવાજ ઘણો જ મધુર હતો. તે અતિશૂરવીર હોવાથી તેના પિતાની તેના ઉપર અત્યંત પ્રીતિ હતી. તેના નોકર ચાકરને પણ તે બહુ પ્રિય હતો. દાનવીરને હજી સ્ત્રીની ઓળખ નહોતી, પરન્તુ પિતાની પાછળ દહાડો પાણી કરી ચૂકયા પછી તુરત જ તેણે પોતાની આસપાસ એક મોટું સ્ત્રીમંડળ જમાવ્યું; તેમની સંગતિથી તે કેવળ મોહમાં ડુબી ગયો. નાચ તમાશા અને રંગ-રાગ શરૂ થયા. પોતાના સંસ્થાનનો બધો કારભાર તેણે મોહનસિંગને સોંપી દીધો. જ્યાંસુધી તેનો ખજાનો ભરપૂર હતો, ત્યાંસુધી તેણે ખર્ચ કરવામાં જરા પણ કસર કરી નહિ. પોતાના સ્ત્રીમંડળને સંતુષ્ટ રાખવા માટે તેણે પાણીની પેઠે પૈસા ખરચી નાંખ્યા.

બીજી બાજુએ મોહનસિંગે ખજાનામાં ખૂટ પડેલી જોતાં જ રૈયત ઉપર નવા કર નાંખ્યા અને રાજાને નામે પ્રજા ઉપર જુલમ ચલાવવા માંડયો. તે સાથે તેણે પોતાનું ઘર ભરી દેવાનો ઉદ્યમ પણ ચાલુ કર્યો. નાના અપરાધોને માટે ભારે દંડ કરવાનું તેણે ચાલુ કર્યું. ન્યાયનું વેચાણ પણ થવા લાગ્યું. એ પ્રમાણે થોડા જ દિવસમાં આખા સંસ્થાનની દુર્દશા થઇ ગઇ અને કોઇની ગમે તેવી સ્થિતિ માટે કોઇ જવાબદાર જ રહ્યું નહિ !

દાનવીર ગાદી ઉપર બેઠો ત્યારથી બે વર્ષની અંદર જ આ સંસ્થાનમાં બંડ-બખેડા થવા લાગ્યા. મોહનસિંગના જુલમથી કેટલાકના પ્રાણ પણ ગયા. પ્રજાએ રાજાને કાને પોતાની ફરિયાદ પહોંચાડવાને બહુએ યત્નો કર્યા પણ તે ફરિયાદો મોહનસિંગ વચમાંથી દાબી દેતો હતો તેથી તે દાનવીરરાય સુધી પહોંચતી જ નહિ. દાનવીરરાય દિવસે દિવસે વધારે મોજમજાહમાં ગુંથાવા લાગ્યો. મોહનસિંગના જુલમથી રાજ્યને ધક્કો લાગશે એવું રાજાને કહેવાની મને ઘણી વાર ઇચ્છા થઇ, પરંતુ હું મોહનસિંગના હાથ હેઠળનો એક હલકો નોકર હોવાથી અને વળી તેના સંપૂર્ણ વિશ્વાસમાં નહિ હોવાથી હું રાજાની સમક્ષ પહોંચી શકતો જ નહોતો.

એ પ્રમાણે અંધાધુંધી ચાલુ થઇ તેને બે વર્ષો વીતી ગયાં. એ લાગ બરાબર છે એમ જોઇને સજ્જનસિંહ ચહુઆણે-પેલી બાજુના તૂટેલા કિલ્લાના માલેકે-દાનવીરરાય ઉપર હલ્લો કર્યો. એ સજ્જનસિંહને અનેક વાર લડાઇમાં જીતીને દાનવીરરાયના પિતાએ તેની પાસેથી ભારે દંડ લઇ તેને છોડી દીધો હતો. સજ્જનસિંહે સ્વારી કરીને આખા મુલકમાં લૂંટાલૂંટ ચલાવી, એ વાત પણ એ નીચ પ્રધાન મોહનસિંગે રાજાના કાને જવા દીધી નહિ. મોહનસિંગે પોતે જ લશ્કર તૈયાર કર્યું, અને સજ્જનસિંહની સામે યુદ્ધ કર્યું પણ તેમાં મોહનસિંગની જ હાર થઇ. આખા સૈન્યનો નાશ થઈ ગયો અને મોહનસિંગ નાસી આવીને કિલ્લામાં ભરાઇ બેઠો.

હવે માત્ર સજ્જનસિંહે કરેલી આ સ્વારીની હકીકત દાનવીરરાયથી છૂપી રહી શકે એવું મોહનસિંગને માટે શક્ય નહોતું. કિલ્લામાં ગભરાટના કારણથી એ સર્વ હકીકત આપોઆપ જ તેના કાને આવી, તોપણ તે ડર્યો નહિ. તેણે તે જ ક્ષણે પોતાના સ્ત્રીમંડળને રજા આપી દીધી અને બધા નોકરોને યુદ્ધને માટે તૈયાર થવાનો હુકમ આપી દીધો. પોતાના ખજાનાની અને કોઠારમાંના અનાજના જથાની તેણે તપાસ કરી. તે સાથે કિલ્લાને ઘેરો પડતાં પોતાનો બચાવ કેવી રીતે કરવો તેની પણ તેણે તજવીજ કરી. આ સર્વ વિપત્તિઓનું કારણ પોતાનો કારભારી મોહનસિંગ હતો તે પણ તેના લક્ષમાં તુરત આવી ગયું અને તેથી તેણે તેને એકદમ કેદમાં પૂર્યો અને તેની જગ્યાએ રાજાએ મારી નીમણુક કરી. પોતાના રાજાને એવી રીતે હથિઆરો બાંધીને, બખ્તર પહેરીને, ઘોડાપર સ્વાર થઇ, યુદ્ધને માટે તૈયાર થએલો જોતાં જ બધી પ્રજાને ભારે આનંદ થયો અને તેથી આખી

પ્રજા હથિયારો બાંધીને યુદ્ધ કરવા માટે તૈયાર થઇ ગઈ. એ જોઇને મને પણ બહુ આનંદ થયો, અને હું પણ યુદ્ધમાં જવા તૈયાર થયો; પરન્તુ મને રાજાએ કિલ્લામાં રહીને શહેરનું જ રક્ષણ કરવાનો હુકમ કર્યો, તેથી મને અહીં રહેવાની જરૂર પડી.

પછી કિલ્લાની બહાર નજીકમાં જ દાનવીરરાય અને સજ્જનસિંહનાં લશ્કરો ભેટભેટા થયાં અને યુદ્ધનો પ્રારંભ થયો. દાનવીરરાય લાંબા વખતસુધી એશઆરામમાં પડેલો હતો. તોપણ તે કાંઇ નામર્દ બની ગયો નહોતો. ઉંઘી ગએલો સિંહ જાગૃત થતાંની સાથે જ જેવી રીતે ઉભો થઇને વાઘ ઉપર તરાપ મારે છે, તે જ પ્રમાણે દાનવીરરાયે સજ્જનસિંહના લશ્કરના ચૂરેચૂરા કરી નાંખવાનો આરંભ કર્યો. તેની તલ્વાર સમરાંગણપર તાંડવ નૃત્ય કરવા લાગી ! સાંજસુધી ઘનઘોર યુદ્ધ ચાલ્યું. શત્રુનાં માણસો પુષ્કળ અને અમારાં માણસો થોડાં હોવાથી સાંજ પડતાં અમારાં માણસોને જરા પાછા હઠવું પડયું. દાનવીરરાયે પોતાનાં માણસોને બહુએ ધૈર્ય આપી જોયું, પરન્તુ તેઓ નાઇલાજ બની ગયા હતા.

એ પ્રમાણે દાનવીરરાયનો પરાજય થયો. પોતાની હાર થએલી જોતાં જ તેણે ઘોડાને એડી મારી અને જે દિશાએ ઘોડાનું મ્હોં હતું તે જ દિશાએ તે મોટા વેગથી દોડી ગયો. એટલામાં એકાએક ઘોડાને ઠોકર વાગી અને દાનવીરરાય નીચે પડી ગયો તથા ઘોડો નાસી છૂટયો.

એ વખતે તે બિચારાની અત્યંત કરૂણાજનક સ્થિતિ થઇ હતી ! શરીરે બખ્તર સાથે ઘોડા ઉપરથી પડી જવાથી તેને શરીરે માર વાગ્યો હતો. તે માંડ માંડ ઉઠયો અને બોલ્યો: "ઇશ્વરે મને બરાબર શિક્ષા કરી છે ! એ વર્ષો મેં નકામાં ગાળી નાંખ્યાં ! મારી પ્રજાને હું તદ્દન વિસરી ગયો હતો ! પણ હવે વિચાર કરતાં બેસી રહેવાની જરૂર નથી. મારા દેશનો નાશ થઇ રહ્યો છે, તે ન થાય એવો કાંઇ પણ ઉપાય મારે કરવો જોઇએ. પણ હવે હું શું કરૂં ? મારા પૂર્વજોના નામને મારે હાથે કલંક લાગવાનો વખત આવી પહોંચ્યો છે. મારી પાસે ધન નથી—લશ્કર પણ નથી ! આ વખતે જો શ્યામગઢનો સરદાર મને મદદ કરે તોપણ હું તે અત્યંત આનંદથી સ્વીકારૂં." દાનવીરરાયને શ્યામગઢના સરદાર ભભૂતમલની સાથે સારૂં ચાલતું નહોતું, તે કદાચ આપ નહિ જાણતા હો. દાનવીરરાય એટલા શબ્દો હજી તો બોલે છે, એટલામાં નજીકની ઝાડીમાંથી બખ્તરવાળો એક લડવૈયો સામે આવીને ઉભો રહ્યો. દાનવીરરાયે તેને તુરત ઓળખી

લીધો. તે શ્યામગઢવાળો ભભૂતમલ જ હતો. એ ભભૂતમલ વિષે લોકો કાંઇ કાંઇ વિલક્ષણ વાતો કહે છે. એક ગુપ્ત મંડળીનો તે મુખ્ય સરદાર છે, એવું લોકો બોલે છે. તેને સામે ઉભો રહેલો જોતાં જ દાનવીરરાયનું મ્હોં બંધ થઇ ગયું !

પોતાને ઓળખતાં છતાં દાનવીરરાય કાંઈ બોલતો નથી એ જોતાં ભભૂતમલ જ પહેલાં બોલવા લાગ્યો: "તેં મારી મદદની ઇચ્છા કરી, તેથી હું તારી સામે આવીને ઉભો છું ! ખરેખરો અડાકડીનો પ્રસંગ છે. તારી કીર્તિને કલંક લાગવા માંડયું છે, તો બોલ, તને મારી મદદ જોઇએ છે કે નહિ ?"

કિંચિત્ ધૈર્ય ધારણ કરીને દાનવીરરાય બોલ્યો: "સરદાર સાહેબ ! તમે આ પ્રસગે મને મદદ કરો. આપ આ સજ્જનસિંહને હરાવવામાં મને જો મદદ કરશો, તો હું જીંદગીસુધી આપની સાથે મિત્રતાથી ચાલીશ."

ભભૂતમલ તેનો તિરસ્કાર કરતો બોલ્યો: "મને તારી મિત્રતાની બિલકુલ ગરજ નથી. તું આજસુધી મારો તિરસ્કાર કરતો હતો એ વાત હું વિસરી ગયો નથી."

તદ્દન નિરાશ થઇને દાનવીરરાય બોલ્યો: "તો પછી તને મારી પાસેથી શું જોઇએ છે ? વખત વીતી જતો જાય છે, અને સજ્જનસિંહનું લશ્કર કિલ્લા તરફ જાય છે, માટે જે કહેવું હોય તે જલ્દી કહે !"

ગંભીર શબ્દોમાં ભભૂતમલ બોલ્યો: "હું એક ગુપ્ત મંડળીનો નાયક છું, તે વાત તો તું જાણે છે જ. તે ગુપ્ત મંડળી 'શકિત'ના 'ભકતો'ની છે અને તે શાકત મંડળ જ છે. શાક્ત પંથની દીક્ષા તદ્દન બાલ્યાવસ્થામાં જ આપવાનો અમારો રીવાજ છે—"

ભયથી કંપતો દાનવીરરાય બોલ્યો: "કહે, કહે, જલ્દી કહે, તારૂં કહેવું શું છે ?"

ભભૂતમલ બોલ્યો: "**તને જે પહેલું બાળક થાય, તેને શાકત પંથની દીક્ષા આપવાનું વચન દે !** શ્રી મહાકાળીની કૃપાથી મને તે સજ્જનસિંહના સૈન્યનો વિધ્વંસ કરવાને એક ઘડી પણ લાગશે નહિ. જો, તારી કીર્તિને કલંક લાગવાનો વખત કેવળ નજીક આવ્યો છે !"

બહુ લાંબો વિચાર નહિ કરતાં દાનવીરરાય બોલ્યો: "હું તારા કહેવા પ્રમાણે વર્તવાનું વચન આપું છું." એ શબ્દો તેના મ્હોંમાંથી નીકળતાં જ તેને પશ્ચાત્તાપ થયો ! પણ તે શા કામનું ? દાનવીરરાયની

કબૂલાતના શબ્દો સાંભળતાં જ ભભૂતમલે કાંઇક ઇશારો કર્યો અને તે સાથે જ પાસેની ઝાડીમાંથી પુષ્કળ લડવૈયાઓ બહાર નીકળી આવ્યા. તેમણે દાનવીરરાયને ઉંચકીને એક ઘોડા ઉપર બેસાડયો અને બીજા એક ઘોડા ઉપર ભભૂતમલ સ્વાર થયો. પછી તે બન્ને જણ બધા માણસોની સાથે યુદ્ધભૂમિપર આવીને દાખલ થયા. સજ્જનસિંહ આ વખતે જરા પણ હરકત વિના કિલ્લા તરફ જતો હતો, તેને એ ઘોડેસ્વારોના સૈન્યે બાજુએથી આવીને હરકત કરી. એ વખતે જ ચંદ્રોદય થયો અને ચંદ્રના પ્રકાશમાં બન્ને સૈન્યો વચ્ચે તુમુલ યુદ્ધ મચ્યું. દાનવીરરાયને પણ ખરૂં શૂરાતન ચડયું. તે બન્ને જણે સજ્જનસિંહના લશ્કરને કાપી નાંખ્યું.

આ બાજુએ દાનવીરરાયની મદદમાં શાક્ત મંડળ આવ્યાની ખબર જેવી સજ્જનસિંહના સૈન્યમાં પ્રસરી, તેવી જ તેમાં નાસાનાસ થઇ રહી, કારણકે શાક્ત મંડળની શક્તિ કેટલી મોટી હતી એ વાત સઘળા લોકો સારી પેઠે સમજતા હતા. તેથી છેવટે બિચારા સજ્જનસિંહને થોડાં માણસોની સાથે નાસી જવાની ફરજ પડી!

એ પ્રમાણે વિજય મળતાં જ ભભૂતમલ પોતાનાં જખમી માણસોની વ્યવસ્થા કરવાનું કામ દાનવીરરાયને સોંપીને ત્યાંથી પોતાના કિલ્લા તરફ ચાલ્યો ગયો. દાનવીરરાયે બહુ જ આગ્રહથી તે રાત ત્યાં રહેવાની તેને વિનંતિ કરી, પણ ભભૂતમલે તે માન્ય કરી નહિ. તે રાત અમારા માણસોએ મોટા આનંદથી વ્યતીત કરી.

કેટલાક દિવસ પછી સજ્જનસિંહ અને દાનવીરરાય વચ્ચે સુલેહ થઈ. પછી દાનવીરરાયે મોહનસિંગને કેદમાંથી મુકત કરીને હદપાર કર્યો. તે પણ સંસ્થાન છોડીને ચાલતો થયો, કારણકે સંસ્થાનમાં તેના અનેક શત્રુઓ હતા. દાનવીરરાયે તેની સઘળી માલમતા જપ્ત કરી હતી, તેથી તે તદ્દન કંગાલ બની ગયો હતો. તેની એવી દીન સ્થિતિ જોઇને મને બહુ દયા આવી અને તેથી મેં તેને વાટખર્ચીને માટે થોડું ધન આપ્યું; તોપણ તે ચાલ્યો ગયો એ જોઇને મને બહુ આનંદ થયો, કારણકે તેણે જ રાજાને ખરાબ ટેવમાં આસકત કર્યો હતો, એવું હું માનતો હતો. તે ગયા પછી રાજાને સમજાવીને મેં પ્રજા ઉપરના નવા જુલ્મી કર કઢાવી નાંખ્યા અને સંસ્થાનના કારભારમાં અનેક સુધારા કર્યા, તેથી લોકો સુખી થઇને કામ ધંધામાં લાગ્યા.

પ્રકરણ ૧૯ મું.

દાનવીરરાયનું કથાનક—આગળ ચાલુ.

આ ધામધૂમ પછી દાનવીરરાયની કારકીર્દીનાં બે વર્ષો બહુ જ સારાં પસાર થયાં. તેણે પોતાના સઘળા પાસબાનોને રજા આપી અને સારા માણસોની મૈત્રી કરી. પોતાના પહેલાંના વર્તનને માટે તેને બહુ પશ્ચાત્તાપ થયો. તે વારંવાર પોતાના તાબામાંનાં ગામડાંમાં ફરીને લોકોની ફરિયાદ સાંભળવા લાગ્યો અને એ રીતે પહેલાંનાં બે વર્ષમાં પ્રજાનું જે નુકસાન થયું હતું તે તેણે ભરપાઇ કરી આપ્યું.

એક દિવસ વાત ઉપરથી વાત નીકળતાં દાનવીરરાયના લગ્નની વાત નીકળી. પૂર્વે બે-ત્રણ વખત એ વાત નીકળી હતી અને તેણે તેના ઉડાઉ જવાબો આપ્યા હતા. દાનવીરરાય અવિવાહિત હતો, તેથી લોકોમાં પુષ્કળ ચર્ચા ચાલવા લાગી. તે દિવસે બરાબર સારો લાગ આવી પહોંચેલો જોઇને મેં પોતે જ રાજાને તે સંબંધે પ્રશ્ન પૂછ્યો. લગ્નની વાત નીકળેલી સાંભળતાં જ દાનવીરરાયે માથું નીચું ઘાલ્યું; કારણકે ભભૂતમલને આપેલા વચનનું તેને સ્મરણ થયું. મને તે વખતે એ વચન સંબંધી બિલકુલ ખબર નહોતી, કારણકે દાનવીરરાયે તે હકીકત બીજા કોઇને પણ કહી નહોતી. મને તે વખતે માત્ર એટલું જ લાગ્યું કે પોતાની પસંદગીની કન્યા હજી ક્યાંય તેના જોવામાં આવી નહિ હોય તેથી તે આવી ચેષ્ટા કરતો હશે; પણ એ સંબંધે મેં એક યુક્તિ રચી. આજુબાજુના સરદારો અને રાજાઓની ઉપવર થઇ ગએલી કન્યાઓની પુષ્કળ છબીઓ મેં પેદા કરી અને તે સઘળી એકત્ર કરીને રાખી. પછી તે વિષેની ખબર રાજાને કાને પહોંચાડવાની મેં તજવીજ કરી. એક દિવસે દરબારનું કામ પૂરૂં થયું હતું અને ઇધર-તીધરની વાતો થતી હતી, તે વખતે એક સરદાર બોલ્યો: "ધર્મવીરરાય! મેં એવું સાંભળ્યું છે કે આપની પાસે ઉત્કૃષ્ટ ચિત્રોનો એક મોટો સંગ્રહ છે. અમને એકાદ વાર એ ચિત્રો બતાવશો કે?"

એ સાંભળીને દાનવીરરાય આશ્ચર્યથી બોલ્યો: "શું કહ્યું? આપણા આ કારભારી સાહેબને વળી ચિત્રોનો શોખ છે કે શું? હું તો એવું માનતો હતો કે એ તો પોતાના કાર્યભારમાં જ નિમગ્ન બન્યા હશે!"

એક મિત્ર બોલ્યો: "મેં એમના જ એક નોકર પાસેથી સાંભળ્યું છે કે એમના સંગ્રહમાં ઘણાં જ ઉત્તમ ચિત્રો રહેલાં છે."

દાનવીરરાયે મને કહ્યું: "એવું હોય તો મારે પણ એ ચિત્રો જોવાં જોઇએ. જો કાંઇ વાંધો ન હોય તો અત્યારે જ હું તે જોવા આવું!"

મને બહુ જ આનંદ થયો, એવું દર્શાવીને હું બોલ્યો: "તો જેવી સરકારની મરજી!"

પછી સઘળા સરદારોની સાથે દાનવીરરાય મારે ઘેર આવ્યો. મેં એક દિવાનખાનામાં કુમારિકાઓની છબીઓ ગોઠવી રાખેલી હતી, તે જોઇને રાજાને બહુ જ આનંદ થયો. રાજા ઉપર હું બારીક ધ્યાન આપી રહ્યો હતો. રાજાની નજર એક પંદર વર્ષની કુમારિકાના ચિત્ર ઉપર બહુ જ વખત સુધી સ્થિર રહી. કેટલીક વારે તેણે મને કહ્યું: "મને લાગે છે કે કારીગરે આ ચિત્ર તો પોતાની કલ્પનાથી જ તૈયાર કરેલું હશે! જો ખરેખર જ એવી કોઇ કન્યા ક્યાંય હોય તો હું તેની સાથે મોટી ખુશીથી લગ્ન કરૂં."

હું બોલ્યો: "મહારાજ! એ ચિત્ર કલ્પિત નથી. એ ચિત્ર એક નવયૌવના બાળાનું જ છે અને તે કુમારિકા હોઇને અત્યારે જીવતી જાગતી પણ છે. અહીંથી એક પહોરની મુસાફરી જેટલું જ દૂર તેનું સ્થાન આવેલું છે."

"શું કહો છો કારભારી સાહેબ?" દાનવીરરાયે કહ્યું: "તમે અમને બનાવતા તો નથી? આ સુંદરી કોણ છે તે એકવાર કહો તો ખરા!"

મેં કહ્યું: "એ સરદાર શાન્તિસિંહની પુત્રી છે અને તેનું નામ કુસુમાવતી છે."

શાન્તિસિંહનું નામ સાંભળતાંજ દાનવીરરાય બોલ્યો: "પણ એ સરદારે તો પોતાની સર્વ પુત્રીઓને ઇશ્વરાર્પણ કરેલી છે. તેનો એક નાનો પુત્ર કોઇ ચોરી ગયું છે, ત્યારપછી તેને થએલું પ્રત્યેક બાળક ઇશ્વરાર્પણ કરવાનો તેણે નિયમ કર્યો હતો."

એ સાંભળીને હું બોલ્યો: "જી હા, મહારાજ! આપનું એ કથન ખરૂં છે. એ સરદારનો એકનો એક પુત્ર નાનપણમાં ચોરાઈ ગયો છે ખરો. એ બનાવ બન્યાને લગભગ ૨૫ વર્ષ થઇ ગયાં હશે. ત્યારપછી તેને જે પુત્રીઓ થઇ છે તે તેણે ઇશ્વરને અર્પણ કરેલી છે. પણ હાલમાં તેની છેવટની પુત્રીને તેણે ઇશ્વરાર્પણ કરી નથી, પણ એમને એમ જ રહેવા દીધી છે. આપ જો એની માંગણી કરશો તો સરદાર શાન્તિસિંહ તે અવશ્ય કબૂલ રાખશે."

છેવટે થોડી વાતચીત થયા પછી એ સંબંધ જોડવી આપવાનો સઘળો અધિકાર મહારાજે મને જ આપ્યો. પછી મેં એક સામંતને શાન્તિસિંહ પાસે મોકલ્યો. તેણે પોતાની પુત્રી કુસુમાવતીને દાનવીરરાયને આપવાનું કબૂલ કર્યું. ત્યારપછી એકવાર દાનવીરરાય શાન્તિસિંહને ત્યાં ગયો હતો, તે વખતે તેની અને શાન્તિસિંહની વચ્ચે નીચે પ્રમાણે સંભાષણ થયું હતું. શાન્તિસિંહે કહ્યું: "હું આપને મારી કન્યા મોટા આનંદથી અર્પણ કરૂં છું. આજસુધીમાં મને એક પુત્ર અને પાંચ પુત્રીઓ એ પ્રમાણે છ બાળકો થયાં. તેમાંથી છોકરાને તો તે નાનો હતો ત્યારથી જ કોઇ ચોરી ગયું છે. બાકીની ચાર પુત્રીઓને મેં ઇશ્વરને અર્પણ કરી દીધી છે. બાકી રહેલી એક પુત્રી હું આપને અર્પણ કરૂં છું. એટલે મારી પછી બધા રાજ્યના અને મિલ્કતના માલેક આપ જ છો. જો દૈવયોગે મારા પુત્રનો પત્તો લાગે અને તે અહીં આવે, તો આ સર્વ દોલત આપ તેને સ્વાધીન કરજો, નહિતો આપ જ તેનો આનંદથી ઉપભોગ કરજો. મારા એ પુત્રની નિશાની હું તમને કહું છું. તેના જમણા હાથની બગલમાં તુળસીપત્ર જેવું ચિહ્ન છે. તે અદૃશ્ય થયાને જોકે પચીસ વર્ષો વીતી ગયાં છે, તોપણ તે હજી જીવતો હોવો જોઇએ, એવી મને મારી મનોદેવતા સાક્ષી આપે છે. ઇશ્વરેચ્છા હશે, તો તે હજી પણ કદાચ પાછો આવશે! વારૂ, પણ દાનવીરરાય! મારૂં આ કથન તમને કબૂલ છે ને?"

તે વૃદ્ધ શાન્તસિંહનો હાથ પકડીને દાનવીરરાય બોલ્યો: "આપનું કહેવું મને અક્ષરશઃ કબૂલ છે! આપની ઇચ્છા હોય તો હું સોગંદ લેવાને પણ તૈયાર છું!"

"નહિ! નહિ!" શાન્તિસિંહે કહ્યું: "સોગંદ લેવાનું કારણ નથી. તમારા શબ્દો ઉપર જ હું વિશ્વાસ ધરાવું છું!"

થોડા દિવસ પછી દાનવીરરાયનું લગ્ન શાન્તિસિંહની પુત્રી વેરે મોટી ધામધુમ સાથે થયું. બન્ને કિલ્લાઓમાં તે વખતે આનંદ આનંદ થઇ રહ્યો હતો.

લગ્ન થયા પછી એક વર્ષની અંદર જ રાજપત્ની ગર્ભવતી થઇ, તે જોઇને દાનવીરરાયને બહુ જ આનંદ થયો, પણ તેનો તે આનંદ બહુ ટક્યો નહિ. ભભૂતમલને આપેલા વચનનું તેને જે સમયે સ્મરણ થયું, તે સમયે તે બહુ જ દિલગીર બની ગયો, અને તેણે તાબ-તોબ સંસ્થાનમાં કરવા જવાનો નિશ્ચય કર્યો તે ઘોડા ઉપર સ્વાર

થઇને શહેરમાંથી બહાર નીકળ્યો. તે કેટલેક દૂર ગયો, એટલામાં કોઇએ તેને હાક મારેલી તેના સાંભળવામાં આવી. તેણે પાછું વળીને જોયું તો શ્યામગઢવાળો ભભૂતમલ તેના જોવામાં આવ્યો. તે તેની પાસે આવ્યો. તેણે એક કાળા ઘોડાપર સ્વારી કરી હતી. તેના દર્શનથી પોતાને ભારે અપશકુન થયું એમ દાનવીરરાયને લાગ્યું. પછી ભભૂતમલ બોલ્યો: "આજે એકાએક આપણી મુલાકાત થઈ ગઇ તે બહુ સારૂં થયું. તેં લગ્ન કર્યું એ સાંભળીને મને તો બહુ જ આનંદ થાય છે. હવે તું ઉતાવળે તારૂં વચન પૂર્ણ કરીશ!"

ભભૂતમલનું વય તે વખતે લગભગ ૩૦ વર્ષનું હતું. તે શરીરે મજબૂત હતો અને કિંચિત્ કાળા વર્ણનો પણ હતો. તેની તરફ જોઇને દાનવીરરાય બોલ્યો: "હું સંકટમાં સપડાઇ ગયો હોવાથી બહુ લાંબો વિચાર નહિ કરતાં જે વચન આપી ચૂકયો છું તેનો આપ અન્યાયપૂર્વક ફાયદો લેશો નહિ એવી મને ખાત્રી છે. જ્યારે મેં આપને વચન આપ્યું, ત્યારે હું કેવા પ્રસંગમાં હતો તેનો આપ બરાબર વિચાર કરો. તેમ જ શાક્ત પંથની દીક્ષા આપ તેને આપવાના છો, તે વિષે મને બિલકુલ માહિતી પણ નથી—"

તે ઉપર આંખો ફાડીને ભભૂતમલ વચમાં બોલ્યો: "દાનવીરરાય! હવે શું તું આવું બોલે છે? તને વધારે માહિતી આપવાનો મને પણ તે પ્રસંગે કયાં વખત હતો? પણ અત્યારે હું તને ટૂંકમાં બધું કહું છું. અમારી શાકત મંડળી અનાદિ કાળની જૂની છે! શાકતોએ કેવી રીતે વર્તવું તે વિષેના મોટા મોટા શાસ્ત્રગ્રંથો અસ્તિત્વમાં છે. કાલિકા એ અમારી કુળદેવી છે. તેને વર્ષમાં અનેક વાર મનુષ્યનું બળિદાન આપવું પડે છે. અમે અમારૂં કામ કેવળ ગુપ્ત રીતે જ કરીએ છીએ. વિનાકારણ લડવા કરવાનું અમને પસંદ નથી. આ રાજપૂતસ્થાનમાં અમારા લોકો જ્યાં ત્યાં પ્રસરી રહેલા છે. તેઓ પોતાનું કામ બહુ જ ધીમે ધીમે કરે છે. તેઓ શત્રુપર નજર રાખે છે, અને મિત્રોને મદદ કરે છે. કેવળ ગુપ્ત રીતે અમારા જાસૂસો સર્વત્ર સંચાર કરી રહેલા છે. જેઓ અમારી સાથે હરામખોરી કરે છે, તેઓને અમે વિનાસંકોચે "કાલિકાને બળિદાન" આપીએ છીએ!"

આ સાંભળીને તો દાનવીરરાયને હદપાર ક્રોધ આવ્યો. તેણે કહ્યું: "આવી ભયંકર મંડળીના જાસૂસનું કામ કરવા માટે—"

"શું કહે છે!" ભભૂતમલ દૈત્યના જેવું વિકરાળ સ્વરૂપ ધારણ કરીને બોલ્યો: "શાકતોની નિંદા કરે છે? ખબરદાર! હવેથી જો તારા મુખમાંથી નિંદાનો એક પણ શબ્દ નીકળશે તો તને કાલિકાનું

બળિદાન બનાવી દેવામાં આવશે! હું આ બધું અમસ્તું જ કહું છું એમ તું સમજીશ નહિ." એમ કહીને ભભૂતમલે એક નાની વાંસળી બજાવી. તેનો શબ્દ કાને પડતાં જ પાસેની ઝાડીમાંથી ચાર સ્વારો દોડતા આવ્યા અને તેમણે દાનવીરરાયને કેદ કર્યો! તેની આંખે પાટા બાંધી દેવામાં આવ્યા અને તેને ઘોડાપર લઇને તેઓ ઉતાવળે પલાયન કરી ગયા! તે સમય બરાબર સૂર્યાસ્તનો જ હતો.

જેમ જેમ રાત્રિ પડવા લાગી તેમ તેમ અમારૂં ધૈર્ય હરાઇ જવા લાગ્યું. પ્રહર રાત્રિ ચાલી ગઇ તોપણ દાનવીરરાય પાછો આવ્યો નહિ, એ જોઇને રાણી તો ચિંતાથી અધીરી બની ગઇ; હું મારી તરફથી સૌને આપી શકાય તેટલી ધીરજ આપતો જ હતો, તોપણ હું મનમાં તો ગભરાઇ ગએલો જ હતો. રાતોરાત ચારે દિશાએ સ્વારોને દોડાવ્યા પણ વ્યર્થ! બે દિવસ કિલ્લામાં એક પણ માણસને ઉંઘ આવી નહિ. છેવટે પરોઢીઉં થયું અને એક પ્રહર રાત્રિ શેષ રહી ત્યારે ઘોડાના દાબડા સંભળાવા લાગ્યા અને અમે ઉત્કંઠાથી જોવા લાગ્યા, તો દાનવીરરાય પાછો આવેલો જણાયો. પણ તેની કેવી અવસ્થા થઇ હતી! તેના વદન-પરનું તેજ કેવળ નાશ પામી ગયું હતું. તે થરથર કંપી રહ્યો હતો! ઘોડાના મુખમાંથી પણ ફીણ વહી જતું હતું, અરે તે બિચારો બહુ જ હાંફતો હતો!!

અંદર આવીને પોતાની ગર્ભવતી સ્ત્રીનું વદન જોતાં જ એક ચીસ નાંખીને દાનવીરરાય દરવાજાના ઉંબરામાં જ બેહોશ થઇને પડ્યો!

પ્રકરણ ૨૦ મું.

દાનવીરરાયનું કથાનક-આગળ ચાલુ.

અમે એકાએક તેને ઉંચકી લઇને બિછાનાપર સુવાડ્યો. એક જણને વૈદ્યરાજને બોલાવવા માટે મોકલ્યો. વૈદ્યે આવીને તેને શુદ્ધિમાં લાવવાના યત્નો કર્યા. તે સાવધ થયો પણ તેને તાવ ભરાઇ આવ્યો અને તે બેભાન સ્થિતિમાં કાંઈ કાંઇ બડબડવા લાગ્યો! પણ વૈદ્યરાજે બહુ મહેનત લઇને તાવને વધારે ચડવા દીધો નહિ. કેટલીક વારે તાવનું જોર જરા ઘટ્યું અને તેને ઉંઘ આવી. જ્યારે તે જાગૃત થયો, ત્યારે કાંઇક ભયંકર પ્રકાર નજરે પડશે એમ લાગવાથી તેણે ચારે તરફ જોવા માંડ્યું, પણ કાંઇ વિલક્ષણ પ્રકાર ન દેખાતાં માત્ર પો-

તાની પ્રિયતમા અને જનાનાના નોકરો જ તેના જોવામાં આવ્યા. તેથી તેને જરા સારૂં લાગ્યું. તેણે રાણીને કહ્યું: "પ્રિયે! મેં એક ભયંકર—અત્યંત ભયંકર સ્વપ્ન જોયું!"

તેનો હાથ પોતાના નાજૂક હાથમાં ગ્રહણ કરીને રાણી બોલી: "મહારાજ! આપ ગભરાશો નહિ. આપ આપણા મહાલયમાં સુરક્ષિત છો. બહાર સૂર્યોદય થઈ ગયો છે. રાત્રીનો કાંઇ પણ—"

દાનવીરરાય પોતાની પત્ની તરફ પ્રેમથી જોતો બોલ્યો: "હા, સૂર્યોદય થયો ખરો જ. પણ હજી મને રાત્રિનો ભયંકર બનાવ નજર સમીપે તરવરી રહ્યો છે. મારે તને ઘણી વાતો કહેવાની છે, તે તું બરાબર લક્ષ દઇને સાંભળ!"

પછી રાણીએ નેત્રસંકેત કર્યો એટલે ત્યાં ઉભેલા સઘળા નોકર-ચાકર બહાર ચાલ્યા ગયા. તે પોતાના પતિની પાસે જઇને બેઠી. પતિના તે શબ્દોથી તેનું મન તદ્દન ગભરાઇ ગયું હતું. એવી સ્થિતિમાં કેટલોક વખત ગયા પછી દાનવીરરાયે તેને કહ્યું: "આપણા આ કિલ્લા ઉપર સજ્જનસિંહ ચહુઆણે હલ્લો કર્યો, તેને આજે ત્રણ વર્ષો થયાં. તે વખતે મારો લગભગ પરાભવ જ થયો હતો તે તું જાણે છે. શ્યામગઢવાળો ભભૂતમલ મારી સહાયે આવી પહોંચ્યો અને તેણે એક શરતે મને મદદ કરવાનું કબૂલ કર્યું. હું પણ તે સમયે બરાબર મુસ્કેલીમાં સપડાયો હતો તેથી તેની તે શરત મેં કબૂલ કરી હતી, પણ જ્યાંસુધી મારા જીવમાં જીવ છે તથા હાથમાં તલવાર ધારણ કરવાનું સામર્થ્ય છે, ત્યાંસુધી હું તે શરત પાળવાનો નથી!"

રાણી ભયથી કંપતી બોલી: "પણ એવી તે કઇ શરત તેણે કરી હતી?" એ ભભૂતમલ સંબંધે લોકોમાં જે વિલક્ષણ વાતો ચાલતી હતી તે તેના કાન પર પણ આવેલી જ હતી. માત્ર તે એક ભયંકર મનુષ્ય છે, એટલું જ તે જાણતી હતી, પણ તેના સંબંધી ખરી બાતમી તેને બિલકુલ મળેલી નહોતી.

દાનવીરરાય ધીમેથી બોલ્યો: "તે શરત બહુ જ ખરાબ છે, તોપણ હું તે તને કહું છું. એ ભભૂતમલ શાક્તપંથી છે. તેણે મારી સાથે એવી શરત કરી છે કે મારે મારા પહેલા બાળકને શાક્તપંથની દીક્ષા આપવી અને તેને તેના દેવને અર્પણ કરવી. તે મોટી થયા પછી તેના ઉપયોગમાં આવશે."

"ઓ પ્રભુ!" રાણી ગભરાઇને બોલી: "એ તો અત્યંત ભયંકર શરત!"

દાનવીરરાય બોલ્યો: " પણ હજી તેં તે બરાબર સાંભળ્યું જ ક્યાં છે? કાલ રાત્રે મને જે સ્વપ્ન આવ્યું હતું તે બહુ જ ભયંકર છે. કાલિકાની મૂર્તિ, તેને જીવતા મનુષ્યનું બલિદાન દેવાનો પ્રકાર એ સઘળું અત્યંત ભયંકર છે! જગતમાંની સર્વ પ્રકારની વેદનાઓને એકત્ર કરીએ, તથાપિ તે વેદના કરતાં વધારે ભયંકર વેદના તે બલિદાન થઈ પડેલા મનુષ્યને થાય છે! મારી ખાત્રી છે કે તે સ્વપ્ન જ હશે. મને તાવ આવ્યો છે તેથી મને સ્વપ્ન જ આવ્યું હશે!"

પણ રાણીની ખાત્રી હતી કે તે જેને સ્વપ્ન કહેતો હતો તે સ્વપ્ન નહિ પણ બધો પ્રકાર ખરો હોવો જોઇએ. લગભગ બે પ્રહરસુધી તે ક્યાંય અદૃશ્ય બની ગયો હતો તે તે બરાબર જાણુતી હતી. તે પાછો આવ્યો ત્યારે તેની ભયાતુર બનેલી મુખમુદ્રા તેણે જોઈ હતી. તેના મુખમાંથી બધી હકીકત સાંભળવાની તેની ઇચ્છા હોવાથી રાણીએ કહ્યું: " મહારાજ! કેવું સ્વપ્ન આવ્યું હતું તે કહો તો ખરા!"

દાનવીરરાય બોલ્યો: " હું તે સ્વપ્ન તને કહું છું, સાંભળ. તું ગર્ભવતી છે એમ જાણીને મને પહેલાં તો ગઇ કાલે બહુ આનંદ થયો, પણ પછીથી હું દિલગીર થયો, તે તો તને સાંભરતું જ હશે. એ શરતનું ગઇ કાલે મને સ્મરણ થવાથી બહુ જ ખરાબ લાગતું હતું. આપણું પહેલું બાળક જરા મોટું થતાં જ ભભૂતમલ તે ઉંચકી જવાનો, અને તેથી આપણી કેવી અવસ્થા થશે તેની કલ્પના મારા મનમાં ઉત્પન્ન થઇ. મને ખરાબ લાગવાથી હું તારી પાસેથી ચાલ્યો ગયો. નીચે જઇને ઘોડો તૈયાર કરાવી જરા ફરી આવવાનો મને વિચાર થયો. મારા દુર્દૈવે કાલે જ મને શહેરની બહાર ભભૂતમલ મળ્યો! થોડી પ્રાસ્તાવિક વાત થયા પછી તેણે મને ત્રણ વર્ષ પૂર્વેની હકીકતનું સ્મરણ કરાવ્યું. એ સઘળું સ્વપ્ન જ હશે એમ મને લાગતું હતું. પછી ભભૂતમલે/કાલિકાનું વર્ણન કર્યું તે તો બહુ જ ભયંકર હતું. તે સાંભળીને મને લાગ્યું કે—"

એ સાંભળતાં જ રાણી ગભરાટથી ગર્ભગલિત બની ગઇ. તેનું સઘળું ધૈર્ય નષ્ટ થઇ ગયું. તે ભયથી કંપતી હતી અને પોતાના પતિના ખભાપર તેણે પોતાનું ડોકું રાખ્યું હતું. તે બોલી: " પ્રિયતમ! આ સર્વ હકીકત આપ મને પુનઃ સ્પષ્ટ રીતે કહેશો વારૂ?"

થરથર કમ્પતી પત્નીના વદનપર હાથ ફેરવતો દાનવીરરાય બોલ્યો: "એટલે મેં સ્વપ્નમાં શું જોયું તે બધું તારે સાંભળવું છે શું?" તેને પોતાને તે સર્વ હકીકત હજીસુધી એક સ્વપ્ન પ્રમાણે જ લાગતી હતી, એટલે તેણે ભભૂતમલ અને પોતા વચ્ચે થએલું બધું સંભાષણ તેને

કહી સંભળાવ્યું. તે ઉપરથી પછી શું થયું એ જાણવાની રાણીની ઇચ્છા થવા લાગી. તે હિંમત ધરીને બોલી: "મહારાજ! જે કાંઇ બન્યું હોય, તે મને સ્પષ્ટ રીતે કહો."

"વારૂ, ત્યારે હું તને તે ટુંકામાં જ કહી સંભળાવું છું, સાંભળ. ભભૂતમલે પોતા પાસેની એક વાંસળી બજાવી તે સાથે જ ઝાડીમાંથી ચાર સ્વાર નજીક આવ્યા અને તેમણે મને કેદ કર્યો. તેમણે મારી આંખે પાટા બાંધ્યા, મને ઘોડાના જીન પર જકડીને બાંધી લીધો અને પછી ઘોડાને મારી મૂક્યો; પણ પ્રિયે! એ સઘળું સ્વપ્ન જ હતું હો! સ્વપ્નમાં તે પ્રવાસ મને બહુ જ દુઃખદાયક લાગ્યો. પછી મને ઘોડાપરથી ઉતારીને તેઓ એક ભોંયરામાં લઇ ચાલ્યા ત્યાંસુધી મારી આંખો બાંધેલી જ હતી. પછી થોડી વાર હું નીચે પગથીયાં ઉતરતો હોઉં એવું મને લાગ્યું. વળી પાછો સીધે માર્ગે હું જવા લાગ્યો. પછી વળી ઉપર ચડવા લાગ્યો. પછી એક દરવાજો ઉઘડ્યો. ત્યાં મારા પગની નીચે ફરસબંધી જમીન છે એવું મને જણાયું. એટલામાં પાણીના વહનનો ખળખળ ધ્વનિ મારા સાંભળવામાં આવ્યો. પછી અમે એક જીનો ચડીને ઉપર ગયા. ત્યાં મારી આંખો ઉપરનો પાટો દૂર કરી નાંખવામાં આવ્યો. ત્યાં હાથમાં મશાલો લઇને બે—ચાર જણ ઉભા હતા. બાજુએ જ્યાં ત્યાં ભયંકર યંત્રો દેખાતાં હતાં. પછી ભભૂતમલનાં માણસો મને ઉપરના ભાગમાં લઇ ચાલ્યાં. ત્યાં મેં કાલિકાની એક ભયંકર મૂર્તિ જોઈ!"

એ સાંભળીને રાણી તો બહુ જ ગભરાઇ ગઇ, પરન્તુ તે ધૈર્ય રાખીને બોલી: "મહારાજ! પછી શું થયું વારૂ?"

"પ્રિયે! એ સ્વપ્ન હું હવે કહું છું, સાંભળ." દાનવીરરાય બોલ્યો: "પણ ના, તે ભયંકર યંત્રોનું યથાર્થ વર્ણન મારા મ્હોંથી થઇ શકશે નહિ! સેંકડો વીંછીઓ એકદમ વળગી પડીને શરીરે ચટકા ભરવા લાગે, કિંવા આખા શરીરપર અગ્નિનો વર્ષાદ વર્ષાવવામાં આવતો હોય અથવાતો લોખંડના તપાવેલા સાણુસાવડે શરીરનાં અવયવોમાંથી એક પછી એક માંસના લચકા તોડી લેવામાં આવે, એવા પ્રકારની અનેક વેદનાઓને એકત્ર કરવામાં આવે, તોપણ તે ભયંકર યંત્રથી થતી વેદનાનો બરાબર ખ્યાલ આવી શકે નહિ. પછી તે મૂર્તિ પાસેથી મને દૂરની એક ઓરડીમાં લઈ જવામાં આવ્યો. ત્યાં પુષ્કળ હથિયારો અને ઔષધો ભરેલાં હતા. તે ઠેકાણે ગયા પછી ભભૂતમલે મને કહ્યું: "એ જોઇ કાળિકાની મૂર્તિ? શાક્ત મંડળ પોતાના શત્રુની સાથે કેવી

રીતે વર્તે છે, તેનો ખ્યાલ હવે તને આવ્યો જ હશે ! જેઓ અમારી સાથે કરેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે, તેમને એ કાલિકાની મૂર્તિના ઉદરમાં જ પધરાવવામાં આવે છે ! આજની આ આપણી મુલાકાત કદાચ તું વિસરી જઇશ, તેટલા માટે હું તને થોડુંએક સંભારણું આપું છું !" એમ કહીને પુનઃ મારી આંખે પાટો બાંધવાનો તેણે પોતાના નોકરોને હુકમ આપ્યો. તેણે મને પકડીને મારી આંખો બાંધી લીધી. મારો જમણો હાથ લાંબો કર્યો. માત્ર અર્ધ ક્ષણમાં મારા કાંડા ઉપર અસહ્ય વેદના થઇ હોય એવો ડામ પડયો ! પછી તેઓ મને ત્યાંથી લઇ ચાલ્યા. ભોંયરામાંથી હું પાછો આવતો હોઉં.એવું મને લાગ્યું. મારી કલ્પના બરાબર હતી. હું કેટલીક વારે ભોંયરામાંથી બહાર નીકળ્યો. પરન્તુ હજી મારી આંખો તો બાંધેલી જ હતી. પછી મને એક ઘોડાપર બેસાડવામાં આવ્યો. સાથે પાંચ છ સ્વાર હતા. ઘોડા ઉપર મુસાફરી કરતી વખતે મારા શરીરને ઝાડની ડાળીઓ અડકતી હતી તે ઉપરથી મેં જાણ્યું કે અમારો માર્ગ ઝાડીમાં થઈને પસાર થતો હતો. લગભગ ચાર ઘટિકાસુધી એ પ્રમાણે પ્રવાસ કર્યા પછી એક સ્વારે મારી આંખોપરનો પાટો છોડી નાંખ્યો, અને મારા ઘોડાને જોરથી ચાર પાંચ ચાબુકો લગાવીને નસાડી મૂકયા પછી સ્વારો ચાર દિશાએ નાસી છૂટયા. પછી મેં આપણા કિલ્લાનો માર્ગ લીધો. પછી હુ જાગૃત થયો ત્યારે તારી પ્રેમાળ મૂર્તિ મારી આંખો સામે ઉભેલી મેં જોઇ. પણ પ્રિયે ! તું રડે છે કેમ વારૂ ? તારા શરીરે આવો કંપ કેમ છૂટયો ? બોલ, તને શું થાય છે વારૂ ? "

જે વાત એક સ્વપ્ન હોવાનું દાનવીરરાયને લાગતું હતું, તે વાત ખરેખર બનેલી જ હતી, એવી તે બિચારીની તો ખાત્રી જ થઇ ચૂકી હતી ! એટલામાં તેને આલિંગન દેવા માટે દાનવીરરાયે હાથ લાંબો કર્યો, તે વખતે તેના જમણા હાથના કાંડાપર એક કાળો લાંબો ડામ તેની દૃષ્ટિએ પડયો. તે જોતાં જ બિચારી રાણી તો ચીસ નાંખતી જમીન ઉપર પટકાઇ પડી ! તેવી જ રીતે દાનવીરરાયની નજર પણ કાંડા ઉપર ગઈ અને તે બોલ્યો: " ઓ પ્રભુ ! એ તો કાંઇ સ્વપ્ન નહોતું ! "

તેના જમણા હાથના કાંડાપર લગભગ એક આંગળી જેટલો લાંબો ડાધ હતો અને એ ડાઘવાળી જગ્યાએ ચામડી બળી ગએલી હતી ! એ ડામ રૂઝાઈને સારો થઇ ગયા પછી પણ તેનો ધા કાયમને માટે રહીને કાલિકાના ભકતોની યાદગીરી તેના મગજમાં કાયમને માટે રહે એટલો તે ડામ ઉંડો હતો. તે ડામ જોતાં જ તેના મનની ખાત્રી થઇ ગઇ

કે તે પોતાનું સ્વપ્ન નહોતું કિંવા પોતાને થએલો ભ્રમ નહોતો, પરન્તુ ખરેખરો બનાવ જ હતો !

તે બન્ને પતિપત્ની એક બીજાની તરફ જોવા લાગ્યાં. તે વખતે તે બન્ને જણના મનને અત્યંત વેદના થતી હતી. હવે બોલવું શું તે જ તેમને સૂજતું નહોતું ! હવેથી આખી જીંદગીસુધી પોતાને દુઃખ જ ભોગવવું પડશે એવી તેની ખાત્રી થઈ! જે બાળક હજી તો તેની માતાના ગર્ભમાં જ હતું તેના સુખને માટે તે બન્નેને બહુ જ ચિન્તા થવા લાગી. એ પ્રમાણે કેટલીક વાર સ્તબ્ધ રહ્યા પછી તેને હળવે હળવે શુદ્ધિ આવી. દાનવીરરાયે પોતાની પત્નીને દૃઢ આલિંગન આપ્યું અને તેના મનનું તે સમાધાન કરવા લાગ્યો.

ત્યારપછી બે દિવસ ચાલ્યા ગયા અને શાન્તિસિંહનો કુળગુરૂ શ્રીપતિશંકર તેની પાસે આવ્યો. તે અતિવૃદ્ધ અને વિદ્વાન્ હતો. તેને એકાંતમાં મળીને દાનવીરરાયે બધી હકીકત કહી. એ હકીકત સાંભળીને તે બ્રાહ્મણને બહુ જ ખેદ થયો. પોતાની સઘળી હકીકત કહી રહ્યા પછી દાનવીરરાય બોલ્યોઃ " ગુરૂમહારાજ ! મને આમાંથી બચાવી લેવાની કાંઇ પણ યુક્તિ કહો."

ગુરૂએ પૂછ્યુંઃ " પણ આ હાથ ઉપરની નિશાની શાક્તોની જ છે એમ શા ઉપરથી માનવું ?"

દાનવીરરાય બોલ્યોઃ " જેવી રીતે આ ડામમાંની આકૃતિમાં ચક્ર છે અને તેને દાંતા છે, તેવી જ રીતનાં દાંતાવાળાં ચક્રો મેં તે કાલિકાના ગુપ્ત ભોંયરામાં જોયાં હતાં. પણ ગુરૂ મહારાજ ! આપ મને એ બાબત વિષે કાંઇ વધારે પૂછશો નહિ. તે પ્રસંગનું સ્મરણ થતાંની સાથે જ હું બહુ ગભરાઇ જઉં છું !"

પોતાના પતિને ભયથી કંપતો જોઈને રાણી બોલીઃ " મહારાજ ! કૃપા કરીને તેમને તે વિષે કાંઇ જ વધારે પૂછશો નહિ. એ ભયંકર પ્રસંગનું સ્મરણ તેમને ન થાય તો સારૂં."

" પુત્રી ! તારી જો એવી જ ઇચ્છા હોય તો હું હવે નહિ પૂછું." તે વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યોઃ " હું આપના કલ્યાણને માટે મારા હાથથી બનશે તેટલો પ્રયત્ન કરીશ. આ વાત લાંબો વિચાર કરવા જેવી છે. આપણા બાળકને શાક્તપંથી કરવું એ વાત સારી નહિ, અને આપણી પ્રતિજ્ઞાનો ભંગ કરવો એ પણ ઠીક નહિ. તેટલામાટે આપણે આપણા બાળકને જન્મ થતાં જ તેને ઇશ્વરાર્પણ કરી દેવું. પુત્ર થાય તો એને દેવપુત્ર ઠરાવીને કોઇ મઠ—મંદિરને અર્પણ કરવો અને પુત્રી થાય તો તેને દેવપુત્રી બનાવીને કોઇ સારા સાધ્વીમંડળમાં

અર્પણ કરવી. એ બાળકને આ દેશમાં નહિ રાખતાં તે વયમાં આવે ત્યાંસુધી કોઇ પણ દૂરના દેશમાં રાખવું. તોપણ એક મોટા રાજાની સાથે વૈર કરવું પડશે એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઇએ. ભભૂતમલ બહુ બળવાળો છે. તેને શાક્તોની ઘણી મદદ મળી શકશે. તમે તેની સાથે લડીને જો તેનો પરાભવ કરી શકો તો એ એક કામમાં બે કામ પતી જાય. તમને ફાયદો થાય અને બીજા લોકો ઉપર પણ ઉપકાર થાય. આપણને આપણી પ્રતિજ્ઞાનો ભંગ કરવામાં એટલો જ એક વિશેષ લાભ રહેલો છે, કારણકે આજ નહિતો કાલ, ગમે ત્યારે પણ સત્યનો જય તો નિર્માણ થયેલો જ છે. મેં મારો વિચાર તમને જણાવ્યો છે. હવે તમારી મરજી હોય તે પ્રમાણે કરો."

કેટલીક વારસુધી વિચાર કરીને દાનવીરરાય બોલ્યો: "પણ હું મારા પહેલા જ બાળકને દૂરના દેશમાં મોકલી દઉં તો પછી મને મારાં સગાં અને મિત્રો કેવું કહે? એનો પણ આપણે વિચાર કરવો જોઇએ."

"પણ તમે તમારા બાળકને શાક્તપંથી કિંવા વામમાર્ગી બનાવશો, તોપણ તમને લોકો ઠપકો નહિ આપે?" ગુરૂએ પૂછ્યું.

છેવટે રાણી બોલી: "પ્રાણનાથ! ગુરૂજી કહે છે તે આપ સાંભળો."

પણ દાનવીરરાય તો મોટી ગુંચવણમાં પડી ગએલો હતો. તે બોલ્યો: "હજી આપણને આ બાબતનો વિચાર કરવાનો પુષ્કળ વખત છે. હું નિરાંતે વિચાર કરીને પછી શું કરવું તે નક્કી કરીશ."

આંખોમાં આંસુ લાવીને રાણી બોલી: "મહારાજ! આપ જે કાંઇ વિચાર કરવો હોય તે ઉતાવળે વિચારી લો. મને એમ સંશયમાં રાખો નહિ! મારી એટલી પ્રાર્થનાનો આપ સ્વીકાર કરો!" એમ કહીને રાણી પતિના પગે પડી.

રાણીને ઉભી કરીને દાનવીરરાય બોલ્યો: "પ્રિયે! એમ હિંમત હારી જા નહિ! ઉઠ, અને તું જ મને ઉપાય બતાવ; હું તારી સૂચના પ્રમાણે જ વર્તીશ. તને દુઃખ થાય એવું કાર્ય હું કદાપિ કરીશ નહિ."

પછી તે વૃદ્ધ બ્રાહ્મણે એક તાવીજ મંત્રીને દાનવીરરાયને આપ્યું અને તે તાવીજ બાળકનો જન્મ થતાં જ તેના હાથપર બાંધવાની સૂચના કરી. પછી તેને થોડો ઉપદેશ આપીને અને પુરાણમાંની કાંઇ વાતો કહીને તેના મનનું સાંત્વન કર્યું. તે વૃદ્ધ બ્રાહ્મણના શબ્દો પૂરા થયા–ન થયા એટલામાં કોઇ તિરસ્કારથી વિકટ હાસ્ય કરી રહ્યું હોય એવો ધ્વનિ એકાએક તેમના સાંભળવામાં આવ્યો, અને દીવાનખાનાનાં બંધ કરેલાં બારણાંપર કોઇએ જોરથી ધક્કો માર્યો!

પ્રકરણ ૨૧ મું.

દાનવીરરાયનું કથાનક-આગળ ચાલુ.

રાણી ગભરાઇ ઉઠી. શ્રીપતિશંકર સંતાવાની જગ્યા શોધવા લાગ્યા. દાનવીરરાય ખુલ્લી તલ્વાર હાથમાં લઇને બારણાં તરફ ગયો. તેણે દ્વાર ઉઘાડીને જોયું, પણ ત્યાં કોઈ જ નહોતું. તે બહારના દરવાજાસુધી ગયો અને કોઇ અજાણ્યો માણસ ત્યાં આવ્યો હતો કે કેમ તે વિષેની તેણે તપાસ કરી, પણ તેને કાંઇ જ ખબર મળી શકી નહિ. છેવટે બહુ જ બારીકાઇથી તપાસ કરતાં તેને એટલું માલૂમ પડ્યું કે કોઇ એક ઉંચા જેવો પુરૂષ, શરીરે કાળો ઝબ્ભો પહેરેલો અને માથે મોટો ફેંટો વીંટાળેલો, કિલ્લામાંથી હમણાં જ બહાર નીકળ્યો. બીજા એક જણાએ એવી ખબર આપી કે થોડી વાર પહેલાં એવા જ પોશાકનો કોઇ એક પુરૂષ કિલ્લામાં આવ્યો હતો. આવતાં વાંત જ તે માણસ રાજા પાસે કાંઇ કામ છે, એમ કહીને પોતાનો ઘોડો નોકરના હાથમાં સોંપી કિલ્લામાં પેઠો હતો; અને જતી વખતે કોઇની સાથે કાંઇ જ નહિ બોલતાં એકાએક ઘોડાપર સ્વાર થઇને દોડતે ઘોડે ચાલ્યો ગયો હતો, એવી બાતમી દાનવીરરાયને મળી.

એ બે ત્રણ માણસોએ તેને એટલી હકીકત કહી ખરી, પરન્તુ ચમત્કાર એ થયો કે તેમાંના એકે જણાએ એ ગૃહસ્થનો ચહેરો બરાબર જોએલો નહોતો, કારણકે તેણે પોતાના માથાપરના ફેંટાનો એક છેડો મ્હોં આડે થઇને પાછળ નાંખેલો હતો. તોપણ આ સઘળી હકીકત ઉપરથી તે ઘણું કરીને શ્યામગઢવાળો ભભૂતમલ જ હોવો જોઇએ એવો દાનવીરરાયે તર્ક કર્યો.

આ સર્વ હકીકત દાનવીરરાયે ગુરૂજીને અને પોતાની પત્નીને કહી સંભળાવી. તે સાંભળીને એ બન્ને જણ મોટી ગુંચવણમાં પડયાં, કારણકે પોતાની ઉપર કોઇ પણ રીતની છાની જાસૂસી ચાલતી હોવી જોઇએ એવું તેમને નક્કી માલૂમ પડ્યું હતું. તે એકાએક અદૃશ્ય થએલો ગૃહસ્થ ગમે તે હોય, પણ તેણે તેમની વાતચીતનો ઘણોખરો ભાગ સાંભળેલો હોવો જોઇએ, એ નિઃસંશય હતું. તેટલામાટે દાનવીરરાયે બીજી કાંઇ પણ યુક્તિ શોધી કાઢવાની શ્રીપતિશંકરને વિનતિ કરી, પણ પુષ્કળ વિચાર કર્યા પછી ગુરૂજીએ બીજી કાંઇ યુક્તિ સૂજતી નહિ હોવાનું જણાવ્યું અને તત્કાળ તો તેમનો પહેલાંનો વિચાર જ નક્કી

થયો. પછી કેટલાક મહિનાસુધી ગુરૂરાજને પોતાની પાસે રહેવા માટે દાનવીરરાયે વિનતિ કરી અને ગુરૂરાજે તે માન્ય કરી.

એ બનાવને આજ સત્તર–અઢાર વર્ષ થયાં હશે. એ જ અરસામાં એક તરૂણ યોદ્ધા અમારા રાજાપાસે નોકરીમાં રહ્યો હતો. તેનું નામ વીરોત્તમ હતું. અત્યારે જેને 'પ્રતાપી વીરોત્તમ મહારાજ'તરીકે લોકો ઓળખે છે અને એક ચક્રવર્તી રાજા જેટલું માન આપે છે તે જ એ વીરોત્તમ. તે અમારી પાસે નોકરીમાં રહેવા આવ્યો ત્યારે તદ્દન ગરીબ હતો. તે કોણ હતો અને ક્યાંથી આવ્યો હતો એ કોઇ જાણતું નહિ. તેમ જ પૂર્વે તે કોને ત્યાં નોકરી કરતો હતો તે પણ કોઇ જાણતું નહોતું. તે કેવળ ગરીબ હતો, તોપણ તે એટલું કહેતો કે પોતાના સંબંધમાં પુષ્કળ અન્યાય થયો હતો, પોતાના શત્રુઓ ઘણા મોટા માણસો છે અને પોતે પોતા કરતાં ઉંચા કુળની એક કન્યા સાથે પ્રેમ જોડ્યો તેથી જ પોતાની ઉપર એમ અજ્ઞાતવાસમાં દિવસ ગાળવાનો પ્રસંગ આવ્યો એવું તે કહેતો.

તે વખતે તે હાલની પેઠે એક આંખે કાણો નહોતો. તેની આંખ તો ત્યારપછી ફૂટી. ત્યારે તો તે અતિસુંદર અને રાજકુમાર જેવો હતો. તેનાં એકંદર લક્ષણો ઉપરથી તે કોઇ મોટા ખાનદાનમાં જન્મ્યો હોય એવું માલૂમ પડતું હતું. તે આ કિલ્લામાં આવ્યો, ત્યારપછી તે આવો પરાક્રમી નીવડશે એવી પહેલાં કોઇની કલ્પના પણ નહોતી. પછી પાછળથી પ્રત્યેક કામમાં તેની દક્ષતા જોઇને અમારી એવી ખાત્રી થઇ કે એ જુવાન કાંઇ એવી હલકી નોકરી કરીને તૃપ્ત રહે તેવો નથી. ગમે તેવું કામ હોય, પણ તે તે હુશિયારીથી અને પોતાના ખરા અંતઃકરણથી કરતો હતો. તેનું યુદ્ધકૌશલ્ય તો અપ્રતિમ જ હતું. તે નિશાન તો કોઇ વાર ચૂકતો જ નહિ. કોઇનો પક્ષ સત્ય હોય પણ જો તે બિચારો નિર્બળ હોય તો તે તેને તુરત જ મદદ કરતો. તેના એવા ગુણથી આ કિલ્લામાંના નાનાંથી માંડીને વૃદ્ધો સુધીના પ્રત્યેક જણનો તેના ઉપર સારો ભાવ બેઠો હતો.

નોકરીમાં રહ્યા પછી થોડા જ દિવસમાં વીરોત્તમે પોતાના પગારનો યોગ્ય બદલો વાળી આપ્યો. તેણે રાજાનો બે વખત જીવ બચાવ્યો. એક વાર એવું થયું કે રાજા તેને સાથે લઇને શિકારે ગયો હતો. રાજા અને વીરોત્તમ એ બન્ને જણ સ્વભાવે ઉદાસીન જ હોવાથી શિકારથી તેમના મનને સારો આનંદ મળતો. એક વાર દાનવીરરાય અને તે એમ બન્ને જણ શિકારે ગયા હતા અને દાનવીરરાય જંગલમાં એક-

હો જ આગળ વધતો હતો. કેટલીક વારે ઘોડો એકાએક ચમક્યો અને દાનવીરરાયને તે હેઠો પાડીને નાસવા લાગ્યો. દાનવીરરાય ઉઠવાનો પ્રયત્ન કરતો હતો, એવામાં એક મોટા વાઘે તેના ઉપર તરાપ મારી. પણ એટલામાં એક તીર વેગથી આવ્યું અને તે બરાબર વાઘના કાળજામાં પેસીને તેને ભોંયે પાડનારૂં થઇ પડયું. તે જ ક્ષણે વીરોત્તમ ત્યાં આવી પહોંચ્યો. તેણે મ્યાનમાંથી પોતાની તલવાર બહાર કાઢી અને એક જ ઘા સાથે એ જબરદસ્ત વાઘના બે ટુકડા કરી નાંખ્યા ! દાનવીરરાયને તેણે બચાવ્યો તેનો એ પહેલો પ્રસંગ હતો. પછી તે એક વાર ઘોડાપર બેસીને નદીના પૂલ ઉપર થઇને જતાં ઘોડાની સાથે નદીમાં પડયો ! ચોમાસાના દિવસો હોવાથી નદી બે કાંઠામાં વેગથી વહી જતી હતી. નદીને કાંઠે પુષ્કળ માણસો હતાં, પરન્તુ તેઓ એક બીજાનાં મ્હોં સામે જોતાં ઉભાં રહ્યાં. નદીમાં કુદી પડવાની કોઇની હિંમત ચાલી નહિ. પણ એ બહાદુરે આગળ પાછળ ન જોતાં દાન-વીરરાય પડયો હતો તે જ સ્થળે પૂલ ઉપરથી કુદકો માર્યો અને મોટા પ્રયત્નથી તરતાં તરતાં રાજાને પકડી લીધો. રાજાનો એક પગ ઘોડાના પેઘડામાં ભરાઇ રહ્યો હતો, તેથી તે તરતા રહેવાને કાંઇ જ યત્ન કરી શકતો નહોતો. ઘોડો પાણીમાં ડુબતાં જ રાજા પણ ડુબી જાય, એવો એ વિકટ પ્રસંગ આવી પહોંચ્યો હતો ! પણ વીરોત્તમે સમયસૂચકતાથી એકદમ પોતાની કમરમાંથી ખંજર કાઢયું અને તે વડે પેઘડું કાપી નાંખીને રાજાના પગને છૂટો કર્યો. રાજા પણ હવે છૂટો થયો તેથી બન્ને જણ એક બીજાની મદદથી તે પ્રચંડ પ્રવાહમાંથી સુરક્ષિત બહાર નીકળ્યા. તેનાં આવાં હિંમતનાં કાર્યોથી વીરોત્તમનું નામ અમારા તાબાના મુલકમાં વધારે જાણીતું થયું.

કિલ્લામાં પાછા આવ્યા બાદ રાજાએ એક મૂલ્યવાન્ પોશાક અને એક હજાર સોનૈયાની થેલી વીરોત્તમને બક્ષીસ આપી, પણ તે વીરે માત્ર પોશાક જ ગ્રહણ કરીને દ્રવ્ય રાજાને પાછું આપ્યું. તે વખતે તે બોલ્યોઃ “ મહારાજ ! મેં માત્ર મારૂં કર્તવ્ય જ બજાવ્યું છે, તે સિવાય મેં બીજું કાંઇ જ કર્યું નથી. માટે મને આ દ્રવ્યનો સ્વીકાર કરવાનું ઉચિત લાગતું નથી. ” પછી રાણીએ તેને જૂદી જ રીતે બક્ષીસ આપવાનો વિચાર કર્યો. તેણે એક સુંદર વીંટી તૈયાર કરાવીને તે તેને ભેટ આપી. તે વીંટી ઉપર રાણીના નામનો પ્રથમા-ક્ષર કોતરેલો હતો. તે વીંટી ગ્રહણ કરતાં એક દીર્ઘ નિઃશ્વાસ મૂકીને તે બોલ્યોઃ “ બાઇસાહેબ ! આપે બહુ માનથી આપેલી આ વીંટી

હું આનંદથી સ્વીકારૂં છું. મારા કર્તવ્યનો એ બદલો છે એમ માનીને હું તે લેતો નથી, પરન્તુ આપનું સ્મરણ મને હમેશાં રહ્યાં કરે તેટલા માટે જ હું તેનો સ્વીકાર કરૂં છું, એમ કહીને તે ત્યાંથી સત્વર જતો રહ્યો. હું આ જે હકીકત કહું છું તેને મુખ્ય વાત સાથે જોકે સંબંધ નથી, તોપણ અત્યારે આ પ્રાંતમાં જેનું નામ એકસરખી રીતે ગાજી રહ્યું છે તે વીરોત્તમના સ્વભાવનું થોડુંએક બ્યાન તેથી આપના ધ્યાનમાં આવશે.

હવે હું મુખ્ય કથાનક તરફ વળું છું. કેટલેક દિવસે **શ્રી**પતિશંકર **સં**ગમપુર ગયા. ત્યાં કેટલાક દિવસ રહીને તે પાછા આવ્યા. તેમના એ પ્રવાસનું કારણ રાજાએ તેમને પૂછયું એટલે તેમણે કહ્યું: " અત્યારે હું કાંઇ કહેતો નથી. વખત આવશે ત્યારે તે વાત આપોઆપ તમારા જાણવામાં આવશે. "

ગુરૂરાજ ઘણું કરીને પોતાને માટે જ **સં**ગમપુર ગયા હશે એવું તે બન્ને જણના ધ્યાનમાં આવી ગયું, પણ તેટલા માટે તેમને વધારે પૂછવાનું તે વખતે રાજાને કાંઇ જ કારણ નહોતું. પછી રાણીને પ્રસૂતિનો સમય નજીક આવવા લાગ્યો. હુશિયાર વૈદ્યો અને સૂયાણીઓ કિલ્લામાં એકઠી થઇ અને સઘળી તૈયારીઓ થવા લાગી. પણ એટલામાં રાણીના પિતા **શા**ન્તિસિંહ એકાએક માંદા પડયા હોવાની ખબર અમોને મળી. દુ:ખો કાંઇ એકલાં જ આવતાં નથી પણ સાથે બીજાંને પણ લેતાં આવે છે, એ વાત કાંઇ ખોટી નથી. આ બાજુએ રાણીએ એક પુત્રીરત્નને જન્મ આપ્યો.

એ ખબર સાંભળતાં જ રાજા **શ્રી**પતિશંકર પાસે ગયો અને તેમને કહ્યું: " ગુરૂ મહારાજ ! આજ મને પહેલું બાળક થયું, તેથી સ્વાભાવિક રીતે જ મને આનંદ થવો જોઇએ, પરંતુ અત્યારે મને જે દુ:ખ થાય છે તેની તમે માત્ર કલ્પના જ કરી શકશો. મારી મૂર્ખતાથી મારી પુત્રીને જીંદગીસુધી દુ:ખ ભોગવવું પડશે ! પોતે શામાટે જન્મ ધારણ કર્યો છે, એ જ્યારે તે સમજશે ત્યારે તે મને ધિક્કાર્યા વિના રહેશે નહિ ! "

શ્રીપતિશંકરે કહ્યું: " ધૈર્ય રાખો, દાનવીરરાય ! આપણે એ બાળકીને નાનપણથી જ સઘળું કહી રાખીશું. તેને જ્ઞાનમાર્ગ તરફ જ વાળીશું, એટલે આ સર્વ સંસાર અસાર છે એવું તેને લાગશે અને તેનું મન આપોઆપ ઇશ્વર તરફ જ વળવા લાગશે. "

રાજા બોલ્યો: "આ પ્રસંગ અત્યંત વિકટ છે. પોતાની બાળકીને

યુવાનીના ઉભરામાં સંસારમાંથી બહાર કાઢીને તીર્થયાત્રા કરવા માટે ભટકતી કરવી, એ વાત મને કેમ સારી લાગે ?"

શ્રીપતિશંકરે કહ્યું: "આ તમારા શબ્દો ઉપરથી મને એમ લાગે છે કે છ માસ પહેલાં આપણી વચ્ચે જે વાતચીત થઇ હતી તે કાંતો તમારા ધ્યાનમાં નહિ હોય ! કિંવા તે માટે તમને ખરાબ લાગતું હશે !"

"ખરાબ લાગતું હશે એટલે શું ?" રાજાએ કહ્યું: "મેં પૂર્વે જે વાત કબુલ કરી, તે માટે હવે ખરાબ લગાડવું તે શા કામનું ? મને માત્ર મારી મૂર્ખતાને માટે જ ખરાબ લાગે છે. ભભૂતમલની શરત મેં કબૂલ કરી તે માટે હવે મને પશ્ચાત્તાપ થાય છે. એ શાક્તોનું નિકંદન કર્યા સિવાય અને તેમના એ ભયંકર શસ્ત્રના ટુકડા થયા સિવાય મારી પુત્રી સ્વદેશમાં રહી શકશે નહિ !"

શ્રીપતિશંકરે કહ્યું: "હિંમત હારી જાઓ નહિ. ઇશ્વર કરશે તો થોડા જ વખતમાં એ મંડળીનો અંત આવી જશે."

"શું કહો છો ? શું તેનો અંત આવી જશે ? ગુરૂ મહારાજ ! એ આપ શું કહો છો ?" રાજાએ ઉત્સુકતાથી પૂછ્યું.

"હું કહું છું તે બરાબર સાંભળો !" ગુરૂરાજે કહ્યું: "થોડા દિવસ પહેલાં હું સંગમપુર ગયો હતો, એ તમે જાણો છો. એ શાક્તોની સઘળી હકીકત મેં રાજાધિરાજને કહી છે. મારૂં કથન તેમણે બરાબર રીતે સાંભળ્યું છે. મેં તમારૂં નામ નહિ આપતાં તમે જોએલો સર્વ પ્રકાર તેમને કહ્યો. જ્યારે મેં તે ભોંયરાનું અને તેમાંનાં યંત્રોનું મહારાજની પાસે વર્ણન કરી સંભળાવ્યું ત્યારે તો તેમણે એ શાકતોનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી. મહારાજાએ મને પૂછ્યું કે એ કાલિકાની મૂર્તિ ક્યાં છે અને એ મંડળીનો પ્રમુખ કોણ છે ? પણ તે સ્થળની મને ખબર નહિ હોવાથી મેં માત્ર ભભૂતમલનું નામ તેમને આપ્યું. એ ઉપરથી મહારાજે તર્ક કર્યો કે જેના કિલ્લામાં મૂર્તિ છે તે જ એ મંડળીનો મુખ્ય પુરૂષ હોવો જોઇએ. એટલે કે શ્યામગઢના ભોંયરામાં જ તે મૂર્ત્તિ હોવી જોઇએ."

"મારી પણ એવી જ ખાત્રી છે." રાજાએ કહ્યું: "તે દિવસે મને શ્યામગઢમાં જ લઇ જવામાં આવ્યો હોવો જોઇએ. પણ પછી મહારાજાએ શો નિશ્ચય કર્યો ?"

શ્રીપતિશંકરે ઉત્તર આપ્યો: "મહારાજાએ કહ્યું કે પ્રત્યક્ષ પુરાવો મળ્યા વિના શ્યામગઢ ઉપર આપણે પોતે સ્વારી કરવી એ ઇષ્ટ

નથી. તેટલામાટે તમે એ ત્રણ નાના રાજાઓ અર્થાત્ સંસ્થાનિકોને ઉશ્કેરીને તેમને ભભૂતમલની સાથે કલહ ઉપસ્થિત કરાવો, એટલે અમે તે સંસ્થાનિકોને પાંચ હજાર સ્વારોની મદદ આપીશું અને એ રીતે ભભૂતમલના પ્રપંચોનો અંત આણીશું."

રાજાએ કહ્યું: "એ વાત આપે મને પહેલાં કેમ ન કહી વારૂ ?"

ગુરૂરાજે ઉત્તર આપ્યો: "રાણી ગર્ભવતી હોય ત્યારે તેના મનને લડાઇ જેવા ભયંકર પ્રસંગથી ધક્કો લાગે એ મને ઇષ્ટ લાગ્યું નહોતું, તેથી મેં પ્રસૂતિના સમયસુધી તમને એ વાત કહી નહિ. વચ્ચે જો કદાચ એવી જ કોઇ મહત્ત્વની વાત બની હોત તો મેં તમને તે જ વખતે આપણો નિશ્ચય કહ્યો હોત. હવે હળવે હળવે આપણે એ જ માર્ગે વળીશું."

"ઠીક છે !" રાજાએ કહ્યું: "એક તો મારો સસરો મને મદદ કરશે જ, બાકી એક બીજા કોઇને ઉઠાવવો પડશે. પણ મને લાગે છે કે આપે પહેલાં એક વાર ફરીથી સંગમપુર જવું અને મહારાજાને તેમના વચનનું પુનઃ સ્મરણ કરાવીને તેમનો અભિપ્રાય માંગવો."

"ઠીક છે; હું કાલે જ સંગમપુર જઇશ." ગુરૂરાજે કહ્યું: "તમે તમારૂં સઘળું સૈન્ય તૈયાર કરો. તમારા સસરાને પણ સંદેશો મોકલાવો. ત્રીજો કોઇ મળી જાય તો ઠીક છે, પણ પહેલાં તમે એ તો તૈયારી કરો. આપણા આ વિચારની ભભૂતમલને હજી કલ્પના પણ નહિ હોવાથી તે ગફલતમાં હશે. એ પ્રમાણે એક વાર મંડળીના મુખ્ય સ્થાનપર હલ્લો કર્યો, એટલે તે મંડળીનું નિકંદન તુર્તમાં જ કરી નાંખતાં વાર લાગશે નહિ.

"ગુરૂ મહારાજ ! મારા પર આપનો આ મોટો ઉપકાર થયો છે ! આપના ઉપકારનો બદલો હું કેવી રીતે વાળીશ ?" દાનવીરરાય ગદ્‌ગદ્ કંઠે બોલ્યો.

"નહિ, નહિ, એમાં ઉપકાર શાનો ? મેં મારૂં કર્તવ્ય જ માત્ર કર્યું છે. એ વાત હવે જવા દો. હું અત્યારે મારા હાલના પ્રવાસની તૈયારીઓમાં ગુંથાઉં છું."

ગુરૂરાજ એમ કહીને જેવા એક દ્વારે થઇને ગયા, તેવો જ બીજું દ્વાર ઉઘાડીને ભભૂતમલ એકાએક અંદર આવ્યો ! દાનવીરરાય ગભરાઇને થરથર કંપવા લાગ્યો. પોતાની એ સઘળી મસલત તેણે સાંભળી

હોવી જોઇએ એવો રાજાને સંશય આવ્યો અને તે સંશય આગળ જતાં સાચો ઠર્યો.

ભભૂતમલ તિરસ્કારથી બોલ્યોઃ "હું મોટો નસીબદાર કે બરાબર આ જ વખતે તારા આ કિલ્લામાં હું આવ્યો. આજ અહીં આવવાથી મને જેવો ફાયદો થાય છે, તેવો જ ફાયદો આજથી છ માસ પૂર્વે હું એક વાર અહીં આવ્યો હતો ત્યારે પણ થયો હતો !"

જોકે દાનવીરરાય ભીતિથી કંપતો હતો, તોપણ ક્રોધથી લાલ થઇને તલવારપર હાથ નાંખીને તે બોલ્યોઃ "આ ઉપરથી અમારી વાત તેં ચોરી છૂપીથી સાંભળી છે એ તદ્દન ખુલ્લું જણાય છે !"

ભભૂતમલ બોલ્યોઃ "હા, હા ! પણ તારી સ્ત્રી પેલી બાજુની ઓરડીમાં સૂતી છે, તે હથિયારના અવાજથી જાગી ઉઠશે. તું મને કાંઇ કહે, તે પહેલાં હું જ પોતે કહી દઉં છું કે તારી સઘળી લુચ્ચાઇ મારા સમજવામાં આવી ગઇ છે. કદાચ બીજો કોઇ ઉપાય નહિ રહે તો મારે પણ તલવાર કાઢવી પડશે, પણ પહેલાં હું કહું તે સાંભળી લે. પાંચ છ મહિના પૂર્વે હું તને કાલિકાના ભોંયરામાં લઇ ગયો હતો. તે દિવસે તેં ત્યાં જે કાંઇ જોયું હતું તેનું તારા મનપર કેવું પરિણામ થયું તે જોવા માટે જ હું ખાસ અહીં આવ્યો હતો. તે વખતે મારા કાનપર આપોઆપ જે શબ્દો પડયા તે ઉપરથી મને અહીં ગુપચુપ ઉભા રહીને તમારૂં સઘળું સંભાષણ સાંભળવાની જરૂર પડી. તે નીચ બામણો તને કાંઇ યુક્તિ બતાવતો હતો ! પણ મૂર્ખાઓ ? ! દેવી કાલિકાનું અગાધ સામર્થ્ય તમે કેવી રીતે સમજી શકો ? અમને—દેવીભકતોને કદાપિ નિષ્ફળતા મળવાની જ નહિ ! જે ઉદાર પુરૂષે એક વાર તારી આબરૂ, તારો કિલ્લો, તારી મીલકત, એ સર્વનું રક્ષણ કર્યું હતું, તે જ ઉદાર પુરૂષની સાથે આવી હરામખોરી કરતાં તને શરમ આવવી જોઇતી હતી ! અને એ તારી હરામખોરી અકસ્માત્ મારા કાને આવી, તે માટે તું મને શું દોષ આપે છે ?"

દાનવીરરાય તેનો કાંઇ ઉત્તર આપી શકે તેમ જ નહોતું. ભભૂતમલના છેવટના શબ્દો ખરા હતા. દાનવીરરાય માથું નીચું ઘાલીને સ્તબ્ધ બેસી રહ્યો. થોડી વાર તેની તરફ જોઇ રહીને ભભૂતમલ બોલ્યોઃ "હવે મારે શું કરવું તે તું જ કહે! જે નીચે તને આવી સલાહ આપી છે તેની સાથે મારે કેવી રીતે વર્તવું ? તે તારા

સલાહકાર ગુરૂને અને તને હું એકસરખી રીતે ધિક્કારૂં છું. મહારાજાની મદદની જો તું આશા રાખતો હોય તો તેમાં તારે નિરાશ જ થવું પડશે, કારણકે અમારા પંથની મંડળીનું સંપૂર્ણ વર્ચસ્વ મહારાજના મનમાં ઠસી ગયું છે. મહારાજાના મંત્રીઓ પૈકીના ઘણા વજનદાર મંત્રીઓ તો અમારા પક્ષના જ છે. મારી વિરૂદ્ધ લડાઇ શરૂ થતાં તે તને કિંવા તારા સસરાને મદદ કરશે એ તો તું બિલકુલ ભૂલી જા !"

ભભૂતમલના આ શબ્દોની સત્યતા દાનવીરરાયને તુરત જ સમજાઇ ગઇ. તે કેવળ ગભરાઇ ગયો. પોતાની સઘળી ગોઠવણ તેના સમજવામાં આવી ગઇ છે એવી તેની ખાત્રી થઇ ગઇ હતી તેથી તે તદ્દન ઠંડો પડી જઇને બોલ્યોઃ "તમારી સાથે દગો કરવાની મેં ગોઠવણ કરી હતી એ હું કબૂલ કરૂં છું, પણ મહારાજ ! તમે મારા કોમળ બાળક ઉપર તો અવશ્ય કૃપા કરશો એવી મને આશા છે ! આપ જો મને વચનમાંથી મુક્ત કરશો, તો હું મારી અર્ધી જાગીર આપને ખુશીથી અર્પણ કરીશ; એટલું જ નહિ પણ મારી જીંદગીસુધી આપને બીજી હર કોઇ તરેહની મદદ કરવાનું પણ હું કબૂલ કરૂં છું."

ભભૂતમલ બોલ્યોઃ "દાનવીરરાય ! હવે આ તારી ગરબડ તદ્દન નકામી છે. કાલિકાના સર્વ ભકતોનો હું અધિપતિ છું, તોપણ મારાથી મંડળીના નિયમોનો કરી ભંગ શકાય તેમ નથી ! આવી જ રીતે જ્યારે એક પછી એક સરદાર અમારા ભક્તમંડળમાં વધવા લાગશે, ત્યારે અમારા પંથનો પાયો મજબૂત બેસવા પામશે. આજસુધી એવા પ્રકારની રારતથી જ અમારૂં સામર્થ્ય વધવા પામ્યું છે. અતિબળવાન્ એવા અનેક સરદારો આજે કાલિકા માતાને માટે પોતાના પ્રાણ સુદ્ધાંત સર્વસ્વની આહુતિ આપવાને તૈયાર છે ! અમારી મંડળીમાં જો દાનવીરરાયની કન્યા શામેલ થાય તો તેથી અમને એક અલભ્ય લાભ થવા પામે !"

પોતાની આંખોપર હાથ ફેરવતાં દાનવીરરાય બોલ્યોઃ "ઓ પ્રભુ ! હું આ સ્વપ્ન તો જોતો નથી ને ?"

તિરસ્કારપૂર્વક હાસ્ય કરીને ભભૂતમલ બોલ્યોઃ "શું હજીસુધી તને સ્વપ્નનો જ ભ્રમ છે ! દાનવીરરાય ! તારા હાથ ઉપરની છાપ જોઇ લે ! એક ઘડીમાં જ તારો એ ભ્રમ બરાબર દૂર કરવાની હું ગોઠવણ કરૂં છું, અને કાલિકાના ભક્તોની અગાધ શક્તિનો તને પરિચય કરાવું છું. હવે હું જે કાંઇ મારા પોતાના હાથથી કરૂં છું તે માટે

તું મારૂં નામ કદાપિ ખુલ્લું કરીશ નહિ, અને યાદ રાખજે કે જો મારૂં નામ ખુલ્લું કરીશ, તો તું સાતમા પાતાળમાં છુપાઇ બેસીશ તોપણ તારી પાછળ લાગીને અમે તને અચાનક ઉપાડી જઇશું અને તેં પૂર્વે જોએલી કાલિકાની મૂર્તિને તારૂં બળિદાન દઇશું! અમારો નિશ્ચય કદાપિ ફરશે નહિ!"

આ શબ્દો સાંભળતાં દાનવીરરાય દુઃખથી મૂર્છિત થઇને એકદમ જમીનપર પછડાઇ પડયો. ભભૂતમલના ભાષણનો તેને બહુ જ ભય લાગ્યો હતો. તે શુદ્ધિમાં આવ્યો ત્યારે તે એકલો જ હતો. ભભૂતમલ ત્યાંથી ચાલ્યો ગયો હતો. આજે તે કેવી રીતે આવ્યો અને કેવી રીતે ગયો તેનો વિચાર સુદ્ધાં કરવાનું ધૈર્ય દાનવીરરાયમાં રહ્યું નહોતું.

બે ઘટિકાસુધી એવો જ વિચાર કરતો તે પોતાના દિવાનખાનામાં પડયો રહ્યો. પછી આ સંબંધે હવે શો વિચારો કરવો તે નક્કી કરવા માટે શ્રીપતિશંકરને મળવા સારૂ તે દિવાનખાનામાંથી બહાર નીકળ્યો.

પ્રકરણ ૨૨ મું.

દાનવીરરાયનું કથાનક—આગળ ચાલુ.

જે ઓરડામાં ગુરૂ શ્રીપતિશંકર બેસતા હતા તે ઓરડા તરફ દાનવીરરાય ગયો. ઓરડાનું દ્વાર બંધ હોવાથી તે તેણે ઉઘાડયું. પણ તે સ્થળે એક અતિભયંકર પ્રકાર તેની નજરે પડયો! જમીન ઉપર જ્યાં ત્યાં લોહી લોહાણ થઇ રહ્યું હતું અને પાસે જ રક્તથી ખરડાએલું શ્રીપતિશંકરનું મુડદું પડેલું હતું! મુડદું?! નહિ, નહિ, મુડદું નહિ પણ મનુષ્યના શરીરના છિન્નવિચ્છિન્ન કરી નાંખેલા ટુકડા જ ચોપાસ વેરાએલા—ફેંકી દેવામાં આવેલા પડયા હતા! એક ખૂણામાં હાથ ફેંકી દીધેલો તો બીજા ખૂણામાં પગનો ટુકડો પડેલો! આંખોના ડોળા તો આખા ને આખા કાઢીને મ્હોં ઉપર મૂકેલા હતા! માથાની ચામડીને ચીરી નાંખીને તેમાંથી મગજ બહાર કાઢી નાંખવામાં આવ્યું હતું!! કોઇ હિંસ્ર પશુએ એકાદા પ્રાણીનો વધ કરી નાંખ્યો હોય, તોપણ તે બુદ્ધિહીન પ્રાણી એની જેવી દુર્દશા કરી નાંખે નહિ તેવી દુર્દશા એ શ્રીપતિશંકરની કરી નાંખવામાં આવેલી હતી, કારણકે પોતાના શિકારના પ્રાણીની ઇચ્છાપૂર્વક દુર્દશા કરીને તેને વિદ્રૂપ કરવાની બુદ્ધિ એ હિંસ્ર પશુમાં હોતી નથી! પરન્તુ તે બ્રાહ્મણનું ખૂન કરનારા પશુ કરતાં પણ નીચ નરાધમે બુદ્ધિપૂર્વક એ મુડદાની જે દુ-

દેશા કરી હતી, તે ઉપરથી તે એવા પ્રકારના ક્રૂર કર્મમાં કેવળ નિપુણ હતો એમાં તિલમાત્ર પણ સંશય નહોતો! એ સર્વ પ્રકાર જોઇને દાનવીરરાયને અત્યંત ક્રોધ વ્યાપ્યો પણ તે ક્રોધ શા કામનો! ભભૂતમલે આપેલી ધમકી તેને સાંભરી. કાલિકાના ભક્તોની શક્તિ કેટલી વિલક્ષણ છે એની પણ તેને ખબર હતી. શાક્તોના ગુપ્ત જાસૂસો પોતાના કિલ્લામાં છે એવી હવે તેની ખાત્રી થઇ હતી, કારણકે અગાઉથી ખબર આપ્યા સિવાય ગમે ત્યારે અને ગમે ત્યાં ભભૂતમલનો પ્રવેશ થઈ શકતો હતો, એ બનાવ કોઇ ફુટેલા માણસો વિના કે જાસૂસો વિના બની શકવાનો સંભવ નહોતો. તે ગમે તેમ હો, પણ અત્યારે તો ભભૂતમલે પોતાની ધમકી ખરી કરી બતાવી હતી.

જમીન ઉપર પોતે જડાઇ ગયો હોય એવી રીતે દાનવીરરાય કેટલીક વારસુધી ત્યાં જ ઉભો રહ્યો, જાણે કે અત્યારે તેની સર્વ બુદ્ધિનો નાશ થઇ ગયો હોયની! હવે પોતે શું કરવું, કેવી રીતે વર્તવું તે વિષે તેને મોટો વિચાર પડયો. એક વાર તેને એવો વિચાર આવ્યો કે નોકરોને બોલાવીને ગુરૂદેવનું ખૂન થયું એવું જાહેર કરવું. એ ખૂન ભભૂતમલે જ કર્યું છે એવું સૌને સ્પષ્ટ રીતે જણાવીને લડાઇની તૈયારી કરવી એવું એક વાર તેના મનમાં આવ્યું, પરન્તુ તેમ કરવાની તેની હિંમત ચાલી નહિ. ભભૂતમલે આપેલી ધમકી તેને સાંભરી અને તેથી તેનું શરીર ભયથી કંપવા લાગ્યું. પછી એક બીજો વિચાર પણ તેના મનમાં આવ્યો. જો ભભૂતમલે આ ખૂન કર્યું એમ જાહેર કરવામાં આવે તો તેણે એ ખૂન શામાટે કર્યું એ પણ જણાવવું જોઇએ, અને તે તો કોઇ પણ રીતે ઇષ્ટ નહોતું. એ ખૂનનું ખરૂં કારણ કદાચ લોકોને વાજબી જણાશે નહિ એવી તેને શંકા આવી. કદાચ પોતે જ કાંઈ પણ ગુપ્ત કારણથી તે ગરીબ બ્રાહ્મણનું ખૂન કર્યું હશે અને પોતે નકામો ભભૂતમલને ગળે પડતો હશે, એવો કોઇ બળતો જ બુટ્ટો ઉઠાવે તો? જો એમ થાય તો જરૂર પોતાના જ માણસો પોતાની વિરૂદ્ધ બંડ ઉઠાવે એવી તેને ધાસ્તી લાગી. શ્રીપતિશંકર બહુ જ વિદ્વાન્ અને સજ્જન પુરૂષ હતા એટલે તેમના ઉપર બધી પ્રજાનો અત્યંત પ્રેમ હતો.

એ પ્રમાણે ખૂબ વિચાર કરીને તે દુર્દૈવી રાજાએ એવો નિશ્ચય કર્યો કે એ મુડદાને તુરત દૂર કરી નાખવાની કાંઇ યુક્તિ રચવી અને ખૂન વિષેની કશી હકીકત જાહેર કરવી નહિ. એવો વિચાર કરીને થોડી વારે તેનું મન શાન્ત થયા પછી બારણું બંધ કરીને પોતાના

નવા જન્મ પામેલા બાળકને જોવામાટે તે સૂતિકાગૃહમાં ગયો. ચતુર રાણી રાજાની દિલગીરીને કળી ગઇ, પરન્તુ જે કારણ તેના જાણવામાં હતું તેથી કેવળ જુદું જ એક કારણ થોડા વખત પહેલાં બન્યું હતું એવી તેને શંકા પણ આવી નહોતી. દાનવીરરાય ત્યાં થોડી જ વાર રહ્યો, કારણકે ત્યાં વધારે વાર રહેવું એ તેની માનસિક સ્થિતિને માટે કેવળ અશક્ય હતું.

મધ્યરાત્રિ થઇ અને કિલ્લામાં જ્યાં ત્યાં શાંતિ પ્રસરી રહી, તે વેળાએ જે ઓરડામાં ગુરૂનું મુડદું પડેલું હતું તે ઓરડામાં દાનવીરરાય ગયો. પછી એક થેલામાં તે મુડદાને નાંખ્યું અને તે થેલો ખાંધે ઉચકીને એક ગુપ્ત દ્વારે થઇને તે બાગમાં ગયો અને પછી ત્યાંથી તે ધીમેથી બહાર નીકળી ગયો. બાગમાં જ એ મુડદાને દાટી દેવાનો વિચાર તેણે કર્યો, પરન્તુ ખાડો ખોદતાં કદાચ કોઇ કોદાળીનો અવાજ સાંભળી જાય તો? એવો સંશય આવવાથી તે મુડદું નદીમાં નાંખવાનો તેણે વિચાર કર્યો, અને લપાતો–છુપાતો તે કિનારાપર ગયો. ખાંધ ઉપરનો બોજો તે જ્યાં નદીમાં નાંખવા જતો હતો, એટલામાં કોઇ એક માણસ ત્યાં આવ્યો અને તેણે તેનો હાથ પકડયો. દાનવીરરાયે પોતાનો હાથ છોડાવતાં તેને ઓળખ્યો. *દુર્જનસિંહની સાથે લડાઇ થયા પછી જે મોહનસિંગ નામના કારભારીને તેણે હદપાર કર્યો હતો, તેજ આજ રાત્રે ચોરીછૂપીથી શહેરમાં આવ્યો હતો.

મોહનસિંગે રાજાને ઓળખ્યો અને તે બોલ્યો: " અહોહો! રાજાજી! આજે આપની આવી રીતે મુલાકાત થઇ ગઇ તે બહુ જ સારૂં થયું!"

"શું કહે છે?" પોતાનો હાથ છોડાવી લેતાં રાજાએ પૂછ્યું: "તને શું જોઇએ છે? તું મારો હાથ કેમ પકડે છે?"

કેવળ શાંતપણે મોહનસિંગ બોલ્યો: " રાજાજી! ગરીબ ઉપર એમ ક્રોધ કરો નહિ! પહેલાં મેં આપને બરાબર ઓળખ્યા નહોતા, પણ આટલી મોડી રાત્રે નદીમાં થેલો કોણ નાંખે છે એ બરાબર જોવા માટે જ મેં આપનો હાથ પકડયો હતો!"

"વારૂ ત્યારે." રાજાએ કહ્યું: " તેં મને ઓળખી લીધો ને? ઠીક. હવે તું તારે રસ્તે જા."

મોહનસિંગ ધૈર્યથી બોલ્યો: " રાજાજી! એમ કેમ થઇ શકે?

* આજ પાત્રનું નામ આ પહેલાંનાં થોડાં પૃષ્ઠોમાં શરતચૂકથી "સજ્જનસિંહ" છપાયું છે. (જુઓ શુદ્ધિપત્ર)

આજે આવી રીતે આપની મુલાકાત થઇ એ બહુજ સારૂં થયું. આવે વખતે હું એમ એકદમ કેમ ચાલ્યો જઉં? હું કેવો સુશીલ માણુસ છું તે આપ જાણો છો. મારા દુર્દૈવથી હું કેવળ નિરાશ્રિત બની ગયો છું. હું ઘર-બાર, ધન, મિત્ર સઘળું ગુમાવી બેઠો છું! અત્યારે હું કેવળ ભિખારી બની ગયો છું. કોઇ પણ રીતે હું મારી આ સ્થિતિ બદલાવવાના વિચારમાં છું."

રાજાએ કહ્યું: "જો તને દ્રવ્ય જ જોઈતું હોય તો તે લે અને અહીંથી ચાલ્યો જા."

તે બોલ્યો: "એમ આપેલા પૈસા મને કેટલી વખત ચાલશે? પુનઃ હું મુશ્કેલીમાં આવી પડવાનો! જો આપ મારી સાથે સમજૂતી કરીને—"

"શું? હું તારી સાથે સમજૂતી કરૂં?" રાજાએ ક્રોધપૂર્વક કહ્યું: "તું મારૂં અપમાન કરે છે! યાદ રાખજે કે જો વધારે અપમાન કરીશ, તો આ મારી તલ્વાર તારૂં મસ્તક ઉડાવી દેશે!"

તે બોલ્યો: "હું ગમે તેટલો દરિદ્ર હોવા છતાં મારી પાસે હમેશાં એક કટાર રહે છે, અને તેનો ઉપયોગ મને પણ કરતાં આવડે છે."

પોતાનો ક્રોધ મુશ્કેલીથી દબાવીને રાજાએ કહ્યું: "ત્યારે નીચ! તને શું જોઇએ છે, તે સ્પષ્ટ કહે."

તે બોલ્યો: "એવા હલકા શબ્દો તો મને પણ વાપરતાં આવડે છે, પરન્તુ તે વાપરવાની મારી ઇચ્છા નથી. હું શહેરમાં શામાટે આવ્યો હતો તે જ પહેલાં કહું છું. હું આવતી કાલે સ્હવારે આપને મળવાનો હતો. આપની દયા માંગીને આપ આપો તેવી હલકી નોકરી પણ સ્વીકારીને રહેવું એવો પહેલાં મારો વિચાર હતો. પણ મારા સુદૈવથી અત્યારે મને આ મજાની તક મળી ગઇ છે! હવે મારો વિચાર બદલાયો છે!"

"કહે કહે—તારો શો વિચાર છે?" રાજાએ આતુરતાથી પૂછ્યું.

"આ મધરાતને વખતે મેં આપને અહીં આવતા જોયા. આપની ખાંધપર બોજો હતો, તે જમીનપર પડ્યો, તેના અવાજપરથી મારી ખાત્રી થઇ કે તેમાં કાંઇ પણ ભયંકર પદાર્થ હોવો જોઈએ. એ થેલો નદીમાં નાંખવાનો આપનો વિચાર હતો—"

નખથી શિખાપર્યંત પ્રસ્વદેથી ન્હાઇ જઇને-આકુળ વ્યાકુળ થઇને રાજાએ કહ્યું: "બસ, બસ! હવે તને જોઇએ તેટલા પૈસા લઇને તું ચાલતો થા! તારે જોઇએ તો પછી આવજે, પણ અત્યારે તો અહીંથી ચાલ્યો જા!"

" એમ કેમ થઇ શકે ? આપે ખૂન કર્યું છે અને મુડદું નદીમાં નાંખવા માટે-" મોહનસિંગ ભાર મૂકીને બોલ્યો.

તદ્દન બ્હી જઇને રાજાએ કહ્યું: " લુચ્ચા-ચોર-હરામખોર ! મારાપર એવું આળ મેલે છે ? "

પગ પાસે પડેલા મુડદાને લાત મારીને મોહનસિંગ બોલ્યો: "સાહેબ ! આ થેલામાં મુડદું છે, એ વાત તો આપ નાકબુલ કરશો નહિને ? કદાચિત્ આપે આ ખૂન નહિ કર્યું હોય, પણ વહેમ તો આપના ઉપર જ આવશે કે નહિ ? હવે મારી માંગણી કેવી છે તે સાંભળી લો. હું જે કાંઇ કહું છું તે તમે કબુલ કરશો ? આપની મરજીમાં આવે તેમ કરજો. યાદ રાખજો કે જો તલવારપર હાથ નાંખશો તો મને પણ હથિયારનો ઉપયોગ કરતાં આવડે છે. આપ જો મારી સાથે સભ્યતાથી વર્ત્તશો તો હું પણ આપની સાથે સભ્યતાથી વર્તીશ અને જો લડવાની જ ઇચ્છા હોય તો મેદાનમાં આવી જાઓ ! ".

પોતે સર્વ રીતે મોહનસિંગના હાથમાં સપડાઇ ગયો હતો એમ જોઇને રાજાએ કહ્યું: " આપણે હવે સમજૂતીપર આવીએ. "

મોહનસિંગ બોલ્યો: " મને તે કબુલ છે. સમજુતીપર આવવાની મારી શરત સાંભળો. આ થેલામાં મુડદું છે એવી વાત હું કોઇને પણ કહીશ નહિ. તેના બદલામાં આપે મને મારી પહેલાંની નોકરી આપવી. હું એ નોકરીની ફરજો ઇમાનદારીથી બજાવીશ. "

રાજાએ કહ્યું: " તે વિના બીજું કાંઇ માંગ. મેં એક વાર તને નોકરીપરથી રજા આપી છે, અને જો હું તને ફરીથી નોકરીમાં રાખું તો મારી સ્ત્રી, મારા મિત્રો, મારી પ્રજા, મને શું કહે ? શું તેઓ મને મૂર્ખ ન કહે ? "

મોહનસિંગ બોલ્યો: " પણ રાણીજી, આપના મિત્રો અને આપની પ્રજા એ સર્વ આપને શું ' ખૂની ' નહિ કહે ? "

અત્યંત વ્યથિત થઇને રાજાએ કહ્યું: " લુચ્ચા ! તું મારાપર એવું આળ મૂકીશ ? તારાથી તે મૂકી શકાશે જ નહિ ! "

" એમાં શી હરકત છે ? " મોહનસિંગ ગંભીરપણે બોલ્યો: " તે કાંઇ ' આળ ' નથી. મારી સમક્ષ ખૂનનો મુદ્દો શું પ્રત્યક્ષ પડયો નથી ? " એમ કહીને તેણે તે થેલાને ફરીથી લાત મારી. "

થોડી વાર વિચાર કરીને દાનવીરરાય કપાળ ઉપર હાથ મારીને બોલ્યો: " હાય ! હાય ! વિધાતા ! તેં મારા ભાગ્યમાં શું લખ્યું છે તે મારાથી કળાતું નથી ! ઠીક છે. લે આ મારી વીંટી ! કાલે તું મારા દરબારમાં આવજે અને મારે પગે પડીને વિનંતિ કરજે !

તે વખતે તું તારા પહેલાંના અપરાધોની ક્ષમા માંગજે ! પછી હું અત્યારે આપણી વચ્ચે થએલી વાતચીત પ્રમાણે તને પુનઃ નોકરી ઉપર રાખી લઇશ. પહેલાં તો હું તારો તિરસ્કાર કરીશ, પણ તું તદ્દન દીન વાણીથી મારી દયા માંગજે, એટલે પછી હું તને તારા સર્વે અપરાધોની ક્ષમા આપીશ ! મારાં સગાંઓ, મિત્રો અને નોકર-ચાકર થોડા દિવસ તો ગરબડ કરશે, પણ તેઓ થોડી જ વારમાં શાન્ત થશે. એમ થયા પછી હું તને પુનઃ તારી નોકરી આપીશ. હવે તું અહીંથી સત્વર ચાલ્યો જા !”

એટલું થયા પછી તે લુચ્ચો મોહનસિંગ ત્યાંથી ચાલતો થયો. રાજાએ તે મુડદું નદીમાં નાંખી દીધું, અને પાછો ગુપ્ત માર્ગે તે મહેલમાં આવ્યો. જે સ્થળે ખૂન થયું હતું, ત્યાંથી લોહીના ડાઘા તેણે પોતાને હાથે ધોઇ નાંખ્યા. એ પ્રમાણે તે દુષ્ટ રાત્રિ વ્યતીત થઇ !

મોહનસિંગને આપેલું વચન દાનવીરરાયે પાળ્યું. એ નિમકહરામને ફરીથી નોકરીપર રાખેલો જોઇને સૌને બહુ જ આશ્ચર્ય થયું. માત્ર હું જ એ બાબત કાંઈ બોલ્યો નહિ, કારણકે જો હું કાંઇ કહું તો હું તેની ઇર્ષા કરૂં છું એમ લોકો માનત. થોડા જ દિવસમાં તે પાછો મુખ્ય કારભારી થયો. મારૂં કારભારીપદ ગયું, તે માટે રાજાએ મને એકાંતમાં બોલાવીને મારા મનનું સમાધાન કર્યું અને મને તેના હાથ નીચે નહિ રાખતાં બીજા સ્વતંત્ર અધિકારની જગ્યા આપી. પણ તેટલાથી મારા મનનું સમાધાન થયું નહિ. દાનવીરરાયને કાંઇક ગુપ્ત દુઃખ છે એવું હું જાણતો હતો, તેથી હું બહુ જ દિલગીર હતો. તે વખતે હું આ વાતમાંનું કશું જ જાણતો નહોતો.

એ પ્રમાણે રાજાએ વ્યવસ્થા કરી ખરી, પરન્તુ તેથી તેનો નાશ તદ્દન નજીક આવી પહોંચ્યો હતો. તે એ બિચારો કયાં જાણતો હતો ?

પ્રકરણ ૨૩ મું.

દાનવીરરાયના કથાનકનું છેવટ.

મોહનસિંગ પુનઃ પાછો આવવાથી સૌને ખરાબ લાગ્યું. એક ગામના લોકો તો હથિયાર બાંધીને બંડ કરવાને પણ તૈયાર થઇ ગયા. મોહનસિંગને અધિકાર ઉપરથી કાઢી મેલો એવી તેઓની માગણી હતી. તેઓને સમજાવીને શાંત કરવાનો પ્રયત્ન કરતાં તેઓની ઉપર લશ્કર મો-

કહીને અને તેઓને ડરો બતાવીને મોહનસિંગે ચૂપ કર્યા. એવી રીતે લોકો ઉપર ઉપરથી શાન્ત થયા ખરા, પણ અંદરખાનેથી તેઓનાં મગજ બહુ તપી ગયાં હતાં. રાજા ઉપર પણ તેઓને હળવે હળવે તિરસ્કાર આવવા લાગ્યો. જે પ્રજાજનો પૂર્વે તેને આશીર્વાદ આપતા હતા તેઓ જ હવે તેને શાપ આપવા લાગ્યા. તેના મિત્રો તેને છોડી જવા લાગ્યા. શાન્તિસિંહે પણ સમાધાની કરવાને પોતાના વિશ્વાસુ કારભારીને તેની પાસે મોકલ્યો પણ તે પ્રયાસ વ્યર્થ ગયો ! વીરોત્તમ અને તેના હાથ હેઠળના લોકો પણ રાજા પાસેથી રજા માંગવા લાગ્યા, પણ રાજાએ તેઓને ગમે તેમ સમજાવીને જવા દીધા નહિ.

શ્રીપતિશંકર સંબંધે તેણે એવી ખબર ફેલાવી કે તે કાંઇ ખાનગી કામ માટે સંગમપુર ગયા છે. ત્યારપછી કેટલેક દિવસે રાજા એવી વાત કહેવા લાગ્યા કે તે ત્યાં મરી ગયા છે. એ ખબર સાંભળીને લોકોને બહુ જ દુઃખ લાગ્યું. કુસુમાવતી બાઇને તો જાણે કે પોતાનું જ કોઇ માણસ મરણ પામ્યું હોય એટલું દુઃખ થયું. મોહનસિંગ કેવા પ્રકારનો માણસ છે તે બાઇસાહેબ જાણતાં નહોતાં. તેમને નકામી ખટપટ કરવાની ટેવ જ નહોતી. રાજ્યકાર્યભારમાં તે કાંઇ જ માથું ઘાલતાં નહોતાં. પોતાની નાની પુત્રીને રમાડવામાં–રાખવામાં જ તે પોતાનો સમય ગાળતાં. પુત્રી પણ અત્યંત સુંદર અને ચાલાક હતી. તેનું નામ તેમણે રમણી રાખ્યું હતું. તે નામ પ્રમાણે તે ઘણી જ રમણીય પણ હતી. તેની આંખોનું તેજ તો કાંઇ ઓર પ્રકારનું હતું.

એ પ્રમાણે ત્રણ વર્ષ વીતી ગયાં. રમણી હવે બોલતાં ચાલતાં શીખી. તેની અસ્પષ્ટ વાણીથી સૌને આનંદ થવા લાગ્યો. રાણીને તો તેના સિવાય બીજું કશું ગમતું જ નહોતું ! માત્ર રાજા જ તેને જોઇને મનમાં ને મનમાં બળતો હતો. તેના મનને ઘણી વાર એવું થતું હતું કે સંગમપુર જઇને મહારાજાધિરાજના પગે પડી શ્રીપતિશંકરના ખૂનની સર્વે હકીકત તેમને કહેવી અને પોતાના મનપરનો બોજો દૂર કરવો. આ બાજુએ રાણીસાહેબ તો પોતાની પુત્રીને સાધ્વી–દેવદાસી બનાવી મંદિરને અર્પણ કરવા માટે બિલકુલ તૈયાર નહોતાં, તેમ જ પોતાની પુત્રીને દૂરના દેશમાં જઇને રહેવું પડે એ પણ તેમને જરાએ ગમતું નહોતું. કોઇ પણ રાજા કે સરદારના પુત્રને પોતાની કન્યા આપીને મોટા ઠાઠમાઠથી લગ્ન કરવું અને તેઓને સંસારસુખમાં નિમગ્ન બનેલાં જોવાં એવી તેના મનની મોટી ઇચ્છા હતી. પણ તેની એ ઇચ્છા શાક્ત પંથીઓનું નિકંદન થયા વિના પૂરી થવાનો સંભવ નહો-

તો. છેવટે અત્યંત ધૈર્ય ધારણ કરીને રાજાએ પોતાના મનની આ ગુપ્ત વાર્તા પોતાના સસરાના કાન ઉપર નાંખી. તે બન્ને જણાએ બીજા કેટલાક સંસ્થાનિકોની મદદ મેળવીને શ્યામગઢ ઉપર હલ્લો કરવો એવો વિચાર ઠરાવ્યો. પણ એટલામાં એક ચમત્કારિક પ્રસંગ બની આવ્યો તેથી તે વિચાર પણ એમનો એમ જ રહી ગયો !

એક દિવસે સ્હવારે કેટલાક માછીમારો નદીપર માછલાં મારવાને ગયા હતા. તેઓની જાળમાં કાંઇક ભારે પદાર્થ આવ્યો. જાળ બહાર કાઢીને જોતાં તેમાં એક થેલો છે એવું તેમને માલૂમ પડ્યું. થેલો ઉઘાડીને જુએ છે તો તેમાં કોઇનું મુડદું છે એવું જોવામાં આવ્યું. તે મુડદું તદ્દન સડી ગયું હતું. ચહેરાનો કેટલોક ભાગ જોકે બગડી ગયો હતો, તોપણ ચહેરાને ઓળખી શકાતો હતો. શરીર ઉપર જનોઇ હતી, તે ઉપરથી તે બ્રાહ્મણ હોવો જોઇએ એવું અનુમાન કરી શકાતું હતું. એકંદર અવયવો ઉપરથી તે વૃદ્ધ હોવો જોઇએ એટલું પણ સમજી શકાતું હતું. તે માછીમારો એ મુડદું જોતા હતા, એટલામાં રાજાનો એક ખાનગી નોકર ત્યાં આવ્યો. તે મુડદાની સાથે થેલામાંની ચાખડીઓ અને રૂદ્રાક્ષની સોનાના વાળામાં ગુંથેલી માળા ઉપરથી તે મુડદું શ્રીપતિશંકરનું હતું એવું તે તુરત જાણી ગયો.

આ ગરબડને લીધે થોડી વારમાં પુષ્કળ લોકો નદી કિનારે એકઠાં થઈ ગયાં, અને તેઓ ટોળું મળીને મુડદાને ઉંચકી કિલ્લામાં લઇ ગયા. કિલ્લામાંના ઘણા માણસો તે મુડદાને ઓળખી ગયા. મુડદાને ઓળખતાં જ લોકોમાં ગુસ્સાની લાગણી વ્યાપી ગઇ. શ્રીપતિશંકર સંગમપુર ગયાની અને ત્યાં મરણ પામ્યાની ખબર તદ્દન ખોટી હતી એ તો તે ઉપરથી સિદ્ધ થઇ ચૂક્યું હતું. એ ખબર દાનવીરરાયે પોતે જ જાહેર કરી હતી, એટલે એ ખૂનની સાથે રાજાનો જ કાંઇ સંબંધ હોવો જોઇએ એવું ઉઘાડું લોકો બોલવા લાગ્યા. વળી જે દિવસે મોહનસિંગ આવ્યો હતો તે જ દિવસે શ્રીપતિશંકર અદૃશ્ય થયા હતા, તે ઉપરથી લોકો તેનો પણ આ ખૂનની સાથે સંબંધ જોડવા લાગ્યા અને પુષ્કળ લોકો તે મુડદું ઉંચકીને રાજમહાલય પાસે આવી પહોંચ્યા.

એ વખતે રાજા પોતાની પુત્રી તથા પત્નીને સાથે રાખીને આનંદથી બગીચામાં ફરી રહ્યો હતો. એટલામાં બહારની ગરબડ તેના સાંભળવામાં આવી. લોકો દંગો કરવાને માટે એકત્ર થયા છે, એવી રાજમહાલયના નોકરોને ખબર મળી, એટલે હું રાજાને ખબર પહોંચાડવાને બગીચામાં દોડ્યો. દંગો થવાનો હતો પણ તે શામાટે

થવાનો હતો એ હું જાણતો નહોતો. પોતાના પતિ ઉપર શું સંકટ આવી પડ્યું છે તે બિચારી રાણીને તો ખબર જ નહોતી. શી ગરબડ છે તે જોવાને રાજા બહાર નીકળ્યો. તે સાથે રાણી પણ બહાર નીકળી. તે બન્ને જણ પુત્રીને સાથે લઇને બહારના ચોકમાં આવ્યાં. તેમને જોતાં જ લોકોને ક્ષણભર આનંદ થયો ખરો, પણ તે આનંદ બહુ વખત ટક્યો નહિ! શ્રીપતિશંકરના ખૂનના બદલામાં વૈર લેવું એવી લોકોની ઇચ્છા હતી. રાણીએ તો તે છિન્ન વિચ્છિન્ન થએલું મુડદું જોતાં જ ભયથી ત્રાડ મારીને રમણીને પોતાની છાતી સરસી દાબી પણ આ બાજુએ રાજાની કાંઇ જૂદી જ અવસ્થા થઇ હતી. તેણે ક્ષણભર તે મુડદા તરફ જોયું: "હાય! પરમેશ્વર! એ તો બિચારા પેલા શ્રીપતિશંકરનું મુડદું છે! છેવટે નદીએ પણ તેને પોતાના પેટમાંથી બહાર ધકકેલી કાઢ્યું ને?"

એ શબ્દ સાંભળતાં જ રાણી બહુ જ ગભરાઇ અને બોલી: "પ્રભુ! અમને સુખી રાખ! છટ્! એમ બની શકે જ નહિ. અમે તો કાંઇ નથી જ શ્રીપતિશંકરનું ખૂન કર્યું? નહિ, નહિ, તે તો કેવળ અશક્ય વાત!"

છેવટે મેં આગળ આવીને હાથ ઉચો કરી મોટેથી બૂમ મારીને લોકોને કહ્યું: "મારા ભલા મિત્રો! થોભો! પહેલાં બધી હકીકત સંપૂર્ણ રીતે સાંભળી લો; અને પછી તમે તેનો ન્યાય કરો!"

લોકોએ સામો જવાબ આપ્યો: "આચાર્યના ખૂનનું વૈર અમે વાળીશું. ઘણું કરીને દાનવીરરાય અને તેના નીચ કારભારી મોહનસિંગે જ એ દુષ્ટ કાર્ય કરેલું હોવું જોઇએ."

મેં રાજા ભણી જોઇને કહ્યું: "સરકાર! આપ પોતે જ આ વિફરેલા લોકોને બે શબ્દો કહો એટલે તેમની ખાત્રી થશે!"

રાજા આકાશ ભણી જોઇને ઉચા હાથ કરી બોલ્યો: "હું પ્રભુના સોગંદ લઇને કહું છું કે એ ખૂન મેં કર્યું નથી!"

"અહો! ઇશ્વર! હું તારો કેટલો મોટો આભાર માનું? મહારાજ! આપ ખરેખર નિર્દોષ છો." એ પ્રમાણે બોલીને પોતાના પતિની નિર્દોષિતા માટે રાણી લોકોની ખાત્રી કરી આપવા માટે આગળ આવવા જતી હતી, પણ એટલામાં પોતાની સાથે થોડી લશ્કરી મદદ લઇને પેલો નીચ મોહનસિંગ ત્યાં આવી પહોંચ્યો. શહેરના લોકો પણ હથિયારબંધ જ હતા, એટલે તુરત લડાઇની શરૂઆત થઇ! રાણીને અને રમણીને મેં જેમ તેમ કરીને એક વાર બહાર કાઢ્યાં અને એક

મજબૂત ઠેકાણે હું તેમને લઇ ગયો. રાજા ત્યાં આગળ જ નજીકમાં ઉભો હતો, એટલે તેને માટે રાણીને ચિંતા થવા લાગી, અને તેણે પણ લડાઇની જગ્યાએ જવાની હઠ લીધી; પણ મેં કહ્યું: "બાઇ-સાહેબ! આપ જો એવું સાહસ કરશો, તો આ નાની બાળકીનું રક્ષણ કેવી રીતે થશે?" રાણીએ જવાબ આપ્યો: "ધર્મવીર! એ તમારૂં કહેવું ખરૂં છે. આ બાળકીને માટે મને ચિંતા થાય છે, તેથી તમે જ આગળ જઇને લડાઇનું શું પરિણામ આવે છે તે જુઓ અને પછી મને તે નિવેદન કરો, એટલે મને બીજું કશું જોઇતું નથી!"

જ્યાં લડાઇ ચાલતી હતી ત્યાં હું ગયો. તે વખતે ઘણા માણસો પાછળ હઠતા હઠતા શહેરની બહાર નીકળી ગયા હતા. હું ઘોડાપર બેસીને ત્યાં ગયો, એટલામાં બે સ્વાર ઘોડા દોડાવતા મારી તરફ આવ્યા. તેઓમાંનો એક રાજા હતો અને બીજો વીરોત્તમ હતો. વીરોત્તમે પોતાની આંખ ઉપર પાટો બાંધેલો હતો, તે ઉપરથી મેં અનુમાન કર્યું કે તેની આંખને કાંઇ ઇજા થઇ હોવી જોઇએ. વીરોત્તમને જોઇને રાજા બોલ્યો: "મારા શૂરવીર મિત્ર! વાઘની પેઠે મારા લોહીના તરસ્યા બનેલા શત્રુ પાસેથી મારો બચાવ કરીને તેં મારો જીવ બચાવ્યો, તેના બદલામાં હું તને શું ઇનામ આપું?"

વીરોત્તમે શાંતિથી ઉત્તર આપ્યો: "મને બદલાની બિલકુલ જરૂર નથી. હું તો આપનો નોકર જ છું. આપની સામે ઉઠેલા બીજા નોકરોના હાથમાંથી મેં આપનો બચાવ કર્યો તે મેં મારૂં કર્તવ્ય સમજીને જ કર્યો છે. આપનો જીવ બચાવીને આપને નાસી જવામાં મેં મદદ કરી; તે કામમાં મારી એક આંખ ફૂટી છે, તોપણ હું તેની બિલકુલ દરકાર કરતો નથી. મારા જેવા અજાણ્યા માણસને આપે આશ્રય આપ્યો એ જ આપનો મારાપર ઉપકાર થયો છે. મને મારી આંખની કાંઇ જ દરકાર નથી. આટલો વખત આપણે એકઠા રહ્યા હતા, પણ હવે હું આપની રજા લઉં છું. આપે આજસુધી મને જે કાંઇ આપ્યું છે તેટલું મારે માટે બસ છે. હવે પછી આપ જો વિજયી થશો તોપણ હું આપની પાસે રહેવા ઇચ્છતો નથી. જે માણસે એક નિરપરાધી બ્રાહ્મણના રક્તથી પોતાના હાથને કલંકિત કર્યો છે, તેની પાસે હવે પછી રહેવાની મારી બિલકુલ ઇચ્છા નથી!"

વીરોત્તમના એ છેવટના શબ્દો સાંભળીને રાજાને બહુ જ આશ્ચર્ય લાગ્યું. તે કાંઇ ઉત્તર આપવા જતો હતો, પરન્તુ તેના મુખમાંથી શબ્દો નીકળ્યા પૂર્વે જ તે વીરે પોતાના ઘોડાને એડી મારીને દોડાવ્યો.

અને પોતે ચાલતો થયો! પોતાની નજરની બહાર વીરોત્તમને થએલો જોતાં જ રાજાએ મને કહ્યું: "એ પણ મને અપરાધી સમજે છે! જે બનાવ બન્યો છે તે ઉપરથી બીજાઓને પણ એવું જ લાગે એ સ્વાભાવિક છે! મારા કમનસીબને લીધે મને એ સર્વ હકીકત કહેવાની ફુરસદ નથી. પછીથી હું તે સર્વ સ્વસ્થ રીતે કહીશ. અત્યારે મારો કિલ્લો મારી રૈયતે કબ્જે થએલો છે, તેથી હવે આપણે મારા સસરાના કિલ્લા તરફ જઇએ."

પછી હું મોટી યુક્તિથી રાજાને રાણી પાસે તેડી ગયો. પોતાનો પતિ સુખરૂપ છે એ જોઇને તે સાધ્વી સતીને અત્યંત આનંદ થયો. અમે અમારી મસલત રાણીને કહી અને રાણીએ પણ તેમાં સંમતિ આપી. કિલ્લાની કેવી અવસ્થા છે એ જોવાનું એક વાર મારા મનમાં આવ્યું પણ રાજાએ મને તેમ કરવાની ના કહી. હું મહારાજનો વિશ્વાસુ માણસ હતો એ સૌ કોઇ જાણતા હતા, તેથી કદાચ લોકો મારાપર તૂટી પણ પડે એવો ભય તેમને લાગતો હતો. અમે ચારે જણ ઘોડાપર બેસીને કિલ્લો છોડી જવાને તૈયાર થયાં. દુર્જનસિંહની હદમાં થઇને અમારે જવું પડે તેમ હતું અને દુર્જનસિંહની સાથે અમારે શત્રુતા હતી એ તો મેં આપને પૂર્વે કહેલું જ છે. છેવટે અમે ઇશ્વરપર ભરોસો રાખીને નીકળ્યાં, પણ ઇશ્વરેએ અમને મદદ કરી નહિ! આ તોફાનની હકીકત દુર્જનસિંહના બાતમીદારે પહેલેથી જ તેને કહી હોવાથી તે પોતાના બધા સૈન્યની સાથે કિલ્લો કબ્જે કરવાને નીકળ્યો હતો. અમે ચારે જણાં આપોઆપ તેના જ હાથમાં જઈ પડયાં. રાણીની વિનતિ ઉપર લક્ષ નહિ આપતાં દુર્જનસિંહે દાનવીરરાયને કેદ કરી લીધો અને અમને ત્રણ જણને તેણે છોડી દીધાં. અમે નિરાશ થઇને રાણીના પિયેરમાં શાંતિસિંહને ત્યાં જઇ પહોંચ્યાં. તેણે અમને આશ્રય આપ્યો. રાણીને ખબર હતી એટલી હકીકત તેણે પોતાના પિતાને કહી, પરન્તુ આચાર્યનું ખૂન કેવી રીતે થયું તે વિષેની તેને ખબર નહિ હોવાથી તે તે કહી શકી નહિ. થોડા દિવસો પછી શાંતિસિંહે પોતાના કારભારીને દુર્જનસિંહ પાસે મોકલ્યો અને પોતાના જમાઇને મુક્ત કરવાના બદલામાં તેને કેટલો દંડ જોઇતો હતો તે વિષે તજવીજ કરાવી. પરન્તુ દુર્જનસિંહે એવો જવાબ આપ્યો કે "દાનવીરરાય ઉપર શ્રીપતિશંકરનું ખૂન કરવાનો આરોપ આવેલો છે, તેથી સંગમપુરના મહારાજાધિરાજનો હુકમ આવ્યા વિના હું તેને છોડવાનો નથી."

પછી એક વાર ફરીથી પ્રયત્ન કરી જોવાનો મને પોતાને વિચાર થયો તેથી હું જ દુર્જનસિંહની પાસે ગયો. મેં તેને કહ્યું કે "રાજાની સાથે રાણીને પણ કેદમાં જ રાખો, પરંતુ તે બન્નેને આમ એક બીજાથી વિખૂટા રહેવા દો નહિ." પણ મારી તે વિનતિ તેણે સાંભળી નહિ. છેવટે મોટા પ્રયાસે મને માત્ર રાજાને મળવાની પરવાનગી મળી. જ્યારે તેની સાથે મારો મેળાપ થયો ત્યારે તેણે અથથી ઇતિ સુધીનો સર્વ વૃત્તાંત મને કહ્યો. ભભૂતમલની સાથે થએલી વાતચીત, તેણે શ્રીપતિશંકરનું ખૂન કર્યાની હકીકત, નદી ઉપર ભભૂતમલ મળ્યો એ પ્રકાર, એ સર્વ તેણે મને વિસ્તારથી કહ્યું. છેવટે તેણે મને કહ્યું: "ધર્મવીરરાય ! હમણાં તમે આ વાત ખુલ્લી કરશો નહિ, કારણકે તેથી કશો લાભ થવાનો સંભવ નથી, એટલું જ નહિ, પરંતુ એ ખૂન ભભૂતમલે કર્યું હતું એ વાત મારા સિવાય બીજા કોઇના પણ જાણવામાં નહિ હોવાથી તે કોઇને સાચી વાત લાગશે નહિ. એ શાક્તપંથીઓનું સામર્થ્ય ઘણું મોટું છે. હું ભભૂતમલનું નામ આપું છું એવું જો તેઓના જાણવામાં આવશે, તો તેઓ મને અહીંથી ઉંચકી જઇને કાલિકાની મૂર્તિને બળિદાન આપશે ! જો ઇશ્વરકૃપાથી હું આ કેદમાંથી મુક્ત થઇશ તો સારી પેઠે સૈન્ય એકઠું કરીને અને પાકી તૈયારી કરીને આ સર્વ વાત લોકોમાં જાહેર કરી ભભૂતમલની સાથે તેમજ દુર્જનસિંહની સાથે યુદ્ધ કરીશ. તમે હવે પાછા ફરીને મારી સ્ત્રી તથા પુત્રીને ધીરજ આપજો તથા તેમને મારો આશીર્વાદ કહેજો. મહારાજાધિરાજની પાસે મારા સસરાનું સારૂં વજન પડેછે, તેથી તેમને ખાસ સંગમપુર જઇને મારે માટે ખટપટ કરવાની તમે વિનતિ કરજો. મહારાજાધિરાજનો હુકમ અમાન્ય કરવાની હિંમત દુર્જનસિંહ ધરાવી શકે તેમ નથી."

મેં તે વાત કબૂલ કરી અને હું શાંતિસિંહ પાસે પાછો આવ્યો. મેં તેમને એ સર્વ વાત કહી. દાનવીરરાય નિર્દોષ છે, એ સાંભળીને શાંતિસિંહને અને રાણીને બહુ જ આનંદ થયો, પણ દુર્જનસિંહની સાથે યુદ્ધ કરવાનું સામર્થ્ય તે વખતે શાંતિસિંહમાં નહોતું. વળી દાનવીરરાયના કિલ્લામાંનું લશ્કર પણ દુર્જનસિંહના પક્ષમાં જતું રહ્યું હતું, કારણકે દુર્જનસિંહે અમારો કિલ્લો કબ્જે કરતાંની સાથે બધી પ્રજાનું દુઃખનું મૂળ જે મોહનસિંગ હતો તેને પકડીને ફાંસી દીધી હતી. આ પ્રમાણે સ્થિતિ હોવાથી શાંતિસિંહે લાંબો વિચાર કરીને હાલ તુરત સ્વસ્થ બેસી રહેવાનો જ ઠરાવ કર્યો.

પછી **શાંતિસિંહ** પોતે **સંગમપુર** ગયા અને તેમણે સર્વ વૃત્તાંત-માંહે મીઠું મરચું ઉમેરીને રાજાધિરાજને કહી સંભળાવ્યો. તે ઉપરથી તેમણે પોતાના આઠ પ્રધાનોને બોલાવ્યા અને બનેલા બનાવની સંપૂર્ણ તપાસ કરવાનો હુકમ કર્યો. એ જ વખતે દુર્જનસિંહે પણ દાનવીરરાય સંબંધે મહારાજાને સાચી-ખોટી વાતો કહીને તેમના મનને કલુષિત કરવાનો પ્રયત્ન કર્યો. મહારાજાના હુકમથી દાનવીરરાયનો જીવ લેવો એવી તેની ઇચ્છા હતી, પણ તેનું કાંઇ જ ચાલ્યું નહિ. પ્રધાનમંડળે ફુરસદે બધી તપાસ કરી અને છેવટે કેદમાંથી દાનવીરરાયને મુક્ત કરીને તેને **શાંતિસિંહ**ની પાસે મોકલી દીધો. ત્યાં તે પોતાની સ્ત્રી તથા પુત્રીને આનંદથી મળ્યો.

દુર્જનસિંહે રાજાને કેદમાંથી મુક્ત કર્યો ખરો પણ તેનો કિલ્લો પાછો સોંપવાને તે કબૂલ નહોતો, કારણકે રાજાધિરાજે માત્ર તેને છોડી દેવાનો જ હુકમ કર્યો હતો. કિલ્લો પાછો સોંપવાને તેમણે હુકમ કર્યો નહોતો, એવું તેનું કથન હતું. તેથી સસરા-જમાઇએ પુનઃ મહારાજાને તે માટે વિનતિ કરવા નહિ જતાં પોતાના જ બળને આધારે કિલ્લો પાછો મેળવવાનો વિચાર ઠરાવ્યો.

તેમણે પોતાનું લશ્કર તૈયાર કર્યું. કેટલાક કિલ્લેદારોએ પણ મદદ આપવાનું કબૂલ કર્યું. કેટલાક નવા માણસોને નોકરીમાં રાખ્યા અને તેઓને ઉત્તમ હથિયારો આપ્યાં. દાનવીરરાયે સેનાપતિપદ સ્વીકાર્યું અને બધા સૈન્ય સાથે પોતાનો કિલ્લો પાછો લેવા માટે તેણે સ્વારી કરી. કિલ્લામાં દુર્જનસિંહનું સૈન્ય પણ એકઠું થએલું હતું. એ લડાઇ ઘણા દિવસસુધી ચાલી. છેવટે દુર્જનસિંહના માણસોને કિલ્લો છોડી દેવાની ફરજ પડી. દાનવીરરાયે આનંદપૂર્વક કિલ્લામાં પ્રવેશ કર્યો ખરો પણ તેનો એ આનંદ લાંબા વખતસુધી ટક્યો નહિ, કારણકે દુર્જન-સિંહના સૈન્યે કિલ્લો છોડી જતી વેળાએ તેને આગ લગાડી હતી અને તેનો કેવળ વિધ્વંસ કરી નાંખ્યો હતો.

એ પ્રમાણે આ જુના કિલ્લાનો નાશ થયો ! અત્યારે તેની જે સ્થિતિ દેખાય છે તે સ્થિતિ તે જ સમયથી પ્રાપ્ત થઇ છે ! પોતાના કિલ્લાને આગ લગાડી હતી અને તેનો નાશ કરવામાં આવેલો જોતાં જ દાનવીરરાયનો ક્રોધ બહુ વધી ગયો અને તેણે કિલ્લામાંના સર્વ માણુ-સોની કતલ ચલાવી ! કિલ્લો દાનવીરરાયના હાથમાં આવ્યાને એક બે દિવસ થયા-ન થયા, એટલામાં તો દુર્જનસિંહ પોતે સૈન્ય લઇને ત્યાં આવ્યો. દાનવીરરાય બળેલા કિલ્લામાં ભરાઇ બેઠો છે; તેથી તુરત જ

તે કબ્જામાં આવી જશે, એવી તેની ખાત્રી હતી. દાનવીરરાય આ સ્થિતિ જાણી ગયો અને ભવિષ્યમાં ભૂખે મરી જવું પડે તે કરતાં તો લડીને મરવું સારું એવો તેણે નિશ્ચય કર્યો, અને જોરથી હલ્લો કરીને તે બહાર નીકળી લડવા લાગ્યો. પણ તેને એ લડાઇમાં ભયંકર જખમો વાગ્યા. તે જેમ તેમ કરીને **શાંતિસિંહ**ના કિલ્લાસુધી જઇ પહોંચ્યો, અને એક વાર પોતાની વ્હાલી પુત્રી તથા પત્નીનું છેવટનું દર્શન કરીને તેણે પ્રાણત્યાગ કર્યો ! આ બનાવથી બાઇસાહેબને જે દુઃખ થયું તેનું વર્ણન હું શું કરું? ભાગ્યમાં જે કાંઈ લખ્યું હતું તે ભોગવ્યા વિના બાઇ સાહેબને માટે બીજો કાંઇ માર્ગ જ રહ્યો નહોતો. **શાંતિસિંહ**ના કિલ્લામાં આ દુઃખથી ચાલેલી ગરબડ જરા શાંત થઇ–ન થઇ એટલામાં તો દુર્જનસિંહ પોતાના સૈન્યની સાથે તે કિલ્લાપર ચડી આવ્યો ! ત્યાં પણ ભયંકર લડાઇ થઇ અને તેમાં **શાંતિસિંહ**ની હાર થઇ. પછી દુર્જનસિંહે ફક્ત રાણી તથા રમણીને કેદ કરીને બાકીના સઘળા લોકોની કતલ કરી. કિલ્લાને પણ તેણે આગ લગાડી. કિલ્લાની આસપાસનો દસ દસ ગાઉનો પ્રદેશ તેણે ઉજ્જડ બનાવી મેલ્યો અને પછી તે પોતાના કિલ્લામાં પાછો ફર્યો. રાણીને પોતાના જનાનામાં રાખવાનો તેનો વિચાર હતો તેથી જતી વખતે તે મા–દીકરીને પોતાની સાથે તેડી ગયો. હું ફક્ત રાણીની સાથે રહેવાથી જીવતો રહ્યો. મને પોતાની સાથે રાખવાને રાણીએ દુર્જનસિંહને બહુએ વિનતિ કરી પણ તે વ્યર્થ ગઇ. છેવટે તેણે મને ધમકી આપી કે ‘ મારી હદમાંથી તું ચાલ્યો જા અને જો ફરીથી અહીં આવીશ તો તને ઠાર કરીશ; ’ એટલે હું આ કિલ્લામાં આવ્યો. મારું આખું જીવન આ જ સ્થળે વ્યતીત થયું હોવાથી હું એક સ્થળે બેસીને પુષ્કળ રડ્યો. આ વાતને આજે જોકે બાર તેર વર્ષ વીતી ગયાં છે, તોપણ જાણે કે તે ગઇ કાલે જ બની હોય એવું મને હજી પણ લાગે છે ! અહીં આવ્યા પછી આ આખા કિલ્લામાં ફરી ફરીને મેં તપાસ કરી પણ મારા વિના બીજું કાંઇ જોવામાં આવ્યું નહિ; તોપણ મેં તો અહીં જ રહેવાનો નિશ્ચય કર્યો.

કેટલાક દિવસ પછી મહારાજાધિરાજે દુર્જનસિંહને એ સસરા–જમાઇનો નાશ કરવાનું કારણ પૂછ્યું, પણ તેણે કેવળ બ્હાનાં કાઢીને જ એ વાતને ઉડાવી દીધી અને મહારાજાના મનનું સમાધાન કર્યું. તેણે એવું જણાવ્યું કે ‘ તે બન્ને જણાઓએ મહારાજાધિરાજની સાથે લડાઇ કરવાનો વિચાર કર્યો હતો અને તે વિચાર મારા જાણવામાં આવવાથી મેં તેમની સાથે યુદ્ધ કર્યું ! તેમના મુલકની મને

બિલકુલ જરૂર નથી! મહારાજાએ તે મુલક પોતાને કબ્જે લેવો!' એ બનાવને એક વર્ષ થયું એટલે ભભૂતમલ અને દુર્જનસિંહ વચ્ચે બખેડો જાગ્યો, પણ તે બખેડાનું કારણ મારા સમજવામાં આવ્યું નહિ. દાનવીરરાયે કબૂલ કર્યા મુજબ કદાચ ભભૂતમલે રમણી ઉપર પોતાનો હક્ક જણાવ્યો હશે! તે બન્નેની વચ્ચે લડાઇ થઇ અને તેમાં દુર્જનસિંહ મરાયો. ભભૂતમલ એ લડાઇમાં જીત્યો એટલે તેણે તે કિલ્લાને પણ આગ લગાડી અને તેની ધૂળધાણી કરી નાંખી!

બસ! મારો વૃત્તાંત પૂરો થયો!! તે દિવસથી તે બન્ને જણુ-ની મને કશી ખબર નથી. મને લાગે છે કે તે મા દિકરી આગમાં જ બળી મૂઆં હશે. જ્યારે લડાઇનો પ્રારંભ થયો ત્યારે તે બન્ને કિલ્લાની અંદર હતાં એવું લોકો કહે છે.

પ્રકરણ ૨૪ મું.

તર્ક-વિતર્ક.

ધર્મવીરે કહેલી આ વાર્તા થોડીએક સાભળતાંની સાથે બળ-વંતસિંહના મનમાં સંશય આવવા લાગ્યો હતો. પોતે કાંઇક નવી વાત જાણી શકશે એવું તેને માલૂમ પડવા લાગ્યું હતું. જેમ જેમ તેણે વધારે ને વધારે વાત સાંભળી, તેમ તેમ તેના મનની ગુંચવણ પણ વધારે ને વધારે થવા લાગી.

લગભગ અર્ધી વાત સાંભળતાં પહેલાં તેને એવી ખાત્રી થવા લાગી કે જમનીએ સંગમપુરના બગીચામાં કહેલી વાર્તા અને આ વાર્તા કેવળ એક જ હતી. ફક્ત નામમાં જ ફેરફાર હતો. એ બન્નેએ કહેલી વાર્તાના સરખાપણા ઉપરથી તેની ખાત્રી થઇ કે જમનીએ કેટલોક ફેરફાર કરીને એ જ વાત કહી હતી. પણ એ વાત સાંભળતી વખતે વચમાં બળવંતસિંહ કાંઇ પણ બોલ્યો નહિ. તેણે નિરાંતે સ-ઘળી હકીકત સાંભળી લીધી.

જમનીએ કહેલી વાર્તામાં વીરોત્તમનું નામ જ નહોતું. તે જ પ્રમાણે ધર્મવીરે કહેલી વાર્તામાં જમનીનું નામ નહોતું. એટલું જ નહિ, પણ દાનવીરરાયની રાણીને એક સાથે બે પુત્રીઓનું જોડકું જન્મ્યું હતું તે વિષે એક શબ્દ પણ ધર્મવીરની હકીકતમાં નહોતો.

તો પછી એ જમની કોણ વારૂ? દાનવીરરાયના કુટુંબ સાથે

તેનો શો સંબંધ હશે ? લતિકાદેવીનું બીજું નામ રમણી હતું એ બળવંતસિંહને સાંભર્યું, પણ જમની એ કોણ ?

કદાચ દાનવીરરાયની સ્ત્રી દુર્જનસિંહની કેદમાં હતી ત્યારે તેણે વ્યભિચાર કર્યો હોય અને તેથી જમનીનો જન્મ થયો હોય, એવી શંકા બળવંતસિંહને આવી. એક બીજી એવી પણ કલ્પના આવી કે તેના પતિના મરણસમયે તે ગર્ભવતી હોય અને ધર્મવીરના જાણવામાં એ વાત ન હોય, તોપણ જમનીનો જન્મ સંભવિત છે. પણ પોતાના એ બન્ને તર્કો ખોટા છે એવી તેની તુરત જ ખાત્રી થઇ, કારણકે જો એમ થયું હોય તો લતિકાદેવી અને જમનીના વયમાં છ વર્ષનું અંતર હોવું જોઇએ પરન્તુ વસ્તુતઃ તેમની વયમાં એક દિવસનો પણ ફેરફાર માલૂમ પડતો નહોતો !

લતિકાદેવી અને જમની એ બન્ને કેવળ નિકટની સગાઇ ધરાવતી હોવી જોઇએ એ તો બળવંતસિંહના મનમાં નિશ્ચિત હતું. જો તેમનાં શરીરોનો રંગ જૂદો જૂદો ન હોત, તો તે બન્ને જણીઓ કેવળ એકસરખી જ દેખાતી હોત. બન્નેનો ચહેરો, ઉંચાઇ, બાંધો, આંખો, સ્વર એ બધું એટલું સરખું હતું કે તે બન્ને એક જ ઉદરમાંથી જન્મી હોવી જોઇએ એવું બળવંતસિંહને લાગ્યું.

વળી બીજી એક શંકા બળવંતસિંહના મનમાં આવી. જમનીએ પોતાની વાર્તામાં જેને જમદેવ નામ આપ્યું હતું તે તો ભભૂતમલ જ હતો. તો પછી પોતાની સાથે જમનીની વતી લડવાને આવ્યો હતો એ વીર કોણ હશે ? ભભૂતમલ તો તે વખતે કેદમાં હતો, એ વિષે જરા પણ શંકાને સ્થાન નહોતું.

ધર્મવીરની વાર્તા સાંભળવાથી એવા અનેક તર્કવિતર્ક બળવંતસિંહના મગજમાં ઉત્પન્ન થવા લાગ્યા, પણ તેણે તે વિષે વચમાં ધર્મવીરને કાંઇ જ પ્રશ્ન કર્યો નહિ. તેણે જેવી વાત કહી તેવી બળવંતસિંહે સાંભળી લીધી. બળવંતસિંહે વિચાર કર્યો કે જમની સાથે જ છે, એટલે હવે તેને પૂછીને એનો ખુલાસો કરી લઇ શકાશે. આ વાર્તા તેણે પોતાના સંબંધમાં કેવી રીતે લાગુ પાડી દીધી તે તેને અવકાશે પૂછી લેવું એવો તેણે વિચાર કર્યો.

ધર્મવીરની એ કરૂણાજનક અને અત્યંત ચમત્કારિક વાર્તા પૂરી થઇ. તે વેળાએ બહુ રાત વીતી ગઇ હતી; પણ સૂર્યાસ્ત ક્યારે થયો અને રાત ક્યારે પડી તેનું તેને બિલકુલ ભાન નહોતું. ધર્મવીર વાર્તા કહેવામાં અને બળવંતસિંહ વાર્તા સાંભળવામાં કેવળ ગરક બની ગયા હતા !

છેવટે બળવંતસિંહે ધર્મવીરને કહ્યું: "કારભારી સાહેબ! આ હકીકત સાંભળીને મને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે! એ હકીકત સંબંધે મારે હજી તમારી સાથે ઘણી વાતચીત કરવાની છે; તોપણ હું આપને એટલું કહું છું કે તમારી રમણી હજી હૈયાત છે!"

"શું? રમણી હૈયાત છે? ક્યાં છે તે? મને જલદી કહી દો!" ધર્મવીર આનંદથી બોલ્યો: "ચાલો, મને તેની પાસે લઇ જાઓ! હું મરણ પામું તે પહેલાં એક વાર તેને મળવાની મારી ઇચ્છા છે!"

"શાંત થાઓ! શાંત થાઓ! હું અત્યારે જ આપને તેની પાસે લઇ જઇ શકું તેમ નથી. અત્યારે તે ક્યાં છે તે હું જાણતો નથી. પણ મેં તેને ઘણી વાર જોઇ છે!"

"અત્યારે તે જુવાનીના ખરેખરા રંગમાં હશે. તે બહુ જ સુંદર હશે, નહિ વારૂ? તે ખુશીમાં છે ને? તે પોતાની માતાના જેવી સારા સ્વભાવની છે ને?" ધર્મવીરે ઉત્સાહમાં ઉપરાઉપરી પ્રશ્નો કરવા માંડ્યા.

બળવંતસિંહે કહ્યું: "હા. તે અતિસુંદર છે. તેની માતા કેટલાક વખત પહેલાં મરણ પામી છે એવું પણ મારા સાંભળવામાં આવ્યું છે. પણ આપ જે કહો છો કે તે દુર્જનસિંહના કિલ્લામાં મરણ પામી હશે, તે અનુમાન ખરૂં નથી. તે વિષે આપણે આવતી કાલે વધારે વાતચીત કરીશું; પણ મને કહો કે આ સર્વ હકીકત–આ સર્વ ભયંકર પ્રકાર આ પ્રાંતના સર્વ લોકોના જાણવામાં છે શું?"

"આ વાત સાધારણ રીતે સૌ કોઇ જાણે છે, પણ દાનવીરરાયે ભભૂતમલ સાથે કરેલો કરાર, શ્રીપતિશંકરના મૃત્યુનું ખરૂં કારણ, કાલિકાની મૂર્તિ સંબંધી ભયંકર વાત, એટલું માત્ર આ પ્રાંતમાં કોઇ જાણતું નથી." ધર્મવીર બોલ્યો.

"તો પછી આપે મને તે સઘળું કહ્યું, તેનું શું કારણ?" બળવંતસિંહે પૂછ્યું.

"આપના થોડા પરિચય ઉપરથી પણ મારી ખાત્રી થઇ છે કે આપ અત્યંત શૂરવીર અને ઉદાર પુરૂષ હોવા જોઇએ અને આપનો જન્મ ઉંચા કુળમાં થયો હોવો જોઇએ; તેથી મેં આપને સર્વ હકીકત ખુલાસાવાર કહી સંભળાવી." ધર્મવીરે ઉત્તર આપ્યો.

તેનો હાથ પકડીને બળવંતસિંહ બોલ્યો: "મારા મિત્ર! તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે. પણ મારે તમને એક બીજી વાત પૂછવાની છે. દાનવીરરાયનાં પત્નીને એ રમણી સિવાય બીજી એકકે પુત્રી હતી કે નહિ?"

ધર્મવીર બોલ્યો: "એ બિલકુલ સંભવતું જ નથી. હું એમ માનું છું કે તે ઘણું કરીને દુર્જનસિંહના કિલ્લામાં જ બળી મૂઇ હશે!"

ધર્મવીર પાસેથી કાંઈ વિશેષ સ્પષ્ટ બાતમી મેળવવાની ઇચ્છાથી બળવંતસિંહે પૂછ્યું: "વારૂ, પણ બરાબર રમણીના જેવી જ બીજી કોઇ બાળા તેનાં આપ્તજનોમાં હતી ખરી?"

"નહિ, બિલકુલ નહિ!" ધર્મવીરે પૂછ્યું: "પણ આપ આટલી બધી ચોકસી શામાટે કરો છો વારૂ?"

"તેનું કારણ હું આપને આવતી કાલે સ્હવારે જણાવીશ." બળવંતસિંહ બોલ્યો. એટલામાં દાદરપર કોઇનો પગરવ સંભળાયો. રેવા અને રાધા ઉપર આવતી હતી. ધર્મવીરની સાથે બળવંતસિંહ વાતચીત કરી રહ્યો છે એવું તે જાણતી નહોતી. તેને ત્યાં જોતાં જ તેઓ ચમકી, પરન્તુ તેને અંદર બોલાવીને બળવંતસિંહે પૂછ્યું: "તમારી બાઇને હવે કેમ છે વારૂ?"

"લગભગ એકાદ પ્રહરસુધી તેમને ગાઢ નિદ્રા આવી હતી." રેવા બોલી: "હવે તે જાગૃત થયાં છે. તેમને હવે સારૂં છે."

રાધા બોલી: "જાગૃત થતાં જ સૌથી પહેલાં તેમણે આપના ખબર પૂછ્યા."

"એટલે તમે મને શોધવાને આવ્યાં?" બળવંતસિંહે પૂછ્યું.

"હા, મહારાજ!" રેવા બોલી: "અમે પહેલાં ઉપર તપાસ કરીને પછી નીચે જવાની હતી. પણ અમારી એ તસ્દી બચી ગઇ. વારૂ, પણ આપને માટે સૂવાની કાંઇ વ્યવસ્થા અહીં થઇ છે કે નહિ?"

"આ કાકાશ્રીએ મારે માટે સઘળી ગોઠવણ કરી છે." બળવંતસિંહે પૂછ્યું: "પણ મારે જમનીને મળવું છે, તો તે જાગે છે કે કેમ વારૂ?"

"તે હું જોઇ આવું." એમ કહીને રેવા નીચે ગઇ.

પુનઃ થોડી વારમાં તે પાછી આવી. જમની જાગતી જ હતી. બળવંતસિંહ એકલો જ તેને મળવા માટે નીચે ઉતર્યો. રેવા અને રાધા બન્ને જણીઓ ઉપર રહી.

પ્રકરણ ૨૫ મું.

ઠગનારી અને ઠગાએલો.

જે સ્થળે જમની સૂતી હતી, તે સ્થળ બહુ વિશાળ નહોતું. ત્યાં એક ઝાંખો દીવો બળી રહ્યો હતો. તે એક બાજુએ પડી હતી.

તેના જખમાએલા હાથ ઉપર પાટો બાંધેલો હતો. બળવંતસિંહ પોતાની તરફ આવે છે, એવું જોતાંની સાથે જ તે બેઠી થવા લાગી; પરન્તુ બળવંતસિંહ એકદમ આગળ આવીને બોલ્યોઃ "જમની! રહેવા દે, ઉઠવાનું કાંઇ કારણ નથી. તેથી તને કદાચ ઇજા થશે."

થોડી વાર તેની તરફ જોઇને બળવંતસિંહે પૂછ્યુંઃ "કોઇ બાબત વિષે મારે તારી સાથે વાતચીત કરવાની છે. તારામાં શક્તિ તો છે ને?"

"હું કેવળ મોતને બિછાને પડી હોઉં, તોપણ હું આપની સાથે બોલ્યા વિના રહું નહિ, પણ એવું તે આપને શું પૂછવાનું છે વારૂ? મને તે જલ્દી પૂછો. મને એવી રીતે સંશયમાં રહેવા દો નહિ." જમની પોતાના પ્રિયતમના હૃદયના વિચારો જાણી લેવાના હેતુથી બોલી.

કિંચિત્ દિલગીર થએલા બળવંતસિંહે પૂછ્યુંઃ "આ કિલ્લાના ખંડેરમાં આપણને મળેલો ડોસો તારી ઓળખાણવાળો છે શું? આ ચાર–છ ઘટિકાની અંદર કેટલી બધી હકીકત મારા જાણવામાં આવી છે તેની તને કલ્પના પણ છે શું?"

"હા!" જમની કેવળ સ્તબ્ધ બની જઇને બોલીઃ "આપના ચહેરા ઉપરથી જ આપના જાણવામાં સર્વે હકીકત આવી ગઈ છે, એવું સ્પષ્ટ જણાય છે. પણ આપે સર્વ વાત જાણી, એટલે હવે આપણે વિખૂટા પડવાનો સમય કેવળ નજીક જ આવ્યોને?"

એ વખતે જમનીના ચહેરા તરફ જોઇને કોઇનું પણ હૃદય દ્રવ્યા વિના રહે નહિ. તેના તરફ કેટલીક વારસુધી જોઇ રહીને બળવંતસિંહ બોલ્યોઃ "તારા પ્રશ્નનો ઉત્તર હું અત્યારે આપતો નથી. તેનો ઉત્તર તને તારૂં મન જ આપતું હશે. હું કેવો માણસ છું, તે તો તું જાણે છે; તેટલા માટે કહું છું કે એવું જ કાંઇ મહત્ત્વનું કારણ મળ્યા વિના હું તારો ત્યાગ કરીશ નહિ. મેં હમણાં પેલા ડોસાને મુખે જે હકીકત સાંભળી તે ઉપરથી મારૂં મન સંશયમાં પડેલું છે. મને લાગે છે કે મારી શંકાનું કદાચ તું સમાધાન કરી શકીશ નહિ."

જમની પોતાનું મ્હોં હાથવડે ઢાંકી દઇને બોલીઃ "આપનો અને મારો હવે કાંઇ સંબંધ જ રહ્યો નહિ!" એમ કહીને તેણે પોતાનું મ્હોં બીજી દિશાએ ફેરવ્યું. બળવંતસિંહ સમજી ગયો હતો કે તેણે પોતાને ઠગ્યો છે, પરન્તુ તે એટલું સમજી શક્યો નહિ કે એમ કરવામાં તેનો શો હેતુ હશે. તેનો પોતા ઉપર પ્રેમ હતો એ તો તે જાણતો હતો. જમનીના મનમાં કાંઇક બોલવાની ઇચ્છા હતી,

પણ તેના મુખમાંથી શબ્દ જ નીકળી શકતો નહોતો !

તેની આવી દુઃખદ સ્થિતિ જોઇને બળવંતસિંહને એક વાર એવું લાગ્યું કે તેનો ગમે તેવો અપરાધ હોય તોપણ તેને અવશ્ય ક્ષમા કરવી; પણ તેમ કરવામાં કોઇ જાતની અગમ્ય શકિત આડી આવતી હોય એવું તેને જણાવા લાગ્યું. બે ત્રણ વાર તેને ગાઢ આલિંગન આપવાનું તેને મન થયું, પણ તેમ કરવાનું ધૈર્ય તેનામાં આવ્યું નહિ. એમ કરવું નહિ, એવો જ અવાજ તેના અંતરમાંથી સ્ફુરવા લાગ્યો. છેવટે તેણે તેને કહ્યુંઃ "જમની ! તું કહે છે તે ખરૂં છે. આપણી વચ્ચે હવે કાંઇ જ સંબંધ રહ્યો નથી ! હું હવે તારી છેવટની મુલાકાતે આવ્યો છું."

એ શબ્દો સાંભળતાં જ જમની એકદમ ઉઠીને બિછાનાપર બેઠી. એ વખતે તે જખમની વેદનાને કેવળ વિસરી ગઇ હતી ! તે નિરાશ થઇને બોલીઃ "ઓ પ્રભુ ! છેવટે શું આવો જ પ્રસંગ આવ્યો ? આપણે હવે એક બીજાની છેવટની મુલાકાત લેવી જોઇએ શું ? મારે મારા ભાગ્ય ઉપર જ અવલંબી રહેવું જોઇએ. બીજો કાંઇ ઉપાય નથી. પણ મારે એક વાત આપને કહેવાની છે. મેં આપને ઠગ્યા છે ખરા, પણ પહેલેથી જ—વીરોત્તમ મહારાજની છાવણીમાં મારો અને તમારો પ્રથમ સમાગમ થયો ત્યારથી જ—આપના ઉપર મારો પ્રેમ જડાયો છે ! મહારાજ ! ભલે આપણે એક બીજાની છેવટની મુલાકાત લેતાં હોઇએ, તોપણ આ છેવટની મુલાકાત વેળાએ પણ આપ મારા પર ગુસ્સે થશો નહિ ! મારા સર્વ અપરાધોની મને ક્ષમા કરો ! હવે પછી મારૂં નામ પણ આપના સાંભળવામાં આવશે નહિ ! હું મારૂં આ કાળું મ્હોં લઇને કોઇ પણ દૂરના દેશમાં ચાલી જઇશ. તેટલા માટે જ હું આપને વિનતિ કરૂં છું કે આપ મારો તિરસ્કાર કરશો નહિ. મને ક્ષમા કરો એટલે મારા અંતરની ગભરામણ દૂર થશે. આજસુધી મને આપના પ્રેમથી જે સુખ થતું હતું તે જ સુખ હવે પછી મને આપના ક્ષમાના શબ્દોથી થશે !"

પોતાની સાત્વિક વૃત્તિને વશ થઇને તેનો હાથ ગ્રહણ કરી બળવંતસિંહ બોલ્યોઃ "જમની ! મને છોડી જવા પૂર્વે તું સર્વ વાતનો ખુલાસો નહિ કરે શું ?"

પોતાનાં ચક્ષુઓને લૂછીને જમની બોલી "મહારાજ ! આપને હવે કઇ વાતનો ખુલાસો જોઇએ છે ?"

બળવંતસિંહે પૂછ્યુંઃ "પેલા ડોસાને જેટલી વાતની ખબર હતી

તેટલી વાત તેણે મને કહી. પણ ત્યારપછીની હકીકત મારે બરાબર જાણવી જોઇએ. લતિકાદેવી અને તેની માતા એ બન્ને જણ દુર્જન-સિંહના કિલ્લામાં બળી મૂઆં એટલેસુધી તેણે મને કહ્યું છે."

"તે એટલી જ વાત જાણતો હતો એટલે તેણે આપને એટલું કહ્યું." જમની રડતાં રડતાં બોલી.

"તો પછી હવે આગળ મને શી વાત કહેવી જોઇએ એ તો તું જાણે છે. મેં તને ક્ષમા કરી છે ખરી, પરન્તુ મને કેટલું દુઃખ થઇ રહ્યું છે, એ તને કહેવું શા કામનું? જો તું બધો ખુલાસો કરે, તો મારા મનનું કાંઇક સમાધાન થાય."

એમ કહીને કેટલીક વારસુધી બળવંતસિંહ મુંગો રહ્યો. તેને દુઃખનો જે ઉભરો આવતો હતો, તે તે દાબી રાખવાનો પ્રયત્ન કરતો હતો. જમની પણ પોતાનાં આંસુ લૂછતી હતી. તેને તેણે કહ્યું:

"તારા એક અશ્રુબિંદુથી કોઇનું પણ મન પીગળી ગયા વિના રહે નહિ, પરંતુ હવે મારે જરા કઠીન હૃદય ધારણ કરવું જોઇએ. આપણે એક બીજાને છોડવાને તૈયાર થવું જોઇએ. થોડી જ વારમાં આપણે જૂદે જૂદે રસ્તે પડીશું."

પુનઃ એક વાર આંખો લૂછીને તે બોલી: "મહારાજ! આપનું કથન હું સમજી છું. આપને કેટલીક વાતનો ખુલાસો કરી લેવાનો છે ખરો પરન્તુ કેટલીક વાતમાં બીજાઓનો કાંઇક સંબંધ છે, તેથી તેટલું હું સ્પષ્ટ રીતે કહી શકીશ નહિ!"

અત્યારસુધી બળવંતસિંહનું હૃદય દયાથી પીગળી ગયું હતું, પણ તેના આ કથનથી તેને થોડોએક ક્રોધ ચડયો અને તે બોલ્યો: "ત્યારે તારે ઘણી વાતો મારાથી ગુપ્ત રાખવાની હોય એમ જણાય છે તો પછી મારે શું સમજવું એ તો તું જાણે છે. દાનવીર-રાવની વાત તું તારા પિતાની વાત છે એમ કેમ કહે છે? તું પોતે કોણ છે અને લતિકાદેવી તારે શું થાય છે? તારે માટે હું જેની સાથે લડયો અને હારીને જેની શરતો મેં કબૂલ કરી, તે વીર પુરૂષ કોણ હતો? તું મારા પર પ્રેમ ધરાવતી હતી, તો પછી ક્રૂર લતિકાદેવીને મારી સાથે તેં કેમ મોકલી? લતિકાદેવીએ ખૂન કરતાં જ તું આગળ કેમ થઇ? તારી સર્વ હકીકત વીરોત્તમ મહારાજ જાણે છે શું? મારા સંબંધમાં તેમણે તને કાંઇ કહ્યું છે? એ સઘળી વાતનો ખુલાસો થવો જોઇએ!"

કેટલીક વારસુધી ઉંડો વિચાર કરીને તે બોલી: "કાલે સ્હવારે

મારાથી કહી શકાશે એટલી વાત હું આપને કહીશ. અત્યારે મારૂં મન ગભરાઇ ગએલું છે. આજની રાત જવા દો, એટલે હું શાંત થઇશ!"

જેના ઉપર તેનો એક વાર પ્રેમ હતો, તેની આવી કરૂણાજનક સ્થિતિ જોઇને બળવંતસિંહને ખરાબ લાગ્યું. તે બોલ્યો: "જો તારી તેવી ઇચ્છા હોય, તો મારો કાંઇ આગ્રહ નથી. તને વિશ્રાંતિની જરૂર છે ખરી. તને વિનાકારણ દુઃખ આપવું, એવી મારી ઇચ્છા નથી. આપણે આવતી કાલે એક બીજાની રજા લઇશું." એ શબ્દો બોલતાં બળવંતસિંહનું મન દુઃખથી કેવળ વ્યાપ્ત બની ગયું. તે એક મોટો વીર નર હતો છતાં તેને રડવું આવવા લાગ્યું !

જમની તદન નિરાશ થઇને બોલી: "હા, આપણે કાલે જ એક બીજાની રજા લઇશું."

એટલું સાંભળીને જમની તરફ ન જોતાં કિંવા ત્યાં ઉભા રહીને એક પણ શબ્દ નહિ બોલતાં બળવંતસિંહ ત્યાંથી જતો રહ્યો. જેના ઉપર પોતે પ્રેમ ધરાવતો હતો, તેણે પોતાને બરાબર ઠગ્યો હતો એવી તેની પક્કી ખાત્રી થઇ હતી! પણ તેણે શામાટે અને કેવી રીતે પોતાને ઠગ્યો છે એ હજી તેના સમજવામાં આવ્યું નહોતું. બળવંતસિંહ સાત્વિક વૃત્તિનો હતો તોપણ તામસી વૃત્તિના કાલિકાપ્રસાદની સાથે વર્તવામાં કુટિલ નીતિમાંએ તે નિપુણ હતો અને જમનીનું કપટ ક્યારનો સમજી ગયો હતો!

પ્રકરણ ૨૬ મું.

છેલ્લી મુલાકાત.

રાત્રી વીતી ગઇ. સૂર્યોદય થયો. સૃષ્ટિસૌંદર્ય રમણીય દેખાવા લાગ્યું. કિલ્લાની આસપાસનો દેખાવ અધિકાધિક સ્પષ્ટ દેખાવા લાગ્યો. એવે વખતે બળવંતસિંહ પોતાના ઓરડામાંથી ઉઠીને નીચે જમનીના ઓરડામાં આવવાને નીકળ્યો. તેને આખી રાત ઉંઘ આવી નહોતી, તેથી તેણે તે કિલ્લાના ખંડેરમાં આમથી તેમ ભટકયાં કર્યું હતું. પોતાના મગજ ઉપર કોઇ પણ તરેહનો બોજો આવી રહેલો છે એવું તેને લાગતું હતું. જમનીના ઓરડાનું બારણું ઉઘાડ્યા પહેલાં થોડી વાર તે થોભ્યો. પોતાના ગુંચવાઇ ગએલા મનને શાંત કરવા માટે તે કેટલીક વારસુધી બહાર જ ઉભો રહ્યો. પોતાને થોડી વારમાં કાંઇ નવી

વાત સાંભળવાની મળશે એવી તેની કલ્પના હતી, તેથી તે તે સાંભળવાને આતુર બન્યો હતો; પણ તે થોડી જ વારમાં શાન્ત થયો અને તેણે જમનીને બોલાવી. રેવાએ દ્વાર ઉઘાડ્યું અને તે તથા રાધા ત્યાંથી બહાર જતી રહી. બળવંતસિંહે જમની તરફ જોયું તો તેની આંખો રડી રડીને સૂજી ગએલી તેની દૃષ્ટિએ પડી. તે કેવળ દુઃખમાં દબાઇ ગએલી દેખાતી હતી. તે શામાટે રડી હતી, તે પૂછવાનો સમય પણ નહોતો. દ્વાર ઉઘાડતાં જ તે ઉતાવળી ઉતાવળી બિછાનામાં બેઠી થઇ. બળવંતસિંહ અંદર ગયો અને તેણે દ્વાર બંધ કરી વાળ્યું.

ગંભીરતાપૂર્વક જમની બોલીઃ "બળવંતસિંહ મહારાજ! આપ અત્યારે મારી છેલ્લી મુલાકાત લેવાને પધાર્યા છોને? ઓ પ્રભુ! આપને આખી રાત દુઃખ થતું હતું એમ માલૂમ પડે છે. આપના વદનકમળ ઉપર જરાએ તેજ દેખાતું નથી."

તેની બાજુએ કેટલેક દૂર બેસીને બળવંતસિંહ બોલ્યોઃ "હા, મને કાલની રાત એક વૈરીના જેવી થઇ પડી હતી, અને તેમાં કાંઇ જ આશ્ચર્ય નથી. હું તારા પર પહેલેથી જ પ્રેમ ધરાવતો હતો, તે મારો પ્રેમ શું વ્યર્થ ગયો નથી? હવે પછી મારો અને તારો શો સંબંધ રહ્યો? જો મને કોઇ વાતનો ખુલાસો કરી લેવાનો ન હોત, તો હું અત્યારે અહીં આવ્યો પણ ન હોત! ઘણી ખરી વાત કાલે મારા સમજવામાં આવી છે, તોપણ કેટલીક વાતનો ખુલાસો તારા સિવાય થઇ શકે એમ નથી. કાંઇ વિશિષ્ટ હેતુ મનમાં ધારણ કરીને આ કિલ્લા સંબંધે ધર્મવીરે કહેલી હકીકત તું તારી પોતાની સાથે લાગુ કરી દેતી હતી, પણ તેમ કરવાનો તારો હેતુ મારા સમજવામાં આવ્યો નહિ. વળી તેં મને જમદેવની સાથે લડવાને મોકલ્યો, તેનું કારણ પણ મારા સમજવામાં આવ્યું નહિ. તે અંધારી રાતે મેં કોની સાથે લડાઇ કરી હતી તે મારે જાણવું જ જોઇએ! એવી વિલક્ષણ શરતો કબૂલ કરાવી લેનારો તે વીર કોણ હતો એ મારે અવશ્ય જાણી લેવું જોઇએ. માટે એ સઘળી વાતનો સ્પષ્ટ ખુલાસો કરીને મારા મગજ ઉપરનો બોજો તું હલકો કર."

જમની ગંભીરતાથી બોલીઃ "મહારાજ! આપને આખી રાત નિદ્રા આવી નહિ હોય, એ તો ખરૂં, પણ અહીં મારી કેવી સ્થિતિ થઇ હશે વારૂ? મારૂં દુઃખ અસહ્ય થઇ પડ્યું છે. રાતે શરીરમાં તાવ ભરાયો છે. મારા હાથના જખમમાંથી પુનઃ રક્ત વહેવા લાગ્યું છે. મારા દુઃખથી મારી બિચારી દાસીઓ પણ દુઃખી થઇ છે. આપણા

બન્નેના ભાવી વિયોગની હકીકત મેં તેમને કેટલા કષ્ટપૂર્વક કહી હશે? આજના જેવી ભયંકર રાત્રિ મારા શત્રુપર પણ ન આવે, એવું હું ઇચ્છું છું."

"જમની! મને તારી દયા આવતી નથી, એવું શું તું કહે છે? જોકે હવે પછી હું તારા પર પ્રેમ ધારણ કરનાર નથી, તોપણ તને જે કાંઇ મદદ જોઇતી હશે તે હું આનંદથી કરીશ! મારો વૈભવ અને મારૂં સામર્થ્ય કેટલાં છે, તેની તને કલ્પના પણ છે કે?"

"મારા પ્રેમનો બદલો દ્રવ્યથી કિંવા બીજા કશાથી પણ મળવો શક્ય નથી; તોપણ આપ આપના ઔદાર્ય અને શૌર્યના યોગથી મારૂં રક્ષણ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરો છો, તેથી મને બહુ જ આનંદ થાય છે. પણ મને પ્રેમ સિવાય બીજા કશાની જરૂર નથી. ફક્ત મારા અપરાધોને આપ અંતઃકરણથી ક્ષમા કરશો એટલે હું મારૂં મોટું ભાગ્ય સમજીશ અને તેટલા ઉપર જ દૂરના દેશમાં રહીને વખત ગાળીશ. હવે ધર્મવીરે આ કિલ્લા સંબંધી વાર્તા જ્યાંથી છોડી દીધી છે ત્યાંથી હું તે આગળ કહું છું."

બળવંતસિંહ તે વાર્તા સાંભળવાને તૈયાર થયો. કિંચિત્ સમય શાંત રહીને જમનીએ બોલવાની શરૂઆત કરી. તે બોલી: "વૃદ્ધ ધર્મવીરે આપને એવું કહ્યું હશે કે તે બન્ને મા-દીકરી દુર્જનસિંહના કિલ્લામાં બળીને મરણ પામી હોવી જોઇએ, પણ તેમ થયું નાહ. તે મા દિકરીને કેદ કર્યા પછી દુર્જનસિંહનું મન સ્ત્રીલુબ્ધ થયું. રાણીને પોતાના જનાનામાં રાખવાનું તેને મન થયું. પણ તે વીરપત્નીને એ વાત કેવી રીતે ગમે? પોતા ઉપરનો એ પ્રસંગ ટાળી દેવાને તેણે દુર્જનસિંહને એક સ્ત્રીચરિત્રનો પ્રયોગ બતાવવાનો વિચાર કર્યો. તેણે તેને કહ્યું કે પોતાના પતિના મરણને એક વર્ષ થાય ત્યાંસુધી પોતે કાંઇ પણ કરી શકશે નહિ. તેના સૌંદર્યથી દુર્જનસિંહ ઘેલો બની ગયો હતો તેથી તેણે એ વાત કબૂલ કરી પણ એક વર્ષ પૂર્ણ થયા પહેલાં જ ભભૂતમલે રમણીને પોતાને સ્વાધીન કરી લેવા માટે દુર્જનસિંહ પાસે માણસો મોકલ્યાં, પણ દુર્જનસિંહે રાણીના કહેવા ઉપરથી ભભૂતમલની માંગણીને ફેંકી દીધી-તેનું અપમાન કર્યું. દુર્જનસિંહે પોતાનો હેતુ પૂર્ણ કરવા માટે છોકરીનું રક્ષણ કરવાનું રાણીને વચન આપ્યું અને રાણીએ પણ તેને કાંઇ ચોક્કસ જવાબ નહિ દેતાં ઉડાવ્યા કર્યો. એટલામાં ભભૂતમલે પોતાના મોટા લશ્કર સાથે દુર્જનસિંહના કલ્લાપર હલ્લો કર્યો. છેવટે લડાઇમાં દુર્જનસિંહ પડ્યો અને

તેના કેટલાક માણુસો નાસી ગયા. બાકીના માણુસો વધારે વાર નહિ ટકી શકવાથી તેમણે પોતાનો કિલ્લો બાળી નાંખ્યો. એ સંધિ મળેલી જોઇને રાણી પોતાની પુત્રીને સાથે લઇ મહેલમાંથી નાઠી અને એક ગરીબ ખેડૂતના ઘરમાં જઇને ભરાઇ બેઠી. ત્યાં તેણે પોતાના શરીર-પરનાં જર-જવાહીરો કાઢી નાંખ્યાં અને એક ગરીબ સ્ત્રીના જેવો વેશ ધારણ કર્યો. રમણીને પણ તેણે તેવો જ વેશ પહેરાવ્યો. પછી તે બન્ને પગ રસ્તે ચાલતાં જઇને સંગમપુરથી દશ કોસ દૂર આવેલા એક ગામડામાં રહ્યાં. પોતાની પાસેનાં ઘરેણાંમાંથી એક વેચી નાંખીને તે વડે એક નાની ઝુંપડી તેણે ખરીદ કરી અને ત્યાં તે પોતાની પુત્રીની સાથે રહેવા લાગી. ભભૂતમલ પોતાને શોધી કાઢી શકે નહિ, તેટલામાટે તેણે પોતાનું અને પુત્રીનું નામ બદલાવી નાંખ્યું. રમણીનું નામ લતિકાદેવી રાખ્યું. તેમનાં બે વર્ષ સુખમાં ગયાં. પણ પછી એક એવો વિલક્ષણ બનાવ બન્યો કે તેથી લતિકાના સંબંધમાં કાંઇ વિશેષ ચિંતા કરવાનું પ્રયોજન રહ્યું નહિ.” કેટલીક વારસુધી સ્તબ્ધ રહીને જમની બોલીઃ “એ પ્રમાણે બે વર્ષો ગયા પછી એક દિવસ સાંજે એક ઘોડેસ્વાર પોતાની ઝુંપડીની બાજુને રસ્તે ચાલ્યો આવતો રાણીના જોવામાં આવ્યો. એ નાના ગામડામાં એવા ઘોડેસ્વારો કોઇ જ વાર દૃષ્ટિએ પડતા હતા, તેથી પુત્રીને પાસે રાખીને રાણી ઝુંપડીની બહાર જોવાને ઉભી રહી. સ્વારનો ઘોડો તેજ હતો અને વળી તે વખતે તે કાંઇ જોઇને ભડકેલો હતો, એટલે રાણીના ઝુંપડાના આંગણામાં જ તે સ્વારને પાડી દઇને ઘોડો આગળ નાસી ગયો. રાણીએ નજીક જઇને જોયું તો જણાયું કે એ સ્વાર પોતાનો ઓળખીતો હતો. પોતાનો જૂનો નોકર વીરોત્તમ જ એ હતો અને તે ત્યાં બેભાન બનીને પડેલો હતો. રાણીએ સમયસૂચકતા વાપરીને તુરત પાણી આણ્યું તથા તેની આંખો અને મસ્તકપર છાંટયું. વીરોત્તમે પોતાના પતિ ઉપર કેવા કેવા ઉપકારો કર્યા હતા તે રાણી જાણતી હતી, એટલે તેણે જેમ તેમ કરીને વીરોત્તમને પોતાની ઝુંપડીમાં આણ્યો, અને અનેક ઉપાયો કરીને તેને શુદ્ધિમાં આણ્યો. તેના જમણા હાથને કાંઇ પણ જખમ વાગ્યો હોય એવું લાગવાથી રાણીએ તેનો હાથ ઉંચો કરીને તપાસ્યો, તો તેણે આશ્ચર્ય સાથે જોયું કે એની બગલની પાસે એક તુળસીપત્ર જેવું ચિહ્ન હતું. તેને એ જોઇને એવું જ લાગ્યું કે કોઈ ઇશ્વરી સંકેતથી જ અત્યારે તેનો મેળાપ થયો હશે !”

આ વાત સાંભળીને આશ્ચર્ય લાગવાથી બળવંતસિંહ વચમાં બોલી

ઉઠયો: “ એટલે? શું શાંતિસિંહનો ખોવાએલો પુત્ર તે જ એ વીરોત્તમ કે? હા, તે જ એ હશે. એટલે તે રાણીનો ભાઈ થયો અને લતિકાનો સગો મામો થયો, નહિ વારૂ ? ”

“ હા; તે રાણીનો ભાઇ જ ! ” જમની બોલી: “ શુદ્ધિમાં આવતાં જ તેણે રાણીને તુરત ઓળખી કાઢી; પણ જ્યારે તેણે તેને કહ્યું કે તેનો ખોવાઇ ગએલો ભાઇ તે પોતે જ હતો ત્યારે વીરોત્તમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એ પ્રમાણે આકસ્મિક રીતે ઓળખાણ પડવાથી તે બન્ને જણને જે આનંદ થયો, તેનું વર્ણન હું કરી શકતી નથી. વીરોત્તમે પોતાની હકીકત કહી કે દાનવીરરાયની નોકરી છોડયા પછી તે બીજે ક્યાંય નોકરી કરવાને ગુજરાતમાં ગયો. ત્યાં તેણે વીરધવળના હાથ હેઠળ રહીને ઘણી લડાઇઓમાં શૌર્ય બતાવ્યું. તે વખતે તે ગુજરાતના એક મોટા સરદારની નોકરીમાં હતો. તે સમયે ઘોડા ઉપરથી નીચે પડી જવાથી તેને બહુ જ વેદના થતી હતી, તેથી તે બે-અઢી મહિનાસુધી તે ઝુંપડીમાં જ રહ્યો. લતિકાદેવી ઉપર—અર્થાત્ પોતાની ભાણેજી ઉપર તેનો અત્યંત પ્રેમ જડાયો. ”

“તો પછી સંગમપુરના મહારાજાધિરાજે તેની પોતાની જે જાગીર ખાલસા કરી નાંખી હતી, તે પાછી મેળવવાનો પ્રયત્ન તેણે કેમ કર્યો નહિ ? ” બળવંતસિંહે પૂછ્યું.

“ તેથી કદાચ બીજાઓને નુકસાન થશે, એવું તેને લાગ્યું હતું. પોતે શાંતિસિંહનો પુત્ર હતો એવું જો તે ખુલ્લી રીતે કહે તો તે માટે રાણીની સાક્ષી આપવી પડે અને એ રીતે રાણી ખુલ્લી પડે તો ભભૂતમલની નજર પુનઃ તેના ઉપર પડયા વિના રહે નહિ ! તેટલા માટે એ ઝુંપડીમાં જ બન્ને જણાએ શાંતિથી કાળક્ષેપ કરવાનો નિશ્ચય કર્યો. વીરોત્તમને સાદાઇ બહુ જ ગમતી હતી. પોતે એક મોટા જાગીરદાર બને, તેના કરતાં એક સાદો સિપાઇ રહે, એ તેને બહુ જ રૂચતું હતું. આ જગતમાંના અનેક પ્રકારના વિષયભોગ તરફ તેને બહુ જ કંટાળો છે, પરન્તુ શાથી તેની એવી વિરાગી વૃત્તિ બની ગઇ છે એ માત્ર સમજી શકાતું નથી. ”

વીરોત્તમની એ હકીકત સાંભળીને બળવંતસિંહને બહુ જ આનંદ થયો. તે બોલ્યો:—“ વીરોત્તમ મહારાજ જેવા શૂરા છે તેવા ઉદાર પણ છે ! ”

જમની બોલી: “ તે ભાઇ-બ્હેને પોતાનો સંબંધ ગુપ્ત રાખ્યો. પછાડ વાગવાથી થએલી ઇજામાંથી સાજો થયા પછી વીરોત્તમ

પુનઃ પોતાની નોકરીપર ગયો; તોપણ પોતાની બ્હેનને અને ભાણેજીને મળવાને માટે તે વારંવાર એ ગામડામાં આવતો હતો. પછી રાણી માંદી પડી, ત્યારથી તો તે એ ઝુંપડીમાં જ આવીને રહેવા લાગ્યો. તેણે પુષ્કળ પ્રયત્નો કર્યા, પણ રાણીની લથડેલી તબીયત પુનઃ ઠેકાણે આવી નહિ. છેવટે મરતી વખતે લતિકાને દેવમંદિરમાં અર્પણ કરી સાધ્વી બનાવવાનું વીરોત્તમ પાસેથી વચન લઇને તે બિચારીએ પરલોક પ્રયાણ કર્યું." એ હકીકત બોલતી વખતે જમનીનો સ્વર ખોખરો બનતો જતો હતો, અને છેવટના શબ્દો ઉચ્ચારતાં તો તે ડુસકાં ભરીને રડવા જ લાગી !

" તો પછી આ જમની તે કોણ ? " એવો બળવંતસિંહ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. માતાનું સ્મરણ થતાં પુત્રીને જે પ્રમાણે રડવું આવે તે જ પ્રમાણે જમનીને રડવું આવ્યું હતું ! અત્યારસુધી જમનીએ રાણીની સાથે પોતાનો અમુક પ્રકારનો સંબંધ હતો એવું કાંઇ કહ્યું નહોતું. તો પછી તેના મરણથી જમનીને એટલું બધું દુઃખ કેમ થતું હશે ? કેટલીક વારસુધી તેને એ પ્રમાણે રડવા દઇને પછી બળવંતસિંહે પૂછ્યું: " આ વાત કહેતાં તને તો બહુ જ દુઃખ થાય છે ! "

" હાય ! હાય ! " તે પોતાનાં અશ્રુપૂર્ણ વદનને ઉંચું કરીને બોલી: " મહારાજ ! હું કોણ છું, તે જો મારાથી કહી શકાતું હોય તો કેટલું બધું સારૂં ? "

અતિશય આશ્ચર્યમાં ગરક થતો બળવંતસિંહ બોલ્યો: " લતિકા પણ એક બે વાર મારી પાસે એવું બોલી હતી કે હું કોણ છું તે જો મારાથી કહી શકાતું હોય તો કેટલું બધું સારૂં ! તું પણ આજ એવું જ બોલે છે, ત્યારે તેનો અર્થ શો ? "

" મહારાજ ! પ્રશ્ન પૂછીને મને આપ દુઃખસાગરમાં ફેંકી દો નહિ. મારાથી જેટલું કહી શકાશે તેટલું હું આપને કહું જ છું. પણ હવે મારી હકીકત હું આગળ કહું છું. **મારી માતા મરણ પામ્યા પછી–"**

પોતાની જગ્યા ઉપરથી એકદમ ઉઠીને ઉભા રહી આશ્ચર્યથી ચકિત બનેલા બળવંતસિંહે જમનીને કહ્યું: " **શું તારી હકીકત ? તારી માતા મરણ પામ્યા પછી ?** "

પોતાના મુખમાંથી કયા શબ્દો નીકળી ગયા એ હવે જમનીના ધ્યાનમાં આવ્યું ! હવે આગળ કેવો ઉત્તર આપવો એ વિચારમાં તે

ગરક બની ગઇ. એટલામાં પાંચ-દશ માણુસો એકદમ ઉપર ચડી આવતા હોય એવી તરેહનો જીનાનો અવાજ તેમના કાને આવ્યો ! પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને બળવંતસિંહ બોલ્યોઃ " એ દુષ્ટ કાલિકાપ્રસાદે પુનઃ હલ્લો કરવાનો વિચાર કર્યો કે શું ? "

એટલામાં દરવાજો ઉઘાડીને પાંચ સિપાઇઓની સાથે વીરોત્તમનો લશ્કરી જમાદાર ત્યાં આવી પહોંચ્યો. તેની પાછળ વૃદ્ધ ધર્મવીર, રેવા અને રાધા પણ આવી. તે સિપાઇઓ વીરોત્તમના છે એ બળવંતસિંહે તુરત જ જાણી લીધું, પણ તેઓ આવી ઉચ્છૃંખલતાથી એકદમ ઓરડો ઉઘાડીને અંદર આવ્યા તેથી તેને બહુ જ આશ્ચર્ય લાગ્યું.

જમાદારને ઓળખીને જમની બોલીઃ " આપણી ઉપર કાંઈ સંકટ આવ્યું, એવું સમજીને વીરોત્તમ મહારાજે તેમને અહીં મોકલ્યા હશે ! "

" અમે સરદાર બહાદૂરના હુકમથી આવ્યા છીએ એ ખરૂં છે, પણ હું તમને પાછાં લઇ જવા માટે આવ્યો છું ! " જમાદાર એકદમ બોલ્યો.

" શું ? મને લઇ જવા માટે ? " તે જમાદાર તરફ વક્ર દૃષ્ટિથી જોતી જમની બોલી.

" બાઇસાહેબ ! આપની ઇચ્છા વિરૂદ્ધ આપને અહીંથી પાછાં લઇ જવાનો મને સરદાર બહાદૂરનો હુકમ છે ! તમને સંગમપુર ખાતે લઈ જવાનો અમને હુકમ કરવામાં આવ્યો છે. " જમાદાર બોલ્યો.

" એટલે, મારા ઉપર આટલો બધો જુલમ કરવાનું કારણ શું ? હું બિલકુલ પાછી આવવાની નથી ! " જમની બોલી.

" હું તારૂં રક્ષણ કરીશ. તેઓ જો જુલમ કરવા લાગશે, તો મારી તલવાર તૈયાર જ છે ! " બળવંતસિંહ બોલ્યો.

બળવંતસિંહના એ શબ્દો સાંભળીને જમાદાર બોલ્યોઃ " તો પછી હવે મારે મારૂં કર્તવ્ય કરવું જ પડશે ! સિપાઇઓ ! તલવાર બહાર કાઢો. "

બળવંતસિંહ આગળ થયો અને તેણે ત્રણ સિપાઇઓને અટકાવી રાખ્યા. તોપણ બે સિપાઇઓ જમનીની પાસે ગયા અને તેમણે તેને પકડી. જગ્યા બહુ સાંકડી હોવાથી બળવંતસિંહ છૂટથી તલવાર ફેરવી શકતો નહોતો. તેથી જ તે બે જણાઓ એટલેસુધી કરી શક્યા. જમનીએ પણ જોર કર્યું અને તે તેમના હાથમાંથી છટકી ગઇ. તે પોતાનું ખંજર કાઢીને લડવાને તૈયાર થઇ ! પણ એ ખેંચતાણમાં

તેના હાથ ઉપરનો પાટો બાજુએ ખસી ગયો. એ ધ્યાનમાં આવતાં જ જમની, રૈવા અને શાધા એ ત્રણે જણીઓ " ઓ પ્રભુ ! સત્યાનાશ વળી ગયું ! " એમ એકદમ ત્રાડ પાડી ઉઠી.

તેમની એ ત્રાડ સાંભળીને બળવંતસિંહનું લક્ષ તેમની તરફ ગયું, તો જમની મૂર્છિત થઇને બિછાનાપર પડી હતી. તેની તરફ જોતાં જ બળવંતસિંહ અને તે સઘળા સિપાઇઓને બહુ જ આશ્ચર્ય લાગ્યું. જેટલા ભાગ ઉપર પહેલાં પાટો બાંધવામાં આવેલો હતો, તેટલી જ જગ્યા કેવળ દૂધ જેવી સફેદ થઇ ગઇ હતી ! તે ઉપરથી તે સર્વના ધ્યાન તુરત જ આવી ગયું કે જમનીના શરીરનો રંગ નૈસર્ગિક કાળો નહોતો પણ બનાવટી હતો.

કેટલીક વારસુધી સઘળા જણ સ્તબ્ધ બની ઉભા રહ્યા. છેવટે જમાદારે પોતાના સિપાઇઓને કહ્યું: " જમનીને લઇને ચાલો. "

" નહિ ! એમ બિલકુલ થઇ શકશે નહિ. " બળવંતસિંહ બોલ્યો: " આ સ્ત્રી સંબંધી સઘળો ખુલાસો થયા વિના હું તેને લઇ જવા દઇશ નહિ. "

" મહારાજ ! " જમાદાર બોલ્યો: " પણ મારો એક શબ્દ સાંભળો ! "

" નહિ, નહિ, હું એક શબ્દ પણ સાંભળવા ઇચ્છતો નથી. હું તમને હુકમ કરૂં છું કે તમે આવ્યા તે માર્ગે ચાલતા થાઓ ! " બળવંતસિંહ ડારો બતાવતો બોલ્યો.

" મહારાજ ! અમને સખ્ત હુકમ આપવામાં આવ્યો છે કે તેને લીધા વિના અમારે પાછા ફરવું નહિ. ખુદ વીરોત્તમ મહારાજે અમને મોકલ્યા છે. " જમાદાર બોલ્યો.

પોતાના હાથમાંની વીંટી બતાવીને બળવંતસિંહ બોલ્યો: "મારો હુકમ માન્ય ન કરતા હો તો આ વીંટી જુઓ ! "

વીંટી તરફ નજર કરતાં જ સિપાઇઓ એકદમ પાછા હઠી ગયા, અને દૂર જઇ ઉભા ! પછી જમાદારે પોતાના કમરબંધમાંથી એક લખોટો કાઢીને તે બળવંતસિંહના હાથમાં આપ્યો અને કહ્યું: " આ જુઓ ! "

બળવંતસિંહે એ લખોટો ફોડયો. તેમાં એક નાની ચિઠ્ઠી હતી. તે જોતાં જ પોતાના જાણવામાં કાંઇ નવી વાત આવશે એવું તેને લાગ્યું અને તેણે ભારે ઉત્સુકતાથી તે ઉઘાડીને વાંચી. તેમાં માત્ર થોડું જ લખાણ હતું.

"થોભો ! જે કરો તે બરાબર વિચાર કરીને કરો ! મારા જમાદારને પોતાનું કામ કરવા દો ! તેને બિલકુલ હરકત કરશો નહિ, કારણકે લતિકાદેવી અને જમની એ બે વ્યક્તિઓ નથી ! **જે લતિકાદેવી છે તે જ જમની છે !!"**

પ્રત્યક્ષ વજ્રપાત થયો હોત તોપણ બળવંતસિંહ ડર્યો ન હોત, પણ આ શબ્દો વાંચતાં જ તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઇ અને તે પણ ધડાક દેતો બિછાનાપર પછડાયો !

પ્રકરણ ૨૭ મું.

શ્યામગઢ.

કાલિકાપ્રસાદ, ભભૂતમલ વગેરેનું મંડળ પોતાની સાથે કોઇ મોટા માણસનું મુડદું છે એવું બ્હાનું કરીને, જે ધર્મશાળામાં ઉમેદનું ખૂન થયું હતું તે જ ધર્મશાળામાં આવ્યું હતું; અને ધર્મશાળાના રખેવાળે કાલિકાપ્રસાદને ખૂનની બધી હકીકત ખુલાસાવાર કહી હતી એ વાચકને સાંભરતું હશે. હવે આગળ શું બન્યું તે આપણે જોઇએ.

ઉમેદનું ખૂન થયાનું સાંભળીને કાલિકાપ્રસાદને જોકે આનંદ થયો, તોપણ લતિકાદેવી છટકી ગઇ એ સાંભળીને તેને બહુ ખરાબ લાગ્યું. પાછલી સર્વ હકીકતનો સંપૂર્ણ વિચાર કરીને તે ચાણાક્ષ કાલિકાપ્રસાદે એવું ધોરણ બાંધ્યું કે જમની એ નામની બીજી વ્યક્તિ કોઇ જ નથી, પણ જમની અને લતિકા એ નામનાં રૂપાંતરો કરીને સંચાર કરનારી સ્ત્રી એક જ છે !

એ પ્રમાણે તેના મનની ખાત્રી થતાં જ તેણે તેનું વૈર લેવાનો વિચાર કર્યો. રેવા અને રાધા એ બન્ને બળવંતસિંહની સાથે જ હતી, એ ઉપરથી વેશાંતર કરનારી જમનીનો વેશ ધારણ કરનારી લતિકા કિંવા રમણી બળવંતસિંહની સાથે જ હોવી જોઇએ, એવી તેની ખાત્રી હતી. લતિકા પોતાના હાથમાં કયારે આવે; એવું હવે તેના મનને થઇ રહ્યું હતું, તેથી તેણે છ માણસોને પોતાની સાથે લઇને કાંઇક બ્હાનું કાઢી ભભૂતમલની રજા લીધી. માર્ગમાં કાલિકાપ્રસાદને ઘણી ઓળખાણો હતી. રાત્રે જ્યાં બળવંતસિંહ થોભ્યો હતો ત્યાં તેણે તપાસ કરી, તે ઉપરથી તેની ખાત્રી થઇ કે પોતાનો તર્ક ખરો હતો; તેથી તેણે વિશ્રાન્તિ માટે નહિ રોકાતાં ઘોડા બદલાવીને ઉતાવળે પ્રવાસ ચાલુ રાખ્યો.

બળવંતસિંહ કાંઇ બહુ ઉતાવળે પ્રવાસ કરતો નહોતો; તેથી તેને પકડી પાડવાનું કાલિકાપ્રસાદને બહુ મુશ્કેલ પડયું નહિ. માર્ગમાં તેને એવી બાતમી વટેમાર્ગુઓ તરફથી મળી કે બળવંતસિંહ પોતાનાં માણસો સાથે દાનવીરરાયના કિલ્લાના ખંડેર તરફ ગયો હતો.

એ કિલ્લાના ખંડેર પાસે જતાં જ કિલ્લાના બૂરજ ઉપર ત્રણ માણસો ઉભેલા કાલિકાપ્રસાદની દૃષ્ટિએ પડયા. એક બળવંતસિંહ હતો તેને તો તેણે તુરત જ ઓળખી કાઢયો. બીજી સ્ત્રી તેના જોવામાં આવી તે તો જમની જ હોવી જોઇએ એવું તેણે તુરત જાણી લીધું. પણ ત્રીજો જણ કોણ હતો એ તેના સમજવામાં આવ્યું નહિ, કારણકે તે ધર્મવીરને બિલકુલ ઓળખતો નહોતો.

કાલિકાપ્રસાદે પોતાના માણસોને એક ઝાડીમાં ઘોડા બાંધી રાખવાનું કહ્યું, તેથી બળવંતસિંહના માણસોએ તેનો પગરવ બિલકુલ સાંભળ્યો નહિ, તેમ જ કાલિકાપ્રસાદના માણસોને તેની ઉપર હલ્લો કરવામાં બિલકુલ મુશ્કેલી નડી નહી. ત્યારપછી તેમની લડાઇનું શું પરિણામ આવ્યું તે તો વાચક જાણે છે.

બળવંતસિંહે તે સર્વનો પરાભવ કર્યો. માત્ર એક જ માણસની સાથે કાલિકાપ્રસાદ નાસી છૂટયો. તે એક ઘોડાપર બેસીને અને બાકીના ઘોડાને ત્યાં જ રહેવા દઇને જીવ લઇને નાઠો અને જેમ તેમ એક વાર શ્યામગઢમાં જઇને દાખલ થયો ! કદાચ બળવંતસિંહ પોતાની પૂંઠ પકડશે એવી તેને ભીતિ લાગી હતી. પણ કિલ્લામાં પગ મેલતાં જ તેનો જીવ હેઠો બેઠો. તે ત્યાં પહોંચ્યો તેની ચાર ઘડી પહેલાં શૂરસેન ત્યાં જઇ પહોંચ્યો હતો અને વિષયમલને સઘળી ખબર નિવેદન કરીને તે પાછો પોતાના કિલ્લા તરફ ચાલ્યો ગયો હતો.

કાલિકાપ્રસાદ જ્યારે શ્યામગઢમાં પહોંચ્યો, ત્યારે કુમાર વિષયમલ પોતાના પિતા, રાજકન્યા ચંદ્રપ્રભા અને તેની સાથેની મંડળીનું સ્વાગત કરવાના કામમાં ગુંથાઇ ગએલો હતો. તે કાર્યને માટે જે શોભા કરવામાં આવતી હતી, તે સઘળી કિલ્લાની ડાબી બાજુના ભાગમાં જ ચાલતી હતી, જમણી બાજુનો ભાગ જેવો ઉજ્જડ હતો તેવો ને તેવો જ રહ્યો હતો. તે ભાગ સંબંધે લોકોમાં જે અફવાઓ ચાલતી હતી તે ઉપર વિષયમલને બિલકુલ વિશ્વાસ નહોતો; પણ અત્યારે બહુ વખત નહિ હોવાથી તે બાજુએ સાફસૂફ કરી શકાય તેમ નહોતું, અને તેટલા જ માટે તે દિશાએ બહુ લક્ષ આપવામાં આવ્યું નહોતું.

આવનારા અતિથિઓને રહેવા માટે નિયુક્ત કરવામાં આવેલા

ઓરડાઓ શણગારવામાં, બિછાનાંની વ્યવસ્થા કરવામાં, શાકભાજી એકઠી કરવામાં, રસોઇને માટે જોઇતા પદાર્થો મેળવવામાં અને બીજા અનેક પ્રકારનાં કાર્યોમાં તે ગુંથાઇ ગએલો હતો. સઘળા નોકર-ચાકર કામમાં મચી પડેલા હતા.

વળી થોડા જ વખતમાં લડાઇ થવાનો સંભવ હોવાથી પોતાના સૈન્યના માણુસોને હથિયારો પૂરાં પાડવામાં, વધારે માણુસો રાખવાની યોજનામાં, તૈયાર લશ્કરને સુવ્યસ્થિત કરવામાં અને બીજી અનેક પ્રકારની તજવીજમાં તેનું મન ગુંચવાઇ ગએલું હતું. હનુમંતસિંગ પણ અતિથિઓની પદવીને યોગ્ય આતિથ્ય કેવી રીતે કરવું તેનો વિચાર કરતો હતો.

તે રાત્રે વિષયમલ્લ અને કાલિકાપ્રસાદ વચ્ચે બહુ વાતચીત થઇ નહિ, કારણુકે વિષયમલ કિલ્લાનો બંદોબસ્ત તથા શોભા કરવાના કામમાં ગુંથાયો હતો; ત્યારે કાલિકાપ્રસાદ આજના પ્રવાસથી તથા પરાભવથી બહુ થાકી ગયો હતો અને ક્યારે સૂઇ જવાની તક મળે તેનો વિચાર કરી રહ્યો હતો.

બીજે દિવસે સાંજે સર્વ અતિથિમંડળ કિલ્લામાં દાખલ થયું. વિષયમલ્લે તેમના સત્કારને માટે ઉત્તમ તૈયારી કરી રાખી હતી. પોતાનું બધું સૈન્ય ગોઠવી રાખીને તેને રાજકન્યાને સલામી આપવાનું ફરમાવ્યું હતું. રાજકન્યાને સિંહાસનપર બેઠેલી રાણીના જેટલું માન દેવાની તેણે બધા સૈન્યને સૂચના કરી હતી. રાજકન્યા કિલ્લામાં પ્રવેશ કરતાં જ સંગમપુરના રાજાનું રાજચિહ્ન કિલ્લાના બૂરજપર ફરકતું કરવામાં આવ્યું અને સૌએ મોટા આનંદથી " રાજકન્યા ચંદ્રપ્રભાનો જય જયકાર " ગજાવ્યો.

પોતાના સંસ્થાનમાંના મોટા સરદારોની સમક્ષ ભભૂતમલ્લે રાજકન્યાને નમ્રતાપૂર્વક નમન કર્યું અને કહ્યુઃ "રાણી સરકાર! આપની પોતાની ગાદી આપને જ પ્રાપ્ત થાય ત્યાંસુધી આપ આ મારા કિલ્લાને આપનો પોતાનો જ સમજશો. મનમાં કાંઇ પણ શંકા કિંવા સંકોચ ધરાવશો નહિ."

એ વખતે કિલ્લામાં જ્યાં ત્યાં લશ્કરી માણુસોની ગર્જના થતી રાજકન્યાના સાંભળવામાં આવતી હતી. આખા દિવસના પ્રવાસના થાકથી તે તદ્દન થાકી ગઇ હતી, તેથી તેણે થોડી જ વારમાં શયનાગારમાં જવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. તે દિવસે ભભૂતમલ્લે આસપાસના પુષ્કળ અમીરો તથા સરદારોને નિમંત્રણ કરીને મહા-

રાણી તરફથી મીજબાની આપી; પરંતુ પોતાને બહુ જ થાક લાગ્યો હોવાનું કહેવરાવીને તે મીજબાનીમાં મહારાણી હાજર થયાં નહિ. એ રાજકન્યા ચંદ્રપ્રભા પોતે જ છે એમ હવેથી વાચકે લક્ષમાં રાખવું.

મીજબાનીમાં જે સરદારો તથ અમીરો આવેલા હતા, તે સર્વે પાસેથી મહારાણી તરીકે રાજકન્યા ચંદ્રપ્રભાને ભભૂતમલે કબૂલ કરાવી લીધી. સૌએ મહારાણીના નામનો જયજયકાર કર્યો અને વીરોત્તમની સાથે લડાઈ કરવાનો નિશ્ચય કર્યો. બહુ જ વાટાઘાટ થયા પછી સર્વાનુમતે ભભૂતમલને સેનાપતિનું પદ આપવામાં આવ્યું.

પણ એ વખતે માત્ર એક સરદાર બિલકુલ બોલ્યો નહિ. ભભૂતમલની નીમણુક સેનાપતિની જગ્યાએ થઇ એ તેને બિલકુલ ગમ્યું નહિ, પરન્તુ એવો ખુલ્લો અભિપ્રાય દર્શાવવાની તેનામાં હિંમત નહોતી. તે મનમાં ને મનમાં ગુંચવાતો હતો. તેને પોતાનું અપમાન થએલું લાગ્યું. પોતાની સર્વ મહત્ત્વાકાંક્ષા વ્યર્થ ગઇ, એટલે તેને બહુ જ ખરાબ લાગ્યું. તેની પદવી, સંપત્તિ અને કીર્તિ એ સઘળું ભભૂતમલ કરતાં વિશેષ હતું. સંગમપુરમાં જે મોટી સરદારોની સભા ભરેલી હતી તેમાં તે જ પ્રમુખ હતો. જો વીરોત્તમ બરાબર વખતે જ ત્યાં આવી પહોંચ્યો ન હોત, તો તેણે જરૂર કાંઇક નવાજૂની કરી હોત. એ સરદાર વિજયસિંહ પોતે જ હતો. તેણે આ વખતે જોકે કાંઇ જ વિરૂદ્ધ વર્તન ચલાવ્યું નહોતું, તોપણ તેના મનમાં ભભૂતમલ ઉપર અસૂયા ઉત્પન્ન થઇ હતી.

બરાબર મધરાત થઇ. સૌને નિદ્રા આવવા લાગી. કેટલાક અમીરો અને સરદારો ઘેર જવાને તૈયાર થયા. એટલામાં એક સરદાર સૌને ઉદ્દેશીને બોલ્યો: " આપણાં મહારાણી સાહેબને આજસુધીમાં અનેક વિપત્તિઓ ભોગવવી પડી છે. એવી સ્થિતિમાં ભભૂતમલે પોતાનો કિલ્લો તેમની સેવા માટે અર્પણ કર્યો, એ તેમની ઉદારતા તથા ધૈર્ય અત્યંત પ્રશંસાને પાત્ર છે. તેમની એ સ્વામીભક્તિનો કાંઇ પણ બદલો તેમને મળવાની જરૂર છે, તેટલા માટે મહારાણી સાહેબનો તથા કુમાર વિષયમલનો વિવાહ થાય, તો ઠીક એવી હું સૂચના કરૂં છું."

તેની આ સૂચનાને સર્વ તરફથી અનુમોદન મળ્યું; પણ એ સૂચના અને તેને સર્વ તરફથી અનુમોદન મળેલું જોઇને વિજયસિંહનું હૃદય જોરથી થડકવા લાગ્યું !

આ તરફ વિષયમલને પોતાને રાજકન્યા જેવી સ્રી મળશે એ

જાણીને સ્વર્ગનું સુખ માત્ર ચાર તસુ જેટલું જ દૂર દેખાવા લાગ્યું ! રાજકન્યાનો પતિ થયા પછી પોતાને તેનું બધું રાજ્ય મળશે, પોતે આખા પ્રાંતનો મહારાજાધિરાજ બનશે, સઘળા સરદારો પોતાને નમન કરશે, એ ધ્યાનમાં આવતાં જ તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો.

મધરાત વીતી ગઇ, એટલે ઘણાખરા પરોણા પણ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. જેઓ ઘણે દૂરથી આવ્યા હતા, તેઓને માટે બિછાનાની વ્યવસ્થા ભભૂતમલે પોતાના કિલ્લામાં જ કરી હતી. એ પ્રમાણે નવાં મહારાણીનો સત્કાર શ્યામગઢમાં ભારે ઠાઠમાઠથી કરવામાં આવ્યો.

પ્રકરણ ૨૮ મું.

કાલિકાપ્રસાદ અને ભભૂતમલ.

રાત્રીની મીજબાનીની વેળાએ કાલિકાપ્રસાદ બહુ વખત ત્યાં ટકયો નહોતો. તે સૌની પહેલાં સૂઇ જવા ગયો હતો. બીજે દિવસે બહુ વહેલાં ઉઠીને તેણે પહેલાં હનુમંતસિંગની મુલાકાત લીધી. પોતાને ભભૂતમલને મળવું છે એવું તેણે હનુમંતસિંગને કહ્યું. હનુમંતસિંગ ત્યાંથી ગયો અને તુરત જ પાછો ફરીને ભભૂતમલ અમુક ઠેકાણે છે એવું તેણે કાલિકાપ્રસાદને કહ્યું. કાલિકાપ્રસાદ ભભૂતમલની પાસે ગયો, ત્યારે તે બિછાના ઉપર જ આળોટતો પડયો હતો. બિછાનામાંથી ઉભા નહિ થતાં સૂતાં સૂતાં જ તેણે કહ્યું: "ગુરૂવર્ય ! આજે આપ સૌની પહેલાં ઉઠયા ? કેમ ? કાંઇ નવી ખબર છે ? કાંઈ ખાસ જાણવા જેવું તો નથીને."

કાલિકાપ્રસાદ બોલ્યો: "તેવું કાંઇ જ નથી. પણ તમારી સાથે એકાંતમાં કેટલીક વાતચીત કરવાની છે." એવું કહીને તેણે હનુમંતસિંગ તરફ જોયું.

ભભૂતમલ તેનો હેતુ સમજી જઇને બોલ્યો: "જો તે વાત એમના જાણવામાં ન આવવા દેવી એવી આપની ઇચ્છા હોય તો તે અહીંથી જતા રહેશે. આપણે તેમનાથી કાંઇ પણ વાત ગુપ્ત રાખી નથી એ તો આપ જાણો છો. કાલિકાની અગ્રપૂજાનું કામ તે જ લગભગ ૩૦ વર્ષથી કરે છે !"

"હનુમંતસિંગની વફાદારીને માટે મારી પક્કી ખાત્રી છે, પણ હવે મારે જે વાત કહેવાની છે તે કેવળ જૂદા જ પ્રકારની-કાંઇ ઘરગથ્થુ બાબતની છે !" કાલિકાપ્રસાદ બોલ્યો.

" એમ છે, તો હનુમંતસિંગ ! તમે જરા બહાર જાઓ." ભભૂતમલે પોતાના વૃદ્ધ કારભારીને આજ્ઞા કરી.

માલેકના હુકમ પ્રમાણે ત્યાંથી બહુ દૂર ન જતાં હનુમંતસિંગ નજીકના જ ઓરડામાં જઇને બેઠો અને ત્યાંથી તેણે તે બન્નેની વાતચીતનો ઘણો ખરો ભાગ સાંભળી લીધો.

ભભૂતમલે પૂછ્યું: "હવે આપણે અહીં માત્ર બે જ જણ છીએ, આપ જે કાંઇ કહેવાના હો તે નિઃસંકોચે કહો."

કાલિકાપ્રસાદ બોલ્યો: " આજે આપણે ત્યાં પુષ્કળ સરદારો, અમીરો વગેરે એકત્ર થયા છે અને તેમના તથા આપણા વિચારને અનુસરીને ઘણી મહત્ત્વની બાબતો નક્કી કરવાની છે. પણ તે સંબંધે મારે તમને અગાઉથી કેટલુંક સુચવવાનું છે. તેટલા માટે હું બહુ જ વહેલો અહીં આવ્યો છું."

" પણ તમે પરમ દિવસે અમારી પાસેથી છૂટા પડીને ગયા હતા તે કેવી રીતે પાછા આવ્યા ? તે હજી મારા સમજવામાં બરાબર આવ્યું નહિ." ભભૂતમલ બોલ્યો.

" તે સંબંધે નકામી માથાફોડ કરવાની જરૂર નથી. પણ અત્યારે માત્ર એટલું જ કહું છું કે જે વ્યક્તિએ આપણા ત્રણે સરદારોને કેદમાંથી છોડાવ્યા હતા, તે જ વ્યક્તિએ મારૂં એ કામ બગાડી નાંખ્યું !" કાલિકાપ્રસાદ સંતપ્ત થઇને બોલ્યો.

" ત્યારે આપણાં પાંચે માણસો શું મરણાધીન થયા ?" ભભૂતમલે પૂછ્યું.

" હા ! સરદાર બળવંતસિંહ અને પેલો બીજો બખ્તરવાળો એટલા મોટા શૌર્યથી લડયા કે તેથી એવો બનાવ બન્યો." કાલિકાપ્રસાદ કટાણું મ્હોં કરીને બોલ્યો.

" પણ એ બખ્તરવાળો કોણ છે વારૂ ?" ભભૂતમલે પૂછ્યું.

" જે વ્યક્તિએ તમને ત્રણે જણને છોડાવ્યા અને જે યુદ્ધકળામાં આટલી બધી પ્રવીણ છે, તે વ્યક્તિ પુરૂષ નથી પણ એક સ્ત્રી છે !" કાલિકાપ્રસાદ બોલ્યો.

આશ્ચર્યથી સ્તબ્ધ બની જઇને ભભૂતમલ બોલ્યો: " સ્ત્રી ? અશક્ય ? નહિ, પણ મને હવે સાંભરે છે; મેં પહેલાં જ્યારે તેને જોઇ, ત્યારે તેનો ચહેરો એક સુંદર સ્ત્રીના જેવો કોમળ દેખાતો હતો ખરો !"

" હા, તે એક સ્ત્રી જ છે. તે જુવાન, સુંદર અને સદ્દગુણી છે,

એટલું જ નહિ પણ કુમાર વિષયમલનો તેના ઉપર અતિશય પ્રેમ છે.” કાલિકાપ્રસાદ બોલ્યો.

“ શું કહો છો ! મને મુક્ત કરનારી ઉપર વિષયમલ પ્રેમ ધરાવે છે ? ” ભભૂતમલ સાનંદાશ્ચર્યથી બોલ્યો: “ તો પછી તેણે તેને મારો છૂટકો કરવા માટે મોકલી હશે ? એ કામ ઘણું કરીને મારા પુત્રનું જ હશે ! ”

કાલિકાપ્રસાદ બોલ્યો: “ નહિ, સરદાર સાહેબ ! એવું બિલકુલ નથી ! જેણે આપને છોડાવ્યા છે તે શૂરસેનના પ્રદેશમાંના વનરક્ષક સજ્જનસીંગે પાળેલી કન્યા અલકકુમારી છે. તેના ઉપર તમારો પુત્ર પ્રેમ ધરાવે છે. એક વાર તમારો કુંવર તેને પકડી લાવતો હતો, તે વખતે એ બળવંતસિંહે જ તેના હાથમાંથી તેને છોડાવી હતી. એ ઉપરથી વિષયમલના મનમાં બળવંતસિંહને માટે વિષમતા ઉત્પન્ન થઇ અને તેથી જ તેણે બળવંતસિંહની સાથે આપણને મોકલેલો પત્ર એવા પ્રકારનો હતો. પછી કેટલાક દિવસ બાદ તે પુનઃ કુંવરના હાથમાં આવી અને તેણે તેને પેલી બાજુના મહાલયમાં કેદ રાખી હતી. ”

અતિશય ક્રુદ્ધ થઇને ભભૂતમલ બોલ્યો: “ શું પેલી બાજુના મહાલયમાં તેણે તેને કેદ રાખી હતી ? તે છોકરામાં એવું કરવાની હિંમત કેવી રીતે આવી ? અને હનુમંતસિંગે તેને કેમ તેમ કરવા–”

કાલિકાપ્રસાદ બોલ્યો: “ ભભૂતમલ ! જરા શાંત થાઓ ! કુંવરને કાલિકા વિષે બિલકુલ ખબર નથી. આ કિલ્લામાંના એકંદર ગૂઢ પ્રકાર વિષે તેને કશી ખબર નથી, તેથી તે છોકરીને ત્યાં રાખવી એવું તેને ઠીક લાગ્યું હશે અને તેણે હનુમંતસિંગ પાસે તેવી હઠ પકડી હશે. પછી બિચારો હનુમંતસિંગ કેવી રીતે ના કહી શકે ? ”

“ હા, આપનું એ કહેવું ખરૂં છે. ” ભભૂતમલ કિંચિત્ શાન્ત થઇને બોલ્યો: “ કાલિકા સંબંધી વાત તેને બિલકુલ જાણવા દેવી નહિ એવો મારો સંકલ્પ છે. વિશેષ શામાટે, હું પોતે મારા હાથવડે તેનું માથું પણ કાપીશ, પણ એ વાત તેને જાણવા દઇશ નહિ ! પણ આ મારા નિશ્ચયથી કાલિકા ઉપરની મારી ભક્તિમાં કાંઇ ન્યૂનતા—”

“ ભભૂતમલ ! તમે એમ શામાટે કહો છો, તે હું જાણું છું. તમારે તે માટે વધારે કહેવાની કાંઈ જ જરૂર નથી. જો તે શાક્ત પંથમાં દાખલ થાય તો આજસુધીમાં કાલિકાને આપેલાં સર્વ બળિદાનોની યાદી તેને વાંચી સંભળાવવી પડે; અને તે યાદીમાં–” કાલિકાપ્રસાદ બોલ્યો.

"નહિ, નહિ ! બળિદાનની યાદીનાં નામો તેના કાનપર કદાપિ જશે નહિ. જો તેના જાણવામાં એ સર્વે નામો આવે, તો રાત દિવસ દુઃખ જ—" એટલા શબ્દો બોલતાં ભભૂતમલનો કંઠ ભરાઇ આવ્યો.

"સરદાર સાહેબ ! શાન્ત થાઓ ! બની ગએલી વાત કાંઈ ફરીથી આવતી નથી." કાલિકાપ્રસાદ પ્રૌઢતાનો ડોળ ઘાલીને બોલ્યો.

કિંચિત્ ગુસ્સાથી ભભૂતમલ બોલ્યોઃ "મને તેટલામાટે ખોટું લાગે છે, એવું માત્ર આપ સમજશો નહિ. અપરાધીને યોગ્ય શિક્ષા મળવી જ જોઇએ. તેના અપરાધને યોગ્ય જ શિક્ષા તેને થઇ ! પણ મારા પુત્રના જાણવામાં માત્ર તે વાત આવવી જોઇએ નહિ."

તેને શાન્ત કરવાના ઉદ્દેશથી કાલિકાપ્રસાદ બોલ્યોઃ "શાન્ત થાઓ, સરદાર સાહેબ ! જરા વિચાર કરો, અત્યારે એ વાતને હવે જવા દો ! આપણે હમણાં પેલી બિચારી અલકકુમારીપર કુંવરનો પ્રેમ છે, તે વિષે વાતચીત કરતા હતા."

ભભૂતમલ બોલ્યોઃ "શું એ ભિખારડી છોકરી ઉપર કુંવરનું મન જડાયું છે ? તેના શરીરમાં કોનું રક્ત વહી રહ્યું છે, તેની તેને ખબર નથી ? મારા જેવા શ્રેષ્ઠ સરદારના પુત્ર સાથે એક ભિખારી છોકરીનો સંબંધ ?"

કાલિકાપ્રસાદ બોલ્યોઃ "તે છોકરી જ્યારે અહીં કેદમાં હતી, ત્યારે કુંવર પોતાની પદવી, વૈભવ, અભિમાન એ સઘળું કેવળ વિસરી ગયો હતો. તેથી અત્યારે રાજકન્યાની સાથે લગ્ન કરવાને તે કબૂલ થશે કે નહિ, તે વિષે શંકા રહે છે. જે દિવસે બધા સરદારો સંગમપુરમાં એકત્ર થવાના હતા, તે જ દિવસે કુંવરે અલકકુમારીને અહીં આણી હતી. તે અહીં ત્રણ દિવસસુધી કેદમાં રહી હતી. વીરોત્તમ સંબંધી કેટલીક હકીકત મારા જાણવામાં આવી હોવાથી હું કુંવરને સૂચના દેવાને અહીં આવ્યો, ત્યારે તે અહીં કેદમાં જ હતી. પણ તે અહીંથી એકાએક અદૃશ્ય થઇ ગઇ. તેના ઉપર દયા લાવીને હનુમંતસીંગે તેને નસાડી મેલી હશે, એવો કુંવરનો મત છે. કાલે વાત ઉપરથી વાત નીકળી, ત્યારે કુંવરે પોતે જ મને એ વાત કહી"

"કદાચ તેને ભોંયરાનો ગુપ્ત માર્ગ હાથ લાગ્યો નહિ હોય એવું તમે શા ઉપરથી માનો છો ?" ભભૂતમલે શંકા કાઢી.

"ખરો પ્રકાર શું બન્યો હશે તે હું પણ જાણતો નથી. તે અહીંથી નાસી ગઇ, એટલી વાત માત્ર ખરી છે. પછી તે મને સંગ-

મપુરથી કેટલાક દૂરના એક સ્થળે મળી. આપના કુંવરના હાથમાં તે પુનઃ ન આવે, તેટલામાટે તેને પુણ્ય મંદિરમાં રાખવાનો મારો વિચાર હતો, પણ તેમ કાંઇ બની શક્યું નહિ. પછી ત્રીજી વાર તે મને આપને છોડાવ્યા પછી પુણ્યમંદિરમાં જ મળી." કાલિકાપ્રસાદ બોલ્યો.

"પણ અમને કેદમાંથી છોડાવવામાં તેનો શો હેતુ હશે વારૂ?" ભભૂતમલે પૂછ્યું.

કાલિકાપ્રસાદ બોલ્યોઃ "તેનો બાપ શૂરસેનની નોકરીમાં છે, તેથી તેને છોડાવવા માટે તે સંગમપુર જઇ પહોંચી હશે. તેને એકલાને છોડાવતાં સાથે સાથે તેણે આપને પણ છોડાવ્યા હશે!"

ભભૂતમલ ગંભીરતાથી બોલ્યોઃ "એવી સુંદર અને જુવાન બાળા એવું હિંમતનું કામ કરવામાં પ્રવૃત્ત થઇ, એ તો બહુ જ આશ્ચર્યની વાત કહેવાય! પણ તેને કુંવર ગમતો નથી, એવી તમારી તો પક્કી ખાત્રી છે ને?"

કાલિકાપ્રસાદ બોલ્યોઃ "આપના ગુસ્સાની દરકાર નહિ કરતાં કિંબહુના આપની મરજી વિરૂદ્ધ વર્તીને કુંવર તેની સાથે લગ્ન કરવાને તત્પર હોવા છતાં પણ તે ત્યાંથી નાસી ગઇ, એ ઉપરથી શું અનુમાન કરી શકાય વારૂ?"

ભભૂતમલ બોલ્યોઃ "એટલે કુંવર ઉપર તેનો પ્રેમ નથી, એ વાત ખરી છે."

કાલિકાપ્રસાદ બોલ્યોઃ "કુંવર ઉપર તેનો પ્રેમ નથી, પણ બળવંતસિંહ ઉપર તેનો પ્રેમ છે, એવી મારી કલ્પના છે; કારણકે તેણે પહેલાં "પુણ્યમંદિર"માંથી બળવંતસિંહને છોડાવ્યો. પછી તે મુસાફરીમાં તેની સાથે જ રહી હતી. પુનઃ તે તેની તરફથી લડવાને તૈયાર થઇ, એ ઉપરથી શું ફલિત થાય છે વારૂ? મારી કલ્પના તો એ ઉપરથી એવી થાય છે કે બળવંતસિંહ ઉપર તેનો પ્રેમ હોવો જોઇએ, કેમ ખરૂં કે ખોટું?"

"હા, એવો તર્ક કરી શકાય ખરો." ભભૂતમલ બોલ્યોઃ "પણ હવે તે અહીં આવી છે કે?"

કાલિકાપ્રસાદ બોલ્યોઃ "પરમ દહાડે તે દાનવીરરાયના કિલ્લામાં હતી. આજે તો ઘણું કરીને તે પોતાને ઘેર પહોંચી ગઇ હશે!"

કદાચ તે બળવંતસિંહની સાથે નહિ ગઇ હોય, એમ શા ઉપરથી કહો છો?" ભભૂતમલે શંકા કાઢીઃ "મારી સમજણ પ્રમાણે બળવંતસિંહ તેની સાથે લગ્ન કરશે નહિ પણ કદાચ તેને તે પોતાની રખાત તરીકે રાખે તો?"

કાલિકાપ્રસાદ જોરથી બોલ્યો: "એવું તો બનવાનું જ નહિ. બળવંતસિંહ ને અલકકુમારી એ બન્ને સદાચરણી છે, એવી મારી ખાત્રી છે, તે ઉપરથી તે અત્યારે પોતાને ઘેર જ ગઇ હશે, એવો મારો તર્ક છે."

"વારૂ, પણ બીજું હવે આપને શું કહેવાનું છે ?" ભભૂતમલે પૂછ્યું.

"મારૂ કહેવું એવું છે કે–" કાલિકાપ્રસાદ બોલ્યો: "તે અહીં હશે, એટલે તે આજ કે કાલ ગમે ત્યારે પણ કુંવરની નજરે પડવાની જ. મોટા રાજ્યનો લાભ થતો હોવા છતાં રાજકન્યાને છોડીને કેવળ પોતાની નાની જાગીરપર સંતુષ્ટ રહીને કુંવર વિષયમલ અલકકુમારીને પરણવાને તૈયાર થયા વિના રહેશે નહિ."

"આપનું કહેવું ખરૂં છે." ભભૂતમલ બોલ્યો: "કાલ રાત્રે એ સંબંધી વાત નીકળવાથી સૌને રાજકન્યાનું અને વિષયમલનું જોડું પસંદ પડ્યું."

"મારી એ યુક્તિ તમને સર્વને પસંદ પડી એ જોઇને મને બહુ જ આનંદ થાય છે." કાલિકાપ્રસાદ ગર્વપૂર્વક બોલ્યો: "કાલ રાત્રે મીજબાનીની વેળાએ મારી પાસે જે અમીરો તથા સરદારો બેઠા હતા તેઓને મેં "તમે આમ બોલો" એવું શીખવી રાખ્યું હતું. તે પ્રમાણે તેમને પણ એવું બોલવામાં મોટી પ્રતિષ્ઠા લાગવાથી તેમણે કુંવરની સાથે રાજકન્યાનો વિવાહ થાય તો ઘણું સારૂં એમ સૌને જણાવ્યું. મેં એવી યુક્તિ ખાસ કરીને રચી હતી, કારણકે મેં પોતે જો એવી સૂચના કરી હોત, તો કદાચ તે વિષે આપણા ઉપર આપમતલબીપણાનો આરોપ આવ્યો હોત !"

ભભૂતમલ બોલ્યો: "ગુરૂમહારાજ ! મારાપર આપનો એ અગણિત ઉપકાર થયો છે ! એક વાર મારા પુત્રને રાજપદ મળે અને મારા હાથમાં લશ્કરી અધિકાર આવે, એટલે પછી આપણે ગમે તેમ કરી શકીશું !"

કાલિકાપ્રસાદ આનંદથી બોલ્યો: "એમ છે, તો હવે હું મારા મનમાં જે કાંઇ છે, તે સઘળું તમને કહી નાંખું છું. રાજકન્યાનું લગ્ન વિસલદેવની સાથે થવાથી મને જે લાભ થવાનો હતો, તે જ લાભ આપના તરફથી પણ થશે."

ભભૂતમલ કાલિકાપ્રસાદ ભણી જોઇને બોલ્યો: "ગુરૂવર્ય ! એક વાત સંબંધે મારા મનમાં થોડીએક શંકા છે, અને તે વાત ધ્યાનમાં આવતાં જ મને બહુ ચમત્કારિક માલૂમ પડે છે. રાજકન્યાનું દુરાચરણ

આપણા ધ્યાનમાં જ છે, તો પછી તેને મારી પુત્રવધૂ કરવી–"

કાલિકાપ્રસાદ બોલ્યો: " પોતાની સ્ત્રીના વિવાહની પૂર્વેના આચરણને માટે કુમારને બિલકુલ શંકા આવશે નહિ. જો આપને જ તેવી શંકા આવતી હોય, તો આજનો આ વિચાર આપણે છોડી દેવો, કારણકે આપણું હૃદય આપણને પોતાને દંશ દેતું હોય તો કોઇ પણ વાત કરવામાં કાંઇ હાંસલ લેખાય નહિ. બરાબર રીતે વિચાર કરી જુઓ. " એમ કહીને કાલિકાપ્રસાદ સત્વર ઉભો થયો અને તે ઓરડામાં આમથી તેમ ફેરા મારવા લાગ્યો.

" ગુરૂમહારાજ ! " ભભૂતમલ બોલ્યો: " આપને એ વાતથી ખરાબ લાગ્યું હોય એમ જણાય છે. મારા મનમાં જે શંકા આવી તે મેં તમને કહી. એ પ્રમાણે નીતિના સરખી ક્ષુલ્લક બાબત સંબંધે વાતો કરવાનો અત્યારે આપણને અવકાશ નથી. રાજકન્યા સાથે કુંવરનું લગ્ન થવું જ જોઇએ અને એ કામ જેટલું ઉતાવળે પતી જાય તેટલું વધારે સારૂં. અત્યારે સૌ કોઇ એ લગ્નને માટે અનુકૂળ મત ધરાવે છે, તેટલામાં એ કામ ઉકેલી લેવું તે વધારે સારૂં છે. વળી પેલી અલકકુમારી અહીં આવી છે—"

ભભૂતમલ તરફ જોઇને કાલિકાપ્રસાદ બોલ્યો: "કાલે ને કાલે જ વેવીશાળ નક્કી કરી નાંખીએ, તો પછી શી ફીકર છે ? "

" શું ? કાલે ને કાલે જ ? પણ રાણીસાહેબ તે કેવી રીતે કબૂલ કરશે ? " ભભૂતમલે પૂછયું.

કાલિકાપ્રસાદ બોલ્યો: " તે કામ મારે માથે ! તે છોકરી તો મારા હાથમાંનું રમકડું માત્ર છે. હું જેમ કહીશ તેમ તે કબૂલ કરશે. તમે કાલને માટે સઘળી તૈયારી કરી રાખો. એક વાર એ લગ્ન થઇ ગયું, એટલે આપણી મંડળીનું અર્ધું કામ પતી ગયું સમજવું. "

"આપની એ સલાહ મને પસંદ છે. એમ થવાથી પેલી અલકકુમારીને અહીંથી ઉંચકી જઇને ગુપ્ત રાખવાની જરૂર રહેશે નહિ. " ભભૂતમલ બોલ્યો.

" એક વાર આ લગ્ન થઈ ચૂકયું એટલે પછી કાંઇ હરકત આવશે નહિ. નહિતો એ છોકરીને કેટલાક દિવસસુધી કેદ કરી રાખવી પડત. પણ હવે આપણે કાંઇ વધારે વાતચીત કરવાની જરૂર રહી નથી. હું જઉં છું ! "

" જરા એકાદ વાત સાંભળી લો. " ભભૂતમલ બોલ્યો: " પણ આ લગ્ન સંબંધે શૂરસેનનો અભિપ્રાય કેવો પડશે ? અત્યારે જોઓ

આપણા કિલ્લામાં નથી, તેઓના અભિપ્રાય વિષે આપણે શું સમજવું ? સઘળા અમીરો અને સરદારો પોતે પોતાના કિલ્લાની મજબૂતી કરવામાં ગુંથાયા છે. આપણે જો તેમની વિરૂદ્ધ કામ કરીશું તો તે યોગ્ય કહેવાશે નહિ. સૌની સાથે વૈર કરવું એ કાંઇ ઠીક નહિ. "

શાંતિ અને ગંભીરતાથી કાલિકાપ્રસાદ બોલ્યોઃ " તેમાં તેઓને અપમાન લાગવાનું કાંઇ કારણ નથી, તોપણ દૂરના શત્રુ કરતાં આપણા ઘરના શત્રુથી આપણે વધારે બ્હીવું જોઇએ; અને તેઓની ઉપર સખ્ત નજર રાખવી જોઇએ. "

ભભૂતમલે ઉતાવળે પૂછ્યુંઃ " એટલે ? આપને કોઇની ઉપર શંકા આવે છે કે શું ? "

" હા, આ વિજયસિંહ સંબંધે મને શંકા આવે છે ! " કાલિકાપ્રસાદ બોલ્યો.

" પણ એવી શંકા આવવાનું કારણ ? " ભભૂતમલે પૂછ્યું.

" તે કાંઇ અત્યારે ને અત્યારે જ ખાત્રીથી કહી શકાય નહિ; પણ હું તેને ઓળખું છું-પક્કી રીતે ઓળખું છું. તેનો ગર્વિષ્ઠ સ્વભાવ મારા જાણવામાં છે. આપને સેનાપતિ નીમવાથી તેને બહુ જ ખરાબ લાગ્યું હોવું જોઇએ. " કાલિકાપ્રસાદ બોલ્યો.

" પણ કાલ રાત્રે તો તે આનંદિત દેખાતો હતો. " ભભૂતમલ બોલ્યો.

" તે ગમે તેમ હોય ! તેના ઉપર બારીક નજર રાખવી જોઇએ. " એમ કહીને કાલિકાપ્રસાદ તે ઓરડામાંથી બહાર નીકળ્યો.

કાલિકાપ્રસાદ ત્યાંથી ચાલ્યો ગયો, એટલે હનુમંતસીંગ પણ પાસેના ઓરડામાંથી બહાર નીકળ્યો અને એક ગુપ્ત માર્ગે કિલ્લાની જમણી બાજુના કાલિકાની મૂર્તિવાળા ભોંયરામાં ગયો.

પ્રકરણ ૨૯ મું.

કરારપત્ર.

પ્રહર દિવસ ચડયા પહેલાં જ મહારાણી સાથે વિષયમલનો વિવાહ થવાનો હતો અને આવતી કાલે લગ્નક્રિયા થવાની હતી, એ ખબર કિલ્લામાં સર્વેના મુખમાં રમી રહી હતી. રાણીએ મોટા આનંદથી એ લગ્નને માટે સંમતિ આપી, એવું જોકે લોકો બોલતા હતા, તો-

પણ મહારાણી હજી બિછાનામાંથી ઉઠયાં પણ નહોતાં, કારણકે પ્રવાસને લીધે તેમને બહુ થાક લાગ્યો હતો એમ તે કહેતાં હતાં.

તે આખો દિવસ કિલ્લાના લોકોએ આનંદમાં ગાળ્યો. પરોણાઓને માટે વ્યવસ્થા કરવામાં અને સૈન્યની ગોઠવણ કરવામાં કુંવર વિષયમલ કેવળ લીન બની ગયો હતો. કિલ્લામાંના સૈન્યે પોતાની કવાયત શરૂ કરી. કેટલાક નવા જ માણસો નોકરીમાં જોડાયા હતા, તેઓને હથિયારો તથા પોશાક આપવાનું કામ ચાલતું હતું. કિલ્લામાં સર્વત્ર ધામધૂમ મચી રહી હતી.

સાંજે તો બીજા પુષ્કળ ઠાકોરો અને સરદારો આવી પહોંચ્યા. તેઓમાં દેવી સરોજિનીનું આતિથ્ય ઘણી જ સારી રીતે કરવામાં આવ્યું. તે બરાબર વખતે જ આવી પહોંચી હતી. તેની અને વિષયમલની વચ્ચે પહેલાંની ઓળખાણ નહોતી, તેથી ભભૂતમલે તે ઓળખાણ કરી આપી. તેના ઔદાર્યથી તેની કીર્તિ સર્વ લોકોમાં પ્રસરી હતી. તેનું આંતરૂ આચરણ સર્વના જાણવામાં હોય એ શકય જ નહોતું. તેનું આતિથ્ય કરનારા મંડળે કહ્યું: " બાઇસાહેબ ! આપ બરાબર વખતે જ આવી પહોંચ્યાં એ જોઇને અમને બહુ જ આનંદ થયો. "

તે સ્ત્રીચરિત્રની મૂર્તિમંત પૂતળી બોલી: " વીરોત્તમે મારા કિલ્લા ઉપર હલ્લો કરવાનો ભય મને દર્શાવ્યો, એટલે હું સંગમપુરથી નીકળી જઇને આપને આશ્રયે આવી છું. "

ભભૂતમલ બોલ્યો: "બાઇસાહેબ ! આ ઘર આપનું જ છે એમ સમજજો. પણ આપને આશ્રયે રહેલાં નિરાશ્રિતોની શી સ્થિતિ થશે તેનો વિચાર આપે કર્યો છે કે?"

તે બોલી: " તેમને ત્યજી દઇને નાસી આવવાની મને જરૂર પડી. વીરોત્તમની નજર એકલી મારી ઉપર જ ચોંટી ગઇ છે, તેથી મારા આશ્રયે રહેલાં નિર્દોષ અનાથોને તે ત્રાસ ઉપજાવશે નહિ, એવી મારી ખાત્રી છે. "

ભભૂતમલ બોલ્યો: " મહારાણીને આપના જેવી સખી મળવા માટે બહુ જ આનંદ થશે. થોડા જ દિવસમાં આ આખો પ્રાંત આપણા હાથમાં આવશે. "

સરોજિની બોલી: " સરદાર સાહેબ! આપને આ એકઠા થએલા સર્વ મંડળે સેનાપતિની પદવી આપી, એ બહુ જ સારૂં થયું. તેવી જ રીતે મહારાણી સાહેબ પણ આપના કુંવર સાથે લગ્ન કરવાને તૈયાર થયાં છે, એ સાંભળીને તો મારા આનંદનો પાર રહેતો નથી! "

એ પ્રમાણે તેના આતિથ્યને વખતે જે થોડાં સંભાષણો થયાં, તે વિજયસિંહ મુંગો મુંગો સાંભળી રહ્યો હતો. પોતાની પ્રિયતમાએ ભભૂતમલની બન્ને યોજનાઓ પસંદ કરીને આનંદ પ્રદર્શિત કર્યો એ વાત તેને ગમી નહિ. મનમાં તેને બહુ જ ખરાબ લાગ્યું, પણ તેણે તે બહાર જણાવ્યું નહિ. પરન્તુ કાલિકાપ્રસાદે તેના ઉપર બરાબર નજર ચોંટાડી હતી. તે ધૂર્ત સાધુના ધ્યાનમાં એ સર્વ પ્રકાર આવ્યા વિના રહ્યો નહિ. તેણે વિજયસિંહનું મન કળી લીધું, અને તેના પહેલા સંશયને તેથી મજબૂતી મળી.

રાત્રે ભોજનકાર્ય સંપૂર્ણ થયા પછી સઘળા લોકો પોતપોતાને સ્થાને નિદ્રાની સાધના કરવાને ગયાં. તેઓની સૂવાની વ્યવસ્થા માટે વિષયમલે ઘણી મહેનત કરી હતી. સૌની પહેલાં સરોજિની વિશ્રાંતિ લેવાને માટે પોતાના બિછાનાના ઓરડા તરફ ચાલી, કારણકે દિવસે કરેલા પ્રવાસથી તેને બહુ જ થાક લાગ્યો હતો. તેની પછી તુરત જ કાલિકાપ્રસાદ નીકળ્યો. તેણે તેને માર્ગમાં જ ઉભી રાખી અને પૂછ્યું: "બાઇસાહેબ! આપે કહેલાં કારણો મને ખરાં લાગતાં નથી. આપ ખરેખર વીરોત્તમની ભીતિથી જ નાસી આવ્યાં છો કે આપનો કાંઇ બીજો ઉદ્દેશ છે?"

"તે પીટ્યા વીરોત્તમના ભય વિના બીજું વળી શું કારણ હોય?" સરોજિની બોલી: "તેણે લડાઇની મોટી તૈયારી કરી છે. હું તો મોટી મુસ્કેલીથી છૂટી આવી છું. મારા કિલ્લા અને મહાલય તરફ તેનું લશ્કર રવાના થયાની ખબર સાંભળતાં જ હું મોટી ઉતાવળથી આ બાજુએ નાસી આવી. આવતાં આવતાં નહિ જોઇ રાત કે નહિ જોયો દિવસ, એકસરખી રીતે રસ્તો કાપતી ચાલી આવી છું. તેથી અત્યારે મને બહુ જ ઉંઘ આવે છે. સ્હવારે મારે તમારી સાથે ઘણીએ વાતચીત કરવાની છે."

"દેવી! મારે પણ ઘણી વાતો તમને કહેવાની છે; તેમાંએ પેલી રમણી વિષે તો તમને ઘણું જ કહેવાનું છે." કાલિકાપ્રસાદ બોલ્યો.

"તે વાતચીત સ્હવારે કરીશું." સરોજિની તેના તરફ કટાક્ષ કરતી જરા હાવભાવથી બોલી: "ગુરૂ મહારાજ! અત્યારે તો હું બહુ જ થાકી ગઇ છું." એમ કહી તેણે પોતાની ચોળીના ગજવામાંનો એક કાગળ ત્યાં બરાબર છે કે નહિ, તે જોવા માટે ગજવામાં હાથ ઘાલ્યો. તે મહત્ત્વનો કાગળ તેમાં છે, એવી તેની ખાત્રી થતાં જ તેણે એકદમ પોતાનો હાથ પાછો બહાર ખેંચી લીધો, પરન્તુ હાથ

ઉતાવળે બહાર ખેંચી લેતાં જ હાથમાંની વીંટીની સાથે કાગળ બહાર ખેંચાઇ આવ્યો અને તે નીચે પડી ગયો, એ વાત તેના ધ્યાનમાં રહી નહિ!

પોતાને સોંપવામાં આવેલા ઓરડામાં જતાં જ સરોજિનીએ પોતાના શરીર ઉપરની શાલ કાઢી નાંખી અને તે બિછાનાપર પડી. તેને પુનઃ પેલા કાગળનું સ્મરણ રહ્યું નહિ અને તે ગજવામાં બરાબર છે કે નહિ એ જોયું પણ નહિ.

કાલિકાપ્રસાદ મોટા વિચારમાં ગરક થઇને આમતેમ ફરતો હતો, એટલામાં પેલો કાગળ તેની દૃષ્ટિએ પડયો. તે કાગળ તેણે ઉપાડી લીધો અને તેમાં શું લખેલું છે તે વાંચવામાટે તે પાછો પોતાના ઓરડામાં ગયો. તેને તે કાગળ વાંચીને બહુ જ ખરાબ લાગ્યું. તેમાં નીચે પ્રમાણે લખાણ કરવામાં આવેલું હતું:—

કરારપત્ર.

દેવી સરોજિનીએ રાજકન્યા અને ખજાનો મને મેળવી આપવાનું કબૂલ કર્યું છે. તે પ્રમાણે કાર્ય તેમને હાથે થયા પછી નીચેની શરતો મને કબૂલ છેઃ

૧ મારે પુણ્યમંદિર ઉપર કે સરોજિની બાઇના કિલ્લા ઉપર લશ્કર મોકલવું નહિ.

૨ સરોજિની બાઇની મિલકત ઉપર મારે કોઇ જાતનો હક્ક ધરાવવો નહિ.

૩ આજસુધીમાં તેમને હાથે જે કાંઇ અપરાધો થવા પામ્યા હોય, તેને માટે મારે તેમને ક્ષમા કરવી.

૪ આ જ શરતો, દેવી સરોજિની પાછળથી જેનું નામ આપે, તેના સંબંધમાં પણ કબૂલ રાખવી.

વીરોત્તમ.

સરોજિનીની સઘળી લુચ્ચાઇ હવે કાલિકાપ્રસાદના સમજવામાં આવી ગઇ. તેના ઉપર હવે તેને સંપૂર્ણ તિરસ્કાર આવ્યો. જે બીજાનું નામ તે પાછળથી કહેવાની હતી તે નામ સરદાર વિજયસિંહનું હોવું જોઇએ એવી તેની ખાત્રી થવામાં જરાએ વાર લાગી નહિ. સરોજિની સંબંધે થોડીએક શંકા તેના મનમાં પહેલેથી જ આવવા પામી હતી, પણ આ કરારપત્રથી તેની પૂરેપૂરી ખાત્રી જ થઇ. તેણે તુરત જ એક નોકરને ભભૂતમલની પાસે મોકલીને તેને ઉતાવળે બોલાવી મંગાવ્યો અને તે કરારપત્રનો કાગળ તેણે તેના હાથમાં મૂક્યો. તે વાંચતાં જ ભભૂતમલ બોલ્યોઃ " જો આ કાગળ મેં મારી આંખોએ જોયો

ન હોત, તો તેના સંબંધમાં બીજાને મુખેથી સાંભળેલી સર્વ વાત મેં કેવળ ખોટી જ માની હોત. પણ હવે કરવું શું ? મહારાણીની દાસીઓ એના પક્ષની જ છે, અને આપણા નોકરો માંહેના કેટલાક તો તેને માટે પોતાનો જીવ સુદ્ધાં આપવાને તૈયાર થશે. તેથી પોતે માથે લીધેલું કામ તે સહેલાઇથી પાર પાડી શકશે અને આપણી સઘળી ગોઠવણ નકામી જશે. ગુરૂરાજ ! કહો, હવે કરવું શું ? આપનો કેવો વિચાર છે ?"

"હવે તો માત્ર એક જ માર્ગ રહ્યો છે !" કાલિકાપ્રસાદ બે દાંત વચ્ચે ઓઠને દબાવીને બોલ્યો.

"તે માર્ગ કયો ?" ભભૂતમલ્લે ઉત્કંઠાથી પૂછ્યું.

"હવે તો તેનું કાલિકાને બળિદાન જ આપવું, બસ !" કાલિકાપ્રસાદ ગંભીરતાથી બોલ્યો.

ભભૂતમલ એ સાંભળીને ચમકયો ખરો, પરંતુ તે પણ એ જ ઉત્તરની કાલિકાપ્રસાદ તરફથી આશા રાખતો હતો.

કાલિકાપ્રસાદ બોલ્યો: "એ સિવાય બીજો કાંઈ ઇલાજ નથી ! એ લબાડ સ્ત્રી આપણી સાથે દગો રમી છે. આપણને વીરોત્તમને વેચાતા આપ્યા છે એમ જ કહેવું જોઇએ ! તેટલામાટે તેને શિક્ષા કરવી જ જોઇએ. જો શિક્ષા નહિ કરીએ તો આપણે તેને છૂટી મેલવી જોઇએ, અને જો તેને એક વાર છૂટી મેલી, તો પછી ગમે તેટલા યત્નો કરવા છતાં, તે આપણને ફસાવ્યા વિના રહેશે નહિ. એક વાર તેનો હેતુ સિદ્ધ થયો, એટલે પછી તે આપણા ઉપર દયા કરે એવું શું તમને લાગે છે ?"

"નહિ, એવું મને બિલકુલ લાગતું નથી ! એ તો મરી જવી જ જોઇએ !! પણ આ કાગળ આપના હાથમાં કેવી રીતે આવ્યો ?" ભભૂતમલ્લે પૂછ્યું.

કાલિકાપ્રસાદ બોલ્યો: "તેના હાથમાંથી રસ્તામાં પડી ગયો અને તે મારા હાથમાં આવ્યો."

"જો આ કાગળ આપણા હાથમાં આવ્યો છે એવું તેના સમજવામાં આવી જશે, તો તે અહીંથી નાસી જવાની તજવીજ કરશે." ભભૂતમલ બોલ્યો.

"તેમ ન થવા દેવું એ હવે તમારૂં કામ છે." કાલિકાપ્રસાદ ધીમેથી પણ સખ્ત રીતે બોલ્યો: "અત્યારે ને અત્યારે સંકેતશબ્દ નક્કી કરો અને એ સંકેતશબ્દ કહ્યા વિના કોઇને પણ બહાર જવા

દેવા નહિ એવી પહેરેગીરોને સખ્ત તાકીદ આપો. વળી મધરાતે સરોજિનીને ઉંચકીને કાલિકાની પાસે લઇ જવાનો હુકમ પેલા ત્રણે બળિદાન દેનારાઓને ફરમાવી દો. ”

ભભૂતમલ બોલ્યો: “ તે કામ હું મારે માથે લઉં છું; પણ હવે વિજયસિંહને માટે શો રસ્તો ઠરાવવો ? ”

કાલિકાપ્રસાદ બોલ્યો: “ તેના ઉપર હું નજર રાખીશ. હું ધારૂં છું કે સરોજિનીનું કારસ્થાન હજી તેના જાણવામાં આવ્યું નહિ હોય. એ સંબંધી તેની સાથે વાતચીત કરવાની યોગ્ય તક હજી સરોજિનીને મળી શકી નથી. જો કદાચ વિજયસિંહ સરોજિનીના ઓરડામાં પ્રવેશ કરશે, તો તેનો બંદોબસ્ત હું કરીશ. પણ જો તેને આ સઘળી વાત બિલકુલ—”

“ મારી ખાત્રી છે કે તે બન્નેની વચ્ચે હજી વાતચીત થવાનો પ્રસંગ જ આવ્યો નથી ! ” ભભૂતમલ બોલ્યો.

“ એ લુચ્ચીને હજી તમે બરાબર ઓળખતા હો એમ જણાતું નથી. તે એટલી હુશીયાર છે કે માત્ર એક કટાક્ષમાં જ તે સામા માણુસને પોતાનો મનોભાવ સ્પષ્ટ રીતે જણાવી દઇ શકે ! તો પછી આ તો તેનો પ્રિયતમ-રાખેલો જાર ! તેને તો એ રંડાએ ક્યારનું એ સઘળું સમજાવી દીધું હશે ! અત્યારે મારૂં કહેવું માત્ર એટલું જ છે કે આજ રાત્રે એકાંતમાં જો તેઓ મળે તો પછી સરોજિનીની પેઠે તેના યારની પણ એવી જ દશા થવી જોઇએ ! જેઓ આપણી સાથે દગો રમવા માંડે તેમને તો આ જગતમાંથી સત્વર દૂર કરી નાંખવાં જોઇએ. જુઓ, અત્યારે એક પ્રહર રાત્રી વીતી ગઇ છે અને બળિદાનને માટે તૈયારીઓ કરવાને માત્ર એક જ પ્રહર હવે બાકી રહ્યો છે ! ”

કાલિકાપ્રસાદની સલાહ પ્રમાણે વર્તવાનું કબલ કરીને ભભૂતમલ ત્યાંથી ચાલ્યો ગયો. કાલિકાપ્રસાદ પણ પોતાના ઓરડામાંથી બહાર નીકળીને સરોજિનીના ઓરડાની બહાર એક ખૂણામાં લપાઇ રહ્યો. એક ઘડી પછી કોઇ એક ઉંચા જેવો દેખાતો પુરૂષ તે ઓરડાની નજીક એક પછી એક ઓરડાની ગણત્રી કરતો આવ્યો. તે વિજયસિંહ જ હતો એવું કાલિકાપ્રસાદના ધ્યાનમાં તુરત આવી ગયું. તેણે બરાબર ગણીને છ ઓરડાઓ વટાવ્યા પછી સાતમા ઓરડામાં પ્રવેશ કર્યો. તેને જોઇને કાલિકાપ્રસાદ મનમાં બોલ્યો: “ મારી કલ્પના બરાબર ઉતરી છે. આજે કાલિકાને બે બળિદાનો મળશે ! ”

પ્રકરણ ૩૦ મું.

શ્વેત સ્ત્રી અને બે ચાકરો.

શ્યામગઢના ભયંકર ભોંયરામાં શું શું બની રહ્યું છે તે એક વાર આપણે જોઇએ. જે વખતે ઉપર સરોજિનીના સૂવાના ઓરડામાં વિજયસિંહે પ્રવેશ કર્યો, તે જ વખતે ભોંયરામાંની શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રી તેજસીંગ અને દાનસીંગની ઓરડીમાં ગઇ.

તેના હાથમાં દીવો હતો. તેણે તે બન્નેને પોતાની સાથે આવવાનું કહ્યું. અંધારી કોટડીમાં બંદીવાસ ભોગવવાથી તે બન્નેનાં શરીરો કેવળ કૃશ બની ગયાં હતાં અને તેમના શરીરમાંથી લોહી શોષાઇ જવાથી તેઓ કેવળ ફિક્કા બની ગયા હતા. તે શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીનું મુખ તો હમેશાં જ શોકાકુળ દેખાતું હતું, પણ આજ તો તેના વદન ઉપર વિશેષ ઉદ્વિગ્નતા દેખાતી હતી. તેને એવી જ કાંઇ ચિંતા થઇ રહી હતી કે જેથી તેની આંખોમાં જળ ભરાઇ આવ્યું હતું.

ગુપ્ત દ્વાર ઉઘાડીને તે ત્રણે કાલિકાની મૂર્તિવાળા ઓરડામાં આવ્યાં. દીવાના પ્રકાશમાં તેમણે તે મૂર્તિનું નિરાંતે અવલોકન કર્યું. તેમના મનમાં ભય ઉત્પન્ન થયો, કારણકે તે મૂર્તિ સંબંધે ભયંકર પ્રકાર હવે તેના જાણવામાં પૂર્ણ રીતે આવ્યો હતો. પરમેશ્વરની દયાથી પોતે કેવા ભયંકર મરણમાંથી બચ્યાં તેનું એ ત્રણેને સ્મરણ થયું.

તે શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીએ જીવિતદાન દઇને પોતા ઉપર કેવડો ઉપકાર કર્યો છે, તે તેમના ધ્યાનમાં આવ્યું. ત્યાં આવ્યા પછી તેજસીંગ બોલ્યો: "બાઇસાહેબ ! હું જે કાંઇ બોલું છું તેની મને ક્ષમા કરજો; આવી રીતે કેદમાં રહેવા કરતાં મરણ આવે તો સારું, એવું હવે અમને લાગે છે !"

દાનસીંગ બોલ્યો: "આવી તરુણ સ્થિતિમાં માતા-પિતા, ઇષ્ટમિત્ર, સર્વે સંસાર છોડીને આવા એકાંતવાસમાં દિવસ કાઢતાં અમને અત્યંત દુઃખ થાય એમાં શું આશ્ચર્ય ?"

"દિકરાઓ! એમાં તમને ક્ષમા શાની કરવાની છે ?" તે સ્ત્રી બોલી: "પણ જે સંસારનું તમને સ્મરણ થાય છે, તે સંસારમાં તમને અત્યારે જવા દઇ શકાય તેમ નથી. તેમ કરવામાં કેટલો ભય રહેલો છે, તેનું હજી તમને ભાન નથી. મને પણ તમારી ઘણી દયા આવે છે, પણ હું શું કરું ? મારા હાથમાં કશો ઉપાય નથી. ગમે ત્યારે પણ આપણા દુઃખનો અંત તો આવશે જ. જરા ધીરજ રાખો. હમેશાં દુઃખમાં

રહેવાથી તે સહન કરવાની આપણામાં આપોઆપ શક્તિ આવે છે અને તેવી ટેવ પડી જાય છે. ”

તેજસીંગ બોલ્યો: “ પણ બાઇ ! આજ તમારી તરફ જોતાં અમને એવું લાગે છે કે જાણે તમે અમારાપર ક્રોધે ભરાયાં ન હો ! જો અમારા પર આપને ક્રોધ ન આવ્યો હોય, તો આપનું મન ખિન્ન થવાનું બીજું કાંઇ કારણ હોવું જોઇએ. ”

તે સ્ત્રી બોલી: “ મને આજે કાંઇ નવીન દુ:ખ થઇ રહ્યું છે એ ખરૂં છે. આ બધુંએ મંડળ અહીં એકાંતવાસમાં રહે છે, પણ તમો બેઉ ઉપર મારી મમતા ઘણી જ છે. તમને અહીં આવ્યાને માત્ર દશ જ દિવસ થયા છે, પણ એટલામાં તમારી કેવળ ચમત્કારિક સ્થિતિ બની ગઇ છે ! તમને જરૂર ખુલ્લી હવામાં ફરવા દેવાની જરૂર છે એવું મને લાગ્યું, તેથી જ તમને હું અહીં તેડી લાવી છું. ”

તેજસીંગ બોલ્યો: “ હા; તે એકાન્ત સ્થળમાંથી જરા અહીં તહીં ફરવાથી જીવને નિરાંત વળે છે, અને તેથી જ મેં આપને હમણાં એવી વિનતિ કરી હતી. ”

તે સ્ત્રી બોલી: “ પણ આ ભાગમાં તમને એકલાં ફરવા દઇ શકાય તેમ નથી. કાલિકાના ભકતો અહીં ક્યારે આવશે અને ક્યારે નહિ આવે, તેનો બિલકુલ નિયમ હોતો નથી. અહીં આવવાના તેઓના બે રસ્તા છે. એક કિલ્લામાંથી અને બીજા પેલા જંગલમાંના દેવાલયમાંથી. આ ભાગમાંના સઘળા રસ્તા અને છુપાવાની જગ્યાઓ હજી તમારા જાણવામાં નથી. જો તમને અહીં કોઇ જીવતાં ફરતા જુએ, તો તમારા જીવને હરકત પહોંચે, એટલું જ નહિ પણ તમારી સાથે જે બીજાં નિર્દોષ મનુષ્યો અહીં એકાંતવાસમાં રહેલાં છે તેઓને પણ જીવ ગુમાવવો જ પડે. તમારી સાથે અહીં આવવાનો મારો હેતુ એટલો જ છે કે, જો કોઇનો પણ પગરવ સાંભળવામાં આવે કિંવા દીવાનો પ્રકાશ દૂરથી નજરે પડે, તો સાવધાનતાથી તમને બરાબર છુપાવી દઇને તમારો બચાવ કરવો. ”

“ ત્યારે તો એ હરામખોરો અહીં ઘણી વાર આવતા હોવા જોઇએ. ” જ્ઞાનસીંગે પૂછ્યું.

“ કાંઇ ઘણી વાર આવતા નથી, પણ તેઓ ક્યારે આવશે તેનો કોઇ નિયમ હોતો નથી. કોઇ કોઇ વાર તો મહિનાના મહિના અને વર્ષોનાં વર્ષો એમ ને એમ ચાલ્યાં જાય છે; તોપણ તેઓ અહીં આવતા

નથી, અને તેથી કાલિકાને બળિદાનો મળતાં નથી. પ્રભુની કૃપાથી જેટલાં ઓછાં બળિદાનો દેવાય તેટલું વધારે સારૂં."

પગથી મસ્તકસુધી કંપતાં તેજસીંગ બોલ્યો: "ત્યારે પછી આપ પ્રત્યેક બળિદાનના મનુષ્યોને બચાવી શકતાં નથી શું?"

તે સ્ત્રી ગંભીર વાણીથી બોલી: "પ્રત્યેક બળિદાનના મનુષ્યને બચાવી લેવાની તક અમને મળતી નથી. જ્યારે પેલો કાલિકાપ્રસાદ કિંવા સરદાર સાહેબ પોતે હાજર હોય છે, ત્યારે તે બિચારા હનુમંતસિંગનું કાંઈ ડહાપણુ ચાલતું નથી. તમારી સાથે એ કાલિકાપ્રસાદ પોતે આવ્યો નહિ, એ તમારૂં મોટું ભાગ્ય જ સમજવું. જો તે તમારી સાથે આવ્યો હોત, તો તમે આજે જીવતા રહી શકયા ન હોત, કારણકે હનુમંતસિંગથી કાંઇ જ બોલી શકાત નહિ અને બળિદાન દેનારાઓએ પોતાનું કામ પૂરૂં કર્યું હોત. કહો જોઇએ વારૂ, આ વાત અત્યંત ભયંકર નથી શું?"

દાનસીંગ બોલ્યો: "એ સંબંધે વિશેષ વિચાર કરવાનું અમારામાં હવે સામર્થ્ય જ રહ્યું નથી."

તે સ્ત્રી બોલી: "એ બનાવ અત્યંત ભયંકર હોય છે! તે ત્રણે બળિદાન દેનારાઓ બહુ દયાળુ છે. લગભગ બાર તેર વર્ષ પૂર્વે તેમને પણુ અહીં બળિદાન દેવા માટે લાવવામાં આવ્યા હતા, પણુ તે વખતે બળિદાન દેનારા કોઈ જ માણુસો નહોતા, એટલે તેઓની પાસેથી એવું કામ કરવાની કબૂલાત લઇને તેમને એ કાલિકાના ભકતોએ જીવિતદાન દીધું અને તે જ દિવસથી તેઓ એ બળિદાન દેવાનું કામ કરે છે."

તેજસીંગ બોલ્યો: "પણુ માતુઃશ્રી! એ દુષ્ટો ઉપર ઇશ્વિરી કોપ કેમ નહિ ઉતરતો હોય? બીજાઓના શાપ શું તેમને લાગતા નહિ હોય? તેઓની મંડળીનું નખ્ખોદ કેમ નહિ વળી જતું હોય?"

તે સ્ત્રી બોલી: "તે સમય હવે બહુ દૂર રહ્યો નથી! આ બે દિવસમાં ઘણી નવી વાતો મારા જાણુવામાં આવી છે. પરમેશ્વરની કરડી નજર હવે તેઓ ઉપર ફરી રહી છે, તેમ જ કેટલાક સરદારો પણુ તેમની સામે થયા છે. વીરોત્તમે લડાઈની શરૂઆત કરી છે. એ શાકતોએ રાજકન્યાને અહીં આણુી છે અને તેના નામની દુહાઇ ફેરવીને આ કિલ્લાપર નિશાન ઉભું કર્યું છે. વીરોત્તમ થોડી જ વારમાં અહીં આવશે; અને પછી—પછી—"

તેજસીંગ વચમાં બોલ્યો: "પ્રભુની કૃપાથી તેને વિજય મળો!"

દાનસીંગ બોલ્યોઃ "હું પણ ઈશ્વરની પાસે એવી જ પ્રાર્થના કરૂં છું! જો તે વિજયી થશે, તો તે કાલિકાપ્રસાદનું, ભભૂતમલનું અને બીજા દુષ્ટ લોકોનું સંપૂર્ણ વૈર લેશે!"

"દિકરાઓ! ચૂપ રહો!" તે સ્ત્રી બોલીઃ "તમે પોતે દુઃખી છો, તો તમારે બીજાના વૈરનો વિચાર કરવો એ યોગ્ય નથી. વૈર વાળવાની ઇચ્છા મનુષ્યે કદાપિ કરવી જોઇએ નહિ. સઘળા બનાવો ઈશ્વરની યોજના પ્રમાણે જ બનતા રહે છે. તમારી સાથે અહીં જે માણસો છે, તેમાંના ઘણાખરા ઉંચા દરજ્જાના છે. સ્ત્રીઓ પણ તેવી જ છે. એમ હોવા છતાં તેમાંના કોઇએ આજસુધીમાં વૈર લેવાની ઇચ્છા દર્શાવી હોય એવું તમારા જોવામાં આવ્યું છે શું? મેં સર્વને ઇશ્વરની ભક્તિ કરતાં જ શીખવ્યું છે અને તે સર્વ જણ ઇશ્વરપર આધાર રાખીને સ્વસ્થ રહ્યાં છે. તમારે પણ તે જ પ્રમાણે વર્તવું જોઇએ."

"માતુઃશ્રી!" તે બન્ને જણ હાથ જોડીને બોલ્યાઃ "અમને ક્ષમા કરો. અમે ગેરસમજથી તેવું બોલ્યા છીએ. હવે પછી તેવું કદાપિ બોલીશું નહિ."

"મને તમારા બોલવાથી કાંઇ ગુસ્સો આવ્યો નથી. તમારા મનમાં જે અતિશય દુઃખ થઇ રહ્યું છે, તેથી જ તમે એવું બોલ્યા છો એ હું જાણું છું! દિકરાઓ! આ કાલિકાનાં બળિદાનોમાંથી સૌથી પહેલો મારો જીવ બચ્યો. તે વખતે મારા મનની કેવી સ્થિતિ થઇ હશે તેની તો તમે કલ્પના પણ કરી શકશો નહિ. આજે સઘળાં મળીને લગભગ પચાસ મનુષ્યો અહીં છે. સર્વના દુઃખ કરતાં મારૂં દુઃખ ઘણું વધારે છે. તેમ હોવા છતાં હજીસુધી વૈર વાળવાનો વિચાર એક ક્ષણને માટે પણ મેં મનમાં આવવા દીધો નથી!"

દાનસીંગ બોલ્યોઃ "માતુઃશ્રી! આપના સદ્ગુણોની અમે શું સ્તુતિ કરીએ? આપે અમારો જીવ બચાવ્યો, એટલું જ નહિ, પણ ઈશ્વરભક્તિ એટલે શું એ પણ અમે આપના થોડા જ દિવસના સહવાસ ઉપરથી સમજવા લાગ્યા છીએ. પણ અત્યારે આપના મનને અધિક દુઃખ થાય છે, એ જોઇને મને બહુ જ ખરાબ લાગે છે. આજે સ્હવારે જ્યારે હનુમંતસિંગે આપની મુલાકાત લીધી, ત્યારથી આપને બહુ જ દુઃખ થતું હોય એમ મને લાગે છે."

"તારો તર્ક બરાબર છે." એ શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રી બોલીઃ "પણ એ વિષે હું તમને કાંઇ સ્પષ્ટ રીતે કહી શકું તેમ નથી. એ એક મારી ખાનગી વાત છે. વારૂ ચાલો, આપણે જરા નીચેની બાજુએ જઇએ."

પછી ત્રણે જણ હથિયારોની ઓરડી તરફ ગયાં. તે જ ઓરડીમાં થઇને યંત્રવાળા વિભાગ તરફ જવાનો માર્ગ જતો હતો, એટલે તે દયાળુ શ્વેત સ્ત્રીએ એવી રીતે દીવાને પોતાના હાથમાં રાખ્યો કે જેથી, તે બન્ને જણ પેલું ચક્રોવાળું ભયંકર યંત્ર જોઇ શકે નહિ. એ યંત્રનો ઉપયોગ જોકે તે બન્ને જણ જાણતા હતા, તોપણ તેનું સ્મરણ થવાથી તેમને વધારે ખરાબ લાગે નહિ, એવો તેનો ઉદ્દેશ હતો.

જે સ્થળે સુલક્ષણાબાઇની સમાધિ બાંધેલી હતી, તે સ્થળે તે ત્રણે જણ આવ્યાં. ત્યાં સમાધિ ઉપરનો લેખ વાંચીને તેજસીંગ બોલ્યો: "આ સમાધિ હાલના સરદારની સ્ત્રીની જ છે કે?"

તે સ્ત્રીએ ગંભીર પણ હલકા અવાજે કહ્યું: "હા."

દાનસીંગ બોલ્યો: "આ ઉપરથી એ સરદારનો પોતાની પત્ની ઉપર બહુ જ પ્રેમ હતો એવું દેખાય છે. એ બાઇ તરૂણાવસ્થામાં જ મૃત્યુ પામી. મૃત્યુને તેની દયા આવી નહિ! એવા શબ્દો તેના ઉપર કોતરેલા છે, તે ઉપરથી તે તેને અત્યંત પ્રિય હોવી જોઇએ એ ખુલ્લું જણાય છે. તોપણ એ સરદારનું હૃદય પત્થર કરતાં પણ વધારે કઠણ હોવું જોઇએ. તેમ હોવા વિના એ નીચ શાક્તોની મંડળીની આગેવાની પોતે લે નહિ!"

તે ઉપર કાંઇ નહિ બોલતાં તે સ્ત્રી બોલી: "ચાલો ત્યારે, હવે આપણે બીજી બાજુએ જઇએ!" એમ કહીને તે આગળ થઇ અને એ ચાકરો આમ-તેમ જોતા તેની પાછળ ચાલ્યા. એ પ્રમાણે કેટલીક વારસુધી તેમણે ફર્યા કર્યું. જ્યારે તે પોતાને સ્થાને જવા માટે પાછી ફરી, ત્યારે એક ખૂણામાં એક મોટી પાલખી રાખેલી હોઇને તેના ઉપર કીનખાબનો પડદો નાંખેલો તેના જોવામાં આવ્યો. તે પડદાને જરા બાજુએ કરીને તેણે જોયું તો તેની અંદર સઘળું જવાહીર, હીરા, મોતી, માણેક એ સિવાય બીજું કાંઇ તેના જોવામાં આવ્યું નહિ! પહેલાં તો તે જ સમજી શકી નહિ કે એ બધું દ્રવ્ય ત્યાં કયાંથી આવ્યું? પણ પછી તેને સૂજ્યું કે રાજકન્યાને ત્યાં લાવવામાં આવી હતી, એટલે એ સર્વ ખજાનો પણ તેની સાથે જ ત્યાં લાવવામાં આવ્યો હોવો જોઇએ.

પછી તે ત્રણે જણ ઉપરના યંત્રના ભાગમાં આવ્યાં, અને ત્યાંથી પુનઃ તેઓ ઉપરના કાલિકાની મૂર્તિવાળા ભાગમાં જતાં હતાં, એટલામાં એકાએક ખણખણાટ કરતો ઘંટાનાદ સંભળાવા લાગ્યો! એ ઘંટાનાદ કયે વખતે થતો હતો, એ તે ત્રણેને ખબર હોવાથી તેમણે ભીતિથી ચિત્કાર કર્યો અને જાણે કે તેઓ ત્યાં જ જડાઇ ગયાં હોય એવાં બની ગયાં!!

પ્રકરણ ૩૧ મું.

મધરાતે સમાગમ.

હવે આપણે સરોજિનીના બિછાના તરફ જઇએ. વિજયસિંહ પોતાની પ્રિયતમાના ઓરડામાં બેધડક પેઠો ખરો, પણ પોતા ઉપર કેવો પ્રસંગ આવી પડવાનો હતો, તેની તે બિચારાને બિલકુલ કલ્પના પણ નહોતી ! પોતાને ત્યાં આવતાં કોઇએ જોયો નહિ હોય એવી તેની ખાત્રી હતી, પરંતુ તે ત્યાં જાય છે કે નહિ તે જોવાને જ કાલિકાપ્રસાદ ખાસ ત્યાં આગળ લપાઇને બેઠો હતો. બિચારા વિજયસિંહને તેની ખબર પણ નહોતી.

તેને અંદર આવવામાં કાંઈ અડચણ પડે નહિ, તેટલામાટે સરોજિનીએ અંદરથી પોતાના ઓરડાની સાંકળ વાસી નહોતી. અંદર જતાં જ વિજયસિંહે દ્વાર બંધ કરી વાળ્યું. તે વખતે સરોજિનીને ગાઢ નિદ્રા આવી ગઇ હતી, તેથી ત્યાંથી પાછા ફરવું એવું તેના મનમાં થયું, પરન્તુ એટલામાં તેને એવો વિચાર આવ્યો કે, જે વાત કહેવાને માટે સરોજિનીએ પોતાને નેત્રસંકેતથી બોલાવ્યો હતો તે વાત બહુ જ મહત્ત્વની હોવી જોઇએ. તે વાત જો એટલી મહત્ત્વની ન હોત, તો તેણે દ્વાર જ શામાટે ઉઘાડું રાખ્યું હોત ? વળી અગાઉથી કાંઇ જ સૂચના નહિ આપતાં તે એકાએક અહીં આવી, તેનું પણ કાંઇ ખાસ કારણ હોવું જોઇએ એવું તેના મનમાં આવ્યું. જો તે ભીતિથી પોતાનો કિલ્લો અને મહાલય છોડીને આવી હોય, તો તે અહીં જ શામાટે આવી અને બીજે કયાંક ચાલી ગઇ નહિ ? એનો પણ એક વિચાર તેના મનમાં આવ્યો અને તેથી તેણે તેને જાગૃત કરવાનો વિચાર કર્યો. તેણે હળવેથી તેના ખભાપર હાથ મૂકીને તેને જગાડી. તે ચમકીને ઉઠી અને આમતેમ જોવા લાગી. વિજયસિંહને ઓળખતાં જ તેનો ભય દૂર થયો અને તે બોલી: " આપે મને અત્યારે જાગૃત કરી એ આપનો મારાપર મોટો ઉપકાર થયો છે ! "

વિજયસિંહે પૂછ્યું: " એટલે શું ? "

તે બોલી: " હું અત્યારે એક ભયંકર સ્વપ્નમાં હતી, તેમાંથી તમે મને જાગૃત કરી, એ જ મારાપર આપનો મોટો ઉપકાર છે ! "

તેણે પૂછ્યું: " એવું તે કેવું ભયંકર સ્વપ્ન તેં જોયું ? "

આખે શરીરે થરથર કમ્પતી તે બોલી: " કાલિકાને બળિદાન દેવાનું ! "

કિંચિત્ ગભરાઇને વિજયસિંહ બોલ્યોઃ "એ માટે હવે તું વધારે વિચાર જ કરીશ હિ."

સરોજિની બોલીઃ "હું તે સ્વપ્નનો વિચાર કરતી નથી, પણ આપે મને જાગૃત કરી, એ મારાપર આપનો અને માતા કાલિકાનો બહુ જ ઉપકાર થયો છે!"

વિજયસિંહ બોલ્યોઃ "કોઇ કોઇ વાર સ્વપ્નો પણ ભવિષ્યમાં આવનારા પ્રસંગોનું ભાન કરાવે છે, એમ કહેવાય છે. પણ આપણે તો આ શાક્તમંડળના આગેવાન છીએ અને આપણને એવી ભયંકર શિક્ષા ભોગવવી પડે એવો કાંઇ અપરાધ આપણે કર્યો નથી. પણ હવે એ વાત જવા દે. મને કહે, તું સંગમપુરથી અહીં કેમ આવી? તારા મનમાં કાંઇ જૂદો જ હેતુ છે કે શું?"

કેવળ ધીમે સ્વરે તે બોલીઃ "અહીં આવવાનો મારો હેતુ કેવળ જૂદો જ છે!"

તેના એ શંકિત દૃષ્ટિયુક્ત ભાષણથી સંશયગ્રસ્ત થઇને વિજયસિંહ બોલ્યોઃ "તું શું કહેવા માંગે છે તે મને એક વાર જણાવ."

"આપ એટલા ગભરાઓ છો શાને? આપના મનમાં આટલી અકળામણ કેમ જણાય છે? હા, હું સમજી; આપને છોડીને સૌએ ભભૂતમલને સેનાપતિપદ આપ્યું, એથી આપને બહુ જ માઠું લાગ્યું હશે એમ જણાય છે." સરોજિની બોલી.

"હા, એ ખરૂં છે. વળી તે મારા પ્રતિસ્પર્ધીને સેનાપતિનો અધિકાર મળ્યો તે માટે તેં થોડી વાર પૂર્વે આનંદ દર્શાવ્યો, તેથી પણ મને બહુ માઠું લાગ્યું છે!" વિજયસિંહે ભાર દઇને કહ્યું.

સરોજિની બોલીઃ "કોઇને ફસાવવો હોય, એટલે આપણા પ્રતિપક્ષીના પક્ષમાં હોઇએ એવા પ્રકારનું જ બોલવું પડેને?"

વિજયસિંહ આશ્ચર્યથી બોલ્યોઃ "ફસાવવો હોય? આ હું શું સાંભળું છું? મારા કાન તો મને ફસાવતા નથી?"

સરોજિની બોલીઃ "એ આપના પ્રતિપક્ષીનું વેર લેવાની અને પેલા કાલિકાપ્રસાદની ખો ભુલવવાની ઉત્તમ તક આપણને મળી છે!"

વિજયસિંહ બોલ્યોઃ "એ તું અંતઃકરણમાંથી જ બોલતી હોય તેમ જણાય છે! માટે તારે જે કાંઇ મને કહેવું હોય તે જલ્દી કહી દે! તારા આ ગંભીર ચહેરા તરફ જોઇને મને બહુ જ ભય લાગે છે. તારી ઇચ્છા પ્રમાણે મારા પ્રતિસ્પર્ધીનું વેર હું લઇશ, પણ તેનો કાંઇ માર્ગ હોય તો બતાવ."

"હું ટુંકાણમાં જ મારૂં કથન કરી વાળું છું." સરોજિની બોલી: "મેં વીરોત્તમની સાથે કેટલીક મસલત કરી છે!"

"શું? શું બોલે છે? વીરોત્તમની સાથે મસલત? તું તે ભાનમાં છે કે સ્વપ્નમાં છે?" તેણે આશ્ચર્યચકિત થઇને પૂછ્યું.

તદ્દન ધીમેથી તે બોલી: "હું બેભાન નથી કે સ્વપ્નમાં પણ નથી. મારૂં સર્વ કથન સાંભળી લીધા પછી મેં ચલાવેલો પ્રકાર વાજબી છે કે ગેરવાજબી છે તે આપ જુઓ—"

તેણે ઉતાવળે પૂછ્યું: "ત્યારે હવે જે હોય તે ઉતાવળે કહી નાંખ!"

"સાંભળો, હું તે બરાબર કહું છું." સરોજિની બોલી: "વીરોત્તમ આપણા કરતાં વિશેષ બળવાળો છે, એવી મારી ખાત્રી અનેક કારણોને લીધે થઇ ચૂકી છે. આપણા પક્ષ તરફથી આપણું સૌનું જોર એકત્ર કરીએ, તોપણ તેની બરોબરીએ આપણાથી પહોંચી શકાય નહિ. તે દિવસે તેણે ખુલ્લા મેદાનમાં પોતાના સૈન્યની જે કવાયત જોઇ હતી, તે ઉપરથી તેની તૈયારીઓ ઘણા મોટા પાયાપર છે એવું ખુલ્લું જણાય છે. આ પ્રાંતમાંના પુષ્કળ લોકો તેને મળી ગયા છે. એવે વખતે આત્મરક્ષણની મોટી જરૂરીઆત માનીને વીરોત્તમને મળવાને હું તેના નિવાસસ્થાને ગઇ હતી. લગભગ બે કલાક સુધી વાતચીત કરીને અમે એક ઠરાવ કર્યો."

"પણ તે કયો ઠરાવ?" વિજયસિંહે અધીરાઇથી પૂછ્યું.

"સાંભળો, કહું છું." તે બોલી: "મારી સાથે ઘણી વાટાઘાટ કરીને વીરોત્તમે મને કરારપત્ર લખી આપ્યો છે. મારા કિલ્લા ઉપર કિંવા મહાલય ઉપર તેણે હલ્લો કરવો નહિ, મારી જાગીર ખાલસા કરવી નહિ, મારા પાછળના સઘળા અપરાધોની મને ક્ષમા આપવી, તેમ જ હું જેનું નામ કહું તે સરદારના સંબંધમાં પણ વીરોત્તમે એ જ શરતો કબૂલ રાખવી."

વિજયસિંહ વચમાં બોલ્યો: "તું મારૂં જ નામ કહેવાની હોઇશ, એમ હું ધારૂં છું."

"હા." તેણે પૂછ્યું: "પણ તે વિષે હવે આપને શું કહેવું છે?"

વિજયસિંહ બોલ્યો: "જો વીરોત્તમનો જય થશે, તો આપણને ફાયદો થશે ખરો, પણ જો આ વિશ્વાસઘાત ખુલ્લો થશે, તો આપણને મરણ સિવાય બીજી કાંઇ શિક્ષા જ થવાની નથી એ નક્કી સમજવું!"

"પણ વીરોત્તમનો જય થાય, એ જ હેતુથી મેં એ શરતો કબૂલ કરાવી લીધી છે. એના બદલામાં કાંઇ પણ યુક્તિ કરીને રાજકન્યા તથા તેનો ખજાનો વીરોત્તમને હવાલે સોંપી દેવો એવું મેં ઠરાવ્યું છે." સરોજિનીએ કહ્યું.

વિજયસિંહ તેની પાસેથી એકદમ ઉઠીને ઉભો થઇ બોલ્યોઃ "ઓહ! અત્યંત ભયંકર વાત! આ તું બોલે છે શું?"

તે બોલીઃ "વીરોત્તમને જય મળશે, એટલે આપણી શી દશા થશે તેનો આપે વિચાર કર્યો છે કે નહિ? મારી ખાત્રી છે કે તેનો જ જય થવાનો છે. પછી આપણે શું કરીશું? દેશત્યાગ કરીને નાસી જવા સિવાય બીજો કાંઇ ઇલાજ રહે છે શું? પરદેશમાં આપણને દારિદ્રયમાં દિવસો ગાળવા પડશે."

"તે પણ ખરૂં." વિજયસિંહ બોલ્યોઃ "મારે પણ તે સંબંધે બરાબર વિચાર કરવો જોઇએ."

સરોજિની બોલીઃ "તો પછી તમારે શું વૈર લેવું નથી?"

પોતાની પ્રિયતમા તરફ જોઇને વિજયસિંહ બોલ્યોઃ "હા, વૈર તો લેવું જ જોઇએ; મને મુસ્કેલીમાં આવેલો જોઇને ભભૂતમલે મારૂં અપમાન કર્યું છે, તેનો બદલો હું લીધા વિના રહેવાનો નથી. આ બાજીની ગોઠવણમાં હું તને મદદ કરીશ. પણ હમણાં આ જ વિચારો કરતી કરતી તું સૂતી હતી, ત્યારે તને કાલિકાના બળિદાન સંબંધી શું સ્વપ્નો આવ્યાં હતાં? વારૂ, પણ બોલ, હવે આગળ તેં કેવી યોજના ઘડી છે?" એમ પૂછીને તે પુનઃ પોતાની પ્રિયતમાની પાસે જઇને બેઠો.

"મેં યોજેલી યુકિત બહુ ટૂંકી છે. રાજકન્યાની દાસી મને અનુકૂળ છે. હું તેને જેમ સૂચવીશ, તેમ તે કરશે. તે તેને એમ કહેશે કે તું ગુજરાતમાં નાસી જા. ગુજરાતમાં જવાને તે બહુ જ ઉત્સુક છે. દાસીની મદદથી તે કિલ્લાની બહાર નીકળશે. તે સ્થળે મારા મદદગારોના હાથમાં તે આવશે અને તેને તેઓ વીરોત્તમની પાસે લઇ જશે."

"એ રાજકન્યા સંબંધી યુક્તિ તો બરાબર છે, પણ ખજાના સંબંધે શું ધાર્યું?" વિજયસિંહે પૂછ્યું.

સરોજિની બોલીઃ "તે માટે પણ મેં વિચાર કરેલો છે. જ્યારે મારા મહાલયમાંથી ખજાનો અહીં આવ્યો, ત્યારે શ્યામગઢના ભોંયરામાં તે રાખવો એવો નિશ્ચય કરવામાં આવ્યો હતો."

"તે પ્રમાણે જ તે અત્યારે આ કિલ્લાના ભોંયરામાં રાખવામાં આવેલો છે." વિજયસિંહ બોલ્યો.

"તો પછી તે માલ સંગમપુર લઇ જવામાં કાંઇ બહુ અડચણ પડશે નહિ, કારણકે અહીંના શાકતમંડળમાંના લગભગ અર્ધા અંગભૂતો મારી વગસગના છે. તેઓને કહેતાંની સાથે જ તેઓ મારે માટે પ્રાણ પણ આપવાને તૈયાર થઇ જશે. તેઓ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કદાપિ કરશે નહિ." તે બોલી.

વિજયસિંહ બોલ્યો: "એ વાત પણ ખરી છે. પણ એટલું કર્યા પછી કદાચ વીરોત્તમ ફરી ગયો તો?"

"તે વચન આપ્યા પછી ફરી જાય એવો માણસ નથી." તે બોલી: "અને કદાચ ફરશે, તો તેના હાથનો લેખ મારી પાસે જ છે."

"શું તેં લેખ કરાવી લીધો છે? મને તે એક વાર જોવા તો દે!" વિજયસિંહે ઉત્સુકતાથી હાથ લંબાવ્યો.

સરોજિનીએ પોતાની ચોળીના ગજવામાં હાથ નાંખ્યો પણ તેમાં તે પત્ર માલૂમ પડ્યો નહિ! "આ શું? કાગળ ક્યાંય પડી ગયો કે શું?" એમ બોલીને તે અત્યંત ગભરાઇ જઇને આમ તેમ જોવા લાગી. તેનો ચહેરો ફિક્કો પડી ગયો. તે ભીતિથી કંપવા લાગી. તે તદ્દન નિરાશ થઇ અને બેહોશ થઇને બોલી: "હાય! હાય! એ કાગળ તો ક્યાંય પડી ગયો! ઓ પ્રભુ! હવે મારૂં શું થશે?"

તેનો એ ગભરાટ જોઇને વિજયસિંહ પણ ગભરાયો. તેના આખા શરીરે ભયથી પરસેવો છૂટ્યો. એ સ્થિતિમાં કેટલોક સમય ગયા પછી તે બન્ને જણાં હવે શું કરવું તે વિષે વિચાર કરવા લાગ્યાં. વિજયસિંહ એક સાચો શૂરવીર પુરૂષ હતો. યુદ્ધક્ષેત્રમાં સો-પચાસ માણસોને તો એ એકલો જ પહોંચી વળે તેવો હતો. પણ આ વખતે તે પણ ગભરાઇ ગયો. તે જોઇને સરોજિની બોલી: "હવે મારૂં શું થશે? હવે મારો સર્વનાશ થશે એ તો નક્કી જ છે. ઓ પ્રભુ! પણ મને એવી દુર્બુદ્ધિ કેમ સૂઝી?"

વિજયસિંહ બોલ્યો: "હું પણ એમ જ કહું છું. હું પણ તારો સાથીદાર જ છું એમ સમજી લેજે."

સરોજિની બોલી: "એમ કેમ બને? આપ તો તદ્દન નિર્દોષ છો!"

"એવી વ્યર્થ આશામાં તું મને પાડ નહિ." વિજયસિંહ નિરાશાથી બોલ્યો: "તેં તે લેખમાં વીરોત્તમની સાથે એવું ઠરાવ્યું

છે કે એક સરદારના સંબંધમાં પણ એ શરતો લાગુ પડેલી સમજવી. જોકે તેમાં મારૂં નામ દર્શાવેલું નથી, તોપણ એ લેખ મારા સિવાય બીજા કોના સંબંધમાં સમજી શકાય વારૂ? એટલે શું તારી સાથે મને પણ નુકસાન નહિ થાય? તારો અને મારો પ્રેમસંબંધ બહુધા જાણીતો થઇ ગયો છે. વળી આપણે બન્ને બહુધા એકત્ર જ રહીએ છીએ એમ કહીએ તો ચાલે. તેમ જ હું અહીં અત્યારે આવ્યો છું તે કોઇએ જોયું નહિ હોય એમ પણ શા ઉપરથી માની શકાય? જો એ કાગળ આપણુ શત્રુના—જેઓના હાથમાં આપણને શિક્ષા કરવાનું સામર્થ્ય છે તેઓના—હાથમાં પડ્યો હશે તો?"

તે દુર્દૈવી સ્ત્રી બોલીઃ "ઓ પ્રભુ! મેં કેવી ગંભીર મૂર્ખતા કરી? વારૂ, પણ અત્યારે રાત કેટલી ગઇ હશે?"

વિજયસિંહ બોલ્યોઃ "મધરાત થવાને બે ઘડીની વાર હતી, ત્યારે હું અહીં આવ્યો હતો. અત્યારે તો મધરાત વીતી ગઇ હશે!"

"તો પછી મને મારા ઓરડામાં આવ્યાને એક પ્રહર થશે." તે બોલીઃ "ઓરડામાં આવ્યા પહેલાં તે કાગળ મારી પાસે હતો એવી મારી પાકી ખાત્રી છે, કારણકે ઓરડા તરફ આવતાં તે મેં ખાસ તપાસ્યો હતો."

"તો તે ઘણું કરીને માર્ગમાં જ પડી ગયો હશે." વિજયસિંહ કિંચિત્ આશાથી બોલ્યોઃ "કદાચ તે કાગળ માર્ગમાં જ હજીસુધી એમ ને એમ પડી રહેલો હશે!"

"પ્રભુકૃપાથી એમ જ હો!" તે પણ આશાથી બોલી.

વિજયસિંહ તુરત બારણા તરફ ફર્યો. ગમે તે થાય, ભલે જાત ઉપર આફત આવે, પણ એક વાર તે કાગળની શોધ કરવી, એવો તેણે નિશ્ચય કર્યો. તેણે અંદરની સાંકળ ઉઘાડી અને બારણું ઉઘાડવા લાગ્યો, પણ તે ઉઘડયું નહિ!! બારણું બહારથી બંધ કરવામાં આવેલું હતું!!

ત્યાંથી પાછો ફરીને તે બોલ્યોઃ "સરોજિની! આપણો વિનાશકાળ નિકટ આવી પહોંચ્યો!"

તે બોલીઃ "બસ, થઇ ચૂકયું! હવે આપણે જીવ ગુમાવવાનો આપણા અપરાધને માટે બીજી શિક્ષા જ નથી!"

વિજયસિંહ ઓરડામાંથી નાસી જવાને માટે બીજો કોઇ માર્ગ હોય તો તેની તપાસ કરતો હતો, પણ એક નાનું છિદ્ર પણ તેના જોવામાં આવ્યું નહિ. એ જોઇને તે બોલ્યોઃ "મરણ! મરણ! બસ,

એ જ શિક્ષા હવે આપણા માટે છે! પણ તે મરણ કેટલું બધું ભયંકર?"

એમ બોલીને તે પોતાના બન્ને હાથવડે મ્હો ઢાંકીને મૌન બેઠો. પણ તેને એ પ્રમાણે વધારે વાર બેસી રહેવું પડયું નહિ. થોડી જ વારમાં દ્વાર ઉઘડયું.

વિજયસિંહે એકદમ ઉઠીને પોતાની તલ્વારને મ્યાનમાંથી બહાર કાઢી. કાં તો મરવું કે મારવું એ જ તેનો નિશ્ચય હતો, પણ સામા પક્ષ તરફથી છ વીરપુરૂષો બખ્તર પહેરીને તૈયાર થઇ આવેલા હતા. બખ્તરના જોરપર તેની તલ્વારની દરકાર નહિ રાખતા તેઓ આગળ ધસ્યા, અને તેના મ્હોંમાં ડૂચો ઘાલ્યો. જે કાલિકાનો તે અત્યંત અભિમાની હતો, તે જ કાલિકાના ભક્તબંધુઓએ તેને કેદ કર્યો હતો!

પછી કાળો પોશાક ધારણ કરીને ત્રણ બળિદાન દેનારાઓ આગળ આવ્યા અને તેમણે સરોજિનીના મુખમાં ડૂચો ઘાલીને તેને ત્યાંથી ઉંચકી લીધી.

ઓરડાની બહાર ભભૂતમલ અને કાલિકાપ્રસાદ ઉભા હતા. તેમની પાછળ હનુમંતસિંગ હાથમાં દીવો લઇને ઉભો હતો.

કાલિકાપ્રસાદ ક્રોધથી ઘેલો બની ગયો હતો અને હનુમતસિંગ તદ્દન નિરાશ બની ગએલો હતો. સૌની આગળ હાથમાં દીવો લઇને હનુમંતસિંગ ચાલવા લાગ્યો. તેણે એક ગુપ્ત દ્વાર ઉઘાડયું અને તે દ્વારેથી સૌ નીચે ઉતરવા લાગ્યા. તે બળિદાન દેનારાઓના હાથમાંથી છૂટવાને સરોજિનીએ બહુ બહુ ફાંફાં માર્યાં પણ તેનો કશો ઇલાજ ચાલ્યો નહિ! છેવટે તેને લઇને સૌ જણાં કાલિકાની મૂર્તિ સમક્ષ આવી પહોંચ્યાં. કાલિકાપ્રસાદે તેને એક વાર દેવીની છેવટની સ્તુતિ કરવાનું કહ્યું! જે દેવીને બળિદાન આપવાનો ભય આજસુધી અનેક અબળાઓને તેણે દર્શાવ્યો હતો, તે જ દેવીને આજે તેનું જ બળિદાન દેવાનું હતું!

તે તદ્દન ગભરાઇ ગઇ હતી. પોતાની સ્થિતિ જોઇને ભયથી તે ઘેલા જેવી બની ગઇ હતી. તે તુરત જ દેવીની સ્તુતિનું પદ્ય ગાવા લાગી. આ બાજુએ કાલિકાપ્રસાદ પણ ચંડીના વર્ણનનાં ભયંકર સ્તોત્રો ગાતો પાછો ચાલ્યો ગયો. પણ એ વખતે સરોજિની જીવતી હતી એમ કહેવા કરતાં તે મરણ પામેલી હતી એમ કહીએ તો ચાલે! ડગલું ભરવાની તાકાત તેનામાં બિલકુલ નહોતી. બળિદાન દેનારાઓએ તેને સંભાળથી પકડી રાખી હતી. તેની દૃષ્ટિ મૂર્તિપર પડતાં જ તેને ભયંકર કંપ છૂટવા લાગ્યો. શરદીના તાવથી જેવી રીતે માણસ

અટળાય છે અને થરથર કંપે છે તેવી જ રીતે સરોજિની કંપવા લાગી. તેણે ભયથી એક ચીસ પાડી અને ખેંચતાણ કરવા લાગી. પોતાને મુક્ત કરવા માટે તે મારાઓને વિનતિ કરવા લાગી. તેણે તે બળિદાન દેનારા મારાઓ તરફ જોયું તો તેમના ચહેરા તદ્દન શાન્ત દેખાતા હતા, તેથી તેણે તેમની દયા ઉશ્કેરવાને બહુ બહુ આજીજી કરી. જેમ જેમ તે તે ત્રણે જણુ તરફ બારીકાઈથી જોવા લાગી, તેમ તેમ તેને એવું લાગવા માંડયું કે એ ત્રણેને પોતે ક્યાંક પણુ જોયા છે. ઘણાં વર્ષો વીતી ગયાં હોવાથી તેમના ચહેરા જોકે બદલાઇ ગએલા હતા, તોપણુ તેને એવું સાંભરી આવ્યું કે એ ત્રણે પોતાના પુણ્યમંદિરમાંનાં ભોંયરાં ખોદનાર ત્રણુ મજુર ભાઇઓ હોવા જોઇએ. તેમને આજીજી કરવી એ વ્યર્થ હતું એવું તે તુરત સમજી ગઇ, કારણુકે જેઓની એવી દુર્દશા પોતે કરી હતી, તેઓ આ વખતે પોતાની ઉપર દયા કરે એવી સરોજિનીના હૃદયમાં આશા રહી નાહ !

પ્રકરણુ ૩૨ મું.

કાલિકાને બળિદાન !

પહેલેથી જ સરોજિની જે કાલિકાની ભક્ત હતી, તે કાલિકાનાં સર્વ રહસ્યો—ગુપ્ત વાતો તેના જાણુવામાં હતાં. જેના નામથી જ માત્ર શાકતો મહા ભયંકર માણુસો તરીકે ઓળખાતા હતા, તે જ કાલિકાની મૂર્તિની સમક્ષ આજે સરોજિની ઉભી હતી ! તેણે એ મૂર્તિનું નામ ઘણી વાર સાંભળ્યું હતું, પરન્તુ પ્રત્યક્ષ મૂર્તિ તો આજે જ તેની દૃષ્ટિએ પડી !

કારીગરોએ એવી કુશળતાથી તે મૂર્તિને તૈયાર કરી હતી કે દયા, ઔદાર્ય, પ્રસન્નતા આદિ સાત્વિક મનોવિકાર તે મૂર્તિપર દેખાતા હતા, પરન્તુ પ્રચંડ સ્વરૂપ અને દેવીના હાથમાંનાં શસ્ત્રોથી તેમાં ક્રૂરતા તથા ભયંકરતાનો સાક્ષાત્કાર થતો હતો. દેખાવ માત્રથી ભયંકર લાગતી બીજી કાલિકાની મૂર્તિના જેવી એ મૂર્તિ નહોતી, પરન્તુ સિંહ ઉપર સ્વારી કરેલી તેજઃપૂર્ણ વદનવાળી ગંભીર દેખાવની એ પ્રતિમા હતી. પણુ બહારથી તે જેટલી ભયંકર દેખાતી હતી તે કરતાં હજારોગણી તે અંદરથી હતી ! તેના બળિદાન તરીકે જેનો ભોગ

આપવામાં આવતો તેને ભયંકર, નિષ્ઠુર તથા નિર્દયતાની પરમાવધિએ પહોંચવા જેટલી શરીર યાતના વેઠવી પડતી હતી. એ યાતનાનું સ્મરણ થતાં જ સરોજિની જોર કરીને બે ડગલાં પાછળ હઠી! પોતાની સર્વ શક્તિ એકત્ર કરીને તે બળિદાન દેનારા મારાઓના હાથમાંથી છટકી અને "મને બચાવો!" એમ બૂમ મારતી હનુમંતસિંગના પગ ઉપર જઇને પડી! દયાપૂર્વક કાંઈ શબ્દો ઉચ્ચારવાનો વિચાર હનુમંતસિંગના મનમાં ઘોળાતો હતો, પણ એટલામાં પુનઃ દરવાજો ઉઘડયો અને તદ્દન ગભરાઈ ગએલો સરદાર વિજયસિંહ તેને ચોતરફથી ઘેરી લેનાર કાલિકાપ્રસાદ, ભભૂતમલ તથા કાલિકાના સેવકો સાથે અંદર આવે છે એવું હનુમંતસિંગના જોવામાં આવ્યું, અને તેના તે દયાના ઉદ્ગાર મનમાં ને મનમાં ઠંડાગાર બની ગયા!

એટલામાં એકાએક ગંભીર ઘંટાનાદ શ્રવણગોચર થવા લાગ્યો. ધ્વનિ જોકે બહુ મોટો હતો, તોપણ તે ચોમેરથી બાંધી લીધેલી જગ્યામાં પ્રસરતો હોવાથી જાણે કે પાતાળમાંથી જ તે ઘંટાનાદ સંભળતો હોયની, એવો ભાસ થતો હતો! એ ઘંટાનાદનો પ્રતિધ્વનિ એ ઓરડામાં પણ ગાજી રહેતો હોવાથી કાલિકાની મૂર્તિમાંથી પણ એ ઘોર ધ્વનિ નીકળતો હોયની એવું લાગતું હતું!

"હવે બે વાર આ ઘંટાનાદ ફરીથી સાંભળવામાં આવશે." મારામાંના એકે કહ્યું: "અને પછી, બાઇસાહેબ! આપને કરવામાં આવનારી શિક્ષાનો અમલ થશે."

તે દુર્દૈવી સ્ત્રીના મન ઉપર એ ઘંટાનાદનું એવું જ કાંઇ ભયંકર પરિણામ થયું કે તેની પહેલાંની બૂમાબૂમ અને તરફડાટ એ સઘળું તદ્દન શાન્ત થઇ ગયું! તેના હાથપગમાંથી ચૈતન્ય નાશ પામી ગયું અને જાણે કે તે લુલા બની ગયા હોય એવું દેખાવા લાગ્યું! તેની જીભ જાણે કોઇએ સીવી લીધી હોય એવી રીતે તે ચૂપ બની ગઇ! અત્યારસુધી તેના શરીરમાંનું રક્ત ગરમ થઇ ગયું હતું અને મૃત્યુમુખમાંથી બહાર પડવા માટે તે તરફડાટ કરી રહી હતી, પણ હવે તે ઘંટાનાદ કાને આવતાં જ તે કેવળ ઠંડી બની ગઇ! તે મારાઓના ગંભીર અને મમતાળુ ભાષણથી તેને જરા ધૈર્ય આવ્યું અને તે બોલી: "ભાઇઓ! મારાપર દયા કરો! શું મને એકાએક એમ મારી નાંખશો? મારો જીવ બચાવો!"

એક મારો બોલ્યો: "બાઈ સાહેબ! એ વાત હવે અમારા હાથમાં રહી નથી! જો અમે તમારી ઉપર દયા દર્શાવીએ, તો તમારી

સાથે અમને પણ ભયંકર યાતના વેઠીને પ્રાણ મૂકવા પડે! બાઇ-સાહેબ! એવું સમજશો નહિ કે પૂર્વે આપને હાથે જે અન્યાય થયો છે અને આપના જે અપરાધથી અમારે આખા જગતનો ત્યાગ કરવો પડયો છે, તે અન્યાય તથા અપરાધનું વૈર લેવાને અમે આમ કહીએ છીએ. અમે જે દિવસે અહીં આવ્યા તે જ દિવસથી અમે દુષ્ટ વૃત્તિનો ત્યાગ કર્યો છે. તમારા સર્વે અપરાધોની અમે તમને ક્ષમા કરી છે! અમારી સમક્ષ તમને અસહ્ય યાતના વેઠવી પડશે, તે માટે અમને પણ બહુ ખરાબ લાગે છે, પણ અમે શું કરીએ!"

"અમે કેવળ નાઇલાજ છીએ, અને ખરેખર અમે અંતઃકરણ-પૂર્વક તમારા સર્વે અપરાધોની ક્ષમા કરી છે." બીજા બે મારાઓએ એકી સાથે કહ્યું.

પહેલાંની પેઠે જ ગંભીર નાદથી ઘંટ વાગવા લાગ્યો, અને તે ભોંયરામાં જ્યાં ત્યાં એ ભયાનક નાદ જ ધમધમી રહ્યો.

તે સાંભળતાં જ તે હતભાગ્ય પ્રૌઢ સુંદરી દેવીની સમક્ષ હાથ જોડીને બેઠી અને મુખમાંથી શબ્દ ઉચ્ચારવા લાગીઃ "દેવી! હવે તું જ મારૂં રક્ષણ કર!"

પુનઃ તે ઘંટાનાદ બંધ થઇ ગયો અને સર્વત્ર શૂન્યકાર વ્યાપી રહ્યો. ફક્ત વિજયસિંહ એક સ્તોત્ર ગાઇને દેવીની માનસપૂજા મોટા ધૈર્યથી કરતો હતો. તેનો સ્વર અત્યંત ગંભીર જણાતો હતો. ભભૂત-મલ્લ તેની તરફ જોઇને મનમાં ને મનમાં આનંદિત થઇ રહ્યો હતો. વિજયસિંહની આસપાસ દેવીભક્તોનો સખ્ત પહેરો હતો. જે પ્રમાણે થોડી જ ક્ષણ પૂર્વે મારેલા હરણનું લોહી પીને કિંચિત્ શાન્ત થએલો વાઘ તે હરણની તરફ જોઇ રહે છે, તે જ પ્રમાણે નીચતમ ક્રૂરવૃત્તિનું સમાધાન થવાથી આનંદિત થએલો કાલિકાપ્રસાદ નરકપુરીના દ્વારપાળ તરીકે તે ભોંયરાના દ્વારપર પહેરો ભરતો ઉભો હતો!

સર્વત્ર શૂન્યતા—એકસરખી સ્તબ્ધતા વ્યાપી રહી હતી, તથાપિ વૃદ્ધ હનુમંતસિંગના હાથમાંનો દીવો હવાથી આમ તેમ હાલતો હતો, તેથી તે સર્વ મંડળની મોટી મોટી કાળી છાયાઓ આમ તેમ હાલતી નજરે પડતી હતી.

અને તે દુર્દૈવી સ્ત્રીના મનમાં જે વ્યાકુળતા ચાલી રહી હતી તેને જે વેદના થઇ રહી હતી, તે બીજાના સમજવામાં કેવી રીતે આવે? તોપણ તેનું મન શાન્ત હતું એમ કહેવામાં હરકત નથી.

તેનાં નેત્રો એવાં જ નિશ્ચેષ્ટ હતાં. તેના મુખમાંથી શબ્દો નીકળતા નહોતા ! ખરેખર તે મૂર્ચ્છિત થઇ ગઇ હતી.

એટલામાં ઘંટ ત્રીજી વાર વાગવા લાગ્યો. એ ઘંટાનાદ સાંભળતાં જ સરોજિની પુનઃ ભાનમાં આવી. એક ઉછાળો મારતી તે સત્વર ઉભી થઇ અને ગર્ભગલિત જેવી બની જઇને તે ભયંકર મૂર્તિ તરફ એવી જ કાંઇ કરૂણોત્પાદક નજરે જોવા લાગી કે તેનું વર્ણન કરવાને આ લેખિનીમાં સામર્થ્ય નથી ! તેણે બોલવાનો પ્રયત્ન કર્યો, પણ તેના મુખમાંથી શબ્દ જ નીકળી શક્યો નહિ. તેના મુખમાંથી રોદનનો ધ્વનિ કે ભયની બૂમ પણ બહાર નીકળી નાહ ! જ્યારે પેલા મારાઓએ તેને ઉંચી ઉપાડવાને તેના શરીરની નીચે હાથ ઘાલ્યો, ત્યારે તો તે કેવળ વ્યાકુળ બની ગએલી હતી. તેની આંખે અંધારાં આવી જવાથી ત્યાંનો દીવો, માણસો, કાલિકાની મૂર્તિ, એ સઘળું તેને દેખાતું બંધ થયું. તેની જ્ઞાનશક્તિ તેના મગજમાંથી ચાલી ગઇ હતી !

કાલિકાપ્રસાદની દૃષ્ટિ તેના ઉપર જ ચોંટી રહી હતી. તે પેલા મારાઓને ત્યાંથી જ ધમકાવીને બોલ્યો: “ બળિદાનને પહેલાં સાવધ કરો. એ પ્રમાણે મરણ પામેલા જેવા બેભાન બળિદાનને કાલિકાને અર્પણ કરવાથી શું પુણ્ય થાય ? સર્વ યાતના અને વ્યથાનો સંપૂર્ણ અનુભવ બળિને થવો જ જોઇએ ! ”

તેના હુકમ પ્રમાણે મનુષ્યને શુદ્ધિમાં લાવવા માટેનું કાંઇ ઔષધ તેના મુખમાં રેડવાની એ મારાઓને ફરજ પડી. તે ઔષધથી તે દુર્દૈવી સ્ત્રી તુરત જ ભાનમાં આવી ! એક ક્ષણ માત્ર બાકી રહેલા આયુષ્યમાં તે ભયંકર વેદનાનો અનુભવ લેવાને હવે તેને તૈયાર થવાનું હતું !

તેણે એક વાર સર્વ બાજુએ પોતાની નજર ફેરવી, અને તેણે ત્યાંનો ભયંકર દેખાવ પુનઃ એક વાર નિહાળ્યો. પછી પેલા મારાઓએ તેની બગલમાં હાથ ઘાલીને તથા ત્રીજાએ તેના પગ પકડીને કાલિકાને અર્પણ કરવા માટે ઉંચી કરી. પછી જે હૃદયદ્રાવક પ્રકાર બન્યો, તે સર્વેનું વર્ણન કરીને વાચકોને દુઃખ દેવાની ફરજ આ લેખકને બજાવવી પડે છે !

બૂમાબૂમ મચાવી રહેલી, તરફડીયાં મારતી, ચીસો પાડતી અને મુક્ત થવાને ફાંફાં મારતી સરોજિનીને તે ત્રણે મારાઓએ મૂર્તિની પાસે આણી. એટલામાં એ ધાતુની મૂર્તિમાં જીવ ઉત્પન્ન થયો હોય એવો ભાસ થયો. અષ્ટભુજા દેવીના આઠે હાથ પહોળા થયા અને બળિને આલિંગન દેવાને જાણે કે તે તત્પર હોય એવો દેખાવ થયો ! ને

સાથે જ તે મૂર્તિનો પેટનો ભાગ જેમ એક દરવાજો ઉઘડે તે પ્રમાણે ઉઘડયો !

પણ—ઓ પ્રભુ ! તે બિચારીએ પોતાની આંખે એક ભયંકર દેખાવ જોયો ! કારીગરોએ પોતાનું સઘળું અપૂર્વ યંત્રકૌશલ્ય અને અગાધ ગણિતજ્ઞાન વાપરીને બરાબર પ્રમાણાનુસાર બે પોલાદના સોયા તેના હૃદયના મધ્ય ભાગમાં બેસાડેલા હતા. તેની એટલી ગોઠવણ સંપૂર્ણ રીતે કરવામાં આવી હતી કે દેવીને આલિંગન દેનાર મનુષ્યની બે આંખમાં જ બરાબર તે સોયા પેસી જાય ! તે શિવાય તે મૂર્તિની અંદરના પોલા ભાગમાં જ્યાં ત્યાં તીક્ષ્ણ ધારવાળાં નાનાં નાનાં અસંખ્ય શસ્ત્રો ગોઠવેલાં હતાં, અને તે બળિદાનના મનુષ્યની બધી ચામડીને ફાડી—ચીરી તેમાંના માંસની અંદર પેસી જતાં હતાં !

ત્રણ વાર વાગીને બંધ રહેલો ઘંટ પુનઃ શરૂ થયો; પણ હવે તે પહેલાંની પેઠે ઉતાવળો વાગતો નહોતો પણ ધીમેધીમે તેનો એક એક ટકોરો વાગતો હતો. તે હવે પહેલાંની જેમ બહુ ઉંડાણમાં નહિ વાગતાં ક્યાંય નિકટમાં ખુલ્લો અવાજ કરી રહ્યો હતો.

એ પ્રમાણે ઘંટાનાદથી અને સરોજિનીની બૂમોથી ગાજી રહેલા ભોંયરામાં તે ત્રણે મારાઓએ એ અભાગિનીને મોટા જોરથી મૂર્તિના પેટમાં ધકકેલી દીધી. તત્ક્ષણ મૂર્તિના સર્વ હાથો પુનઃ સંકોચાવા લાગ્યા અને સરોજિનીના દેહને દેવીની મૂર્તિએ મજબૂત બાથ ભીડી લીધી. એ પ્રમાણે ભયંકર ચીસો પાડી રહેલી એ દુર્દૈવી સ્ત્રીને તે કાલિકાની મૂર્તિના ઉદરમાં દાખલ કરી દેવામાં આવી !

× × × × × ×

જ્યારે પહેલી વાર ઘંટ વાગવા લાગ્યો, ત્યારે પેલી શ્વેત વસ્ત્રધારિણી સ્ત્રી અને બળવંતસિંહના બન્ને સેવકો દેવીની નીચેના યંત્રવાળા ભાગમાં હતા, એ તો વાચકના સ્મરણમાં જ હશે.

તે ઘંટાનાદ કાને પડતાં જ એ સ્ત્રી મોટેથી ચીસ પાડીને મૂર્છિત થવા લાગી, પણ તેને એ બન્ને સેવકોએ તુરત જ ઝાળવી લીધી અને એકે તેના હાથમાંથી દીવો લઇ લીધો.

તે સ્ત્રી થરથર કંપવા લાગી. તે બહુ જ ગભરાઇ ગઇ હોય એ પ્રમાણે દેખાતી હતી. તેના મનમાં કાંઇક બોલવાનો વિચાર હતો, પરન્તુ કોણ જાણે શાથી તેની જીભ ઉપડતી નહોતી અને મુખમાંથી એક શબ્દ પણ નીકળતો નહોતો. તે બન્ને સેવકો તો તદ્દન ગુંચવાઇ જઇને એક બીજાના મ્હોં સામે ટગમગ જોઇ રહ્યા ! ઘંટાનાદ થતાંની

સાથે એ સ્ત્રીની એવી સ્થિતિ કેમ થઇ તે તેઓ સમજી શક્યા નહિ !


પુનઃ ઘંટ વાગવા લાગ્યો. તેના અવાજથી તે ભોંયરૂં અને આસપાસનો પ્રદેશ ગાજી ઉઠવા લાગ્યો. હવે માત્ર તેઓ સમજી શક્યા કે એ ઘંટ શામાટે વાગી રહ્યો હતો.

બીજી વાર થએલો ઘંટાનાદ કાને પડતાં જ એ શુભ્ર વસ્ત્ર-ધારિણી સ્ત્રી શુદ્ધિમાં આવી અને બોલીઃ " છોકરાઓ ! અહીંથી હવે જલદી ચાલો ! પગ ઉપાડો ! કારણકે હવે પ્રતિક્ષણે કાંઇ કાંઇ ભયંકર પ્રકાર નજરે પડશે. આપણે બહુ જ બ્હી ગયાં છીએ અને વળી વધારે ગભરાઈ જવાનો પ્રસંગ આવી પહોંચશે. "

તેણે હાનસીંગના હાથમાંથી દીવો લીધો અને તેણે તે બન્નેને પોતાની સાથે આવવાની ઇશારત કરી; પરન્તુ તેઓ તો આશ્ચર્ય, ભીતિ અને ઉત્કંઠાથી ભોંયસાથે જડાઇ ગયા હોય એવા બની ગયા હતા. તેણે તેઓને પુનઃ કહ્યું કે " હવે કાંઇ વિચાર નહિ કરતાં જલદી ચાલો, " પણ તેઓના તો પગ જ ઉપડતા નહોતા ! જાણે કે તેઓની સ્મરણશક્તિ નાશ પામી ગઇ હોય, તેના શબ્દો તેઓ સાંભળી જ ન શકતા હોય, તે તેઓની આંખે જોઇ શકતા જ ન હોય, એવી રીતે તેઓ દિગ્મૂઢ જેવા બની ગયા હતા. તેઓની સર્વ કલ્પના, સર્વ વિચાર, સર્વ વિવેકશક્તિ, હવે પછી દષ્ટિએ પડનારા ભયંકર પ્રકારના વિચારમાં જ ગુંથાઇ ગઇ હતી. તે બાબતની કલ્પનાથી જ જાણે કે તેઓ દબાઇ ગયા હોય, તેવી રીતે તેઓ પોતાની જગ્યાપર પૂતળાની પેઠે સ્તબ્ધ બની ગયા હતા.

પોતાના શરીર ઉપરનો કાબૂ તેઓ ગુમાવી બેઠા હતા. તેઓ ચાલી શકતા નહોતા કે બોલી પણ શકતા નહોતા ! તે શ્વેતવસ્ત્ર-ધારિણી સ્ત્રી તેઓને પુનઃ પુનઃ વિનતિ કરી રહી હતી, પણ તે તેઓ સાંભળી શકતા નહોતા. તે બન્નેના હાથ પકડીને તે તેઓને ખેંચી જવા ઇચ્છતી હતી, પણ તેઓનો પગ એ જગ્યાએથી ઉપડતો જ નહોતો ! એ પ્રમાણે એ સ્ત્રી તે ભયંકર સ્થળેથી તેજસીંગ અને હાનસીંગને લઇ જવાનો યત્ન કરી રહી હતી, એટલામાં તો ત્રીજી વાર ઘંટ વાગ્યો !

તે અવાજ સાંભળતાં જ તે સ્ત્રીની પણ તેજસીંગ અને હાન-સીંગના જેવી સ્થિતિ થઇ. તેની વિચારશક્તિ, કલ્પનાશક્તિ તદ્દન નષ્ટ થવા લાગી, તોપણ તેણે મોટા પ્રયત્નથી હાથમાંનો દીવો નીચે પડવા દીધો નહિ ! અથવાતો તેના હાથ જડ જેવા બની ગયા



સરોજિની બરાબર તે દ્વારમાંથી નીચેના તીક્ષ્ણ આરવાળા ચક્રયંત્ર ઉપર પડી ! (પૃષ્ઠ ૧૮૫).

હતા તેથી જ દીવો તેમ ને તેમ રહી શક્યો હતો, એમ કહીએ તોપણ ચાલે !

એટલામાં ઉપરના ભાગમાંથી બળિ દેવામાં આવતી સ્ત્રીની ચીસો નીચેના ભાગમાં ઉભેલા ત્રણે જણના સાંભળવામાં આવી ! તે સાથે જ તે કાલિકાના—નહિ નહિ—નિર્દયતાના પૂતળાને અર્પણ કરવામાં આવતું બળિદાન એક સ્ત્રી છે એ તેઓના ધ્યાન આવ્યું.

પુનઃ એક વાર ઘંટ થોભીને ચોથી વાર એકસરખી રીતે વાગવા લાગ્યો. તે દુર્દૈવી સ્ત્રીની ચીસો વધારે ને વધારે સંભળાવા લાગી. બળિ હવે કાલિકાની મૂર્તિના પોકળ ભાગમાં સંપૂર્ણ રીતે દાખલ થઇ ચૂક્યો હતો અને મૂર્તિના નીચેના ભાગમાં જાળી હતી, તેથી તેની ચીસો નીચેના ભાગમાં વધારે સ્પષ્ટ રીતે સાંભળવામાં આવતી હતી. એ વખતે મૂર્તિના પેટમાંના બે મોટા સોયા બરાબર સરોજિનીની આંખોમાં જ પેસી જવાથી તેની આંખો ફૂટી ગઈ હતી અને તેના માંસમાં હજારો નાનાં નાનાં તીક્ષ્ણ ધારનાં હથિયારો પેસી જઇને તેનાં અંગો છિન્ન-ભિન્ન થઇ કપાઇ ગએલાં હતાં; તોપણ તે જીવતી હતી !

એટલામાં મૂર્તિની નીચેનું જાળીવાળું દ્વાર આપોઆપ ઉઘડયું. તે આખા યંત્રની રચના જ એવી સંપૂર્ણ બનાવવામાં આવી હતી કે તે મૂર્તિની સર્વ ક્રિયાઓ નિયમિત રીતે પોતાની મેળે જ ચાલતી હતી ! એ દ્વાર ઉઘડતાં જ તે અભાગિની અબળા—સરોજિની બરાબર તે દ્વારમાંથી નીચેના તીક્ષ્ણ ધારવાળા ચક્રયંત્ર ઉપર પડી !

જ્યારે તે એ યંત્ર ઉપર પડી ત્યારે તે જીવતી હતી; તોપણ હવે તેના શરીરમાં બૂમો પાડવાનું ચૈતન્ય રહ્યું નહોતું. તેની આંખો ફૂટેલી હતી, અંગના ચૂંથેચૂંથા બની ગયા હતા અને રક્તનો પ્રવાહ તેના આખા શરીરમાંથી વહન કરી રહ્યો હતો. એવી સ્થિતિમાં તે નીચેના યંત્રપર પડી. આ બાજુએ ઘંટ તો એકસરખી રીતે વાગી રહ્યો હતો !

બળિ એકદમ એ ચક્રયંત્રપર પડવાથી પહેલાં તો તેના વજનથી જ યંત્રનાં ચક્રો પોતાની મેળે ફરવા લાગ્યાં. એટલામાં તે ચક્રોને ગતિ મળવા માટે વીંટાળેલી દોરીના વજનથી તેને વિશેષ ગતિ મળી અને તીક્ષ્ણ ધારવાળા દાંતા એકમાં એક ભીચ રીતે બેસાડેલા હતા તેથી તે ચક્રો જોરથી ફરવા લાગ્યાં. એ પ્રમાણે ચક્રોની ઉપરની જોડી ફરવા લાગતાં જ તે વેદનામાંથી એ બિચારીનો છૂટકો થયો ! તે

ચક્રોએ પોતાનું કામ કર્યું ! તેનો જીવ દેહને છોડીને ચાલ્યો ગયો ! ! !

તોપણ તે ચક્રો તો ફરતાં જ હતાં. ચક્રોની પહેલી જોડીમાં તેના અંગના માંસના મોટા મોટા ટુકડા થઇ ગયા અને એ મોટા ટુકડા નીચેની બીજી જોડીપર પડયા. ચક્રયંત્રની ગતિ ચાલુ હોવાથી તે બીજી જોડીવાળાં ચક્રોની ધારોમાં એ મોટા ટુકડા આવ્યા એટલે તેના નાના નાનાં ટુકડા થઈ ગયા. ત્રીજી જોડીનાં ચક્રો ઉપર એ ટુકડા પડવાથી તો તેના કેવળ બારીક ટુકડા થયા ! એ પ્રમાણે છેવટે એ માંસનાં બારીક રજકણુ બની ગયાં ત્યાંસુધી એ યંત્ર એકસરખી રીતે ફરી રહ્યું અને પછી એ બારીક રજકણુ નીચેના પાણીના પ્રવાહમાં પડીને તે પાણીમાં મળી જઇને વહી ગયાં ! ! !

કાલિકાને બળિદાન દેવાની રીતિ એ જ પ્રકારની હતી.

ઘંટ વાગતો બંધ થઇ ગયો. મૂર્તિની નીચેનું જાળીવાળું દ્વાર પુનઃ પોતાની જગ્યાએ જડાઇ ગયું. યંત્ર પણ ફરતું બંધ થઇ ગયું. એટલા વખતસુધી એ પ્રવાહનું પાણી લાલ દેખાતું હતું, પણ તે વહી જવાથી એ ભયંકર કૃત્યનું ચિહ્ન પણ બાકી રહ્યું નહિ ! પુનઃ તે ચક્રો ઉલટી દિશાએ ફરવા લાગ્યાં અને મુખ્ય ચક્રની આસપાસની દોરી તેને ફરતી વીંટળાવા લાગી. એ પ્રમાણે બીજા બળિદાનનો સ્વીકાર કરવાને તે યંત્ર તૈયાર થઇ રહ્યું !

પણ એ વખતે તે શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીની અને બળવંતસિંહના બન્ને સેવકોની કેવી સ્થિતિ થઇ હતી ? તે ત્રણેના અંતઃકરણમાં જે વેદના થઇ રહી હતી, જે ગભરામણ ચાલી રહી હતી, જે મનઃકષ્ટ થઇ રહ્યું હતું, તેનું યથાસ્થિત વર્ણન કરવાનું કાર્ય મનુષ્યની શક્તિની બહારનું છે ! એ પ્રસંગનો દેખાવ પોતાના આખા જન્મારામાં વિસરી જવો એ તેઓને માટે શક્ય નહોતું !

તે શ્વેતવસ્ત્ર ધારિણી સ્ત્રી જોકે તે ભોંયરામાં વીશ વર્ષ સુધી રહી હતી, અને તેટલા સમયમાં કાલિકાને અનેક વાર બળિદાન દેવાયાનું તેણે સાંભળ્યું હતું તોપણ તેને પ્રત્યક્ષ બળિદાન દેવાએલું હજી સુધી જોયું નહોતું, અનેક વાર એ ચક્રયંત્ર તેણે જોયું હોવાથી અને હનુમંતસિંગને મુખેથી તે યંત્રનું વર્ણન સાંભળેલું હોવાથી તે યંત્રથી થતું પરિણામ તેના જાણવામાં હતું. તે ઉપરથી પ્રત્યક્ષ રીતે એ કાર્ય નહિ જોવા છતાં એ ભયંકર પ્રકારની કલ્પના તે કરી શકતી હતી.

પણ આટલાં વર્ષો વીતી ગયાં પછી છેવટે આજ તે તિરસ્કાર જનક સર્વ પ્રકાર પ્રત્યક્ષ રીતે જોવા ની તેને ફરજ પડી ! તે પ્રકાર જોતાં જ તે સંબંધી પોતાની કલ્પના કેટલી અપૂર્ણ હતી, તેની તેને

સારી પેઠે કલ્પના આવી! એવી સ્થિતિમાં મન તરફડતું હતું, આંખો આમતેમ ફરતી હતી, તથા મસ્તક ભમતું હતું અને દીવો હાથમાં એમ ને એમ ઝલાઇ રહ્યો હતો. તે એક દિવાલને અઢેલીને સ્થિર ઉભી રહી હતી.

તેજસીંગ અને દાનસીંગ તો ગભરાટથી કેવળ દિગ્મૂઢ જ બની ગયા હતા. તે ચક્રો ઉંધાં ફરવાથી પુનઃ તેની આસપાસ દોરી વીંટળાઈ ગઇ અને દોરીને છેડે બાંધેલાં વજન તેની અસલની જગ્યાએ આવીને ઉભાં રહ્યાં. એ સઘળું તેઓએ પ્રત્યક્ષ જોયું ખરૂં, પણ અત્યારે પોતે જાગૃત હતા કે સ્વપ્નમાં હતા તેનું તેમને ભાન નહોતું! પોતે જોએલો એ સર્વ પ્રકાર પ્રત્યક્ષ બન્યો કે પોતાને અમસ્થો એવો ભ્રમ થયો એ વિષે તેઓ પોતાના મન સાથે જ વિચાર કરી રહ્યા હતા.

પણ સાંભળો! તે ત્રણે જણા એ પ્રકારની માનસિક સ્થિતિમાં ગુમ બની ગયા હતા, એટલામાં તો પુનઃ ભયંકર ઘંટાનાદ શ્રવણ-ગોચર થવા લાગ્યો!

ઓ પ્રભુ! આજે કાલિકાને બીજું બળિદાન પણ અર્પણ થવાનું હતું! એ કલ્પના મનમાં આવતાં જ તે ત્રણે જણ ચમકી ઉઠયાં! જો કોઇ તેમને ત્રણે ભુવનનું રાજ્ય અર્પણ કરવાનું કહે તોપણ તેઓ હવે ત્યાં ઉભાં રહે તેમ નહોતું, કારણકે જે ભયંકર ક્રિયા થોડા સમય પૂર્વે તેમણે જોઇ હતી, તે જ ક્રિયાનું પુનરાવર્તન થવાનું હતું એ તેઓ જાણી ચૂકયાં હતાં. દીવો હોલવી નાંખતાં જ તેઓ ત્યાંથી જલ્દી ચાલવા લાગ્યાં. જેમ બને તેમ ઉતાવળે પગલે ચાલીને તેઓ ત્યાંથી બહાર નીકળી ગયાં અને એ ભયંકર પ્રકાર પૂરો થાય ત્યાંસુધી અરણ્યમાં કોઇ પણ સ્થળે છુપાઇ રહેવાનો તેમણે ઠરાવ કર્યો.

તેઓ જ્યાં લપાઇ બેઠાં હતાં, ત્યાં પણ પેલો ભયંકર ઘંટાનાદ તેમના કાનમાં ઘણુઘણી રહ્યો હતો, જાણે કે શ્યામગઢના ભોંયરાના નીચેના ભાગમાંના પ્રત્યેક પત્થરમાંથી અને ચક્રયંત્રના પ્રત્યેક દાંતામાંથી તે ધ્વનિ બહાર પડતો હોયની, એવો ભાસ તેમને થવા લાગ્યો.

વિજયસિંહ એક શૂરવીર પુરૂષની પેઠે બળિદાનની સજાને વશ થયો. સમરાંગણમાં ગએલો વીર નર જે પ્રમાણે મૃત્યુથી નહિ ડરતાં મોટા ધૈર્યથી પોતાનું કર્તવ્ય બજાવે છે તે પ્રમાણે વિજયસિંહે ભારે હિંમત દર્શાવીને પોતાનો જીવ કાલિકાને અર્પણ કર્યો. તેણે એક પણ ચીસ પાડી નહિ કે કોઇને પણ આજીજી કરી નહિ!

એ પ્રમાણે તે એક કાળરાત્રિમાં મહાકાળીની મૂર્તિને બે બળિ-દાનો અર્પણ કરવામાં આવ્યાં!!

પ્રકરણ ૩૩ મું.

વેવીશાળની ક્રિયા.

એ ભયંકર બનાવ બની ગયા પછી બીજે દિવસે શ્યામગઢમાં મોટી ધામધૂમ ચાલી રહી. કિલ્લામાં જ્યાં ત્યાં ધ્વજા પતાકાઓવડે તથા ઉત્તમ પ્રકારની રોશનીવડે શણુગાર કરવામાં આવ્યો હતો. મહાલયના મધ્ય ભાગમાં બે મોટાં સુંદર આસનો ગોઠવેલાં હતાં અને બે તરફ બીજાં કેટલાંક આસનો ગોઠવીને સ્ત્રી તથા પુરૂષોને માટે બેસવાની ગોઠવણુ કરવામાં આવી હતી.

સૌથી મોખરાના દરવાજાપર લશ્કરી અમલદાર શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થઇને પહેરો ભરી રહ્યો હતો. અંદર જનારા અને બહાર આવનારા સરદારો તથા ઠાકોરોને નમન કરી કરીને તેનું ડોકું દુઃખવા આવ્યું હતું. બહારની બાજુએ અનેક પ્રકારનાં વાદ્યોનો ધ્વનિ સંભળાઇ રહ્યો હતો. એ પ્રમાણે સર્વત્ર ધામધૂમ મચી રહી હતી, એટલામાં અતિશય મૂલ્યવાન પોષાક ધારણુ કરીને ભભૂતમલ ત્યાં આવ્યો. તેની પાછળ તુરત જ પોતાની દાસીઓની સાથે રાજકન્યા પણુ ત્યાં આવી પહોંચી. તે આવતાં જ સૌએ તેના નામનો જય બોલાવ્યો. સર્વ જણુ આ દાબથી ઉભા થઇ ગયા અને નવાં રાણીસાહેબને તેમણે નમ્રતાથી પ્રણામ કર્યા.

પણુ એક ચમત્કારની વાત એ હતી કે તેઓ કોઇના મનમાં રાજકન્યા પ્રત્યે તલભાર પણુ સન્માન નહોતું ! જોકે તેઓમાંના કેટલાક લળી લળીને નમન કરતા હતા અને બીજા કેટલાક ઠેઠ જમીનસુધી માથું નમાવતા હતા, તોપણુ તે સર્વ પ્રકાર માત્ર દેખાવમાટેનો જ હતો ! વસ્તુતઃ રાજકન્યા તેઓની એક દાસીના જેવી–તેઓના હુકમમાં જ હતી !

એ પ્રસંગે રાજકન્યાના મનમાં લેશમાત્ર પણુ આનંદ નહોતો. તેના મુખમાંથી વારંવાર દીર્ઘ નિઃશ્વાસો બહાર પડતા હતા. તે થરથર કંપતી હતી, તોપણુ જેમ તેમ કરીને ધીરતા તથા ગંભીરતા ધારણુ કરીને તે ત્યાં આવી હતી.

થોડાએક જણુ સિવાય બીજા સૌને તે તદ્દન સદાચરણી દેખાતી હતી. અહો ! તે જો ખરેખર જ તેવી હોત, તો કેટલું સારૂં હતું ? તે પોતાની કુમારિકા અવસ્થામાં ક્યારનીએ ભ્રષ્ટ થએલી હતી, તોપણુ અત્યારે તેને નવવધૂ તરીકે લેખીને અહીં લાવવામાં આવી

હતી. પણ તેની એ ભ્રષ્ટતાને માટે તે ઠપકા કરતાં દયાને પાત્ર વિશેષ હતી, કારણકે કુમારિકાવસ્થામાં જ તે નીચ શાકતોના જુલમનો ભોગ થઇ પડી હતી—ભ્રષ્ટ થવાની તેને ફરજ પડી હતી !

સંગમપુરથી જે ચાર દાસીઓ તેની સાથે આવી હતી, તે પણ મોટા ઠાઠમાઠ કરીને અત્યારે તેની પાસે ઉભી રહી હતી. તે દાસીઓ બહારથી જોકે દાસ્યત્વનો દેખાવ કરતી હતી, તોપણ વસ્તુતઃ તેઓને રાજકન્યા નાસી જવાનો યત્ન કરે તો તેને અટકાવી રાખવા માટે જ નિયુક્ત કરવામાં આવી હતી !

છેવટે વેવીશાળની ક્રિયા કરવાની તૈયારી થઇ. વર તરફનો વડીલ ભભૂતમલ હતો, પણ કન્યા તરફથી નજીકનો સંબંધી કોઇ નહિ હોવાથી ધર્મગુરૂના સંબંધથી કાલિકાપ્રસાદે જ તેના વડીલનું પદ ધારણ કર્યું હતું. રાજકન્યા સૌના પ્રણામનો સ્વીકાર કરીને પોતાને માટે તૈયાર કરેલા આસનપર જઇ બેઠી. તે અંદર આવી, ત્યારે બહુ જ ઉદાસીન દેખાતી હતી; પણ કાલિકાપ્રસાદે તુરત જ તેની પાસે આવીને તેના કાનમાં બે શબ્દો કહેતાં જ જાદૂના મંત્ર પ્રમાણે તેના મનપર અસર થઇ અને તેણે હાસ્યમુદ્રા ધારણ કરી !

એટલામાં વિષયમલ પણ બણીઠણીને ત્યાં આવ્યો. તેની ઉમર જોકે રાજકન્યાના જેટલી જ હતી, તોપણ તેના હૃષ્ટપુષ્ટ શરીરથી તે પુખ્ત વયનો જુવાન દેખાતો હતો. હવે રાજકન્યા પોતાની પત્ની થશે, એ આનંદમાં તે નિમગ્ન થયો હતો. રાજકન્યાના એક બે દિવસના સહવાસથી તેના મનમાં તેના સ્વરૂપ ઉપર ભારે મોહ ઉત્પન્ન થયો હતો. તે ત્યાં આવ્યો, ત્યારે તેને પોતાનો ભવિષ્યનો રાજા સમજીને લોકોએ ભારે સન્માન આપ્યું.

કાલિકાપ્રસાદે મોટા માનપૂર્વક વેવીશાળની ક્રિયા કરવા માંડી તથા ઉપરાઉપરી શ્લોકો ભણવા માંડયા. ભભૂતમલને તે વખતે સ્વર્ગ માત્ર દોઢ તસુ દૂર રહેલું લાગ્યું ! પોતે હવે એ આખા પ્રાંતનો માલેક થયો, એવું તે વિચારતો હતો, એટલામાં એક ચીસ સાંભળવામાં આવી. સર્વ સ્ત્રીપુરૂષો એકાએક ગભરાઇ જઇને જે બાજુએથી એ ચીસ સંભળાઈ હતી, તે બાજુએ જોવા લાગ્યાં.

એ અવાજ જમીનની અંદરથી આવતો લાગતો હતો. પિશાચો જેવી તીણી ચીસો પાડે છે એવું લોકો માને છે તેવી જાતની ચીસો સંભળાવા લાગી. એ ચીસો પ્રતિક્ષણે નજીક ને નજીક તથા ઉતાવળી

સંભળાતી હતી. તે સાથે જ કેટલીક સ્ત્રીઓ અને થોડા બ્હીકણુ પુરૂષો ભયભીત બની ગયાં ! !

એટલામાં એકાએક ત્યાં લાલ રંગનો પ્રકાશ વિસ્તરતો જોવામાં આવ્યો. તે પ્રકાશથી ત્યાં આવેલાં સર્વ સ્ત્રીપુરૂષોના ચહેરા પણુ લાલ રંગના દેખાવા લાગ્યા ! એ પ્રકાશ આખા મહાલયમાં ફેલાયો અને લોકો બહુ જ ગભરાઇને એક બીજાનાં લાલ રંગનાં મ્હોં તરફ જોવા લાગ્યા. હવે શું થશે એવો ભય સૌના મગજમાં વ્યાપી રહ્યો હતો. એટલામાં તો સ્મશાનભૂમિમાં બળતી ચિતામાંથી ડાકણુ ઉત્પન્ન થાય તેવી રીતે એ લાલ પ્રકાશમાં એક સ્ત્રી ઉત્પન્ન થઇ !

રાજકન્યા તો બેશુદ્ધ થઇને જમીનપર પડી ગઇ ! વિષયમલ્લ તેની તરફ જોતો જ ઉભો થઇ રહ્યો ! ભભૂતમલ ઉઠીને ઉભો રહ્યો ખરો પણુ તે પગથી માથાસુધી થરથર કમ્પતો હતો !

તત્ક્ષણુ તે લાલ પ્રકાશમાં ઉત્પન્ન થએલી સ્ત્રી બોલી: “ એ લગ્ન થવું જોઇએ નહિ ! ઇશ્વરને એ લગ્ન પસંદ નથી ! ” તે સ્ત્રીના એ ઉતાવળે ઉચ્ચરાએલા શબ્દો સૌના સાંભળવામાં સ્પષ્ટ રીતે આવ્યા.

તે લાલ પ્રકાશમાં તે સ્ત્રીનો શ્વેત ફિક્કો ચહેરો તદ્દન લાલ-અગ્નિશિખા જેવો તેજસ્વી દેખાતો હતો ! તેના વદનપર જીવનકળા બિલકુલ દેખાતી નહોતી, પરંતુ પ્રેતકળા છવાએલી જોવામાં આવતી હતી. તે ખરેખરા મુડદાના જેવી જ દેખાતી હતી ! !

તેને જોતાં જ કેટલાંક સ્ત્રી પુરૂષોએ ભયથી આંખો ઢાંકી દીધી. કેટલાક ધૈર્યવાન પુરૂષોએ પોતાના હાથ તલવાર તરફ દોર્યા ખરા, પણુ મ્યાનમાંથી તલ્વારો બહાર કાઢવાની તેમના હાથમાં તાકાત જ રહી નહોતી !

ભભૂતમલ ઉપર એ શબ્દોની બહુ જ અસર થઇ. તે ધડાક દેતો જમીનપર પડી ગયો અને બોલ્યો: “ તે જ એ ! તે જ એ ! મારી સ્ત્રી ! મારી મરણુ પામેલી સ્ત્રી જ તે ! ” ત્યારપછી તેના મુખમાંથી એકકે શબ્દ નીકળ્યો નહિ. તે તદ્દન બેશુદ્ધ થઇ ગયો !

એટલામાં આખા મહાલયમાં ધુમાડો ફેલાયો અને તે ધુમાડાના વાદળામાં એ સ્ત્રી અદ્રસ્ય થઇ ગઈ. વેવીશાળની ક્રિયાને માટે જે સ્ત્રી પુરૂષો ત્યાં એકત્ર થયાં હતાં, તેઓ એકદમ બારણા તરફ નાઠાં. તે વખતે ત્યાંનો દેખાવ ખરેખર કરૂણાજનક હતો. કોઇની પણુ પરવા નહિ કરતાં દરેક જણુ બારણામાંથી પહેલવહેલું નીકળી જવા ઇચ્છતું હતું અને તેથી આગળ ને આગળ ધસ્યે જતું હતું. મોટા મોટા રણુધીર રણુધીર વીરો, ઠાકોરો અને યોધાઓ પણુ પોતાની સ્ત્રીઓની દરકાર

નહિ રાખતાં—તેઓને ત્યાં ને ત્યાં જ છોડીને માત્ર પોતાનો જીવ બચાવવા માટે બહાર નાસી જવાનો યત્ન કરતા હતા ! કેટલાકનાં વસ્ત્રો અને કેટલાકના મૂલ્યવાન અલંકારો જમીનપર પડતાં હતાં, પણ તે ઉંચકી લેવાની શુદ્ધિ તેઓમાં નહોતી. રાણીસાહેબની શી સ્થિતિ થઈ, તે જોવાનું તો કોઇને સાંભરતું જ નહોતું ! કેટલીક સ્ત્રીઓ ભોંયે પડી ગઇ અને પુરૂષો તેમનાં શરીરોપર થઇને નાસી જવા લાગ્યા ! ! પણ એ સર્વે કરતાં કુંવર વિષયમલ વધારે ચકિત થયો હતો. પોતાના પિતાના શબ્દો તેણે બરાબર સાંભળ્યા હતા. રાજકન્યાની સાથે પોતાનું લગ્ન થાય એ પોતાની માતાને નાપસંદ હોવાથી તે ભૂત થઇને પોતાને ચેતવણી આપવા આવી હોવી જોઇએ એવું તે સમજ્યો. થોડી વારમાં તો આખું દિવાનખાનું ખાલી થઇ ગયું. થોડી વાર પહેલાં જ્યાં સેંકડો માણસો એકઠાં થએલાં હતાં, ત્યાં અત્યારે માત્ર બે જ માણસો બાકી રહ્યાં ! તે બન્ને બેશુદ્ધ પડેલાં હતાં ! એક રાજકન્યા ચંદ્રપ્રભા હતી અને બીજો ભભૂતમલ હતો !

કાલિકાપ્રસાદ પોતાને કઠણ કાળજાનો માનતો હતો, પણ એ વખતે તે પણ ગભરાઇને બહાર આવ્યો હતો ! ભભૂતમલની પત્ની મરણ પામ્યાને વીશ વર્ષો થયાં હતાં અને અત્યારે તો લોકો તેને વિસરી પણ ગયા હતા; પરન્તુ બરાબર આ વેળાએ જ તે આ પ્રમાણે એકદમ દૃષ્ટિએ પડવાથી સૌને ભય લાગે એ સ્વાભાવિક હતું.

કેટલીક વારે ગુપ્ત દ્વારમાં થઇને એક વૃદ્ધ પુરૂષ ત્યાં આવ્યો. એ વૃદ્ધ પુરૂષ ભભૂતમલનો કારભારી હનુમંતસિંગ હતો. તેણે પહેલાં રાજકન્યાને ઉંચકી, અને તેને ઉંચકતાં જ તેના મુખમાંથી ભીતિના ઉદ્ગારો બહાર નીકળ્યા. તે ઉદ્ગારો કાને પડતાં ભભૂતમલ પણ સાવધ થયો. સાવધ થતાં જ તે ઉઠયો. પૂર્વે જોએલા પ્રકારનું તેને સ્મરણ હતું જ. તે ઉભો થઇને આસપાસ જોવા લાગ્યો, પણ તે વખતે એ લાલ પ્રકાશ દૂર થઇ ગયો હતો. તેની જરાએ અસર ત્યાં રહી નહોતી.

દિવાનખાનામાંના દીવા બળી રહ્યા હતા, પણ ત્યાં કોઇ મનુષ્ય જોવામાં આવતું નહોતું. સઘળા સરદારો તથા ઠાકોરો, અમીર, ઉમરાવ અને નોકરચાકરો નાસી ગયા હતા ! પણ થોડી જ વારમાં પોતા ઉપરાંત એક વૃદ્ધ ગૃહસ્થ ત્યાં છે અને તેણે એક સ્ત્રીનું મસ્તક પોતાના હાથમાં પકડયું છે, એવું ભભૂતમલના જોવામાં આવ્યું.

એ સ્ત્રી તે રાજકન્યા, પોતાના દેશની રાણી, પોતાના પુત્રની ભવિષ્યની પત્ની છે એવું તેના ધ્યાનમાં તુરત આવી ગયું. રાજકન્યાનો

ચહેરો તદ્દન ફીક્કો દેખાતો હતો. તે વૃદ્ધ ગૃહસ્થની પાસે જઇને ભભૂતમલે પૂછ્યું: " હનુમંતસિંગ ! રાજકન્યાની કેવી સ્થિતિ છે ? "

આંખમાં આંસુ લાવી તે બોલ્યો: " મહારાજસાહેબ ! સર્વ નાશ થઇ ગયો ! રાજકન્યાએ તો પ્રસાવ્યા ! તેનો જીવ પરલોકપ્રયાણ કરી ગયો છે ! "

એ શબ્દો સાંભળતાં એક બાળકની પેઠે ગભરાઇ જઇને ભભૂતમલ બોલ્યો: " શું તે મરી ગઇ ? હનુમંતસિંગ ! તમે આ શું બોલો છો ? "

રાજકન્યાના મુડદાનું મસ્તક નીચે મૂકીને હનુમંતસિંગ ધીમેથી બોલ્યો: " મહારાજ ! મહારાણી ખરેખર મરણ પામ્યાં છે. થયું ! રાજપૂતસ્થાનના રાજકુટુંબનો આજે અંત આવ્યો. બિચારી માત્ર ત્રણ દિવસસુધી જ મહારાણી કહેવાઇ ! "

હનુમંતસિંગ આ બોલતો હતો, ત્યારે ભભૂતમલ તેના તરફ જોઇ રહ્યો હતો. તે બરાબર ધ્યાન આપીને તેનું ભાષણ સાંભળતો હતો એવું દેખાતું હતું, પરન્તુ ખરેખર તેમ નહોતું. રાજકન્યાના મરણથી તેને જે મોટું નુકસાન થયું હતું તે તરફ જ તેનું માત્ર ધ્યાન હતું. તેના મનમાં આગલી-પાછલી પુષ્કળ વાતો ઘોળાઇ રહી હતી.

થોડી જ વારમાં રાજકન્યાના મરણની ખબર આખા કિલ્લામાં ફેલાઇ ગઇ. આજના આ અઘટિત અને દૈવી પ્રસંગથી વીરોત્તમની સાથે લડાઇ કરતાં પોતાને તેમાં જય મળશે કે નહિ તે વિષે કિલ્લામાંના સૈનિકોને પણ શંકા આવવા લાગી.

થોડી ઘણી ક્રિયા કરીને રાજકન્યાના મુડદાનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો, અને તેના સ્મરણાર્થે એક મોટો 'સ્મરણસ્થંભ' બાંધવાનો સઘળા ઠાકોરોએ મળીને ઠરાવ કર્યો.

રાજકન્યા મરણ પામી, તેને બીજે જ દિવસે સંગમપુરથી એક જાસૂસ ખબર લઇને આવ્યો કે વીરોત્તમ પોતાના આખા લશ્કર સાથે શ્યામગઢ ઉપર સૌથી પહેલો ચડી આવે છે !

પ્રકરણ ૩૪ મું.

શ્યામગઢનો ઘેરો.

રાજકન્યા મરણ પામ્યા પછી ચોથે દિવસે શ્યામગઢના બૂરજો ઉપર રણવાદ્યો વાગવા લાગ્યાં. કિલ્લામાંની ઉંચામાં ઉંચી જગ્યાએ ઉભા

રહેલા પહેરેગીરોએ દૂરથી આવતા વીરોત્તમના સૈન્યની ભભૂતમલને ખબર આપી.

બપોર થતાં શ્યામગઢથી એક કોસના અંતર ઉપર વીરોત્તમે પોતાના સૈન્યનો મુકામ નાંખ્યો. સાંજ પડતાં પહેલાં વીરોત્તમના સૈન્યે આખા કિલ્લાને ફરતો ઘેરો ઘાલ્યો. વીરોત્તમે પોતાના સૈન્યને એક બાજુએથી નહિ લાવતાં તેની નાની નાની ટુકડીઓ કરીને ચારે બાજુએથી કિલ્લા તરફ ધસારો કર્યો હતો, અને તેથી થોડી જ વારમાં કિલ્લો ઘેરાઇ ગયો હતો. ભભૂતમલનાં માણુસો બૂરજપર ચઢીને વીરોત્તમના સૈન્યની હીલચાલ જોતાં હતાં. વીરોત્તમનું પહેલાં આવેલું સૈન્ય થોડું જ હતું, એટલે તેના ઉપર હલ્લો કરીને નસાડી મેલવાનો વિચાર વિષયમલના મગજમાં આવ્યો. તેણે તેમ કરવાને પિતાની પરવાનગી માંગી. પણ ભભૂતમલ યુદ્ધકર્મમાં નિપુણ હતો. વીરોત્તમે પોતાના સૈન્યની કેવી રચના કરી હશે તે તે સમજતો હતો, તેથી એવી રીતે એકાદ ટુકડીપર હલ્લો કરવાથી પોતાને કાંઇ જ ફાયદો નહિ થતાં ઉલટું નુકસાન થશે એવી તેની ખાત્રી હતી. તેટલામાટે તેણે પોતાના સૈન્યને કિલ્લામાંથી બહાર નીકળવાની પરવાનગી આપી નહિ.

એ પ્રમાણે જરા પણ હરકત થયા વિના વીરોત્તમના સૈન્યે કિલ્લાને મજબૂત બંદોબસ્ત સાથે ઘેરી લીધો. રાત પડયા પહેલાં ઘેરો ઘાલવાનું કામ પૂરૂં થઇ ગયું. તેણે સ્થળે સ્થળે પોતાના સૈન્યની ચોકીઓ બેસાડી. સાંજ પડતાં જ વીરોત્તમના સૈન્યે લાકડાનો મોટો ઢગલો કરીને તેને સળગાવી મેલ્યો અને સૌએ પોતપોતાનું ભોજન તૈયાર કરીને જમી લીધું. રાત્રિએ આખા સૈન્યનું અત્યંત પ્રિય યુદ્ધગીત સૈનિકો ગાવા લાગ્યા અને તે સાથે રણશીંગાંના ઘોરધ્વનિથી ચારે દિશાઓ ગાજી રહી.

(લાવણી)

ઓ સાચા ક્ષત્રિય વીર, લક્ષ્મી પૂરા !
આ પુનિત આર્ય ભૂમિને, ગજાવો શૂરા !
બળીઆના પગની તળે, ન રહો કચરાતા,
સામા થઇ જાઓ, તુરત ઉઠીને તાતા !
સ્વાતંત્ર્ય તણા જે હો, ન તેહ ગુમાવો,
વાળવા વેર જુલ્મનાં, કૃત્ય દબાવો !
જુલ્મને અધિન થઇ: વાંક પ્રભુના પરનો,
હવે તજો મોહ નિત્યની ધીરજ ઉપરનો !

છીએ ખરા ઉદ્યમી પછી ભુખે શીદ મરીએ ?
ગરીબડાં બાળકો પર ન મમત્વ શું ધરીએ ?

સ્વાર્થીઓ વિષય લંપટતામાં દિન ગાળે,
ને ગરીબ ઉદ્યમી તણું લોહીને બાળે.

બસ ! હવે ધૈર્યનો ત્યાગ કરી દો ભાઇ !
ઉઠી વેર વાળવા ખડ્ગ હસ્તમાં સાહી.

બહુ દિનો જુલ્મની બેડી વેઠી લીધી છે,
તે સાથ પ્રભુ ! પ્રાર્થના તારી કીધી છે.

હવે સહાય કર તું દયા ધરી અમ ઉપરે,
અમ સહનશીલતા ધૈર્ય હવે ન ટકી રે'.

સુખનું ઉજ્જવલ સુપ્રભાત ઉગતું દેખાયે,
સ્વાતંત્ર્ય દેવીનું વદન મુદિત મલકાયે !

ઉડતી સુપતાકા વિજય લક્ષ્મીની કેવી !
જય હજો સદા તવ પુનિત સુનીતિ દેવી !

બીજા દિવસની પ્રભાતમાં યુદ્ધનો પ્રારંભ થયો. વીરોત્તમે પોતાની સાથે જે તોપો આણી હતી તેમાંની એક મોટી તોપ તેણે ફોડી અને તેથી કિલ્લામાંના શત્રુને લડાઇ શરૂ થયાની વરદી મળી.

શ્યામગઢમાં પણ લડાઇની સઘળી તૈયારીઓ મોટા પાયાપર ચાલી રહી હતી. આખી રાત કોઇ ઉંઘ્યું નહોતું. પ્રભાતમાં શરૂ થવાના યુદ્ધ સંબંધે જ વિચાર ચાલી રહ્યો હતો. ભભૂતમલે પોતાના મનથી એવો નિશ્ચય કર્યો હતો કે પોતે હલ્લો નહિ કરતાં કેટલાક દિવસ-સુધી ફક્ત કિલ્લાનું રક્ષણ જ કરવું અને એવી રીતે વીરોત્તમને થકવી નાંખવો. વીરોત્તમે લડાઈની શરૂઆતમાં તોપનો જે અવાજ કર્યો તેથી કિલ્લાની અંદરનાં બાળકો અને સ્ત્રીઓ અતિશય ભય પામ્યાં. કદાચ સત્રુના માણસો કિલ્લો તોડીને અંદર પેસે તો શું કરવું, કયાં સંતાવું, એ સંબંધે કિલ્લામાંનાં માણસો તજવીજ કરવા લાગ્યાં.

એ તોપના સામા ઉત્તર તરીકે કિલ્લામાંથી પણ એક તોપ ફોડ-વામાં આવી. પછી વીરોત્તમના સૈનિકોએ આગળ થઇને હિંમત દર્શાવી એક બૂરજપર હલ્લો કર્યો, પણ શ્યામગઢના સિપાઇઓએ તેથી જરાએ નહિ ડગતાં મોટા ધૈર્યથી એ હલ્લાને પાછો હઠાવી મેલ્યો.

એ પ્રમાણે ત્રણ દિવસસુધી બન્ને સૈન્યોની વચ્ચે નાની નાની ઝપાઝપીઓ થઇ. ત્રીજા દિવસની સાંજે વીરોત્તમના લશ્કરે મોટા જોરથી હલ્લો કર્યો. ભયાનક લડાઇ શરૂ થઇ. કિલ્લાના એક બૂરજ-

પરથી **ભભૂતમલ** અને **વિષયમલ** યુદ્ધ તરફ જોઇ રહ્યા હતા. **વીરો**-ત્તમના સૈન્યમાં એકાએક એટલું બધું શૌર્ય શાથી આવ્યું તેનું કારણ હવે તેમના ધ્યાનમાં આવ્યું. બે હાથમાં બે જંગી તલવારો લઇને **વીરોત્તમ** પોતાના સૈન્યની વચ્ચે ઘૂમી રહ્યો હતો અને તે જ્યાં જ્યાં જતો હતો ત્યાં ત્યાં પોતાના સિપાઇઓનાં મુડદાં પડતાં રહેતાં હતાં એ પિતાપુત્રના જોવામાં આવ્યું.

પણ તુરત જ રાત્રિનો અંધકાર ફેલાવાથી લડાઇ અટકી. **વીરો**-ત્તમ પોતાના સૈનિકોની સાથે પોતાના મુકામપર પાછો ગયો, અને **ભભૂતમલ**નાં રહ્યાંસહ્યાં માણુસો પણ કિલ્લામાં પાછાં ફર્યાં. આજે પહેલી જ વાર **વીરોત્તમ**નો જય અને **ભભૂતમલ**નો પરાજય થયો એમ કહી શકાય.

બીજે દિવસે મોટા પરોઢમાં ઉઠીને **વીરોત્તમે શ્યામગઢ** ઉપર હલ્લો કર્યો. દરિયાનાં મોજાંની પેઠે **વીરોત્તમ**નું સૈન્ય કિલ્લાપર હલ્લો કરવા લા-ગ્યું. એ સૈન્યની સામે થવાને કિલ્લામાંના લોકો પણ તૈયાર થઇ રહ્યા હતા. કિલ્લાની ઉપર અને નીચે **ભભૂતમલ**નાં માણુસો શસ્ત્રાસ્ત્રથી સ-જ્જ થઇને ઉભાં રહ્યાં હતાં. કિલ્લાની આસપાસ પાણીથી ભરેલી એક મોટી ખાઇ હતી અને તેથી **શ્યામગઢ**ના કિલ્લાને કેટલુંક રક્ષણ મળી શકતું હતું, પરન્તુ **વીરોત્તમ**નાં માણુસોએ એ ખાઇની પણ પરવા કરી નહિ. **વીરોત્તમ**ના હુકમથી તેમણે રાતોરાત મોટાં ઝાડ કાપીને તેના તરાપા તૈયાર કરી રાખ્યા હતા, તે ખાઇમાં તરતા મૂકીને તેઓ તે વડે ખાઇ ઓળંગવા લાગ્યા. એકીસામટા સેંકડો માણુસો એવા તરાપામાં બે-સીને કિલ્લાની દિવાલો પાસે જઇ પહોંચ્યા. તેઓએ કિલ્લાને મોટી સીડીઓ લગાવી. ગમે તેમ થાય, પણ આજે કિલ્લાના બૂરજપર નિશાન ઉભું કરવું એવો તેમણે નિશ્ચય કર્યો હતો. તે પ્રમાણે કેટલાક શૂરા સિપાઇઓ કમરે દોરી બાંધીને સીડીપર ચડવા લાગ્યા. કિલ્લાની અંદર **ભભૂતમલ**નાં માણુસો કાંઇ અસાવધ નહોતાં. ખરેખરી ધમા-ચકડી ત્યાં ને ત્યાં જ ચાલી રહી. પ્રાણુની પણ પરવા નહિ કરતાં બન્ને પક્ષના યોધાઓ રાક્ષસની પેઠે લડતા હતા. તેઓની ઉપર એક બીજાનાં બાણોનો વર્ષાદ થયાં કરતો હતો. બંદૂકની ગોળીઓ પણ એક બીજા ઉપર ધીમે ધીમે છૂટતી હતી, પરન્તુ અંગમાં વીરશ્રીનો સંચાર થવાથી તેઓ અહંકારપૂર્વક લડતા હતા. **વીરોત્તમ**ના જે કેટલાક સિપાઇઓ સીડીઓ ઉપર થઇને કિલ્લાપર ચડતા હતા, તેઓને ઉપરનાં માણુસો નીચે ધકેલી દેવાનો પ્રયત્ન કરતા હતા.

તેઓમાંના કેટલાક મરી જતા હતા, કેટલાક ખાઇમાં પડતા હતા અને કેટલાક જખમી થતા હતા, પણ તેથી હિંમત નહિ હારતાં વીરોત્તમનાં બીજાં માણસો બેધડક ઉપર ચડતાં હતાં !

છેવટે વીરોત્તમના તે પ્રયાસને જય મળ્યો. મોટા પ્રયત્નપૂર્વક લગભગ સો માણસો કિલ્લા ઉપર ચડી ચૂક્યા. તેઓમાંના કેટલાક શત્રુની સાથે લડવા લાગ્યા અને બીજાઓ પોતાના બીજા સાથીઓને ઉપર ચડવામાં મદદ કરવા લાગ્યા. એ પ્રમાણે આખા કિલ્લાપર જ્યાં ત્યાં વીરોત્તમનાં માણસો જ દેખાવા લાગ્યાં. પછી ખરેખરી લડાઇ ચાલી. એ લડાઇ સ્હવારથી મધરાતસુધી એકસરખી રીતે—છ પ્રહરસુધી ચાલી. તે લડાઇમાં વીરોત્તમનાં પુષ્કળ માણસો મરણ પામ્યાં ખરાં, પરન્તુ તેઓએ એક સ્થળે કિલ્લાની દિવાલમાં મોટું ગાબડું પાડી દીધું. તે દિવસે ભભૂતમલ, વિષયમલ વગેરે કિલ્લામાંનાં મુખ્ય માણસો ખરેખરા શૌર્યથી લડયા હતા; પરન્તુ તે દિવસના યુદ્ધનું એકંદર પરિણામ જોઇને હવે વધારે દિવસ કિલ્લાનો ટકાવ થઇ શકે એવું શ્યામગઢના સૈનિકોને લાગ્યું નહિ.

કિલ્લાની અંદરનાં માણસો હેરાન થઇ ગયા હતા એ વીરોત્તમે તુરત જાણી લીધું. તેથી તેણે એવો વિચાર નક્કી કર્યો કે કિલ્લો જીતતાં થોડો વધારે વખત જોઇએ તો કાંઇ ફીકર નહિ, પણ પોતાનાં માણસોને બહુ મરવા દેવાં નહિ. એવો ઠરાવ કરીને તેણે ઘેરાને વધારે મજબૂત બનાવ્યો. કોઇ કોઇ વાર તે પોતાની નાની નાની ટુકડીઓને કિલ્લા તરફ મોકલતો કે જેથી શ્યામગઢનું લશ્કર ચમકતું ને ચમકતું જ રહેતું અને નાની ઝપાઝપીઓ ચાલતી. પણ એવા પ્રસંગોમાં પોતાનાં માણસો ખરાબ ન થાય તે માટે વીરોત્તમ સંપૂર્ણ બંદોબસ્ત રાખતો. એટલું થયા પછી કિલ્લાની અંદરની તોપોના મારાથી દૂર તેણે પોતાની ચોકીઓ બેસાડી દીધી અને કિલ્લાની અંદરનાં માણસોને બહારથી અન્નપાણીની મદદ મળતી બંધ થાય તેવી ગોઠવણ વીરોત્તમે કરી. વળી કિલ્લાથી કેટલેક દૂર જંગલમાંના એક દેવાલયમાં ભોંયરામાં થઇને કિલ્લાની અંદર જવાનો એક માર્ગ છે એવું તેના જાણુવામાં આવ્યાથી વીરોત્તમે ત્યાં પણ એક ચોકી બેસાડી અને કિલ્લાની સાથેનો બહારનો સંબંધ એ રીતે બિલકુલ તોડી નાંખ્યો.

આ લડાઇમાં વીરોત્તમે ભભૂતમલનાં પુષ્કળ માણસોને કેદ પકડયાં હતાં, અને તેમની સાથે વીરોત્તમ સન્માનપૂર્વક વર્તતો હતો. તેઓમાંના કેટલાક કેદીઓને વશ કરીને વીરોત્તમે કિલ્લામાંનો અના-

જનો કોઠાર ક્યાં છે તે જાણી લીધું. ખોરાકીના સંગ્રહનું સ્થાન જાણી લીધા પછી તેનો નાશ કરીને કિલ્લાની અંદરનાં માણુસોને ભૂખે મારવાં એવો વીરોત્તમે ઠરાવ કર્યો. એક દિવસ સારી પેઠે અંધકાર વિસ્તરેલો જોઇને વીરોત્તમે કેટલાક પસંદ કરેલા માણુસોને પોતાની સાથે લીધા, અને તે કિલ્લા તરફ જવાને નીકળ્યો. તેની સાથેનાં માણુસો તદ્દન ધીમે પગલે પણ ઉતાવળી ગતિથી પગનો જરા પણ અવાજ નહિ થવા દેતાં ચાલતાં હતાં. વીરોત્તમ સૌની આગળ ચાલતો હતો. તેની ઉપર તેના સર્વ સિપાઇઓનો પૂર્ણ વિશ્વાસ હતો, તેથી કદાચ વીરોત્તમ તેમને આગની ખાઇમાં કૂદી પડવાનું કે પાણીમાં ડૂબી જવાનું કહે તો તેઓ તેમ કરવામાં પણ જરાએ આનાકાની કરે તેમ નહોતું. પોતા ઉપરનો પોતાનાં માણુસોનો વિશ્વાસ વીરોત્તમના જાણવામાં હતો, તેથી આ વખતે તે પોતે સૌની આગળ થયો હતો.

પાણીની ખાઇ પાસે જઈ પહોંચતાં જ બે તરવાનું જાણનારાઓ કમરે દોરી બાંધીને ખાઇમાં કૂદી પડ્યા અને તરતા તરતા તેઓ સામે કાંઠે પહોંચ્યા. પછી તે દોરીઓને તાણી બાંધીને તેના ઉપર મોટી શેતરંજીઓ, ગોદડાં વગેરે નાંખ્યાં અને એ રીતે તુરત તેઓએ કપડાંનો પૂલ તૈયાર કરી વાળ્યો! તે પૂલ ઉપર થઇને સૌ સામે કાંઠે જઇ પહોંચ્યા.

ત્યાંથી કિલ્લાની દિવાલોને સીડીઓ લગાવીને સૌ તે ઉપર ચડ્યા. વીરોત્તમ પોતે સૌની આગળ થયો, પણ એટલામાં કિલ્લામાંનાં માણુસો સાવધ થયાં અને તેઓએ બૂમરાણ મચાવ્યું. કિલ્લાની અંદરના લોકો મશાલો સળગાવીને સામા થયા. આખા કિલ્લામાં એકાએક ગરબડ મચી રહી. કિલ્લામાં એવી વાત ઉડી કે પોતાના આખા લશ્કરની સાથે વીરોત્તમ પોતે કિલ્લામાં પેસી ગયો છે! પોતાના શત્રુઓ સાવધ થયા એ જોઇને વીરોત્તમ કે તેના સિપાઇઓ કાંઇ ડર્યા નહિ. તેઓ દિવાલપરથી તડાતડ નીચે કૂદી પડ્યા અને શત્રુઓને મારતા કાપતા ધાન્યના સંગ્રહસ્થાનસુધી જઇ પહોંચ્યા. તેઓએ કોઠારનો દરવાજો તોડ્યો અને સળગી ઉઠે તેવા પુષ્કળ પદાર્થો આખા કોઠારમાં વેરી નાંખીને તેને આગ લગાડી દીધી! વીરોત્તમનાં માણુસોએ પોતાનો હેતુ પાર પાડ્યો ખરો, પરન્તુ ત્યાંથી પાછાં ફરતાં તેઓને મુશ્કેલી પડી. કિલ્લામાંની મશાલોથી તથા સળગી ઉઠેલા કોઠારના પ્રકાશથી કિલ્લાનાં માણુસોએ જોઇ લીધું કે સામા પક્ષનાં માણુસો ઘણાં જ થોડાં હતાં અને ખુદ વીરોત્તમ કિલ્લાની અંદર હતો. વીરોત્તમને કેદ કરવાની એ ઉત્તમ તક જોઇને તેઓ ભારે ઉમંગથી યુદ્ધ કરવાને તત્પર થયા.

એટલામાં આગ ભડકી ઉઠી અને તેના પ્રકાશમાં વીરોત્તમે જોયું કે કિલ્લામાંનાં માણસો એકત્ર થતાં જતાં હતાં. તેથી તે પણ યુદ્ધ કરવાને સજ્જ થઇને ઉભો, પરન્તુ જ્યારે કિલ્લાની અંદરનાં માણસોએ જાણ્યું કે અનાજનો કોઠાર સળગી ઉઠવાથી એ આગ લાગી છે, ત્યારે તેઓની હિંમત ખૂટી ગઇ. વીરોત્તમે શત્રુઓની હાર તોડીને છટકી જવાનો વિચાર કર્યો ખરો, પણ શત્રુઓ બહુ હતા અને તેઓ સઘળા સશસ્ત્ર હતા. આગના પ્રકાશથી તેઓનાં ભાલાંનાં ફળાં ચળકતાં હતાં! એ જોઇને વીરોત્તમે શત્રુનાં માણસોની સામે લડતાં લડતાં તેઓને આગવાળા ભાગની તરફ ખેંચી આણ્યાં. થોડી વારસુધી શત્રુને આગના તાપમાં તપતા રાખીને વીરોત્તમ પોતાના સૈન્યને શત્રુની હારને ભેદીને કિલ્લામાંના ગાબડા તરફ જવાનો હુકમ કર્યો, અને પોતે સૌને મોખરે ચાલ્યો. બધા શત્રુઓને પોતાની તલ્વારથી જવાબ આપતો આપતો વીરોત્તમ કિલ્લાના પડી ગએલા ભાગ પાસે આવી પહોંચ્યો. તે સ્થળે કિલ્લાવાળાઓ માર્ગ અટકાવીને ઉભા હતા. એટલામાં અગાઉથી યોજના કરી રાખ્યા પ્રમાણે વીરોત્તમની બીજી ટુકડી અંદર પેસવા લાગી. એ ગાબડાનો માર્ગ રોકી રહેલા કિલ્લાવાળા ઉપર એકદમ બન્ને બાજુએથી મારો થવા લાગ્યો, તેથી તેઓ એક પછી એક મૃત્યુના મ્હોંમાં જઇ પડવા લાગ્યા. થોડી જ વારમાં રસ્તો મોકળો થયો અને પોતાનાં વધારે માણસોને મરવા નહિ દેતાં વીરોત્તમ પોતાના હલ્લામાં સફળતા મેળવીને સુરક્ષિતપણે બહાર નીકળી ગયો.

વીરોત્તમની એ યુક્તિ પાર પડી. બીજે જ દિવસે કિલ્લામાં અન્નની ખૂટ પડી અને થોડા જ વખતમાં દુકાળ વેઠવો પડશે એવું લોકોને જણાવા લાગ્યું.

પ્રકરણ ૩૫ મું.

બેશુદ્ધ બળવંતસિંહ.

સંધ્યાનો સમય થયો હતો. દાનવીરરાયના કિલ્લાના ખંડેરમાં ચોતરફ શૂન્યતા વ્યાપી રહી હતી. બૂરજમાંના એક ઓરડામાં એક ખાટલાપર સરદાર બળવંતસિંહ સૂતો હતો. તે ઘણા દિવસથી બેશુદ્ધ બની ગયો હતો; પણ આજે જ તે જરા જરા શુદ્ધિમાં આવવા લાગ્યો હતો. તે આંખો ઉઘાડીને આમ તેમ જોતો હતો. પૂર્વે જે સ્થળે જમની માંદી હતી ત્યારે સૂતી હતી તે જ સ્થળે પોતે હતો, એવું સ્મ-

રણ થતાં જ તેણે આસપાસ નજર કરી પણ ત્યાં કોઇ જોવામાં આવ્યું નહિ. તેના મનમાં કંઇ કંઇ વિચારો આવવા લાગ્યા. પોતે સ્વપ્નમાં છે કે જાગૃતિમાં છે તે જ તેને તે વખતે સમજાતું નહોતું.

પણ એટલામાં તેના ધ્યાનમાં આવ્યું કે પોતે માંદો હતો. જ્યારે જમની એ જ લતિકાદેવી હતી એવું તેના સમજવામાં આવ્યું ત્યારે તેના મગજને એકદમ ધક્કો લાગ્યો હતો અને તેથી તે બેશુદ્ધ બની ગયો હતો. એ તેને સાંભર્યું. પણ એ બનાવ બન્યાને કેટલો વખત થયો તેનું તેને બરાબર સ્મરણ થયું નહિ; તોપણ બહુ તો એકાદ—બે પ્રહર થયા હશે એવી તેની કલ્પના હતી.

તેણે જોયું તો એવું માલૂમ પડ્યું કે ત્યાં પોતે એકલો જ હતો, પરન્તુ ખરેખર તે ત્યાં એકલો જ નહોતો. બીજું કોઈ પણ ત્યાં હોવું જોઇએ એવું તેણે અનુમાન કર્યું, કારણકે તેના બિછાનાની પાસે કોઇનું બીજું બિછાનું હતું, અને બારીઓની આડે પડદા નાંખી દેવામાં આવેલા હતા. કેટલીક બારીઓને કેવળ બંધ જ કરી નાંખવામાં આવી હતી. એક બાજુએ કેટલાંક ઓસડનાં પડીકાં અને ઝાડપાલાનો એક નાનો ઢગ પડયો હતો. ઓસડથી ખરડાએલી કાળા પત્થરની ખરલ પણ ત્યાં પડી હતી.

આ સર્વ વાત એક પછી એક તેના ધ્યાનમાં આવી. તે ઉપરથી પોતે ફક્ત એક બે પ્રહર નહિ, પણ કેટલાક દિવસસુધી આજારી પડેલો હોવો જોઇએ એવું તેને લાગ્યું. તે આંખો મીંચીને વિચાર કરવા લાગ્યો. જમની ઉપરનો પ્રેમ, લતિકાદેવીનો શૃંગાર, મધરાતની લડાઇ, લતિકા સાથે પ્રવાસ, ઉમેદનું ખૂન, લતિકાનું પલાયન, જમનીનું આગમન, દાનવીરરાયના કિલ્લાના ખંડેરમાં લડાઇ, ધર્મવીરે કહેલી વાર્તા, જમનીએ કરેલો ખુલાસો, વીરોત્તમનાં માણસોનું આગમન, જમની એ જ લતિકાદેવી, તેઓ બે બ્હેનો નહોતી પરન્તુ એક જ હતી એ ગુહ્ય વાત, ઇત્યાદિ વાતો એક પછી એક તેની આંખો સામે આવીને ઉભી રહી!

એ સર્વ વિચારો તેના મનમાં આવી ગયા પછી બીજા કેટલાક વિચારો તેના મનમાં આવ્યા. પોતે જો ઘણા દિવસસુધી માંદો પડી રહ્યો હોય તો પોતાની શુશ્રૂષા કોણે કરી હશે? પોતે કેટલા દિવસ માંદો પડી રહ્યો હશે? પોતાને શું થતું હશે? ઔષધ કોણ આપતું હશે? ઇત્યાદિ અનેક વિચારો તેના મનમાં આવવા લાગ્યા.

એ પ્રમાણે વિચાર કરી રહ્યા પછી તેણે પોતાની આંખો ઉઘાડી.

તેની કલ્પના ખરી હતી. પોતાનું શરીર પહેલાં કરતાં કૃશ થઇ ગએલું તેણે જોયું, અને અંગો અકડાઇ ગએલાં માલૂમ પડયાં.

એ વિચારોમાં તે નિમગ્ન હતો, એટલામાં એક સ્ત્રી દ્વાર ઉઘાડીને અંદર આવી. બળવંતસિંહને શુદ્ધિમાં આવેલો જોઇને તે સ્ત્રીને અત્યંત આનંદ તથા સંતોષ થયો. બળવંતસિંહ પણ તેની તરફ જોવા લાગ્યો, પણ બેમાંથી એકકેના મુખમાંથી ઉદ્દગારો બહાર નીકળી શક્યા નહિ. બળવંતસિંહને શુદ્ધિમાં આવેલો જોઇને તે સ્ત્રી પાછી ફરવા લાગી. તેને જતી જોઇને બળવંતસિંહ ધીમે સ્વરે બોલ્યો: "અલકકુમારી! અલકકુમારી! મને છોડીને જા નહિ!"

બળવંતસિંહે પોતાને નામ દઇને બોલાવી તેથી તેને બહુ જ સારૂં લાગ્યું. જેના ઉપર પોતાનો પ્રેમ હતો, તે પુરૂષનો પ્રેમ બીજી સ્ત્રી ઉપર જોઇને તેને પહેલાં બહુ જ ખરાબ લાગ્યું હતું; પણ હવે એ પ્રસંગ બદલાઇ ગયો હતો. લતિકા અને જમની એક જ છે, એ તેના જાણવામાં પણ આવી ગયું હતું અને તેથી તે ત્યાં રહી હતી.

અતિશય ઉંડા–ધીમા અવાજથી બળવંતસિંહ બોલ્યો: "અલક! કેમ જતી રહે છે? મને જોતાં જ તું કેમ પાછી ફરવા લાગી?"

"આપ સાવધ થયા છો, એ વાત ધર્મવીરરાયને કહેવાને હું જઉં છું. તે આપને સઘળી હકીકત નિરાંતે કહી સંભળાવશે." તે સુંદર કુમારિકાએ નમ્રતાથી ઉત્તર આપ્યો.

તેની સાથે થએલા એટલા સંભાષણથી પણ બળવંતસિંહને બહુ આનંદ થયો. તેણે પુનઃ તેને કહ્યું: "અલક! બની ગએલા સઘળા બનાવોની વાર્તા શું તું જ મને નહિ કહી સંભળાવે? મને એમ લાગે છે કે મારી માંદગીમાં તેં જ મારી શુશ્રૂષા કરી હશે. મને સાજો કરવાને તેં જ પુષ્કળ પ્રયત્નો કર્યા હોવા જોઇએ. તેથી હું તારો જેટલો આભાર માનું તેટલો થોડો છે!"

લજ્જાથી નીચું માથું ઘાલીને અલકકુમારી બોલી: "એમાં મેં કાંઇએ ઉપકાર કર્યો નથી. એક માણસે બીજા માણસની સાથે જેવી રીતે વર્તવું જોઇએ તેવી જ રીતે હું વર્તી છું. હવે આપ સાવધ થયા, એટલે હું આપની પાસે રહીશ નહિ. હું મારા—"

એટલું બોલતાં જ તે અચકાઇ. 'મારે ઘેર જઇશ' એ શબ્દો તેના મુખમાંથી નીકળી શકયા નહિ. તે બળવંતસિંહ તરફ જોવા લાગી. પોતા ઉપર તેનો પ્રેમ હશે એવું અત્યારે પહેલી જ વાર બળ·

વંતસિંહના ધ્યાનમાં આવ્યું. તે તેના તરફ ઉત્કંઠાથી જોવા લાગ્યો. પોતાનું મન બળવંતસિંહ જાણી ગયો છે એવું જોઇને અલકકુમારીને પણ શરમ આવવા લાગી. તે નીચું વદન કરીને ત્યાંથી જવા લાગી.

તેનું મન જાણી લઇને બળવંતસિંહ બોલ્યો: "અલક! તું મને આવી સ્થિતિમાં છોડીને જતી રહે નહિ! આજસુધી નિકટના સંબંધી જન તરીકે તેં મારી શુશ્રૂષા કરી છે, અને હજી કેટલાક દિવસસુધી મને તારી સહાયની જરૂર છે. માટે અહીં બેસ અને હું મૂર્છિત થયો ત્યારથી જે કાંઇ બન્યું હોય તે મને સ્પષ્ટ રીતે કહી સંભળાવ!"

તેના એ પ્રેમાળ ભાષણથી અલકકુમારી મોહ પામી. તે લજાતી લજાતી ધીમે ધીમે અંદર જઇને દૂર એક ખૂણાગાં ઉભી રહી. અત્યારે તેણે સંગમપુરના કિલ્લામાંથી આણેલું બખ્તર કાઢી નાંખ્યું હતું અને કુમારિકાને શોભે એવા પ્રકારનાં વસ્ત્રાલંકારો ધારણ કર્યાં હતાં. પોતાની પાસે એકાન્તમાં તે સુંદરી ઉભી છે એવું ધ્યાનમાં આવતાં બળવંતસિંહના મનને સંતોષ થયો. તેના મુખમાંથી કાંઇ જ શબ્દો નીકળ્યા નહિ. તે પોતાના મનમાં દાનવીરરાયની પુત્રી લતિકાદેવી અને એક ખેડુત–વનરક્ષક રાજપૂતની પુત્રી અલકકુમારી એ બન્નેની તુલના કરી જોતો હતો. તેના કરતાં આ અલક બહુ જ સુંદર છે, એવી તેની હવે પક્કી ખાત્રી થઇ અને જેમ જેમ નિહાળીને જોવા લાગ્યો, તેમ તેમ તેને પોતાની સમજણ બરાબર લાગવા માંડી. કેટલીક વારસુધી સ્તબ્ધ રહ્યા પછી બળવંતસિંહે પૂછ્યું: "હું અહીં કેટલા દિવસથી છું?"

નીચું વદન કરી રહીને જ તે બોલી: "મહારાજ! આપ અહીં લગભગ દોઢ માસથી માંદગીમાં પડ્યા છો!"

તેના એ શબ્દોથી ચકિત થઇને તે બોલ્યો: "શું? દોઢ મહિનો? દોઢ મહિનાસુધી હું જીવતો કે મૂએલો છું તેના બિલકુલ ભાન વિના જ શું હું પડી રહ્યો હતો?"

તેને શાન્ત કરવાને આતુર થએલી અલકકુમારી બોલી: "મહારાજ! જરા શાન્ત થાઓ!"

પોતાનો દુર્બળ હાથ લંબાવીને તે બોલ્યો: "અલકકુમારી! ખરી વાત! હવે મારી ખાત્રી થઇ! મારી માંદગીના આટલા દિવસોમાં મારો મિત્ર, મારો રક્ષક, મારો વૈદ્ય–એ સર્વ કાંઇ તું જ હતી! તારા એ ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ? પણ એક વાર

ફરીથી મને કહે, ખરેખર શું હું દોઢ મહિનાસુધી માંદો રહ્યો ?"

આંખોમાં આંસુ આણીને તે બોલી: "હા, મહારાજ ! આપ બહુ જ માંદા હતા !" જેના ઉપર પોતાનો પ્રેમ હતો તે લગભગ મરણ પામવાની અણીપર હતો, એ બનાવ ધ્યાનમાં આવતાં જ તે કુમારિકાની આંખોમાં પાણી આવવા લાગ્યું !

"અલક ! શું તું રડે છે ?" બળવંતસિંહનો કંઠ ભરાઇ આવ્યો અને તે બોલ્યો: "મારા માટે શું તું રડે છે ? એ ઉપરથી મને લાગે છે કે હું બહુ જ માંદો હતો !"

"હા, મહારાજ !" તે ધીમેથી બોલી: "આપ ઘણી વાર મરણની અણીપર પણ આવી ગયા હતા."

તે બોલ્યો: "મારી શુશ્રૂષા કોણે કરી એ તો હું સમજ્યો; પણ મને ઓસડ કોણ આપતું વારૂ ?"

"મહારાજ ! ધર્મવીરરાય ઘણાં વર્ષોથી અહીં રહે છે. તેમણે અનેક તરેહની વનસ્પતિઓની માહિતી મેળવીને તેના ગુણદોષનું જ્ઞાન મેળવ્યું છે. તે જ આપને ઓસડ ખવરાવતા હતા." પોતાના પાલવના છેડાની સાથે રમત કરતાં કરતાં એક વાર અલકકુમારીએ માથું ઉંચું કરીને કહ્યું.

"તેં એકસરખી રીતે દોઢ મહિનાસુધી મારી શુશ્રૂષા કરી ને ?" તેણે પૂછ્યું.

"મારૂં જે કર્તવ્ય હતું તે જ મેં કર્યું છે. તેથી મને બહુ જ આનંદ થાય છે, પણ મહારાજ ! મને લાગે છે કે આપ હવે બચી ગયા છો ! દિવસે દિવસે આપની તબીયત સારી થતી આવે છે, અને હવે થોડા જ દિવસમાં આપ હતા તેવા તંદુરસ્ત બની જશો." તે બોલી.

તે પોતા ઉપર પ્રેમ ધરાવે છે, એ તો બળવંતસિંહે પહેલેથી જ કળી લીધું હતું; તેથી તેણે પુનઃ એક વાર અલક તરફ જોયું; પણ તે પોતા તરફ જુએ છે, એવું ધ્યાનમાં આવતાં જ તે કુમારિકાએ લજ્જાથી એકદમ પોતાનું વદન નીચું નમાવી દીધું.

તદ્દન ગંભીર શબ્દોથી તે બોલ્યો: "અલકકુમારી ! લગભગ દોઢ માસસુધી શું હું પ્રાણસંકટમાં આવી પડેલો હતો ? તેં એટલા દિવસમાં મારી કેટલી બધી સારી સેવા કરી હશે ?! તેં જ મારો જીવ બચાવ્યો છે એમ કહેવામાં હરકત નથી. મને સારૂં કરવા માટે તું તારી ભૂખ તરસને પણ વિસરી ગઇ હોઇશ ! તેનો બદલો હું તને

અવશ્ય આપીશ. તે ધર્મવીરને પણ હું વિસરીશ નહિ. તારી હલકી સ્થિતિમાંથી હું તને સારી પદવીપર ચડાવીશ. મારામાં એટલુ સામર્થ્ય રહેલું છે. હવેથી આ વૃદ્ધ કારભારીને હું આવા વનવાસમાં રહેવા દઇશ નાહ. તેના છેલ્લા દિવસો સુખમાં જ જશે."

તેની તરફ જોઇને અલકકુમારી બોલી: "મહારાજ ! આપ એમ વિસ્મિત બની જશો નહિ." અલકને શંકા આવી કે બળવંતસિંહ ઉપરના શબ્દો તાવના જોરમાં તો બોલી ગયો નહિ હોય ? પોતે એક નાનો સરદાર છે એ વિસરી જઇને પોતે જાણે કાઇ મોટો રાજા—મહારાજા હોય એવો ડોળ ઘાલીને તે બોલતો હોય એવું અલકકુમારીને જણાયું.

તેનું મન કળી જઈને તે બોલ્યો: "અલક ! ગભરાઇશ નહિ. હુ કાંઇ તાવના આવેશમાં બોલતો નથી. મારૂં મન બરાબર ઠેકાણે છે. અત્યારે એ વિષે વધારે બોલવાની જરૂર નથી. મારે હજી ઘણી વાતો પૂછવાની છે. મને કહે, તું અહીં ક્યાંથી આવી ? હું અહીં માંદો પડયો છું એ તેં કેવી રીતે જાણ્યું ?"

લજ્જાથી નીચું માથું ઘાલીને તે બોલી: "મહારાજ ! આપ મને મારા અપરાધની ક્ષમા કરશો કે ?"

આશ્ચર્યચકિત થઇને બળવંતસિંહે પૂછ્યું: "અપરાધ ? તેં મારો અપરાધ કર્યો છે ? એમ બને જ કેમ ?"

તે બોલી: "હા, મહારાજ ! મેં આપનો અપરાધ કર્યો છે. આપની સાથે મેં ઠગાઇ ચલાવી છે."

અતિશય આતુરતાથી તેણે પૂછ્યું: "પણ તેં મને કેવી રીતે ઠગ્યો છે તે તો કહે."

તે ગંભીરતાથી બોલી: "આપની સાથે વેશ બદલાવીને ગુપ્ત રહીને,—"

બળવંતસિંહના મનમાં શંકા તો આવી જ, પણ તે તેમ નહિ દર્શાવતાં બોલ્યો: "અલક ! પણ તું આ કહે છે શું વારૂ ?"

બહુ જ શરમાઇને તે બોલી: "એટલે—આપની સાથે—બખ્તર પહેરીને—"

પોતાની શંકા ખરી પડેલી જોઇને તે આનંદથી બોલ્યો: "એમ કે ?" પછી તે અત્યંત આનંદ તથા આતુરતાથી તે વીરકન્યા તરફ જોવા લાગ્યો.

પણ તે પછી અલકકુમારીથી કાંઇ બોલાયું નહિ. તે લજ્જિત થઇને સ્તબ્ધ રહી !

થોડી વારસુધી બન્નેના મુખમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ. પછી બળવંતસિંહ બોલ્યોઃ "હવે મારા ધ્યાનમાં આવ્યું ! તારો પાલક પિતા શૂરસેનના તાબામાં છે અને તેનો નોકર પણ છે. શૂરસેનને વીરોત્તમે કેદ કર્યો, એટલે તેને છોડાવવા માટે તું સંગમ-પુર આવી. તારૂં કામ પાર પડયું. પછી તું અકસ્માત્‌ 'પુણ્યમંદિર'માં આવી અને ત્યાં મને મદદ કરી મારો જીવ બચાવ્યો. અહા ! અલક-કુમારી ! મારાપર તારો કેવડો મોટો ઉપકાર થયો છે ! તેં કેટલી બધી વાર મારો જીવ બચાવ્યો છે ? કેટલી વાર મારી સેવા કરી છે ?!"

બળવંતસિંહના તદ્દન સુકાઇ ગએલા ચહેરા તરફ જોઇને તે બોલીઃ "આપે પણ મારી પર શું ઉપકારો નથી કર્યા ? આપે શું મારો જીવ નથી બચાવ્યો ? પેલો રડચો વિષયમલ મને ઉંચકી જતો હતો તેના હાથમાંથી આપે મને શું નથી છોડાવી ? તેવી જ રીતે સંગમપુરની નદીમાં તણાઇ જતી વખતે આપે જ શું મને બહાર કાઢી નહોતી ?"

તે બોલ્યોઃ "તે ખરૂં, પરન્તુ તેં મારાપર જે ઉપકારો કર્યા છે તે મારાં કૃત્યો કરતાં હજારોગણાં વધારે છે. અલક ! કહે, તેં કેટલી વાર મારો જીવ બચાવ્યો ? પહેલાં હું સંગમપુર પાસેના મેદાનમાં બેશુદ્ધ પડયો હતો તે વેળાએ; બીજી વાર પુણ્યમંદિરમાં શત્રુની સામે થતી વેળાએ; ત્રીજી વાર આ જ બૂરજની પાસે પેલા નીચ કાલિકા-પ્રસાદે હલ્લો કર્યો તે વેળાએ; અને ચોથી વાર હું માંદો પડયો તે વેળાએ. એ સર્વ પ્રસંગે તેં કેટલી મહેનત કરી હશે. તે તો પ્રભુ જાણે ! અલક ! વ્હાલી અલક ! તેં એ સેવા બજાવીને મારાપર જે ઉપકારો કર્યા છે તેનો પૂરેપૂરો બદલો મારાથી વાળી શકાય એ શક્ય નથી ! આજથી હું તને મારા આપ્તજન પ્રમાણે–તદ્દન નજીકના આપ્તજન પ્રમાણે સમજીશ !"

બળવંતસિંહ એ બોલતો હતો તે વખતે અલકકુમારીના ચહે-રાપર જૂદા જૂદા મનોવિકારોની છાયા પડતી હતી. પોતાનું મન જેમ તેમ શાન્ત કરીને તે બોલીઃ "મહારાજ ! આપ હવે સારા થયા છો, એટલે હું આપની રજા લઇને અહીંથી જવાની છું. મારે પુનઃ મારે ઘેર પાછાં જવું જોઇએ. મહારાજ ! મારે માટે આપના મનમાં કાંઇ ખરાબ તો નથી લાગ્યું ને ?"

તેની તરફ નિરખી રહીને તે બોલ્યો: "અલક! હું ઉઠીને ફરી શકું એટલી શક્તિ મારામાં આવે, ત્યાંસુધી તું મારી પાસેથી દૂર થઇશ નહિ!"

થોડા દિવસ પહેલાં જમનીનો તેના ઉપર જે પ્રેમ હતો, તે સાંભરી આવવાથી તે બોલી: "હું અહીં હવે શામાટે રહું?"

"શામાટે! તું અહીં શામાટે રહે?" તે બોલ્યો: "તારે અહીં રહેવું જ જોઇએ. તું મને બહુ જ પ્રિય લાગે છે!"

અલકકુમારી દીર્ઘ નિઃશ્વાસ નાંખીને બોલી: "નહિ, નહિ, એવી આશા મારે શામાટે રાખવી જોઇએ?"

થોડી વાર થોભીને તે બોલ્યો: "અલક! હું તને વિનતિ કરીને કહું છું કે એટલી વારમાં તું મારી પાસેથી જતી રહે નહિ. જોકે હું સાજો થતો જઉં છું, તોપણ બિછાનામાંથી ઉઠીને ઉભા થવા માટે જે શક્તિ જોઇએ તે મારામાં નથી અને તે આવતાં હજી ઘણા દિવસ જોઇશે. જો તું મારી પાસે રહીશ નહિ, તો મને આ એકાન્તમાં બેસીને આંસુ ગાળવાનો જ પ્રસંગ આવશે! મારૂં હૃદય ફાટીને તેમાં જ મારો અંત આવશે! અલક! હું તારાપર આટલો પ્રેમ ધરાવું છું અને તું મને શું છોડી જઇશ?"

બળવંતસિંહના આ શબ્દોથી તેના મનપર બહુ જ અસર થઇ. તે કેટલીક પળસુધી તેના તરફ જોતી ઉભી રહી. પછી પોતાનું મ્હોં ફેરવીને તે બોલી: "મહારાજ! ત્યારે હું રહીશ!" એ શબ્દો ઉચ્ચારતાં તેની આંખોમાંથી આનંદાશ્રુ પડવા લાગતાં હતાં, પણ તે અંદર ને અંદર દાબી રાખવાનો પ્રયત્ન કરતી હતી; પરન્તુ તેનો તે પ્રયત્ન ફાવી શકયો નહિ. એટલામાં વૃદ્ધ ધર્મવીર દ્વાર ઉઘાડીને અંદર આવ્યો.

પ્રકરણ ૩૬ મું.

બળવંતસિંહ, અલકકુમારી અને ધર્મવીરરાય.

કાલિકાપ્રસાદે જમનીપર હલ્લો કર્યો તે વેળાએ તેનો પરાભવ કરીને અલકકુમારી ત્યાંથી ચાલી ગઇ એ આપણે જાણીએ છીએ, પણ તે વખતે બળવંતસિંહ પાસે તે કેવી રીતે આવી તે આપણે જોવું જોઇએ.

કાલિકાપ્રસાદનો પરાભવ થયા પછી અલકકુમારી ઠેઠ પોતાની

ઝુંપડીસુધી ઘોડો દોડાવતી નાસી ગઇ. તેના શરીરપર બખ્તર જોતાં જ તેના પિતા સજ્જનસીંગને અને તેની સ્ત્રીને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું, પરન્તુ તે પાછી સુખરૂપ ઘેર આવી તે જોઇને તેમને બહુ આનંદ થયો. તેણે તેમને કહી શકાય તેવી સઘળી હકીકત આખી રાત બેસીને નિવેદન કરી. બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠીને તેણે પોતાનો હમેશનો પોશાક ધારણ કર્યો. હવે તેને બખ્તર પહેરવાની જરૂર નહોતી. બળવંતસિંહે બક્ષિસ આપેલા ઘોડા ઉપર બેસીને તે ફરવા નીકળી પડી. દાનવીરરાયના કિલ્લા તરફ જવાનો જ નિશ્ચય પહેલાં તેના મનમાં નહોતો, પણ તે ઘોડો આવવાને રસ્તે ચડીને તે તરફ જ જવા લાગ્યો એટલે તે પણ ત્યાં જ ગઇ. બળવંતસિંહ ત્યાં હશે એવી તેને કલ્પના પણ નહોતી. ત્યાં પહોંચતાં જ બળવંતસિંહના ઘોડેસ્વારોની સાથે તેનો મેળાપ થયો. તેમણે પોતાની માહિતીમાં હતી એટલી હકીકત અલકકુમારીને કહી સંભળાવી. તે ઉપરથી તેના સમજવામાં એવું આવ્યું કે વીરોત્તમના કેટલાક માણસો જોરજુલમથી જમનીને પકડીને લઇ ગયા અને તેની દાસીઓ પણ તેની સાથે જ ગઇ. જમની ગઇ, તે વખતે તે તેના સંબંધમાં કાંઇક ચમત્કારિક વાત બળવંતસિંહના જાણવામાં આવી અને તેથી તેના મન ઉપર કાંઇ વિલક્ષણ અસર થવાથી તે માંદો પડેલો છે એવું પણ તે વખતે તેના જાણવામાં આવ્યું.

એ સાંભળીને અલકકુમારીને બળવંતસિંહ ઉપર લાગણી થઇ આવી. તે તુરત જ વૃદ્ધ ધર્મવીરને મળી અને બળવંતસિંહની સાથે પોતાની સારી ઓળખાણ હોવાનું તેને જણાવ્યું. તેણે પોતાની પાકી ખાત્રી કરી લીધા પછી તેને બળવંતસિંહની પાસે રહીને તેની સેવા કરવા માટેની પરવાનગી આપી. બળવંતસિંહના બે ઘોડાવાળાઓમાંના એકને તે વૃદ્ધે સજ્જનસીંગની ઝુંપડીની બરાબર માહિતી આપીને ત્યાં મોકલ્યો અને તેની માર્ફત અલકકુમારી સુખરૂપ હોવાના સમાચાર કહાવ્યા. બીજા માણસને નજીકના ગામમાં મોકલીને ધર્મવીરે તેની પાસે કેટલાંક ઔષધો મંગાવ્યાં.

ધર્મવીર અને અલકકુમારીની શુશ્રૂષાથી બળવંતસિંહની તબીયત સુધરી ગઇ. વાત ઉપરથી વાત નીકળતાં લતિકાદેવી અને જમની એ એક જ વ્યક્તિ છે એવું પણ અલકકુમારીના જાણવામાં આવ્યું. બળવંતસિંહે વાંચેલી વીરોત્તમ તરફની ચીઠી ત્યાં જ પડેલી હતી તે ઉપરથી એ વાત વૃદ્ધ ધર્મવીરના જાણવામાં પણ આવી ગઇ હતી.

દોઢ મહિનાસુધી તે બન્નેએ તેની તબીયત ઉપર ઘણી સારી રીતે ધ્યાન આપ્યું. તેટલા વખતમાં કેટલીક રાતો તો અલકકુમારીએ

બળવંતસિંહના બિછાના પાસે જાગરણ કરીને જ ગાળી. વૃદ્ધે તેને ઘણીએ વાર કહ્યું હતું કે ‘ દિકરી ! તું એટલો બધો શ્રમ કર નહિ, ’ પણ તેણે એ સૂચના ઉપર બિલકુલ લક્ષ આપ્યું નહોતું, તોપણ એ જાગરણ અને પરિશ્રમથી તે માંદી પડી નહિ તેટલા માટે તેણે તેના સુદૃઢ શરીરનો આભાર માનવો જોઇતો હતો.

બળવંતસિંહના જીવિતને માટે સંશય ઉત્પન્ન થાય એવા અનેક પ્રસંગો તેની માંદગી દર્મિયાન આવી ગયા હતા, પરન્તુ અલકકુમારી બહુ જ કાળજીથી ધર્મવીરે તૈયાર કરી આપેલું ઔષધ બળવંતસિંહને પાતી હતી અને ક્ષણે ક્ષણે તેની શરીરસ્થિતિની કાળજી રાખતી હતી. તેને માટે અલક આટલી બધી કાળજી લેતી હતી, એ જોઇને તે વૃદ્ધ કારભારીને પણ બહુ આશ્ચર્ય થતું હતું. તેની અને પોતાની મહેનત વ્યર્થ ન જાય તે માટે વારંવાર તે પરમેશ્વરની પ્રાર્થના કરતો હતો.

આજે દોઢ મહિના પછી બળવંતસિંહને શુદ્ધિમાં આવેલો જોઇને ધર્મવીરને બહુ જ આનંદ થયો. ધર્મવીરને જોતાં જ બળવંતસિંહ તેનો ઉપકાર માનવા જતો હતો, પણ તેને તેમ નહિ કરવા દેતાં તેણે બળવંતસિંહને કહ્યું : “ મહારાજ ! પહેલાં આપે પરમેશ્વરનો અને પછી આ ભલી સ્ત્રીનો ઉપકાર માનવો જોઇએ. જો ઇશ્વરે કૃપા કરી ન હોત અને એ બાઇ અહીં આવી ન હોત, તો આપ ક્યારનાએ સ્વર્ગવાસી થઇ ચૂક્યા હોત ! ”

અલકકુમારી હવે પહેલાં કરતાં વધારે લજ્જિત થઇ; તેના ગાલ ઉપર લાલી ચડી આવી. તેનાથી બોલાયું નહિ—જાણે કે તેની વાચા બંધ થઇ ગઈ હોયની !

તેનું મન કળી જઇને બળવંતસિંહ બોલ્યો: “ અલક ! હું તારા પર પ્રેમ ધરાવું છું ખરો, પરન્તુ તે પ્રેમ કેવો છે, એ માત્ર હું સ્પષ્ટ રીતે કહી શકતો નથી ! ધર્મવીરરાય ! જો આજે મારી માતા, ભગિની, કિંવા પત્ની એ પૈકી અહીં કોઇ પણ હોય અને તેણે મારી સેવા કરી હોય, તે કરતાં પણ વધારે સેવા આ સ્ત્રીએ કરી છે, નહિ વારૂ ? ”

ધર્મવીર બોલ્યો: “ મહારાજ ! આ બાળાએ જે કાંઇ કર્યું છે, તેનો બદલો કોઇને પણ હાથે કદાપિ વાળી શકાય તેમ નથી ! એ જો મારી પુત્રી હોત, તો હું કેટલો બધો ભાગ્યશાળી બનત ? ”

બળવંતસિંહ પણ અભિમાનપૂર્વક બોલ્યો: “ એની અને આપની માત્ર ઓળખાણ છે તેટલા માટે પણ આપને આનંદ અને અભિમાન ઉત્પન્ન થવું જોઇએ. ”

આ શબ્દો સાંભળીને અલકકુમારીને બીજી વાર આશ્ચર્ય લાગ્યું. જાણે કે પોતાના હાથમાં અતિશય મોટો અધિકાર હોય અને પોતે જેને માટે ઇચ્છે તેનું કલ્યાણ કરવાનું પોતામાં સામર્થ્ય હોય, એવો જ રૂઆબ તેના એ શબ્દોમાં માલૂમ પડતો હતો!

પૂર્વે પુણ્યમંદિરમાંથી અપ્સર પહેરેલી સ્થિતિમાં અલકકુમારી બળવંતસિંહની સાથે આવતી હતી, તે વખતે પહેલા જ દિવસના ઉત્તારાપર તેણે અલકને એવું કહ્યું હતું કે યુવરાજ વીરધવળ પાસે પોતાનું સારૂં વજન છે અને તેમની પાસેથી પોતે તેને મોટી જાગીર અપાવશે. પુનઃ આજે જ્યારે અલકકુમારી તેની પાસે આવી, ત્યારે પણ તે એવા જ આશયના શબ્દો બોલ્યો હતો. એ જોઇને અલકના મનમાં અનેક વિચારતરંગ ઉઠવા લાગ્યા અને તે મોટી ગુંચવણમાં પડી.

કેટલીક વાર પછી ધર્મવીર બોલ્યો: "બ્હેન! એમની સાથે હવે વધારે વાર વાતચીત કરવી એ યોગ્ય નથી; નહિતો તેમને થાક લાગશે. માટે ચાલ, આપણે અહીંથી જતાં રહીએ, એટલે તે જરા ઉંઘ લે."

બળવંતસિંહ ઉતાવળે બોલ્યો: "મારાં હિતસ્વીઓ! મને અહીં એકલો મૂકી જશો નહિ. મારે તમારે મુખેથી પુષ્કળ વાતો હજી સાંભળવાની છે. હું જે પૂછું, તેનો જો તમે ખુલાસો કરશો, તો જ મારૂં મન જરા શાન્ત થશે અને મને નિદ્રા આવશે!"

ધર્મવીર અલક તરફ જોતો બોલ્યો: "દિકરી! એમનું કહેવું ખરૂં છે. આપણે જેટલું જાણીએ છીએ તેટલું આપણે એમને કહી નાખીએ એટલે થયું!"

બળવંતસિંહ બોલ્યો: "હું પૂછું તેટલા પ્રશ્નોનો જવાબ આપો એટલે બસ. પહેલાં એટલું કહો કે વીરોત્તમનાં માણસોએ જે બાઇને અહીં કેદ કરી હતી, તેનું પછી શું થયું?"

ધર્મવીર બોલ્યો: "તે સંબંધે મેં એટલું જ સાંભળ્યું છે કે, એ કૃષ્ણવર્ણીય કામિનીએ હવે પછી એકાન્તવાસમાં જ આખી જીંદગી ગાળવાનું કબૂલ કર્યું છે! જમની એ જ દાનવીરરાયની પુત્રી અને એ જ લતિકાદેવી ઉર્ફે રમણી એ વિષે કોઇને પણ ખબર નથી અને વીરોત્તમે પણ એ વાત જાહેર કરી નથી."

લતિકાદેવી સંબંધી કિંવા જમની સંબંધી આ પ્રશ્ન જ્યારે તેના મુખમાંથી નીકળ્યો, ત્યારે અલકે પોતાનું મ્હોં એકદમ બાજુએ ફેરવી વાળ્યું.

કિંચિત્ સ્તબ્ધ રહ્યા પછી બળવંતસિંહે પૂછ્યુંઃ "હાલમાં આ પ્રદેશની સ્થિતિ કેવી છે?"

વાતચીતનો વિષય બદલાયો એ જોતાં જ અલકે પુનઃ પોતાનું વદન બળવંતસિંહ તરફ ફેરવ્યું. તે બન્નેની નજર એક થઇ, પણ તે ધર્મવીરના ધ્યાનમાં આવી નહિ. જો તેણે તે દૃષ્ટિસંમિલન જોયું હોત, તો ઉભયના મનોગત વિચાર તેણે તુરત જાણી લીધા હોત! લતિકાનું નામ નીકળતાં જ અલકે પોતાનું મ્હોં ફેરવી નાંખ્યું, એ જોઇને બળવંતસિંહ કળી ગયો હતો કે અલકના મનમાં લતિકાને માટે તિરસ્કાર હોવો જોઇએ.

બળવંતસિંહના પ્રશ્નનો ઉત્તર ધર્મવીરે તુરત જ આપ્યો, તેથી તે બન્ને જણને લાંબા વખતસુધી વિચાર કરવાની તક જ મળી નહિ. ધર્મવીર ગંભીર અવાજે બોલ્યોઃ "આ દોઢ મહિનામાં આ દેશમાં પુષ્કળ મહત્ત્વના બનાવો બની ગયા છે. સર્વથી વધારે મહત્ત્વનો બનાવ એ છે કે આ પ્રાંતના ચક્રવર્તી રાજાના કુટુંબના છેવટના અંકુરરૂપ રાજકન્યા ચંદ્રપ્રભા મરણ પામી છે!"

"શું કહો છો? શું રાજકન્યા ચંદ્રપ્રભા મરણ પામી?" બળવંતસિંહે ઉત્સુકતાથી પૂછ્યું.

"હા, તે બિચારી મરણ પામી!" ધર્મવીર બોલ્યોઃ "આપ અહીં આવ્યા, તે જ દિવસે તે શ્યામગઢ ગઇ. ત્યાં તે જઇ પહોંચતાં જ 'મહારાણી'ની પદવી તેને આપવામાં આવી અને તેના નામની દુહાઇ ચારે દિશાએ ફેરવવામાં આવી. આ સર્વ બનાવો એટલી ઝડપથી બની ગયા કે તેની પૂરેપૂરી ખબર પણ કોઇના સાંભળવામાં આવી નહિ. તેના નામની દુહાઈ ફેરવવામાં આવી અને બીજે જ દિવસે કુંવર વિષયમલની સાથે તેનું વેવીશાળ કરવામાં આવ્યું!"

બળવંતસિંહે આશ્ચર્યથી પૂછ્યું: "શું વિષયમલની સાથે તેનું વેવીશાળ થઈ ગયું હતું?"

ધર્મવીર બોલ્યો: "આ રસ્તે થઇને જતા વટેમાર્ગુઓ પાસેથી મને એવી ખબર મળી હતી કે તેઓનું લગ્ન તો નક્કી થયું હતું અને તે માટેની વેવીશાળની ક્રિયા જાહેર રીતે કરવા માટે એક સ્થળે મોટો મેલાવડો એકઠો કરવામાં આવ્યો હતો. તે વખતે ત્યાં એક અદ્ભુત ચમત્કાર બન્યો! શું બન્યું તે વિષે કોઇ બરાબર ખુલાસો કરી શકતું નથી પણ તેનો સારાંશ એ છે કે જ્યાં એ મેલાવડો એકઠો થયો હતો, ત્યાં એકાએક બહુ તેજસ્વી રક્ત પ્રકાશ પડવા લાગ્યો અને તે

પ્રકાશમાંથી એક સ્ત્રી ઉત્પન્ન થઇ. તે જ સ્ત્રીએ તે બન્નેનું લગ્ન કરવાની મનાઇ કરી. આ વાતમાં સત્ય કેટલું છે અને અસત્ય કેટલું છે તે હું જાણતો નથી, પણ એટલું તો ખરૂં છે કે કાંઇ અદ્‌ભુત બનાવ બન્યો હતો અને તેના જ ભયથી રાજકન્યાનો જીવ ગયો!"

બળવંતસિંહ બોલ્યો : "એ તો બહુ જ ચમત્કારિક અને દુઃખજનક બનાવ બન્યો!"

પોતાની તરફ તે બન્ને જણ જુએ છે, એ જોતાં જ અલકકુમારી બોલી: "એ તો ખરૂં; પણ ધર્મવીરરાય! આપે આટલા દિવસમાં મને એ વાત બિલકુલ કહી નથી!"

"બ્હેન! તું આટલા દિવસસુધી આ સરદાર સાહેબની શુશ્રૂષામાં એટલી બધી લીન બની ગઇ હતી કે તારી સાથે વાતચીત કરવાનો અવકાશ પણ મને માલૂમ પડ્યો નહિ. વળી એવી વાતો સાંભળવાની તારી ઇચ્છા હશે એ પણ હું જાણતો નહોતો!" ધર્મવીર બોલ્યો.

"હા, એ ખરી વાત!" અલકકુમારી બોલી. પછી કેટલીક વારસુધી તે કોઇ ઉંડા વિચારમાં પડી.

"અલક!" બળવંતસિંહ બોલ્યો: "આ વૃદ્ધે જે વાત કહી છે, તે તને બહુ જ ચમત્કારિક લાગી હોય એમ જણાય છે."

શ્યામગઢમાંની શ્વેત વસ્ત્રધારિણી સ્ત્રીનું આ વખતે તેને સ્મરણ થયું હતું. કદાચ પોતાના મુખમાંથી તે વિષેની ખબર બહાર પડી જશે એવી ભીતિથી અલકકુમારી બોલી:

"મારે એ વાત સાથે કાંઈ જ લેવા દેવા નથી; પણ વારૂ, ધર્મવીરરાય! પછી શું થયું?"

"ત્યારપછી બીજા ઘણા બનાવો બની ગયા, તે હવે હું થોડામાં કહું છું." ધર્મવીર બોલ્યો: "રાજકન્યા મરણ પામ્યા પછી ચોથે દિવસે વીશ હજાર માણસો સાથે વીરોત્તમે શ્યામગઢને ઘેરો ઘાલ્યો."

"એ વાત પણ આપે મને કહી નથી!" અલકે પૂછ્યું: "હં, પછી કિલ્લાનું શું થયું?"

"હજી કાંઇ જ થયું નથી." ધર્મવીર બોલ્યો: "વીરોત્તમે ઘણી વાર જોર બતાવ્યું, પણ કિલ્લાની અંદરના લોકોએ તેનું કાંઇ જ ચાલવા દીધું નહિ. છેવટે વીરોત્તમે પોતે કિલ્લાની અંદર પ્રવેશ કરીને અનાજનો કોઠાર બાળી નાંખ્યો, તેથી અત્યારે કિલ્લાનાં માણસો ભૂખે મરે છે."

આવી ખરાબ સ્થિતિમાં પેલી બિચારી શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીનું

શું થયું હશે, તેની ચિંતા થવાથી અલકકુમારી બહુ જ દિલગીર થઇ. તે બોલીઃ "શું લોકો ભૂખે મરે છે? ઓ પ્રભુ! પણ કાકા! તમને એ વિષે પક્કી ખાત્રી છે?"

"મેં લોકોને મ્હોંએથી જે ખબર સાંભળી તે તને કહી છે. કિલ્લેદાર પોતે પોતાના મ્હોંથી એ વાત કેવી રીતે કબૂલ કરે?" ધર્મવીરે કહ્યું.

બળવંતસિંહ બોલ્યોઃ "છેવટે વીરોત્તમનો જ જય થશે. તે બહુ પરાક્રમી યોદ્ધો છે, પણ આ પ્રદેશની બીજી શી ખબરો છે?"

ધર્મવીરે ઉત્તર આપ્યોઃ "આ ઉપરાંત બીજા થોડા પ્રાંતો પણ તેણે જીત્યા છે. એક વાર આ પ્રદેશ તેના તાબામાં આવ્યો એટલે આખો રાજપૂતસ્થાનનો મુલક તેના કબ્જામાં આવી ચૂક્યો સમજવો."

કિંચિત્ થોભીને બળવંતસિંહે પૂછ્યુંઃ "બીજા શા ખબર છે?"

કાંઇક સાંભરવાથી તે વૃદ્ધ બોલ્યોઃ "અરે હા! એક વાત તો હું વિસરી ગયો! અમારા દેશની વાત બોલતાં બોલતાં આપની ગુજ-રાત દેશની હકીકત તો કહેવી રહી ગઇ!"

બહુ આતુરતાથી બળવંતસિંહે પૂછ્યુંઃ "શું? શું કહો છો?"

"યુવરાજ વીરધવળ કોઇ લડાઇમાં ઘાયલ થયા છે અને તેમના પુત્ર કુંવર વિસળદેવને મંત્રીઓ યુવરાજપદ આપવા ઇચ્છે છે પરન્તુ કુંવર વિસળદેવ દેશાટન કરવા ગયા છે તેથી મહારાજા* ભીમદેવ તથા યુવરાજ વીરધવળ તેમની આતુરતાથી રાહ જુએ છે!"

એ સાંભળતાં જ બળવંતસિંહની વૃત્તિ બદલાઇ! તે કેવળ આકુ-ળ–વ્યાકુળ બની ગયો. તેણે મોટી ઉત્કંઠાથી પૂછ્યુંઃ "યુવરાજ લડાઇમાં ઘાયલ થયા છે! એટલે ગુજરાતમાં શું કાંઇ નવો બખેડો જાગ્યો છે?"

"તે કાંઇ હું જાણતો નથી." ધર્મવીર બોલ્યોઃ "પણ તે લડાઇમાં ઘાયલ થઇને બિછાને પડ્યા છે એટલે કાંઈ મહત્ત્વનું પ્રકરણ ઉપસ્થિત થયું હોવું જોઇએ અને તેમની તબીયતને માટે ચિંતા રાખવામાં આવતી હોવી જોઇએ."

આ ખબર સાંભળતાં જ તેના મનમાં વિચારપરંપરા શરૂ થઇ.

---

* ભીમદેવના રાજત્વકાળના અંતમાં વીરધવળની આણ ફરતી હતી અને ગુજરાતના કેટલાક ભાગમાં તે મહારાજાધિરાજ કહેવાતો તોપણ તે સમયે તે યુવરાજપદમાં હતો. તેનો આ પુસ્તકમાં 'યુવરાજ' અને 'મહારાજ' એ બન્ને નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ધીમે ધીમે તેની ઇંદ્રિયો વિગલિત થઇ અને તેને પૂર્ણ મૂર્છા આવી! મૂર્છામાંથી તેને સાવધ કરવાને એ બન્ને જણને અતિશય પ્રયાસ કરવો પડ્યો. તે શુદ્ધિમાં આવતાં જ એક વાર તેણે મોટા પ્રેમથી અલકકુમારી તરફ જોયું. ત્યારપછી થોડી વારે તેને નિદ્રા આવી ગઇ.

પ્રકરણ ૩૭ મું.

વિયોગ.

એ નિદ્રામાંથી પુનઃ જ્યારે બળવંતસિંહ જાગૃત થયો, ત્યારે રાત હતી. એક ઝીણો દીવો તેની પાસે બળી રહ્યો હતો. તે જાગૃત થયો એ જોતાં જ પેલી સદ્ગુણી સુંદરી અલકકુમારી તેની પાસે આવી અને તેણે તેને ઔષધ પાયું. ઔષધ પીધા પછી તેણે તેને પૂછ્યું: " મહારાજ વીરધવળ ઘાયલ થઇને બિછાને પડ્યા છે એવું સાંભળવામાં આવ્યું તે શું ખરૂં છે ? "

" હા મહારાજ ! " તે બોલી: " ધર્મવીરરાયે એવું કહ્યું છે ખરૂં, પણ મહારાજ ! તે સંબંધે હવે આપ વધારે વિચાર કરો નહિ. કદાચ આપના મનને ક્ષોભ થશે અને તેનું પરિણામ ભયંકર થશે ! "

કિંચિત્ વિચાર કરીને તે બોલ્યો: " તારૂં કથન ખરૂં છે ! પણ હું મારા એક નોકરને પાટણ મોકલીને તે વિષેની ખરેખરી ખબર મેળવીશ ત્યારે જ મારા મનને શાંતિ થશે. અત્યારે કેટલી રાત ગઇ હશે વારૂ ? "

અલક બોલી: " લગભગ મધરાત થઇ છે, પણ હું નીચે જઇને ધર્મવીરરાયને ઉઠાડું છું એટલે તે આપના ઘોડાવાળાને જગાડીને અહીં લઇ આવશે."

તે બોલ્યો: " ના, ના, કાંઇ એટલી બધી ઉતાવળ નથી. આટલી રાત્રે અંધારામાં જવાનું હું તને કહેતો નથી. સ્હવારે માણસને રવાના કરીશું તોપણ ચાલશે."

" જો એ જ કારણ હોય, તો કાંઇ ચિંતા કરો નહિ. હું જઇશ–હું કાંઇ અંધારામાં બ્હીતી નથી ! " એમ બોલીને એ વીર સ્ત્રી બળવંતસિંહનો ઉત્તર સાંભળ્યા પહેલાં જ ઉતાવળે ઉઠી અને નીચે ચાલી. પોતાને માટે તે કેટલી બધી કાળજી રાખે છે, તેની કલ્પના બળવંતસિંહને એટલા ઉપરથી જ સારી રીતે થઇ. તેની ઉપર પોતાનો પ્રેમ છે કે નહિ તેની હજી તેને પોતાને ખાત્રી નહોતી, તોપણ તેની એ

એકનિષ્ઠતાથી તેનું મન અલક તરફ વધારે ને વધારે વધતું જતું હતું.

થોડી જ વારમાં એક ઘોડાવાળો તે ઓરડામાં આવ્યો. તેની સાથે કદાચ એકાંતમાં વાતચીત કરવાની બળવંતસિંહની ઇચ્છા હશે, એવું સમજીને અલકકુમારી બહાર જ રહી. તે માણસ પોતાના માલેકની પાસે થોડી વાર રહ્યો અને પછી તે બહાર નીકળ્યો. પછી તેણે પોતાના બીજા સોબતીઓને પણ જગાડયા અને તેઓએ પોતપોતાના ઘોડા તૈયાર કર્યા. રાતોરાત તેઓ પાટણને માર્ગે ચાલ્યા.

પોતાના માણુસો માર્ગે પડયા એ જોઇને બળવંતસિંહને બહુ આનંદ થયો. તેને તુરત જ નિદ્રા આવી ગઇ. એ જોતાં જ અલકકુમારીએ ધીમેથી દ્વાર બંધ કર્યું અને ઓરડાની બહારના પોતાના બિછાનાપર નિદ્રા લેવાને તે સૂતી.

સ્હવારે તે ઉઠયો, ત્યારે તેની તબીયત સારી પેઠે સુધરેલી જણાઇ. બીજાની મદદ સિવાય તે બિછાનાપર ઉઠીને બેઠો. તેને ભૂખ પણ કકડીને લાગી હતી. અલકકુમારી તેનું ભાણું તૈયાર કરીને લાવી. જમતાં જમતાં તેણે અલકને કહ્યું: “ અલક ! આવ, અહીં બેસ. આપણે વાતચીત કરીએ. તારા શબ્દોથી મને બહુ જ આનંદ થાય છે. મારે તને કેટલુંક પૂછવાનું છે. કાલે ધર્મવીરરાયે શ્યામગઢના ઘેરાની હકીકત કહી તે વેળાએ તું એટલી બધી ગભરાએલી કેમ દેખાતી હતી ? જો તારી એ વાત ખાનગી હોય તો કહીશ નહિ, પણ જો તેમ ન હોય તથા તારી ઇચ્છા હોય તો મારી સલાહ લે ! ”

તેના કથનનું ધોરણ પિછાણીને અલક બોલી: “ હા મહારાજ ! આપને એક બે વાતો મારે પૂછવી છે. ધારો કે શ્યામગઢમાં જવાનો એકાદ ગુપ્ત માર્ગ હોય અને બહારથી જોતાં તેનો એ કિલ્લા સાથે કશો સંબંધ માલૂમ ન પડે તો કોઇ હિંમતવાન માણુસ એ કિલ્લામાં જઈ શકે કે નહિ ? આપે લડાઇઓનો અનુભવ લીધેલો છે, ઘેરો એટલે શું તે આપ જાણો છો; તેટલા માટે હું આપને પૂછું છું કે શ્યાગમઢને કેવી રીતે ઘેરો ઘાલવામાં આવ્યો હશે ? ”

“ તારૂં કહેવું મારા ધ્યાનમાં આવી ગયું. ગમે તેવો હિંમતવાન તથા બલિષ્ઠ માણુસ હોય તો તે પણ ઘેરામાં થઇને અંદર જવાની હિંમત ભીડી શકે નહિ. કાલે મેં સાંભળેલી હકીકત ઉપરથી જણાય છે કે કિલ્લામાં દુકાળ પાડીને જ કિલ્લો સર કરવાનો વીરોત્તમનો વિચાર હોવો જોઇએ. તે ઉપરથી તેણે એવો એક પણ માર્ગ બાકી નહિ રાખ્યો હોય કે જે દ્વારા કિલ્લાની પાસે પણ જઇ શકાય ! ” બળવંતસિંહ ધીમેથી બોલ્યો.

દીર્ઘ નિઃશ્વાસ મેલીને તે બોલીઃ " ત્યારે તો મારો સંશય ખરો પડયો ! "

તેના શબ્દો ઉપરથી તેની મતલબ જાણીને બળવંતસિંહ બોલ્યોઃ " મને એમ લાગે છે કે કિલ્લાની અંદર કોઇ પણ તારૂં આપ્તજન હોવું જોઇએ ! અને તેને મદદ કરવાની તારી ઇચ્છા હોવી જોઇએ ! "

"હા; એક અતિશય દુઃખી સ્ત્રી તે કિલ્લામાં રહે છે. મારા મનની ખાત્રી છે કે તે હજી પણ ત્યાં જ હશે. પણ તેના સંબંધમાં હું કાંઇ વધારે કહી શકું તેમ નથી." અલક બોલી.

" અલક ! હું ધારૂં છું કે એ કામમાં હું તને મદદ કરી શકીશ." બળવંતસિંહ ઉત્સાહથી બોલ્યો.

અતિશય આનંદિત થઇને તે બોલીઃ " શું કહો છો ? શું આપ મદદ કરશો ? " થોડી વારસુધી વિચાર કરીને તે પુનઃ બોલીઃ "નહિ, મારા કામને માટે આપને છોડીને મારે જવું જ જોઇએ ! હવેથી આપની બરદાસ્ત આપે પોતે જ કરી લેવાની છે, કારણકે તે વૃદ્ધ ધર્મવીરરાયથી આપની બરદાસ્ત કેવી રીતે થઇ શકે ? "

બળવંતસિંહ બોલ્યોઃ " હું બરાબર સારો થઉં, ત્યાંસુધી અહીં રહેવાનું તેં કબૂલ કર્યું છે, એ તો તારા ધ્યાનમાં હશે. " થોડી વાર વિચારીને તે બોલ્યોઃ " પણ ના, હું એવો આપસ્વાર્થી નથી. મારા કરતાં બીજા કોઇને તારી મદદની વધારે જરૂર હશે, તેથી હું તને તારા વચનમાંથી મુક્ત કરૂં છું અને મોટા આનંદથી તને તેની પાસે જવાની રજા આપું છું. તું અહીંથી ચાલી જઇશ, તેથી મને ખરાબ લાગશે ખરૂં,—પણ—"

" આપનો જીવ હજી પણ કાંઇક જોખમમાં રહેલો છે એમ મને જણાત, તો હું આપને અહીં મૂકીને જાત નહિ. " તે બોલીઃ " પણ હવે આપની તબીયત સારી થતી જાય છે. હવે આપ સારી રીતે હરી-ફરી શકશો. તેથી જ્યાં મારો વધારે ખપ છે, ત્યાં હું જઉં છું." અલકકુમારી બોલી.

બળવંતસિંહ બોલ્યોઃ " અલક ! તારા મનની ઉમેદને હું નષ્ટ કરી નાંખવા ઇચ્છતો નથી. આ વીંટી લે. વીરોત્તમે એ મને આપી છે. એ વીંટીની સહાયથી તું છાવણીમાં પ્રવેશ કરી શકીશ. જો કોઇ તને કાંઇ પૂછે તો તેને તું આ વીંટી બતાવજે. એ વીંટીનો અનુભવ મેં ઘણી વાર લીધેલો છે."

વીંટી લઇને તે બોલીઃ " સરદાર સાહેબ ! હું આપનો જેટલો આભાર માનું તેટલો થોડો જ છે–પણ—"

"હવે હું જઉં છું," એ શબ્દો તેના મુખમાંથી બહાર નીકળી શકતા નહોતા! બળવંતસિંહને છોડીને જવાને તે ખુશી નહોતી. તેની આંખોમાંથી અશ્રુધારા વહન કરી રહી હતી!

થોડી વાર તેને બળવંતસિંહે તેમ ને તેમ રડવા દીધી. તેનું મન એવી રીતે શાન્ત થશે એ તે જાણતો હતો. આંખમાંથી થોડું પાણી વહી ગયા પછી તેનું મન આપોઆપ શાન્ત થયું.

પછી બળવંતસિંહ બોલ્યો: "મારે અહીં પડયા રહેવું પડશે, તેથી તને જેટલું ખરાબ લાગે છે તે કરતાં મને કાંઇ ઓછું ખરાબ લાગશે એમ સમજીશ નહિ; પણ કોણ જાણે શાથીએ મને મારૂં મન એવી ખાત્રી આપે છે કે આપણે એક બીજાને ફરીથી અવશ્ય મળીશું. કેટલાક વખત પછી હું પુનઃ આ પ્રદેશમાં આવનાર છું. અલક! ખરેખર, તને—હા તને જ મળવાને હું આ પ્રદેશમાં એક વાર ફરીથી આવીશ!"

બળવંતસિંહના આ શબ્દોથી તેને અત્યાનંદ થયો. તે શરમાતી શરમાતી બોલી: "મહારાજ! હું એટલા બધા માનને પાત્ર નથી!"

બળવંતસિંહ બોલ્યો: "તું તે કરતાં પણ વિશેષ સન્માનને પાત્ર છે. જો પરમેશ્વર કરશે, તો હું તને હજી વધારે માનને પાત્ર પણ બનાવીશ! મારા જેવા એક નાના સરદારની તેં જે આ મોટી સેવા બજાવી છે, તેનો બદલો હું તને ગુજ્જંરેશ્વરની પાસેથી અપાવવાની તજવીજ કરીશ! તને મોટી પદવીએ અવશ્ય ચડાવીશ!"

અલકકુમારી આંસુ લૂછતી બોલી: "મહારાજ! મને સંપત્તિની કિંવા વૈભવની બિલકુલ ઇચ્છા નથી. મારા હાથે એ કામ પૂરૂં થશે, એટલે હું આનંદથી મારી ઝુંપડીમાં રહીને મારાં પાલક માતાપિતાની સેવા કરીશ અને સુખે કાળક્રમણ કરીશ. પણ આપ મારાપર આટલી મમતા દર્શાવો છો, તેથી હું મને અત્યંત ભાગ્યશાળી માનું છું." એમ કહીને તે ધીમે ધીમે બારણા તરફ ચાલી.

બળવંતસિંહ ધીમેથી બોલ્યો: "અલક! તેં મારાપર જે મમતા દર્શાવી છે, તે હું કદાપિ વિસરીશ નહિ, પણ તું તારી ઝુંપડીમાં તો સુખી—"

તે બોલી: "ઇશ્વરપર મારો સંપૂર્ણ વિશ્વાસ છે, તો તે મને હમેશાં સુખમાં જ રાખશે!" ખરેખર પોતાના મનની સર્વ આશા ઇશ્વર પૂર્ણ કરશે, એવો તેને તે વેળાએ સંપૂર્ણ વિશ્વાસ બેઠો હતો.

બળવંતસિંહ બોલ્યો: "અને જો તારૂં આયુષ્ય સુખમાં જશે

નહિ, તો હું તે પરમેશ્વરપર બિલકુલ ભરોસો રાખીશ નહિ. વીર-કન્યા ! ઇશ્વર સર્વે સંકટમાંથી તારૂં રક્ષણ કરો ! તારા જેવી સદાચરણી સ્ત્રીનું રક્ષણ કરવું એ ઇશ્વરનો ધર્મ છે. આજથી થોડા દિવસ પછી માહા મહિનામાં, વસંત ઋતુના પ્રારંભમાં જ વસંત પંચમીને દિવસે–તારી ઝુંપડીની નજીકના અરણ્યમાં–જ્યાં તારી અને મારી પ્રથમ મુલાકાત થઇ હતી ત્યાં જ અને લગભગ તે જ સમયે હું તને મળીશ ! પણ મને જોઇને તને આનંદ તો થશે ને ? તે વખતે જ મારે માટે તારી ખાત્રી થશે !”

અલકકુમારીના મુખમાંથી કશો ઉત્તર નીકળ્યો નહિ ! તેના મુખમાંથી કશો ઉત્તર નીકળી શકયો જ નહિ ! ! તે અત્યંત લજ્જિત થઇ ગઇ હતી ! ! તેના મનમાં આશાનો અંકુર ઉત્પન્ન થયો. તેની આંખોમાંથી આનંદાશ્રુ વહન કરવા લાગ્યાં. તે બોલીઃ “સરદાર સાહેબ ! હવે હું જઉં છું. મારા મનની આ દુર્બળતાને માટે આપ મને ક્ષમા કરજો–હું હવે જઉં છું !”

બળવંતસિંહનો કંઠ ભરાઇ આવ્યો ! તે બોલ્યોઃ “અલક ! દુઃખી ન થા ! જા ! ઇશ્વર તને તારા કામમાં જશ આપશે !”

થોડી વારસુધી તે બન્ને જણાં એક બીજાં તરફ જોતાં જ રહ્યાં. પછી હળવે હળવે એક પછી એક ડગલું પાછળ ભરતી, આંખો લૂછતી, અને પાછું વાળીને જોતી, તે ગ્રાતયૌવાના મુગ્ધા બાળા–અલકકુમારી હૃદયને કઠીન કરીને એક પછી એક પગથીઉં નીચે ઉતરવા લાગી !

પ્રકરણ ૩૮ મું.

શ્યામગઢનો ઘેરો–આગળ ચાલુ.

શ્યામગઢને વીરોત્તમે ઘેરો ઘાલ્યાથી કિલ્લાની અંદર સંપૂર્ણ રીતે દુષ્કાળ ચાલી રહ્યો હતો. સવા મહિનાથી કિલ્લાની આસપાસ ઘેરો પડેલો હતો, અને એટલા વખતમાં કિલ્લાની બહારથી અનાજનો એક દાણો પણ આવવા પામ્યો નહોતો ! સીલીકમાં જે અનાજનો જથ્થો હતો તેનો તો વીરોત્તમે નાશ કરી નાંખ્યો હતો, તેથી કિલ્લાની અંદરનાં માણસો બરાબર સપડાઈ ગયાં હતાં; તોપણ પોતાની આ સ્થિતિ વીરોત્તમના જાણવામાં ન આવે એવો ખાસ બંદોબસ્ત બાબૂતમલે કર્યો હતો. બાબૂતમલ, વિષયમલ, કાલિકાપ્રસાદ, અને બીજા ઠાકોરો

તથા સરદારોએ મળીને એવો ઠરાવ કર્યો હતો કે "ગમે તેમ થાય તોએ આપણે ભૂખે મરીએ છીએ એવી ખબર કિલ્લાની બહાર ફૂટીને જવા દેવી નહિ !" ઉલટું પોતાની પાસે છ માસનો ખોરાક તૈયાર છે એવું તેમણે પ્રસિદ્ધ કર્યું; કારણકે તેઓની ખાત્રી હતી કે જો શત્રુઓ સમજી જાય કે કિલ્લાની અંદરનાં માણસો ભૂખે મરે છે, તો તે ઘેરો બિલકુલ ઉઠાવે નહિ અને પોતાને તુરત શત્રુને શરણ થવાની ફરજ પડે !

પણ એ વાત ઘણા દિવસસુધી ગુપ્ત રહે એ શક્ય જ નહોતું. કોઇ કોઈ વાર કિલ્લા ઉપર હલ્લા કરવામાં આવતા અને તેમાં વીરોત્તમને હાથ જે કેદીઓ આવતા તેમની પાસેથી કિલ્લાની અંદરની સર્વે હકીકત તે જાણી લેતો અને તે ઉપરથી તે પોતાની સઘળી ગોઠવણોની રચના કરતો હતો.

અનાજનો દુષ્કાળ શરૂ થયા પછી કેટલાક દિવસસુધી તો અમલદારોએ એ વાત સિપાઇઓથી ગુપ્ત રાખી, પણ વધારે દિવસ એ વાત ગુપ્ત રહી શકે તેમ નહોતું. છેવટે ખરી વાત ગમે ત્યારે પણ બહાર પડવાની જ હતી, તોપણ જે થોડો ઘણો અનાજનો જથો સીલીકમાં રહ્યો હતો, તે ગુપ્ત રાખીને ભવિષ્યમાં કરકસરથી તેનો ઉપયોગ કરવો, એવું ભભૂતમલના સૈન્યના અમલદારોએ ઠરાવ્યું હતું.

પરન્તુ એમ પણ કેટલાક દિવસ ચાલી શકે ? બહુ જ કરકસરથી ખર્ચ કરતાં કરતાં પણ અનાજનો જથો ખૂટી જવા આવ્યો. છેવટે જ્યારે સિપાઇઓ પણ ભૂખે મરવા લાગ્યા ત્યારે તે સર્વેએ એક વાર ભભૂતમલની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. ભભૂતમલ તેમને મળવાને બહાર આવ્યો. તેને જોતાં જ કેટલાક સરદારો બોલ્યાઃ "ગમે તે થાય પણ આપણે એક વાર જોરથી પ્રયત્ન કરીને શત્રુને ભેદીને ચાલ્યા જઇએ, પરન્તુ ભભૂતમલ પ્રસંગનો વિચાર કરીને તેમને તેમ નહિ કરવાની વિનતિ કરવા લાગ્યો. વીરોત્તમની છાવણીમાં થઇને લડાઈ કરીને બીજી બાજુએ જવું એ અશક્ય છે, વગેરે વાતો તેણે તે સર્વેને કહી; પરન્તુ તેટલાથી એ સિપાઇઓ સમજ્યા નહિ. છેવટે કાલિકાપ્રસાદ ત્યાં આવ્યો અને તેણે તેઓને એવું આશ્વાસન આપ્યું કે આપણને થોડી જ વારમાં બહારથી મદદ આવી પહોંચશે. માટે ત્યાંસુધી સૌએ ધીરજ રાખવી તથા શત્રુની ઉપર નાના નાના હલ્લા કરતા રહેવા એવું તેણે સર્વેને કહ્યું.

ભભૂતમલ પોતાની તરફથી પણ બની શકે તેટલું ઉત્તેજન પોતાનાં માણસોને આપ્યા કરતો હતો. તે કોઇ કોઇ વાર પોતાનાં

માણુસો પાસે બહારનાં માણુસો ઉપર હલ્લા કરાવતો, પરન્તુ તેમાં બહુધા તેનેજ નુકસાન થતું. એમ તે કેટલા દિવસસુધી ચાલી શકે વારૂ ?

જેમ જેમ દિવસો જવા લાગ્યા, તેમ તેમ દુષ્કાળ પણુ વધતો ચાલ્યો. કેટલાક ગરીબ માણુસોને તો પાંચ પાંચ દિવસથી મ્હોંએ મૂકવા માટે અન્ન પણુ મળ્યું નહોતું. એ પ્રમાણે જ્યારે સૌને ભૂખે મરવાનો જ વખત આવ્યો, ત્યારે કેટલાક સિપાઇઓએ વીરોત્તમને શરણે જવાનો વિચાર કર્યો. એ જોઇને કાલિકાપ્રસાદ તથા ભભૂત-મલ ગભરાઇ ગયા. તેમણે પોતાનાં માણુસોને અનેક રીતે સમજાવી જોયાં, પણુ કાંઇ જ પરિણામ આવ્યું નહિ. એટલે એ નીચ કાલિ-કાપ્રસાદે એવી થાપ મારી કે “દુષ્ટ વીરોત્તમે લોહીના અક્ષરથી લખીને પોતાની છાવણીમાં એવું ફરમાવ્યું છે કે હવે પછી કિલ્લામાંથી જે કોઇ કેદીઓ હાથ આવે તેઓને ખોરાક તો ન જ આપવો, પણુ પાણીએ આપવું નહિ !” સાધુવેશધારી કાલિકાપ્રસાદના કથન ઉપર બિચારા ભોળા સિપાઇઓનો વિશ્વાસ બેઠો અને તેથી તેઓના મનમાં એવો વિચાર આવ્યો કે વીરોત્તમની પાસે જઇને ભૂખ અને તરશ બન્નેથી મરી જવું તે કરતાં કિલ્લામાં રહીને એકલી ભૂખ વેઠીને જ મરી જવું એ વધારે સારૂં ! કિલ્લામાં પાણી તો જોઇએ તેટલું પીવાને મળે તેમ છે ! માટે છેવટસુધી કિલ્લો છોડીને જવું નહિ, અને યુદ્ધની અંદર શરણે જઇને કીર્તિને કલંક લગાડી બાપનું નામ બોળવું નહિ, એવો તેમણે વિચાર કર્યો !

કિલ્લાને ઘેરો ઘાલવામાં આવ્યાને દોઢ મહીનો થયો ત્યાંસુધી અંદરના લોકોને કેવાં દુઃખો ભોગવવાં પડયાં, છેવટના આઠ દિવસમાં તેઓના કેવા હાલ થયા, તે તો તેઓનાં જ દિલ જાણે ! ! નાના–મોટા, ઉંચ–નીચ, એ ભેદ તો ત્યાં બિલકુલ રહેવા પામ્યો નહિ ! સ્ત્રી હોય કે પુરૂષ હોય, પણુ તેઓ એક બીજાની પરવા નહિ કરતાં જેનાં હાથમાં ખોરાકની વસ્તુ જોવામાં આવતી તેઓના હાથમાંથી તેને ઝુંટી લેવામાં આવતી ! બાળકો માતા–પિતાની પાસે ખાવા માંગતાં, પરન્તુ માતાપિતા પોતાના જ ખોરાકને માટે ચિંતામાં ફરતાં હતાં ! ભાખરીના એક ટુકડાને માટે પોતાનાં બાળકોને વેચી દેવાને પણુ માબાપો તૈયાર થયાં હતાં, પણુ તેવો ભાખરીનો ટુકડો આપવાનુંએ કોઇનામાં સામર્થ્ય નહોતું ! માલેકના હાથમાંથી ભાખરીનો ટુકડો પડાવી લેતાં પણુ નોકર–ચાકર વિચાર કરતા નહિ ! છેવટે કિલ્લાની અંદરનાં વૃક્ષો ઉપર પાંદડાં પણુ રહ્યાં નહિ કે જમીન ઉપર ઘાસ પણુ

રહ્યું નહિ! લોકો ઉંઘ લઈ શકતા નહિ અને જ્યાં ત્યાં માણુસો મુડદાંની પેઠે પડેલાં નજરે આવવા લાગ્યાં.

કિલ્લાની અંદરથી ચોરી છૂપીથી જે સિપાઇઓ નાસી જતા હતા, તેઓની પાસેથી વીરોત્તમ સઘળી ખબર મેળવતો. લોકો કેવળ દુર્બળ બની ગયા છે, તેઓ ઉપરાઉપરી મરવા લાગ્યા છે એવું જાણીને વીરોત્તમને વિચાર થયો કે જો આવા વખતમાં હલ્લો કરવામાં આવે તો સારી રીતે ફાવી શકાશે. જે દિવસે અલકકુમારી બળવંતસિંહની પાસેથી ચાલી નીકળી તે જ દિવસે વીરોત્તમે દૃઢ વિચાર કર્યો કે કિલ્લા ઉપર છેવટનો હલ્લો કરીને તે સર કરવો. કિલ્લાની અંદરનું સૈન્ય પણ આત્મરક્ષણાર્થે તૈયાર થયું હતું. આજે મરવું કે મારવું એવો તેઓએ નિશ્ચય કર્યો હતો. વીરોત્તમનો વિચાર પણ આજે લડાઇનું છેવટ લાવવાનો જ હતો.

પ્રકરણ ૩૯ મું.

યુદ્ધ.

સૂર્યોદય થતાંની સાથે વીરોત્તમે પોતાના સૈન્યને ચારે બાજુએથી એકદમ હલ્લો કરવાનો હુકમ કર્યો. કિલ્લાની અંદરનું સૈન્ય પણ લડવાને તૈયાર થઇને કિલ્લાના બરજો અને કાંગરા ઉપર તૈયાર થઇને ઉભું હતું. ગમે તેમ થાય પણ આજે પાછા ફરવું નહિ, એવો બન્ને સૈન્યોએ નિશ્ચય કર્યો હતો.

શત્રુનાં તીર અને તોપોનો વિચાર નહિ કરતાં વીરોત્તમ પોતાના સૈન્ય સાથે આગળ ધસ્યો. ભભૂતમલ અને વિષયમલ એમ બન્ને જણુ કિલ્લાના બૂરજ ઉપર ઉભા રહીને પોતાના સૈન્યને ઉશ્કેરી રહ્યા હતા. જે ઠેકાણે વીરોત્તમે પૂર્વે કિલ્લાનો ભાગ તોડી નાંખ્યો હતો, તે ઠેકાણે પડેલું ગાબડું પુનઃ લગભગ પૂરી દેવામાં આવ્યું હતું, પણ તે જ જગ્યાએ જોરથી ધસારો કરીને વીરોત્તમે પુનઃ ત્યાં આગળ સારી રીતે માર્ગ તૈયાર કર્યો. સૂર્યોદય પછી ચાર ઘડીની અંદર વીરોત્તમનું ઘણું સૈન્ય એ માર્ગ પાસે આવી પહોંચ્યું. પછી દિવાલને સીડીઓ લગાડીને પહેલાંની પેઠે આ વખતે પણ વીરોત્તમના સૈન્યે કિલ્લા ઉપર થઇને અંદર પ્રવેશ કરવાનો ઉદ્યોગ ચલાવ્યો. કેટલાક માણુસો કિલ્લાની દિવાલ ઉપર ચડી ગયા, પરન્તુ શત્રુનાં કેટલાંક મા-

ણુસો મરણીયા થઇને લડતા હોવાથી વીરોત્તમનાં માણુસોને પાછા હઠવું પડ્યું.

પોતાનાં માણુસોને એવી રીતે પાછા હઠવું પડ્યું તેથી વીરોત્તમ કાંઇ ડર્યો નહિ. તે કેવળ શાન્ત હતો. નાઇલાજ થયા વિના પોતાનાં માણુસો પાછા હઠે નહિ, એવી તેની ખાત્રી હતી. પોતાના સૈનિકો ઉપર તેનો વિશ્વાસ હતો. વળી કિલ્લામાંનાં માણુસો એટલા વિજયથી ફુલાઇને બહાર મેદાનમાં લડવા આવશે એવી તેની કલ્પના હતી. એ કલ્પના પ્રમાણે કિલ્લામાંના માણુસો મોટા આનંદથી વીરોત્તમના નાસી જતા સૈન્યની પૂઠ પકડીને કિલ્લામાંથી બહાર નીકળ્યા ! તેનું પરિણામ શું આવશે, એ જોકે ભભૂતમલ જાણુતો હતો, તોપણુ તેનું ભૂખે મરતું સૈન્ય તેના હુકમમાં રહેવાને તૈયાર નહોતું. શ્યામગઢમાંથી ઘણી ખરી સેના બહાર પડી ચૂકી અને વીરોત્તમના સૈન્યની સાથે હાથોહાથ આવીને લડવા લાગી.

સેનાપતિની કુશળતાની એ જ વખતે જરૂર હતી. વીરોત્તમ એક ઉંચી જગ્યાએ ઉભો રહીને પોતાના સૈન્યને હુકમ દેતો હતો. તેણે પોતાના સઘળા જમાદારોને હુકમ કર્યો તે સાથે જ તેનું સૈન્ય ચોમેરથી શત્રુની સામે ધસ્યું અને ભભૂતમલનું સૈન્ય નાસવા લાગ્યું. માત્ર થોડું સૈન્ય પોતાની જગ્યા પકડીને ઉભું રહ્યું હતું. શત્રુના સૈન્યની અને વીરોત્તમના એ ઉભેલા સૈન્યની વચ્ચે ભારે ધમસાણુ મચ્યું. વીરોત્તમનું સૈન્ય તાજું અને પ્રસન્ન હતું, ત્યારે તેના શત્રુનું સૈન્ય ભૂખે મરતું અને કંટાળેલું હતું; તોપણુ તેઓ મરણીયા થઇને લડતા હતા. તેઓ પહેલાં તો ઉશ્કેરાઇને ઉત્સાહથી આગળ થયા હતા, પરન્તુ એ ઉત્સાહ જતાં જ તેઓ દુર્બળ બની જશે એ વીરોત્તમ સમજતો હતો, તેથી તેણે તેવી જ કાંઇ યોજના અગાઉથી કરી રાખી હતી. તે હાથમાં તલવાર લઇને પોતે યુદ્ધની જગ્યાએ આવ્યો. પોતાની ઉપર પડતાં હથિયારોની તે પરવા કરતો નહોતો, એવું તે વખતે જણાતું હતું. તે જે જે સ્થળે ફરતો હતો, તે તે સ્થળે મુડદાંના ઢગલા થતા હતા અને લોહીની નીકો ચાલતી હતી !

ભભૂતમલ અને તેનો પુત્ર વિષયમલ એ પણુ કાંઇ ઓછી હિમ્મતથી લડતા નહોતા. કુમાર વિષયમલ તો પોતાની જાતે વીરોત્તમ તરફ આગળ વધવાનો યત્ન કરતો હતો. તે યુવક તે કસાએલા યોદ્ધાની પાસે જઈ પહોંચીને ખુદ તેની સાથે લડવાની પ્રબળ ઇચ્છા ધરાવતો હતો. તેની તે ઇચ્છા તુરત પૂર્ણ થઇ. વીરોત્તમ અને વિષયમલ એક

બીજાની સામે ઉભા રહ્યા. ઉભયની એક નજર થતાં જ ઉભયના હાથમાંની તલવારો ઉંચી થઇ, પણ વીરોત્તમના જોરદાર પ્રહારથી વિષયમલ્લના હાથમાંની તલવાર ઉડી ગઇ! એટલામાં પુત્રના રક્ષણાર્થે ભભૂતમલ્લ દોડતો આવ્યો અને તેણે પોતાની તલવાર વીરોત્તમ ઉપર ઉગામી, પણ વીરોત્તમના એક જ ઘાની સાથે ભભૂતમલ્લ પોતાના ઘોડાપરથી નીચે પડી ગયો. તુરત જ વીરોત્તમના સૈનિકોએ તે પિતા-પુત્રને કેદ કર્યા.

પોતાના બન્ને કિલ્લાધારો કેદ પકડાયા છે, એ વાત બન્ને સૈન્યોમાં વાયુવેગે પ્રસરી ગઇ, એટલે શ્યામગઢવાળા સિપાઇઓ જેઓ મરણીયા થઇને લડતા હતા તેમની હિંમત ખૂટી ગઇ. તેઓ ડરી ગયા અને ચારે દિશાએ નાસવા લાગ્યા. આજે મરવું કે મારવું, એવો તેઓનો નિશ્ચય પૂર્વે હતો ખરો, પરન્તુ પ્રત્યક્ષ પ્રસંગ આવી પહોંચતાં તેઓને જીવની કિંમત વધારે લાગવા માંડી અને વીરોત્તમના લશ્કરને ભેદીને નાસી જવાનો તેમણે વિચાર કર્યો. એટલામાં વીરોત્તમની સૂચનાથી, નાસી જતા સર્વે લોકોને નાસી જતા અટકાવવામાં આવ્યા અને તેઓને પાછા એ ભૂખે મરતા કિલ્લામાં પૂરવામાં આવ્યા!

જે લોકો શત્રુના હાથમાં નહિ પડતાં એ કિલ્લામાં પુરાયા, તેઓની તો વિચિત્ર રીતે દુર્દશા થઇ. તેઓને ચાર-ચાર દિવસથી તો લાંઘણ થઇ ચૂકેલી હતી, તેથી તેઓ પોતાનું સઘળું ધૈર્ય ગુમાવી બેઠા હતા. તેમાં વળી પોતાના બન્ને સરદારો કેદ પકડાયા એ સાંભળીને તો તેઓના હાથ-પગ ડંડા ગાર બની ગયા! સ્હવારે કિલ્લામાંથી પાંચ હજાર લોકો બહાર નીકળ્યા હતા, પણ સાંજે એક હજાર માણસો પણ પાછાં કિલ્લામાં ગયાં હશે કે કેમ, તે વિષે શંકા જ હતી!

તે જ દિવસે જો વીરોત્તમે એક વાર વધારે હલ્લો કર્યો હોત, તો તેણે કિલ્લા ઉપર પોતાનું નિશાન સહેલાઇથી ફરકતું કર્યું હોત; પરન્તુ સૂર્યાસ્તનો સમય નજીક આવ્યો હતો અને તેનાં માણસો પણ થાકી ગયાં હતાં, તેથી તેણે પોતાનાં માણસોને વિસામો દેવાનો નિશ્ચય કર્યો. પછી પોતાના કિંવા શત્રુના પક્ષનો વિચાર નહિ કરતાં જેટલા માણસો જખમી થઇને રણક્ષેત્રમાં પડેલા હતા તેઓને છાવણીમાં લઇ જઇને ઉચિત ઔષધોપચાર કરવાનો વીરોત્તમે હુકમ કર્યો.

રણક્ષેત્રમાં પડેલાં મુડદાં અને જખમી થએલાં માણસોને કચરતા કચરતા જખમી થએલા ઘોડા આમતેમ ફરતા જોવામાં આવતા હતા. કેટલાક સિપાઇઓનાં શરીરમાંથી બહુ લોહી વહી જવાથી તેઓ કેવળ

દીન બની ગયા અને તરફડીયાં મારતા પડયા હતા. જે ઘોડાપરના સ્વારો મરી ગયા હતા, તે ઘોડાઓ તોફાની બન્યા હતા અને પોતપોતાના સ્વારની શોધ કરતા હોય તેમ અહીં તહીં ફરતા હતા. જે વીરો થોડા વખત પહેલાં સેંકડો વીરોનાં મસ્તકો તોડવાને ઘુમતા હતા, તેઓનાં મસ્તક અત્યારે કોઇએ કાપી નાંખ્યાં હતાં! રણક્ષેત્રમાં જ્યાં ત્યાં હથિયારો ને હથિયારો જ પડેલાં જોવામાં આવતાં હતાં. ભાલાં, બરછીઓ, તલવારો, બંદૂકો, કટારો વિગેરે હથિયારોથી આખું મેદાન ભરાઇ ગયું હતું. જ્યાં ત્યાં છિન્ન-વિચ્છિન્ન થએલાં પ્રેતો પડેલાં હતાં, અને એવી રીતે તે સ્થળે બીભત્સ રસનો મૂર્તિમંત અવતાર જોવામાં આવતો હતો!!

આ ભયંકર યુદ્ધભૂમિમાં તે વેળાએ કોઇએક માણુસ ફરતો હતો. તે માણુસ નિરાંતે જ ફરતો હતો. બારીક રીતે ધ્યાન આપીને જોનારને તુરત જણાઇ આવતું કે તે એક સ્ત્રી છે. તે સ્ત્રી અલકકુમારી હતી. બળવંતસિંહ પાસેથી રજા લઇને શ્યામગઢમાં પ્રવેશ કરવા માટે તે આવી હતી અને કિલ્લામાં પ્રવેશ કરવાનો ગુપ્ત માર્ગ શોધતી તે રણભૂમિમાં ફરતી હતી!

પ્રકરણ ૪૦ મું.

અલકકુમારી અને વીરોત્તમ.

અલકકુમારી બળવંતસિંહની રજા લઇને પરોપકારનું કામ કરવાને અહીં આવી હતી, પણ આ સ્થળે કેવો ભયંકર પ્રકાર તેની નજરે પડયો? એ ભયંકર પ્રકાર તેની નજરે પડે નહિ, તે માટે તેણે પહેલેથી જ પોતાની આંખો મીંચી દીધી હતી; પરન્તુ આંખો મીંચવાથી શું વળે? અત્યારસુધીમાં તેને એકકે ચોકીદાર મળ્યો નહોતો, પણ જ્યારે તે ઘણેસુધી આગળ વધી આવી ત્યારે તેને એક ચોકીદાર મળ્યો અને તેણે તેને પૂછ્યું: "બાઇ! તું કયાં જાય છે?"

તે બોલી: "હું કાંઇ શત્રુના પક્ષની નથી; હું તો મિત્ર જ છું." એમ કહીને બળવંતસિંહે તેને આપેલી વીંટી તેણે ચોકીદારને બતાવી.

તે વીંટી જોઇને વીરોત્તમનો ચોકીદાર આશ્ચર્યથી બોલ્યો: "બાઇ! તું તારે ખુશીથી આગળ જા!" પોતા પાસેની વીંટીમાં કાંઇ ચમ-

કારિક ગુણ છે ખરો, એવું જાણતાં જ તેને બહુ આનંદ થયો. એ જ પ્રમાણે તે ચાર-પાંચ ચોકીઓને વટાવી ગઇ. છેવટે તે એક દેવાલય પાસે આવી. અગાઉ જ્યારે તેને વિષયમલ્લે બળાત્કારથી કેદ કરીને શ્યામગઢમાં પૂરી રાખી હતી, ત્યારે તેમાંથી હનુમંતસિંગે તેને મુક્ત કરી હતી. તે વખતે તે એક દેવાલયમાં થઇને બહાર નીકળી હતી એ વાચકના સ્મરણમાં હશે. તે દેવાલય તદન નાનું હતું. ચાર માણસો પણ બહુ મુસ્કેલીથી અંદર રહી શકે એટલું નાનું તે હતું. અંદર એક નાની હનુમાનની મૂર્તિ હતી. હનુમાનને નમસ્કાર કરીને પોતે હાથમાં લીધેલું કામ કરવાને સામર્થ્ય દેવા વિષે તેણે મનઃપૂર્વક પ્રાર્થના કરી. દેવાલયમાં માત્ર નામનો જ પ્રકાશ આવતો હતો, તોપણ નીચેની જમીન બરાબર દેખાતી હતી. જે ગુપ્ત માર્ગે થઇને ભોંયમાંથી અહીં આવી શકાતું હતું તે માર્ગનું દ્વાર શોધી કાઢવાનો પ્રયત્ન તેણે શરૂ કર્યો. તેણે પોતાની સાથે એક નાની પોટલી આણી હતી, તે તેણે ત્યાં આગળ જ એક બાજુના ખૂણામાં રાખી હતી. તે બહુ બારીકાઇથી દેવાલયની જમીન તપાસતી હતી, પણ તે સ્થળે આવેલું દ્વાર એટલી કુશળતાથી તૈયાર કરવામાં આવ્યું હતું કે માહિતગાર માણસ સિવાય બીજા કોઇના જાણવામાં તે આવી શકે જ નહિ. તે દ્વારની કળ કયાં છે, એ જોવાનો તે પ્રયત્ન કરતી હતી. કદાચ તે દ્વાર માત્ર અંદરની બાજુએથી જ ઉઘડતું-વસાતું હશે તો ? એવી શંકા પણ તેના મનમાં આવી, પણ તેણે ધૈર્ય છોડયું નહિ. તેણે પોતાની તપાસ ચાલુ રાખી. સૂર્યાસ્ત થવાની વેળા નજીક જ આવતી હતી. ધીમેધીમે અંધકાર વિસ્તરવા લાગ્યો; તોપણ એ ગુપ્ત દ્વારની કળ શોધી કાઢવાને તેનો હાથ હજી જમીન ઉપર ફરતો જ હતો. થોડી વાર પછી સારી પેઠે અંધકાર ફેલાયો અને અંધકારના પટ હેઠળ આખું જગત્ ડૂબી ગયું. તેની પાસે દીવો નહોતો, તેથી હવે શું કરવું તેનો તેને મોટો વિચાર થઇ પડયો.

બહારની બાજુએથી કોઇ બોલતું હોય એવો અવાજ તુરત તેને કાને આવ્યો અને તે ધ્યાન દઇને સાંભળવા લાગી. એક અધિકારસૂચક સ્વરે પૂછ્યું: "હવે પહેરો ક્યારે બદલાશે ? અહીં ચોકીદાર કેમ નથી ?" તેને બીજાએ ઉત્તર આપ્યો: "જમાદાર સાહેબ ! આ દેવાલય ઉપર ફક્ત રાત્રિને વખતે જ પહેરેગીર રાખવાનો હુકમ છે !"

પુનઃ કોઇનો અવાજ સંભળાયો નહિ. દેવાલય તરફ કોઇ આવતું હોય એવો પગસંચાર અલકકુમારીના સાંભળવામાં આવ્યો; તેથી તે દ્વારની અંદરની બાજુએ એક ખૂણામાં ઉભી રહી. ત્યાં આગળ

પોતાને કોઇ જોઇ શકશે નહિ, એવી તેની કલ્પના હતી. કદાચ પોતાને કોઇ જુએ, તોપણ બળવંતસિંહવાળી વીંટીથી પોતાનો તુરત છુટકો થશે એવી તેની ખાત્રી હતી.

તે ખૂણામાં તે ઉભી રહી–ન રહી, એટલામાં દેવાલયમાં દીવાનો પ્રકાશ પડ્યો. મશાલ હાથમાં લઇને એક માણુસ દેવાલય તરફ આવતો હતો તેના જોવામાં તે એકાએક આવી ગઇ. તેથી તે દ્વાર પાસે આવીને બોલ્યોઃ "અંદર કોણુ છે ?"

પોતાને સિપાઇએ જોઇ છે, એ ધ્યાનમાં આવતાં જ તે પોતાની મેળે દ્વારમાં આવી ઉભી અને બોલીઃ "હું આ જ પ્રાંતમાંની એક સ્ત્રી છું. હું કાંઇ વીરોત્તમ મહારાજના શત્રુપક્ષની નથી." એમ કહીને તે પોતાના હાથમાંની વીંટી તે સિપાઇને બતાવવા લાગી. તે જોતાં જ સિપાઇ બોલ્યોઃ "અરે તેની પાસે તો મહારાજાની વીંટી છે. તેને કાંઇ વધારે પૂછશો નહિ."

એટલામાં તેની સામે ઉભેલો એક સિપાઇ આશ્ચર્યચકિત થઇને બોલ્યોઃ "ખરેખર, તે જ એ છે! મારી ખાત્રી છે!!"

તેના આ શબ્દો સાંભળતાં જ અલકકુમારીએ જાણ્યું કે તે માણુસ પોતાને ઓળખનારાઓમાંનો કોઇ પણુ હોવો જોઇએ, પણુ તેની ઓળખાણુ ક્યાં થએલી તે તેને સાંભર્યું નહિ. તે બહુ જ ગુંચવણુમાં પડી, પણુ એટલામાં તે સિપાઇએ ખુલાસો કર્યો.

તે ચકિત થઇને બોલ્યોઃ "ગમે તેટલો વેશ બદલ્યો હોય, કે વચ્ચે ગમે તેટલાં વર્ષો વીતી ગયાં હોય, પણુ હું એ ચહેરો કદાપિ વિસરવાનો નહિ! એક હજાર માણુસમાંથી પણુ હું એ ચહેરો ઓળખી કાઢું! પણુ તે વખતે તું મને પુરૂષના જેવી દેખાઇ. તે વખતે બખ્તર પહેરીને તું જ આવી હતી!

તે સિપાઇ અલકકુમારી તરફ જોઇને જે કાંઈ બોલ્યો તે બરાબર ધ્યાનમાં નહિ આવવાથી જમાદાર તેને ધમકાવીને બોલ્યો: "એ તું શું બકયો જાય છે? આ જુવાન છોકરી કોણુ છે?"

તે સિપાઇ બોલ્યો: "એ કોણુ છે? હું પહેરો ભરતો હતો અને મને બાંધીને ત્રણુ રાજકેદીઓને જેણે છોડાવ્યા તે જ એ છે!"

જમાદાર ચકિત થઇને બોલ્યો: "શું કહે છે તું? આ છોકરીએ તે ત્રણુ રાજકેદીઓને છોડાવ્યા? એવું તે કદી બને ખરું? તું કાંઈ ભૂલ કરતો હોઇશ!"

'પણુ તેને જ પૂછી જુઓને! તે નાકબૂલ કરે છે શું? હું

ગમે ત્યારે પણ તેનો ચહેરો ઓળખી જઉં તેવો છું !" તે સિપાઇ ખાત્રીયુક્ત સ્વરે બોલ્યો.

તેની તરફ જોઇને જમાદાર બોલ્યો : "આ ચહેરો એકદમ ભૂલી જવાય તેવો નથી એ તો ખરૂં. બાઇ ! મારા આ શબ્દોથી જરાએ અપમાન થએલું સમજશો નહિ. આપની પાસે જો આ વીંટી ન હોત, તોપણ મેં આપની આજ્ઞા પાળી હોત ! આપની પાસે એ વીંટી છે, તેથી મારે અદબપૂર્વક જ બોલવું જોઇએ; તેટલામાટે હું આપને પૂછું છું કે આ સિપાઇ આપના ઉપર જે આરોપ મેલે છે તે આપને કબૂલ છે કે ?"

"હા, હું તે નાકબૂલ કરતી નથી !" તે બોલી: "પણ આ વીંટીમાં જો કાંઇ પણ સામર્થ્ય હોય, તો હું કહું છું કે મને અહીંથી જવા દો !"

જમાદાર બોલ્યો: "બાઇ! તેમ થવું મુશ્કેલ છે. અમારા મહારાજાએ આ વીંટીના સામર્થ્યમાં થોડો ફેરફાર કર્યો છે. થોડા દિવસો પૂર્વે આ વીંટી એક સરદારના હાથમાં હતી. તેનો ઉપયોગ કરીને તેણે એક કેદીને છોડાવ્યો—"

તેને ઓળખનારો સિપાઇ બોલ્યો : "તે કેદી એટલે બખ્તર પહેરેલી આ સ્ત્રી પોતે જ. તે હકીકત હું જાણું છું. તે પેલા સરદાર બળવંતસિંહની સાથે હતી, તે વખતે આપણા માણસોએ તેને પકડી હતી, પણ આ વીંટી બતાવીને તે સરદારે એને છોડાવી હતી."

જમાદાર બોલ્યો: "હા, મેં પણ એવું જ સાંભળ્યું છે. હવે પછી ન્યાયના કામમાં હરકત થાય નહિ, તેટલામાટે આ વીંટીની સત્તા કાંઇક ઓછી કરવામાં આવી છે. તેમણે એવું ફરમાવ્યું છે કે મોટા અપરાધોમાં આ વીંટીની મદદથી ગુન્હેગારનો છૂટકો થઇ શકે નહિ. તેટલામાટે, બાઇ ! આપ જો મહારાજાની પાસે આવો, તો ઘણી જ સારી વાત !"

તે ગંભીરતાથી બોલી: "મને તેમની પાસે આવવાને બિલકુલ હરકત નથી. મહારાજા વીરોત્તમ બહુ જ ઉદાર સ્વભાવના છે. હું તેમને પગે પડીને ક્ષમા યાચીશ. જમાદાર સાહેબ ! ચાલો આગળ થાઓ, હું આનંદથી તેમની પાસે આવું છું."

એમ બોલીને અલકકુમારી દેવાલયમાંથી બહાર નીકળી, પણ એટલામાં તે જમાદારની નજર દેવાલયમાંની અલકકુમારીની પોટલી તરફ

ગઇ. આ ગરબડમાં તે એ પોટલીને વીસરી ગઇ હતી. તે જોઇને જમાદાર બોલ્યો: "અરે, પણ આ શું? થોભો! મારે એ પોટલી છોડીને જોવી જોઇશે. બાઈ! માફ કરજો; મારી ફરજની રૂએ મારે એ કામ કરવું જોઇએ."

ખુશી બતાવીને તે બોલી: "ભલે, ખુશીથી તપાસો; મને તેમાં બિલકુલ હરકત નથી."

તે જમાદારે એ પોટલી છોડી તો તેમાંથી કેટલાક ખાવાના પદાર્થો અને સ્ત્રીઓને ઉપયોગી વસ્ત્રો માલૂમ પડયાં. તેમાં કાંઇ વિશેષતા માલૂમ નહિ પડવાથી તેણે તે પોટલી અલકકુમારીના હાથમાં પાછી આપી અને કહ્યું: "બાઇ, મારી પાછળ પાછળ ચાલ્યાં આવો!"

એમ બોલીને તેણે સિપાઇને દૂર રહેવાની ઇશારત કરી, કારણકે પોતાની આસપાસ સિપાઇઓ હોવાની બાબતથી તેને ખરાબ લાગશે એવું જમાદારના મનમાં આવ્યું.

જમાદાર તેને વીરોત્તમના તંબૂમાં લઈ ગયો. માર્ગમાં બન્ને બાજુએ પુષ્કળ તંબૂઓ ઠોકવામાં આવેલા હતા. વીરોત્તમનો તંબૂ મોટો હતો, પણ તદ્દન સાદો હતો. વીરોત્તમના જેવા રાજાની પદવીવાળા માણસનો તંબૂ એ જ હશે, એવું પહેલી દૃષ્ટિએ તો કોઇને ખરૂં લાગે જ નહિ! બહાર એક પહેરેગીર હતો, તેણે તે જમાદારને કાંઈક પૂછ્યું તેનો એ જમાદારે જવાબ આપ્યો. પછી તેને અંદર જવાની પરવાનગી મળી.

વીરોત્તમ એ વખતે એકલો જ બેઠેલો હતો. અલકકુમારી સંગમપુરમાં લતિકાદેવીના પરોણા તરીકે રહી હતી તે વખતે વીરોત્તમે તેને ઘણી વાર જોઇ હતી, પણ તે વખતે તેણે તેને દૂરથી જ માત્ર જોઈ હતી; તેની સાથે વાતચીત કરવાનો પ્રસંગ તેને કોઇ પણ વાર મળ્યો નહોતો. આજે યુદ્ધના ક્રૂર પ્રસંગના કારણથી તેની નજર કરડી દેખાતી હતી; તોપણ તેની દયાળુતા તેના વદનપરથી અદૃશ્ય થઇ નહોતી. તે મહાવીર પોતાના સ્વરમાં બની શકે એટલી સૌમ્યતા આણીને બોલ્યો: "બાઇ! મારી પાસે તને શું કામ છે?"

જમાદારે ધીમેથી કહ્યું: "મહારાજ! એ સ્ત્રી કેદી છે!"

આશ્ચર્યથી ચકિત થઇને વીરોત્તમે પૂછ્યું: "શું? આ સુંદર કુમારિકા આપણા દેશહિતના કાર્યને નુકસાન કરનારી છે?"

જમાદાર બોલ્યો: "મને જો આખી પૃથ્વીનું રાજ્ય મળે, તોપણ હું એનો વાંકો વાળ પણ કરવાની ઇચ્છા કરૂં નહ, એ ખરૂં; પરન્તુ આજે એ એક ઘોર અપરાધિની છે!"

"તું જે દયા દર્શાવે છે, તેમાં તારી ભલમનસાઇ છે, પરન્તુ એ બાઇને કયા અપરાધને માટે મારી પાસે આણી છે?" વીરોત્તમે પૂછ્યું.

તે ભલો જમાદાર બોલ્યો: "મહારાજ! આપ એના ઉપર દયા કરશો, એવી મને પાકી ખાત્રી હોવાથી જ હું એને આપની પાસે લઇને આવ્યો છું, પણ મહારાજ! ભભૂતમલ, વિજયસિંહ અને શૂરસેન એ ત્રણેને આ જ બાળાએ કેદમાંથી મુક્ત કર્યા હતા!"

"શું કહે છે?" આશ્ચર્યથી ચકિત બનીને વીરોત્તમે પૂછ્યું: "એણે-એક બાળાએ-એક સ્ત્રીએ એ ત્રણેને કેદમાંથી છોડાવ્યા હતા?"

"હા સરકાર! અને એ અપરાધ કબૂલ કરવામાં વળી એ સ્ત્રી ભારે અભિમાન ધરાવે છે." જમાદાર બોલ્યો.

પોતાની એક આંખની દૃષ્ટિને ખેંચીને તેના તરફ નિરીક્ષણ કરતાં વીરોત્તમ બોલ્યો: "સુંદર બાળા! આ વાત શું ખરી છે?"

નીચું માથું ઘાલીને અલક બોલી: "હા સરકાર! એ વાત ખરી છે."

વીરોત્તમે ધ્યાનથી પૂછ્યું. "એવું એ જોખમનું કામ માથે લેવામાં તારો શો ઉદ્દેશ હતો વારૂ?"

વીરોત્તમના ચહેરા તરફ જોઇને કંપતી કંપતી તે બોલી: "મહારાજ! હું જાણું છું કે આપના કેદીને આપની મરજીમાં આવે એવા પ્રશ્નો પૂછવાનો આપને અધિકાર છે, અને જો આપની પાસેથી ક્ષમા મળવાની જ છે તો મારે ખરેખરી વાત કહી દેવી જોઇએ, પરન્તુ આ પ્રશ્નનો ઉત્તર હું આપી શકું તેમ નથી, એમ કહેતાં મને મોટું દુઃખ થાય છે."

ઇષત્ સ્મિત કરીને વીરોત્તમ બોલ્યો: "એ ઉપરથી મને લાગે છે કે એ ત્રણે કેદીઓમાંનો એકાદ તારો સગો થતો હોવો જોઇએ, કિંવા તેમાંના કોઈ ઉપર તારૂં મન જડાયું હોવું જોઇએ."

તે બોલી: "મહારાજ! આપના બન્ને તર્ક વ્યર્થ છે."

વીરોત્તમ બોલ્યો: "એમ છે, તો હું એ કારણ કહેવા સંબંધે તને કાંઇ આગ્રહ કરતો નથી." પછી તે જમાદાર બોલ્યો: "શ્યામગઢની ડાબી બાજુએ એક નાનું દેવાલય આવ્યું છે તે દેવાલયમાં એ હતી."

વીરોત્તમે પૂછ્યું: "મારી છાવણીમાં એવું તને શું કામ હતું વારૂ? આટલી બધી ચોકીઓ વટાવીને તું અહીંસુધી કેવી રીતે આવી શકી?"

અતિશય સન્માનપૂર્વક તે જમાદાર બોલ્યો: " સરકાર ! આપની વીંટી તેની પાસે છે. "

જે વીંટીના પ્રભાવથી તે અનેક ચોકીઓ વટાવીને અહીંસુધી આવી હતી, તે વીંટી **વીરોત્તમને** દર્શાવતી **અલક** બોલી: "અને એ જ વીંટીના જોરથી હું આપની પાસેથી ક્ષમા મેળવવાની આશા રાખું છું."

વીરોત્તમ આશ્ચર્યથી બોલ્યો: " મારી આ વીંટી મેં પૂર્વે એક ગુજરાતી વીરને આપી હતી ! એમ કેવી રીતે થયું વારૂ ? એ વીર પુરૂષની સાથે તારો શો સંબંધ છે ? "

અલકકુમારી બોલી: " માત્ર સ્નેહસંબંધ ! તે મારાપર બહુ દયા રાખે છે, અને તેથી જ મને મારા કામમાં સરળતા પડે તેટલા સારૂ તેમણે મને આ વીંટી આપી છે."

" પણ તારૂં તે કામ કયું ? " **વીરોત્તમે** પૂછ્યું.

" **શ્યામગઢમાં** પ્રવેશ કરવાનું. " તે બોલી: " મહારાજ ! હું તદ્દન ખુલ્લા મનથી આપના પ્રશ્નોના જવાબો આપું છું, તે આપના ધ્યાનમાં આવ્યું જ હશે."

તેની તરફ નિરીક્ષણ કરીને **વીરોત્તમ** બોલ્યો: " તારા ચહેરાપરથી જ તારી ભલનસાઇ વ્યક્ત થાય છે. " પછી તેણે પોતાના જમાદારને આંખની ઇશારત કરીને ત્યાંથી જતા રહેવાનું ફરમાન કર્યું. તે પ્રમાણે બન્નેને પ્રણામ કરીને જમાદાર જતો રહ્યો.

પછી પુનઃ **વીરોત્તમ** બોલ્યો: " બાળા ! હવે આપણે બે જણાં જ અહીં છીએ, તારે જે કાંઈ કહેવું હોય તે ખુલ્લા દિલથી કહી નાંખ. તારા મનમાં કાંઇ પણ ગુહ્યતા ભરેલી મને ખાસ જણાય છે. જેણે **સંગમપુરના** કિલ્લામાંથી ત્રણ રાજકેદીઓને છોડાવવાનું સાહસ કર્યું, એવી તે તું કોણ છે ? તેમ જ એ ગુજરાતી સરદાર સાથે તને ઓળખાણ કેવી રીતે થઇ અને તું **શ્યામગઢમાં** શામાટે જવા ઇચ્છે છે !"

" મહારાજ ! પહેલાં હું આપના પહેલા જ પ્રશ્નનો ઉત્તર આપું છું. અહીંથી નજીકમાં જ **શૂરસેન** મહારાજની હદમાં એક ખેડૂત રહે છે, તેણે ઉછેરેલી હું એક ગરીબ બાળા છું; મારૂં નામ **અલકકુમારી** છે."

" **અલકકુમારી** ? " **વીરોત્તમે** પૂછ્યું: " **અલકકુમારી** ! એ નામ મેં પૂર્વે કોઇ વાર સાંભળ્યું છે ખરૂં. હં, હવે સાંભર્યું, કેટલાક દિવસ પહેલાં જેને સરદાર **બળવંતસિંહે** નદીમાં ડૂબતી બચાવી હતી અને જે મારા તંબૂમાં **લતિકાદેવીની** પાસે રહેતી હતી અને પછી કિલ્લામાં રહેવા ગઇ હતી, તે જ તું **અલકકુમારી** ? "

"હા, મહારાજ ! તે જ હું." અલક બોલી: "બીજા પ્રશ્નનો ઉત્તર તો આપ જાણો છો જ. સરદાર બળવંતસિંહે મારો જીવ બચાવ્યો, ત્યારથી તેમની સાથે મને ઓળખાણ થઇ છે. હવે આપના ત્રીજા પ્રશ્નનો ઉત્તર હું આપું છું. શ્યામગઢમાં એક સ્ત્રી રહે છે, તેણે મારા પર બહુ જ ઉપકારો કર્યા છે. આ ભૂખમરાના દિવસોમાં તેનો જીવ બચાવવાના હેતુથી આ અનાજ હું તેની પાસે લઇ જતી હતી, એટલું જ નહિ પણ આ વસ્ત્રો તેને આપીને એ ભયંકર જગ્યામાંથી હું તેને બહાર કાઢવા ઇચ્છું છું." એટલું કહીને અલકે પોતાની પોટલી છોડી અને તેમાંના પદાર્થો વીરોત્તમને બતાવ્યા.

અતિશય મમતાથી વીરોત્તમ બોલ્યો: "ભલી બાળા ! તું કેટલી ઉદાર છે ? તું ખરેખર વીરપત્ની થવાને જ પાત્ર છે, પણ જેને માટે તેં આ સાહસ આરંભ્યું છે તે સ્ત્રી કોણ છે ? જેના ઉપર તારો આટલો બધો પ્રેમ છે, તે પણ કોઇ ઉંચા ખાનદાનની હોવી જોઇએ. તે કોણ છે એ તું મને કહે, એટલે હું મારાં માણસો મોકલીને તેને તે ભૂખમરામાંથી છોડાવી લાવું. તેં આજસુધીમાં મારા ગમે તેટલા અપરાધો કર્યા હોય, તોપણ હું તને ક્ષમા કરીશ ! તેનું નામ કહે, એટલે હું તારી તરફથી તેને સંદેશો કહાવીને હમણાં ને હમણાં અહીં બોલાવી મંગાવું."

"મહારાજ !" અલકકુમારી ગદ્દગદ્દ કંઠે બોલી: "આપ જેવા શૂરા છો, તેવા જ ઉદાર પણ છો ! હું પામર મનુષ્ય આપની મહત્તા કેટલીક ગાઉં ? જે ઉપકારને પાત્ર હું નથી, તે ઉપકાર કરીને આપે મને જીંદગીભરની આભારી બનાવી છે. પણ મહારાજ ! આપના આ પ્રશ્નનો સીધો ઉત્તર હું આપી શકું તેમ નથી ! જેને માટે હું આ અન્ન લઇ જઉં છું તેનું નામ પણ હું જાણુતી નથી, કિંવા તે કોની શી સગી થાય છે તે પણ હું જાણુતી નથી ! તે દુ:ખી સ્ત્રી છે એટલું જ માત્ર હું જાણું છું. પણ તે શામાટે દુ:ખી છે તે હું જાણુતી નથી !"

વીરોત્તમ ચકિત થઇને બોલ્યો: "એ તો બહુ જ વિચિત્ર વાત ! પણ તે સ્ત્રી રહે છે ક્યાં ? તેનું રૂપ, શરીર, વેશ, એ સઘળું કેવું છે તે તો મને કહે, એટલે તે ઉપરથી તેને શોધી કાઢવાનો હું પ્રયત્ન કરીશ."

અતિશય મુંઝવાઇ જઇને તે બોલી: "મહારાજ ! નામદાર ! મારા હાથે જો કાંઇ ચૂક થતી હોય તો મને ક્ષમા કરશો ! અહાહા !

પરમેશ્વર ! હું તે બાઇના કલ્યાણુને માટે જ આ વાત કરૂં છું. મારી ખાત્રી છે કે આથી સર્વેનું કલ્યાણુ જ થશે. મારૂં મન મને કહે છે કે તેથી કોઇનું અકલ્યાણુ થશે નહિ!”

એમ બોલીને અલકકુમારીએ પોતાના ગજવામાંથી એક નાની થેલી બહાર કાઢી. એ થેલી પેલી શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીએ તેને પૂર્વે આપેલી હતી એ વાચકના સ્મરણમાં જ હશે. તેણે તે થેલીમાંથી એક વીંટી બહાર કાઢી. પછી અત્યંત નમ્રતાથી વીરોત્તમના પગને સ્પર્શ કરીને તેણે તે વીંટી કંપિત હસ્તે વીરોત્તમની સામે રજુ કરી. પછી તે અતિદીન વાણીથી બોલી: “ મહારાજ ! હું મારા મુખથી કહું તે કરતાં આ વીંટી જ આપને સ્પષ્ટતાથી સઘળું જણાવી દેશે !”

પ્રત્યક્ષ તોપનો ગોળો આવ્યો હોત અથવા તો વિદ્યુત્પાત થયો હોત, તો તેથી વીરોત્તમ જેટલો ચમક્યો ન હોત, તેટલો તે એ વીંટી જોઇને ચમકી ગયો ! અલકના હાથમાંથી વીરોત્તમે એકદમ એ વીંટી ઉંચકી લીધી. વીંટીપર નજર જતાં જ તે તેણે ઓળખી હતી. માત્ર અર્ધી ક્ષણમાં હજારો વિચારો તેના મનમાં ઉત્પન્ન થયા. તેના શરીરે કંપ છૂટયો, તેનું ગળું ભરાઇ આવ્યું, કેટલીક વારસુધી તે એમ ને એમ સ્તબ્ધ રહ્યો અને પછી અલકકુમારી પ્રત્યે બોલ્યો: “બોલ, બોલ જલ્દી, મને સંશયમાં રાખ નહિ—જેણે તને આ વીંટી આપી હતી, તે સ્ત્રી શું હજીસુધી જીવતી છે ? કહે, સત્વર કહે ! ”

અલકે ગંભીરતાથી ઉત્તર આપ્યો: “ હા મહારાજ ! શ્યામગઢના ભોંયરામાં તે એક બંદીવાનની પેઠે રહે છે ! ”

આકાશ તરફ નજર કરીને વીરોત્તમ બોલ્યો: “ પ્રભુ ! તારી લીલા અગાધ છે. તે હજી જીવે છે ! ” પછી અલકકુમારી તરફ નજર કરીને તે બોલ્યો: “ છોકરી ! ” પણ એટલામાં તેનું મન તેના ચહેરા તરફ આકર્ષાયું. તે બહુ જ બારીકાઇથી તેની તરફ જોવા લાગ્યો. પછી તે બોલ્યો: “હા, નિઃસંશય એ જ ! બરાબર તેની જ પ્રતિમા ! પણ બાળા ! તારાં માતપિતા કોણ છે એ તું જાણે છે કે ?”

કાંઇ પણ વિચિત્ર વાત પોતાના જાણવામાં આવશે એવું અલકને લાગ્યું, તેથી તે ગુંચવાઇ અને બોલી: “ ના મહારાજ ! મારાં માતપિતા કોણ છે તે હું જાણતી નથી. નાનપણથી જ મારી સંભાળ એ ખેડૂત સજ્જનસીંગ—”

બહુ અધીરો બનતો વીરોત્તમ બોલ્યો: “ વારૂ, પણ તને કેટલામું વર્ષ જાય છે ? ”

અલક મધુર સ્વરે બોલી: "મહારાજ! મને સત્તરમું વર્ષ ચાલે છે!"

"એમ જ હોવું જોઇએ!" વીરોત્તમ આનંદથી બોલ્યો: "મારૂં મન બહુ જ ગુંચવાઇ ગયું છે. હવે સર્વ વાત મારા ધ્યાનમાં આવી. અલક! આવ! તું મને ભેટ! ઇશ્વરે આપણુ બન્નેનો મેળાપ કરી આપ્યો ! તું મારી પુત્રી અને હું તારો પિતા—"

"શું મારા પિતા?" એમ બોલીને અલકકુમારી વીરોત્તમની કમરે વળગી પડી! તે સમયે તેમને થએલા આનંદનું વર્ણન કોણ કરી શકે વારૂ?

પ્રકરણ ૪૧ મું.

ભોંયરામાં છેવટનો પ્રવેશ !

એ પ્રમાણે બન્નેની ઓળખ પડયા પછી બન્ને જણુ એક ઘટિકા-સુધી સ્તબ્ધ બની ગયાં. પછી તે બન્ને જણાં તંબૂમાંથી બહાર નીકળ્યાં. રાત્રિનો વખત હતો અને થોડી ઠંડ પણુ પડતી હોવાથી વીરોત્તમે માત્ર એક શાલ જ શરીરપર ધારણુ કરી હતી અને અલકકુમારીને પણુ તેણે એક શાલ ઓઢવા માટે આપી હતી. વીરોત્તમે પોતાની પુત્રીનો હાથ પોતાના હાથમાં પકડયો અને તે બન્ને જણુ તે નાના દેવાલય તરફ જવાને નીકળ્યાં.

જે સિપાઇએ અલકને ઓળખી કાઢી હતી, તે જ એ વખતે દેવાલયમાં પહેરો ભરતો હતો. તે બન્ને સાથે આવે છે એવું જ્યારે તેણે જોયું, ત્યારે તે તદ્દન ગભરાઇ ગયો. કદાચ તે છોકરી તેને એ પ્રમાણે અટકાવવા માટે પોતાને શિક્ષા કરાવશે એવી ભીતિ તેને લાગવા માંડી. તેની એ ભીતિ અલકના જાણુવામાં આવી ગઇ તેથી તેણે સ્મિતપૂર્વક એક વાર તેની તરફ મમતાથી જોયું, એટલે તે સમજ્યો કે પોતાને ભય પામવાનું કાંઇ કારણુ નથી.

ચોકીદારની પાસે જ મશાલ હતી. તેના પ્રકાશથી તે દેવાલય-માં જઇને જમીનપર એ ગુપ્ત દ્વારની કળ દેખાય છે કે નહિ તે જોવા લાગ્યો. કેટલીક વારસુધી તપાસ કર્યા પછી વીરોત્તમ બોલ્યો: "અલક! તે દિવસે તું આ જ દેવાલયમાંથી બહાર નીકળી હતી એવું તને બરાબર સાંભરે છે?"

અલક બોલી: "હા, આટલામાં જ કયાંય પણ ગુપ્તદ્વાર આવેલું છે."

વીરોત્તમે પૂછ્યું: "પણ હાલમાં કિલ્લાને ઘેરો ઘાલવામાં આવ્યો હોવાથી કદાચ એ માર્ગને બંધ કરી દેવામાં આવ્યો હશે તો?"

અલકકુમારીને પણ એ શંકા ખરી જણાઈ. હવે શું કરવું એ વિચારમાં તે બન્ને જણુ પડ્યાં, એટલામાં ચોકીદાર અંદર આવ્યો. તેણે પોતાને નમન કરેલું જોતાં જ વીરોત્તમે તેને પૂછ્યું: "કેમ? શું કહે છે તું?"

તે ભોળો સિપાઇ બોલ્યો: "હું ધારૂં છું કે આપ અહીં કાંઇક શોધો છો એમ જણાય છે. ઘણું કરીને આપ ગુપ્ત દ્વાર અથવાતો તે ઉઘાડવાની કળ શોધતા હોવા જોઇએ."

વીરોત્તમે પૂછ્યું: "એ તેં શા ઉપરથી જાણ્યું?"

સિપાઇ બોલ્યો: "તે મેં કેવી રીતે જાણ્યું એ હવે કહું છું. દસ દિવસ પહેલાં એક દહાડો હું અહીં જ પહેરાપર હતો. તે દિવસે અહીં મશાલ નહોતી. ચાંદની ખીલી રહી હતી એટલે દીવાના પ્રકાશની કાંઇ જ જરૂર નહોતી. બરાબર આ સ્થળે આપ ઉભા છો એ જ સ્થળે ચંદ્રમાનો સ્વચ્છ પ્રકાશ પડતો હતો. તે દિવસે આખો દિવસ જોરમાં લડાઇ ચાલી હતી અને તેમાં હું બહુ જ થાકી ગયો હતો તેથી હું આ ઉંબરામાં જ નિરાંતે બેઠો હતો. આ વચ્ચેનો ભાગ જેટલો ખુલ્લો છે તેટલા ઉપર સ્વચ્છ પ્રકાશ પડતો હતો પરન્તુ સામેના બન્ને ખૂણામાં ગાઢ અંધકાર હતો. આ ઉંબરાપર બેસીને આ લડાઇ હવે કેટલા દિવસ ચાલશે અને ભૂખમરાથી કિલ્લામાંના લોકો કયારે શરણે આવશે, તેનો વિચાર હું કરી રહ્યો હતો, એટલામાં—"

વીરોત્તમે અધીરા બનીને પૂછ્યું: "એ સઘળા વિચારો તું કરતો હતો, એ હું સમજ્યો પણ પછી શું થયું, તે સત્વર કહે!"

તે સિપાઇ બોલ્યો: "હું એવો વિચાર કરતો હતો, એટલામાં આ દેવાલયમાં એક અજબ બનાવ મારી દૃષ્ટિએ પડ્યો. તેથી મને બહુ જ આશ્ચર્ય લાગ્યું. હું જોતો હતો, એવામાં જમીનમાંથી એક માણુસ એકદમ બહાર નીકળ્યું! તેનો ચહેરો ફિક્કો હતો. શરીર કૃશ હતું. તે વૃદ્ધ હોવાથી તેના માથાના સઘળા વાળ સફેદ બની ગયા હતા. તેની આંખો ઝીણી અને પાણીદાર હતી. તે અત્યંત સૂક્ષ્મદૃષ્ટિથી ચારે દિશાએ જોતો હતો."

અલકકુમારી વચમાં બોલી ઉઠી: " તે ઘણું કરીને વૃદ્ધ કારભારી હનુમંતસિંગ હોવો જોઇએ, કારણકે તેણે વર્ણન કર્યું તે તેની સાથે બરાબર મળતું આવે છે. "

" બાઇ ! મેં તેને થોડી વાર પહેલાં જ જોયો છે. " તે સિપાઇ બોલ્યો: " પણ તેથી હું બહુ જ ગભરાઇ ગયો. મારૂં શરીર કમ્પવા લાગ્યું. મારા પગ જમીનપરથી ઉપડયા જ નહિ. "

" પછી તે માણસ શું અહીં ને અહીં જ અદૃશ્ય બની ગયો ? " વીરોત્તમે પૂછ્યું.

" હા સરકાર ! " સિપાઇ બોલ્યો: " તે વૃદ્ધ એકાએક જમીનમાં અદૃશ્ય બની ગયો. મેં ભયથી બૂમ મારી. તે વૃદ્ધ અદૃશ્ય થયો અને તે સાથે જ ધડાક કરતો કાંઇક પડવાનો અવાજ થયો તે મેં સાંભળ્યો. હું કાંઇ બ્હીકણ નથી, પણ—"

" તે હું જાણું છું. " વીરોત્તમ બોલ્યો: " તારૂં પરાક્રમ મેં લડાઇમાં પ્રત્યક્ષ જોયું છે. પણ પછી શું થયું તે કહે જોઇએ ! "

" સરકાર ! મારી તરફ આપનું એટલું બધું ધ્યાન છે, એ જોઇને હું મને ભાગ્યશાળી માનું છું. " એમ બોલીને વીરોત્તમને પગે મસ્તક લગાડીને તે સિપાઇ આગળ બોલ્યો: " હવે હું એ બનાવ ટુંકામાં કહી સંભળાવું છું. મેં તે માણસને એકદમ ઉત્પન્ન થઇને અદૃશ્ય થતો જોયો, તેથી મને બહુ આશ્ચર્ય લાગ્યું; હું જાગ્રત છું કે નિદ્રિત છું, એ જોવા માટે મેં મારો હાથ મારી આંખોપર પણ ફેરવી જોયો. હું જાગ્રત છું એવી ખાત્રી થયા પછી મેં જમીન તપાસવાનો વિચાર કર્યો અને આમ તેમ જોવા લાગ્યો, પણ જ્યાં તે વૃદ્ધને મેં જોયો હતો, ત્યાં કાંઇ પણ મારા જોવામાં આવ્યું નહિ ! તેથી મેં કોઇ પિશાચ જોયું કે વેતાળ જોયો, કે એ મને અમસ્થો માત્ર ભાસ જ થયો, તે મારા સમજવામાં આવ્યું નહિ ! પણ આ વાત મેં કોઇને કહી નથી, કારણકે જો મેં મારા સોબતીઓને એ વાત કહી હોત, તો તેઓ મારી હાંસી કર્યા વિના રહેત નહિ ! પણ બીજે દિવસે હું ખાસ અહીં આવ્યો, અને દિવસના પ્રકાશમાં જમીન તપાસીને જોવા લાગ્યો, પણ મારા જોવામાં કાંઇ જ આવ્યું નહિ. તે ઉપરથી હું મારા મનમાં એવું સમજ્યો કે મેં જોએલો સઘળો પ્રકાર કોઇ પણ તરેહની ભૂતચેષ્ટા માત્ર હશે ! "

નિરાશ થઇને વીરોત્તમ બોલ્યો: " છેવટ જતાં તો તેં એ જ કહ્યું કે ? "

તે સિપાઇ બોલ્યોઃ "થોભો ! એટલી બધી ઉતાવળ ન કરો મહારાજ ! હું સઘળું કહું છું. તે દિવસે હું પાછો ગયો, પછી આજે રાત્રે એક પ્રહરસુધી પહેરો ભરવાનો મારો વારો આવ્યો, ત્યારે હું એ વાત મારા સોબતીને કહેવાનો હતો, પણ મને તે બ્હીકણ સમજે, એટલે મેં એ વિષે કોઇને કહ્યું નહિ. મેં અહીં આવવા માટે પણ આનાકાની કરી નહિ, કારણકે નહિતો મારો સોબતી મારી મશ્કરી કરે ! પછી અહીં આવ્યા બાદ જમાદાર સાહેબ આપની તરફ આવ્યા. તે તે તરફ જવાને નીકળતાં જ હું દેવાલયમાં આવીને જમીન તપાસવા લાગ્યો, પણ અકસ્માત્ કહો કે દૈવયોગથી કહો, મારો હાથ એ કળ ઉપર પડયો. મારો હાથ એ કળ ઉપર પડતાં જ એકાએક આ પથરો ઉંચો થયો અને-"

વીરોત્તમે અધીરાઇથી પૂછ્યું: "કયો પથરો ? તે કળ કયાં છે ?"

તે સિપાઇએ ભીંતમાંનો એક પત્થર દાબીને કહ્યું: "જુઓ આ રહી તે કળ ! આ જુઓ દ્વાર ઉઘડયું !" એ વખતે વીરોત્તમની સામે ભોંયરામાં ઉતરવાનો માર્ગ ખુલ્લો થએલો હતો.

પોતાની પુત્રી તરફ જોઇને વીરોત્તમ આનંદથી બોલ્યોઃ "શૂરવીર મિત્ર! તેં આજે બહુ જ ઉત્તમ કાર્ય બજાવ્યું છે. એનો બદલો પણ હું તને બહુ સારો આપીશ. આ દ્વારને ઉઘાડું જ રહેવા દે, અને અહીં બરાબર પહેરો ભર. હું આ રસ્તે થઇને કિલ્લામાં જઉં છું. બરાબર એક ઘડીસુધી મારી રાહ જોજે, એટલા વખતમાં જો હું પાછો ફરૂં નાહ, તો હું મુસ્કેલીમાં પડયો હોઇશ એવું સમજીને સેનાપતિની પાસે જઇ તુરત એ વાત કહેજે, અને આ જ માર્ગે થઇને થોડુંએક સૈન્ય સાથે લઇ મારી શોધને માટે આવવાનું કહેજે."

સિપાઇએ જમીનસુધી નમીને સલામ ભરતાં કહ્યું: "જેવી નામવરની આજ્ઞા."

વીરોત્તમ બોલ્યોઃ "અલક ! ચાલ, આપણે આટલું કામ જલ્દી ઉકેલી નાંખીએ !"

એમ કહીને વીરોત્તમે પોતાના હાથમાં મશાલ લીધી અને તે આગળ ચાલ્યો.

અલકકુમારી તેની પાછળ પાછળ ચાલવા લાગી. એક પછી એક દ્વાર ઓળંગતાં તે બન્ને જણાં કિલ્લા નીચેના જમણી બાજુના ભાગની નીચે આવી પહોંચ્યાં. ભોંયરામાંથી બહાર આવતાં જ ત્યાં તેઓએ એક સમાધિ જોઇ, એ જગ્યા અતિશય ભયંકર હતી, તથાપિ

અલકકુમારીને બિલકુલ ભય લાગ્યો નહિ. વીરશ્રેષ્ઠ વીરોત્તમ તેનો મદદગાર હતો, એટલું જ નહિ, પણ તે તેનો પ્રત્યક્ષ પિતા હતો ! તે પાસે હોય, પછી તેને કેવી રીતે ભય લાગે વારૂ ?

ત્યાં આવતાં જ વીરોત્તમનું શરીર કંપાયમાન થયું. તે કાંઇ બીધો નહોતો, પણ ઘણા વખતસુધી જે સ્ત્રી મરણ પામી હતી એવી તેની કલ્પના હતી, તે હજી જીવે છે એવું જાણવાથી અને અત્યારે તેની પોતાને મુલાકાત થશે એવી ઉત્સુકતાથી તેનું શરીર કંપતું હતું. અલકકુમારી પણ પોતા ઉપર મમતા રાખનારી તે શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રીને મળવાને અતિશય ઉત્સુક બની ગઇ હતી.

આપણે એ બન્નેને ત્યાંજ છોડી દઇને, તે બન્ને જણ જ્યાંથી આવ્યાં હતાં, તે દેવાલયમાં હવે કેવો પ્રકાર ચાલી રહ્યો છે તે સૌથી પહેલાં જોઇએ.

વીરોત્તમ મશાલ લઇ જવાથી તે દેવાલયની બહાર સર્વત્ર અંધકાર ફેલાઇ ગયો, પણ એટલામાં ચંદ્રોદય થવા લાગ્યાથી ત્યાં થોડો થોડો પ્રકાશ પડવા લાગ્યો. ત્યાંનો ચોકીદાર દેવાલયના દ્વારમાં જ બેઠો બેઠો વીરોત્તમ એ સુંદર બાળાને લઈને તે ભોંયરામાં કેમ પેઠો એ વિષેનાં અનુમાનો બાંધતો હતો. એટલામાં કોઇ એક સ્ત્રી ત્યાં આવી રહી છે એવું તેણે જોયું અને તે અત્યંત ચકિત થયો.

તે સ્ત્રી દેવાલય તરફ ચાલી આવે છે એવી તેની પક્કી ખાત્રી થતાં જ સિપાઇએ હાક મારીને પૂછ્યું: “ કોણ છે એ ? ”

આવનારી સ્ત્રી મધુર અવાજે બોલી: “ કોણ છે કેમ ? ” પછી વધારે નજીક આવીને તે બોલી: “ તું મને હાક મારીને ધમકાવે છે, પરન્તુ હું તારી ખાત્રી કરી આપું છું કે હું તમારા માંહેની જ એક વ્યક્તિ છું ! ”

તે સિપાઇ તેને અવાજ ઉપરથી ઓળખીને બોલ્યો: “ હાં, હાં ! એ તમારો અવાજ હું સારી પેઠે ઓળખું છું. ”

“ જેવી રીતે મારો અવાજ ઓળખીતો છે, તેવી રીતે હું પણ ઓળખીતી જ છું. ” એમ બોલીને તેણે પોતાના વદનપરનો બુરખો બાજુએ ખસેડ્યો.

તેને ઓળખીને આનંદથી તે સિપાઇ બોલ્યો: “ બાઈ! તમે ફરીથી પાછાં આવ્યાં, એ જોઇને મને બહુ જ આનંદ થાય છે. મારી પ્રમાણે મારા સોબતીઓને પણ તમે આવવાથી આનંદ જ થશે. તમારા સંબંધે અમે સર્વ જણ અનેક વાતચીત કરીએ છીએ અને વારંવાર તમને સંભારીએ છીએ. અમારી તરફથી આપને કશી જ હરકત પહોંચશે નહિ. ”

તે સ્ત્રી બોલી: "સર્વે જણ તારા જેટલા જ માયાળુ હોતા નથી. મારા પર તારી ભક્તિ છે એટલું જ મને બસ છે. હું તને જે કાંઇ પૂછું તેનો મને જવાબ આપ. કાકા સાહેબ પેલી છોકરીને લઇને ક્યાં ગયા ? તે અહીં આવ્યા ત્યાંસુધી તેમના ઉપર મારી નજર હતી. તે આ દેવાલયમાં પેઠા એ પણ મેં જોયું; પણ તેઓ બહાર આવેલા મારા જોવામાં આવ્યા નહિ !"

"તેઓ અહીંથી બહાર ગયા જ નથી !" સિપાઇ બોલ્યો.

એટલામાં દેવાલયમાંનું ભોંયરાનું ઉઘાડું દ્વાર તેના જોવામાં આવ્યું; તે જોઇને તે બોલી: "આ શું ? આ દ્વાર શાનું ? આ ભોંયરૂં વળી ક્યાંથી ? તે ક્યાં જાય છે ? શ્યામગઢના ભોંયરામાં જતો રસ્તો તે જ આ નહિ હોય શું ?"

સિપાઇ બોલ્યો: "હા બાઇ ! મને પણ એવું જ લાગે છે. મહારાજા સાહેબ પેલી છોકરીની સાથે આ જ માર્ગે થઇને નીચે ઉતર્યા હતા."

ભોંયરાના દ્વાર પાસે જઇને તે સ્ત્રી બોલી: "ત્યારે હું પણ અંદર જઉં છું." આશ્ચર્ય પામીને ચોકીદાર બોલ્યો: "તમે અંદર જશો ? પણ હું આપને જવા જ કેમ દઇશ ?"

તે બહુ દીન વાણીથી બોલી: "તું મને અટકાવે છે ? મને એવા શબ્દો કહે છે—"

પહેરેગીર વચમાં બોલ્યો: "બાઈ ! માફ કરો. પણ હું શું કરૂં ? મને કહો. તમે છાવણીમાં આવ્યાં એ મહારાજ જાણે છે શું ? એ જાણતા હોય તો મને કહો કે તમે આમ છાની રીતે ક્યારથી તેમની પાછળ પડ્યાં છો અને તેમની હીલચાલને ગુપ્ત રીતે નિહાળો છો ?"

તે બોલી: "અત્યારે મને કાંઇ જ પૂછીશ નહિ. મારા પર કૃપ કરીને—"

સિપાઈ બોલ્યો: "આપને કાંઇ હરકત કરવાને હું અશક્ત જ છું ! બાઇ ! આપને અંદર જવું હોય તો ખુશીથી જાઓ, પણ મારા-પર કાંઇ જોખમ આવી ન પડે તેની સંભાળ રાખજો, એટલી મારી પ્રાર્થના છે !"

તે સ્ત્રી ભોંયરામાં ઉતરતાં ઉતરતાં બોલી: "મારા મિત્ર ! તે માટે તું જરીએ બ્હીશ નહિ ?" એમ બોલીને તે ભોંયરામાં ઝપાટાબંધ ચાલી.

પ્રકરણ ૪૨ મું.

કેટલીક અવનવી ઘટનાઓ.

ગયા પ્રકરણમાં કહેલી હકીકત બની ત્યાંસુધીમાં **વીરોત્તમ** અને **અલકકુમારી** એ બન્ને જણાં **ભભૂતમલ**ની સ્ત્રીની સમાધિ પાસે જઈ પહોંચ્યાં હતાં. **અલકકુમારી**એ તે સમાધિ પોતાના પિતાને બતાવી. તે સમાધિ ઉપરનો શિલાલેખ વાંચી જોતાં જ **વીરોત્તમ** બોલ્યોઃ "આ શું? આ તે કેવી લુચ્ચાઇ?"

પછી **વીરોત્તમ અલકકુમારી**નો હાથ પકડીને ત્યાંથી દૂર ગયો. પછી તે બન્ને જણાં ભોંયરાના તદ્દન નીચેના ભાગમાં આવ્યાં. ત્યાં કીનખાબથી ઢાંકેલી એક પાલખી મશાલના પ્રકાશથી તેમની દૃષ્ટિએ પડી. તે પાલખીને ત્યાં જોઇને તે બન્નેને બહુ આશ્ચર્ય લાગ્યું. **વીરોત્તમે** પોતાની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે ઉપરનું આચ્છાદન હળવેથી બાજુએ ખસેડયું. તે પાલખીમાંના પદાર્થો જોઇને **વીરોત્તમ**ને બહુ જ આશ્ચર્ય લાગ્યું. પાલખીમાંનું તે જવાહીર **અલકકુમારી**ની દૃષ્ટિએ પણ પડયું અને એ સ્થળે એટલું બધું જવાહીર જોઇને તે બન્નેને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું. **વીરોત્તમ** મનમાં બોલ્યોઃ "**સંગમપુર**ના સ્વર્ગવાસી મહારાજાનો આ ખજાનો હોય તેમ જણાય છે. મહારાજાએ મરતી વખતે આ સર્વ સંપત્તિ પોતાની કન્યાને આપી હતી. **સરોજિની**ની આ ખજાનો અને તે રાજકન્યાને મારે હવાલે કરવાની હતી, પણ પછી તેનું શું થયું તે કાંઇ જાણવામાં જ આવ્યું નહિ!!" પછી તેણે પુનઃ પાલખી ઉપરનું આચ્છાદન સમું કર્યું, અને તે આગળ ચાલ્યો. તે ત્યાંથી યંત્રના ભાગમાં આવ્યો.

તે યંત્રનાં ચક્રો જોઇને **અલકકુમારી** કંપવા લાગી. પોતાના પિતાનો હાથ પકડીને તે બોલીઃ "આ ચક્રો બહુ જ ભયાનક દેખાય છે. એ શામાટે કર્યાં હશે વારુ? તેની તરફ જોતાં મારી આંખો ભયથી મીંચાઇ જાય છે." તે ભાલાંનાં ફળાંવાળાં ચક્રો જોઇને **વીરોત્તમ**નાં રોમ પણ ખડાં થયાં. તે બોલ્યોઃ "મનુષ્યરૂપી રાક્ષસોનાં જ આ કાંઇ ભયંકર કૃત્યો હોવાં જોઇએ."

બહુ જ ખોખરા અવાજથી **અલકકુમારી** બોલીઃ "પિતાજી! અહીં આવા ભયંકર પ્રકારો બહુ જ છે, એવું મેં આપને પહેલેથી નહોતું કહ્યું? આપણે જેને મળવાને આવ્યાં છીએ તેને મળ્યા પહેલાં આપણા જોવામાં એક કાલિકાની અત્યંત મોટી ભવ્ય મૂર્તિ આવશે."

તે બોલ્યો: "પુત્રી! તારૂં કહેવું ખરૂં છે. જો પ્રભુ કૃપા કરશે તો હું આ કિલ્લામાંની એકકે એક ભયંકર વસ્તુનો નાશ કરી નાંખીશ; અને—"

"જરા શાન્ત થાઓ! શાન્ત થાઓ!" અલક બોલી: "અત્યારે આપણે જે કાર્યને માટે આવ્યાં છીએ, તે કેટલું અગત્યનું-"

વીરોત્તમ બોલ્યો: "પુત્રી! તારૂં કહેવું ખરૂં છે. તે મારી પ્રિયા આ સઘળા ભયંકર પદાર્થોથી દૂર રહે એમાં શી નવાઇ?"

જીનો ચડીને ઉપર જતાં અલકકુમારી બોલી: "પ્રભુ કરે અને તેમનો તુરત જ મેળાપ થાય!"

વીરોત્તમ દીર્ઘ નિઃશ્વાસ મેલીને બોલ્યો: "કદાચ અત્યારે તે આ ભોંયરામાં નહિ રહેતી હોય તો? કિંવા-છટ! એવા વિચારો મારા મગજમાં કેમ આવતા હશે વારૂ?"

પોતાના પિતાના મનમાં કાંઇ ગભરાટ ચાલી રહ્યો છે, એવું ધ્યાનમાં આવતાં જ તે બોલી: "અરે પ્રભુ! આ ભૂખમરામાં તે ટકી રહી હશે એવી જ આપણે કલ્પના કરીએ! જો તે જીવતી હશે તો તે આપણને અહીં આગળ જ મળશે."

વીરોત્તમ ગભરાઇને બોલ્યો: "તે જીવતી હશે જ!"

પછી તે બન્ને મૂર્તિવાળા વિભાગમાં જઇ પહોંચ્યાં. જેમ જેમ વીરોત્તમના હાથમાંની મશાલનો પ્રકાશ તે મૂર્તિપર પડવા લાગ્યો, તેમ તેમ તે મૂર્તિ અધિકાધિક ચળકવા લાગી. થોડી જ વારમાં તે પૂર્ણ રીતે સ્પષ્ટ દેખાવા લાગી. તે મૂર્તિ કેટલી ભયંકર છે, એ જો કે વીરોત્તમના જાણવામાં નહોતું, તોપણ તે મનમાં ચમક્યો, કારણકે તે મૂર્તિના સંબંધમાં તેણે પૂર્વે પુષ્કળ વાતો સાંભળી હતી. અત્યારે તો તે એ મૂર્તિની સમીપે જ ઉભો હતો. તે મૂર્તિને જીવંત મનુષ્યનું બળિદાન દેવામાં આવે છે, એ તેણે સાંભળ્યું હતું, પરન્તુ બળિદાન કેવી રીતે દેવામાં આવે છે એ તે જાણતો નહોતો.

પુનઃ પોતાના પિતાનો હાથ પકડીને તે કુમારિકા બોલી: "પિતાજી! ચાલો, હવે આપણે અહીંથી જઇએ! આ મૂર્તિની તરફ જોતાં જ મને ભય લાગે છે! મારા શરીરનું લોહી કદાચ ઠરી જશે એવું મને થાય છે!"

તેના એ શબ્દો સાંભળીને વીરોત્તમ બોલ્યો: "ચાલ પુત્રી! આપણે બીજી બાજુએ તેની શોધ કરીએ!"

તે બન્ને ત્યાંથી જવા લાગ્યાં, એટલામાં હળવેથી એક દ્વાર

ઉઘડ્યું હોય એવું તેમને લાગ્યું. જે બાજુએથી એ દ્વાર ઉઘડવાનો અવાજ સંભળાયો એવું તેમને લાગ્યું, તે તરફ તેમણે જોવા માંડયું, તો ખરેખર એક દ્વાર ઉઘાડેલું જ તેમની દૃષ્ટિએ પડયું.

એ વખતે એકબીજાની તરફ જોઇ રહેવાનો કિંવા બોલવાનો સમય તેમને બિલકુલ નહોતો. દ્વાર ઉઘડતાં જ હાથમાં દીવો લઇને એક માણુસ બહાર આવ્યો. ત્યાં મશાલનો પ્રકાશ અને બે માણુસોને જોતાં જ તે ચમક્યો અને દ્વાર બંધ કરવા લાગ્યો, પણ અલકે તેને ઓળખ્યો હતો, તેથી તેણે તુરત જ તેને હાક મારીને કહ્યું: "કારભારી સાહેબ! અમે શત્રુ નથી, પણ મિત્ર છીએ." એમ બોલીને તે દ્વાર તરફ આગળ વધી.

તેનો મધુર અવાજ સાંભળીને હનુમંતસિંગે તેને ઓળખી અને તે બોલ્યો: "અરે! આ તો અલકકુમારી; દિકરી! તું અહીં કયાંથી? તારી સાથે આ બીજું કોણ છે?"

તેણે આનંદથી ઉત્તર આપ્યો: "એ મારા પિતા! શૂરવીર સરદાર—" એમ કહીને તેણે જરા પાછળ હઠીને વીરોત્તમનો હાથ પકડયો.

કંપિત સ્વરે તે વૃદ્ધ કારભારી બોલ્યો: "અલક! ત્યારે શું તું સર્વે હકીકત જાણી ચૂકી છે? બહુ જરૂરની વેળાએ જ બતાવવાની વીંટી તેં વીરોત્તમ મહારાજને બતાવી હોય એમ જણાય છે. અરે રે! તું જો થોડી વહેલી આવી હોત, તો કેટલું બધું સારૂં થાત?!" એ-ટલું બોલતાં તે ભલા વૃદ્ધ પુરૂષની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં!

કાંઇ પણુ માઠો બનાવ બન્યો હોવાની ખાત્રી થવાથી અલક બોલી: "અરે પ્રભુ! આ હું શું સાંભળું છું?"

જે ઇચ્છાથી પોતે અહીં આવ્યો હતો, તે ઇચ્છાનો ભંગ થશે કે શું, એવો સંશય મનમાં આવવાથી વીરોત્તમ બોલ્યો: "કહે! ભલા ગૃહસ્થ! જે કાંઇ બન્યું હોય તે નિરાંતે કહે!"

હનુમંતસિંગ કંપતે શરીરે બોલ્યો: "હું શું કહું? હવે કહે-વાનું જ શું બાકી રહ્યું છે?"

ઓશિયાળી બની ગએલી અલક બોલી: "કારભારી સાહેબ! જે થયું હોય, તે સ્પષ્ટ રીતે કહો. મને સંશયમાં રહેવા દો નહિ. મારી માતાને કાંઇ પણુ થયું છે શું? હા; હવે મને એમ જ લાગે છે કે તે મારી માતા જ હતી!"

શું બન્યું હશે તે વીરોત્તમ સમજી ગયો હતો. તે ગંભીર પણ

કંપિત સ્વરે બોલ્યો: "અલક! આ વૃદ્ધના શબ્દો ઉપરથી કાંઇ પણ અનર્થકારક બનાવ બન્યો હોય એમ અનુમાન થાય છે! પણ તે કહેવાની તેની જીભ ઉપડતી નથી. ખઇને કારભારી સાહેબ?"

વૃદ્ધ હનુમંતસિંગ બોલ્યો: "હાય, હાય! વીરોત્તમ મહારાજ! આપની કલ્પના બરાબર છે. જે ઉદાર અંતઃકરણની સ્ત્રીને શોધવાને આપ આવ્યા છો, તેના પ્રાણ આજે જ પરલોક પ્રયાણ કરી ગયા છે!"

એ બન્ને પિતા પુત્રી એકદમ બોલી ઉઠયાં: "શું તે મરણ પામી?"

એમ બોલતાં જ અલકકુમારી ધડાક દેતી જમીન પર પડી ગઇ અને વીરોત્તમને મોટો ધ્રાસ્કો પડયો! તોપણ તેણે પોતાની પુત્રીને ઉંચકી લીધી અને તે જ વખતે એક દ્વાર ઉઘાડીને કેટલાંક સ્ત્રી પુરૂષો ત્યાં આવી પહોંચ્યાં, અને તેઓ સઘળાં એ ત્રણેની આસપાસ એકઠાં થયાં. પછી તે સર્વેને મોટા પ્રયાસથી હનુમંતસિંગ ત્યાંથી બાજુની ઓરડીમાં લઇ ગયો.

અલકકુમારીનું મન શાન્ત કરવાની આ વખતે ઘણી જરૂર હતી અને વીરોત્તમ પોતે તેના મનનું સાંત્વન કરતો હતો. હનુમંતસિંગે દ્વાર બંધ કર્યું. અલકકુમારી પોતાની માતા સંબંધે સેંકડો પ્રશ્નો તેને પૂછવા લાગી. તે શાથી મરણ પામી, તે કયારે મરણ પામી વગેરે પ્રશ્નો તેણે પૂછ્યા.

કારભારી બોલ્યો: "જોકે આખા કિલ્લામાં ભૂખમરો ચાલતો હતો, તોપણ અમારાં બાઈ સાહેબને અનાજની જરાએ તાણ પડી નહોતી; પણ કેટલાક દિવસ પહેલાં જે એક બનાવ બન્યો તેથી તેમને બહુ જ ખરાબ લાગ્યું હતું. સરોજિની અને વિજયસિંહને અહીં કાલિકાને બળિદાન આપવામાં આવ્યાં તે તેમણે જાતે જોયું, તે જ આગળ જતાં તેમના મૃત્યુનું કારણ થઇ પડયું!"

જેના સંબંધમાં પોતાને બાતમી જોઇતી હતી, તેના સંબંધમાં આ વાત અચાનક સાંભળવામાં આવવાથી વીરોત્તમ બોલ્યો: "તે એવી રીતે મરણ પામી શું? વારૂ પછી?"

હનુમંતસિંગ બોલ્યો: "આજે ત્રીજા પ્રહર પછી બાઈ સાહેબના પ્રાણે પરલોક પ્રયાણ કર્યું. હજી તેમનો મૃતદેહ અહીં જ પડેલો છે. આ યુદ્ધની ગરબડથી મને તેમનો અગ્નિસંસ્કાર કરવાનો સમય મળ્યો નથી. તે ભલી બાઇના મરણથી આ આખું મંડળ બહુ દિલગીર થઇ ગયું છે." એમ બોલીને તે વૃદ્ધ કારભારીએ તે સૌની તરફ નજર ફેરવી.

તે બધું મંડળ પણ વીરોત્તમની તરફ આશ્ચર્યથી જોવા લાગ્યું. તે કોણ હતો તે એ સૌના જાણવામાં નહોતું. માત્ર તેજસીંગ અને હાનસીંગ તેને ઓળખી શકયા. તેણે હળવે હળવે સૌને વીરોત્તમની ઓળખ પાડી દીધી.

પોતાની આસપાસ નજર કરીને વીરોત્તમ બોલ્યો: "હા, આ સઘળા બહુ દુઃખી જણાય છે. તેમના ચહેરા રડતા માલૂમ પડે છે!"

"આના કરતાં વધારે દુઃખ કોઇને પણ થવું એ શકય નથી! હનુમંતસિંગ બોલ્યો: "આ સ્થળે રહેલા પ્રત્યેક પુરૂષ અને સ્ત્રી એ આ મહાકાળીનો ભોગ થતાં બચી ગએલાં છે!"

ત્રણ મજુર ભાઇઓ કે જેઓએ સરોજિનીના મહાલયમાં ભોંયરૂં બનાવવાનું કામ કર્યું હતું અને જેઓ અહીં મારાનું કામ બજાવતા હતા તેઓ બોલ્યા: "પણ મહારાજ! આપના ઔદાર્યની અમે કેટલીક સ્તુતિ કરીએ?"

અત્યંત શોકાતુર વદને અલકકુમારીએ પૂછ્યું: "કાકા સાહેબ! આપ મારી માતાનો મૃતદેહ અહીં છે એમ કહો છો, તો તે કયાં છે?"

એક ઓરડી તરફ આંગળી કરીને કારભારી બોલ્યો: "દિકરી! તે પેલી ઓરડીમાં છે. જો તને તેનું છેવટનું દર્શન કરવાની ઇચ્છા હોય, તો ચાલ, દર્શન કર!" એમ કહીને તેણે જે તરફ આંગળી કરી હતી, તે તરફ તે જવા લાગ્યો. સઘળાં તેની પાછળ પાછળ ચાલ્યાં. કારભારીએ ધીમેથી દ્વાર ઉઘાડયું. તે ઓરડીમાં એક બિછાનાપર તેનું મુડદું પડેલું હતું.

તે હમેશાં જે વસ્ત્રો પહેરતી હતી, તે જ વસ્ત્રો અત્યારે તેનાં અંગ ઉપર હતાં. તેનો ચહેરો તદ્દન કાળો પડી ગએલો હતો. અલકકુમારીએ એકદમ આગળ ધસી જઇને તે મૃતદેહને આલિંગન કર્યું! પોતાની માતાને માટે તે શોક કરવા લાગી. તેની આંખમાંથી મોટાં મોટાં અશ્રુબિંદુઓ પડવા લાગ્યાં. તેની પાસે જ વીરોત્તમ ઉભો હતો. જે ચહેરો તેણે પુષ્કળ વર્ષો પૂર્વે જોયો હતો, જે જીવતી કે મરણ પામેલી સ્થિતિમાં પોતાના જોવામાં આવશે એવી કલ્પના પણ એક પ્રહર પૂર્વે તેના મગજમાં નહોતી, તેના મૃતદેહની પાસે એ મહાવીર વીરોત્તમ અત્યારે ઉભો હતો! પછી કારભારીએ તે મુડદા તરફ હાથ કરીને સઘળાં સ્ત્રી પુરૂષોને કહ્યું: "ભાઇઓ અને બાઇઓ! આ જુઓ—અભૂતમલની પત્ની આ સ્થળે ગતપ્રાણ થઇને પડેલી છે!

તેને સદ્ગતિ પ્રાપ્ત થાય, તેટલા માટે આપણે સઘળાં પરમેશ્વરની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ !”

જે ઉદાર સ્ત્રીએ પોતાના જીવ બચાવ્યા હતા, તે એ ભભૂતમલની સ્ત્રી જ હતી, એ તેઓના જાણવામાં અત્યારે જ આવ્યું. જે સ્ત્રી પુષ્કળ વર્ષો પૂર્વે મરણ પામી હોવાની લોકોની કલ્પના હતી, અને જેનાં અસ્થી ઉપર સમાધિ પણ બાંધવામાં આવી હતી, તે સ્ત્રી ખરેખર આજે મરણ પામી હતી. તેઓએ થોડાં સ્તોત્રોમાં પ્રભુપ્રાર્થના કર્યા પછી વીરોત્તમ બોલ્યોઃ “ આ સ્ત્રીના મૃતદેહને આજે જ રાતોરાત અગ્નિસંસ્કાર થવો જોઇએ. વારૂ ત્યારે, હવે હું મારા સ્થાને પાછો જઉં છું. હું પુનઃ અનાજ અને મજુરોને લઇને થોડી જ વારમાં પાછો ફરીશ અને એ મૃતદેહને અગ્નિસંસ્કાર કર્યા પછી તે મોટી સમાધિ તોડાવી નાંખીને તેનાં અસ્થિપર નવી સમાધિ બંધાવીશ. અલકકુમારી ! બ્હેન ! તું અહીં જ રહે. તારે જે કાંઇ પૂછવું હોય તે આ કારભારીને પૂછજે, એટલે હું પાછો આવું ત્યાંસુધીમાં તે તને સઘળું નિરાંતે કહી સંભળાવશે. હવે માત્ર અર્ધા પ્રહરની અંદર હું અહીં આવીને તમને સર્વને આ અજ્ઞાતવાસમાંથી મુક્ત કરીશ.” એમ કહીને તેણે સૌની ઉપર એક વાર નજર કરી. સૌએ મોટા આદરથી માથું હલાવીને તેના કથનને સંમતિ આપી. થોડી જ વારમાં હવે પોતે મુકત થશે એ સાંભળીને કેટલાક રડવા લાગ્યા અને કેટલાક હર્ષોન્મત્ત થવા લાગ્યા, તથા કેટલાક અંતઃકરણપૂર્વક ઇશ્વરની સ્તુતિ કરવા લાગ્યા. એ સર્વમાં તેજસીંગ અને દાનસીંગ એ બન્નેને અતિશય આનંદ થયો.

પછી વીરોત્તમ ત્યાંથી એકલો જ બહાર નીકળ્યો. અલકકુમારી ત્યાં જ રહી. કેટલાકોએ ભોંયરામાંથી તેની સાથે જવા ઇચ્છા દર્શાવી, પરન્તુ તેણે કોઇને સાથે આવવા દીધા નહિ.

વીરોત્તમ ત્યાંથી બહાર નીકળીને મહાકાળીની મૂર્ત્તિ પાસે આવ્યો. તેને અત્યંત દુઃખ થયું હતું. તેણે પોતાના મનને શાન્ત કરવાના હેતુથી ત્યાં આવેલી મૂર્તિ તરફ જોયું, પણ એટલામાં ત્યાં પુષ્કળ માણસો આવતાં હોવાનું તેના જાણવામાં આવ્યું. જે તરફથી એ આવતાં હતાં તે તરફ તેણે જોયું, તો કેટલાંક હથિયારબંધ માણસો ત્યાં આવતાં હોવાનું તેના જોવામાં આવ્યું. તેમાંના બે ત્રણના હાથમાં મશાલો હતી. એ નવા સિપાઇઓમાંના કેટલાકની નજર વીરોત્તમપર પડી અને તેમણે તેને તુરત જ ઓળખી લીધો !

જે માણસે તેમના પર ભૂખમરાનો વખત આણ્યો હતો, જે

માણસે તેમને કિલ્લામાં કેદ પૂર્યાં હતાં, જેણે તેમના હાલ-બેહાલ કરી નાંખ્યા હતા, જેના હાથમાં આવતી કાલે કિલ્લો સોંપી દીધા વિના ચાલે તેમ ન હોતું, તે જ તેમનો કટ્ટો વૈરી તેમની આંખો સામે એકલો જોવામાં આવતાં, પછી શું પૂછવું? તેનું વેર લેવાને સઘળા તેના પર એકદમ તૂટી પડ્યા!

આ નાની ટોળીનો આગેવાન કાલિકાપ્રસાદ હતો. વીરોત્તમને જોતાં જ તે બૂમ પાડી ઉઠ્યોઃ "કોણ? વીરોત્તમ અહીં આવ્યો? એટલે? એનો અર્થ શો?"

પણ આ વખતે કાલિકાપ્રસાદ અહીં ક્યાંથી આવ્યો તે આપણે જોઇએ. આવતી કાલનું પ્રભાત થતાં જ કિલ્લો વીરોત્તમને હવાલે કરવો પડે તેમ હતું. પછી તે પોતાનું વૈર વાળ્યા વિના રહેશે નહિ, એવી કાલિકાપ્રસાદની ખાત્રી હતી. તેથી તે વીરોત્તમ પાસે જવાને ખુશ નહોતો. ગમે તેમ થાય, પણ આજ રાત્રે કિલ્લામાંથી બહાર નીકળી જવું, એવો તેણે નિશ્ચય કર્યો હતો. મારવું કે મરવું એવા સોગંદ લેવરાવીને પચાસ માણસોને તેણે પોતાની સાથે લેવાને તૈયાર કર્યા હતા. કાલે કિલ્લો વીરોત્તમના હાથમાં ગયા પછી તે આ કિલ્લાની તપાસ કરે, તે વખતે મહાકાળીની મૂર્તિ અને તેની નીચેનું ભયંકર યંત્ર એ તેના જોવામાં આવે, અને પછી ચ્હીડાઇને તે પોતાને ગમે ત્યાંથી પકડાવી મંગાવી જીવ લે, એવું તેને લાગવાથી પોતાને હાથે જ તે મૂર્તિનો અને યંત્રનો નાશ કરવાના હેતુથી તે ત્યાં આવ્યો હતો. વીરોત્તમને જોતાં જ બધા સિપાઇઓ તેનાપર ધસ્યા. શત્રુ પોતા ઉપર ચડી આવે છે એવું જોતાં જ વીરોત્તમે હાથમાંનો દીવો નીચે મેલ્યો અને જેવો તે તલવાર ઉગામવા જતો હતો તેવો જ એકાએક તેનો પગ લપસી ગયો અને તે નીચે પડ્યો! તેના શત્રુઓએ એકદમ હલ્લો કરીને તેની તલવાર લઇ લીધી! તેના ટુકડે ટુકડા કરી નાંખવાના હેતુથી તે સિપાઇઓએ પોતાની તલવારો ઉંચી કરી, પણ એટલામાં કાલિકાપ્રસાદ મોટેથી બૂમ મારીને બોલ્યોઃ "મિત્રો! એને એવી રીતે મારો નહિ! તેને આપણી દેવીનું છેલ્લું બળિદાન બનાવી દો! એ નીચનું કાલિકાને બળિદાન જ દેવું જોઇએ!!"

સઘળા સિપાઇઓને એ વાત પસંદ પડી, અને તેમણે પોતાના હાથ નીચા નમાવ્યા, પણ વીરોત્તમ તેથી બિલકુલ ગભરાયો નહિ. તેણે કાલિકાપ્રસાદ અને કાલિકાની મૂર્તિ તરફ એક વાર તિરસ્કારથી જોયું; પણ એ વખતે કાલિકાપ્રસાદ તેનાથી શામાટે બ્હીએ? તે

બોલ્યો: "ચાલો ઉતાવળે, એ કામ કરવામાં વિલંબ થવો જોઇએ નહિ. ચાલો, કોઇ જલ્દી દીવો લઇ આવો! હવે માત્ર એક ક્ષણમાં આ કાલિકા પોતાના શત્રુને પોતાના ઉદરમાં સમાવી લેશે!"

એવું બોલતાં કાલિકાપ્રસાદે પણ વીરોત્તમ તરફ તિરસ્કારથી જોયું. પછી તેણે મૂર્તિની પાસે જઇને યંત્ર કેવી રીતે ચાલુ કરવું તે પોતાના એક સિપાઇને સમજાવ્યું; અને પોતે કહેતાંની સાથે જ યંત્રનો દબાવીને પકડેલો દાંડો એકદમ છોડી દેવો એવું તેને કહી રાખ્યું. પછી તેણે આગળ આવીને મૂર્તિના પેટનું દ્વાર ઉઘાડયું. એ સંબંધી વિશેષ વર્ણન વાચકના જાણવામાં હશે જ.

મૂર્તિનું પેટ ઉઘડયા પછી કાલિકાપ્રસાદ બૂમ મારીને બોલ્યો: "હમણાં થોભો! અંદર સઘળી છરીઓ બરાબર છે કે નહિ, આંખો ફોડવાના સોયા બરાબર તીક્ષ્ણ છે કે નહિ, બળિદાનને સંપૂર્ણ વેદના થશે કે નહિ, તેની હું પૂરેપૂરી ખાત્રી કરી લઉં છું! અરે એ કાણિયા! થોભ; હવે માત્ર એક ક્ષણમાં જ તારી બીજી આંખ પણ ફૂટી જશે!" એમ બોલીને કાલિકાપ્રસાદે વિકટ હાસ્ય કર્યું.

વીરોત્તમની એક આંખ તે વખતે ક્રોધથી લાલ થઇ ગઇ હતી. તે જો એ વખતે છૂટો થયો હોત, તો કેવડો મોટો અનર્થ કરત એ કહેવું અશક્ય છે! મહાકાળીના ભકતોએ તેને મજબૂત રીતે પકડી રાખ્યો હતો, તોપણ હવે પછી શું કરવું તે તેણે મનમાં પૂર્ણપણે યોજી રાખ્યું હતું. બરાબર લાગ આવ્યે એકદમ જોર કરીને તેમના હાથમાંથી કેવી રીતે છૂટવું, તલવાર કોના હાથમાંથી ખૂંચવી લેવી, એ સંબંધી વિચાર તેણે બરાબર ગોઠવી રાખ્યો હતો.

કાલિકાના ઉદરમાંનું યંત્ર બરાબર ગોઠવાએલું છે એ કાલિકાપ્રસાદ સારી પેઠે જાણતો હતો; પરન્તુ જે કાંઇ થોડો વખત વીરોત્તમ જીવતો રહે તેટલો વખત તેને બ્હીવરાવીને પોતે આનંદ પામવો, એવો તેનો હેતુ હતો! ગમે તેવો વીર હોય, તોપણ તે આ યંત્રથી બ્હી જશે જ, એવી તેની પૂર્ણ ખાત્રી હતી તે ખાસ અંદર વાંકો વળીને અંદરનાં હથિયારો તરફ બારીકીથી જોતો હતો.

પણ એટલામાં જેવી રીતે વાઘ પોતાના શિકારના પ્રાણી ઉપર તલપ મારે છે, કિંવા શિકારી કૂતરો સામે ઉભેલા હરણ ઉપર ફાળ ભરે છે, તે પ્રમાણે એક સ્ત્રી તે સ્થળે ફાળ ભરતી આવી! તેનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઇ ગએલાં હતાં તેને એક હાથે તે સંભાળતી હતી. એ સ્ત્રી બીજી કોઇ નહિ, પણ દાનવીરરાયની પુત્રી અને વીરોત્તમની



તે સાહસિક બાળાએ કાલિકાપ્રસાદને જોરથી મૂર્તિના પેટમાં ધક્કો માર્યો !
(પૃષ્ઠ ૨૪૫).

ભાણેજી લલિતાદેવી અથવા શાક્ત મંડળમાં પ્રસિદ્ધ થએલી રમણી કિંવા જમની જ હતી !

તેની તરફ કોઇની પણ નજર જાય તે પહેલાં અને તેને કોઇ પણ પિછાણી શકે તે પહેલાં તે કાલિકાની મૂર્તિની સમક્ષ આવીને ઉભી રહી. એ વખતે કાલિકાપ્રસાદે પોતાનું ડોકું દેવીના ઉદરમાં ઘાલેલું હતું. તેણે પાછું વાળીને ક્રોધથી તે સ્ત્રી તરફ જોયું ન જોયું, ત્યાં તો એક ક્ષણનો પણ વિલંબ નહિ કરતાં તે સાહસિક બાળાએ કાલિકા-પ્રસાદને જોરથી મૂર્તિના પેટમાં ધક્કો માર્યો !

થઇ ચૂક્યું ! એક ક્ષણનું જ કામ ! તે નીચ રાક્ષસ તે મૂર્તિના કબજામાં પૂરેપૂરી રીતે સપડાઈ ગયો; કારણકે લલિતાદેવી કાલિકાપ્રસાદ તરફ જાય છે, એ જોતાં જ તેના રક્ષણાર્થે જવાને યંત્રનો દાંડો પકડીને ઉભો રહેલો માણસ એકદમ દાંડો છોડી દઇને આગળ દોડી આવ્યો હતો ! દાંડા ઉપરનો તે સિપાઇનો હાથ ઢીલો પડતાં જ યંત્ર એકદમ શરૂ થયું ! ! દ્વાર બંધ થયું અને મૂર્તિના ઉદરની અંદર સપડાએલા કાલિકાપ્રસાદનું બૂમરાણ શરૂ થયું ! ! !

એ વખતે એક લલિતાદેવી વિના સર્વ કોઇને અતિશય દુઃખ થયું. તે તેના તરફ તિરસ્કારથી હાથ લંબાવીને અને સર્વ લોકોને સંબોધીને બોલીઃ " એ જ નરપશુએ બળાત્કાર કરીને મારા કૌમાર્યને ભ્રષ્ટ કર્યું હતું ! ! ! "

તેના એ શબ્દો પૂરા થયા, એટલામાં તે બધી જગ્યા વીરોત્તમના સિપાઇઓથી ભરાઇ ગઈ !

વીરોત્તમે બરાબર એક ઘટિકાની અંદર પોતે પાછો ન ફરે તો સેનાપતિને સૈન્યની સાથે તે ભોંયરામાં લઇ આવવાનું ચોકીદારને ફરમાવ્યું હતું, તે પ્રમાણે સેનાપતિની સાથે એ સૈનિક બરાબર અણીને વખતે ત્યાં આવી પહોંચ્યો હતો !

આ બાજુએ પોતાના સર્વ અપરાધોને યોગ્ય શિક્ષા તે નીચ કાલિકાપ્રસાદ ભોગવતો હતો, એટલામાં વીરોત્તમ છૂટો થયો ! કાલિકા-પ્રસાદને કાલિકાના ઉદરમાં ધકકેલી દેવામાટે લલિતાદેવીને કિલ્લામાંના શાક્તોએ કેદ કરી હતી, તેઓના હાથમાંથી વીરોત્તમના સિપાઇઓએ તેને છોડાવી લીધી અને તેમણે સઘળા શાક્તોને કેદ કર્યા.

એટલી વારમાં તે ભયંકર યંત્રે પોતાનું કાર્ય સમાપ્ત કર્યું હતું ! મૂર્તિની નીચેનું જાળીવાળું દ્વાર ઉઘડ્યું અને આંધળો થએલો, ચીરાઇ ગએલી ચામડીવાળો, રક્તથી તરબોળ બની ગએલો—તોપણ જીવતો

એવો તે કાલિકાપ્રસાદ ધડાક દેતો નીચેના ચક્રયંત્રપર પડ્યો ! ! તે સાથે જ તે ચક્રો જોરથી ફરવા લાગ્યાં. તેના શરીરના માંસના લચકા કપાઇ કપાઇને નીચેનાં ચક્રોપર પડવા લાગ્યાં, અને એવી રીતે તે નીચ-પશુવૃત્તિવાળા કાલિકાપ્રસાદના રાઇ રાઇ જેવડા ટુકડા બની, તે નીચે વહેતા પાણીના પ્રવાહમાં ઘસડાઇ ગયા ! ! !

પ્રકરણ ૪૩ મું.

યોગ્ય બદલો.

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટના બન્યા પછી બે ઘડીની અંદર એ કિલ્લાની અંદર પુષ્કળ ફેરફારો થઇ ગયા. શ્યામગઢ ઉપર મહારાણી-ના નામથી અને સંગમપુર તરફથી ભભૂતમલનું નિશાન ફરકતું હતું, તે ઉતારી નાંખવામાં આવ્યું હતું અને તેને સ્થાને વીરોતમનું નિશાન ફરકવા લાગ્યું હતું, અને વીરોત્તમની છાવણીમાંથી અનાજનો મોટો જથો કિલ્લામાં લાવીને તે ભૂખે મરતા લોકોને વહેંચી આપવાનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું.

કિલ્લામાંના મુખ્ય મુખ્ય લોકો નજરકેદ હતા અને તેઓની ઉપર વીરોત્તમના સિપાઇઓનો પહેરો મેલવામાં આવ્યો હતો. જે લોકો ભભૂતમલને સહાય કરવાને માટે ત્યાં આવ્યા હતા, તેઓને અને લગ્નસમા-રંભ માટે એકઠી થએલી સ્ત્રીઓને પણ તેઓની તપાસ કરવામાં આવે ત્યાંસુધી ત્યાં જ નજરકેદમાં રહેવું પડયું હતું.

કાલિકાને બળિદાન તરીકે અર્પણ કરવામાં આવેલાં જે માણસો બચેલાં હતાં તેઓને એક ઉત્તમ દિવાનખાનામાં જગ્યા કરી આપ-વામાં આવી હતી.

લતિકાદેવીને પણ તેના મામાના હુકમથી કેદ કરવામાં આવી હતી, પણ તે પોતાની ઓરડીમાં આનંદથી બેઠી હતી. પોતાના વૈરીનું વૈર લેવાની તક પોતાને મળી ગઇ, તેથી તેના મનનું અતિશય સમાધાન થયું હતું !

સૂર્યોદય થવાને થોડી વાર હતી. ઉષઃકાળ થયો હતો. એક ઉત્તમ દિવાનખાનામાં વીરોત્તમ, તેની પુત્રી અલકકુમારી અને વૃદ્ધ કારભારી હનુમંતસિંગ એ પ્રમાણે ત્રણ જણાં બેઠાં હતાં. વીરોત્તમે પોતાને હાથે ત્રણ ચીઠ્ઠીઓ લખી હતી તેમાંની એક તેણે શૂરસેન ઉપર, બીજી સ-જ્જનસીંગ ઉપર અને ત્રીજી દાનવીરરાયના કિલ્લાના ખંડેરમાં એવી

રીતે ત્રણ જાસુસો સાથે મોકલી હતી. તેવી જ રીતે વીરોત્તમે બીજો એક જાસૂસ પોતાની છાવણીમાં મોકલીને ભભૂતમલને મોટા બંદોબસ્ત સાથે કિલ્લાની અંદર પોતાની પાસે મોકલવાનું ફરમાવ્યું હતું. અત્યારે તે ત્રણે જણાં તેના આગમનની પ્રતીક્ષા કરતાં બેઠાં હતાં.

થોડી જ વારમાં કેટલાક સૈનિકો ભભૂતમલને લઇને ત્યાં આવ્યા. પોતાનો કિલ્લો વીરોત્તમના હાથમાં છે, એ તેના જાણવામાં આવી ગયું હતું. ભોંયરાને માર્ગે થઇને વીરોત્તમ કિલ્લામાં પેઠો એ વાત પણ તેને કાને આવી ચૂકી હતી; તેથી વીરોત્તમે કાલિકાની મૂર્તિ અને ત્યાંનું પેલું ભયંકર યંત્ર એ સઘળું જોયું જ હશે, એવી તેની ખાત્રી હતી. આજસુધી પોતે જે પ્રમાણે ક્રૂરતાથી સેંકડો લોકોના જીવ લીધા, તે પ્રમાણે આજે પોતાનો પ્રાણ પણ વીરોત્તમ એ જ રીતે લેશે એવી તેને બીતિ લાગતી હતી. પણ તે કાંઈ બ્હીકણ પુરૂષ નહોતો; તેથી તે જરાએ ન ડરતાં હિમ્મતથી વીરોત્તમની સામે આવીને ઉભો રહ્યો.

તે અંદર આવતાં જ અલકકુમારીપર તેની નજર ગઇ, અને પોતાને પુરૂષના વેશમાં કેદમાંથી છોડાવનારી તે એ જ એવું તેણે તુરત જાણી લીધું. તેમ જ પોતાના પુત્રની નજર તેના ઉપર લાગેલી છે એવું એક વાર કાલિકાપ્રસાદે તેને કહ્યું હતું તેનું પણ તેને સ્મરણ થયું; પણ તે આ વખતે પોતાના કિલ્લામાં કેવી રીતે અને શામાટે આવી એ તેના સમજવામાં આવ્યું નહિ. વળી તે વીરોત્તમની પાસે જ બેઠી હતી, તેથી પણ તેને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થયું. તે ઉપરાંત પોતાના કારભારી હનુમંતસિંગને તેની પાસે બેઠેલો જોઇને ભભૂતમલના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ !

ત્યાં ઉભેલા પહેરેગીરોને આંખની ઇશારતથી બહાર જવાનું કહીને વીરોત્તમે ભભૂતમલને એક આસન ઉપર બેસવાનું કહ્યું. પોતાને માટે જ મૂકવામાં આવેલા એ આસનપર ભભૂતમલ બેઠો અને બારીક નજરથી તે પોતાના કારભારી તરફ અને અલકકુમારી તરફ જોવા લાગ્યો. પોતાને અહીં શામાટે લાવવામાં આવ્યો છે, તે એ બન્નેના ચહેરા ઉપરથી જાણી શકાય છે કે નહિ એ જોવાનો તેનો વિચાર હતો; પણ તેનો કારભારી તો તેની તરફ જોતો જ નહોતો. જે માલેકની તેણે આટલાં વર્ષોસુધી નોકરી કરી હતી તેની તરફ આવી સ્થિતિમાં તેનાથી જોઇ શકાતું નહોતું. અલકકુમારીના મન ઉપર ગઇ રાત્રિએ બનેલા બનાવનું વિલક્ષણ પરિણામ થયું હતું. ભભૂતમલ ઉપર કૃપા

કરવી, એવી મુખમુદ્રાથી તે વીરોત્તમની તરફ જોઇ રહી હતી.

એ પ્રમાણે કેટલીક વારસુધી સઘળાં સ્તબ્ધ બેસી રહ્યાં. પછી વીરોત્તમ બોલ્યોઃ "સરદાર ભભૂતમલ! તમારા જાનને જરા પણ હરકત કરવામાં આવશે નહિ, એવું હું તમને પહેલેથી જ આશ્વાસન આપું છું. તમારો વાંકો વાળ પણ હું કરીશ નહિ એ ખરૂં, પણ તે સાથે જ મારે એટલું પણ જણાવી દેવું જોઇએ કે હવે પછી તમારે હાથે પહેલાંના જેવા ઘોર અપરાધો થવા પામે નહિ એવો બંદોબસ્ત મારે કરવો જોઇએ. તમારૂં હવે પછીનું ભવિષ્ય હું તમને કહી ચૂક્યો છું."

તે વીર પણ કેદમાં પડેલો ભભૂતમલ બોલ્યોઃ "એવી રીતે જીવતા રહેવા કરતાં મરણ જ વધારે સારૂં છે!"

વીરોત્તમ ગંભીરપણે બોલ્યોઃ "એમ અવિચારપૂર્વક બોલી નાંખો નહિ! હું જે કાંઇ કહું છું તે બરાબર સાંભળી લો. કોઇ પણ માણસ સર્વગુણસંપન્ન હોઇ શકતો નથી. જો કોઇને હાથે જુવાનીમાં મૂર્ખપણાથી કાંઇ અન્યાયનાં કાર્યો થયાં હોય છે, તો કોઇ કોઇ વાર વૃદ્ધાવસ્થામાં તેને તે માટે બહુ પશ્ચાત્તાપ પણ થાય છે. એવા બનાવો કાંઇ જગતમાં નથી બનતા એમ હોતું નથી."

"ઠીક, ઠીક! એ **परोपदेशे पाण्डित्यम्** સારૂં ચલાવવા માંડ્યું છે!" ભભૂતમલે ઉચ્છૃંખલતાથી જોકે એવું કહ્યું, તોપણ તેના મન ઉપર વીરોત્તમના શબ્દોની અસર થઈ હતી, પણ તે અસર ખુલ્લી રીતે દર્શાવવી નહિ એવી તેની ઇચ્છા હતી.

વીરોત્તમ બોલ્યોઃ "સરદાર ભભૂતમલ! મને સમય નકામો ગાળવાની સગવડ નથી; પણ તમને પહેલાં એટલું કહું છું કે જે સ્ત્રી મરી ગઇ હોવાને ચૌદ પંદર વર્ષો થઈ ગયાં એવું તમે કહેતા હતા, તે સ્ત્રી—"

અતિશય દુઃખથી વ્યાપ્ત થઇને ભભૂતમલ બોલ્યોઃ "કોણ? મારી સ્ત્રી?" પછી કાંઇ સંશય આવવાથી તેણે પોતાના કારભારીને કહ્યુંઃ "લુચ્ચા! તેં આપણી ગુપ્ત વાર્તા ખુલ્લી કરી કે શું?"

ગંભીર વાણીથી પ્રતાપી વીરોત્તમ બોલ્યોઃ "અકસ્માત્–કેવળ દૈવયોગે તે હકીકત મારા જાણવામાં આવી ત્યાંસુધી આ આપના વૃદ્ધ કારભારીએ મને કાંઇ જ કહ્યું નહોતું! પણ પાછળથી સઘળી વાત મારા સમજવામાં આવી ગઇ. તેટલામાટે તમારે તમારા આ ભલા કારભારી ઉપર કાંઇ જ આળ મેલવું જોઇતું નથી. તમને પણ હું એક એવી વાત કહેવાનો છું કે તે સાંભળીને તમને બહુ આશ્ચર્ય થશે! સુમારે

તેર—ચૌદ વર્ષો પૂર્વે જે સ્ત્રી મરણ પામી એવું તમે પ્રસિદ્ધ કર્યું છે, જેના અસ્થિ ઉપર તમે સમાધિ બંધાવીને તે ઉપર મમતાપૂર્ણ શિલાલેખ કોતરાવ્યો છે, તે તમારી સ્ત્રી ગઇ કાલસુધી જીવતી હતી. તે હજી ગઈ કાલે જ મરણ પામી છે!"

આ વાત કાને પડતાં જ તે સરદારના મન ઉપર વિલક્ષણ અસર થવા પામી. કેટલીક વારસુધી તો વીરોત્તમના મુખ તરફ ભભૂતમલ તાકી જ રહ્યો. છેવટે તેના મનમાં કાંઈ વિચાર ઉત્પન્ન થવાથી તે પોતાના આસનપરથી ઉભો થઇને બોલ્યોઃ "હા! હવે હું સઘળું સમજી ગયો; વીરોત્તમ! તમારૂં કહેવું ખરૂં છે. આ હનુમંતસિંગે જ મારી સાથે આજસુધી ઠગાઇ ચલાવી છે. તેણે તેનો જીવ બચાવ્યો હશે. વિષયમલના વેવીશાળ વખતે મેં તેને ત્યાં જોઇ હતી તે તેનું ભૂત નહિ પણ તે પ્રત્યક્ષ જ હતી!" એ શબ્દો બોલતી વખતે તેનું આખું શરીર થર થર કંપતું હતું. પછી તે પુનઃ આસનપર બેઠો!

તેને શાન્ત કરવાને વીરોત્તમ બોલ્યોઃ "ભભૂતમલ! શાન્ત થાઓ! તે બિચારી નિર્દોષ હતી, એવું હું ઇશ્વરના સોગંદ ખાઇને ખરેખરૂં કહું છું. તે બિચારી કાલે મરી ગઇ છે અને એક વાર મારે પણ મરવાનું તો છે જ!"

ભભૂતમલ બોલ્યોઃ "મારા મનમાં હવે બીજો જ એક વિચાર ઘોળાય છે. પૂર્વે બનેલા બનાવનું જ એ ભવિષ્યનું પરિણામ હોવું જોઇએ. વીરોત્તમ! લગ્ન પૂર્વે મારી પત્ની ઉપર તમારો પ્રેમ હતો કે?"

અતિશય દુઃખથી વીરોત્તમ બોલ્યોઃ "હા! તેના ઉપર મારો અતિશય પ્રેમ હતો. અમે બન્ને પરસ્પર કેવી પ્રીતિ ધરાવતાં હતાં તે તો એક પરમેશ્વર જ માત્ર જાણે છે! ભભૂતમલ! હું સોગંદપૂર્વક તમને કહું છું કે લગ્નની પહેલાં જે થયું, તે થયું, પણ તેનું અને તમારૂં લગ્ન થયા પછી તેની સાથે મારો કોઇ પણ પ્રકારનો ખરાબ સંબંધ નહોતો; એમ હોવા છતાં તમે તે બિચારીને અવિચારપૂર્વક નકામું દુઃખ દીધું છે!"

કંપતે શરીરે જ ભભૂતમલ બોલ્યોઃ "અરેરે! હાય! હાય! તે નિર્દોષ હતી કે? ત્યારે હું કેવડો મોટો મૂર્ખ? મારા એકના એક પુત્રની માતા ઉપર મેં કેવો ભયંકર પ્રસંગ આણ્યો! એવી રીતે મેં મારી સમજ પ્રમાણે તેનો ઘાત કર્યો હોવા છતાં તે જીવતી રહી, એ ઇશ્વરનો કેવડો મોટો ઉપકાર?"

વૃદ્ધ હનુમંતસિંગ તરફ પ્રેમથી જોતાં વીરોત્તમ બોલ્યોઃ "તે

જીવતી રહી, તે માટે આપણે ઇશ્વરના જેટલો જ આભાર આ હનુમંત-સિંગનો પણ માનવો જોઇએ ! ભભૂતમલ ! હું જાણું છું એવી પુષ્કળ વાતો હજી મારે તમને કહેવાની છે ! તે સઘળી વાતો હું તમને અત્યારે ને અત્યારે કહી શકું તેમ નથી. ધીમે ધીમે એ વાતો આપો-આપ તમારા જાણવામાં આવશે. હું પણ હજી સઘળી વાત જાણતો નથી. આ વૃદ્ધ કારભારી જેટલું જાણે છે તેટલું એ પહેલાં કહેશે; પછી તેનો પૂર્વસંબંધ હું કહી સંભળાવીશ; પણ અત્યારે આપણે એક બીજું અતિ અગત્યનું કામ કરવાનું છે. તમારાં પત્નીનું મુડદું હજી એમ ને એમ પડી રહેલું છે અને તેને હજી અગ્નિસંસ્કાર કરવાનો છે. ”

તદ્દન ગંભીર અને કંપિત સ્વરે ભભૂતમલ બોલ્યો: “ લગ્ન પૂર્વે તેના પર તમારો પ્રાણાધિક પ્રેમ હતો એ હું જાણું છું; કારણ-કે તેના પૂર્વેના અપરાધોની તેને ક્ષમા આપીને પછી જ મેં તેની સાથે લગ્ન કર્યું હતું; પણ પછીથી મને એવી શંકા આવી કે તે વ્યભિચારિણી હોવી જોઇએ; અને છેવટસુધી મારી તેવી જ કલ્પના રહી હતી. તે વખતે મેં જે કાંઇ જોયું હતું તે ઉપરથી મારા મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ હતી, અને તેથી તેના સંબંધમાં કાંઇ જ વધારે ચોકસી નહિ કરતાં મેં તેને દેહાંતશિક્ષા માટે આ હનુમંતસિંગને સોંપી હતી. પણ વીરોત્તમ ! તમે આજે પ્રતિજ્ઞા લઇને કહો છો કે તે નિર્દોષ છે, ત્યારે હું તમારા એ શબ્દોપર વિશ્વાસ રાખું છું. મને મારા એ અઘોર કર્મને માટે હવે પશ્ચાત્તાપ થાય છે. હું હવે તેની સર્વ ક્રિયા વિધિપૂર્વક જ કરીશ ! ”

વીરોત્તમે આનંદથી અને સન્માનપૂર્ક કહ્યું: “ ભભૂતમલ ! તમને પશ્ચાત્તાપ થાય છે એ જોઇને મને બહુ જ આનંદ થાય છે. અગ્નિસંસ્કાર માટેની સઘળી તૈયારી કરી રાખવામાં આવી છે. પણ જરા થોભો ! સુલક્ષણાબાઇના ભાઇને–શૂરસેનને બોલાવવાને મેં દૂત મોકલ્યો છે તે થોડી જ વારમાં આવી પહોંચવાનો સંભવ છે. તેને પણ પોતાની બ્હેનનું છેવટનું દર્શન મળે તો ઠીક એવું હું ઇચ્છું છું. તે આવે ત્યાંસુધીમાં આ બાળા મારી પાસે બેઠી છે તેના સંબંધી થોડીએક હકીકત હું તમને કહેવાનો છું. ” એમ કહીને વીરોત્તમે અત્યંત મમત્વથી અલક તરફ જોયું. તેની આંખોમાંથી એ વખતે આંસુ પડતાં હતાં.

વીરોત્તમ બોલ્યો: “ ભભૂતમલ ! જેણે તમને, વિજયસિંહને

અને શૂરસેનને કેદમાંથી મુક્ત કર્યા હતા, તે આ પ્રત્યક્ષ મારી પુત્રી છે, સુલક્ષણાબાઇનું એ પહેલું સંતાન—”

ભભૂતમલ ચકિત થઇને બોલ્યો: “ મહાકાળીનો જય ! મારા પુત્રનો તેના ઉપર અત્યંત પ્રેમ હતો, અને કદાચ તેણે તેની સાથે લગ્ન પણ કર્યું હોત ! પણ એવું થયું નહિ તે માટે પરમેશ્વરનો અત્યંત ઉપકાર માનવો જોઇએ. અરે ! પણ પોતાની માતા વિષેની આ હકીકત જ્યારે વિષયમલ જાણશે, ત્યારે તે શું કહેશે ? મારો તિરસ્કાર–ધિક્કાર જ તે કરશે ! આ સર્વ હકીકત જો—”

વીરોત્તમ બોલ્યો: “ આ સર્વ હકીકત તેને જણાવ્યા વિના બીજો ઇલાજ જ નથી. સુલક્ષણાબાઇ આજસુધી જીવતાં હતાં અને બહુ જ દીન અવસ્થામાં હતાં, એ વાત હવે ઘણાના જાણવામાં આવી ગઇ છે, અને આજ નહિ તો કાલ અથવા કોઇ પણ વખતે તે વિષયમલના જાણવામાં આવ્યા વિના રહેશે નહિ ! ”

થર થર કમ્પતો ભભૂતમલ બોલ્યો: “ તોપણ આજથી લગભગ પચીસ વર્ષ પહેલાં પણ કેટલાંક વર્ષોસુધી હું શાકતોનો મુખ્ય પુરૂષ હતો અને તે મંડળીને માટે સેંકડો મનુષ્યોનું બળિદાન મહાકાળીને અર્પણ કરવામાં આવ્યું છે, એ વાત મારો પ્રાણ જશે તોપણ હું મારા પુત્રને જાણવા દેવાનો નથી ! મારા આ કિલ્લામાં ગુપ્ત ભોંયરાંઓ, ઓરડાઓ વગેરે છે, એ વાત હજી પણ તેના જાણવામાં મેં આવવા દીધી નથી. મારા વડીલે મને આ શાકતોનું પ્રમુખત્વ આપ્યું હતું, અને તેમની પાછળ મેં આજસુધી મારૂં કામ ઉત્તમ રીતે બજાવ્યું છે. આ મંડળીનું મુખ્ય રહસ્ય જે જીવતા મનુષ્યનું બળિદાન દેવા વિષેનું છે તેની વેદના અતિભયંકર છે. મારા મુખે આ વાત મારા પુત્રને હું કહું, તે કરતાં મારા હાથે હું તેનો પ્રાણ લેવાનું વધારે ખુશીથી પસંદ કરૂં ! આજસુધીમાં જે જે બળિદાનો અપાઇ ગયાં છે તેમની નામાવલિ પણ લખી રાખવામાં આવી છે. એ નામાવલિમાં જો તે પોતાની માતાનું નામ—”

વીરોત્તમ બોલ્યો: “ અત્યારે તે માટે વધારે વાટાઘાટ કરવાનું કાંઇ કારણ નથી. મહાકાળીને કેવી રીતે બળિદાન દેવામાં આવે છે, તે તો મેં મારી નજરે જોયું છે. ”

અત્યંત આશ્ચર્યથી ભભૂતમલ બોલ્યો: “ મહાકાળીને કેવી રીતે બળિદાન અર્પવામાં આવે છે એ શું તમે તમારી નજરે જોયું છે ?”

વીરોત્તમ બોલ્યો: “ હા. મેં પ્રત્યક્ષ તે કર્મ જોયું છે. મારા

ઉપર જ એ આફત આવી પડવાની હતી. તે એક નીચ સાધુ—"

"કોણ? કાલિકાપ્રસાદ? તેનું શું થયું ?" ભભૂતમલે પૂછ્યું.

વીરોત્તમ બોલ્યો: "હવે તે કાંઇ જીવતો નથી! તેને પોતાનાં સર્વ પાપોનું યોગ્ય પ્રાયશ્ચિત્ત મળેલું છે! દાનવીરરાયની પુત્રી, મારી ભાણેજી, લતિકાદેવીએ પોતાને હાથે તેનું બળિદાન દીધું છે!"

"આ હું શું સાંભળું છું?" ભભૂતમલ આશ્ચર્યથી બોલ્યો: "તે ગુરૂરાજે—કાલિકાપ્રસાદે તો મને એવું કહ્યું હતું કે તે મરી ગઇ છે, અને એવું કહ્યાને પણ ઘણાં વર્ષો થઇ ગયાં! ત્યારે શું તે હજી જીવે છે?"

કાલિકાપ્રસાદે તમને એવું જૂઠું શામાટે કહ્યું હશે તે હું જાણતો નથી." વીરોત્તમ બોલ્યો: "અને તે વિષે વિચાર કરવાની આપણને જરૂર પણ નથી."

ભભૂતમલ બોલ્યો: "હવે તેનું કારણ મારા ધ્યાનમાં આવ્યું. પણ એ લતિકાદેવી તમારી ભાણેજી કેવી રીતે થઇ?"

વીરોત્તમ બોલ્યો: "એના બાપનો નાશ તો તમે જ કર્યો! હું શાંતિસિંહનો પુત્ર થઉં. મારા વડીલનો ખંડેર થએલો કિલ્લો અહીંથી નજીક જ આવેલો છે, તે તો તમે જાણતા હશો."

"આજે કેટલી બધી નવી વાતો મારા જાણવામાં આવી? વારૂ, પણ આપણે હમણાં શી વાત કરતા હતા?" ભભૂતમલે પૂછ્યું.

તદ્દન શાન્ત મનથી વીરોત્તમ બોલ્યો: "હું પણ એ જ કહું છું. તમે તમારા પુત્રને એ વાત જણાવશો નહિ, એવું તમે કહેતા હતા! તમે જે શાકતોના પ્રમુખ હતા, તે શાકતો સંબંધે વિષયમલને કાંઈ પણ નહિ જાણવા દેવું, એવી તમારી ઇચ્છા છે. પણ ભભૂતમલ! તમે પોતે કદાચ તમારા મુખથી એ હકીકત તેને નહિ કહો, પણ જો લોકો એ વાત તેને કહેશે તો? અને તેવું જ થવાનું. ગઇ રાતે બનેલો પ્રકાર પુષ્કળ લોકોએ જોયો છે. લોકોનાં મ્હોં તમે કેવી રીતે બંધ કરી શકશો? મારા સિપાઇઓ જ્યારે ભોંયરામાં થઇને ત્યાં આવ્યા, ત્યારે તેમણે તે ભયંકર ચક્રયંત્ર, મૂર્તિ, એટલું જ નહિ પણ તેનો ઉપયોગ વગેરે સઘળું પ્રત્યક્ષ જોયું હતું. મેં મારી સાથેના કારીગરોને તે યંત્ર, અને તે મૂર્તિનો નાશ કરવાનો હુકમ પણ કર્યો છે, અને તેઓએ તે કામ શરૂ પણ કર્યું હશે. તો પછી આ વાત આપના પુત્રથી ગુપ્ત રહે એ શું શક્ય છે?"

એ શબ્દો વીરોત્તમ બોલ્યો-ન બોલ્યો એટલામાં બહારથી કોઇએ બારણાને જોરથી ધક્કો માર્યો. વૃદ્ધ હનુમંતસિંગે તુરત ઉઠીને દ્વાર ઉઘાડયું.

એક સિપાઇ ઉતાવળે પગલે અંદર ધસી આવ્યો તેને વીરૌત્તમે પૂછ્યું: "શું છે અલ્યા ?"

જોરથી શ્વાસ ભરતો અને અર્ધું-અર્ધું બોલતો તે સિપાઇ બોલ્યો: "મહારાજ ! કુંવર વિષયમલે-આ સરદાર સાહેબના પુત્રે-હમણાં જ—"

અત્યંત ગભરાઇ જઇને ભભૂતમલ બોલ્યો: "શું કહે છે ? મારા પુત્રે શું કર્યું છે ?"

સિપાઈ બોલ્યો: "તેમણે નાસી જવાનો યત્ન કર્યો. અમારા પહેરેગીરોને તેમણે જખમી કર્યા અને એકનો પ્રાણ પણ લીધો. બીજા એકને તેમણે જમીનપર પાડી દીધો—"

અતિ આતુરતાથી ભભૂતમલે પૂછ્યું: "પછી ? પછી શું થયું ?"

સિપાઇ બોલ્યો: "એટલામાં અમારા એક સિપાઇએ તેમની છાતીમાં ભાલો માર્યો—"

ભભૂતમલ બોલ્યો: "તે મરણ તો નથી પામ્યો ને ? તે માત્ર જખમી થયો, અને તેથી તે મને જણાવવા માટે તું અહીં દોડતો આવ્યો એટલું જ તારે કહેવાનું છે ને ?"

સિપાઇ બોલ્યો: "નહિ, નહિ, તે ભયંકર જખમ વાગવાથી તેમણે સ્વર્ગવાસ કર્યો !"

એક ચીસ નાંખતો ભભૂતમલ એકદમ જમીનપર પછડાયો અને બોલ્યો: "ઓ વિષયમલ ! મારા વ્હાલા પુત્ર ! જય કાલિકા માતા ! મને આ ખરી શિક્ષા થઈ છે ! મારાં પાપોનું મને આ લાયક પ્રાયશ્ચિત્ત-યોગ્ય બદલો મળ્યો છે !!"

એટલામાં દ્વાર ઉઘડ્યું અને શૂરસેન અંદર દાખલ થયો.

પ્રકરણ ૪૪ મું.

અલકકુમારીનો મામો.

શૂરસેન કાંઇ પણ વિચિત્ર હકીકત સાંભળવાને તૈયાર થએલો જ હતો. લડાઇમાં ભભૂતમલની હાર થઇ એ વાત તો તે પહેલેથી જાણી ચૂક્યો હતો. એટલે હવે ભવિષ્યમાં શું કરવું તે વિષે તેણે પોતાના મનથી પાકો નિશ્ચય કરેલો હતો. તેણે પોતાના કિલ્લામાંથી સઘળી રોકડ અને જર જવાહીર લઇને ગુજરાતમાં નાસી જવાનો વિચાર કર્યો હતો; પણ એટલામાં વીરૌત્તમનો દૂત એક પત્ર લઇને તેની પાસે

ગયો. પત્ર ખુદ વીરોત્તમનો જ લખેલો હતો અને તેમાં કાંઇ જરૂરી કામપ્રસંગે તેની મુલાકાતની જરૂર જણાવેલી હતી. શૂરસેન તે પત્ર વાંચતાં અને તે પત્રમાં આપવામાં આવેલું અભયવચન જોતાં જ તે મોટી ઉત્સુકતાથી વીરોત્તમને મળવાને શ્યામગઢમાં આવ્યો હતો. રસ્તામાં દૂતની સાથે તેને કેટલીક વાતચીત થઇ હતી. તેમાં દૂતે ભોંયરામાંના ભયંકર પ્રકારની પોતાને જેટલી માહિતી હતી તેટલી કહી સંભળાવી હતી, પરંતુ તે દૂતના કહેવા ઉપરથી પોતાને વીરોત્તમે શામાટે બોલાવ્યો હતો તે તે જાણી શક્યો નહોતો.

શ્યામગઢમાં આવ્યા પછી વીરોત્તમની સાથે મુલાકાત થતાં સર્વ વાતનો ખુલાસો થવા લાગ્યો, તેમ તેમ તેના મનમાં પુષ્કળ વિચારો આવવા લાગ્યા. અત્યારે આપણને તેની કાંઇ જરૂર નથી. જે કાલિકાનું નામ આખા રાજપૂતસ્થાનમાં ગાજતું હતું, તે શ્યામગઢના ભોંયરામાંથી નીકળી, તે કિલ્લાના ભોંયરામાં પંદર વર્ષસુધી અનેક માણસો આખી દુનિયાથી કેવાં અલગ રહ્યાં હતાં, તેમ જ તેઓને પુનઃ સંસારમાં કેવી રીતે દાખલ કરવામાં આવ્યાં, જેને બધા લોકો મરણ પામેલી સમજતા હતા, તે સ્ત્રી આજસુધી તે ભોંયરામાં કેવી રીતે જીવતી હતી, તેના ઉપર પ્રેમ ધરાવનારો અને તેને માટે પ્રાણાર્પણ કરવાને પણ તૈયાર થનારો જે ગરીબ નોકર હતો તે જ એ વીરોત્તમ અત્યારે આખા રાજપૂતસ્થાનને ગજાવી રહ્યો હતો, તે જ વીરોત્તમથી સુલક્ષણાબાઇને લગ્ન પૂર્વે થએલી પુત્રી અલકકુમારી હતી અને તેણે જ ત્રણે સરદારોને કેદમાંથી કેવા મુકત કર્યા, ભભૂતમલને પુત્રમરણથી તેના પાપનો બદલો કેવો મળ્યો, ઇત્યાદિ વાતો એક પછી એક તેના કાનપર આવવા લાગી, તે સાથે તેના મનની કેવી સ્થિતિ થઈ હશે તેનો વિચાર વાચકે જ કરી લેવો.

આ સર્વ વાત સાંભળીને શૂરસેને અલકકુમારીને પોતાની ભાણેજી કહીને છાતી સરસી ચાંપી. તે ગમે તે રીતે જન્મ પામેલી હોવા છતાં પોતાની બ્હેનની પુત્રી છે, અને તેણે ભારે હિંમતથી પોતાને કેદમાંથી છોડાવ્યો હતો, એ ધ્યાનમાં આવતાં જ તેણે પોતાનો પ્રેમ દર્શાવ્યો. જોકે આજે એક જ દિવસની અંદર પોતાનો પિતા કોણ અને પોતાનો મામો કોણ એ તેના જાણવામાં આવ્યું હતું, તોપણ બિચારી અલકકુમારી બહુ જ ઉદાસ દેખાતી હતી. અત્યારે તેને પેલા બળવંતસિંહનું શું થયું હશે તેની ચિંતા થતી હતી!

પોતાના મનનું આશ્ચર્ય કિંચિત્ ઓછું થયા પછી શૂરસેન બોલ્યોઃ "વીરોત્તમ મહારાજ! આપના ઉપર મારી ભગિનીની ખરી

પ્રીતિ હતી, તેથી, તમે તેની સાથે જે વર્તન ચલાવ્યું હતું, તે માટે હું તમને દોષ આપતો નથી. મને પોતાને પણ એવું જ લાગતું હતું કે બળાત્કારથી કોઇ સરદારની સાથે તેનું લગ્ન કરવા કરતાં જેના ઉપર તેનો ખરો પ્રેમ હતો એવા **વીરોત્તમ** જેવા શૂરા અને નામ કાઢનારા સિપાઇની સાથે તેનું લગ્ન થયું હોત, તો તેને જીંદગીસુધી સુખ થવા પામત, પણ તે વખતે મારા કુળની ઉચ્ચતા મારી આડે આવી! જો તે જ વખતે મેં આપનું અને મારી બ્હેનનું લગ્ન કરી નાંખ્યું હોત તો કેટલું સારૂં હતું?! તો આજનું આ દુઃખ જોવાનો અને સાંભળવાનો પ્રસંગ શું આવ્યો હોત? પણ બની ગએલો બનાવ હવે અન્યથા થઇ શકતો નથી! તેવી જ રીતે **ભભૂતમલ્લને** પણ હું દોષ દેતો નથી. ઇશ્વરે જ તેમને શિક્ષા કરી છે!" એટલું કહીને **શૂરસેને** **ભભૂતમલ્લ** તરફ જોયું, પણ તે બિચારાથી ઉંચું મ્હોં લઇને **શૂરસેન** તરફ જોઈ શકાયું નહિ! તેણે પોતાનું મ્હોં નીચું ઘાલ્યું હતું!!

એટલામાં એક નોકર ત્યાં આવ્યો અને તેણે ખબર આપી કે **સુલક્ષણાબાઇના** અગ્નિસંસ્કારની સઘળી તૈયારીઓ થઇ ચૂકી છે. સૌની આગળ વૃદ્ધ **હનુમંતસિંગ** હતો અને તેની પાછળ **અલકકુમારી**, **વીરોત્તમ**, **ભભૂતમલ્લ** તથા **શૂરસેન** એ ચાર જણ હતાં. ભોંયરામાંના જે ઓરડામાં તેનું મુડદું હતું તે ઓરડામાં સૌ આવી પહોંચ્યાં. **ભભૂતમલ્લે** પંદર વર્ષે પછી પોતાની મૃત પત્નીનું મુખ આજે જોયું! **અલકકુમારી** તો ઝાર ઝાર રડી રહી હતી. વૃદ્ધ **હનુમંતસિંગની** પણ તે જ સ્થિતિ હતી! **વીરોત્તમ** અને **શૂરસેન** પોતાનાં અશ્રુને જેમ તેમ કરીને દબાવી રાખતા હતા, તોપણ તેમની આંખોમાં વારંવાર આંસુ આવતાં હતાં જ અને તે આંસુ તેમને લૂછી નાંખવા પડતાં હતાં! છેવટે તેમણે એ મૃતદેહને બહાર કાઢ્યો. તે વખતે કિલ્લાની જમણી બાજુની ઝાડીમાં બે ચિતાઓ રચવામાં આવી હતી. એક **સુલક્ષણાબાઇ** માટે હતી અને બીજી **વિજયમલને** માટે હતી. **ભભૂતમલ્લે** અત્યંત કષ્ટથી પત્ની તથા પુત્રનાં મૃતદેહોને અગ્નિદાહ દીધો. પછી સૌ સ્નાન કરીને કિલ્લામાં પાછાં ફર્યાં.

અલકકુમારી એક ઓરડામાં સૂવાને ગઇ. બીજા એક ઓરડામાં **ભભૂતમલ્લ** ફડફડતો પડ્યો. **શૂરસેન**, **વીરોત્તમ** અને **હનુમંતસિંગ** એ ત્રણે જણ ત્રીજા એક ઓરડામાં સૂવા ગયા. તેઓ વચ્ચે ત્યાં ચાલેલી વાતચીતનું તાત્પર્ય હવે પછીના પ્રકરણમાં આપીશું.

પ્રકરણ ૪૫ મું.

સુલક્ષણાબાઇની હકીકત.

લગભગ વીસ વર્ષો પૂર્વે શૂરસેનનો પિતા એક લડાઇમાં માર્યો ગયો હતો. તેની પાછળ રહેલાં તેની સ્ત્રી, પુત્ર અને પુત્રી એ પ્રમાણે ત્રણ જણાં મુખ્ય હતાં. પુત્રનું નામ શૂરસેન અને પુત્રીનું નામ સુલક્ષણા હતું.

પતિ મરણ પામ્યો ત્યારે એ નાનાં બાળકોની માતાની ઉંમર લગભગ ચાળીસ વર્ષની હતી. બાળકો પણ માતાના જેટલાં જ સુંદર હતાં. તે વિધવા ઠકરાણીને પોતાની સંપત્તિનું અને કુળનું મોટું અભિમાન હતું. પિતા મરણ પામ્યો ત્યારે પુત્ર અઢાર વર્ષની વયનો અને પુત્રી ચૌદ વર્ષની વયની હતી. પુત્ર અને પુત્રીને એકસરખું શિક્ષણ આપવામાં આવતું હતું. ઘોડાપર બેસવું, દંડપટ્ટા ખેલવા, વગેરે કળા બન્ને એકસરખી રીતે શીખ્યાં હતાં. ઠકરાણીનો પ્રેમ પુત્રીપર અત્યંત હતો. સુલક્ષણાને ઘોડાપર બેસવાનો બહુ જ શોખ હોવાને લીધે તે એક નોકરને સાથે લઈને વારંવાર નજીકના જંગલમાં ફરવા જતી હતી. તેની સાથે જે નોકર જતો હતો, તે પણ ઘોડાપર બેસવાની કળામાં બહુ હુશિયાર હતો. આખા સંસ્થાનમાં તેના જેવો કુશળ ચાબુકસ્વાર બીજો કોઇ પણ નહોતો એમ લોકો કહેતા. સુલક્ષણાને ઉત્તમ રીતે ઘોડાપર બેસતાં આવડે તેટલા માટે જ તેને ખાસ નોકરીમાં રાખવામાં આવ્યો હતો. તે લગભગ વીશેક વર્ષનો જુવાન હતો અને અતિશય સુંદર હતો. એ જુવાનની સોબતથી પોતાની પુત્રી બગડશે, એવી કલ્પના તેની માતાના મનમાં કોઇ પણ વાર આવી નહોતી; તોપણ શૂરસેન અને સુલક્ષણા એ બન્ને તે નોકરની સાથે ભારે અદબથી વર્તતાં હતાં, એ તેની માતાને ગમતું નહોતું. પોતાના જેવી ઉંચા કુળની કન્યાનો પ્રેમ એવા હલકા નોકરની સાથે જડાશે એવી વાત તે બિચારીના સ્વપ્નમાં પણ હતી નહિ !

પણ જે વાતનું તેને સ્વપ્ન પણ નહોતું, તે બનાવ છેવટે ખરેખર બની આવ્યો ! તે બન્ને યુવક યુવતીને એકત્ર રહેવાની તક મળવા લાગી અને તેનું પરિણામ ઘણું ખરાબ આવ્યું. તે નોકર કેવળ સુંદર હતો એટલું જ નહિ પણ તે મજબૂત બાંધાનો અને શૂરવીર હતો ! જંગલમાં વાઘ કિંવા સિંહ જોવામાં આવતાં જ તે તેની પા-

છગા પોતાના ઘોડાને દોડાવતો અને તેને પકડીને મ્હાત કરતો ! તેની સાથેના બીજાં સઘળા નોકરો તેનાથી બ્હીને તેની સાથે મિત્રતાથી વર્તતા હતા. જેવો તે શૂરો હતો, તેવો જ ઉદાર પણ હતો. કોઇને કાંઇ સારા કામમાં મદદ કરવાની હોય તો તે તેમ ખુશીથી કરતો. તેના એ ગુણોથી તે સર્વને પ્રિય થયો હતો. તેની બરોબરીના નોકરો પણ તેને પોતા કરતાં શ્રેષ્ઠ સમજીને તેની આજ્ઞામાં રહેતા હતા.

એવા પ્રકારના ગુણી પુરૂષ તરફ સુલક્ષણા જેવી જુવાન છોકરીનું મન આકર્ષાય એ કાંઇ આશ્ચર્યની વાત કહેવાય નહિ. સુલક્ષણાનું મન તેનામાં જડાયું અને તેનું મન સુલક્ષણામાં જડાયું. ઉભયનો પરસ્પર પ્રેમ ઉભયના સમજવામાં આવી ગયો. પણ તેઓએ તે પ્રેમ હજીસુધી બોલી બતાવ્યો નહોતો.

એક દિવસ તે બન્ને જંગલમાં ગયાં, તે વખતે તે નોકરને વાઘે જખમી કર્યો. તે જોતાં જ સુલક્ષણા રડવા લાગી. પણ પોતાને શાથી રડવું આવ્યું તે તેનાથી સમજાયું નહિ. કેટલાક દિવસસુધી એ નોકર જખમી થવાના કારણથી તેના જ ઘેર બિછાનાવશ રહ્યો હતો. તેના જખમો સારા થયા પછી જ્યારે તે પહેલો કામપર હાજર થયો, ત્યારે સુલક્ષણાને બહુ જ આનંદ થયો. તે વખતે એક બીજાની સાથેની વાતચીતમાં તેમનો પરસ્પરનો પ્રેમ ખુલ્લો થયો !

એવી રીતે એક વર્ષ વીતી ગયું. એક બીજાના સહવાસમાં તેમને બહુ જ આનંદ લાગવા માંડ્યો. તે માટે રોજ બે વાર તે ઘોડાપર બેસીને જંગલમાં ફરવા જવા લાગ્યાં અને ત્યાં કલાકના કલાકો તેઓ એક બીજાના સહવાસમાં વીતાડવા લાગ્યાં. એ વાત બધા નોકર—ચાકરના જાણવામાં આવી ગઇ હતી, તોપણ કેટલાકનો તે નોકર ઉપર પ્રેમ હોવાથી અને કેટલાકને તેની બ્હીક લાગવાથી તેઓ આ વાત કોઇની પાસે બોલી શકતા નહિ. કિલ્લામાંના સઘળા નોકર-ચાકર જોકે આ વાત જાણતા હતા, તોપણ શૂરસેન અને તેની માતાને માત્ર તેમાંની જરા પણ માહિતી નહોતી !

વળી ચાર છ માસ ચાલ્યા ગયા ! તે વખતે સુલક્ષણાની વય સોળ વર્ષની થઇ હતી. એક દિવસ તેની માતાએ તેને મળવા બોલાવી, કારણકે સુમારે માસ—દોઢ માસથી મા—દિકરી વચ્ચે નિરાંતે કશી વાતચીત થઇ નહોતી ! સુલક્ષણા માતા સાથે બહુધા કામ જેટલો જ પ્રસંગ રાખતી હતી. આજે પોતાની માતાનું ખાસ આમંત્રણ આવવાથી સુલક્ષણાના હૃદયમાં ભય પેઠો ! ઘણા દિવસથી ગુપ્ત રહેલી

પોતાની વાત આજે જ ખુલ્લી થશે કે શું, એવું લાગવાથી તે કંપવા લાગી અને તેથી તે બહુ જ ગભરાઇ!!

તેણે બહારથી શાંતપણું ધારણ કર્યું અને તે તદ્દન બ્હીતી બ્હીતી પોતાની માની પાસે ગઇ. તે વખતે તેની મા એક સુંદર ગાલીચા ઉપર બેઠી હતી. શૂરસેન તેની બાજુએ જમણા હાથપર બેઠો હતો અને બીજો એક કાળા ચહેરાનો પણ મજબૂત બાંધાનો જુવાન તેની નજીક જ બેઠો હતો. તેના બાહ્ય સ્વરૂપ ઉપરથી જ તે કોઇ સરદાર હશે એવું તત્કાળ ધ્યાનમાં આવતું હતું.

એ ત્રણ જણ સિવાય ચોથું કોઇ એ દિવાનખાનામાં નહોતું. બહુધા પોતા સંબંધે જ કાંઇ વાતચીત ચાલતી હોવી જોઇએ એવું સુલક્ષણા તુરત સમજી ગઇ. ભાઇએ કિંચિત્ સહાસ્ય વદનથી અને માતાએ મોટી મમતાથી પોતા તરફ જોયું, તે ઉપરથી તેમણે પોતાની ગુપ્ત વાત હજીસુધી જાણી નથી એવી તેણે કલ્પના કરી. પણ એટલામાં બીજો એક વિચાર તેના મનમાં આવ્યો. કદાચ પોતાના લગ્ન વિષે વાતચીત ચાલી હશે અને તે માટે જ પોતાની માતાએ પોતાને ખાસ બોલાવી હશે એવું તેને લાગ્યું. તે નીચે બેઠા પછી તેના ભાવી પતિના વૈભવનું પુષ્કળ વર્ણન કરીને તેની માતા તે જુવાન અતિથિ તરફ આંગળી કરીને બોલી: "સુલક્ષણા! આ જો શ્યામગઢના ઠાકોર ભભૂતમલ. તારી માંગણી કરવા માટે જ તે આવ્યા છે."

પોતાની માતાના શબ્દો બિચારી સુલક્ષણા શૂન્ય અંતઃકરણથી સાંભળતી હતી. કોઇ પણ અદ્ભુત શક્તિથી તે જકડાઇ ગઇ છે એવું સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને જણાઇ આવતું હતું. માતાના શબ્દો પૂરા થતાં જ તેણે માતાના પગને વળગી પડીને કહ્યું: "નહિ, નહિ, માતા! એવી વાત કેવી રીતે બની શકે? તેમની સાથે મારૂં લગ્ન થાય એ કેવળ અશક્ય છે. મારો પ્રેમ અન્ય સ્થળે જડાયો છે. મારૂં મન વીરોત્તમ ઉપર લાગી રહેલું છે, માટે મારા પર દયા કરીને તેની સાથે જ મારૂં લગ્ન કર!" એટલું કહેતાં તે બેશુદ્ધ બની ગઇ!!

એટલું થયું તોપણ તેની ગુપ્ત વાત કોઇના સમજવામાં આવી નહિ. તે થોડા ઉપચારોથી શુદ્ધિમાં આવી નહિ, એટલે રાજવૈદ્યને બોલાવવામાં આવ્યો. તે આવતાં જ તેણે સુલક્ષણાની સ્થિતિ જાણી લીધી અને સૌના દેખતાં તેની ગુપ્ત વાત તે વૈદ્યે જાહેર કરી દીધી!

સુલક્ષણા તે વખતે ગર્ભવતી બનેલી હતી!!!

એ સાંભળીને ત્યાં હાજર હતાં તે સર્વ કોઇ બહુ જ આશ્ચર્ય પામ્યાં. શૂરસેનને તો બહુ જ ક્રોધ ચડ્યો. પોતાની બ્હેનની અપકીર્તિ

કરનાર તે વૈદ્યને તેણે વિચાર કર્યા વિના ધક્કો મારીને કાઢી મેલવાનો યત્ન કર્યો; પણ શૂરસેનની માતાએ તેની ખાત્રી કરી, કારણકે તે અનુભવી બાઇએ ખરી સ્થિતિ જાણી લીધી હતી. એ વાત ગુપ્ત રહે એવી તેની બહુ જ ઇચ્છા હતી, અને એ સ્વાભાવિક જ છે. તે વાત ગુપ્ત રાખવાનું ભભૂતમલે અને તે વૈદ્યે પણ વચન આપ્યું. ભભૂતમલ્લ સુલક્ષણાના સૌંદર્યથી મુગ્ધ બની ગએલો હતો તેથી તેણે એ વાત ગુપ્ત રહે તેમાં જ પોતાનો લાભ માન્યો. વળી તે જે શાક્ત પંથમાં હતો, તે પંથની દૃષ્ટિથી વ્યભિચાર એ એક પાપ છે એવું ઠર્યું નહિ હોવાથી તેણે તે વાતને પોતાના મનથી બહુ મહત્ત્વ આપ્યું નહિ. સુલક્ષણાની સગર્ભાવસ્થા ખુલ્લી થતાં તેની માતાએ વીરોત્તમને તુરત જ કિલ્લામાંથી કાઢી મેલ્યો. વીરોત્તમ એ સ્વભાવથી જ શૂરો અને ઉદાર હોવાથી તે વાત ખુલ્લી કરશે નહિ એવી સર્વ કોઇની ખાત્રી હતી.

એ બનાવ બન્યા પછી કેટલેક દિવસે સુલક્ષણાની માતા પોતાનાં બન્ને સંતાનોને સાથે લઇને શ્યામગઢમાં ગઇ, કારણકે પોતાની ગુપ્ત વાત પોતાના કિલ્લાના લોકો જાણે નહિ, એવી તેની ઇચ્છા હતી. ત્યાં સુલક્ષણાને પ્રસૂતિ થઇ અને સુંદર પુત્રી અવતરી.

શ્યામગઢમાં પણ કેટલાક વિશ્વાસુ નોકરો સિવાય બીજા કોઇને એ વાતની ખબર નહોતી. પછી ત્યાંના કારભારી હનુમંતસિંગને એ કન્યાનું રક્ષણ કરવાની વ્યવસ્થા સોંપવામાં આવી. તેણે પોતાની ઓળખાણવાળા અને પૂર્ણ વિશ્વાસુ એક ખેડૂતને જોઇને તેને તે કન્યા આપી અને તેનું પોતાની પુત્રી પ્રમાણે રક્ષણ કરવાનું તેને કહ્યું. તે ખેડૂતને કાંઇ સંતતિ નહિ હોવાથી તેણે અતિ આનંદથી સુલક્ષણાની કન્યાનું પોતાની જ પુત્રી પ્રમાણે લાલન પાલન કર્યું. તેણે હનુમંતસિંગના શબ્દોપર વિશ્વાસ રાખીને તેનાં માતાપિતા સંબંધે કાંઇ જ તપાસ કરી નહિ.

સુવાવડમાંથી ઉઠીને પુનઃ સુલક્ષણા પોતાની માતાની સાથે પોતાના કિલ્લામાં ગઇ. પછી ભભૂતમલ પુનઃ ત્યાં આંટા-ફેરા ખાવા લાગ્યો.

પોતાના પ્રિયતમથી વિખૂટા પડાયું, નાના બાળકનો-પ્રથમ પ્રેમપુષ્પનો વિયોગ થયો, તે કરતાં પણ પોતાનું લગ્ન ભભૂતમલની સાથે થવાનું છે તે માટે એ દુર્દૈવી સ્રીને બહુ જ ખરાબ લાગ્યું.

સુલક્ષણા બહુ જ સુંદર હતી અને તેની માતાએ તેની પાછળ પુષ્કળ સંપત્તિ આપવાનું કબુલ કર્યું હતું, તેથી તેની ભ્રષ્ટતા તરફ ન

જોતાં તેની સાથે લગ્ન કરવાને ભભૂતમલ કબુલ થયો. તોપણ સુલક્ષણા હમેશાં એવું કહેવા લાગી કે મારી પુત્રીના પિતાની સાથે હું વચનથી-ગાંધર્વવિધિથી બંધાએલી છું, તેથી હું તેની સાથે બેવફા નીવડીશ નહિ!"

એક દિવસ સુલક્ષણાને પોતાની પાસે બોલાવીને તેની માતાએ તેને કહ્યું: "હમણાં ભભૂતમલ આવ્યા હતા, અને તેમણે 'તારી પુત્રી મરણ પામી' એવું કહ્યું હતું!" પોતાની પુત્રીની એ વાત સાંભળીને સુલક્ષણાના શોકનો પાર રહ્યો નહિ! બે દિવસસુધી તો તે ઓરડામાંથી બહાર પણ નીકળી નહિ! ત્યારપછી બીજા બે મહિના વીતી ગયા. પુનઃ તેની માતા તેના ઓરડામાં ગઇ અને 'તને એક અતિશય દુઃખકારક વાત કહેવાની છે' એવી પ્રસ્તાવના કરીને તેણે કહ્યું કે વીરોત્તમ પણ એક લડાઇમાં મરણ પામ્યો છે!

પણ સુલક્ષણાને એ વાત ખરી જણાઈ નહિ. જ્યારે ગુજરાતમાંથી આવેલો એક પત્ર તેની માતાએ સુલક્ષણાને વાંચવા આપ્યો, ત્યારે તેને એ વાત ખરી લાગી અને તેણે રડીને કલ્પાંત કરવા માંડ્યું.

કેટલાક દિવસ પછી સુલક્ષણાની માતાએ માંદગીનો ઢોંગ કર્યો, અને તેણે ખાસ સુલક્ષણાને પોતાની પાસે બોલાવીને પોતાની ઇચ્છા પ્રમાણે ભભૂતમલની સાથે લગ્ન કરવાનું તેની પાસેથી વચન લીધું. પછી તેણે એક વાર ફરીથી ભભૂતમલનો અભિપ્રાય તે વિષે પૂછ્યો. તે તો તૈયાર જ હતો! ત્યારપછી છ મહિને સુલક્ષણાનું લગ્ન ભભૂતમલ સાથે થયું. માંદગીમાં તેણે પોતાની માતાને આપેલું વચન તેણે પાળ્યું. લગ્ન પછી તે પોતાના પતિ સાથે એકનિષ્ઠાથી વર્તતી હતી. ભભૂતમલે પણ કદાપિ તેને જૂની વાતનું સ્મરણ કરાવીને દુઃખ આપ્યું ન હતું. લગ્ન પછી બે વર્ષે તે દંપતીને પુત્ર થયો, તેનું નામ તેમણે વિષયમલ રાખ્યું. એ પુત્ર થયા પછી કેટલેક દિવસે શૂરસેન અને સુલક્ષણાની માતા મરણ પામી.

ભભૂતમલ પોતાની પત્નીને સુખ આપવાને બહુ જ મહેનત કરતો હતો, તોપણ સુલક્ષણાબાઇ પોતાના મનમાં દુઃખથી ઝુરતી જ હતી. પોતાના મનનું દુઃખ ઓછું કરવા માટે તે ઘણીવાર ઘોડાપર બેસીને જંગલમાં ફરવા જતી હતી. વિષયમલ એક વર્ષનો થયો, તે સમયની આસપાસમાં તે એક દિવસ રોજના નિયમ પ્રમાણે ફરવા ગઇ હતી. તે વખતે દૂરથી એક મુસાફર આવતો તેની દૃષ્ટિએ પડ્યો. સુલક્ષણાબાઇની નજર તેની તરફ ગઇ અને બન્નેએ એક બીજાને ઓળખતાં જ તેમના મુખમાંથી આનંદોદ્દગાર બહાર પડ્યા!

પ્રકરણ ૪૬ મું.

સુલક્ષણાબાઇની હકીકતનો અંત.

એ પ્રમાણે અચાનક બંનેનો મેળાપ થતાં જ તે બન્નેના હૃદયમાં પ્રેમનો આવેગ ઉછળી આવ્યો. સુલક્ષણા પ્રેમાશ્રુથી ભરેલી આંખે બોલી: "કોણ? તમે?" એ કરતાં વધારે શબ્દો તેના મુખમાંથી નીકળ્યા નહિ. પ્રેમનો આવેગ કિંચિત્ શાન્ત થયા પછી સુલક્ષણાએ વીરોત્તમને પોતાની સઘળી હકીકત કહી. પોતાને થએલી પુત્રી મરણ પામી એ વાત, તેના (વીરોત્તમના) મરણની ખબર, પછી ભભૂતમલ્લ સાથે થએલું લગ્ન, પોતાને પુત્ર થયાની હકીકત, એ સઘળું તેણે વીરોત્તમને કહ્યું.

સુલક્ષણાનું લગ્ન બીજાની સાથે થયું, એ વાત સાંભળતાં જ વીરોત્તમને બહુ દુઃખ થયું! તોપણ પોતાના મનનું દુઃખ દબાવી રાખીને તેણે પોતાની સર્વ હકીકત પોતાની પ્રિયતમાને કહી. તે બોલ્યો: "જે વખતે આપણો સંબંધ શૂરસેનના જાણવામાં આવ્યો, તે વખતે તેણે મને પોતાની પાસે બોલાવીને કહ્યું કે "તારી સર્વ વાત મારા જાણવામાં આવી છે, માટે તું અહીંથી ચાલ્યો જા તો સારી વાત છે! તારી અને મારી પદવીમાં મોટું અંતર રહેલું છે, એ તો તું જાણે છે. તારાં માબાપ કોણ છે એ તું જાણતો નથી એવું તો તું પોતે જ કહે છે! તું ભીલોના છોકરાઓમાં રહીને નાનાથી મોટો થયો છે. જો તું મારી બ્હેન સાથે લગ્ન કરવાનો આગ્રહ ધારણ કરીશ, તો મારી માતાને બહુ જ દુઃખ થશે! કદાચ તે પોતાની પુત્રીને કાઢી પણ મેલશે! અને એક મોટા રાજાની પુત્રીને તદ્દન ગરીબાઇમાં દિવસો ગાળવા પડશે! હું તને ત્રાસ આપવા ઇચ્છિતો નથી. તું ભલો માણસ છે માટે તને કહું છું કે તું મારી બ્હેનને નકામું દુઃખ દેવાનો કારણીભૂત થા નહિ. તું તેને તારી સાથે નસાડી જઇશ નહિ! લે આ પાંચસો મહોરો; વળી મારી અશ્વશાળામાંથી તને જોઇએ તે ઉત્તમ ઘોડો લે અને અહીંથી ચાલ્યો જા!" મેં કહ્યું: "હું અહીથી જઉં છું. હું આપની (શૂરસેનની) બ્હેનને દુઃખી કરવા ઇચ્છતો નથી! આપ મને ઘોડો આપો છો તે હું લઉં છું, પણ મને આપની મહોરોની બિલકુલ જરૂર નથી. આપની બ્હેન ઉપર મારો જે પ્રેમ છે તે કાંઇ સોનાના બદલાથી દૂર થઇ શકે તેમ નથી!" એટલું કહીને હું ત્યાંથી ચાલ્યો ગયો. પછી હું ગુજરાતમાં ગયો. ત્યાં મેં

વીરધવળ યુવરાજના હાથ હેઠળ રહીને કેટલાક વખતસુધી નોકરી કરી. ત્યાં હું પહેલાં જમાદારીપર હતો. પછી મેં શૂરસેન ઉપર એક પત્ર લખીને તારા ગર્ભમાંના બાળક વિષે તપાસ કરી. તે પત્ર શૂરસેનને પહોંચ્યો કે નહિ એ મારા જાણવામાં આવ્યું નહિ. પછી તારા મરણની વાત મારા કાને આવી. તેથી ઉદાસ થઇને ગુજરાતમાંની નોકરી મેં છોડી દીધી અને હવે સંગમપુરમાં નોકરી કરવા હું જઉ છું." એટલી પાછળની હકીકત કહીને પછી વીરોત્તમે તેને કહ્યું: "પ્રિયે સુલક્ષણા! તું તો હજીસુધી જીવે છે, પરંતુ મારી આશાનો હવે પૂરેપૂરો ભંગ થયો છે. મારા મનમાં મહત્ત્વાકાંક્ષા ઉત્પન્ન થઇ છે. મને મહત્ત્વનું પદ મળવાનું છે. આ દેશની રાજ્યવ્યવસ્થામાં ઉથલપાથલ કરવાની મારી ઇચ્છા છે! ઇશ્વિર કરશે તો—"

જેના પર પોતાનો પ્રાણાધિક પ્રેમ હતો તેને એવું બોલતો જોઇને સુલક્ષણા બોલી: "અહો! આ તમે શું બોલો છો? તમે ગાંડા તો થયા નથી?"

"નહિ, નહિ, સુલક્ષણા!" વીરોત્તમ બોલ્યો: "હું ગાંડો થયો નથી, કિંવા હું માત્ર બક્યા કરૂં છું એમ પણ નથી. મારા મનમાં નવા નવા તરંગો આવ્યા કરે છે. હું હવે તને મળી શકીશ નહિ. તું કુંવારી હતી, ત્યાંસુધી તારા સિવાય મારા મનમાં બીજો વિચાર જ આવતો નહોતો, પણ મારે હવે બીજી દિશાએ લક્ષ આપવું જોઇએ. આપણા દેશની સ્થિતિ અત્યારે તદ્દન બગડી ગઇ છે. તે સુધારવાનો કિંવા તે સુધારવામાં સહાય કરવાનો મારો વિચાર છે. પ્રિયતમા! તારૂં લગ્ન હવે બીજા સાથે થઇ ગયું છે, માટે હવે તારા પરનો પ્રેમ મારે દાબી નાંખવો જોઇએ. પણ હવે આપણે એકબીજાથી છૂટા પડવું જોઇએ. આપણે એકાંતમાં આમ એકબીજાની પાસે બેસીને વાતચીત કરીએ છીએ તે જો કોઇ જોઇ જશે તો તારી આબરૂને કલંક લાગશે, માટે હવે એવી રીતે વર્તવાનું મારાથી બીલકુલ બનશે નહિ!"

અતિશય દુઃખી થઇને સુલક્ષણાએ કહ્યું: "પ્રિયતમ! આપનું કથન હું સમજી, પણ શું આપણે આટલી ઉતાવળે એક બીજાથી છૂટાં પડવું જોઇએ? આપણે એક બીજાને પુનઃ નહીં મળી શકીએ શું?"

વીરોત્તમ ગંભીર વદને બોલ્યો: "સુલક્ષણા! વિચાર કર! વિચાર કર!! તું હવે બીજાની પત્ની થઇ છે! આખી દુનિયાનું

રાજ્ય મને મળે, તોપણ હું તારી આબરૂને કલંક લાગે તેવું કામ કદાપિ કરીશ નહિ! તારા પર મારો કેટલો બધો પ્રેમ છે ? ! તારી બેઆબરૂ થાય તે મને કેમ ગમે? બનેલા બનાવનો બરાબર વિચાર કરીને તે ઉપરથી આપણે મનઃસંયમ કરવાનો પાઠ શીખવો જોઇએ. પ્રિયા! આપણે આપણા પૂર્વનાં પ્રેમના બદલામાં આપણી મરણ પામેલી પુત્રી—"

તદ્દન ધીમે ધીમે ડુસકાં ભરતી સુલક્ષણા બોલી: "આપણી પુત્રી મરણ પામી એ તમે કેવી રીતે જાણ્યું? આપના મૃત્યુની ખબર મને અને મારા મૃત્યુની ખબર આપને જણાવીને આપણને બન્નેને ઠગવામાં આવ્યાં છે, તે પ્રમાણે આ બાબતમાં પણ ઠગાઇ ચલાવવામાં નહિ આવી હોય તેની શી ખાત્રી?"

વીરોત્તમ બોલ્યો: "પણ તું જ મને કહે છે કે હનુમંતસિંગ બહુ ભલો માણસ છે અને તેણે પોતે જ એ વાત તને કહી હતી!"

તે બોલી: "હા, હનુમંતસિંગે પોતે જ એ વાત કહી હતી ખરી, પણ—"

વીરોત્તમના મનમાં કાંઇ નવો વિચાર ઉદ્ભવવાથી તે બોલ્યો: "સુલક્ષણા! સાંભળ! હવે આપણે એક બીજાથી છૂટાં પડવું જોઇએ. જેમ જેમ વધારે વખત જતો જાય છે, તેમ તેમ આપણી આબરૂની ભીતિ વધતી જાય છે. મારૂં કહેવું સાંભળ. આ મારી વીંટી લે!" પોતાની આંગળીમાંની વીંટી સુલક્ષણાની આંગળીમાં પહેરાવીને વીરોત્તમ બોલ્યો: "મારૂં જે કાંઇ સર્વસ્વ છે તે આ એક વીંટી જ છે! એ તું લે. મારા પ્રેમની નિશાની તરીકે તે તું તારી પાસે રાખજે. જો કદાચ ઇશ્વરકૃપાથી આપણે પુનઃ મળીશું, તો તે વખતે એના તરફ જોઇને આપણને પૂર્વનું સ્મરણ થશે. જો તારા પર કાંઇ દુઃખનો પ્રસંગ આવે, તો તું આ વીંટી આપીને કોઇને પણ મારી પાસે મોકલજે, એટલે હું તત્કાળ આવીને તને દુઃખમુક્ત કરીશ. કિંવા કદાચ આપણે જેને મરણ પામેલી સમજીએ છીએ, તે આપણી પુત્રી જીવતી હોય તો—"

સુલક્ષણા રડતી રડતી બોલી: "જો તે જીવતી હશે, તો પોતાનો પિતા કોણ છે એ જાણવાને આ વીંટીનો ઉપયોગ તે કરશે. પણ તમે હવે ક્યાં જવાના છો? હવે તમે શું કરવાના છો?"

વીરોત્તમ બોલ્યો: "શું કરવું તે વિષે મેં હજી નક્કી કર્યું નથી. હું જે કાંઇ કરીશ, કિંવા ગમે ત્યાં જઇશ, પણ તે રીતે પ્રમાણિક-

પણ મારી આજીવિકા જ માત્ર મેળવીશ ! કેટલાક દિવસ હું જો અપ્રસિદ્ધ રહીશ, તો હું તરત જ ઉદયમાં આવીશ એવી મારી ખાત્રી છે. પણ હવે મારાથી અહીં વધારે વાર થોભી શકાશે નહિ. હવે હું જઉં છું !”

બિચારી સુલક્ષણાએ તેને થોડી વધારે વાર રોકવા માટે વીરોત્તમનો હાથ પકડયો. એટલામાં એ જ દિશાએ કેટલાક સ્વારો આવી રહ્યા છે એવું તેને માલૂમ પડયું. સૌને મોખરે ભભૂતમલ–સુલક્ષણાનો પતિ–ઘોડાપર સ્વાર થએલો હતો ! એ બન્નેને એવી સ્થિતિમાં જોતાં જ તેણે મોટેથી બૂમ મારી ! વીરોત્તમે તુરત જ મ્યાનમાંથી તલવાર કાઢી અને તે તત્ક્ષણ યુદ્ધને માટે તૈયાર થયો. પણ ભભૂતમલની પાસે પુષ્કળ માણસો હોવાથી વીરોત્તમનો ઉપાય ચાલ્યો નહિ અને તે તેમના હાથમાં સપડાયો. તેને પોતાના હાથમાં આવેલો જોતાં જ ભભૂતમલ બોલ્યો: “ આ બન્ને હરામખોરોને કિલ્લામાં લઇ ચાલો. અરે ચોર ! તું મારા ઘરની આવી રીતે આબરૂ લેવા આવ્યો છે કેમ ? પણ તારે માટે મૃત્યુનો દેવ તૈયાર થઇને બેઠો છે, અને તે મૃત્યુ જેવું–તેવું નહિ, પરંતુ સઘળાં મનુષ્ય પ્રાણીઓ તે મૃત્યુની કલ્પના પણ કરી શકે તેમ નથી. નરકવાસમાં પ્રાણીઓને જે યાતના વેઠવી પડે છે એમ લોકો કહે છે, તે સર્વ યાતના તને આ જ લોકમાં અને આ જ જન્મમાં ભોગવવી પડશે ! ચાલો, એને કિલ્લામાં લઇને ચાલો.”

પરન્તુ એટલામાં વીરોત્તમને બરાબર તક મળી ગઇ અને તે પોતાના શત્રુના હાથમાંથી સત્વર નાસી છૂટયો. પાસે ઉભેલા ઘોડાપર બેસતો તે દોડતે ઘોડે નાઠો. પોતાનાં થોડાં માણસોની સાથે ભભૂતમલ્લે તેની પૂંઠ પકડી, પણ તે તેના હાથમાં આવ્યો નહિ ! કેટલીક વારે તેનો માત્ર ઘોડો જ મરીને પડેલો ભભૂતમલના હાથમાં આવ્યો, તે ઉપરથી વીરોત્તમ ક્યાંક એટલામાં જ હોવો જોઇએ એવું સમજીને ભભૂતમલ્લે તેની પુષ્કળ તપાસ કરી, પણ તે તેના હાથમાં આવ્યો નહિ. એ રીતે તે વખતે તો તે તેના હાથમાંથી છટકી ગયો !

વીરોત્તમ વારંવાર શ્યામગઢની નજીક આવીને સુલક્ષણાબાઇનું પાછળથી શું થયું તે વિષેની તપાસ કરતો હતો. છેવટે તે એકાએક મરણ પામ્યાની હકીકત તેના જાણવામાં આવી. પણ તે શાથી મરણ પામી તેનું કારણ માત્ર તેના સમજવામાં આવ્યું નહિ. સુલક્ષણાબાઇના મરણથી તે ઘણા દિવસોસુધી શોક કરતો જંગલમાં ભટકતો રહ્યો. પછી એક દિવસ શ્યામગઢના જે સ્વારોએ પૂર્વે તેના પર

હલ્લો કર્યો હતો તેમાંના એક સ્વારે તેને જોયો, પણ તે વખતે પણ વીરોત્તમ તેના હાથમાં આવ્યો નહિ.

સુલક્ષણા કાંઇ ખરેખર મરણ પામી નહોતી. હનુમંતસિંગ એ શાકતો પૈકીનો જ એક હતો, તેના ઉપર ભભૂતમલ્લનો સંપૂર્ણ વિશ્વાસ હતો. ભભૂતમલ્લે પોતાની પત્નીનું કાલિકાને બળિદાન દેવાનું ઠરાવ્યું હતું, તોપણ તે વખતે તે પોતે તે સ્થળે ઉભો રહી શક્યો નહિ; તેથી તેણે હનુમંતસિંગને બાકીની સઘળી વ્યવસ્થા કરવાનો હુકમ કર્યો. હનુમંતસિંગને રાણી ઉપર દયા આવી અને તેણે તેનો જીવ બચાવ્યો, પણ તેણે તેની પાસેથી એવી શરતો કબૂલ કરાવી લીધી કે ફક્ત તેણે માત્ર જીવતા રહેવું પરન્તુ જગતની દૃષ્ટિમાં મરી ગયા પ્રમાણે જ વર્તવું ! તે પ્રમાણે કબૂલ કરીને તે કિલ્લાના ભોંયરામાં રહેવા લાગી. પછી હનુમંતસિંગનું મન બદલાવીને બીજાં બળિદાનોના પ્રાણ પણ બચાવવાનો ક્રમ તેણે શરૂ કર્યો. બળિદાન દેવામાંથી બચાવવામાં આવેલા મંડળમાં કેટલાક મોટા મોટા સરદારો હતા, ત્યારે કેટલાક તદ્દન રંક–દીન ભિખારી પણ હતા. પણ એ ભોંયરામાં પદવીને કિંવા શ્રીમંતાઇને બિલ્કુલ માન નહોતું. સુલક્ષણાબાઇ સૌની સાથે એકસરખા માનથી વર્તતી હતી. સૌને એકસરખા પ્રકારનાં જ અન્ન વસ્ત્રો મળતાં હતાં. તે વારંવાર સૌને સારો બોધ આપતી. ત્યાંથી બચેલાં સઘળાં મનુષ્યો તેને પોતાની પ્રાણદાત્રી સમજીને તેના પર બહુ જ મમતા રાખતાં હતાં.

આ આખા વાર્તામાં આપણે સુલક્ષણાબાઇને ‘ શ્વેત સ્ત્રી ’ અથવા ‘ શ્વેત વસ્ત્રધારિણી સ્ત્રી ’ એ નામથી જણાવેલી છે. તે વારંવાર હનુમંતસિંગ પાસેથી સર્વ વાતની ચોકસી કરી લેતી હતી. જે હકીકત હનુમંતસિંગ જાણતો હોય, તે તે સુલક્ષણાબાઇને કહેતો, અને જે ખબર તેને ન હોય તે ખાસ તપાસ કે ખટપટ કરીને મેળવી તેને નિવેદન કરતો હતો. સંગમપુરના લશ્કરમાં વીરોત્તમ નામનો કોઇ એક મોટો યોધ્ધો છે, એવું હનુમંતસિંગે જાણ્યું, એટલે તે વાત તેણે સુલક્ષણાબાઇને કહી; તે ઉપરથી તે પોતાનો પ્રિયતમ જ હોવો જોઇએ, એવી તેણે કલ્પના કરી અને તેનો વિજય થાય તે માટે તેણે પુનઃ પુનઃ પ્રભુપ્રાર્થના કરી.

ભોંયરામાં રહેનારાંઓને અન્ન વસ્ત્ર હનુમંતસિંગ પુરતો હતો, કારણકે આખા કિલ્લાનો તે જ માલેક હતો એમ કહીએ તોપણ ચાલે. સઘળા નોકરો તેના તાબામાં હતા. આખો કિલ્લો તેની જ

દેખરેખ હેઠળ હોવાથી અનાજના જથામાંથી ગમે તેટલું અનાજ વપરાય તોપણ તે ચાલ્યું જતું હતું. એમ હોવા છતાં સુલક્ષણાબાઇની નાજુક પ્રકૃતિને એ ઠંડા ભોંયરાની હવા અનુકૂળ આવતી નહોતી; તેથી પછીથી હનુમંતસિંગે તેને કિલ્લાની જમણી બાજુના ભાગમાં ફરવા હરવાની પરવાનગી આપી અને તે બાજુએ નોકર ચાકરને જવાની બંધી કરી. એમ હોવા છતાં પણ તે બે ત્રણ વાર કેટલાક નોકરોની દૃષ્ટિએ પડી, અને તેના વદનપર ફીક્કાશ–પ્રેતકળા આવેલી હોવાથી તે કદાચિત્ ભૂત થઇ હશે એવું તેમને લાગ્યું. એ ઉપરથી જ કિલ્લાના જમણી બાજુના ભાગમાં ભૂતો ફરે છે એવી વાત લોકોમાં પ્રસરેલી હતી. લોકોના એ બ્હીકણપણાનો લાભ હનુમંતસિંગે લીધો. કિલ્લાની જમણી બાજુ તેણે તદ્દન બંધ રાખી અને તેથી સુલક્ષણાને તેટલો બધો ભાગ વાપરવાને માટે મળવા લાગ્યો. કેટલાક દિવસ પછી ખુલ્લા મેદાનમાં ફરવાની પરવાનગી તેણે હનુમંતસિંગ પાસે માંગી, અને તેણે કેટલીક આનાકાની કરીને છેવટે નાઇલાજે તે પરવાનગી આપી. ત્યારપછી એ ભાગમાં હરતાં ફરતાં કદાચ તે કોઇની નજરે પડી જતી તો તે ભૂત છે એમ લોકો સમજતા. તેટલા ઉપરથી જ શ્યામગઢમાં બહુ ભૂતોની વસતી છે એવું લોકોમાં બોલાતું હતું !

જમણી બાજુના મહેલની એક બારીમાંથી પૂર્વે બળવંતસિંહને અને પછી અલકકુમારીને જે શ્વેત આકૃતિ જોવામાં આવી હતી, તે હવામાંથી ઉત્પન્ન થયા પ્રમાણે કિંવા આકાશમાં ઉડી ગયા પ્રમાણે અથવા પાતાળમાં પેસી ગયા પ્રમાણે ભાસ તેમને થયો હતો, તે એ જ સુલક્ષણાબાઇ હતી. જે વખતે સુલક્ષણાબાઇ ફરવાને નીકળતી હતી, તે વખતે તે ખાસ ધીમે ધીમે ડગલાં ભરતી જતી હતી.

કાલિકાની મૂર્તિને જેટલાં બળિદાન દેવામાં આવતાં હતાં, તેટલાં બધાંને કાંઇ હનુમંતસિંગ બચાવી શકતો નહોતો, પરન્તુ તેઓમાંનાં ઘણાંખરાંને તે બચાવી શકતો. પૂર્વે જણાવ્યા પ્રમાણે ત્રણ મજુર ભાઇઓને ત્યાં પહેલાં બળિદાન દેવા માટે જ આણવામાં આવ્યા હતા. પણ તે વખતે પહેલાંનો બળિદાન દેનાર માણસ મરણ પામ્યો હોવાથી બળિદાન દેવાનું ક્રૂર કર્મ કરવા માટે કોઇની પણ જરૂર તો હતી જ. તેટલા માટે તે ત્રણે ભાઇઓને ગુપ્તપણે તે કિલ્લામાં રહેવાની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. પહેલાં તો તે ત્રણે ભાઇઓએ તે વાતનો તિરસ્કાર જ કર્યો, પણ થોડા માણસોના પ્રાણ લેવામાં જો પોતાના હાથ કારણીભૂત થશે, તોપણ તે કરતાં વધારે માણસોનો જીવ બચાવવાનું પુણ્ય પોતાને થશે

એ પ્રમાણે જ્યારે હનુમંતસિંગે તેમને સમજાવ્યું ત્યારે તેમણે તે મારાઓનું કામ કરવાનું કબૂલ કર્યું ! પછી હનુમંતસિંગ એક પછી એક બળિદાનનાં મનુષ્યોને બચાવવા લાગ્યો, એટલે તેમને અતિશય આનંદ થવા લાગ્યો. હનુમંતસિંગ અને સુલક્ષણાબાઈ એ બચાવેલાં મનુષ્યોને બહાર જવા દેતાં નહિ, કારણકે શાક્તોનો સમાજ તે વખતે બહુ મોટો અને વિશાળ ફેલાવાવાળો હતો, તેથી બળિદાનોને બચાવવામાં આવે છે એ વાત ક્યારે ને ક્યારે તો ખુલ્લી થવાનો સંભવ હતો અને તેથી કદાચ એ બે જણના જીવને હરકત થવાનો ભય હતો.

એક પછી એક વર્ષો જવા લાગ્યાં. દિવસે દિવસે હનુમંતસિંગ વૃદ્ધ થવા લાગ્યો. તેને જે એક ગુપ્ત વાતની ખબર હતી, તે જેની હતી તેને કહી નાંખ્યા વિના પોતે મરણ પામે એ તેને ઠીક લાગતું નહોતું. તે ગુપ્ત વાત સુલક્ષણાબાઈની પુત્રી વિષેની હતી. તેણે સુલક્ષણાબાઈને એક દિવસે એવું કહ્યું કે 'તારી પુત્રી જીવે છે, તેનું નામ અલકકુમારી રાખ્યું છે, તે દિવસે દિવસે મોટી થતી જાય છે અને તે બહુ દેખાવડી પણ છે.' તે સાંભળીને સુલક્ષણાબાઈને બહુ જ આનંદ થયો, અને પોતાની સુંદર કન્યાને જોવાને તે અધીરી થઈ. તેની એ અધીરાઈ સ્વાભાવિક હતી. વળી અલકકુમારી તેનાથી બહુ દૂર નહોતી. તેથી તેને એક વાર તે ઝુંપડીમાં જઈને મળવું, તેને પેલી વીંટી આપવી, તેને પોતાની ઓળખાણ પાડવી, સંગમપુર મોકલવી, વીરોત્તમની સાથે તેને મેળવવી, એવી પોતાની ઇચ્છા તેણે હનુમંતસિંગને જણાવી. પણ હનુમંતસિંગે તે વિષે પોતાની નાપસંદગી દર્શાવી. તેણે એવું કહ્યું કે, વીરોત્તમે એક વાર વીંટી જોઈ, એટલે તેને એ વીંટી કોણે આપી તે કહેવું પડશે; અને તે વાત તેણે જાણી એટલે તે ભભૂતમલની સાથે અથડામણ ઉભી કરવાનો અને પછી મોટો અનર્થ થવાનો. હનુમંતસિંગે એવું કહ્યું એટલે સુલક્ષણાબાઈ નિરાશ થઈ. તોપણ તે વારંવાર હનુમંતસિંગ પાસેથી પોતાની પુત્રી વિષે ખબર મેળવતી હતી અને તે વખતે હનુમંતસિંગ તેને કહેતો કે સજ્જનસીંગને ત્યાં અલક સદાચરણથી વર્તે છે અને સજ્જનસીંગ તેને પોતાની પુત્રીની પેઠે ઉછેરે છે; વળી તેણે તેને ઉત્તમ ગૃહશિક્ષણ તથા યુદ્ધશિક્ષણ પણ આપ્યું છે.

કેટલાંક વર્ષો ગયા પછી હનુમંતસિંગે તેને જે ખબર આપી તે બહુ જ ખરાબ હતી; એટલે કુંવર વિષયમલનો પ્રેમ અલકકુમારી ઉપર લાગ્યો હતો, એ વાત બહુ જ અનુચિત બની હતી. તે માટે

બન્ને જણાએ અતિશય વિચાર કરીને પછી એક યુક્તિ રચી. તે યુક્તિ પ્રમાણે એક ચર્મપત્ર ઉપર હનુમંતસિંગે કાંઇ લખાણ કર્યું અને એ પત્ર એક સુંદર કોથળીમાં નાંખીને તે કોથળી અલકકુમારીના રસ્તામાં નાંખી, એટલે તે તેને મળી. તે પત્રમાં જે લખાણ હતું તે પૂર્વે વાચકને જણાવવામાં આવ્યું છે.*

એ બનાવને એક વર્ષ થઇ ગયા પછી હનુમંતસિંગે સુલક્ષણાબાઇને એવું જણાવ્યું કે વિષયમલે અલકકુમારીને બળાત્કારે પકડી આણીને જમણી બાજુના મહેલમાં કેદ રાખી છે. આ ખબર સાંભળતાં જ સુલક્ષણાબાઇ મોટી ગુંચવણમાં પડી. હવે કરવું શું? પ્રત્યક્ષ ભાઇ બ્હેનનો એવો સંબંધ કેવી રીતે ચલાવી લેવાય? એ માટે તેને બહુ જ ચિંતા થવા લાગી! વારૂ; તેને નસાડી મેલાય, પરંતુ તે ક્યાં નાસી ગઇ તે વાતની ખબર કાઢ્યા વિના કાંઈ વિષયમલ થોડો જ રહેવાનો હતો? અલકને વિષયમલે શ્યામગઢના જમણી બાજુના મહાલયમાં રાખી, ત્યારથી સુલક્ષણાબાઇ તે મહેલના ગુપ્તદ્વાર પાસે એકસરખી રીતે બેસી રહી હતી. ત્રીજે દિવસે રાત્રે તે બન્નેનો જે સંવાદ થયો તે તેણે સાંભળ્યો; ત્યારપછી શું થયું તે વાચકો જાણે છે.

પહેલાં તો તેને છોડાવ્યા પછી તેને શૂરસેન પાસે એટલે કે અલકના મામા પાસે મોકલવાનો તેનો વિચાર હતો, કારણકે પોતાના ભાઇ ઉપર સુલક્ષણાબાઇને પૂરતો વિશ્વાસ હતો. પણ એટલામાં હનુમંતસિંગ તરફથી તેને ખબર મળી કે ભભૂતમલ, વિજયાસંહ અને શૂરસેન એ ત્રણે જણા વીરોત્તમના કેદખાનામાં પડ્યા છે. તે કેદખાનામાં એક તેનો ભાઇ અને બીજો તેનો પતિ હોવાથી તેણે અને હનુમંતસિંગે મળીને એવું ઠરાવ્યું કે અલકકુમારીને હાથે તેમને કેદમાંથી છોડાવવા. કદાચ અલકકુમારીના આ પ્રયત્નથી શાક્તોનાં અઘોર કૃત્યો ઉપર વીરોત્તમને તિરસ્કાર આવશે અને તે તેમનું નિકંદન કરશે તેમ જ ભોંયરાના કેદીઓના દુર્દૈવનો અંત આવશે એવી તેમને હવે આશા લાગવા માંડી હતી. જો કેદીઓને છોડાવતાં અલકકુમારી વીરોત્તમના હાથમાં આવશે, તો તેથી તે સમજી જશે કે સુલક્ષણા જીવતી છે અને ભભૂતમલ ઉપર વૈર લેવા માટે તે શ્યામગઢ ઉપર હલ્લો કરશે, એવું પણ તેમનું અનુમાન હતું. કદાચ અલકકુમારીને તે કેદીઓને છોડાવવાના કામમાં સફળતા મળશે તો તેથી તેને પોતાના મામાની પાસે રહેવાનો લાભ મળશે એવો બેવડો હેતુ તેમની યોજનામાં સમાએલો હતો.

---

* જુઓ પ્રથમ ભાગ-પ્રકરણ ૨૩ મું.

હવે વાચકોને રાજકન્યા ચંદ્રપ્રભા વિષે થોડુંએક જણાવવાની જરૂર છે. જે વખતે કાલકાપ્રસાદ અને ભભૂતમલનો વિચાર રાજકન્યા સાથે વિષયમલનું લગ્ન ગોઠવવા સંબંધે ચાલી રહ્યો હતો, તે વખતે હનુમંતસિંગ બાજુના ઓરડામાં ઉભો ઉભો તેઓની સઘળી વાતચીત સાંભળી રહ્યો હતો. એવી દુરાચારી કન્યા સાથે પોતાના પુત્રનું લગ્ન થાય, એ વાત સુલક્ષણાબાઈને બિલકુલ પસંદ આવી નહિ. કોઇ પણ યુક્તિથી એ લગનમાં અડચણ ઉભી કરવી એવી ગોઠવણ તેણે કરી. બળિદાનમાંથી બચેલા મંડળમાંનો એક જણ આતશબાજીના કામમાં કુશળ હતો. તે વખતે દારૂખાનું બનાવવાની ક્રિયા બહુ જ ગુપ્ત હતી અને લાલ રંગનો પ્રકાશ પાડવાના ચંદ્રજ્યોત બપોરીયા એ પ્રદેશના લોકોએ કોઇ વાર જોયા નહોતા. તે આતશબાજીનું કામ કરનારે ચંદ્રજ્યોત બપોરીયા તૈયાર કરી આપવાનું કબૂલ કર્યું. એ પ્રમાણે સુલક્ષણાની યુક્તિ પાર પડી ખરી, પણ તેથી તે બ્હીકણ રાજકન્યાનો પ્રાણ ગયો ! ફક્ત પોતાના પતિને બ્હીવરાવીને આ લગન બંધ રખાવવાનો તેનો વિચાર હતો, પણ તેનું આવું જૂદું જ પરિણામ આવવાથી તેને બહુ જ ખરાબ લાગ્યું. તે પહેલાં થોડે જ દિવસે સરોજિનીનું બળિદાન દેવામાં આવ્યું હતું અને તે તેણે પોતાની નજરે જોયું હતું તેથી તેના મન ઉપર બહુ જ ખરાબ અસર થઇ હતી. એટલામાં તો કિલ્લાને ઘેરો પડયો. એવા વખતમાં ભોંયરામાંથી માણસોની વધારે આવજા થવાનો સંભવ હતો અને કદાચ તેમાં ગુપ્ત રહેલાં માણસો કોઇ શાક્તોની નજરે પડી જશે તો શું થશે. તેની બીક તેના મનમાં ઉત્પન્ન થઇ હતી. એ સર્વે ચિંતાઓથી તે માંદી પડી. દિવસે દિવસે તે વધારે નબળી પડવા લાગી અને છેવટે એ જ માંદગીમાં તેનો અંત આવ્યો ! તેના મૃત્યુથી તેના ઉપર આધાર રાખી રહેલાં સર્વે કોઇને બહુ જ ખેદ થયો. હવે પછી પોતાને ભોંયરામાં કેટલા દિવસ કાઢવા પડશે, એ જ ચિંતામાં તે લોકો પડેલા હતા, એવામાં વીરોત્તમ અને અલકકુમારી ત્યાં આવ્યાં.

એ પ્રમાણે આપણી કથાની સાંકળના જે જે સાંધા નબળા માલૂમ પડતા હતા, તે સાંધા આ પ્રમાણે જોડી આપવામાં આવ્યા છે અને એ આખી સાંકળ અહીં આગળ પૂરી થઇ રહે છે.

પ્રકરણ ૪૭ મું.

વીરોત્તમની ઉદારતા અને ન્યાય.

વીરોત્તમ, શૂરસેન અને હનુમંતસિંગ એ ત્રણે જણ પોતે જાણતા હતા તે બધી વાત એક બીજાને કહેતા હતા. તે કથાનો સાર આ પહેલાંનાં બે પ્રકરણોમાં કહેવામાં આવ્યો છે.

પણ હજી બે વાતો કહેવાની રહી છે. પહેલી વાત એ છે કે જેણે આવડો મોટો વિજય મેળવ્યો, તે વીરોત્તમ પોતાનો જૂનો નોકર છે એ વાત શૂરસેનને કે પોતાની પત્નીનો લગ્ન પહેલાંનો પ્રિયતમ એ જ વીરોત્તમ એ વાત ભભૂતમલને માહિત નહોતી. જે વખતે સંગમપુરમાં પ્રતિનિધિઓની સભા ભરાઇ, તે વખતે ત્યાં આવેલો અને અતિશય કરડો દેખાતો, એક આંખે આંધળો થએલો વીરોત્તમ તે જ સુલક્ષણાને અશ્વવિદ્યા શિખવવાને રાખેલો પોતાનો જૂનો સુંદર નોકર હશે, એવી શૂરસેનને શંકા પણ આવી નહોતી.

બીજી વાત એ કે, જે વખતે તેણે ત્રણે સરદારોનો કેદ કર્યા તે વખતે સુલક્ષણાના મૃત્યુનું વૈર લેવું એવા વિચારથી કાંઇ તેણે ભભૂતમલને કિંવા શૂરસેનને કેદ કર્યા નહોતા. પોતાની ખાનગી વાત અને રાજકીય વાતને એકત્ર કરવી, એવી તેની બિલકુલ ઇચ્છા નહોતી.

પંદર વર્ષ પૂર્વે જ્યારે ભભૂતમલે પોતાની સમજ પ્રમાણે સુલક્ષણાનું બળિદાન દીધું, તે વખતે તેણે શૂરસેનને એવું જણાવ્યું હતું કે તે મરકીને લીધે એકાએક મરણ પામી હતી અને સરલ મનના શૂરસેનને તે ખોટું માલૂમ પડ્યું નહોતું.

તેમની એ વાત પૂરી થતાં વીરોત્તમે એક સિપાઇને બોલાવીને તે મૂર્તિનું તથા ચક્રયંત્રનું શું થયું તે સંબંધે તપાસ કરી. મનુષ્યના રક્તથી ખરડાએલી તે મૂર્તિના ટુકડા કરીને અને ચક્રયંત્રનાં ચક્રોને ભાંગી નાંખીને નદીમાં ફેંકી દેવામાં આવ્યાં એવું તે સિપાઇએ વીરોત્તમને કહ્યું ! યંત્રમાંનું લાકડકામ બાળી નાંખવામાં આવ્યું હતું અને તે ભયંકર વસ્તુઓનું નામ–નિશાન પણ વીરોત્તમનાં માણસોએ રહેવા દીધું નહોતું !

એ પ્રમાણે એક જ દિવસમાં શાકતોનું મુખ્ય મંડળ, તેમની દેવી, તેમનાં બળિદાન દેવાનાં સાહિત્યો, તેમનાં કાગળ પત્રો, એ સર્વેનો નાશ કરવામાં આવ્યો !!

પ્રભાત થતાં અલકકુમારી પોતાના પિતાની પાસે આવી. આગલે દિવસે બનેલા એકંદર બનાવથી તેને બહુ ખેદ થતો હતો. જેને મળવાની તે ઘણા દિવસથી ઉત્કટ ઇચ્છા કરતી હતી, જે પોતાની હતી એવું થોડા વખત પહેલાં જ તેના જાણવામાં આવ્યું હતું, તે ઉદાર મનની સ્ત્રી પોતાને જીવંત સ્થિતિમાં મળી શકી નહિ, તે માટે તેને બહુ જ ખેદ થયો! તોપણ પોતાનો પિતા કોણ એ જાણવામાં આવ્યું અને તેની મુલાકાત પણ થઇ તેથી તેને બહુ જ આનંદ થયો. વિષયમલ પોતાનો ભાઇ થતો હતો, તેથી તેને એક વાર બંધુત્વના સંબંધથી મળવું એવી તેની ઇચ્છા હતી, પણ તે પણ મરણ પામ્યો હતો! મૂર્તિનો અને તે ભયંકર યંત્રનો નાશ થયો, એ બહુ સારૂં થયું એવું તેને લાગ્યું, પણ બીજી એક વાત મનમાં આવવાથી તે ફીકરમાં પડી હતી. જે બળવંતસિંહ ઉપર તેનો પ્રેમ જડાયો હતો તે પોતા ઉપર પ્રેમ ધરાવતો હશે કે કેમ તેનો તેને સંશય હતો. હવે પોતે એક ગરીબ ખેડુતની પુત્રી નહોતી, પરંતુ પોતાને મોટી પદવી પ્રાપ્ત થઇ હતી, એ વાતનું સ્મરણ થતાં તેને બહુ આનંદ થતો હતો. કદાચ સરદાર બળવંતસિંહ કરતાં પણ પોતે પદવીમાં ઉંચી હશે એવું તેના મનમાં આવ્યું, અને તેની સમજ પ્રમાણે તે બરાબર હતું, કારણકે વીરોત્તમ જેવા મોટા સરદારની, એટલું જ નહિ, પણ આખા રાજપૂતસ્થાનના મહારાજાધિરાજની તે પુત્રી હતી, એમ પણ કહી શકાય.

તે પછી વીરોત્તમે બળિદાનમાંથી બચેલાં બધાં માણસોને જમણ આપ્યું અને તેમને મુક્ત કર્યાં. તેઓમાંનાં જેમનાં માબાપ, સગાં–સંબંધી, ઇષ્ટ મિત્રો હયાત હોય તેમણે તેમને ખુશીથી મળવા જવું એવી વીરોત્તમે તેમને વિનતિ કરી, પરંતુ જેમની ક્યાંય પણ જવાની ઇચ્છા ન હોય, તેમણે ખુશીથી પોતાની પાસે રહેવું એવું પણ તેણે જણાવ્યું. જેઓ પોતપોતાને ઘેર જવાને નીકળ્યા, તેઓને રાજકન્યાના ખજાનામાંથી કાંઇ જવાહીર તેણે બક્ષીસ આપ્યું. ફક્ત તેજસીંગ અને દાનસીંગે તેમાંથી થોડાનો પણ સ્વીકાર કર્યો નહિ! વીરોત્તમે તેમને બહુ જ આગ્રહ કર્યો, પણ તેમણે તે લેવાની સ્પષ્ટ ના કહી. વીરોત્તમે તે બન્નેને જ્યારે બારીકાઇથી જોયા ત્યારે તેઓ એ બક્ષીસ કેમ લેતા નહોતા, તેનું કારણ તેના ધ્યાનમાં આવ્યું. પછી તે બન્નેને એકાંતમાં લઇ જઇને વીરોત્તમે તેમને તેમના માલેકના સમાચાર આપ્યા. પોતાનો માલેક હજી રાજપૂતસ્થાનમાં જ છે, એટલું જ નહિ, પણ તે ત્યાંથી નજીકમાં જ છે, એવું જ્યારે તે બન્નેના જાણવામાં આવ્યું,

ત્યારે તો તેમને બહુ જ આનંદ થયો. પણ તે માંદો છે, એવું જ્યારે તેમણે જાણ્યું ત્યારે તેમને ચિંતા થવા લાગી. પછી તે બંન્નેએ જમની અને રેવા તથા રાધાના સમાચાર પૂછ્યા. એ સાંભળીને વીરોત્તમને થોડો ગુસ્સો આવ્યો હોય એવું જણાયું, તોપણ તેણે પોતાનો એ ગુસ્સો બહાર જણાવા દીધો નહિ. એટલામાં એક જાસૂસ ત્યાં આવ્યો અને તેણે એવા ખબર આપ્યા કે "લતિકાદેવી નાસી ગઇ !"

તે ખબર સાચી હતી. પોતાના બિછાનાની ચાદર ફાડીને, તેની દોરી વણીને, તે બારીના ગજ સાથે બાંધીને, તે વડે નીચે ઉતરીને તે છટકી ગઇ હતી ! તેણે એ કેવું મોટું સાહસ કર્યું એ જોતાં જ વીરોત્તમ છક થઇ ગયો ! જો કદાચ એ દોરીવડે નીચે ઉતરતાં તેનો પગ છટકયો હોત, અથવા દોરી તૂટી ગઇ હોત, તો તે કિલ્લા નીચેની પાણીની ખાઇમાં પડીને ડૂબીને મરી જાત !

વીરોત્તમે તેને શોધવાને માટે તુરત જ દૂતો મોકલી દીધા; તે દૂતોને તેણે તદ્દન ગુપ્ત રીતે તેની શોધ કરવાનો હુકમ આપ્યો હતો. પછી વીરોત્તમે કિલ્લામાંના પરોણાઓને તેઓની યોગ્યતા પ્રમાણે કોઇને ગાડીઓમાં, કોઇને પાલખીમાં, કોઇને રથમાં, એ પ્રમાણે તેમને સ્થાને મોકલી દીધા. તેજસીંગ અને દાનસીંગ પોતાના માલેકને મળવાને ઉતાવળા થયા હતા, તેથી તેમણે પોતાના ઘોડાને ઝપાટાબંધ દોડાવ્યા !

એ પ્રમાણે પરોણાઓની વ્યવસ્થા કર્યા પછી વીરોત્તમે લડાઇના કેદીઓની તપાસ ચાલુ કરી. સઘળા કેદીઓને હારબંધ ઉભા રાખીને હનુમંતસિંગની મદદથી વીરોત્તમે શાક્તપંથવાળાઓને જૂદા કાઢ્યા અને તેમને બિલકુલ તપાસ જ કર્યા વિના હદપારની શિક્ષા કરી. એ જ શિક્ષા જે ઠાકોરો અને ઠકરાણીઓ તેમનાં કાગળ પત્રો ઉપરથી શાક્તપંથનાં માલૂમ પડ્યાં, તેઓને પણ કરવામાં આવી. પછી કેવળ દ્રવ્યને માટે કિંવા વીરોત્તમના અમલ માટે નાપસંદગીને કારણે જે સિપાઇઓ કિંવા સરદારો-ઠાકોરો લડતા હતા, તેઓને ક્ષમા કરીને મરજીમાં આવે ત્યાં જવાની તેણે રજા આપી. તેઓ સઘળાંની જાગીરો માત્ર જપ્ત કરવામાં આવી.

એટલા વખતમાં પોતાની સ્ત્રીની સાથે સજ્જનસીંગ પણ ત્યાં આવ્યો હતો. અલકકુમારી તેને અત્યંત વહાલથી ભેટી. પોતાની પુત્રીનું લાલનપાલન તેણે આટલા દિવસ ઉત્તમ રીતે કર્યું, તે માટે વીરોત્તમે તેનો અત્યંત આભાર માન્યો. સજ્જનસીંગથી અલકકુમા-

રીતે અને અલકકુમારીથી સજ્જનસીંગને દૂર રાખવાં એ શક્ય નહોતું, તેથી તે બન્નેને પોતાની પાસે આશ્રય આપવો એ જ વીરોત્તમને ઇષ્ટ લાગ્યું.

એ સઘળું થયું ખરૂં, પરન્તુ વળી એક નવું જ સંકટ ઉપસ્થિત થયું. વીરોત્તમે સંગમપુરમાં પોતાના બધા સૈન્યને યુદ્ધનો વિચાર જણાવ્યો તે વખતે જે કેટલાક ઠાકોરો અને સરદારો પોતપોતાના કિલ્લા તથા ગામડાં છોડીને નાસી ગયા હતા, તેમણે રાજપૂતસ્થાનની દક્ષિણ સરહદ ઉપરના ડુંગરાઓમાં રહેનારા કેટલાક ભીલ્લોનો આશ્રય લઇને વીરોત્તમની સાથે યુદ્ધ કરવાને કમર કસી અને તેઓ પોતાના સૈન્ય સાથે ચાર–પાંચ દિવસની મુસાફરી જેટલા દૂર આવીને પડ્યા, એવી ખબર વીરોત્તમને તેના જાસૂસે આવીને આપી. પછી વળી પૂછવું શું ? એક પળનો પણ વિલંબ નહિ કરતાં વીરોત્તમ તાબડતોબ પોતાના સૈન્ય સાથે તેમની સામે થવાને શ્યામગઢમાંથી બહાર નીકળ્યો. જતી વેળાએ તેણે હનુમંતસિંગને કિલ્લાનો બધો અધિકાર આપ્યો, અને સઘળી વ્યવસ્થા અલકકુમારીની સલાહ લઇને તેણે કરવી, એવું ફરમાવ્યું. શૂરસેનને પણ વીરોત્તમના ડહાપણનો, ધૈર્યનો, ઔદાર્યનો, અને સદાચરણનો ઉત્તમ અનુભવ થયો હોવાથી તેણે પોતાની મેળે પોતાનું સૈન્ય વીરોત્તમની મદદમાં આપ્યું, અને વીરોત્તમે એ મદદનો આભારપૂર્વક સ્વીકાર કર્યો.

બિચારો ભભૂતમલ ! તે પોતાના જ વડવાઓએ બંધાવેલા કિલ્લામાં પોતાનાં ક્રૂર કર્મોનાં જાણે કે ફળ ભોગવતો હોય તેવી રીતે અંધારી કોટડીની હવા ખાતો સ્વસ્થપણે મૃત્યુની રાહ જોઇ રહ્યો હતો.

પ્રકરણ ૪૮ મું.

દાનવીરરાયના કિલ્લામાં બળવંતસિંહ.

અલકકુમારી ગયા પછી બળવંતસિંહને ગોઠ્યું નહિ. આમતેમ આળોટીને વખત ગાળતાં એક વાર સાંજ પડી, પણ રાત્રે તેને ઉંઘ આવી નહિ. વૃદ્ધ ધર્મવીરે તેને ઉંઘી જવા માટે વારંવાર આગ્રહ કર્યો, પણ તે શા કામનો ? જે મધુર સ્વરથી તેના કર્ણ તૃપ્ત થતા હતા, તે મધુર સ્વર પુનઃ સાંભળવાને મળશે નહિ તેની તેને શંકા આવતી હતી ! એમ કરતાં કરતાં પ્રભાત થયું. તેની આંખો સામે અલકની

રમ્ય મૂર્તિ એકસરખી તરવરી રહી હતી, પણ અત્યારે તે ક્યાં હશે એટલો જ વિચાર તેના મનમાં આવતો હતો. એ જ રીતે બીજો દિવસ પણ જવા લાગ્યો. ત્રીજો પ્રહર થતાં તેની આંખ જરા મીંચાઇ. તે વખતે ધર્મવીરરાય ત્યાં આવી પહોંચ્યો પણ બળવંતસિંહ ઉંઘેલો હોવાથી તેણે તેને જગાડ્યો નહિ. થોડી વાર પછી જ્યારે તે જાગ્યો, ત્યારે ધર્મવીરરાય પોતાના બિછાના પાસે ઉભો છે એવું તેને માલૂમ પડ્યું. તેણે બળવંતસિંહના હાથમાં એક પત્ર આપીને કહ્યું: " આપને ઉંઘ આવ્યા પછી કોઇ એક પુરૂષ આપને માટે કાંઇ જરૂરીનો પદાર્થ અને એક પત્ર લઇને આવ્યો છે અને તે આપની તરફથી જવાબની રાહ જોતો બેઠો છે."

મહોરબંધ આવેલો એ પત્ર તેણે ખોલ્યો. તે પત્રમાં નીચે પ્રમાણે લખાણ કરવામાં આવ્યું હતું:

" કદાચ આ પત્ર કોઇ બીજાના હાથમાં જઇ પહોંચવાથી ગોટાળો પેદા થશે, તેટલા માટે પત્રમાં હું આપના માનમરતબા સંબંધે કાંઇ જ લખતો નથી. પણ હું વીરોત્તમ આપને પ્રણામપૂર્વક એવું લખું છું કે:

થોડા જ સમયમાં પુષ્કળ ચમત્કારિક બનાવો બની ગયા છે. શ્યામગઢનો કિલ્લો અત્યારે મારા હાથમાં છે. તે કિલ્લાનાં સઘળાં રહસ્યો ખુલ્લાં થઇ ગયાં છે, અને મને એક અત્યંત મોટો લાભ એ થયો છે કે અલકકુમારી જેવું પુત્રીરત્ન પ્રાપ્ત થયું છે! અલકકુમારી મારી ખરેખરી પુત્રી છે એવું આજે જ મારા જાણવામાં આવ્યું!!

આપ અત્યારે ત્યાં માંદગીમાં છો, એવું મને અલકકુમારીએ કહ્યું છે. આપની ગુપ્ત વાત અલકકુમારીના જાણવામાં નથી, અને આપ આ દેશની હદમાં છો, ત્યાંસુધી હું તે કોઇને કહીશ પણ નહિ. અત્યારે આપ આવા નિર્જન સ્થળે માંદગીમાં છો, એ સાંભળીને મને બહુ ચિંતા થાય છે. આપ મહેરબાની કરીને શ્યામગઢમાં આવશો, તો આપની સેવા-ચાકરીની મારા હાથે બનશે તેટલી વ્યવસ્થા કરીશ. કદાચ બહુ ઉતાવળે સ્વદેશમાં જવાનો આપનો વિચાર હોય, તો તેમ જણાવશો, એટલે હું આપને માટે વાહનની ગોઠવણ કરીશ.

હું ગરીબની છાવણીમાં આપને ઉપયોગી થઇ પડે તેવા જે કાંઇ થોડા પદાર્થો હતા, તે આપની તરફ મોકલ્યા છે, તેનો આપ સ્વીકાર કરશો. આપની તબીયત કેવી છે, તે જાણવાને મારી અલ-

કકુમારી બહુ આતુર થઇ છે. સ્નેહની વૃદ્ધિ અધિકાધિક કરશો એવી વિનંતિ છે.

લી. વીરોત્તમ.

આ પત્ર વાંચીને બળવંતસિંહને બહુ જ આનંદ થયો. અલકકુમારી શું વીરોત્તમની પુત્રી ?! એમ હોઇ શકે શી રીતે ? પણ પત્ર તો પ્રત્યક્ષ વીરોત્તમના હાથનો જ છે ! અને તે ઉપર તેની જ સહી છે !

શ્યામગઢ પડયું એ તો ઠીક જ થયું, એવું તેને લાગ્યું. ત્યાં કાલિકાની મૂર્તિ અને યંત્ર હતું એ તે જાણતો હતો, પણ બીજાં રહસ્યો વળી કયાં ? સુલક્ષણાબાઇ કિંવા શ્વેત વસ્ત્રધારિણી સ્ત્રી સંબંધે તે કશું જાણતો નહોતો, કિંવા અલકકુમારીએ તેને તે વિષે કશું કહ્યું નહોતું.

પોતા સંબંધે પહેલાં જે કાંઇ લખાણ તે પત્રમાં હતું તે બાદ કરીને બાકીનો વૃત્તાંત તેણે પોતે ધર્મવીરરાયને વાંચી સંભળાવ્યો, પણ તે પત્ર તેણે તેના હાથમાં આપ્યો નહિ.

એ આનંદદાયક સમાચાર સાંભળતાં જ વૃદ્ધ ધર્મવીર અતિશય આનંદિત થઇને બોલ્યો: “અલકકુમારી વીરોત્તમની પુત્રી ?! અહાહા ! એ કેટલી આનંદની વાત છે? ! હવે તે એક બળવાન રાજાની પુત્રી થઇ ! એમ નહિ તો બીજું શું ? તેનો પિતા હવે એક રાજા તો ખરો જ ! કાલે તે એક ગરીબ ખેડૂતની પુત્રી હતી, પણ આજે મોટા સરદારો અને ઠાકોરો પણ તેના પગની રજ માથે ચડાવવાને તૈયાર થશે ! મહારાજ ! જેણે કેટલાક દિવસસુધી એકનિષ્ઠાથી આપની સેવા કરી હતી, તેનું હવે કોઇ મોટા રાજકુંવર સાથે લગ્ન થશે ! વીરોત્તમ જેવા રાજાધિરાજની પુત્રીની સાથે લગ્ન કરવાને કયો રાજા તૈયાર ન થાય ?”

બળવંતસિંહ બોલ્યો: “તે જો પહેલાંની પેઠે જ ગરીબ રહી હોત, તોપણ કોઇ રાજાની જ નહિ પણ મહારાજાની અર્ધાંગના થવા જેટલી યોગ્યતા તેનામાં હતી.”

એમ બોલીને બળવંતસિંહ તદ્દન ઉંડા વિચારમાં પડી ગયો. પછી કેટલીક વારે ધર્મવીરરાયે તેને પૂછ્યુ: “પણ આપે હજી જાસૂસને કાંઇ જવાબ આપ્યો નહિ ?”

“હું તમને મ્હોંનો જવાબ આપું છું, કારણકે મારામાં અત્યારે લખવાની શક્તિ નથી. તેમને કહો કે હવે મારી તબીયત ધીમે

ધીમે સુધરતી આવે છે, પરન્તુ આજે ને આજે મારાથી શ્યામગઢમાં આવી શકાય તેમ નથી. મારા પર આપનો મોટો ઉપકાર થયો છે. કેટલાક દિવસો પૂર્વે મેં પાટણખાતે મારાં માણસોને મોકલ્યાં છે, તેમની સાથે મારે માટે વાહનો વગેરે મેં મંગાવ્યાં છે, તે થોડા જ દિવસોમાં અહીં આવી પહોંચશે; એવા આશયનો જવાબ તમે જ તેને કહી દો અને પાછો રવાના કરો." જાસૂસને આપવાનો જવાબ એ પ્રમાણે બળવંતસિંહે ધર્મવીરરાયને કહી સંભળાવ્યો.

પછી ધર્મવીરરાયે એ જવાબ જાસૂસને કહી સંભળાવ્યો અને જાસૂસ ચાલ્યો ગયો. તે જ સાંજે બળવંતસિંહને બહુ આનંદ અને ઉત્સાહ લાગવા માંડ્યો. ધર્મવીરરાય ઓરડામાંથી બહાર ગયા પછી થોડી જ વારે તેજસીંગ અને દાનસીંગ ઓરડામાં આવ્યા, અને કાંઇ ન બોલતાં નીચું માથું ઘાલીને તે પોતાના માલેકના પગ આગળ જઇને બેઠા !

* * * * *

* * * *

ત્રણ દિવસ પછી પાટણથી ત્રણસો સ્વાર અને એક પાલખી ત્યાં આવીને દાખલ થયાં. ત્યારપછી દાનવીરરાયના કિલ્લાના ખંડેરમાંથી બળવંતસિંહ ચાલ્યો ગયો.

જતી વખતે "આપની હવે પછીની જીંદગીના દિવસો બહુ સારી રીતે પસાર થશે" એવું અભિવચન આપીને બળવંતસિંહે તે વૃદ્ધ કારભારી ધર્મવીરરાયને પોતાની સાથે રાખ્યો.

પ્રકરણ ૪૯ મું.

કથાના અંત ભણી એક ડગલું આગળ.

ત્યારપછી બીજા બે-અઢી મહિના ચાલ્યા ગયા. માહ મહિનો આવી પહોંચ્યો. વસંતઋતુનો પ્રારંભ થવાથી તરૂવરો નવપલ્લવ બની ગયાં. આંબા મહોરથી લચી પડવા લાગ્યા. અરણ્યમાંની લતાઓ ઉપર પુષ્પગુચ્છ ઉભરાવા લાગ્યા. વસંતપંચમીને બે ત્રણ દિવસ જ બાકી રહ્યા હતા. અલકકુમારી તે દિવસને વિસરી ગઇ હશે શું? બળવંતસિંહે તે દિવસે તેને સજ્જનસીંગની ઝુંપડીથી થોડા અંતરે મળવાનો સંકેત કર્યો હતો. આ બે ત્રણ દિવસો અલકકુમારીને બે-ત્રણ વર્ષો જેટલા મોટા થઇ પડ્યા હતા !

પણ અત્યારે અલકકુમારી ક્યાં હતી ? અને તેનો પિતા વીરોત્તમ ક્યાં હતો ?

વીરોત્તમ કેટલાક સરદારો અને ઠાકોરોની સાથે ભીલ લોકોની સાથે લડાઇ કરવા માટે ગયો હતો, એ પૂર્વે કહેવામાં આવ્યું છે. ભીલ લોકોની સાથે વીરોત્તમે લડાઇ ચલાવી. કેટલાક સરદારોને અને ભીલોને તે લડાઇમાં જીતીને વીરોત્તમે તેમને કેદ કર્યા. પરંતુ તેથી ગુસ્સે થઇને તે સરદારોનાં અને ભીલ લોકોનાં નાનાં નાનાં મિત્રરાજ્યો પુનઃ યુદ્ધ કરવાને તૈયાર થયાં. તેમનો પણ વીરોત્તમે પરાભવ કર્યો. આટલું થયું તો પણ ભીલ લોકો પોતાની લૂંટફાટ કરવાની રીત છોડશે નહિ એવું વીરોત્તમ જાણતો હોવાથી કેટલાક દિવસસુધી તે ત્યાં જ રહ્યો અને પાકો બંદોબસ્ત કરવાનો વિચાર કર્યો. કેટલાક ભીલોનાં સગાંઓ તેઓને છોડવાના બદલામાં મોટી મોટી રકમની ખંડણીઓ આપવાને તૈયાર થયા, પણ તે નહિ લેતાં વીરોત્તમે તેમની પાસે પોતાની હદમાં લૂંટફાટ નહિ કરવાના સોગંદ લેવરાવ્યા. પછી પોતાની સાથે જેઓ વફાદારીથી વર્તવાને તૈયાર હતા, તેમને તેણે પોતાના સૈન્યમાં નોકરીએ રાખી લીધા. એ પ્રમાણે એક બાજુનો પૂરો બંદોબસ્ત થયો એ જોતાં જ વીરોત્તમને બહુ આનંદ થયો અને તે પહેલાં સંગમપુર ખાતે ગયો. ત્યાં તેને લોકોએ પોતાના રાજા તરીકે પુષ્કળ માન આપ્યું. પછી તેણે ભભૂતમલને શ્યામગઢથી બોલાવીને સંગમપુરમાં રાજકીય ઠાઠમાઠથી નજરકેદમાં રાખ્યો અને શ્યામગઢનો કિલ્લો સજ્જનસીંગને સોંપ્યો. વીરોત્તમ ચ્હડાઇપર ગયા પછી અલકકુમારી સજ્જનસીંગ પાસે શ્યામગઢમાં રહેતી હતી અને તે ચ્હડાઇપરથી પાછો આવ્યો એટલે તે તેની પાસે રહેવા લાગી. શૂરસેને પણ અલકકુમારીને પોતાને ત્યાં આવવા માટે આગ્રહ કર્યો, પણ હવે માઘ માસનો પ્રારંભ થયો હોવાથી બીજે કયાંય ન જતાં શ્યામગઢની સરહદપર આવેલી પોતાની પૂર્વની ઝુંપડીમાં જ રહેવાનો તેણે ઠરાવ કર્યો. જે સ્થળે પોતાની બાલ્યાવસ્થા ગઇ હતી, તે જ સ્થળે થોડા દિવસ રહેવાની પોતાની મરજી થઇ છે, એવું તે ઉપર ઉપરથી બીજાઓને મ્હોંએ કહેતી, પણ તેના અંતરનો હેતુ કેવો હતો, તે વાચકોને ખાસ કહી બતાવવાની કાંઇ જ જરૂર નથી. માહ સુદી પ્રતિપદાને દિવસે સોમદેવ, તેની સ્ત્રી અને હનુમંતસિંગને સાથે લઇને તે પોતાની ઝુંપડીમાં રહેવાને ગઈ !

હું એક મોટા રાજાની પુત્રી છું, એવું અભિમાન ન ધારણ

કરતાં, તે આ ઝુંપડીમાં રહેવાને કેમ આવી વારૂ ? ત્યાં રહેવામાં તેને એવો તે કેવો આનંદ મળતો હશે વારૂ ? કદાચ તે ગુર્જર સરદાર પોતે આપેલું વચન વિસરી ગયો હશે તો ? વસંતપંચમી પહેલાંના બે–ત્રણ દિવસ તો કેમે કરતાં જાય નહિ ! છેવટે વસંતપંચમીનો દિવસ આવી પહોંચ્યો; પણ તેજ દિવસે તેણે જરૂર સંગમપુર ખાતે ચાલ્યા જવા માટેનો વીરોત્તમનો પત્ર લઇને એક જાસૂસ આવ્યો. પત્ર ઘણો તાકીદનો હતો. તે પત્ર જોઇને અલકકુમારીના મનની કેવી સ્થિતિ થઇ હશે વારૂ ? કદાચ આજનો દિવસ રાહ જોઇને પોતે સંગમપુર ચાલી જાય અને પછી એક બે દિવસે તે ગુર્જર સરદાર આવે તો ? પણ પોતાના પિતાના પત્રનું શું કરવું ? સંગમપુર ગયા વિના ચાલે જ કેમ ? એવા એવા વિચારોમાં તેનું મન ગુંચવાવા લાગ્યું. તેને રડવું આવવા લાગ્યું. સાંજનો વખત થયો, તોપણ સરદાર બળવંતસિંહની કાંઇ જ ખબર આવી નહિ. અલકકુમારીનું કાળજું એકસરખું ધડકવા લાગ્યું, તોપણ તે નહિ આવે, એવો અંદેશો તેના મનને જરા પણ આવતો નહોતો ! છેવટે સૂર્યાસ્ત થવાનો સમય નજીક આવ્યો. તે વખતે તે ઝુંપડી નજીકની ઝાડી તરફ જવાને નીકળી. પૂર્વે અનેક વાર તે ત્યાંની વનશ્રીની શોભા જોવાને જતી હતી અને એક લતાકુંજમાંના શિલાતલપર બેસીને પક્ષીઓના મધુર શબ્દો સાંભળી આનંદ પામતી હતી. તેનાં ઓળખીતાં પક્ષીઓ પોતપોતાના માળા તરફ પાછાં આવવા લાગ્યાં. તેઓનું સ્વાગત કરવાને તેમનાં બચ્ચાં માળામાંથી કિલકિલાટ કરી રહ્યાં હતાં. માળામાંથી ડોકાં બહાર કાઢીને તેઓ પોતાનાં જનકજનનીની રાહ જોતાં હતાં. એક બાજુએ આંબાપર બેઠેલી કોકીલા તીણી ચીસોવડે વનને ગજાવી રહી હતી. આંબાના મહોરની સુવાસથી દશે દિશાઓ બહેકી રહી હતી. મંદ અને સુગંધયુક્ત વાયુ વાતો હતો. સૂર્યના આગમનથી પશ્ચિમ દિશા તદ્દન લાલ બની ગઇ હતી. પોતાની શૉકય પાસે પોતાનો પતિ ગયો તેથી જ જાણે કે પૂર્વ દિશા કાળી પડી હોય તેવું લાગતું હતું; પણ સાયંકાળની આ શોભામાંનો એક પણ પ્રકાર અલકકુમારીના જોવામાં આવ્યો નહિ ! તેની આંખો ઉઘાડી હતી, પરંતુ તેને જ્યાં ત્યાં બળવંતસિંહ જ દેખાતો હતો. તેના કાન જાગૃત હતા, પણ તેને માત્ર બળવંતસિંહના શબ્દોના જ ભણકારા લાગતા હતા ! એ પ્રમાણે તેની ચિત્તવૃત્તિ કેવળ બળવંતસિંહમય બની ગઇ હતી. ધીમે ધીમે તેની આંખો મીંચાવા લાગી. કાન બધીર બનવા લાગ્યા. બાહ્યેંદ્રિયવૃત્તિ નષ્ટ થઇ.



‘પ્રિયે! શું તું [illegible] [illegible] તેવી હતી!’ [પૃષ્ઠ ૨૮૯].

પોતે ક્યાં છે અને શું કરે છે, તેનું તેને ભાન રહ્યું નહિ. એવી સ્થિતિમાં લગભગ પા ઘડી-પણ તેની સમજણ પ્રમાણે કેટલાક પ્રહર-વીતી ગયા. પછી છેવટે એકાએક ઘોડાનો ખોંખારો તેના કાન સાથે અથડાયો. પણ તે અવાજ એક જ ઘોડાનો છે કે આ અરણ્યમાં પ્રતિધ્વનિ થવાથી પુષ્કળ ઘોડાઓ ખોંખારા કરી રહ્યા હોય એવો પોતાને ભાસ થાય છે, તેનો તર્ક અલકકુમારીથી કરી શકાયો નહિ !

પણ પુનઃ કાંઇ મળે નહિ ! ઘોડાના ખોંખારાનો પોતાને માત્ર અમસ્થો ભાસ જ થયો હશે, એવું તેને લાગવા માંડયું. તેણે પુનઃ પોતાનાં નેત્રો ઢાંકી દીધાં અને બળવંતસિંહનું ધ્યાન ધરવામાં તે નિમગ્ન બની. એટલામાં પોતાની સામે-તદ્દન નજીક-કાંઈ પણ ખખડયું એવું તેને લાગ્યું. પણ જુઓ ચમત્કાર ! તેણે આંખો ઉઘાડી તો બળવંતસિંહની સાક્ષાત્ મૂર્તિ તેની સામે દેખાઇ ! પોતે તેને પ્રત્યક્ષ જોઇ રહી છે કે આટલી વારસુધી પોતાના મનને તે જેવો દેખાતો હતો, તેવો જ અત્યારે તે દેખાય છે, તેનો તે નિશ્ચય કરી શકી નહિ ! તેણે એક વાર આંખો ચોળી, અને તેની તરફ જોયું, તોપણ તે તેવો જ દેખાતો હતો ! તુરત જ તે ઉભી થઇ ગઇ. તેણે લજ્જાથી માથું નીચું ઘાલ્યું. હવે માત્ર તેનાથી બળવંતસિંહ તરફ જોઇ શકાયું નહિ. એ જોઇને બળવંતસિંહ ઘોડાપરથી નીચે ઉતર્યો, અને તેણે ઉભી થએલી અલકકુમારીને પોતાના બાહુપાશમાં ધારણ કરી ! તે પોતાના સંકેત પ્રમાણે બરાબર વખતે જ આવ્યો હતો.

તે બોલ્યોઃ " પ્રિયે ! શું તું મારી જ રાહ જોતી હતી ? " એમ બોલીને તેણે તેને શિલાતલ ઉપર બેસાડી અને પોતે તેની પાસે બેઠો.

કેટલીક વારસુધી તેના મનમાંના શબ્દો તેના મુખમાંથી બહાર પડી શકયા જ નહિ ! છેવટે તે બોલીઃ " મહારાજ ! મને આશા હતી-મને ખાતરી હતી-કે આપ આવ્યા વિના રહેશો નહિ ! "

તેનો એવો જવાબ સાંભળીને તે ગુર્જર વીરની મુખશ્રી આનંદથી ઉલ્લસિત થઇ. તે બોલ્યોઃ " અલકકુમારી ! તારી સાથે કરેલો સંકેત એક ક્ષણભર પણ હું વિસરી જઉં, એ શું શકય છે ? નહિ, નહિ ! હું તને એક ક્ષણ પણ વિસર્યો નથી. જે કેવળ મારા જીવિતના આધારરૂપ હોય, તેને હું કેવી રીતે વિસરી જઇ શકું ! પણ અલક ! એવી રીતે પાછલી વાતનું સ્મરણ આપીને આપણી ઓળખાણને તાજી શામાટે કરવી જોઇએ ? હું કાંઇ એટલા જ માટે અહીં આવ્યો નથી. મારા આગમનનું કારણ કેવળ જૂદું જ છે.

સુંદરી ! તારા સદ્દગુણોએ મને જીતી લીધો છે ! તારા વિના મારા-થી આ જગતમાં જીવી શકાય તેમ નથી, તો કહે, તું મારી અર્ધા-ગના–મારી ધર્મપત્ની થઇશને ?"

તે કુમારિકાએ પોતાના મુખથી એ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ, પણ એમાં કાંઇ જ આશ્ચર્ય નથી. ઇશ્વરે તેને જે વિશાળ નેત્રો આપ્યાં હતાં તેનો ઉપયોગ કરતાં શું તેને નહોતો આવડતો ? તેણે તેની તરફ એક વાર અપાંગાવલોકન કરીને પોતાની સંમતિ દર્શાવી. તેથી અતિશય આનંદિત થઇને બળવંતસિંહ બોલ્યો: "ત્યારે તો તારો પ્રેમ પણ મારા ઉપર છે જ તો ?! પ્રિયે ! હવેથી તું મારી ગૃહદેવી છે અને તેથી મને તું તારો દાસ સમજજે !"

અલકકુમારી તો કેવળ લજ્જિત બની ગઇ હતી. તેણે માથું નીચું ઘાલ્યું. પોતાના પ્રિયતમના વદનકમળ તરફ દૃષ્ટિ કરવાની હિંમત હવે તે ચલાવી શકી નહિ!

અલકકુમારીને બહાર ગયાને ઘણો વખત થયો, તેથી ઝુંપડીના દ્વારમાં આવીને સજ્જનસીંગ, તેની સ્ત્રી અને હનુમંતસિંગ એ ત્રણે જણાં અલકકુમારીના આગમનની રાહ જોઇ રહ્યાં હતાં. પણ તે ક્યાંય દેખાતી નહોતી, તેથી તે બન્નેને સાથે લઇને સજ્જનસીંગ અલક-કુમારીની પેલી વ્હાલી લતાકુંજ તરફ જવાને નીકળ્યો. અલકકુમારીની પાસે બેસીને કોઇ એક સરદારે તેનો હાથ પોતાના હાથમાં પકડયો છે, એ જોતાં જ તે ત્રણેને બહુ જ આશ્ચર્ય લાગ્યું. તે કોણ હશે, એ જોવા માટે તે ત્રણે ઝાડી તરફ ઉતાવળાં ચાલ્યાં. એટલામાં તે વન-રાજીમાંથી કેટલાંક સ્ત્રી પુરૂષો આગળ આવ્યાં. તેઓના પોશાક ઉપર-થી અને મુખમુદ્રા ઉપરથી તેઓ સઘળા સરદારો અને ઠાકોરો જેવા હોવા જોઇએ એવું ખુલ્લું જણાતું હતું. તેઓ સઘળા ગુજરાતની તરફના હતા, એટલું પણ તેઓના પોષાક ઉપરથી ખુલ્લું જણાતું હતું. તે સઘળાએ આગળ આવીને હાથ જોડયા અને તેઓ એ જોડાની બન્ને બાજુએ આવીને ઉભા રહ્યા.

તેઓની તરફ મોટા પ્રેમથી દૃષ્ટિ કરીને બળવંતસિંહ બોલ્યો: "મારા સરદારો, સંસ્થાનિકો, જાગીરદારો અને અમલદારો ! મહા-પ્રતાપી રાજાધિરાજ વીરોત્તમ મહારાજની પુત્રી સાથે મેં મારો વિવાહ નક્કી કરેલો છે. આ છે તે જ મારી ધર્મપત્ની, મારી સર્વ સંપત્તિની ભાગીદારણ અને ગુજરાતની યુવરાજ્ઞી તમારી સમક્ષ છે! એ સબંધ તમો સર્વેને ગમે છે ને ?"

એ શબ્દો સાંભળતાં જ અલકકુમારીએ પોતાનું મસ્તક ઉંચું કર્યું અને તે હરિણાક્ષી પોતાની આસપાસ ટગમગ જોવા લાગી! એક બાજુએ કેટલાક શ્રીમંતના જેવા ઠાઠમાઠથી પુરૂષો ઉભા હતા અને બીજી બાજુએ સપુષ્પ લતાઓના જેવાં વસ્ત્રાલંકારોથી સુસજ્જિત સ્ત્રીઓ ઉભી હતી. બળવંતસિંહ કોણ છે તેની કાંઇ કલ્પના નહિ કરી શકવાથી ચકિત થએલાં પોતાનાં ઉપકારકર્તા સજ્જનસીંગ, તેની સ્ત્રી અને હનુમંતસીંગને પાછળની બાજુએ ઉભેલાં અલકકુમારીએ જોયાં. એ પ્રકારથી તે બહુ જ ગુંચવણમાં પડયા જેવી દેખાવા લાગી!

તેની એવી સ્થિતિ જોતાં જ બળવંતસિંહ બોલ્યો: "પ્રિયે! હવે હું તને ગુંચવણમાં રાખીશ નહિ. તારા સદ્દગુણો ઉપર પ્રસન્ન થઇને ઇશ્વરે તને આનંદમાં જ રાખવાની યોજના કરી છે. તારા સદ્દગુણોથી તું પહેલેથી જ મોટી પદવીએ ચડી છે અને આ કરતાં પણ મોટી પદવીએ હજી ચડીશ! પ્રિયે! મારા કથનનો આશય તું હજી સમજી નથી. વારૂ, ત્યારે સાંભળ; હવે હું સ્પષ્ટ કહું છું. જેને તું કિંવા આ પ્રાંતમાંના લોકો સરદાર બળવંતસિંહ સમજે છે, તે હું એક સરદાર કિંવા બળવંતસિંહ નથી, પરન્તુ સકળ સામંત ચક્રવર્તી મહારાજ ભીમદેવનો યુવરાજ વિસલદેવ છું! મારા પિતા વીરધવળ ગુજરાતની ગાદીના ભાવી રાજાધિરાજ અને ધોળકાના રાજા હતા. તેમનો થોડા વખત પૂર્વે સ્વર્ગવાસ થવાથી હવે ગુજરાતનો ભાવી રાજાધિરાજ વીરધવળ મહારાજનો પુત્ર હું વિસલદેવ થયો છું! પિતાજીના મરણથી મહારાજા ભીમદેવે મને યૌવરાજ્યાભિષેક પણ કર્યો છે!"

અલકકુમારી પોતાના મ્હોંની અંદર ને અંદર જ બરબડી: "ઓ પ્રભુ! હું આ સ્વપ્ન જોઉં છું, કે ખરેખરૂં જ જોઉં છું?" એ વખતે યુવરાજ વિસલદેવે જો તેને સંભાળી ન લીધી હોત, તો તે બેહોશ બનીને ભૂમિપર પડી ગઇ હોત! તેને દૃઢાલિંગન દઇને યુવરાજ તેના કાનમાં બોલ્યો: "સુંદરી! આ સ્વપ્ન નથી, પણ ખરેખરો પ્રકાર જ છે!"

એ જ વખતે સર્વે સરદારો અને ઠાકોરો એકદમ ગર્જના કરી ઉઠયા: "યુવરાજ્ઞી અલકકુમારીનો સદા વિજય થાઓ!"

ત્યારપછી આ સ્વપ્ન નથી પણ સર્વ ખરો પ્રકાર છે, એવી તેની હળવે હળવે ખાત્રી થવા લાગી!

પ્રકરણ ૫૦ મું.

લગ્નસમારંભ.

પ્રિય વાચક! અમે આ લગ્નસમારંભનું પ્રકરણ લખવા બેઠા

છીએ ખરા, પરન્તુ ગુજરાતના યુવરાજ **વિસલદેવ**ના લગ્નનું સંપૂર્ણ વર્ણન ટૂંકામાં કેવી રીતે કરવું તેની અમને મોટી પંચાત થઇ પડી છે. જો અમે ત્યાં એકઠા થએલા અનેક રાજા રજવાડાઓના વૈભવનું વર્ણન કરીશું તો ગરીબ સ્થિતિના લોકો ગુસ્સે થશે. વારૂ, જે ગરીબો ત્યાં એકઠા થએલા હતા, તેમનું જો વર્ણન કરીએ તો શ્રીમંતો છેડાયા વિના રહે જ શાના ? વિવાહ મહોત્સવની વેળાએ જે નટ–નર્તકો કિંવા કળાધરો આવ્યા હતા, તેઓના પ્રયોગોનું વર્ણન કરવા લાગીશું તો આપણને કદાચ રાજમહાલયની અંદરના આનંદનું દર્શન કરવાનું છોડી દેવું પડશે. **પાટણ**માં થએલી ગીર્દીનું વર્ણન કરવું કે પ્રત્યેક નાગરિકને થએલા લાભનું વર્ણન કરવું, કે નગરના શણગારનું વર્ણન કરવું કે શેનું વર્ણન કરવું, એ જ અમને સૂજતું નથી ! માટે કેવળ શાબ્દિક વર્ણનોમાં ગુંચવાઇ નહિ જતાં બહુ જ લંબાણમાં પડેલી આ કથા હવે આપણે ઉતાવળે આટોપી લેવી જોઇએ.

વિવાહ સમારંભ ઉત્કૃષ્ટ રીતે પૂર્ણ થયો. આવેલા સર્વ પરોણાઓનો યથાયોગ્ય સત્કાર કરવામાં આવ્યો. જે કલાધરો નાગરિકોને અને રાજદંપતીને આનંદ આપવાને આવ્યા હતા, તેમના પ્રયોગો પણ મહારાજા **ભી**મદેવ અને યુવરાજ **વિસલદેવે** સારી રીતે જોયા.

વિસલદેવ અને **અલકકુમારી**નું લગ્ન થયા પછી **ધર્મવીરરાય–દાનવીરરાય**ના માજી કારભારીને **ભી**મદેવ મહારાજે જીંદગીસુધી મોટું વર્ષાસન બાંધી આપ્યું અને યુવરાજની પાસે તેની નીમણુક કરી. તે જ પ્રમાણે **સજ્જનસીંગ** અને તેની સ્ત્રી એ બન્ને વૃદ્ધ હોવાથી તેમને **અલક**ને છોડી જવાનું ગમ્યું નહિ, તેથી **ભી**મદેવે **પાટણ**માં જ એક મોટી હવેલીમાં તેમને રહેવાની સગવડ કરી આપી. વૃદ્ધ **હ**નુમંતસિંગ હવે **શ્યામગઢ**માં જઇને કોની સેવા કરવાનો હતો ? **વી**રોત્તમ પાસે પાછા જઇને પણ તેને હવે શું કરવાનું હતું ? સ્વદેશમાં જઇને પૂર્વ સ્થિતિના સ્મરણવડે વારંવાર દુઃખી થવું, તે કરતાં આ અસાર સંસારનો ત્યાગ કરીને કોઇ **કાશી** સરખા પવિત્ર સ્થળે આયુષ્યના છેલ્લા દિવસો ગાળવા, એવો તેનો મનોભિલાષ થાય એ સ્વાભાવિક હતું. તેની એ ઇચ્છા પૂર્ણ કરવી, એ **ભી**મદેવને માટે અશક્ય નહોતું. વિવાહોત્સવ પૂર્ણ થયા પછી પરોણાઓ પોતપોતાને સ્થાને પાછા ફર્યા. વિવાહોત્સવ મોટા ઠાઠમાઠથી અને આનંદથી પાર પડ્યો.

સર્વ લોકોને આનંદ થયો ખરો, પણ **પાટણ**માં બે વ્યક્તિઓ એવી હતી કે જેમના મનને માત્ર ખરો આનંદ થયો નહોતો. યુવરાજ વિસલદેવના બે વિશ્વાસુ સેવકો જેઓ **તેજસીંગ** અને **દાનસીંગ**ના

નામથી ઓળખાતા હતા, તેઓને માત્ર આ લગ્નસમારંભથી પૂરતો આનંદ થયો નહિ. તેઓ તો મનમાં ને મનમાં ઝુરતા હતા.

તેઓના ખેદનું કારણ માત્ર યુવરાજના જ જાણવામાં હતું. પણ તેમના તે દુઃખને વિદારવાનું તેનાથી બની શકે તેમ નહોતું, તેથી તેણે તે વાત કોઇને ખુલ્લી રીતે જણાવી નહોતી.

એક દિવસ યુવરાજ અને યુવરાજ્ઞી એક લતાકુંજમાં એકાન્તે બેઠાં હતાં. તેજસીંગ તદ્દન આનંદિત મુદ્રાથી તેમને મળવાને જતો હતો; અર્થાત્ તેના જાણવામાં કાંઇ સારી ખબર આવી હોવી જોઇએ એવો તર્ક કરી શકાતો હતો. તેજસીંગ અને દાનસીંગ એ કોણ હતા, તે વાચકો હજી જાણતા નથી, તેથી અહીં તે જણાવવાની જરૂર છે કે તે બન્ને જણા ધોળકાના બે રાજપૂત સરદારો હતા અને તેઓ સગા ભાઇ હતા. જ્યારે વીરધવળે ધોળકા પ્રાંતમાં પોતાની ગાદી સ્થાપી ત્યારે એ બન્નેનો પિતા ઇંદ્રસિંહ તેનો મુખ્ય સેનાપતિ હતો. કુમાર વિસલદેવ અને તેજસીંગ તથા દાનસીંગનો વિદ્યાભ્યાસ એક જ ગુરૂ પાસે ચાલ્યો હતો અને તેથી તેઓ એક બીજાના મિત્ર જેવા હતા. તેઓનો જે સેવ્ય-સેવકભાવ આખી કથામાં જોવામાં આવ્યો છે તે માત્ર કૃત્રિમ હતો. તેઓનાં ખરાં નામ પણ કેવળ જૂદાં જ હતાં. રાજપૂતસ્થાનની સ્થિતિ કેવી છે, એ પ્રત્યક્ષ જોવાને જ્યારે વિસલદેવ પોતાના પિતા વીરધવળ મહારાજની અને સર્વ સામંત ચૂડામણિ ભીમદેવની આજ્ઞા લઇને રાજપૂતસ્થાનને પ્રવાસે નામ બદલાવીને નીકળ્યો, ત્યારે તેના એ બે મિત્રો સેવક બનીને સાથે રહ્યા હતા.

તેજસીંગ પાસે આવતાં જ યુવરાજે આનંદથી તેને પૂછ્યું: "તેજસીંગ! આજે તારી મુખમુદ્રા પ્રફુલ્લિત દેખાય છે. પહેલાંના જેવી ઉદાસીન દેખાતી નથી."

અલકકુમારી બોલી: "કાં તો રેવા અને રાધાની ખબર તેને મળી હશે. આપના મુખેથી મેં તેમનાં નામો ઘણી વાર સાંભળ્યાં છે."

"ખરી વાત, તેજસીંગ?" યુવરાજ બોલ્યો: "તે બન્ને બ્હેનોની કાંઇ ખબર મળી?"

"હા, મહારાજ!" તેજસીંગ બોલ્યો: "તેમની ખબર મળી છે, એટલું જ નહિ, પણ તે બન્ને અત્યારે રાજદરબારમાં આવી છે!"

"ઘણું કરીને પોતાની બાઇનો કાંઇ સંદેશો મને આપવાને તે આવી હશે!" યુવરાજે પોતાનો તર્ક કહી સંભળાવ્યો.

"પોતાની બાઇનો સંદેશો જ નહિ, પણ પ્રત્યક્ષ પોતાની બાઇને સાથે લઇને તેઓ અહીં આવી છે!" તેજસીંગે જણાવ્યું.

"શું કહો છો ?" અલકકુમારીએ પૂછ્યું: "શું લતિકાદેવી અહીં આવી છે ? પ્રાણનાથ ! તે મારી બહેન જ છે એમ હું સમજું છું. તેનો ગમે તેટલો પ્રમાદ થયો હોય-તેણે અપરાધ કર્યો છે એમ હું કહેતી નથી-તોપણ તે મારી ફોઇની દિકરી બ્હેન થાય, એટલે હું આનંદથી તેનો સત્કાર કરીશ ! આગળની વાતનું સ્મરણ કરાવીને હું તેને દુઃખી કરીશ નહિ !"

"શાબાશ ! પ્રિયે ! શાબાશ ! તું બહુ જ ઉદાર મનની છે ! તેજસીંગ ! તું આગળ જઇને તેને અમારા ખાનગી મહાલયમાં લઇ જા. ત્યાંસુધીમાં અમે ત્યાં આવી પહોંચીએ છીએ."

એ સાંભળીને તેજસીંગ ત્યાંથી ચાલ્યો. તે ગયા પછી વધારે વાર વાતચીતમાં નહિ ગાળતાં યુવરાજ અને યુવરાજ્ઞી એ બન્ને જણાં પણ પોતાના ખાનગી મહાલયમાં ગયાં.

લતિકાદેવીએ આજે માત્ર એક જ શ્વેત વસ્ત્ર પરિધાન કરેલું હતું. તે તદ્દન કૃશ બની ગએલી હતી. તેની આંખોમાંનું પૂર્વેનું તેજ નષ્ટ થયું હતું. તેને જોતાં યુવરાજ દ્વારમાં જ સ્તબ્ધ બની ગયો. તેને તેના પૂર્વવૃત્તનું સ્મરણ થયું. પણ આ વેળાએ તે વાતનો વિચાર કરવાની તેને જરૂર જ નહોતી.

અલકકુમારી એકદમ આગળ ચાલી અને બોલી: "લતિકા બ્હેન ! તું અમારે ત્યાં આવી, એ જોઇને અમને બહુ જ આનંદ થયો છે ! તું હવે જરા પણ ચિંતા કરીશ નહિ. તારો કોઇ પણ શત્રુ હશે તો અમે તારૂં તેનાથી રક્ષણ કરીશું. તને ભય લાગતો હશે, તો અમે તને નિર્ભય કરીશું. જો તને આશ્રય જોઇતો હોય તો આ ઘર તું તારૂં જ સમજજે !"

"મારી પણ એવી જ ઇચ્છા છે. ગઇ-ગુજરી વાત માટે હવે તું ખેદ કરીશ નહિ. હવે તો માત્ર ભવિષ્યનો જ વિચાર કર, એટલે બસ."

લતિકા મધુર સ્વરે બોલી: "આપનું કહેવું ખરૂં છે, પણ હવે મારે અહીં રહેવું તે બહુ જ અયોગ્ય કહેવાય. આપ જે ઔદાર્ય દર્શાવો છો, તે માટે હું આપનો આભાર માનું છું. અલકકુમારી ! પૂર્વે એક વખત એવો હતો કે જ્યારે હું તારી ઇર્ષા કરતી હતી, એટલું જ નહિ, પણ તારો અને તારા પિતાનો પણ જીવ લેવાનો મેં વિચાર કર્યો હતો ! તું અત્યારે જે રાજપદવીનો ઉપભોગ કરી રહી છે, તે મેળવવાની મને બિલકુલ ઇચ્છા નથી, પણ જે પ્રેમનો તું અનુભવ લઇ રહી છે, તે પ્રેમથી હું વંચિત રહી ગઇ, તેથી મને બહુ ખેદ થાય છે ! તોપણ હવે મેં ઇર્ષાભાવ ત્યજી દીધો છે ! તમે બન્ને

આવા જ આનંદમાં હમેશાં રહો, એવી મારી પરમાત્મા પ્રત્યે અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે ! "

એ છેવટના શબ્દો તે ઉંડા અંતઃકરણથી બોલી, તેથી તેનો કંઠ ભરાઇ આવ્યો હતો. આંખોમાંથી આંસુ લૂછવા માટે તેણે પોતાનું મ્હોં એક બાજુએ ફેરવ્યું.

અલકકુમારીની આંખમાં પણ પાણી આવ્યું, અને યુવરાજ પણ ગળગળો થઇ ગયો.

થોડી વારે શાન્ત થઇને લતિકાદેવી બોલી: "પણ મારાથી હવે અહીં વધારે વાર રહી શકાશે નહિ. મેં માત્ર એક જ વસ્ત્ર અને તે પણ શ્વેત ધારણ કર્યું છે, તે ઉપરથી મારા મનને કેટલો પશ્ચાત્તાપ થતો હશે, તેની આપ કલ્પના કરો. જ્યાંસુધી આ એક જ શ્વેત વસ્ત્ર મારા અંગ ઉપર છે, ત્યાંસુધી મને ભૂતકાળનું સ્મરણ બહુ થશે ! મને હવે બહુ જ પશ્ચાત્તાપ થાય છે. હશે; આજે હું અહીં ફકત બે કામો માટે આવી છું. "

" તે કામો કયાં ? " અલકકુમારીએ પૂછ્યું.

" મારી બન્ને સખીઓ રેવા અને રાધા આ તેજસીંગ અને દાનસીંગ ઉપર પ્રેમ ધરાવે છે, એ તમે જાણતાં જ હશો ! "

" તોપણુ તેમનું કુળ જાણ્યા વિના હું તેમને લગનની પરવાનગી આપી શકું નહિ. " યુવરાજે કહ્યું.

" તે માટે આપે સંશય રાખવાનું કારણ નથી. મારા પિતાનો વૈરી જે દુર્જનસિંહ હતો તેની જ એ બન્ને પુત્રીઓ છે ! તેમનો પિતા મરણ પામ્યા પછી તેઓ મારી સખીઓ થઇ છે. "

" શું ? તેઓ દુર્જનસિંહની પુત્રીઓ છે ? તો પછી તેમના કુળ કે વંશ વિષે કાંઇ જ તપાસ કરવાનું કારણ રહેતું નથી ! "

" તો પછી મારા આવવાનું સાર્થકય થયું અને મારા મનની એક વાત સાધ્ય થઇ. બીજું કામ એ છે કે, આ કાગળ યુવરાજના હાથમાં આપવો, એવો મારો હેતુ છે. " લતિકાએ કાગળ આપતાં કહ્યું.

" એ શાનો કાગળ છે ? " યુવરાજે તે કાગળ હાથમાં લીધો.

લતિકા બોલી: " મહારાજ ! મારી જે કાંઇ થોડી-ઘણી હકીકત ગુપ્ત છે, તે એ કાગળમાં લખેલી છે. વારૂ ત્યારે; હું હવે જઉં છું, કારણકે મારા મનમાંના બન્ને હેતુઓ પૂર્ણ થયા છે. હવે મારે અહીં રહેવું તે યોગ્ય નથી. " એમ કહીને તે તુરત જ ઉઠી અને જે સ્થળે રેવા તથા રાધા એ બન્ને જણીઓ બેઠી હતી, તે સ્થળે તે

આવી. ત્યાં આવીને તેણે ઉતાવળે ઉતાવળે તેમની રજા માંગી અને જતી વખતે ઉત્તમ રીતે વર્તવાનો તેમને ઉપદેશ આપ્યો. તે આ પ્રમાણે પોતાને છોડીને જાય છે, એ જોઇને તે બન્ને કુમારિકાઓને બહુ દુઃખ થયું, અને તે પણ તેની સાથે જવાને હઠ કરવા લાગી. પણ તેઓના મનનું જેમ તેમ સમાધાન કરીને તે ત્યાંથી ચાલી ગઇ.

લતિકાદેવી ચાલી ગઇ ત્યારપછી જે હસ્તલેખ તેણે યુવરાજને આપ્યો હતો, તે તેણે વાંચી જોયો. લતિકાદેવીના આયુષ્યક્રમમાંની જે કેટલીક વાતો સમજાઇ નહિ હોવાથી યુવરાજને આશ્ચર્ય લાગતું હતું તે તે લેખ ઉપરથી તેના જાણવામાં આવી. તે લેખમાંનું તાત્પર્ય આ પછીના પ્રકરણમાં આપ્યું છે.

પ્રકરણ ૫૧ મું.

ગત પ્રસંગોનું સ્પષ્ટીકરણ.

દાનવીરરાયની પત્ની જ્યારે અજ્ઞાતવાસમાં મરણ પામી ત્યારે તેણે પોતાની પુત્રીને વીરોત્તમના એટલે કે પોતાના ભાઇના હાથમાં સોંપી હતી. વીરોત્તમે પણ લતિકાદેવીનું પોતાનીજ પુત્રીની પેઠે પાલન કરવાનું પોતાની બ્હેનને વચન આપ્યું હતું. પોતાની બ્હેન મરણ પામ્યા પછી વીરોત્તમે લતિકાનું નામ રમણી રાખીને તેને સંગમપુરની એક સંભાવિત સ્ત્રી પાસે રાખી. લતિકાનું નામ બદલાવવાથી તે શાકતોના હાથમાંથી બચી જઇ શકશે, એવી વીરોત્તમની કલ્પના હતી.

તે વખતે તેનું વય લગભગ ૧૩ વર્ષનું હતું. વીરોત્તમે તેને જેની પાસે રાખી હતી, તે સંભાવિત દેખાનારી સ્ત્રી શાકતોમાંહેની જ એક હતી. તેનું આચરણ બહારથી જોકે પવિત્ર દેખાતું હતું, તોપણ અંદરથી તે કુટણીનો ધંધો કરતી હતી, એ વાત વીરોત્તમના જાણવામાં નહોતી.

શાક્તમંડળમાં કાલિકાપ્રસાદનું મોટું માન હતું. તે શાકતોનો મુખ્ય ગુરૂ હતો. સર્વ શાકતોને તેની આજ્ઞા પ્રમાણે વર્તવું પડતું હતું. લતિકાદેવી એ સ્ત્રી પાસે આવ્યાને કેટલાક દિવસ થયા પછી એક દિવસ કાલિકાપ્રસાદ તેને ત્યાં આવ્યો. કાલિકાપ્રસાદ શાક્ત પંથનો હતો એ વાત લતિકા બિલકુલ જાણતી નહોતી, પોતે જેના આશ્રયમાં રહે છે, તે જ સ્ત્રી કાલિકાપ્રસાદને આટલો પૂજ્ય માને છે, એ જોઇને લતિકાના મનમાં પણ તેને માટે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઇ. લતિકાને પોતાની સઘળી હકીકતની ખબર હતી, તેથી તેણે એક વાર

પોતાની સઘળી વાત કાલિકાપ્રસાદને કહી. પણ જે શાક્તોએ પોતાની આવી દુર્દશા કરી હતી, તે જ શાક્તોના ગુરૂને પોતે પોતાની ગુહ્ય વાત કહી છે, એ તે બિચારીના સ્વપ્નમાં પણ નહોતું!

પણ એ લુચ્ચા કાલિકાપ્રસાદે તે વાત ભભૂતમલને કહી નહિ, કારણકે બહારથી સાધુનો વેશ ધારણ કરનારા, પરંતુ જેના ચિત્તમાં કામવાસના અત્યંત તીવ્ર હતી, એવો તે નીચ તેના પર અનુરક્ત થયો હતો, અને તેથી તે કુમારિકા ભભૂતમલના હાથમાં ન આવે એવો તેણે નિશ્ચય કર્યો હતો. ભભૂતમલ શાક્તમંડળના લાભને માટે એકાદા મોટા ઠાકોર કે સરદારની સાથે તેનું લગ્ન કરી નાંખે, કિંવા કદાચ પોતાના પુત્ર વિષયમલની સાથે જ તેનું લગ્ન કરે અને તેને પોતાની પુત્રવધૂ બનાવે, એટલે પછી તે પોતાના હાથમાં આવી શકે નહિ, એવું લુચ્ચા કાલિકાપ્રસાદના મનમાં આવ્યું અને તેથી એ વાત ભભૂતમલને બિલકુલ કહેવી નહિ, એવો તેણે તુરતજ નિશ્ચય કર્યો. પછી કાલિકાપ્રસાદે તેને સન્માર્ગથી ભ્રષ્ટ કરવા માટે કેટલાક પ્રયત્નો કરી જોયા, પણ પોતાની માતાનો ઉત્તમ ઉપદેશ તેના મગજમાં ઠસેલો હોવાથી, કોઇ કુમાર્ગની વાત કહેવા લાગતું કે તુરત તે તેનો તિરસ્કાર કરતી. પછી કાલિકાપ્રસાદે તેને પુણ્યમંદિરમાં લઇ જઇને રાખવાનો ઠરાવ કર્યો, અને તે સંભાવિત દેખાનારી સ્ત્રીદ્વારા લતિકાને ભૂલ ખવડાવીને ત્યાંથી કાઢી તેને સરોજિની પાસે લાવીને રાખી. બિચારી પવિત્ર કુમારિકા પિશાચોના હાથમાં સપડાઇને 'પુણ્યમંદિર' માં—અરે નહિ—'પિશાચમંદિર' માં દાખલ થઇ—ગોંધાઇ!

'પુણ્યમંદિર'માં ગયા પછી કેટલાક દિવસો વીત્યાબાદ ત્યાંના એશઆરામમાં તેનું મન ગુંથાયું અને સરોજિની ઉપર તેની ભક્તિ બેઠી. 'પુણ્યમંદિર'માં શાક્તોનું કેવું ધીંગાણું ચાલી રહ્યું છે તે ઘણા દિવસોસુધી તેના જાણવામાં આવ્યું નહિ. સરોજિની એક ખરેખરી લુચ્ચી સ્ત્રી હતી. તેણે બહુ જ સાવધાનપણે લતિકાની આસપાસ પોતાની જાળ ફેલાવી અને તેની જાળમાં લતિકા ગુંચવાતી ચાલી. અનેક પ્રકારનાં સાંસારિક સુખો ભોગવવાં અને દેહને સંતુષ્ટ કરવો, એ જ આ લોકમાં જન્મ લીધાનું ખરૂં સાર્થક છે, એ વાત લતિકાના મનમાં હળવે હળવે ઠસવા લાગી. પૃથ્વી ઉપરના સર્વ સુખો જ્યાં એકત્ર કરી રાખવામાં આવ્યાં છે, એવા અપૂર્વ સ્થળે લઇ જવાનું સરોજિનીએ તેને વચન આપ્યું, અને તે ભોળી કુમારિકા તે સુખ લેવા માટે આતુર થઇ! છેવટે એક દિવસે મધરાતે રૂપાના ઘંટનો નાદ

ચાલી રહ્યો હતો, તે વખતે સરોજિની તેને સુખભવનમાં લઇ ગઇ !

તે સ્થળે કેટલાક જુવાન છોકરાઓ અને કેટલીક તરૂણ સ્ત્રીઓ બની-ઠનીને એકઠી થએલી તેના જોવામાં આવી. તેમનો પોશાક અને અલંકારો જોઇને તેને બહુ નવાઇ લાગી. પણ તેઓની સાથે મળી ગયા પહેલાં સરોજિની તેને એક નાની ઓરડીમાં લઇ ગઇ. તે ઓરડીમાં જતાં જ જે એક અઘટિત પ્રકાર દેખાયો તેથી તેને અત્યંત ભય લાગ્યો. તે ઓરડીમાં માણુસના શરીરમાંનાં સર્વ હાડકાં તારવડે ગુંથીને તેનાં બે પૂતળાં કરી રાખવામાં આવ્યાં હતાં. તે પૂતળાંનો આકાર બહુ જ બિહામણો હતો, એ તો ખુલ્લું જ હતું. પણ તે ઉપરાંત તે પૂતળાંઓની રચના એવી કુશળતાથી કરવામાં આવી હતી કે દ્વાર ઉઘડતાં જ તેના હાથ આપોઆપ ઉંચા થાય અને જાણે કે તે પોતાને પાસે બોલાવતાં હોય, એવો તે જોનારાને ભાસ થવા પામે !

ગમે તેટલા ધૈર્યવાળો પુરૂષ હોય, તોપણ તે આ પ્રકાર જોઇને ભય પામ્યા વિના રહે નહિ; પછી લતિકા જેવી અબળા કિંવા ઉમેદ જેવો દુર્બળ પુરૂષ ત્યાં ગયા પછી તદ્દન બ્હી જાય અને તે સરોજિની-ના કહેવા પ્રમાણે સોગંદ લે તેમાં કાંઇ નવાઇ માનવાનું કારણ નથી. એવા પ્રકારની મનની સ્થિતિ થઇ હોય અને શાકતોની ક્રૂરતાની અનેક વાતો વારંવાર કાનપર આવતી હોય, પછી તે સોગંદ ભાંગવાની હિંમત કોઇ પણ ન ચલાવી શકે, એ પણ સ્વાભાવિક જ હતું. ત્યાં જતાં જ તે પૂતળાંઓએ પોતાના તરફ હાથ ઉંચા કર્યા, એવું લતિકાએ જોયું અને તે તદ્દન ગર્ભગલિત બની ગઇ ! તેણે સરોજિની તરફ જોયું, તે વખતે તે એક વાઘણના જેટલી ક્રૂર દેખાતી હતી. એ વખતે તેના હાથમાં એક તીક્ષ્ણ ખંજર હતું તે તેણે લતિકાની છાતીપર ઉ-ગામ્યું અને કહ્યું: "હું જે પ્રમાણે કહું તે પ્રમાણે શબ્દો બોલીને સોગંદ લે. જો સોગંદ લેવાને આનાકાની કરીશ, તો હમણાં જ તારો પ્રાણ લઇને આ હાડકાનાં બે પિંજરાની પેઠે તારાં હાડકાં પણ બહાર કાઢીને તેનું ત્રીજું પિંજર અહીં ઉભું કરવામાં આવશે." એ શબ્દો સાંભળતાં લતિકાદેવી બહુ જ ગભરાઇ ગઇ. સરોજિનીએ જેવા સોગંદ આપ્યા તેવા સોગંદ તેણે લીધા. એ સોગંદનો તાત્પર્યાર્થ એવો હતો કે "જ્યાં-સુધી સરોજિની જીવે છે, ત્યાંસુધી તેને માટે કોઇની પાસે બહાર ખરાબ બોલવું નહિ." પોતાના મરણ પછી લોકો પોતાને માટે ગમે તેમ બોલે તોપણ તેને તેની બિલકુલ પરવા નહોતી.

સોગંદ લીધા પછી લતિકાદેવીને ત્યાંથી બહાર લાવીને સરો-જિનીએ તેને ઉત્કૃષ્ટ મદ્યનો એક સોનાનો પ્યાલો પીવાને આપ્યો.

તે મદ્ય પેટમાં જતાં જ લતિકાદેવીની બ્હીક નષ્ટ થઇ ગઇ, અને તેની ચિત્તવૃત્તિ ઉલ્લાસત થઇ. તેને સાથે લઇને તે પુનઃ જ્યાં સુંદર સ્ત્રી પુરૂષો એકત્ર થયાં હતાં, ત્યાં આવી.

સરોજિની શાક્ત પંથમાંના પ્રમુખોમાંની એક હતી. પોતાના પંથમાં લોકોને લાવવાની શાક્તોની પ્રબળ ઇચ્છા હતી. તે પુરૂષો કરતાં સ્ત્રીઓને પોતાની જાળમાં વધારે ગુંચવતા, કારણકે ભવિષ્યમાં એવી સ્ત્રીને થનારી સંતતિ બધી શાક્ત પંથની જ નીવડતી. વળી સ્ત્રીઓ પુરૂષોને જેમ સહજ મોહિત કરે છે, તેમ પુરૂષોને સ્ત્રીઓને મોહિત કરતાં આવડતું હોતું નથી, અને તેથી જ શાક્ત લોકો વ્યભિચારને પાતક માનતા નથી. સરોજિનીના પુણ્યમંદિરનાં જેવાં અનેક પિશાચ-મંદિરો આખા પ્રાંતમાં આવેલાં હતાં, અને તેમાં શાક્ત સરદારોની પુત્રીઓ, બ્હેનો વગેરેને રાખીને તેઓને પાપાચારમાં પ્રવીણ કરવામાં આવતી અને પછી તેઓને શાક્તોમાં દાખલ કરવામાં આવતી.

સરોજિની પણ પહેલાં એવા જ એક પિશાચમંદિરમાં રહીને બદફેલી કરવામાં હોશિઆર થએલી હતી. પતિના મરણ પછી તેણે પોતે જ 'મઠ' સ્થાપિત કર્યો. મઠ એટલે બીજું કશું નહિ પણ નિર્દોષ સ્ત્રીઓને વ્યભિચાર શિખવવાનું અને અન્ય પૈશાચિક કાર્યો કરવા માટેનું 'પિશાચ-મંદિર.' ખાસ તે જ માટે તેણે 'પુણ્યમંદિર' બંધાવ્યું હતું, અને પોતાના કિલ્લાથી એ મહાલયસુધી એક ભોંયરૂં તૈયાર કરાવ્યું હતું. મહાલયમાં સ્ત્રીઓને રહેવાની સગવડ કરવામાં આવી હતી. સરોજિની પોતે તેમની ગુરૂ બની હતી. સરોજિનીના જૂના મહેલમાં પુરૂષોને રાખવામાં આવ્યા હતા અને તેઓનું ગુરૂત્વ કાલિકાપ્રસાદે લીધું હતું. મધરાતે સૌને સૂચના કરવા માટે રૂપાનો ઘંટ વગાડવામાં આવતો અને તે સૂચના થતાં જ સર્વ સ્ત્રી-પુરૂષો એકત્ર થઇને મદ્યમાંસનું યથેચ્છ સેવન કરી પશુવત્ વર્તન કરતાં. એક જ સ્ત્રીનો સહવાસ હમેશાં એક જ પુરૂષ સાથે થાય, તે તેઓને ઇષ્ટ નહિ હોવાથી તેઓ 'ઘટકંચુકી' નો વિધિ કરતાં. સ્ત્રી પુરૂષોને એકત્ર તો કરવાં, પણ તે કોઇને જોવામાં ન આવવાં જોઇએ, તેટલા માટે પેલા ત્રણ મજુર ભાઇઓ પાસે જમીનની અંદર ભોંયરૂં ખોદાવવામાં આવ્યું હતું; અને કદાચ એ ભોંયરાની બાતમી તેમની પાસેથી ફૂટી જાય, તેટલા માટે તેમને કાલિકાને બળિદાન દેવાનો તેમણે વિચાર ઠરાવ્યો હતો. પણ ઇશ્વરની કળા અકળિત છે! તે જ મજુરોને હાથે તે સરોજિનીનું જ કાલિકાને બળિદાન દેવાયું!!

કેટલીક વાર સરોજિની બહારનાં માણસોને પણ પોતાના મહાલયમાં લાવતી અને તેમની પાસે સોગંદ લેવરાવીને તેઓને સ્વર્ગીય સુખનો અનુભોગ લેવા દેતી. તેજસીંગ અને દાનસીંગને તેણે એ જ પ્રમાણે ત્યાં આણ્યા હતા, એ વાચકો સારી પેઠે જાણે છે. વારંવાર બહારના માણસોને ત્યાં લાવવા, એ કાલિકાપ્રસાદ વગેરે મુખ્ય શાક્તોને ઇષ્ટ લાગતું નહિ, તેથી એક જ પરાયા પુરૂષને બે વાર ત્યાં આવવા દેવો નહિ, એવું તેણે સરોજિની પાસે કબૂલ કરાવી લીધું હતું. એ બહારના પુરૂષમાંથી જો કોઇ તેને રસ્તામાં મળતો, તો તે તેને ઓળખતી હોય એવું દર્શાવતી નહિ.

મહાલયોમાં સ્ત્રી પુરૂષોનાં કોઇ કોઇ વાર લગ્નો થતાં, એ વાત ખરી હતી; પણ તે લગ્ન કરવાની તેમને ફરજ પડતી હતી, કારણકે જે કોઇ સ્ત્રી ગર્ભવતી થતી, તેને ત્યાંથી કાઢી મેલવાની તેમને જરૂર પડતી. તરૂણ કુમારિકા અને નિરાશ્રિત તરૂણ વિધવા, એમને આશ્રય આપવાનું સરોજિનીએ પ્રસિદ્ધ કર્યું હતું. તે સિવાય ગર્ભવતી અને સુવાવડી સ્ત્રીઓ સ્વર્ગસુખને પાત્ર નહિ હોવાથી તેઓને મહાલયમાં રાખવામાં તેમને આનંદ મળતો નહિ, અને વળી બાળહત્યા કરવાની તેમને કાંઇ જરૂર લાગતી નહોતી. એકાદી સ્ત્રી ગર્ભવતી છે, એવું માલૂમ પડતાં જ કાલિકાપ્રસાદના શિષ્યો પૈકી કોઇનું પણ લગ્ન તેની સાથે ગોઠવી દેવામાં આવતું. એ જોડાને સારી પેઠે દ્રવ્ય આપવામાં આવતું અને 'પુણ્યમંદિર' માંથી તેમને મુક્તિ મળતી. પછી તે જોડું કોઇ પણ દૂરના ગામમાં જઇને પ્રતિષ્ઠિતપણે પોતાનો સંસાર ચલાવતું અને શાક્તોના મતનો ધીમે ધીમે પ્રચાર કરતું.

સુવર્ણમંદિર કે પુણ્યમંદિરમાંથી સ્ત્રી–પુરૂષોને બહાર જવાનો હુકમ નહોતો. તેઓ ત્યાં કેવળ કેદીઓની પેઠે જ રહેતાં હતાં. ત્યાંના કેટલાક નોકરો પણ કેદી જ હતા; પરન્તુ જેઓ પક્કા શાક્ત બનેલા હતા અને કાલિકાપ્રસાદ અથવા સરોજિનીની તેવી ખાત્રી હતી, તેઓને જ–તેમની મરજીમાં આવે ત્યાં, પણ પોતાની નોકરી સંભાળીને, જવા–આવવાની છૂટ હતી. ત્યાંનો નોકર ઉમેદ પણ તે કેદીઓમાંનો જ એક હતો. જ્યારે ત્યાં આવીને બળવંતસિંહના નામથી ગુર્જર યુવરાજ પોતાના સેવકો તેજસીંગ અને દાનસીંગને માટે તપાસ કરવા લાગ્યો, ત્યારે ઉમેદથી કહી શકાયું નહિ કે તે સેવકોનું શું થયું, તેનું કારણ એ હતું કે તેને સોગંદથી બાંધી લેવામાં આવ્યો હતો.

'પુણ્યમંદિર' સંબંધે એટલો ખુલાસો કર્યા પછી આપણે આપણી

કથા તરફ ધ્યાન આપીએ. લતિકાદેવી અને સરોજિની બન્ને જણીઓ પુનઃ મંડળીમાં આવી, પણ હજી એ મંડળીની વર્તણુકની લતિકાને ખરી કલ્પના આવી નહોતી. સાધુને નામે લોકોને ઠગનારો કાલિકાપ્રસાદ તે મંડળીમાં હતો, અને તે લતિકાને જોતાંજ તેની પાસે આવ્યો; પણ તેનો વેશ તે વખતે કેવળ જૂદો જ હતો. ચાખડીઓને બદલે તેણે જરી કામથી સુશોભિત જોડા પહેર્યા હતા. મસ્તકપરની જટા સોનેરી પાઘડીમાં ગુમ થઇ ગઇ હતી. ધોતીયાને સ્થળે તેણે સુંદર રેશમી પાયજામો પહેર્યો હતો, અને કમરપર સુંદર તથા મૂલ્યવાન શેલું બાંધ્યું હતું. અતિશય પરિચયવાળા મનુષ્ય સિવાય બીજું કોઇ તે વખતે કાલિકાપ્રસાદને પિછાણી શકે તેમ નહોતું, કારણકે તે વખતનો તેનો પોશાક ઘણો વિલક્ષણ દેખાતો હતો. લતિકાદેવી તેની તરફ આશ્ચર્યથી જોવા લાગી.

સરોજિનીએ લતિકાદેવીને જોકે વામમાર્ગનો પુષ્કળ ઉપદેશ આપ્યો હતો, તોપણ તેનું મન હજી પાપકર્મ તરફ વળેલું નહોતું. અત્યારસુધી તેને એવી કલ્પના નહોતી કે પોતે શાક્તોના મંડળમાં જ આવી પડી છે. પોતાના કૌમાર્યનો ભંગ થવા દેવો એવી તેની બિલકુલ ઇચ્છા નહોતી. કાલિકાપ્રસાદ પોતાની પાછળ પડયો છે, એવું જોતાં જ તે ગભરાઇને દૂર જતી રહી. તે તેનો હાથ પકડવા લાગ્યો પણ તેને તેણે તિરસ્કારી કાઢ્યો. તે લતિકાને મનાવવા લાગ્યો પણ લતિકાએ તેનું સાંભળ્યું જ નહિ. તે પોતાને કબૂલ કરતી નથી, એવી ખાત્રી થતાં જ કાલિકાપ્રસાદે તેને કહ્યુંઃ "લતિકાદેવી! તું તારા મનમાં અભિમાન રાખતી હોઇશ કે હું શાક્તોના હાથમાંથી છૂટી છું, પણ તારૂં એ અભિમાન વ્યર્થ છે. શાક્તોના હાથમાંથી તું છૂટી નથી, એટલું જ નહિ, પણ તેઓના પાશમાં તું પૂરેપૂરી સપડાઇ છે! આ સ્થળ શાક્તોનાં પવિત્ર સ્થળો માંહેનું જ એક છે!" તેના મુખમાંથી આવા વજ્ર કરતાં પણ વધારે કઠોર શબ્દો સાંભળીને લતિકાદેવી તદ્દન બેશુદ્ધ થઇ ગઇ. તે જ વખતે તે નીચે તેને બળાત્કારપૂર્વક કાંઇ ઔષધ પાઇ દીધું અને તેથી તે બેભાન બની ગઇ. સ્હવારે સૂર્ય ઘણો ચડી ગયા પછી તે જાગૃત થઇ. જે વખતે તે જાગૃત થઇ, તે વખતે પોતાની હમેશની ઓરડીમાં પોતાના બિછાના ઉપર જ તે સૂતેલી હતી; પણ હાય! હાય! પોતે કૌમાર્યથી ભ્રષ્ટ થઇ ચૂકી છે, એવું તેને માલૂમ પડ્યું!

એ વાત પોતાના ધ્યાનમાં આવી, તોપણ તેણે તે માટે કાંઇ

ચોળાચોળ કરી નહિ, કારણકે પોતે નીચ જનોના હાથમાં પૂરેપૂરી સપડાઇ હતી. તેઓ કદાચ પોતાનો જીવ લેશે, કાલિકાને પોતાનું બળિદાન દેશે, એવી ભીતિ તેના મનમાં ઉત્પન્ન થઇ હતી. એવા નીચ મરણથી મરવા કરતાં કેટલાક દિવસ તેમની જ રીતિનીતિ પ્રમાણે ચાલીને તક મળતાંની સાથે જ પોબારા ગણી જવા, એવો તેણે નિશ્ચય કર્યો. તે કાલિકાપ્રસાદ ઉપર કપટી પ્રેમ દર્શાવવા લાગી. કાલિકાપ્રસાદ ઓછો ચતુર નહોતો, પરન્તુ તે કામદેવના સપાટામાં આવ્યો હોવાથી એક નાદાન છોકરીને હાથે ફસાયો ! થોડા દિવસમાં તેની પોતાના ઉપરની કરડી નજર દૂર થઇ છે, એવું જોતાં જ એક વખત લાગ જોઇને લતિકાદેવીએ પુણ્યમંદિરને નમસ્કાર કર્યા !

લતિકાદેવી ત્યાંથી નીકળી, તે એકદમ વીરોત્તમ પાસે આવી. વીરોત્તમ તે વખતે સંગમપુર ખાતે લશ્કરમાં સેનાપતિના હાથ હેઠળનો એક મોટો અધિકારી હતો. લતિકાએ દુઃખના આવેગમાં વીરોત્તમને એવું કહ્યું કે 'એક સાધુનો વેશ પહેરનારા શાક્ત લુચ્ચાએ મારી આબરૂ લીધી.' એ સાંભળીને વીરોત્તમ ઉશ્કેરાઇ ગયો અને તે જ ક્ષણે તેણે શાક્તોનું નિકંદન કરવાના સોગંદ લીધા. પોતે લીધેલા સોગંદને પૂર્ણ કરવાને વીરોત્તમે પોતાનો પ્રાણ પણ અર્પણ કર્યો હોત, પરન્તુ હવે લતિકાને સાંભર્યું કે પુણ્યમંદિર તથા શ્વેતમંદિરની વાતો ખુલ્લી નહિ કરવાના તેણે સોગંદ લીધા હતા ! વીરોત્તમે તેને બહુએ પૂછ્યું કે એ સાધુ કોણ હતો, અને તે ક્યાં મળ્યો હતો, પણ પોતે લીધેલા સોગંદનું સ્મરણ થવાથી લતિકા પોતાના મામાને એ સ્થાનો બતાવી શકી નહિ. પરન્તુ પોતે જે કાંઇ બોલી ગઇ હતી, તે માટે વીરોત્તમના મનમાં કાંઇ શંકા રહેવા ન પામે, તેટલામાટે તેણે એવી બનાવટી વાત કરી કે 'હું જે મઠમાં સાધ્વીઓ પાસે રહેલી હતી, તે મઠમાં રહેવાથી મને કંટાળો આવવા લાગ્યો, તેથી હું આપની પાસે આવવા માટે નીકળી. માર્ગમાં એક સ્થળે હું રોકાઇ હતી, ત્યાં એક સાધુના જેવો પોશાક પહેરનારો શાક્ત યુવક આવ્યો, અને તેણે મોટા પ્રેમથી મને મીઠું મીઠું કહીને મારી પાસેથી ખરી હકીકત જાણી લીધી, અને પછી તેણે મને પોતાનું ખરૂં સ્વરૂપ બતાવ્યું. તે સાધુ શાક્તો પૈકીનો જ એક હતો, એવું ધ્યાનમાં આવતાં હું ભયથી બેભાન બની ગઇ. એવી જ સ્થિતિમાં તેણે મારા પર બળાત્કાર કર્યો."

તેનું એ ભાષણ સાંભળતાં જ વીરોત્તમ ચ્હીડાઇ જઇને બોલ્યો:

"બસ, બસ, થયું! હવે વધારે સાંભળવાની જરૂર નથી. મારા મનમાં જે વાત લાંબા વખતથી ઘોળાતી હતી, તે બહાર કાઢવાની યોગ્ય વેળા આ જ છે. પણ બ્હેન! તારે પુનઃ મારા એક મિત્ર પાસે રહેવું પડશે. તેની પાસે બીજી બે છોકરીઓ છે, તે પણ મોટા કુળની જ છે. તું કેટલાક દિવસ તેની પાસે રહે. તેની પાસે જે છોકરીઓ છે, તે તારા પિતાના વૈરી દુર્જનસિંહની જ પુત્રીઓ છે. તેઓ તારી સખીઓની પેઠે સાથે રહેશે."

લતિકાદેવી આનાકાની કરતી બોલીઃ "મામા! મને તમે તમારી પાસે જ રાખો તો સારૂં. જો હું પુનઃ આપનાથી દૂર રહીશ, તો તે કાલિકાના ભક્તો-શાક્તો મને ઉંચકીને પણ લઇ ગયા વિના રહેશે નહિ. પછી મારૂં રક્ષણ કોણ કરશે?"

કિંચિત્ વિચાર કરીને વીરોત્તમ બોલ્યોઃ "બ્હેન! હું પોતે બળવાન છું, રાજદરબારમાં મારૂં વજન છે, તોપણ મારાથી હમણાં તારો બચાવ થઇ શકે તેમ નથી. અહીંથી તું વેશ બદલાવીને મારા મિત્ર પાસે જા, અને રેવા તથા રાધા ત્યાં છે, તેમને તું મળ. તેમની પાસે તને ગમે તેટલા દિવસ રહેજે."

લતિકાદેવી પછી ગુપ્ત વેશમાં વીરોત્તમે કહેલા ઠેકાણે જઇને રહી. પછી વીરોત્તમે પોતાના થોડાએક સ્નેહીઓની મદદથી સ્વાતંત્ર્યને નામે નિશાન ઉભું કર્યું અને લડાઇનો આરંભ કર્યો.

જ્યાં લતિકાદેવી રહેતી હતી, ત્યાં એક વૃદ્ધ સ્ત્રી રહેતી હતી. તેને અનેક પ્રકારની વનસ્પતિની માહિતી હતી. એક પ્રકારની વનસ્પતિનાં ફળોનો કાઢો કરીને તે શરીરે લગાવવાથી શરીરનો રંગ કાળો થઇ જતો હતો, અને તે રંગ પાણીથી સ્નાન કરવા છતાં પણ જતો નહોતો. તે રંગ ધોઇ નાંખવા માટે તે જ વનસ્પતિનાં મુળીયાંનો કાઢો કિંવા તાજું લોહી શરીરે લગાડવાથી તે રંગ જતો રહેતો. લતિકાદેવીએ એ રંગનો પોતાની જાતે અનુભવ લીધો અને તેણે પોતાના ભવિષ્યના આયુષ્યક્રમની દિશાનો નિશ્ચય કરીને પોતાની સખીઓની સાથે વીરોત્તમની પાસે પાછા જવાનો વિચાર ઠરાવ્યો.

વીરોત્તમની છાવણીમાં આવતાં જ તેણે પોતાના રંગને અનુરૂપ વેશ ધારણ કર્યો અને પોતાનું નામ પણ બદલાવ્યું. એવી રીતે તે પાછી આવ્યા પછી વીરોત્તમે તેને પોતાની પાસે રાખી લીધી, અને પોતાના તાબાના બધા સૈન્યને તેની સાથે સન્માનથી વર્તવાનો હુકમ કર્યો. પ્રત્યેક સ્વારીમાં પોતાને જય મળે છે, તે તેને લીધે જ મળે છે,

તે મંત્રવિદ્યા જાણે છે, એવા પ્રકારની માન્યતા વીરોત્તમે ફેલાવી દીધી અને તેથી કરીને કોઇ તેને કશી અડચણ કરતું નહિ.

એટલામાં સંગમપુરનો રાજા મરણ પામ્યો. ઢોંગી કાલિકાપ્રસાદનું તેની પાસે બહુ જ વજન હતું, તેથી મરતી વખતે પોતાનો બધો ખજાનો અને પોતાની પુત્રી ચંદ્રપ્રભા એ બધું તેના હાથમાં સોંપીને તેનું યોગ્ય રક્ષણ કરવાનું રાજાએ કહ્યું. એ નીચે તેને પુણ્યમંદિરમાં લઇ જઇને ભ્રષ્ટ કરી. તે વારંવાર તેને તેની ફજેતી કરવાનો ભય દર્શાવતો, અને તેથી તે બિચારી અલ્પ બુદ્ધિની કુમારિકા તેના હાથમાંના રમકડાની પેઠે વર્તતી. યુવરાજે બળવંતસિંહના વેશમાં કાલિકાપ્રસાદની હાજરીમાં તેની મુલાકાત લીધી, તે વખતે “રૂપાના ઘંટના નાદ”નું જે સ્મરણ કાલિકાપ્રસાદે તેને કરાવીને ગભરાવી હતી, તે વાચકના સ્મરણમાં હશે જ.

શાક્તોનું જોર તે વખતે કેટલું હશે, તેની કલ્પના વાચકોને થઇ જ હશે. તેઓ જો કાંઇ દ્રવ્ય લઇને વૈરભાવ છોડી દે, તો તેમ કરી જોવું, એવો એક વાર લતિકાદેવીના મનમાં વિચાર આવ્યો, અને તેણે રેવાને પૂર્વની વીરોત્તમની ઓળખીતી સંભાવિત દેખાતી સ્ત્રીની પાસે વચ્ચે પડીને પંચાત કરાવવા માટે મોકલવાની ગોઠવણ કરી. પણ પહેલાં તો એ વાત વીરોત્તમને પસંદ પડી નહિ. તેણે તે માટે ના જ કહી. પણ છેવટે લતિકાના બહુ જ આગ્રહથી તેણે તે વાત કબૂલ કરી. રેવા તે સ્ત્રીની પાસે ગઇ, અને તેને એવો સંદેશો કહ્યો કે તમારા હાથમાંથી નાસી છુટેલી લતિકાદેવી તમને કાંઇ દ્રવ્ય આપીને તમારી સાથે સમજૂતી કરવા માટે વીરોત્તમની છાવણીમાં આવી છે, અને તે માત્ર બે જ દિવસ રહેવાની છે. તેટલા વખતમાં તમે તેને ઠરાવેલે સ્થળે મળીને ઠરાવેલી રકમ લઇને જો તેના માર્ગમાં હવે પછીથી વચ્ચે નહિ પડવાનું સોગંદપૂર્વક કબૂલ કરશો, તો તમે માંગો તેટલું દ્રવ્ય આપવાને તે તૈયાર છે. તે લુચ્ચી સ્ત્રીએ કાલિકાપ્રસાદને એ વાત કહી, અને તે નીચે વિશ્વાસઘાતથી લતિકાને પોતાના કાબૂમાં લેવાની મસલત કરીને તે માટે રેવાને હા કહી. વીરોત્તમે તે સ્ત્રીને તેના સુરક્ષિતપણાને માટે વચન આપ્યું હતું, અને સંકેત શબ્દ પણ કહ્યો હતો તે જ સંકેત શબ્દ તે સ્ત્રીએ કાલિકાપ્રસાદને પણ કહ્યો અને તે રીતે વીરોત્તમના પહેરામાં થઇને તેને છાવણી પાસેના દેવાલયમાં બિલકુલ પ્રતિબંધ વિના આવવાનું મળી શક્યું. તે આવીને ત્યાં એક થાંભલાની પાછળ સંતાઇ રહ્યો.

પ્રકરણ ૫૨ મું.

ગત પ્રસંગોનું સ્પષ્ટીકરણ સમાપ્ત.

પછી તે સ્થળે કેવો પ્રકાર બન્યો તે વાચકોએ પ્રથમ ભાગના સાતમા પ્રકરણમાંથી વાંચ્યું હશે.

યુવરાજ મોટો શૂરવીર અને ઉદાર દિલનો પુરૂષ હતો. તેણે સારી રીતે વિદ્યાભ્યાસ કરેલો હતો અને ગુજરાતની પ્રજાપર તેનો સારો પ્રેમ હતો. **વીરોત્તમે** પૂર્વે ગુજરાતમાં **વીરધવળના** હાથ હેઠળ નોકરી કરી હતી, તે વખતે તેણે **વિસલદેવને** ઘણી વાર જોયો હતો; એટલે છાવણીમાં તે બન્નેની નજર મળતાં જ **વીરોત્તમે** તેને તુરત ઓળખી લીધો હતો. તેવી જ રીતે ઉપર કહેલા પ્રસંગે યુવરાજે **વીરોત્તમને** પોતાની જાત ઉપર આફત વહોરી લઇને **વીરોત્તમને** શાકતોના હાથમાંથી છોડાવ્યો હોવાથી, તેણે પોતાની વીંટી યુવરાજને આપી હતી. એ શૂર પુરૂષ રાજપૂતસ્થાનમાં હોય, ત્યાંસુધી પોતાને હાથે તેને બની શકે તેટલી મદદ કરવી, એવો તેનો ઉદ્દેશ હતો.

બળવંતસિંહ એ જ યુવરાજ, એ વાત **લતિકાદેવીએ** પોતાના મામાના મુખેથી જાણી હતી, અને તેથી જ તેણે તેને **સંગમપુરમાં** મળવાનું કબૂલ કર્યું હતું. તે એક વાર વેશ બદલાવીને અને એક વાર તેના નૈસર્ગિક સ્વરૂપમાં, એ પ્રમાણે બે વાર તેને મળી, તેમ કરવામાં તેનો એવો વિચાર હતો કે પોતાનાં બે સ્વરૂપો પૈકી જે તેને વધારે પસંદ પડે, તે જ સ્વરૂપે તેની સાથે પોતે વર્તન ચલાવવું. જમનીના સ્વરૂપપર તે મોહિત થયો, એ વાત તે જાણી ગઇ અને એક વાર કરેલી લુચ્ચાઈ આગળ પણ ચલાવવાનો તેણે નિશ્ચય કર્યો.

એ જ વેળાએ **વીરોત્તમના** મનમાં પણ થોડીએક લુચ્ચાઇ કરવાનો વિચાર થઇ આવ્યો. રાજપૂતસ્થાનનું રાજ્ય મેળવવાના તેના ઉદ્દેશમાં, ગુજરાત તરફથી તેને કાંઈ પણ અડચણ કરવામાં આવે એવો સંભવ હતો. યુવરાજ જોકે અત્યારે તેના હાથમાં હતો, તોપણ તેને કેદ કરવો એ હિતાવહ નહોતું. **વીરોત્તમની** આણ થોડા વખત પહેલાંજ સર્વત્ર ફરવા લાગી હતી, તોપણ ગુજરાતના રાજ્યાધિપતિની સાથે યુદ્ધ કરીને જય મેળવવા જેટલું સામર્થ્ય તેનામાં આવેલું નહોતું. એ યુવરાજને કેદ કર્યો હોય તો **વીરધવળ વીરોત્તમનાં** હાડકાં પાંસળાં જૂદાં કરી મેલ્યા વિના રહે નહિ. યુવરાજ પોતાની ભાણેજપર પ્રેમાનુરક્ત થયો છે, એ અને તેણે પોતાનું 'જમની' નામ કહે-

તાં જ તેને જે આશ્ચર્ય થયું તે વીરોત્તમના જાણવામાં હતું, તેથી તે બનાવનો લાભ લઇને પોતાનો હેતુ સાધવાનો તેણે વિચાર કર્યો હતો. વીરોત્તમે પોતાનો હેતુ લતિકાદેવીને કહેતાં તેને પણ બહુ જ આનંદ થયો. વીરોત્તમ બોલ્યો: " યુવરાજ બરાબર આપણા કહ્યા પ્રમાણે કરે, એવી મેં યુક્તિ ગોઠવી રાખી છે. મારી એ યુક્તિમાં તારો અને મારો બન્નેનો લાભ સમાએલો છે. હું જે કહીશ તે તે કબૂલ કરશે."

" મામા ! આપની શી યુક્તિ છે, તે મને કહો. તેના પર મારો બહુ જ પ્રેમ જડાયો છે. " તે બોલી.

" યુવરાજ જ્યારે પહેલો મારા શિબિરમાં આવ્યો, ત્યારે તે તારા રૂપપર મોહિત થયો હતો, એ મેં જોયું છે. તેમ જ તારા 'જમની' નામથી તેને બહુ જ આશ્ચર્ય લાગ્યું છે. માટે તું તેને તદ્દન વશ કરી લે. પછી તે મારી શરતો કબૂલ કરે એવી યુક્તિ હું કરીશ ! "

લતિકાદેવી બોલી: " હું તે પ્રમાણે કરીશ." પછી તેમણે બધી યુક્તિ ઠરાવી, ને તે જ દિવસે રાત્રે સંગમપુરના બગીચામાં તે યુવરાજને મળી. તેણે પોતાની મધુર વાણીથી અને કટાક્ષ દૃષ્ટિથી યુવરાજને અત્યંત મોહિત કર્યો. તે પોતાની હકીકત કહેવામાં પ્રવૃત્ત થઇ હતી, ત્યારે પાસેની ઝાડીમાંથી " જમની પુત્રી ! બસ કર ! ! નહિતો તારી ઘડીઓ ભરાઇ ચૂકી સમજ ! ! ! " એવા શબ્દો અટ્ટહાસ્યપૂર્વક વીરોત્તમે જ ઉચ્ચાર્યા હતા ! ત્યારપછી આઠ દિવસે જમનીએ પોતાની બધી હકીકત થોડો ફેરફાર કરીને બળવંતસિંહને કહી, તે સાંભળીને તેના મન ઉપર વિચિત્ર અસર થઇ.

વેશ બદલાવીને તે યુવરાજને ફક્ત સ્નેહ કરવાનું કહેતી, કારણકે ક્યારે ને ક્યારે પણ પોતાનું કપટ બહાર આવશે એવી તેને ધાસ્તી હતી. પણ તેનો તે ઉદ્દેશ સાધ્ય થયો નહિ. જમનીને તેણે મદદ કરવાનું કબૂલ કર્યું, પરન્તુ લતિકા આગળ તેણે એવું કહ્યું કે પોતે જમનીપર પ્રેમ ધરાવતો હતો. લતિકાએ પોતાના સ્વપ્નની વાત કહી જોઇ, પણ યુવરાજનો જમનીપરનો પ્રેમ ચલિત થયો નહિ. લતિકાપર તેનો પ્રેમ જણાયો નહિ, તોપણ ગમે તેવા સ્વરૂપમાંએ એ પ્રેમ પોતા ઉપરનો જ છે, એવું સમજીને તેને આનંદ થયો હતો.

ત્યારપછી જમદેવની સાથે યુવરાજની જે લડાઇ થઇ, તેમાં તેનો પ્રતિપક્ષી વીરોત્તમ જ હતો. જમની ઉપર પ્રેમ હોવાથી આ યુદ્ધમાં પોતાનો પરાજય થશે, એવું યુવરાજના મનમાં વસી ગયું હોવાથી જ તેનો પરાભવ થયો હતો. યુવરાજનું મન શાંત થયું, ત્યારે

વીરોત્તમે પોતાના તથા પોતાની ભાણેજીના લાભની પુષ્કળ વાતો તેની પાસેથી કબૂલ કરાવી લીધી. પહેલી શરત સંગમપુર છોડી જવાની અને ચોથી શરત રાજપૂતસ્થાનના રાજકારણમાં એક વર્ષસુધી હાથ નહિ ઘાલવાની હતી અને તે શરતો વીરોત્તમના પોતાના જ લાભની હતી, કારણકે એક વર્ષની અંદર રાજપૂતસ્થાનનું રાજ્ય પૂર્ણપણે પોતાની હાથમાં આવી જશે એવી તેની ખાત્રી હતી. બીજી શરત જમનીને ફરીથી નહિ મળવાની અને ત્રીજી લતિકાને સાથે લઇ જવાની હતી, એ બન્ને શરતો લતિકાના લાભની હતી કારણકે ગુજરાતમાં જતાં સુધીમાં પોતે લતિકાના સ્વરૂપમાં યુવરાજનું મન હરી લેશે એવી લતિકાની ધારણા હતી. જો એ રીતે પોતાનો ઇરાદો પાર ન પડે તો પછી જમનીનો વેશ પુનઃ ધારણ કરવાનો તેનો વિચાર હતો.

જમદેવ સામેની લડાઇ પછી તે જમનીના વેશમાં યુવરાજની છેલ્લી મુલાકાત લેવા સારૂ તેને ઉતારે ગઈ હતી; કારણ એ હતું કે બીજે દિવસે લતિકાના રૂપમાં તેને નદી કિનારે મળવાનું હતું તેની અગાઉથી પ્રસ્તાવના કરી રાખવી. તેની મુલાકાત થઇ, તે જ વેળાએ અકસ્માત્ ચંડિકા ડોશીનું લતિકાને હાથે ખૂન થયું. એ બનાવ યુવરાજના જોવામાં આવવાથી તે યુવરાજની નજરમાં બહુ જ હલકી પડી ગઇ. લતિકા તે સમજી ગઇ, તેથી તેણે એવું કહ્યું કે એ ખૂન પોતે માત્ર આત્મરક્ષણાર્થે કર્યું હતું, અને યુવરાજના મનનું તેથી કાંઇક સમાધાન પણ થયું. પછી પ્રવાસની તૈયારી થયા બાદ સંગમપુરના દરવાજા બહાર જ્યારે પુનઃ તેની મુલાકાત થઇ, ત્યારે યુવરાજે તેને પુનઃ પ્રેમપૂર્વક બોલાવી, તેથી તેને જરા સારૂં લાગ્યું.

માર્ગમાં પુણ્યમંદિર આવ્યું, તે વખતે યુવરાજે કહ્યું કે પોતે તે સ્થળે ગયો હતો. તે સાંભળતાં જ લતિકા ગભરાઇ હતી, પણ તેના બોલવામાં પોતાનો કાંઈ જ સંબંધ આવ્યો નહિ, એ જોઇને તેના મનનું સમાધાન થયું. પણ એટલામાં ઉમેદ તેની દૃષ્ટિએ પડયો. લતિકા પૂર્વે પુણ્યમંદિરમાં હતી, તે વખતે ઉમેદ તેના પર આશક થયો હતો. તે સ્થળે જ ઉમેદે જ્યારે એક વાર તેને પોતાની ઇચ્છા દર્શાવી હતી, ત્યારે તેણે તેનો તિરસ્કાર કર્યો હતો. પછી તુરતમાં જ તે પુણ્યમંદિરમાંથી નાસી ગઈ. ત્યારપછી ઉમેદ પણ નાસી જવાનો લાગ જોવા લાગ્યો. લતિકાને પોતાની આ બનાવવી કિંવા તેનું વૈર લેવું એવી તેની ઇચ્છા હતી. છેવટે યુવરાજ પુણ્યમંદિરમાં ગયો, ત્યારે ઉમેદને ત્યાંથી નાસી જવાનો લાગ મળ્યો અને પુનઃ લતિકાની અને તેની અકસ્માત્ મુલાકાત થઇ!

તે બન્નેનો મેળાપ થયા પછી ઉમેદના જાણવામાં આવ્યું કે યુવરાજ ઉપર તેનો પ્રેમ જડાયો હતો; અને તેણે પાછળની હકીકત યુવરાજને કહી દેવાની લતિકાને ધમકી આપી. લતિકાને તેના ઉપર ક્રોધ આવ્યો, અને સ્વાર્થને માટે તેનો પ્રાણ લેવાની તેને જરૂર જણાઇ! પણ તેના કાળજામાં ખંજર પેસતાં જ પ્રત્યક્ષ યુવરાજે તેને જોઈ, તે વેળાએ તેના મનની કેવી સ્થિતિ થઇ હશે? હવે પછી લતિકાના રૂપમાં યુવરાજનો પ્રેમ પોતાપર રહેવા પામે એ શકય નહિ જણાવાથી તેણે જમનીનો વેશ ધારણ કરીને ત્યાંથી પલાયન કર્યું!

તે જ દિવસે રાત્રે તે જ્યારે જમનીના વેશથી પોતાના પ્રિયતમની પાસે પાછી આવી, ત્યારે તે પહેલાં ભૂલથી અલક સૂતી હતી તે ઓરડી પાસે ગઈ. બારણાંની ફાડમાંથી તેણે અંદર નજર કરી કે તુરત જ તેણે અલકકુમારીને ઓળખી લીધી. કદાચ યુવરાજ ઉપર તેનું મન જડાઇ જશે, એવી ઇર્ષા તેના મનમાં ઉદ્ભવી, તેથી તેણે અલકને ત્યાંથી એકદમ જતા રહેવાનું કહ્યું. અલકકુમારી ત્યાંથી નીકળી, તે સહજ રીતે દાનવીરરાયના કિલ્લાના ખંડેર તરફ જવા લાગી, અને ત્યાં તેને યુવરાજ પુનઃ મળ્યો. એટલામાં કાલિકાપ્રસાદ ગુપચુપ રીતે અંદર જાય છે, એવું તેણે જોયું, અને બરાબર અણીને વખતે તેણે યુવરાજને મદદ કરી. ત્યારબાદ ધર્મવીરરાયે સઘળી હકીકત કહ્યા પછી અધૂરી રહેલી હકીકત કહેવાનો લતિકાએ પ્રારંભ કર્યો, પણ એટલામાં વીરોત્તમના સિપાઇઓ આવી પહોંચ્યા. લતિકાદેવી ખૂની હતી, અને એવી નિર્દય સ્ત્રીની સાથે યુવરાજનું લગ્ન થાય એ વાત વીરોત્તમને હવે ઇષ્ટ લાગી નહિ, તેથી તેણે સખ્ત તાકીદ આપીને તેને કેદ કરી મંગાવી. તેણે લતિકાને છાવણીમાં મોટા બંદોબસ્ત સાથે રાખી હોવા છતાં તે ત્યાંથી નાસી છૂટી, અને પોતાના મામાએ પોતાના પ્રેમનો ભંગ કર્યો, તેથી તેને બહુ ખરાબ લાગ્યું અને તેનું વૈર લેવાનો તેણે વિચાર કર્યો. તે લપાતી-છુપાતી છાવણીની આજુબાજુએ રહીને વીરોત્તમનું ખૂન કરવાનો લાગ શોધતી ફરતી હતી. જે દિવસે અલકકુમારી અને વીરોત્તમની મુલાકાત થઇ અને તેમની એક બીજાને ઓળખાણ પડી, તે દિવસે એ વાત લતિકાએ છુપાઈને સાંભળી. તે ઉપરથી તેના મનમાં વિશેષ ઇર્ષા ઉત્પન્ન થઈ, કારણકે અલકનો પ્રેમ યુવરાજપર છે અને પોતાપર જ્યારે યુવરાજનો પ્રેમ નથી, ત્યારે અલક ઉપર તે પ્રેમ જડાયા વિના રહેશે નહિ એવું તેને સ્વાભાવિક રીતે લાગ્યું, અને તેથી તેણે પહેલાં અલકને દાર કરવાનો વિચાર રાખ્યો હતો. તે મોટી જાદુગરણી છે અને તેના

ઉપર વીરોત્તમનો બહુ જ પ્રેમ છે, એ વાત આખું સૈન્ય જાણતું હોવાથી નોકર–ચાકર તેના વિચારની વિરૂદ્ધ વર્તતાં ડરતા. તેજ કારણથી તેને પૂર્વે છાવણીમાંથી નાસી જવાનો લાગ મળ્યો હતો, તેમજ લપાઇ–છુપાઈને રહેવાનું પણ ફાવતું હતું. વીરોત્તમ અને અલકકુમારીએ ભોંયરામાં પ્રવેશ કર્યા પછી પહેરેગીરની સાથે તેને જે વાતચીત થઇ હતી, તે વાચક જાણે છે. ભોંયરામાં થઇને અંદર જતાં તો ત્યાં જૂદો જ પ્રકાર ચાલી રહેલો તેની દૃષ્ટિએ પડ્યો અને તેથી તેનું મન બદલાયું. ઇશ્વરે અલકકુમારી અને વીરોત્તમને તે ગુપ્ત મારનારીથી બચાવીને, લતિકાને હાથે તે નીચ કાલિકાપ્રસાદનો પ્રાણ-ઘાત કરાવ્યો. પોતાની આખી જીંદગીને ખરાબ કરનાર પશુનો લતિકાએ પોતે જ એવી રીતે નાશ કર્યો !

પછી તે પુનઃ શ્યામગઢમાંથી નાસીને ગુજરાતમાં ગઇ. ત્યાં તે પુષ્કળ ભટકી. તેણે યુવરાજ અને અલકના લગ્નની ખબર સાંભળી. તે એ બન્નેને એક વાર મળવામાટે તથા પોતાની સખીઓનું કલ્યાણ કરવા માટે પાટણમાં આવી. ત્યાંથી તે હવે કયાં ગઇ હશે વારૂ ?

પ્રકરણ ૫૩ મું.

સમાપ્તિ.

પ્રિય વાચક ! પણ હજી થોડું કહેવાનું બાકી રહે છે. શ્યામગઢ વીરોત્તમના હાથમાં આવ્યાના ખબર સંગમપુરમાં સરોજિનીના મહાલયમાંનાં અને પુણ્યમંદિરમાંનાં માણસોના જાણવામાં આવ્યા, તે સાથે જ જેના હાથમાં જે કાંઇ આવ્યું તે ઉપાડીને તેમણે પોત-પોતાનો માર્ગ લીધો. જેઓ ખરેખરા શાક્ત હતા અને જેઓને પોતાનાં નામો ખુલ્લાં થશે એવી ખાત્રી હતી, તેમણે દેશત્યાગ કર્યો. અન્ય મુલકમાં જેવી તેવી નોકરી કરીને અને ખેતીવાડી કરીને તેઓ પોતાનું તેઓ જીવન ગાળવા લાગ્યા.

કેદી અભૂતમલ બહુ દિવસ જીવ્યો નહિ. તે પુત્રમરણના દુઃખ-થી ઝુરીઝુરીને મૂઓ.

વૃદ્ધ ધર્મવીરરાય પુષ્કળ વર્ષોસુધી અલકકુમારીનાં બાળકોને રમાડતો જીવન ગાળતો હતો. સજ્જનસીંગ અને તેની સ્ત્રી હમેશાં કથા કીર્તન સાંભળવામાં અને દાન ધર્મ કરવામાં નિમગ્ન રહેતાં હતાં. તેમની વૃદ્ધાવસ્થામાં પોતાને સેવા કરવાનો લાભ મળવા માટે અલકને મોટું અભિમાન આવતું હતું. હનુમંતસિંગ કાશીવાસ કરીને ભગવદ્ભક્તિમાં પોતાનું છેવટનું જીવન ગાળી રહ્યો હતો.

શૂરસેનને કાંઇ સંતતિ નહિ હોવાથી તે પોતાની ભાણેજી પાસે જ બહુધા રહેતો હતો. તેણે પોતાની જાગીર અલકને મોસાળામાં આપી.

વીરોત્તમની રાજ્યતૃષ્ણા તૃપ્ત થઇ, તોપણ તેના શત્રુઓ પુષ્કળ થયા હતા. તેમની સાથે લડાઇઓ લડવામાં જ તેનો જીવનક્રમ ચાલતો હતો. તે શૂરો હતો, તેવો જ કારસ્થાની હતો, તેથી તેની પ્રજા હમેશાં સુખી રહેતી હતી. છેવટે પોતાના એક દૌહિત્રને–અલકકુમારીના પુત્રને–સંગમપુરની ગાદી ઉપર બેસાડીને તે સ્વર્ગવાસી થયો.

* * * *

હવે આપણે આપણી દૃષ્ટિ હિમાલય તરફ વાળવાની છે. હરદ્વારની નિકટમાં એક ગુફાની અંદર એક યોગિની નિવાસ કરી રહી છે. તેણે એક પર્ણકુટી બનાવી છે અને તેની અંદર અત્યંત સુઘડતા તથા સ્વચ્છતા જોવામાં આવે છે. પાણી ભરવાનાં તુંબડાં, વલ્કલો, કમંડલ, તે સિવાય બીજું કાંઇ ત્યાં જોવામાં આવતું નથી.

કુટીની બહાર એક વૃક્ષ તળે એક યોગીશ્વર બહુધા સમાધિ ધારણ કરીને કાળક્ષેપ કરી રહ્યા છે. તેમનું નામ સચ્ચિદાનંદ યતિ છે. તેમનું વય સોએક વર્ષ જેટલું જણાય છે. તે યોગિની એ યતિની સેવા કરીને પોતાના જીવનને સફળ કરે છે !

યોગિની શ્વેત વલ્કલ ધારણ કરીને રહે છે. યતિને આહારને માટે જે ફળ–મૂળાદિ જોઇએ તે તે લાવી આપે છે. તેમનું આસન–શય્યાદિ બનાવીને તેને સ્વચ્છ રાખે છે. યોગિનીનો કૃષ્ણવર્ણીય કુંતલ તેના સ્કંધ પ્રદેશ ઉપર પથરાઇ રહીને તેની તેજસ્વિતામાં વધારો કરી રહ્યો છે. તેનું શરીર કાંઇક પાતળું–કૃશ દેખાય છે, પણ તે નીરોગી અને સુંદર છે એ નિઃસંશય છે. યુવાનીના ખરા બહારમાં એ યોગિની ગિરિગુહામાં રહીને જીવન વ્યતીત કરે છે, ગુરૂશુશ્રૂષા કરીને પોતાને ધન્ય માને છે-વાચક ! તું પણ તે યોગિનીને ધન્ય કહે ! !

તે યોગિની કોણ હશે વારૂ ? તે આપણી પૂર્વ પરિચિત લતિકાદેવી છે ! પશ્ચાત્તાપથી તપ્ત થઇને સર્વસંગપરિત્યાગ કરીને તે ગુરૂવર્યની સેવા કરી રહી છે.

અહાહા ! તેણે પોતાના દેહનું સાર્થક્ય કર્યું ! આ નિરીહ જીવનમાં તેને પોતાની પૂર્વ સાંસારિક વિટમ્બનાઓનું અવશ્ય વિસ્મરણ થશે અને શાંતિ–સમાધિમાં તે આખું જીવન ગાળી શકશે: એવો માર્ગ પસંદ કરનારીને કેમ ધન્યવાદ ન ઘટે ?

સમાપ્ત.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે પુસ્તકાલય

તરફથી

નવી પ્રકટ થયેલી સચિત્ર નવલકથાઓ

અને બીજાં ઉપયોગી પુસ્તકોનું સંક્ષિપ્ત

સૂચિપત્ર

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

બુકસેલર્સ એન્ડ પબ્લીસર્સ

ત્રણ દરવાજા—અમદાવાદ

MAHADEV RAMCHANDRA JAGUSHTE.

BOOKSELLER & PUBLISHER

Three Gates,-AHMEDABAD.

महादेव रामचंद्र जागुष्टे

तीन दरवाजा-अमदावाद

સને ૧૯૧૭ સંવત ૧૯૭૩

અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં—શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું

અતિ ઉત્તમ ગ્રન્થ ! અદ્‌ભુત અદ્વિતીય ગ્રન્થ !

એક એક નકલ પ્રત્યેક્ ઘરમાં રહેવી જ જોઇએ ! દરેક ગૃહસ્થે વાંચવું જ જોઇએ.

રતિશાસ્ત્ર—કોકશાસ્ત્ર

આ અમૂલ્ય અદ્વિતીય ગ્રન્થ સર્વોપરી છે. એમાં ઘણાં જુનાંજુનાં પુસ્તકો શોધીને યુવાન્ સ્ત્રી પુરુષોને અતિ ઉપયોગી થઇ પડે એવા ગુપ્ત વિષયો—દવાઓ પ્રકટ થયાં છે. એમાં સ્ત્રી પુરૂષની ચાર જાતિ, તેમનાં લક્ષણ, કામદેવનાં રહેવાનાં સ્થળ, ગુપ્ત આસનોનાં વર્ણન, સંયોગ માટે તીથી, વાર, નક્ષત્રનો વિચાર, અદ્‌ભુત વાજીકરણ, વશીકરણ પ્રયોગો, ગર્ભ રહેવાના ઉપાય, ગર્ભપાત—ગર્ભસ્ત્રાવની રામબાણ અનુભવસિદ્ધ દવાઓ, અનેક રોગો ઉપર ઉત્તમ ટુચકા, ઇચ્છાનુસાર પુત્રપુત્રી ઉત્પન્ન કરી શકાય એવા પ્રયોગો, પુરુષ અને સ્ત્રીનાં ગુપ્ત લક્ષણો, રજોદર્શન ફળ, રજસ્વળા કર્તવ્ય, પુત્રપુત્રી થવાના દિવસો, ગર્ભપરીક્ષા, યુવાવસ્થા, વીર્યપ્રભાવ, નપુંસકતા, તેને માટે અનેક ઔષધો, ધાતુની નિર્બળતા, તેની દવાઓ, પૌષ્ટિક ઔષધો, ઋતુઓમાં પાળવાના નિયમો બળવાન્ અને દીર્ધાયુ થવાના ઉપાયો, વિર્યવર્દ્ધક ગુટીકાઓ, મુખગંધ, ખીલ, ચાઠાં, નેત્રરોગ, જીભરોગ, વાળ વધવાની, વાળ કાઢવાની, તાવની, ગુપ્ત રોગની, કાનની, કંઠમાલની, કોઢ, ક્ષય, શ્વાસ, દમની દવાઓ, સરસ્વતી આવડે તે માટે ચૂર્ણ, મંત્ર, જંત્ર, મરડો, પેશાબ, ઉધરસ, ખસ, ખરજવું, ખીલ, આદાશીશી, સલેખમ, જુ, લાખ, જલંદર, સાપ, વીછી, મબારખી, કૉલેરા, સ્ત્રીના કમળનો સોજો, રક્તપિત્ત દુરાજ, ભગંદર, કાંસાશ્વાસ, નાસુર, કમળો, ફેફરૂં, રતાંધળાપણું, હરસ, વિસ્ફોટક, ભાંગરાક ૫, દિવ્ય દ્દષ્ટિ, વગેરે ઉપરાંત બુઢ્ઢા ના થવાય તે માટે, ગભિણીના અતિસાર માટે, બાળકોના રોગ માટે ઘણી અકસીર જુની ઔષધીઓ શોધીને પ્રકટ કરી છે.

એક વખત અવશ્ય વાચી વંચાવી લાભ લ્યો, ગુજરાતી ભાષામા આવો બીજો કોઇ પણ દળદાર, ઉપયોગી ગ્રન્થ નથી. સોનેરી નામો સાથે પાકુ પૂઠું—કીંમત રૂ. ૩-૪-૦ (પોસ્ટેજ સાથે) આજે ને આજેજ પત્ર લખો:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

બુકસેલર—ઠે. ત્રણ દરવાજા—અમદાવાદ